પૂ. વિદુષી નીતાબાઈ મહાસતી પીએચ.ડી.નું થીસીસ સબ મીટ થયું તો આપ નીતાબાઈ મહાસતી પાસ થઈ અને આગળ વધો. સહુને સદ્‌બોધ આપી બીજા જીવોનું કલ્યાણ કરો. ગુરુદેવશ્રી છોટાલાલજી સ્વામીના શિષ્ય ગાદિપતિશ્રી પ્રાણલાલની સ્વામી આપને શુભ આશીર્વાદ સાથે શુભેચ્છા પાઠવે છે. ચાંદનીબાઈ મહાસતીને સુખશાતા પૂછશો.

**લિ. ગાતિપતિશ્રી પ્રાણલાલજીસ્વામીના સુખશાતા**

કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાય

**પૂ. આચાર્ય નાગચંદ્રજી સ્વામી**

**પૂ. આચાર્ય ગુરુદેવશ્રી છોટાલાલજી સ્વામી**

તા. ૧-૧-૨૦૦૬

શાસન સિતારા સુવ્યાખ્યાતા નીતાબાઈ મહાસતીજી, વિદ્યા વિલાસી ચાંદનીબાઈ મહાસતીજી ઠા. ૨

માનવમંદિર કચ્છ બીદડાથી લિ. સુભાષચંદ્રજીની વતીએ સુખશાતા સ્વીકારશો. અત્રે અમો બને ઠાણાઓ સાતામાં છીએ. દીનેશચંદ્રજી મહારાજ મારી ખૂબ જ સેવા બજાવે છે. વિશેષમાં આપનો લાગણીશીલ પત્ર મળ્યો. આપને અમદાવાદ સુભાષબ્રીજ સ્થાનક વાસી જૈન સંઘ તરફથી આપે દંડક ઉપર પીએચ.ડી. થયા, બીજી ઘણી જ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તેને અનુલક્ષીને આપનો બહુમાન કરશે એ જાણીને મને ખૂબ જ આનંદ થયો. સંપ્રદાયમાં આપ પીએચ.ડી. પ્રાપ્ત કરવામાં પ્રથમ સતીજી છો. આપ સમ્યગ્‌જ્ઞાનમાં આગળ વધો અને જ્ઞાન સાથે નમ્રતાનો ગુણ કેળવો એ જ મારા આપને આશીર્વાદ છે. આપ ધ્યાનમાં ખૂબ જ આગળ વધો એ જ મારા તરફથી સુભાશિષ.

**લિ. સુભાષમુનિ**

કચ્છ આઠકોટી મોટી પક્ષ સંપ્રદાય

• • •

## વિનોદચંદ્રજી સ્વામી

## અંતરના આશીર્વાદ

પરમ પ્રતાપી પરમોપકારી પ. પૂ. આચાર્ય ગુરુદેવશ્રી છોટાલાલજી સ્વામીના સુશિષ્યા સદા શાંત દાંત ક્ષમાગુણધની મણીબાઈ મહાસતીજી તથા જયાબાઈ મહાસતીજીના સુશિષ્યા જ્ઞાનગુણ ગંભીરા નીતાબાઈ મહાસતીજી તમને શત શત અભિનંદન ધન્યવાદ. ... આ સૂત્રને તમે આત્મસાત્ કરી જૈનશાસ્ત્રોના ઊંડા અભ્યાસ સાથે અન્ય ગ્રંથોનું પરાયણ સ્વાધ્યાય સાથે તમો પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી જૈન સંઘને તથા આઠકોટી મોટી પક્ષ સંઘને સદા માટે ગૌરવાન્વિત કર્યું છે. સાથે સાથે આસીન ઉપકારી પૂજ્ય ગુરુદેવ તથા ગુરુણીશ્રીના તમને યશ પ્રશંસાના શિખરે કળશ ચડાવ્યું છે. શૈશવકાળથી તમારા અંતરમાં ત્યાગ ને વૈરાગ્યના અંકુરો પ્રગટ થયા હતા ને પૂર્વના પુન્યાનુબંધી પુન્ય પ્રભાવે એ ત્યાગ વૈરાગ્ય સંયમજીવનમાં પરિવર્તિત થતાં જ્ઞાન સાથે તપધર્મમાં તમે ખૂબ જ વિકાસયાત્રા આરંભી છે. જ્ઞાન સ્વાધ્યાય તપ ત્યાગ સાથે આંતરિક સદગુણો સમતા-સરળતા વિનમ્રતા ઇન્દ્રિયનિગ્રહ જેવા દૈવી ગુણોથી તમારું વર્તમાનકાલીન સંયમજીવન સહજ સરલને સમરસ બનવા પામ્યું છે. આવા ઉચ્ચતમ ગુણો દ્વારા તમારા જીવનમાં સર્વ જીવો સાથે મૈત્રી પ્રમોદ કરૂણા માધ્યસ્થ આદિ ભાવનાઓ વિસ્તરિત થશે. વર્તમાનમાં સમસ્ત સંઘમાં છેલ્લા ૨૦૦ વર્ષમાં આઠકોટી મોટાપક્ષમાં પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરનાર તમે પ્રથમ સાધ્વીજી છો. જેથી અમો ચારે ઠાણા તમોને ખૂબ જ ધન્યવાદ આશીર્વાદ પાઠવીએ છે. તમારા સંયમ-જીવનના ભાગમાં રંગબેરંગી સદ્‌ગુણોથી પુષ્પો ચારે તરફ સંયમ ધર્મની સુવાસ ફેલાવે તમો જ્ઞાન-ધારા વધુને વધુ અંતર્મુખ બની આ સંસાર યાત્રાનો ઉચ્છેદ કરજો. મનુષ્ય ભવમાં સાધુજીવનનું લક્ષ્ય તો અપુણરાવિત્તિ છે તે તમને અલ્પભવોમાં પ્રાપ્ત થશે. તમારી જ્ઞાનગરિમા સર્વત્ર સુખશાંતિનું પ્રસન્નતાનું આત્મનિકટતાનું શુદ્ધ ધર્મનું સામ્રાજય ફેરાવે ને તમારું લક્ષ્ય સિદ્ધ બને એ જ શુભ અભિલાષા સાથે ગુણાનુરાગી વિનોદચંદ્રજી મહારાજના સબહુમાન સુખશાતા સ્વીકારશોજી. તમે ઋતુંભરા પ્રજ્ઞાના સ્વામી છો. તમારી બુદ્ધિ ખૂબ જ નિર્મળ છે. તો અમે ચારે ઠાણા ઇચ્છીએ છીએ કે તમે ૩૨ સૂત્રોના પારંગામી બનો એજ શુભભાવના.

કચ્છ - રાપર (વાગડ),
તા. ૧૦-૧૨-૨૦૦૫

## આશીર્વચન

જૈનદર્શન સહિત સર્વદર્શન સર્વયોગ સર્વધર્મના અનુયાયીઓ જ્ઞાનને અગ્રસ્થાન આપ્યું છે. ખુદ અનંત જીનેશ્વરો એ કહ્યું કે પઢંનાણો તવોદયા પ્રથમજ્ઞાન પછી દયા આજે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં તીર્થંકર ભગવંતોનો વિયોગ છે. સંસારરૂપી સમુદ્ર તરવા ફક્ત બે સાધન છે. શ્રમણ સંસ્કૃતિ અને આગમ વાણી જ્ઞાન જ્ઞાની આત્મા શૂન્યમાંથી સર્જન કરે છે. જ્ઞાન અને જ્ઞાનીઓનું ભવ્યાતિભવ્ય સન્માન સત્કાર કરવાનું ભગવંતે જણાવ્યું છે. આ અવની પર અનંત જ્ઞાની

ભગવંતો મહાત્માઓ સંતો મહંતો ઋષિ મુનિઓ થઈ ગયા. જેમના ઉચ્ચ કોટિના જ્ઞાન અને આદર્શોને આપણે યાદ કરીએ છીએ તે પૈકી જૈન શાસન કચ્છ ગચ્છ આઠકોટી મોટી પક્ષ સ્થાનક જૈન સંપ્રદાયના ગચ્છાધિપતિ શાસન સમ્રાટ દેવજી સ્વામીની પરંપરાએ ચાલનારા શાસન શિરોમણિ પુણ્યપ્રભાવક પૂ. આચાર્ય શ્રી નાગચંદ્રજી સ્વામીના સંઘાડાના રાષ્ટ્રસંત કરુણામૂર્તિ પૂ. આચાર્ય ગુરુદેવ શ્રી છોટાલાલજી સ્વામી, આગવી પ્રતિભાશાળી પૂ. પ્રવર્તિની મણિબાઈ મ.સ. વિદૂષીની જયાબાઈની સુશિષ્યા સુવિનિત સુસંસ્કારી પરમ તપસ્વીની સાહિત્યરત્ન પૂ. નીતાબાઈ મ.સ. વિપુલ પ્રમાણમાં અભ્યાસ કરી લગભગ ૨૨ સૂત્રો કંઠસ્થ કર્યા બાદ તેમને પીએચ.ડી. કરવા ભદ્ર અભિલાષા થઈ. ઉપકારી પૂ. આચાર્ય ભગવંત શ્રી છોટાલાલજી સ્વામીએ અંતરના શુભાશિષ આપ્યા. એ દયાવાન પરમકૃપાળુ ગુરુદેવશ્રી અનંતની યાત્રાએ પ્રયાણ કર્યું. તેમજ નીતાબાઈનાં જ્ઞાન ક્ષેત્રે પૂર્ણ સાથ સહકાર આપનાર તેમની સુશિષ્યા સૌના પ્રિયપાત્ર મોક્ષે જતા વિસામો લેવા આ ધરતી પર આવેલા સ્વ. નિધિબાઈના પણ સ્વર્ગવાસ થયો. પછી મહાનપુણ્યોદયે ગુરુદેવની અસીમ કૃપાથી નામ તેવા ગુણ ચંદ્ર જેવા શીતલ એવા શિષ્યા ચાંદનીબાઈનો ઉપાદાન જાગ્યો. પીએચ.ડી. માટે સમય પરીપક્વ થયો. પૂ. નીતાબાઈ મ.સ.ની ઈચ્છા અનુસાર મેં તેમને અમદાવાદ ઘનશ્યામનગર અમદાવાદ પીએચ.ડી.ના અભ્યાસ માટે ચાતુર્માસો કરવા સહર્ષ અનુમતિ આપી. એકલે હાથે તાળી ન વાગે એ કહેવત અનુસાર પૂ. નીતાબાઈ મ.સ. શીઘ્રાતિશીઘ્ર વ્યવસ્થિત રીતે પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી શકે એ માટે ઘનશ્યામનગર અમદાવાદ સ્થા. જૈન સંઘ સાથે સંઘ પ્રમુખ સંઘરત્ન ઉત્સાહી એવા મનસુખભાઈ જે શાહ તથા સ્વર્ગસ્થ આપણા મહાસંઘના પ્રમુખ બચુભાઈ ઉર્ફે લાલજી મોણશી તથા દેવચંદ વેલજી ગડા, તેરાપંથી લાડનૂ-યુનિવર્સિટીમાં પીએચ.ડી.માટે પ્રવેશ પ્રશ્નપેપર આદિની સુંદર સગવડ કરવા સેવાભાવી શ્રી છગનલાલ રાયચંદ પારેખ નીતાબાઈના કુટુંબીજનો, જ્ઞાન પીપાસુ આત્માઓ નામી અનામી સજ્જનો દાતાઓ ભાવિકોની ભલી ભાવનાથી વરસોની મંગલ કામના પૂર્ણ થઈ અને પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી. તેમાં ખુદ નીતાબાઈ મ.સ.ના સાધ્વી જીવનમાં દીન ચર્યાઓ સાથે પ્રવચન તથા સેવા સાધનાઓ અન્ય પ્રવૃત્તિઓ સાથે એમણે પ્રબળ પુરુષાર્થ કર્યો તો "શાસન દેવનાગ લઘુ" ગુરુની અસીમ કૃપાથી તેમની પીએચ.ડી.ની ગતિ પ્રગતિ કારણ બની. જેણે શાસનની શાન વધારી કચ્છ ગચ્છનું ગૌરવ વધાર્યું. સંપ્રદાય ગુરુપરિવારનું નામ રોશન કર્યું. આઠ કોટિ મોટીપક્ષ સંપ્રદાયમાં પ્રથમ પીએચ.ડી. થનાર અમારા ગુરુબેન નીતાબાઈના છે. આ પ્રસંગે તેમને મારા અંતરના અભિનંદન શુભાશીષ. તેઓશ્રીની જ્ઞાનપ્રાપ્તિને ખૂબ ખૂબ આવકારું છું. અંતમાં તેઓશ્રીનો તનમન તંદુરસ્ત રહે દીર્ઘ આયુષી બને અને પીએચ.ડી. ડીગ્રી મેળવ્યા બાદ તેમના જ્ઞાન અનુભવનો લાભ સૌને આપતા રહે શાસનની પ્રભાવના તેમના હસ્તે થતી રહે એવી મંગલ કામના.

લી. પરમકૃપાળુ રાષ્ટ્રસંત પૂ. આચાર્ય ગુરુદેવની છોટાલાલજી સ્વામીના અંતેવાસી સુશિષ્ય રમેશચંદ્રજી મહારાજ સં. ૨૦૬૨ નાગેન્દ્રગુરુ સં. ૫૩ વર્ષ વસંતપંચમી તા. ૧ ફેબ્રુઆરી,

## કચ્છ આઠ કોટિ મોટીપક્ષ સંપ્રદાય

ૐ શ્રી નાગેન્દ્ર ગુરુવે નમઃ "ૐ શ્રી પાર્શ્વ", સૌમ્યમૂર્તિ સદાબહાર, જ્ઞાનપીપાસુ ધર્મભગીની તપતારીકા પૂ. નીતાબાઈ મ. સ.જી તથા મધુરકંઠી ચાંદનીબાઈ મ. સ. ઠાણા ૨ સાતામાં હશો. અત્રેથી તમારા ગુરુબંધુઓ પૂ. ઉપા. શ્રી વિનોદચંદ્રજી સ્વામી આદી ઠા ૪ વતી શુભેચ્છક નવીનમુનિની સસ્નેહ સુખસાતા સ્વીકારશો.

તમોને પીએચ.ડી. ઉપાધિ (ડિગ્રી) પ્રાપ્ત થઈ રહેલી છે તે જાણી ઘણો હર્ષ અનુભવ્યો.

અહિંસા સંયમ અને તપના ત્રિવેણી સદ્‌ગુણો સંગમ પ્રાપ્ત કરનાર જ્ઞાન પીપાસુ સાહિત્ય સર્જક પૂ. નીતાબાઈ મ. સ.

આપશ્રી ધાર્મિક સાહિત્ય ક્ષેત્રે ઊંડું સંશોધન કરી મહાનિબંધ (થીસીસ) તૈયાર કરી ડૉ. ઓફ ફિલોસોફી પીએચ.ડી.ની ડીગ્રી ઉપાધિથી અલંકૃત થઈ રહ્યા છો તે જાણી અમો સર્વે સંતો ખૂબ ખૂબ હર્ષ સાથે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

અંગ્રેજીમાં કહેવત છે ..... (લર્નીંગ ઇઝ નોટ ઓન્લી ફોર અરનીંગ) ભણતર જ્ઞાન એ ફક્ત લક્ષ્મી પ્રાપ્તિ કમાણીનું સાધન નથી પરંતુ એ જ્ઞાન ભણતર ભાવિ જીવન ઘડતર અને સંસ્કાર ચણતરનું ઉમદા કામ કરી શકે છે.

નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ એ સૂત્ર યુક્તિ અનુસાર સમ્યક્ જ્ઞાન દરેકને માટે નૂતન પ્રકાશની પ્રેરણા આપે છે. મિથ્યાત્વ અજ્ઞાનરૂપી અંધકારને હટાવી પૂનિત પ્રકાશ પાથરે તે જ સમ્યક્‌જ્ઞાન.

તમે અદમ્ય ઉત્સાહ અથાગ પરીશ્રમ દ્વારા ઉત્તરોત્તર સિદ્ધિના શિખરો સર કરી રહ્યા છો. સાહિત્યરત્ન, વિદ્યાભાસ્કર, જૈન સિદ્ધાંત આચાર્ય આદિ અનેક પદવીઓથી અલંકૃત થઈ ગયા છો અને હવે તમે પીએચ.ડી.ની ઉચ્ચ ઉપાધિ (ડીગ્રી) મેળવી ને સિદ્ધિ શિખરો ઉપર સુવર્ણ કળશ ચડાવેલ છે. તે ખરેખર *અભિવંદનીય અભિનંદનીય અનુમોદનીય ધન્યવાદને પાત્ર* છે. આ રીતે તમે ફક્ત આઠ કોટિ મોટી પક્ષ સંઘનું જ નહિં. પણ સમસ્ત સ્થાનકવાસી સંપ્રદાય સાથે સારાય જૈન સમાજનું ગૌરવ વધારે છે. તમોએ પોલા અઠમ (શાંતી અઠમ) તપની સમ્યક આરાધના સાથે પોતાની જવાબદારીથી ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાન, વાંચણી, બાલ નારીધર્મ સંસ્કાર શિબિર, નવી નવી સ્પર્ધાઓ, કરાવવાપૂર્વક પીએચ.ડી.નો અભ્યાસ પરીપૂર્ણ કર્યો એ તમારી અદમ્ય ઇચ્છાશક્તિનો ઉમદા ઉદાહરણ છે. તમારી ઉચ્ચ સિદ્ધિના સહયોગી પૂ. ઉપકારી ગુરુદેવો તથા પૂ. ગુરુણી મૈયાઓના અદશ્ય કૃપા દૃષ્ટિ આશીર્વાદ તો ખરા જ. પણ સાથે જ તમારી આ સિદ્ધિયાત્રામાં સહયોગી તમારી સુવીનીત સુશિષ્યા બા. બ્ર. ચાંદનીબાઈ મ. સ. છે તથા ઘનશ્યામનગર સંઘના પ્રમુખશ્રી મનસુખભાઈ જે શાહ આદી ઉત્સાહી કાર્યકર્તાઓ તેમજ માર્ગદર્શક પ્રોફેસરો આદી નામી અનામી ભાઈ બેનો ધન્યવાદને પાત્ર છે. અંતમાં આપશ્રી આ ગૌરવપદ સિદ્ધિ પ્રાપ્ત કરીને તમારા ઉચ્ચજ્ઞાનનો લાભ સંઘ-સમાજ સંપ્રદાય અને શાસનને મળતો રહે અને તમે હજી પણ ધર્મસિદ્ધિના શિખરો શરૂ કરી શીઘ્ર સર કરી શીઘ્ર મુક્તિની મંઝીલ મેળવો એવી મંગલ મનીષા.

**મુનિશ્રી નવીનચંદ્રજી (લઘુશિશુ)** રાપર, કચ્છ.

# આશીર્વચન

ગચ્છને ગૌરવશાળી બનાવનાર આત્મીય જ્ઞાની ભગિની શ્રી નીતાબાઈ મહાસતીજી !

આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયના સિતારા, પૂ. આ. ગુરુદેવશ્રી છોટાલાલજી મ. સા.ના ઝળહળતા ઝવેરાત, મણી-જયા ગુરુણીના મહામૂલા મોતી, આપને આજે જયારે પીએચ.ડી. અર્થાત ડૉક્ટરની માનવંતી ડીગ્રી એનાયત થઈ રહી છે ત્યારે આપના જ્ઞાન માટેના અલભ્ય પુરુષાર્થ માટે અનુમોદના કરવાનો સાંપડેલો સુઅવસર કેમ ચૂકાય !

આપનો પુરુષાર્થ પ્રસંશનિય અનુમોદનીય સાથે અનુકરણીય છે.

ધન્ય જીવન જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપના જે રાગી છે.

કૃપા મળે ગુરુદેવની એ જ ખરા સદ્ભાગી છે.

આપના જીવનમાં જ્ઞાન, ગુલાબના ગજરાની જેમ ફોરમ મહેંક મહેંક થાય છે. દર્શનના દીવડા ઝળહળી રહ્યા છે, ચારિત્રનો ચાંદ ચારે કોર ચમકી રહ્યો છે, અને તપના તો આપે વિવિધ જાતના તોરણીયા બાંધ્યા છે, અને એના પર યશકલગી સમાન જે પીએચ.ડી.ની ડીગ્રી એનાયત થઈ છે તે પ્રાપ્ત કરનાર આપ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયના પ્રથમ સાધ્વી રત્ના છો. આપે જીવનની સાચી સંપત્તિ પ્રાપ્ત કરી છે.

આકાશમાં તારલા તો અનેક હોય છે પરંતુ દરેકના તેજ નિરાલા હોય છે તેમ આપ પૂ. ગુરુદેવશ્રી છોટાલાલજી મ. સા.ના એક ઝળહળતા તેજ સિતારા છો. આપના ઉમદા કાર્યોમાં સહયોગી રહેનાર શ્રી ચાંદનીબાઈ મ. સા.ને અભિનંદન.

પ્રગતિના પંથે આપના પવિત્ર પગલા આગળ વધે. આપની સંયમ સાધના સુવાસિત બને, ગુરુદેવની અમી દૃષ્ટિ સદા આપના પર વરસતી રહે, આપના યશ નામનો ડંકો વાગતો રહે એ જ અભ્યર્થના અભિનંદન સહ સુભાશિષ.

પ્રચંડ પુરુષાર્થે આપના સોણલા બન્યા સાકાર
પીએચ.ડી.ની પદવી મેળવી, જ્ઞાનમાં બની એકરાર,
નાગ-લઘુ ગુરુદેવની કૃપાએ મેળવ્યું શ્રેષ્ઠ પુરસ્કાર,
આશીર્વાદ આપે "દિનેશ" બનજો નિરંજન નિરાકાર

**લિ. આપનો આત્મબંધુ મુનિ દિનેશના ધર્માશિષ સહ સુખશાતા**

# " અમી આશિષ"

ડૉ. મહાસતી જ નીતાબાઈ મ.સ.... શાતા .....

વેદાંતમાં માર્ગ ત્રણ બતાવ્યા

(૧) જ્ઞાનયુક્ત ભક્તિમાર્ગ

(૨) જ્ઞાનયુક્ત કર્મમાર્ગ

(૩) જ્ઞાનયુક્ત ધ્યાનમાર્ગ

ત્રણે રસ્તે ચાલતાં જ્ઞાન જરૂરી છે. જ્ઞાનને સાદી ભાષામાં "સમજ" કહે છે. જૈન દર્શનમાં જ્ઞાનને પ્રાધાન્યતા આપી છે ને એમાં વિશેષ ખુલાસા માટે "સમ્યક્" શબ્દ પ્રયોજેલ છે. "સાચી સમજ" ને "સમ્યક્જ્ઞાન" એવો પૂર્ણ શબ્દ બતાવેલ છે. સાચી સમજ કેળવવા હંમેશાં ઉદ્યમશીલ રહેતાં અને સમજથી સમૃદ્ધ બનેલા પૂ. નીતાબાઈ મહાસતીજીને સાચી સમજનાં પરિપાકરૂપે પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત થતાં હું ખુશીના લાગણી વ્યક્ત કરું છું.

જ્ઞાન અને ક્રિયાની બન્ને પાંખોને જેમણે સમારજીને સાબૂત રાખેલ છે. એવા ડૉ. મહાસતીજી નીતાબાઈશ્રીને હાર્દિક શતશઃ ધન્યવાદ આપી. તેઓશ્રીના જ્ઞાનને નત મસ્તકે પ્રણામ, વંદન કરું છું.

કઠિન શાસ્ત્ર વિષયને પરિશ્રમથી ખેડ્યો. એ એમના ખેડાણને અનુમોદુ છું.

અંધકારથી પ્રકાશ તરફ થઈ રહેલી આપની પ્રગતિને અભિનંદુ છું.

આપની કેળવાયેલી સાચી સમજ નિજનાં જીવનને મધમધતું બનાવે. અને મધમધતા જીવનનું જીવમાત્ર અનુકરણ કરે.

જ્ઞાનમાં અને સમ્યક્જ્ઞાનમાં ઉત્તરોત્તર આબાદી પામો.

એવી મંગલ શુભેચ્છા પૂર્વક આપના પુણ્યજ્ઞાનનું અભિવાદન.

**આ. કો. મો. પ. સંપ્રદાયના મુનિ નરેશની શુભકામના**

**લી. પૂ. ગુ. શ્રી ધીરજલાલજી સ્વામીનાં શિષ્ય**

• • •

## આશીર્વાદ

અધ્યયન પ્રેમી ડૉ. નીતાબાઈ મહાસતીજી ઉત્સાહી પૂ. ચાંદનીબાઈ મ. સ. શાતા પરમાત્માની પાવન કૃપાથી પરમ આનંદ છે.

આપનો આત્મીયતા ભર્યો પત્ર મળ્યો. આપ પીએચ.ડી. થયા છો જાણી આનંદ અનુભવ્યો. મોટી પક્ષમાં પીએચ.ડી. થનાર આપ જ પહેલા છો. ખૂબ ખૂબ અભિનંદન.

આપે પ્રાપ્ત કરેલું જ્ઞાન અનેકોના સન્માર્ગનું અને કલ્યાણનું કારણ બને એ જ શુભકામના...

જ્યારે લક્ષ્યની પ્રાપ્તિ થઈ જાય છે પછી ગતિ મંદતા આવી જાય છે પરંતુ આપ શાસ્ત્રજ્ઞ છો એટલે અધ્યાત્મમાર્ગમાં માત્ર ગતિ નહીં પરંતુ પ્રગતિ કરજો.

લિ.

કચ્છ આઠ કોટિ મોટી પક્ષ સંપ્રદાયના કાર્યવાહક

**પૂ. તારાચંદ મુનિશ્રીની આજ્ઞાથી પ્રશાંત મુનિ.**

• • •

## શુભેચ્છા

### મોટી પક્ષ જૈન સંઘના પ્રથમ પીએચ.ડી.ની માનદ્ ડીગ્રી પ્રાપ્ત કરનાર મ. સ. ડૉ. શ્રી નીતાબાઈ મ. સ.ને અભિનંદન

અપ્રમત્ત ભોવ જ્ઞાન આરાધના કરનાર, આટલી ઉંમરે ને આટલા દીક્ષા પર્યાયે પણ જ્ઞાનાભ્યાસ માટે સતત ઉદ્યમરત ને પ્રેરણાસ્પદ સાધ્વીરત્ન ડૉ. નીતાબાઈ મહાસતીજી

આપના જ્ઞાનને વખાણું કે આપની મહેનતને ? આપની જિજ્ઞાષાવૃતિને વખાણું કે નિર્મલ પ્રજ્ઞાને ? આપના ક્ષયોપશમને વખાણું કે સાતત્યને ?

'દંડક' જેવા વિષય પર વિશાળ થીસિસ લખનાર આપશ્રી તો 'ડી. લીટ્' થઈ શકો એવી ક્ષમતા ધરાવો છો ને હા, જો આપ ધારો તો સૌથી વિશેષ ગૌરવ પ્રદ એવા ૩૨ સૂત્ર કંઠસ્થ કરી શકયતાની ક્ષમતા પણ ધરાવો છો.

કેટલાય વર્ષોની આપની ભાવના જ્યારે પૂર્ણ થઈ રહી છે ત્યારે ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની બનો અને અમારી ભાવના પૂર્ણ કરોની અપેક્ષા અસ્થાને નહીં ગણાય. કેટલીય અડચણોને ઓળંગી જો આપ ડૉ. બની શકો તો સર્વ સૂત્રજ્ઞાની બની સંઘ ગુરુ તથા સમાજનું ગૌરવ વધારો એ જ મંગલ ભાવના

પૂનશ્ચ આપના પીએચ.ડી. માટે અભિનંદન...

કચ્છ આઠકોટિ મોટી પક્ષ સંપ્રદાયના અભિનંદન, અભિલાષા....

**લિ. હિતેશમુનિ મ. સા.**

# અંતરના આશીર્વાદ

શ્રી દેવ-કર્મ-નાગ-રત્ન-લઘુ પ્રાણ ગુરુકુળના નભોમંડળમાં તેજસ્વી તારલા સમાન, સંયમ સાધિકા શિષ્યા રત્ના સાધ્વી શ્રી નીતાબાઈ મ. સ. જી

આજની આ અનહદ આનંદની પળે ભિતરના ભાવે ઉરની ઉર્મીઓ સહજ રીતે પ્રગટ થયા વિના રહે જ નહી. એ ન્યાયે અંતરના અહોભાવથી ઉરના ઉમળકાથી ખૂબ ખૂબ ધન્યવાદ ભૂરી ભૂરી અનુમોદના.

ઓજસ્વી શિષ્યા શ્રી નીતા તારા માટે લખવામાં શબ્દોની દુનિયા સીમીત લાગે છે. છેલ્લા ૩૫ વર્ષની સંયમ પર્યાયમાં મેં તને સતત વાંચતા-લખતા-અભ્યાસ કરતા-ચિંતન-મનન કરતા-પુરુષાર્થ શીલ જોઈને જાણે આજીવન વિદ્યાર્થીની જ રહેવાની ભાવના ન હોય, એવું જ લાગ્યા કરે છે. "આગમઆર્ક" આગમ ઓજસ જેવા તત્ત્વભર્યા પુસ્તકો બહાર પાડ્યા છે. પાથર્ડી બોર્ડની ૧૦ ખંડની પાંચ પરીક્ષા પાંચ વર્ષમાં આપી. શ્રીમાન વિદ્યાપીઠ ઘાટકોપરની પાંચ પરીક્ષાઓ, પાંચ વર્ષમાં આપી. હિન્દીની નવ પરીક્ષા આપી. કુલ ૨૬ પરીક્ષામાં ફર્સ્ટ આવેલ છો.

શ્રુત મહાસાગરના ઊંડા અવગાહન અને તીવ્ર બુદ્ધિ દ્વારા મહાદંડક ઉપર ૫૫૦ પેઈજનો નિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. કચ્છ આઠ કોટિ મોટી પક્ષ સંપ્રદાયમાં પીએચ.ડી.ની પદવી તેં જ પ્રથમ પ્રાપ્ત કરી છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન, કોંગ્રેચ્યુલેશન. મણિજયા સતિ મંડળ અપૂર્વ આનંદ સાથ ગૌરવ અનુભવે છે. અંતરના અમીભર્યા શુભાશિષ પાઠવું છું કે હવે આગમ બત્રીસીનું આતમલક્ષી અભ્યાસ કરી કંઠસ્થ કરી

૩૨ સિદ્ધાંતની બની જાણ,
મુક્ત મને કરજે રસલ્હાણ,
અવધારી અરિહંતની આણ.
નીતા ! તું બની જજે અનંત ગુણની ખાણ.

એ જ લિ. પૂ. મણિજયા ગુરુણી મૈયાના અંતરના અમીભર્યા શુભાશિષ

સાથ મંગલમય મનોકામના.

તારા પાવન કરકમલે ખૂબ ખૂબ શાસન પ્રભાવનાના કામો થાય એ જ.

• • •

# અભિનંદનની આહલેક

વીરશાસનના વિખ્યાત વિદ્યાલયમાં આત્મ જ્ઞાનની જ્યોતિ જગાડનાર ચારિત્રની ચોપાટીએ વિહરનાર જૈન શાસનના ચમકતા તારલાઓમાં આગવું સ્થાન અને માન સંપ્રાપ્ત કરનાર, સંપ્રદાયની શાન અને આનમાં અભિવૃદ્ધિ કરનાર મારા હૃદયના પ્રાણ સમા બા. બ્ર. પ. પૂ. ગુરુણીમૈયા ડૉ. પૂ. નીતાબાઈ મહાસતી...

"દંડક વિષયમા દૃષ્ટિ કરી લીધો આગમનો બેટ
પીએચ.ડી.ની ડીગ્રી મેળવી ખોલ્યો જ્ઞાનનો ગેટ
અર્પણ કરું છું શબ્દોના શણગારની એક અનેરી ભેટ
નથી ફક્ત અક્ષરો પણ સેંકડો શુભેચ્છાનો અર્પુ છું સેટ

અહો ! ગુરુણીમૈયા આપને વાત્સલ્યનો વારિધિ કહું ? કે અનુભવનો અબ્ધિ કહું ? પરિમલતાના પયોદધિ કહું ? કે માનવતાના મહોદધિ કહું ? કયા શબ્દોથી સંબોધન કરવું કયા કલ્યાણના કિનારા દ્વારા વહેતા વહેણને વર્ણવી શકાય ? જ્ઞાનના સાગરને કયા શબ્દોના સીમાડાથી સજાવી શકાય ? સદ્‌ભાવનાના શિવાલયને કયા સુમનની સૌરભથી મહેકાવી શકાય ? આપને અર્પણ કરવા માટે મારી પાસે શબ્દો નથી. છતાં આપના જ ગુણ પુષ્પોમાંથી થોડા અભિનંદનના શબ્દ આલેખું છું. આજના સો ટચના સોના સમો અમુલ્ય વારસો મેળવવામાં પ્રતિભાસંપન્ન તપશ્ચર્યાની આહલેક જગાવતા સ્વાધ્યાયના મધુર ઘોષોનો નાદ સંભળાવતા દિવ્ય જ્ઞાનની પ્રભા પ્રગટાવનાર એવા જ્ઞાની વિરલ વિભૂતિ પૂ. ગુરુણીમૈયાને અંતરના અહોભાવે નત મસ્તકે વંદન... અભિનંદન...! પ્રેરણા ખૂબ વધારી મારા જીવનને નવપલ્લવિત કરી મારા જન્મોજન્માંતરના કેવા પુણ્યના કલ્પવૃક્ષ ફળ્યા હશે કે મને આપ જેવા ગુરુમૈયાનો સંયોગ સાંપડ્યો. આપના જીવનની ક્ષિતિજે ઝળહળતા સો... સો જ્ઞાન દર્શન અને ચારિત્રના સૂર્યમાંથી મને સદૈવ કૃપાકિરણ આપજો એવી અંતરની આરજુ સાથે આપને લાખ લાખ શુભેચ્છા.

પીએચ.ડી.ની પદવીમાં મેળવ્યું આપે એડમીશન,
જ્ઞાનની સાથે જોડ્યા આપે અંતરથી રીલેશન,
મઘમઘતા સદ્‌ગુણોના પુષ્પોથી ખીલવ્યું છે ગુલશન,
શિષ્યા "ચાંદની" આપે છે આપને હાર્ટલી કાંગ્રેચ્યુલેશન.

**લિ. આપની કૃપાકાક્ષી શિષ્યા ચાંદની આર્યાની મંગલ ભાવના...**

• • •

**ગુણાનુરાગના ગણિત અને મૈત્રીની મેથડથી સ્નેહના સરવાળા કરતા એવા પ.પૂ. ગુરુણીમૈયા નીતાબાઈ મહાસતીજીની મંગલમય માંગલ્યતાના જીવનગુણની પ્રસરતી મહેક...**

## લેખિકા :- શિષ્યા પૂ. ચાંદનીબાઈ મ.સ.

આજ આપકે હજારો ગુણ ગાનેકા અવસર આયા હૈ
મેરે મનમેં નઈ નઈ ખુશીયોંકી ભરતી લાયા હૈ
''નીતાગુરુણી'' આપને જ્ઞાનકા દિવ્ય દીપ જલાયા હૈ
આપકા જીવન લિખનેકા મેરે અંગમેં આનંદ છાયા હૈ

સૂર્ય પોતાનો પરિચય આપે છે પ્રકાશ ફેલાવીને, ચંદ્ર પોતાનો પરિચય આપે છે શીતળતા અર્પીને, પુષ્પ પોતાનો પરિચય આપે છે પમરાટ ફેલાવીને, કોયલ પોતાનો પરિચય આપે છે ટહુકાર કરીને, દરિયો પોતાનો પરિચય આપે છે ઘુઘવાટ કરીને, તેમ નીતાગુરુણી પોતાનો પરિચય આપે છે જ્ઞાન દર્શન, ચારિત્ર તપની અવિરત જ્યોત જગાવીને.....

આજના મારા અવર્ણનીય આનંદની શી વાત કરું'? સાગરની ભરતીને ભુલાવે, વસંતના વધામણાથી કિલકિલાટ કરતી કોયલને ક્ષણભર વિસરાવે, તેવી આનંદની ધારા હૃદયરૂપી પાતાળ શ્રોતમાંથી ફુટી રહી છે મારા હૈયાની હાટડીએ, હર્ષ ઉલ્લાસની દિપમાળા પ્રકાશી રહી છે. મારા અંતરમાં ખુશીના ખુશ્બુભર્યા ફુલડાં ખીલ્યાં છે ને આનંદના દીવડા પ્રગટ્યા છે. જેમના ગુણો છે અસીમ અને મારી પાસે શબ્દો છે સસીમ, કેમ કે ગુરુગુણને શબ્દના સીમાડામાં વર્ણવી શકાતા નથી, કલમ દ્વારા કંડારી શકાતા નથી, આકંથી આંકી શકાતા નથી, મીટરથી માપી શકાતા નથી, ગુરુના ગુણો શબ્દાતીત છે. એવા પૂ. ગુરુણીમૈયાની ઓળખાણ એટલે સ્નેહની સરિતા...તપની તેજસ્વીતા...જ્ઞાનની ગહનતા ચારિત્રની દૃઢતા જ્યારે જુઓ ત્યારે હસ્તમાં પ્રત અને જીવન અપ્રમત્ત ગુરુ શબ્દ બે અક્ષરનો સાંકેતિક અને રહસ્યભર્યો છે તેની પાસે કુબેર અને ચક્રવર્તીનો ભંડાર વામણો લાગે સમતા, સરળતા, સહજતા આદિ અનેક ગુણોના સોનલવર્ણા ઝળહળતા રત્નો પૂ. ગુરુણીશ્રીના જીવનમાં ભર્યા છે. શું વરસતા વરસાદની ધારાને ગણી શકાય ખરી ? શું અવનિના આભલે ટમટમતા તારલાગણનો હિસાબ નોંધાય ખરો ? શું સમુદ્રના જલબિંદુને ગણી શકાય ખરા ? શું ફૂલની ફોરમને કરંડીયામાં કેદ કરી શકાય ખરી ? નહિ....નહિ....નહિ.

તેમ જેમણે મારા જેવા અજ્ઞ આત્માને મોક્ષમાર્ગ બતાવીને નમોલોએસવ્વસાહણં પદમાં સ્થાન આપવા અમોઘ એવું સંયમદાન આપ્યું, મારા ભાગ્યનો ભાનુ, તકદીરનો તારો, નશીબનું

નક્ષત્ર, ચારિત્રની ચાંદની સોળે કળાએ ખીલવી દીધી....મોક્ષમાર્ગની સીટ રીઝર્વેશન કરવા પંચમહાવ્રતના મોતી આપી બીજા તીર્થમાં નંબર અપાવી મને ન્યાલ કરી દીધી. આવા ગુરુણીમૈયાના ઉપકારોનો બદલોવાળવા હું અસમર્થ છું. પૂ. ગુરુણીમાં રહેલા અનેક ગુણોમાંથી થોડા ગુણો ચૂંટીને આ મંગલ મહોત્સવની યાદમાં અંતરના અહોભાવથી અભિનંદનના અક્ષરો આલેખું છું, શુભેચ્છાના શબ્દો સમાવું છું, ભક્તિના ભાવો ભરું છું, હૃદયનો રસથાળ રેડું છું.

**''હજારો તારોમેંસે ચાંદ કોઈ એક હોતા હૈ**
**સેંકડો વૃક્ષોમેંસે ચંદન કોઈ એક હોતા હૈ ।**
**લાખો પત્થરકી ખાનોમેંસે હીરા કોઈ એક હોતા હૈ**
**ઐસી તરહ હજારો વ્યક્તિમેં સે જ્ઞાની કોઈ એક હોતા હૈ**

સ્મિત હોઠ પર ફૂટી નીકળતું...અનાયાસે ખીલતું ફૂલ....સ્મિત પૂ. ગુરુમૈયાના મુખપર મેં જ્યારે જોયું છે ત્યારે આ ફૂલની ફોરમ જ હોય....ઘણી વખત ઉપમાઓ પર બુઠી થઈ જાય છે...ગુરુણીને શું આપું ઉપમા ? ચંદ્રની.... ? દરિયાની.... ? વાદળની.... ? કે ચાંદનીની....? આમ જોઉં તો મારો અધિકાર પણ શું ઉપમા આપવાનો ? પણ લાગણી એ પોતે જ અધિકાર છે એના માટે ગણતરીની કે ગણિતની જરૂર નથી.

પૂ. ગુરુણીમૈયાની જન્મથી માંડીને....દીક્ષા પછીની આજ સુધીની જે આરાધનાની યાત્રા થઈ કેવી રીતે વર્ણવીએ એ અનુક્રમણિતા...આરાધનાની ? ચોક્કસ કહીશ કે આજ સુધીની જીવનયાત્રા પૂ. ગુરુણીની અવર્ણનીય છે અનુમોદનીય છે...સાકરના ટુકડા જેવું છે પૂ. ગુરુણીશ્રીનું જીવન....જ્યાંથી ચાખો ત્યાં મધુરતા જ મળે જેમનું જીવન આલેખતાં અત્યંત આનંદ અનુભવું છું આવી જ એક વિરલ વિરાટ વિભુતિ અણમોલ રત્ન કે જે ભાગ્યવંત સૌરાષ્ટ્રની શસ્ય શ્યામલા રસાલ પ્રદેશ જામનગરની ભોમકાના પુણ્યવંતા શ્રેષ્ઠી પિતા પદમશીભાઈ અને વાત્સલ્ય નિધાન ધર્મલક્ષી સાક્ષાત મૂર્તિ સમા ગંગાબેનમાતાની ગૌરવશાળી ગોદે મહાન રત્ન અવતરણ પામ્યા.

**''રત્નકુક્ષી આપકે ગંગાબહન માઈ હૈ''**
**આશિષદાત્રી પ્રેમલ પિતાજી પદમશીભાઈ હૈ**
**મોહન હરખચંદ મનસુખભૈયા કો હર્ષકી વધાઈ હૈ**
**માલદે પરિવારમેં જયાબહનકા જન્મ મંગલદાઈ હૈ**

જન્મ વધામણા જીવનના વધામણા સાથે લઈને આવ્યા. કોને ખબર હતી કે આ નાનકડી બાળા ભવિષ્યમાં વીરપ્રભુના મહાન માર્ગે પ્રયાણ કરી જ્ઞાનપ્રકાશની જ્યોત ફેલાવી માતપિતાના નામને દુનિયામાં રોશન કરશે.

આવું મહામૂલું રત્ન જયારે કુટુંબમાં અવતરણ પામે છે. ત્યારે સમગ્ર પરિવાર પણ પાવન બની જાય છે આવી વિરલ વ્યક્તિને જન્મ આપનાર માતા ધંન્યવાદને પાત્ર છે અને પિતા પણ અભિનંદનીય છે.

બાલ્યવસ્થાના બાગમાં બાલ બુલબુલ બની ઝૂલતા માતાએ સંસ્કારનાં સિંચન કર્યાં લાડીલી પુત્રીને જોઈ ગુણગાયત્રી માતાએ શૂરવીરતાનાં હાલરડાં ગાયાં

મદાલસા જેવી માતાએ કિશોરવસ્થાના કિનારે પ્રેરણાના પાઠ પઢાવ્યા. બાલ્યવયના પ્રાંગણમાં પગ મૂકતાં કુમારી જયાબેનને ઉપકારી માતપિતાએ સ્કૂલમાં અભ્યાસ કરવા મોકલ્યા જીવનમાં સુસંસ્કાર અને સદગુણરૂપી નેગેટીવ અને પોઝેટીવ વાયરના તારો જ્યાં સાથે મળે ત્યાં જીવનમાં ઝળહળતા પ્રકાશની રોશની પ્રગટે એમાં શું આશ્ચર્ય ?

કુમારી જયાબેનને એક તરફ માતપિતાના સુસંસ્કારોનું સિંચન મળ્યું અને બીજી તરફ તેમના પૂર્વના સંસ્કારોના કિરણો પ્રકાશ પામતા ગયા. સ્કૂલમાં એસ. એસ. સી. સુધીનું નોલેજ પ્રાપ્ત કર્યું.

સુકુમાર અવસ્થામાં જ માતાપિતાએ પરોપકારી જીવન જીવવાના પાઠો પઢાવી શુભ બીજનું વાવેતર કર્યું. કિશોરવસ્થામાં સ્કુલનું નોલેજ લેતાં બીજ અંકુરિત થયાં અને રંગભરી યુવાનીમાં ભાગ્યના દ્વાર સદગુરુના સાન્નિધ્યમાં ખુલતા અંકુરિત બીજ પલ્લવિત થયા. ઉપકારી ગુરુદેવના સાનિધ્યમાં પાત્રતાની પાટીમાં પ્રેરણાની પેન લઈ અમર આદર્શના એકડો અને કલ્યાણનો કક્કો શીખ્યા-સમજણનું સિંચન મળતાં સુસંસ્કાર સુમન ખીલ્યા અને સમજણ મળી કે જો ભવોને ભેદવા હોય, મોક્ષ મંઝીલે પહોંચવું હોય તો ત્યાગ માર્ગનો સ્વીકાર કરવો આવશ્યક છે. કુમારી જયાબેન જેમજેમ ધર્મના રંગે રંગાતા ગયા તેમ તેમ તેમનો વૈરાગ્ય દૃઢ થતો ગયો. સંવેગ ભાવમાં ટર્નિંગ પોંઇટ આવી ગયો તેમની મક્કમતાને જોઈ માતાપિતાએ ભાગ્ય ખીલવનારી ભાગવતી દિક્ષા ગ્રહણ કરવાની અનુમતિ સહર્ષ આપી. માતાપિતાએ આશિષ આપતાં કહ્યું કે

**''સદગુણે સજાવજે સાધના સદન,**
**તપના તેજે તેજસ્વી બનાવજે તન,**
**મહાવ્રત મેળવવા મલકે છે તારું મન,**
**માતપિતા આશિષ આપે છે ગહન.**

માતાપિતા તથા કુટુંબીજનોની આજ્ઞા મળતાં સને ૧૯૭૧ની સાલમાં વૈશાખ સુદ-૧ અને ગુરુવારના સોનેરી દિવસે ભાગ્યશાળી કઠોરની ધન્ય ધરા પર દિક્ષા નક્કી થઈ જેઓની પ્રતિભા પ્રાતઃ સ્મરણીય છે. જેઓની ગુણ ગરીમા ચિર સ્મરણીય છે. જેઓનું વાત્સલ્ય જીવન સ્મરણીય છે. અને જેઓની કૃપા હૃદય સ્મરણીય છે. એવા શાસન સિતારા પૂ. આચાર્ય ગુરુદેવશ્રી છોટાલાલજી સ્વામી તથા જેમણે ચારિત્રને બનાવ્યું સાધનાનું એવરેસ્ટ, સમયને નથી કરતા જેઓ વેસ્ટ, જીનવાણીનું ચખાડે સૌને ટેસ્ટ, અને જેમના શરણમાં મળે છે આત્મિક રેસ્ટ એવા વિદુષી પૂ. ગુરુણીમૈયા મણીબાઈસ્વામી તથા પ્રખર વકતા પૂ. ગુરુણીમૈયા જયાબાઈસ્વામીનાં શીતળ સાન્નિધ્યમાં, વિરતીના એરોપ્લેનમાં, સંયમના શેષાવનમાં સફર કરવા સંસારને અલવિદા કરતા અંતિમ પ્રવચન કર્યું કે, વરસાવો આશિષધારા હે....ગુરુગુરુણી મારા

**''હું આવું છું ગુરુદેવ આપને શરણ,**
**લઘુગુરુદેવ આપો મને ચારિત્ર ચરણ,**
**હે ગુરુણીમૈયા વરસાવો કૃપાકિરણ,**
**જલ્દી મિટે મારા જન્મ મરણ.**

સંસારને આખરી અલવિદા કરતાં અને સંયમ જીવનમાં પ્રવેશ કરતાં પહેલાં સૌ પ્રથમ અનંતા અનંત આત્માઓનું કલ્યાણ કરનાર જયવંતા જૈનશાસનને મારા ભાવભર્યા વંદન....તથા પ્રેરણા પિયૂષપાન પાતા સંયમ જીવનના પ્રદાતા અનંત ઉપકારી પૂ. ગુરુભગવંતો તથા ગુરુણીમૈયા અને સર્વ સાધક સમુદાયને મારા ભાવભર્યા વંદન....

અજબ છે વિતરાગનું અનેરૂ શાસન, ગજબના છે પંચાંગી આગમ શાસ્ત્રોના વિશ્વકલ્યાણકારી વિધાનો....પામે તે પુણ્યવાન ! પણ એ પાળી બતાવે તે તો મહાપુણ્યવાન સંપૂર્ણ નિર્જરા સાધવાનો પ્રક્રિયા રાગદ્વેષની જડ ઉખેડવા માટેનું સમર્થ સાધન, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત પાંચ મહાવ્રતનું પાલન એટલે સાધુપણું આવું જ અણમોલ અવર્ણનીય સાધુપણું મને પ્રાપ્ત થઈ રહ્યું છે ત્યારે સંયમના શેષાવનમાં વિચરવા આતુરતા છે. સંસ્કૃતિના સ્વાગતમ અને વિરતીના વેલકમ જીવન દ્વારે આલેખવા છે. માનવતાના મંગલદ્વારે આવી તપના તોરણ બાંધી ઉરની ઉર્મિ પવિત્ર બનાવવી છે. બસ હવે તો મણીજયા ગુરુણીના નભોમંડળમાં અમિત બની ચમકવું છે રત્નત્રયનું રજવાડી રાજ્ય મેળવી ચૈતન્ય ચાંદની ચમકાવવી છે. મુશ્કેલીના મહાસાગરનું મંથન કરી મહાવીરની મહેફીલમાં મહાલવું છે. આ રીતે કુમારી જયાબેન પોતાનું અંતિમ પ્રવચન પૂર્ણ કર્યા બાદ વેશપરિવર્તન કરીને સંયમના શણગાર સજીને, નૂતન દિક્ષીત બનીને જ્યારે દીક્ષામંડપમાં પધાર્યા ત્યારે સૌએ જય જયના નાદથી તેમને વધાવ્યા અને નવદિક્ષીતનું ગુરુદેવે નીતાબાઈ મહાસતીજી નામ પરિધાન કર્યું.

**''ભાગ્યશાળી હુઇ કઠોર ગાંવકી નગરીયાં,**
**ચતુર્વિધ સંઘકી છલક ઉઠી ઉરગગરીયાં,**
**કરેંમિભંતેસે લઘુગુરુદેવને બનાઈ સંયમીયાં,**
**''મણીજયા'' ગુરુણીકી મલક રહી નજરીયાં.**

ગુરુણીમૈયા સાથે વિચરતાં જ્ઞાનાભ્યાસમાં દિનપ્રતિદિન પ્રગતિ કરતાં મા સરસ્વતીની અનહદ કૃપા પ્રાપ્ત કરતાં શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, આગમો આદિનું વિશાળ નોલેજ મેળવ્યું મુંબઈના ચાતુર્માસોમાં ઘાટકોપર શ્રમણી વિદ્યાપીઠમાં પાંચ વર્ષની પરીક્ષામાં પ્રથમ નંબર સાથે વિદ્યાભાસ્કરની ડીગ્રી મેળવી, પાર્થડી બોર્ડ અહમદનગરની દશ ખંડની ધાર્મિક પરીક્ષાઓ પૂર્ણ કરી પ્રથમ નંબર સાથે ''જૈન સિદ્ધાંત આચાર્ય'' ની ડિગ્રી પ્રાપ્ત કરી. હિન્દીમાં વર્ધા બોર્ડ અને પ્રયાગ બોર્ડની નવ પરીક્ષા પાસ કરીને ''રત્ન'' અને ''સાહિત્યરત્ન''ની ડિગ્રી એનાયત કરી ત્યાર બાદ લાડનૂં (રાજસ્થાન) તેરાપંથી યુનિવર્સિટીમાં જૈનોલોજીમાં બી.એ. અને એમ, એ. ની ડિગ્રી મેળવી હમણાં છેલ્લા ત્રણ વર્ષથી નવરંગપુરા ઇન્ડોલોજી ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહના માર્ગદર્શન હેઠળ અથાગ

પરિશ્રમ અને સતત પુરુષાર્થને વેગવંતો બનાવીને જ્ઞાન બગીચામાં ઝુલતાં થકાં આગમને અનુલક્ષીને ''દંડક એક અધ્યયન'' એ વિષય પર પીએચ.ડી.નો મહાનિબંધ (થીસીસ) પૂર્ણ કરીને ડોક્ટરેટની ઉચ્ચી ડિગ્રી પ્રાપ્ત કરી છે. પીએચ.ડી.ના અભ્યાસ માટે કુશળ કાર્યવાહક પૂ.શ્રી રમેશમુનિ મ.સા. ખૂબ જ પ્રેરક અને સહાયક બન્યા છે. તેમજ પૂ. ગુરુણીશ્રી પ્રવર્તિની મણીબાઈ સ્વામી તથા પૂ. ગુરુણીશ્રી જયાબાઈ સ્વામીના આશીર્વાદ પ્રાપ્ત થયા છે. આ પીએચ.ડી.નું થીસીસ જૈનસમાજને માટે નવલું નજરાણું બની રહેશે. આઠકોટી મોટીપક્ષ સંપ્રદાયના ૨૦૦ વર્ષના ઇતિહાસમાં સૌ પ્રથમ પીએચ.ડી. થનાર સાધ્વી રત્ના પૂ. ગુરુણીમૈયા નીતાબાઈ મ. સ. છે. તેઓ ફક્ત આઠકોટી સંપ્રદાયના જ નહિ બલ્કે જૈન જગતના ગગન મંડળના દેદીપ્યમાન, સૂર્ય સમાન તેજસ્વી, ચંદ્ર સમાન ઓજસ્વી, સમુદ્ર સમાન ગંભીર, નિર્મળ ચારિત્રની અને સદગુણોની સુવાસ ફેલાવી સંયમી જીવનના પાંત્રીસ (૩૫) ચાતુર્માસ કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્ર, અમદાવાદ બનાસકાંઠા, સુરત, મુંબઈ, સાંગલી, આદિ ક્ષેત્રોમાં યશસ્વી એ તેજસ્વી રીતે ગજાવી યાદગાર બનાવીને સારાયે જૈનસમાજને જ્ઞાનની અમૂલ્ય ભેટ આપી છે. અને સંપ્રદાયની અપૂર્વ શાન વધારી છે.

જ્ઞાનાભ્યાસની સાથે જેમણે (૧) મણીજયાપુરુષ (૨) રત્નલઘુપરિમલ (૩) આગમઅર્ક (૪) લઘુ પ્રેરણા પુષ્પ (૫) નૂતન વર્ષનો સંદેશ (૬) અમર નિધી (૭) આગમ અમૃત (૮) આગમ ઓજસ - આદિ પુસ્તકોનું આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન આપતું સાહિત્ય જૈન સમાજને અર્પણ કરેલ છે.

જ્ઞાનની અપૂર્વ આરાધનાની સાથે સોનામાં સુગંધ ભળે તેમ તેઓ તપના તેજે પણ ચમકી રહ્યા છે. વીસ વર્ષથી વરસીતપની ઉપવાસે આરાધના કરી રહ્યા છે. માસખમણ, સિદ્ધિતપ, ધર્મચક્ર, ૫૦૦ આયંબિલ જેવી ઉગ્ર તપસ્યા સાથે જ્ઞાન અને ચારિત્રની પ્રબળ સાધાનાનો અજોડ સમન્વય કર્યો છે. સંપ્રદાયને માટે તે ગૌરવની વાત છે.

એવા પૂ. ગુરુણીમૈયાને અભિનંદન આપવા માટે મારી પાસે નથી ભાષાનો ભંડોળ કે નથી શબ્દોના શણગાર. હે... ગુરુણીમૈયા ! આપને કયા શબ્દોમાં બિરદાવું ?

**"રજત જયંતિ આપકી મનાઈથી વાંકી ગાંવમેં,**
**પીએચ.ડી. કા અભ્યાસ કીયા ગુરુગુરુણી કે છાંવ મેં,**
**મહોત્સવ મનાયેંગે ઘનશ્યામ નગર કે ધામમેં,**
**ઝૂક જાતે હૈ સભી નીતા ગુરુણી કે પાંવ મેં.**

આપને અભિનંદવા માટે મારી પાસ શબ્દો ઓછા પડે છે છતાં આજની આ સોનેરી પળે મારા મુખમાંથી વાચા સરી પડે છે કે

**"જ્ઞાનકી ગરિમા સે બન ગયે આપ શાસન કે શણગાર,**
**આપકી અણમોલ પ્રેરણા સે મૈં બન ગઈ અણગાર,**
**અભિનંદન કે શબ્દોં સે ભરા સુનહરા મેરા હૈ ઉપહાર,**
**અહો ગુરુણીમૈયા નહિ ભૂલ સકતી મૈં આપકા ઉપકાર.**

આપના અનન્ય ગુણની માળા આપના જ બતાવેલા પંથે ચાલનાર આપની શિષ્યા કેમ

વર્ણવી શકે ? છતાં અતિશયોક્તિ વગર આંખે દેખ્યા ઈતિહાસ જેવું લખ્યું છે. સાધક જીવનમાં આપ પ્રત્યેની શ્રદ્ધાનો દિપક મારી અંતરના પ્રત્યેક ખૂણામાં અજવાળો પાથરે છે.

આપના ઉગતા ઉષાકિરણ મને આપના ચિતનું ચરણ બનાવે છે. આપની ચારિત્ર ચાંદનીની પ્રભા મને આપની લાડીલી શિષ્યા બનવાનું આમંત્રણ આપે છે. એ જ મારું મહાન અહોભાગ્ય છે.

**"અહો ગુરુમૈયા મેરે મનમેં આજ બહોત હૈ ખુશીયાં,**
**ખીલ ઉઠી હૈ આજ મુજ હૃદયકી કલીયાં,**
**ચમક રહી હૈ જ્ઞાન સે આપકે જીવનકી બગીયાં,**
**શિષ્યા "ચાંદની" બહાતી હૈ શુભેચ્છા કી રંગરેલીયાં.**

અહો ગુરુણીમૈયા ! આપની પાસે ચાહના કરું છું કે આપનું સાન્નિધ્ય મારે શાંતિ-સદન બને, આપના આદર્શ મારું આચરણ બને, આપનું જીવન મને ભવોદધિ પાર કરવા દીવાદાંડીરૂપ બને, આપની પ્રેરણા મને પથદર્શક બને, આપના આશિષ મારો આધાર બને, એ જ અંતરની યાચના. આપને કરોડો કોંગ્રેશ્ચ્યુલેશન, અબજો અભિનંદન સાથે અંતરના અહર્નિશ ભાવે સેંકડો શુભેચ્છા પાઠવું છું કે શાસનરૂપી સરોવર કિનારે આપનો આતમહંસ મહાવ્રતરૂપી મોતીનો ચારો ચરતાં, જાગૃતિની જ્યોતિ જગાવતાં, વીર આજ્ઞાનો વીરધ્વજ ફરકાવતાં, જૈન શાસનનો જયનાદ ગજાવતાં, ગુરુકૃપાના ગજરા ગુંથતાં, ગુપ્તિના ગાર્ડનમાં વિચરતાં, સમિતિની સજાગતાએ સંયમચર્યાને રત્નત્રય રંગથી સુરમ્ય બનાવતાં, આપનું સંયમી જીવન સદા ગુલાબના ફૂલની જેમ મહેંકતું રહે. આપની આરાધના અરિહંત પદ આપનારી બને. આપનું મનોબળ નિયમના નિધિથી મહાવીરમાં મસ્તાન બને, તનના તાપ સમાવી આત્મા ઓજસ્વી બને, આગમિક શ્રુતજ્ઞાનને સ્વયંની પ્રજ્ઞાના પુરુષાર્થે મૌલિકતા સભર આલેખિત કરીને સમાજને બહુ ઉપયોગી ગ્રંથની ભેટ આપી છે તે જગત જીવોને મુક્તિનું માર્ગદર્શન કરાવી અને ઉપકારક નીવડશે. અહો ગુરુણીમૈયા આપનું દ્રવ્ય અને ભાવ આરોગ્ય હરપળે જળવાઈ રહે, બહુસૂત્રી બની બત્રીસ આગમો કંઠસ્થ કરી સંપ્રદાયની શાનમાં ઓર વધારો કરો.. આપના જીવનબાગમાં મહેકતી આ શિષ્યારૂપી કળીને પ્રેમના પાણીનું સિંચન કરી જીવનવાડીને હરિયાળી રાખવા મારા આત્મમાળી બની અને યાવત્ ચંદ્ર દિવાકરૌ તપો.

**"જ્ઞાન કા દિવ્ય ધ્વજ જગમેં ફહરાતે રહો,**
**પૂનમ કે ચાંદ જૈસે શાસન નભમેં ચમકતે રહો,**
**સંયમરૂપી યશ કી સૌરભ ચારોં ઓર ફૈલાતે રહો,**
**શુભેચ્છા મેરી હૈ કિ આપ હજારો સાલ જીતે રહો.**

એ જ અંતરની મંગલ શુભ ભાવના... સાથે મંગલ મનિષા...

લિ. આપની ચરણરજ કૃપાકાક્ષી શિષ્યા
**ચાંદનીકુમારીની અહોભાવે અભિવંદના...**

• • •

# તર્જ : તુમ દિલકી ધડકન મેં

અભિનંદન લાખ હજાર, ગુરુણીને વંદન વારંવાર
આનંદ છે, ઉમંગ છે, બહુમાનનો શુભ અવસર છે,
મારા અંતરના ઉદ્‌ગાર ગુરુણીને
પદમશી ભાઈ જેમના પિતા, ગંગાબેન ગુણિયલ માતા (૨)
જન્મ જામનગર મોઝાર... ગુરુણીને...૧
માતાપિતાના ભાગ્ય ફળ્યા, પુત્રીરત્ન તેમને મળ્યા (૨)
માલદે કુટુંબમાં અવતાર... ગુરુણીને...૨
જ્ઞાન મેળવવા જાતા સ્કૂલ, અભ્યાસ કર્યો બ્યુટીફૂલ (૨)
સાથે ધર્મ તણા સંસ્કાર... ગુરુણીને...૩
સદ્‌ગુણથી જીવનને ભર્યું, વીરવાણીનું પાન કર્યું (૨)
વૈરાગ્ય ઝૂલે ઝૂલનાર... ગુરુણીને...૪
લઘુગુરુવરનો સંગ થયો, સંસારનો સંતાપ ગયો (૨)
અંતરને ઉપવન કરનાર... ગુરુણીને...૫
મણી જયા ગુરુણી ગુણ ગંભીર, તેમના ચરણે ઝૂકાવ્યું શિર (૨)
કઠોર ગામે થયા અણગાર... ગુરુણીને...૬
નીતાબાઈ સ્વામી આપ્યું નામ, સફળ બની સંયમની હામ (૨)
અષ્ટ પ્રવચનમાં રમનાર... ગુરુણીને...૭
સંયમના સોપાને ચડ્યા, આરાધનામાં મસ્ત બન્યા (૨)
ગુંજે રત્નત્રય રણકાર... ગુરુણીને...૮
લગની લગાવી શ્રુતજ્ઞાનમાં, મન મહેંકાવ્યું આગમમાં (૨)
બાવીશ સૂત્રોના ભણનાર... ગુરુણીને...૯
પ્રવચન ધારા મુખથી વહે, મીઠી મધુરી વાણી કહે (૨)
તપ જપને હૈયે ધરનાર... ગુરુણીને...૧૦
ચાતુર્માસને ગજાવે બહુ, દોડી દોડી આવે સહુ (૨)

સંઘમાં જાગૃતિ લાવનાર... ગુરુણીને...૧૧

ચોવીશ દંડકના ચેપ્ટરની, મેળવી ડીગ્રી ડોક્ટરની (૨)

સંપ્રદાયમાં પ્રથમ વાર... ગુરુણીને...૧૨

ઘનશ્યામનગરની ધન્ય ધરા, કાર્યો થાયે ખૂબ સારા (૨)

મહોત્સવ ગાજે સંઘને દ્વાર... ગુરુણીને...૧૩

શબ્દોના શણગાર સજ્યા, કરથી કંડારી કાવ્યો રચ્યા (૨)

શુભેચ્છાનો આ ઉપહાર... ગુરુણીને...૧૪

ગુરુણી તુમ શરણે ઝૂલું, ઉપકારોને નહીં ભૂલું (૨)

શિષ્યા "ચાંદની"ના આધાર... ગુરુણીને...૧૫

• • •

# પૂ. ડૉ. નીતાબાઈ સ્વામીની

## ટૂંકી તવારીખ

**સંસારી નામ :** જયાબેન
**દાદા :** સ્વ. લાલજી હીરજી માલદે
**દાદી :** સ્વ. જીવીબેન લાલજી માલદે
**પિતાશ્રી :** સ્વ. પદમશી લાલજી માલદે
**માતુશ્રી :** ગં. સ્વ. ગંગાબેન પદમશી માલદે
**કાકા :** દેવરાજ પેથરાજ માલદે
**કાકી :** જેઠીબેન દેવરાજ માલદે
**ફઈબા :** સ્વ મણીબેન લાલજી માલદે
**ગામ :** ચંગા, તા. જામનગર (સૌરાષ્ટ્ર)
**ગુરુદેવ :** પ. પૂ. આચાર્ય ગુરુદેવશ્રી છોટાલાલજી સ્વામી
**ગુરુણીમૈયા :** પ્રવર્તિની પૂ. મણીબાઈ સ્વામી તથા પ્રખર વક્તા પૂ. જયાબાઈ સ્વામી
**શિષ્યા :** (૧) તપસ્વીની પૂ. નિધિબાઈ મ. સ. (૨) કોકિલકંઠી પૂ. ચાંદનીબાઈ મ. સ.
**દિક્ષા દિવસ :** સં. ૧૯૭૧,વૈશાખ સુદ ૧૧ને ગુરુવાર
**દિક્ષા સ્થળ :** કઠોર, તા. સુરત.
**નાના-નાની :** સ્વ. લાધીબેન જુઠાલાલ દોઢિયા
**મામા-મામી :** સ્વ. મણીબેન નાથાલાલ દોઢિયા
**મામા-મામી :** હિરૂબેન રાયચંદ દોઢિયા
**ભાઈઓ :** સ્વ. મોહનભાઈ, હરખચંદભાઈ, મનસુખભાઈ
**ભાભીઓ :** ગં. સ્વ. દિવ્યાબેન, સૌ. શોભનાબેન, સૌ. હેમાંગીનીબેન
**ભત્રીજા :** અભિલાષ, સિદ્ધાર્થ, દર્શન
**ભત્રીજાવહુ :** સૌ. તેજલબેન
**ભત્રીજી :** અર્ચનાબેન, નમ્રતાબેન
**જમાઈ :** મયુરભાઈ દેવચંદ
**માસા-માસી**-મોતીબેન ભીમજી વોરા
**માસા-માસી,** અમૃતબેન જીવરાજ ગડા

# વંદન.....અભિનંદન

**પરમ આદરણીય અને પરમ પૂજ્ય ડૉ. નીતાબાઈ સ્વામી,**

ધરતીકંપ પછી કચ્છથી અમદાવાદ બાજુ વિહાર કરવાની, ચોમાસા અંગેની અનુમતિ પ.પૂ. કુશળ કાર્યવાહક મુનિ શ્રી રમેશચંદ્રજી મ.સા. એ આપી અને ત્યારથી એટલે કે અંદાજે છેલ્લા ચાર વર્ષથી હું આપના સંપર્કમાં, આપની સેવામાં વધારે રહ્યો અને આપના ઉચ્ચ ગુણોનો અનુભવ થયો.

ધર્મપ્રત્યે-તપસ્યા પ્રત્યે એટલો આદરભાવ અને અત્યારે આપનું સતત ૨૦મું વર્ષીતપ ચાલે છે, નિડરતા પણ એટલી જ કે કચ્છના ભૂકંપ પછી તરત વિહાર કર્યો. ઉપરાંત અમદાવાદમાં તે વખતે કોમી રમખાણોનું વાતારવણ, તો પણ વિહાર ચાલુ રાખી રાધનપુરથી ભોંયણી અને કલોલ, કડી વગેરે રસ્તે થઈ તોફાનો ચાલુ હોવા છતાં અમદાવાદના અમારા સંઘ પ્રત્યે અનન્ય આદરભાવ હોવાથી અમદાવાદ તરફનો વિહાર ચાલુ રાખી સુખરૂપ અમદાવાદ પધાર્યા હતા. આ બધામાં ભણવાની સતત ચિંતા અને મહેચ્છા આપ રાખતા હતા. સાથે સાથે અમારા શ્રી સંઘમાં ચોમાસા પણ સારી રીતે યશસ્વી બનાવ્યા. આપનામાં દ્રઢ મનોબળ અને ધારેલું કામ પાર પાડવાની અનન્ય શક્તિ છે.

આપે વિદ્યા ભાસ્કર, જૈન સિદ્ધાંત આચાર્ય, સાહિત્ય રત્ન, બી.એ., એમ. એ. જેવી અનેક ઉચ્ચ પરીક્ષાઓ પાસ કરી સારા માર્ક્સ મેળવ્યા અને યશકલગીરૂપ આપે 'દંડક એક અધ્યયન' વિષય ઉપર મહત્વપૂર્ણ વિશેષ શોધ નિબંધ લગભગ ૭૫૦ પાનામાં તૈયાર કર્યો. આ નિબંધ જૈનધર્મના ધર્મધુરંધરોએ, આચાર્ય મ.સા.એ, આપણા સંપ્રદાયના વિદ્વાન સાધુજીઓએ વખાણ્યો અને ભૂરી ભૂરી અનુમોદના આપી.

આવું મહાન કાર્ય કરવાની ધીરજ, ક્ષમતા અને સતત મહેનતને હું મારા અંતઃકરણથી બિરદાવું છું. ધન્યવાદ આપું છું. આ નિબંધ જૈન શ્રાવકને અને અન્યને ઉપયોગી બની રહેશે, માર્ગદર્શક બની રહેશે. આવા યશસ્વી કાર્યથી આપે આપના સંસારી કુટુંબને અજવાળ્યું છે. શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંપ્રદાયનું નામ રોશન કર્યું છે. આપ અન્ય સાધુ-સાધ્વીજીઓને આદર્શરૂપ બન્યા છો. આપની જ્ઞાનપિપાસા હજુ પણ સત ચાલુ રહી છે. હજુ પણ આગમના બાકીના શ્લોકો કંઠસ્થ કરવાની દઢ ઈચ્છા છે તે જાણી અમારું મસ્તક ઝુકી જાય છે. આપને ખૂબ ખૂબ વંદન. હજુ પણ આપ સતત જૈન ધર્મના ઉચ્ચ તત્વો પ્રાપ્ત કરો. આપનો સંયમ માર્ગ ખૂબ સરળ રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના. આપના આ અદ્વિતીય કાર્યમાં પ.પૂ. ચાંદનીબાઈ મ.સ.નો સાથ, સહકાર સતત મળતો રહ્યો તેથી જ આ ભગીરથ કાર્ય પાર પડી શક્યું છે. તેમને મારા અભિનંદન. આપ શાતામય રહો તેવી ભાવના.

આપને મારા વતી તથા અમારા પરિવારના સર્વે મંજુલા, અતુલભાઈ, આષિતભાઈ, દિલીપભાઈ, પ્રિતીબેન, દિપાબેન તથા અલ્પાબેન અને ખુશાલી બેન વતી હાર્દિક ધન્યવાદ આપીએછીએ.

ઘનશ્યામનગર સંઘ પ્રમુખ **લી. મનસુખભાઈ (C. A.)નાં વંદન**

# કચ્છ આઠકોટિ મોટીપક્ષના પ. પૂ. નીતાબાઈ મ.સ.

કચ્છના વિચરણ દરમ્યાન દર્શનાર્થે જવાનું થયું ત્યારે મારાથી સ્વાભાવિક એક ટકોર થઈ ગઈ કે પૂ. સતીજી આપ અભ્યાસમાં આટલા તેજસ્વી છો તો પીએચ.ડી. કરોને ?

મારી આ સામાન્ય ટકોરને તેઓશ્રીને વધાવી લીધી. પૂજ્યશ્રીએ અભ્યાસમાં એકાગ્રતા વધારી દીધી અને એક પછી એક સફળતાના ઉચ્ચતર સોપાનો સર કરતાં કરતાં આજે તેઓશ્રી પીએચ.ડી. ડિગ્રીના ધારક બન્યા, એ મારા માટે ઘણા જ આનંદ અને ગૌરવની ઘટના છે.

પૂ. સતીજીએ "ચોવીશ દંડક એક અધ્યયન" એ વિષય પર ડૉ. જીતુભાઈ શાહના માર્ગદર્શન નીચે મહાશોધ નિબંધ તૈયાર કર્યો અને તેને જૈનભારતી વિશ્વ વિદ્યાલય-લાડનૂ (રાજસ્થાન) દ્વારા માન્ય રાખીને પૂજ્યશ્રીને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરેલ છે એ અમારા સૌને માટે ગૌરવપ્રદ છે.

પૂ. સતીજીએ આ ભગીરથ કાર્ય, સાધુ જીવનના આચારોના ચુસ્ત પાલન કરીને નિર્વિઘ્ને પાર પાડીને પોતાના નામની સાથ જૈન શાસન, સંપ્રદાય, સંઘ તેમજ ગુરુ-ગોરાણીના નામને પણ દિપાવ્યું છે; જેની નોંધ લેતાં અમો સૌ આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ મહાશોધ નિબંધના માધ્યમ દ્વારા પૂ. સતીજીના જીવનમાં નવી દિશા-જ્ઞાનનો ઉઘાડ થાય તેમજ શાસન સમાજને કાંઈક નવું પ્રાપ્ત થાય એ જ અભ્યર્થના.

અને છેલ્લે વળી પાછી બીજી ટકોર... પૂ. સતીજી આ આપના જ્ઞાનયજ્ઞનો અંત નથી પરંતુ શરૂઆત છે આ બાબતને લક્ષ્યમાં રાખીને જૈન શાસનને નૂતન દિશા ચીંધશો.

એજ શુભ મંગલ ભાવના સહ,

**પ્રો. રોહિત ગાંધી.**

• • •

# "મેં જોયાં અને જાણ્યાં એવાં પ. પૂ. નીતાબાઈ મહાસતીજી"

શિક્ષણ, ધર્મ અને જિર્ણોદ્ધારની ઉત્કટતા એજ જેમનું જીવન છે એવાં સાત્ત્વિક તેજથી પ્રભાવિત, સૌમ્યમૂર્તિ, પ્રાતઃસ્મરણીય બા. બ. તપસ્વિની પ. પૂ. નીતાબાઈ મહાસતીજીને હૃદયના ઉત્કટ ભાવ અને નમ્રતાથી પર્વતોની હારમાળાને આંબતી એમની સર્વોચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવું છું. અને કરોડોમાં એક એવી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ભક્તિભાવપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

પ. પૂ. મહાસતીજીએ તેમના પીએચ.ડી.ના પુનિત-પવિત્ર કાર્યમાં મને સહયોગી બનવાની અમૂલ્ય તક આપી તે માટે પ. પૂ. નીતાબાઈ મહાસતીજીનો જિંદગીભર ઋણી રહીશ.

જૈન અને જૈનેતર ધર્મીઓની, જૈન ધર્માત્માઓની અને શ્રાવક-શ્રાવિકાઓની છાતી ગજ ગજ ફૂલે એવી અમૂલ્ય, અદ્વિતીય અને સેવા તપના અર્ધ્ય સમી સિદ્ધિ મેળવવા માટે પ. પૂ. મહાસતીજીને અનેકાનેક અભિનંદનો પાઠવું છું.

શતમ્ જીવો શરદઃ કહેતાં તેમના આત્માને 'સર્વોચ્ચ પદ' પ્રાપ્ત થાય તેવી સફળતા મેળવે તેવા આશીર્વાદ પણ આપું છું.

પ. પૂ. મહાસતીજીને આશીર્વાદ આપીને જ મારે ધન્યતા અનુભવવાની છે.... એ સાથે એવી ભાવના સેવવાની છેકે એઓશ્રી સ્વાસ્થ્યપૂર્ણ સુદીર્ઘ જીવન જીવતાં જીવતાં... આધ્યાત્મિક અને ઉર્ધ્વગામી ધાર્મિક પ્રવૃત્તિઓ કરે.... કઠીન જૈન સાહિત્યમાં સંશોધન-પ્રકાશન કરવા શક્તિમાન રહે... મહાવીર પ્રભુ એમને શતાયું બક્ષે એવી ભક્તિભાવ પૂર્વક પ્રાર્થના કરું છું.

અંતે... સાચા જીવન સાફલ્યના આ ધાર્મિક પ્રવૃત્તિમાં મને નિમિત્ત બનાવ્યો તે માટે મારા મિત્ર અને હિતેચ્છુ પ્રો. રોહિતભાઈ ગાંધીનો ઋણ સ્વીકાર કરું છું.

**પ્રો. મેરુભાઈ એમ. ઝિંઝુવાડિયા**
નિવૃત્ત અધ્યાપક
એચ. કે. આર્ટ્સ કોલેજ,
અમદાવાદ.

• • •

# એક અનોખું પ્રદાન....

મહાવીરાય નમઃ

પં. રાજુભાઈ એમ. શાહ

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના અવિરત આરાધક

બા. બ્ર. પ. પૂ. નીતાબાઈ મહાસતીજી...

ભાવપૂર્વક વંદના-સુખશાતા સ્વીકારશોજી...

અંતરના ઓરડેથી, ભાવોની ભીનાશથી, હૃદયની ઊર્મિથી,

સદ્‌ભાવનાના સુમનોથી, આપનું સ્વાગત તથા અભિનંદન કરું છું...

"અમ અંતરના હૃદય ભવનમાં, આપ પગલે આંદોલન આવ્યા

તિમિર ભર્યા અમ મનમંદિરમાં, "દિવ્ય તેજ"ના પુંજ ભરાયા...

અહો, વંદનીય, પૂજનીય, અર્ચનીય મહાસતીજી... આપના પીએચ.ડી.ના અભ્યાસનું કાર્ય દેવ-ગુરુ-ધર્મની અસિમ કૃપાથી નિર્વિઘ્નપણે પરિપૂર્ણ થયું. તે સમાચાર મળ્યા. ખૂબ આનંદ થયો.

આપના પરિશ્રમ, ઉત્સાહ, ધગશ, તાલાવેલીથી આજે સારાયે જૈન સમાજને સંશોધનક્ષેત્રે એક શોધપૂર્ણ નિબંધ "ચોવીશ દંડક"ની પ્રાપ્તિ થઈ. મહેરામણના મરજીવા બની આપે તિર્થંકરભગવંતો, શ્રુતધરો અને પૂર્વાચાર્યોએ આપેલ શ્રુતજ્ઞાનના દરિયામાંથી આ એક મહત્ત્વપૂર્ણ નિબંધરૂપ મોતીને આપ લઈ આવ્યા છો. અભ્યાસ કરતા કરતા સમાજને આપે એક આગવું અને વિશિષ્ટ ચિરંજીવી પ્રદાન કરી દીધું.

જ્ઞાનની સાથે સાથે આપના જીવનમાં નમ્રતા, વિનય, ઋજુતા સરળતા, સહજતાગુણો પણ આજે વૃદ્ધિ પામેલા અમે જોઈ શકીએ છીએ. સાધના... આરાધનામાં પણ આપ ખૂબ આગળ છો.

"કેટલાય વર્ષોથી વર્ષિતપની આરાધના"

"કલાકો સુધીનું મૌન"

"વર્ષો વરસથી ચાલ્યો આવતો નવો નવો જ્ઞાનાભ્યાસ"

સાથે સાથે અલ્પભાષી, મૃદુભાષી, સાદાઈ, સુવિશુદ્ધ સંયમ, સર્વ પ્રત્યેની સમર્પણતા, શાસન પ્રત્યેનો અવિહડ રાગ, ગુરુવર્યો પ્રત્યે અહર્નિશ બહુમાન, આજ્ઞાનું આરાધન અને સેવાની તત્પરતા આ બધું જોતા મસ્તક આજે ભાવથી ઝૂકી જાય છે.

ગુરુવર્યો દ્વારા તથા ગુરુણીમૈયા દ્વારા મળેલા શુભાશિષોને આપે સવાયા કર્યા છે... સફળ કર્યા છે.

આપના પવિત્ર-જીવન-કવનથી આજે સૌ કોઈ, માતા-પિતા પરિવાર, ગુરુ ભગવંતો, ગુરુમાતા, સમુદાય, સહવર્તિઓ અને શિષ્યાઓ ગૌરવ અનુભવે છે, ધન્યતા અનુભવે છે.

''અપુવ્વ નાણ ગહણે સુયજાતિ પવયણે પભાવણયા''

શાસ્ત્રોક્ત ગાથાની આ પંક્તિને આપે સાર્થક કરી છે.

વધુ ન લખતાં હવે અહીં ટૂંકાવું છું.

બસ શાસનદેવ આપને ઘણી શક્તિ આપે અને એ શક્તિ આપ "સર્વજીવ કરુ શાસન રસીમાં" ખર્ચશો.

તો સર્વત્ર અજવાળા પથરાઈ જશે... અંધારું દૂર ચાલ્યું જશે. આપ દ્વારા લેખીત આગમઅર્ક, આગમ અમૃત અને આગમ ઓજસ ગ્રંથો પણ આજે સર્વને ઉપયોગી બની રહ્યા છે...

.....

અંતમાં યા વિદ્યા સા વિમુક્તયે યુક્તિ અનુસાર આ વિદ્યા આ જ્ઞાન આપણને સૌ કોઈને જન-જનને મુક્તિ અપાવનારું બની શકે... બની રહો...

તારાબાઈ આર્યાજી સિદ્ધાંત ટ્રસ્ટના, ટ્રસ્ટીમંડળ, પ્રમુખશ્રી, મંત્રીશ્રી, સલાહકાર સમીતિ, અને વ્યવસ્થાપકના ભાવવંદન...

અમને પણ આશિષ આપી સદૈવ અમારા પર કૃપા વરસાવશો... એ જ મંગલ મનોકામના

**લી.**

**પં. રાજેન્દ્ર એમ. શાહ**

"જૈન સિદ્ધાંતાચાર્ય" અહમદનગર

અધ્યાપક - તારાબાઈ આર્યાજી સિદ્ધાંત ટ્રસ્ટ,

નારણપુરા, અમદાવાદ,

૫-૨-૨૦૦૬

રવિવાર

• • •

# હાર્દિક અભિનંદન

ડૉ. પદવીદાનના સમારંભે વિદૂષી પૂ. નીતાબાઈ સ્વામીને

પૂજ્ય ઉપકારી ગુરુણીમૈયા, ઉગ્ર તપસ્વીની, મહાવિદુષી, પ્રખર વક્તા, સેવાપ્રિય આઠ કોટિ મોટી પક્ષનું શાસનરત્ન, પ્રિયદર્શીની, આજ્ઞાકારી નીતાબાઈ સ્વામી.

પીએચ.ડી.ની ડિગ્રી મેળવી ડૉક્ટરની ઉપાધિ પ્રાપ્ત કરતાં શાસનના ગૌરવવંતા સાધ્વીજીને દફતરી જશવંતભાઈ ડાયાલાલ (જ્ઞાનદાતા પરિવાર) આવા પદવીદાન સમારંભના સમયે આપને અંતરભાવથી ખૂબ ખૂબ અભિનંદન, વંદન, શુભકામના અને ધન્યવાદ પાઠવું છું.. આપની આ પદવી જૈન શાસનને સાધુ-સાધ્વીને અને શ્રાવક-શ્રાવિકાને ખૂબ ઉપયોગી બને અને ગુરુ ગુરુણી પરિવારનું અને આઠ કોટિ મોટી પક્ષનું ગૌરવ બની રહો એ જ દેવગુરુને પ્રાર્થના.

બસ એજ.

**પ્રો. જ્ઞાનદાતા જશભાઈ દફતરી**

મલાડ, મુંબઈ.

તાં. ૨૭-૧-૨૦૦૬

• • •

# બા.બ્ર. તપસ્વીની પૂજ્ય નીતાબાઈ મહાસતીશ્રીની વંદનામાં

આપશ્રીએ આપના સાધક જીવનમાં અથાગ પરિશ્રમ કરીને દંડક એક અધ્યયન વિષય પર થિસિસ પૂર્ણ કરીને પીએચ.ડી.ની બહુ મૂલ્ય ડીગ્રી પ્રાપ્ત કરીને આપના યશસ્વી કીર્તિવંત મુગટમાં એક યશકલગીનો વધારો કરેલ છે તે બદલ સમસ્ત આઠ કોટિ મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયમં હર્ષ અને ખુશાલીની લાગણી ફેલાયેલ છે અને આવી કઠીન ડીગ્રી પ્રાપ્ત કરીને આપશ્રીએ ફક્ત આઠ કોટિ સંઘને જ નહીં પરંતુ સમસ્ત જૈન સંપ્રદાયને ગૌરવ, પ્રતિષ્ઠા, માન તથા સન્માન એનાયત કરેલ છે. તે બદલ અમો આઠ કોટિ સંઘના સર્વ શ્રાવક શ્રાવિકાઓ હંમેશને માટે આપશ્રીના ઋણી છીએ.

આપશ્રીએ શરૂઆતથી જ સતત વાંચન, ચિંતન તથા લેખનથી કઠીન તપશ્ચર્યાઓ તથા સાધક જીવન વચ્ચે પણ વિદ્યાભાસ્કર, જૈન સિદ્ધાંત, આચાર્ય, સાહિત્ય રત્ન, બી. એ., એમ. એ. જેવી સતત અભ્યાસ માંગી લે તેવી પરીક્ષાઓ રમતા રમતા આસાનીથી પ્રથમ પંક્તિમાં પાસ કરીને આપની તજજ્ઞતા, સક્ષમ અભ્યાસ તથા સહજ ભાવનો પરચો બતાવી વિદુષી તરીકે સાર્થક થયેલ છો.

આપના તજજ્ઞ, આધ્યાત્મિક અભ્યાસ તથા નિપૂણતાના નિચોળરૂપ જૈન સિદ્ધાંતો અને થોકડાઓ પર આગમ ઓજસ તથા અન્ય વિષયો પર ચિર સ્મરણીય પુસ્તકો પ્રકાશિત કરેલ છે.

આટલી અવિરત એકધારી પ્રવૃત્તિઓ વચ્ચે પમ આપશ્રીએ તપશ્ચર્યા ને પ્રથમ સ્થાન આપેલ છે તે આપના ૧૯મા વર્ષી તપ પરથી જણાઈ આવે છે.

આપશ્રીની અમૂલ્ય, અવર્ણીનીય ઉપલબ્ધિઓની જેટલી સરાહના કરીએ તેટલી ઓછી છે. આપશ્રી આપના ઉજજવલ પથ પર પ્રગતિ કરતા રહો તે જ અંતઃકરણ પૂર્વક અમારી અભ્યર્થના.

આપના પગલે આપની શિષ્યા પૂજ્ય ચાંદનીબાઈ મહાસતીજી એ પણ શાસ્ત્રના પ્રથમ ખંડની પરીક્ષા ૭૦ ટકા સાથે પાસ કરેલ છે. તે બદલ તેમને અમારા ખાસ અભિનંદન અને અમોને ખાત્રી છે કે તેઓશ્રી પણ આપના પગલે ચાલીને આપની સવાયી શિષ્યા બનશે.

ફરીને આપ બંનેને અમારા હાર્દિક અભિનંદન સાથે આપ બંનેને તંદુરસ્ત દિર્ઘાયુ જીવન બક્ષે અને આઠ કોટિ સંઘની ઉન્નતિમાં આપબનો યશસ્વી ફાળો રહે એ જ પ્રભુ પ્રાર્થના.એજ

**ઈશ્વરભાઈ દેસાઈ (C. A) પરિવારના**

નાં હૃદયપૂર્વક વંદન

ભુજ (કચ્છ)

# "એક પ્રભાવશાળી વ્યક્તિત્વ"

**બા. બ્ર. તપસ્વીની, પૂ. ડૉ. નીતાબાઈ સ્વામી,**

તમે સંયમ જીવનમાં ઉત્તમ પુરુષાર્થ કરીને "દંડક એક અધ્યયન" વિષય પર થિસિસ લખીને પીએચ.ડી.ની મોટી ડીગ્રી પ્રાપત કરી છે તે બદલ હું અંતરથી ખૂબ જ હર્ષ અનુભવું છું. આઠ કોટિ મોટી પક્ષ સંપ્રદાયમાં સૌથી પ્રથમ તમે જ પીએચ.ડી. થયા છો તે સંપ્રદાય માટે એક ગૌરવની વાત છે. તમે હંમેશા અભ્યાસમાં મગ્ન રહો છો. મહાન સાધક જીવનને જ્ઞાન અને તપની સાધનાથી સફળ કરી રહ્યા છો. તમને સેંકડો શુભેચ્છાઓ અને અબજો અભિનંદન પાઠવું છું. તમે સંપ્રદાયની શાન વધારતા રહેજો. એવી પ્રભુને પ્રાર્થના વહેતી જ્ઞાનગંગા સ્વપરને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવી પૂર્ણજ્ઞાન પ્રાપ્તિનો હેતુ બને એવી દિલના દ્વારેથી મંગલ ભાવના...

**લિ. છગનલાલ રાયચંદ પારેખ પરિવાર**

ભુજ (કચ્છ)

● ● ●

# લાખેણા અભિનંદન

## જ્ઞાનપિપાસુ પૂ. નીતાબાઈ

સંયમ જીવમાં વિચરતાં ૧૯-૧૯ વર્ષના સળંગ વર્ષીતપ, ૫૦૦ આયંબીલ ધર્મચક્ર-માસખમાણ આદિ અનેકવિધ નાની મોટી તપસ્યાઓ સાથે સદાય જ્ઞાન વૃદ્ધિમાં ઓતપ્રોત બની રહી... આપે ધર્મજ્ઞાનનો એક "પ્રકાશપુંજ" રેલાવ્યો છે.

આપે શ્રમણી વિદ્યાપીઠ (મુંબઈ)ની પાંચ પરીક્ષાનું ઊંડાણપૂર્વક અધ્યયન કરી "વિદ્યાભાસ્કર" જેવી ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી. પાર્થડી બોર્ડ (લાડનુ)ના ૧૦ ખંડના અભ્યાસ પરત્વે અથાગ પુરુષાર્થ આદરી "જૈન સિદ્ધાંત આચાર્ય"ની ડીગ્રી હાંસલ કરી. હિન્દીની પરીક્ષાઓ દ્વારા "રત્ન" એવમ્ "સાહિત્ય રત્ન" કક્ષાનું સ્થાન મેળવ્યું છે.

તદુપરાંત બી. એ., એમ. એ. સહીત પીએચ.ડી.ના લક્ષ્યાંકને મોટી પક્ષ સ્થા. જૈન સંપ્રદાયનું ગૌરવ વધારી સંપ્રદાયનું નામ રોશન કર્યું છે. જ્ઞાનપિપાસાના અથાગ પ્રયાસ દ્વારા આપે ૨૨-૨૨ આગમો કંઠસ્થ કરી જ્ઞાન વૃદ્ધિનાં સોપાનો સર કર્યા છે. એટુલં જ નહીં આગમ-તત્ત્વજ્ઞાન આદિ જેવા કઠીન વિષયોનાં આપનાં પ્રકાશિત થયેલ આઠેક પુસ્તકો દ્વારા અનેક સાધુ સાધ્વીઓ, આપના જ્ઞાનવિકાસ ની આ યાત્રામાં આપના શિષ્યા જ્ઞાનાભિલાષી પુ. ચાંદનીબાઈને મ. નો સુંદર સહયોગ પણ પ્રશંસનીય છે. સમગ્ર જૈન સંપ્રદાય જ્ઞાનાભૂત પામ્યો છે. આપની જ્ઞાનપિપાસા બેશક અભિનંદનને પાત્ર છે એ જ્ઞાનના સાગરમાં એક વધુ મોરપિચ્છ ઉમેરતાં "યશકલગી" સમાન, અભ્યાસના નિચોડરૂપ આપે પીએચ.ડી.ની (પદવી) ઉપાધિ હાંસલ કરતાં આપના જ્ઞાનાભ્યાસને સમગ્ર સંપ્રદાય-શ્રાવક-શ્રાવિકા સમક્ષ પુસ્તક (ગ્રંથ) રૂપે પ્રકાશિત કરવાનો આ સોહામણો અવસર આવ્યો છે... અને... ત્યારે... એ પુસ્તક પ્રકાશનની આ અણમોલ ઘડીએ... આપને લાખ લાખ અભિનંદન સહ અંતરની ઊર્મિઓ સાથે શુભેચ્છા પાઠવું છું. આપના જ્ઞાનની ક્ષિતિજો સીમા સદૈવ વિસ્તરતી રહે અને સમગ્ર જૈન સમાજ એ જ્ઞાનથી અભિભૂત બની રહે... એ જ મંગલકામના... સહ

**રમેશ રવિલાલ વોરા, માધાપર**
**સમસ્ત વોરા પરિવારના અભિનંદન**

• • •

# હૃદયના આશિષ અને સાથે અભિનંદન

સંપ્રદાયને શોભાવનાર, માતાપિતાના કુળને અજવાળનાર મારા પુત્રી મહાસતીજી નીતાબાઈ સ્વામી.

લાલજીબાપાની અધૂરી ભાવના પૂરી કરી તમે નાની ઉંમરમાં મારી આજ્ઞા લઈને તમે દીક્ષા લઈ લીધી પણ ભાઈની એક જ બેનને વિદાઈ આપતાં મને ઘણું જ વસમું લાગ્યું હતું પરંતુ તમે હસતા મુખે સંયમ સ્વીકારી જ્ઞાન દર્શન ચારિત્રતપના માર્ગે આગળ વધતા રહો છો. પીએચ.ડી.ની ડીગ્રી મેળવી તેથી આજે મારા આનંદનો કોઈ પાર નથી. સંસારી માતાને છોડી પ્રવચન માતાને ખોળે જઈ જીવનને જયવંતુ બનાવ્યું છે. કુદરતી રીતે મારા અંતરના આશીર્વચન સાથે અભિનંદનના ઉદગારો સરી પડે છે કે

**ઉત્કૃષ્ટ ભાવે છોડ્યો સાવદ્ય યોગ,**
**જીવનમાં વણી લીધો તપ અને ત્યાગ,**
**મુશ્કેલ છે તમારા ગુણોનો તાગ,**
**મહેકો મહેકો નિરંતર તમારો સંયમ બાગ.**

તમારા જેવા પુત્રીને પામી હું પણ આજે ધન્યતા અનુભવું છુ. તમે ઉત્તરોત્તર પ્રગતિના શિખર સર કરો, તમારા બહુમાનના પ્રસંગે મારા અંતરના આશિષ છે. તમે સંઘ સંપ્રદાયની શાસનાની શાન વધારો. હજી પણ વધુ ને વધુ પ્રગતિ કરો. મહાવીરના માર્ગને દીપાવો.

**એજ લિ. તમારા સંસારી માતા ગંગાબેનના**

**અંતરથી અભિનંદન**

• • •

# અંતરના અભિનંદન

જેમનું જીવન છે જયકારી ભવ્ય જીવોના છે ઉપકારી એવા પ. પૂ. અમારા સહુના વંદનીય નીતાબાઈ મ. સ.

આપને અભિનંદવા માટે અમારી પાસે શબ્દો નથી. છતાં આવા અણમોલ પ્રસંગે ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે થોડા શુભેચ્છાના શબ્દો સમાવું છું આપને તો જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આજે અમારા માલદે પરિવારનું નામ રોશન કર્યું છે. ખરેખર આપતો ધન્યવાદને પાત્ર છો. ગહન એવો "દંડક એક અધ્યયન" એ વિષય પર આગમને અનુલક્ષીને પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો છે ત્યારે સર્વત્ર સૌને માટે ગૌરવની વાત છે તથા આઠ કોટિ મોટી પક્ષ સંપ્રદાયની શાન વધારી છે માલદે પરિવારમાં ત્યાગી તપસ્વી રત્નએ જન્મ લીધો અને આજે એક એક સીડી સર કરતાં સંયમની સાધનામાં જ મસ્ત રહ્યા. આવી સુંદર આરાધના સાથે જ્ઞાનની ઉપાસનામાં ચાર ચાંદ લગાવ્યા છે તે અમારા માટે પણ ગૌરવની વાત છે. આપ હજુ પણ વિશેષ રીતે પ્રગતિ સાધો અને આપનો યશ ચોતરફ પ્રસરતો રહે એવી આપને લાખ લાખ શુભેચ્છા પાઠવીએ છીએ.

**લિ. દિવ્યાબેન મોહનલાલ માલદે**

(પૂ. નીતાબાઈ મ. સ.ના સંસારી મોટા ભાભી) તથા

અર્ચના મયુરભાઈ અભિલાષ તેજલ, નમ્રતા, ઝીલ

અમદાવાદ

• • •

# અભિનંદન અભિનંદન શત શત અભિનંદન

સરસ્વતી દેવી છે જેમની આરાધ્ય દેવી, જીવદયા છે જેમની કુળદેવી, જેમના શબ્દે શબ્દે સ્નેહ ઝરે છે, જેમના દર્શનથી દિવ્યતા પ્રગટે છે. એવા સંયમ જીવનમાં સાધક આધ્યાત્મિક આરાધક ભવ્ય જીવોનાં ઉદ્ધારક પરમ ઉપકારી મારા બેન મહાસતીજી નીતાબાઈ સ્વામી.

સૌરાષ્ટ્રની ભોમકામાં ગામ ચંગા, જીલ્લો જામનગર, માલદે કુટુંબમાં જન્મેલા પિતા પદમશીભાઈ અને માતા ગંગાબેનની લાડલી પુત્રી જયાબેનને જન્મથી જ સંયમ લેવાના ભાવ, ૧૮ વર્ષની કોમળ વયે સંયમ અંગીકાર કર્યો ત્યારે એસ. એસ. સી. તેમજ અભ્યાસ, પરંતુ દિક્ષા ના ક્ષેત્રે પ્રગતિ કરતા વિદ્યા ભાસ્કર, જૈન સિદ્ધાંત આચાર્ય, હિન્દીમાં રત્ન, સાહિત્ય રત્ન, બી.એ., એમ. એ.ની ડીગ્રીઓ પ્રાપ્ત કર્યા બાદ આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધતાં પીએચ.ડી.ની ડીગ્રી મેળવી છે. જ્ઞાનના શિખરો સર કરી અમારા માલદે પરિવારનું કચ્છ આઠ કોટિ મોટી પક્ષ સંપ્રદાયનું ગુરુ-ગરુણીનાં નામને ચાર ચાંદ લગાવી દીધા છે.

જ્ઞાન સાથે તપશ્ચર્યા કરવામાં પણ કામ ભીડી છે. સંયમ જીવન તપના રંગે રંગ્યું છે. નાની મોટી અનેક તપશ્ચર્યાઓ કર્યા પછી ૨૦ વર્ષથી વરસી તપ કરી રહ્યા છો. સાથે જૈન સમાજનું શાસનનું ઋણ ચુકવવા તમે આગમના સારરૂપ ૮ પુસ્તકો અર્પણ કર્યા છે જે (૧) આગમઅર્ક, (૨) મણીજયા પુષ્પ (૩) રત્નલઘુ પરિમલ (૪) લઘુ પ્રેરણા પુષ્પ (૫) નૂતન વર્ષનો સંદેશ (૬) અમરનિધિ (૭) આગમ અમૃત અને (૮) આગમ ઓજસ આવા તત્ત્વજ્ઞાનના પુસ્તકો મંડળો, પાઠશાળાઓ અને સાધુ-સાધ્વી માટે ખૂબ જ ઉપયોગી કામયાબ થયા છે.

ધન્ય છે આપના સંયમને, જ્ઞાનને અને તેમને. અમે તો આજે આપની પ્રગતિ જોઈ હર્ષ આનંદ અને ઉત્સાહનો અનુભૂતિ કરીએ છીએ. મારા બેન મહાસતીજી ઘણા અવ્વલ નંબરે આવી ગયા છે. સંપ્રદાયમાં પ્રથમ જ આપે પીએચ.ડી.ની ડીગ્રી મેળવી છે. આપનો જીવનબાગ, પ્રસન્નતા, પવિત્રતા, સાન, તપ, સદગુણોથી મધમધી રહ્યો છે. આપ દીર્ઘાયુ બનો અને અમને વધુને વધુ લાભ આપતા રહો એવી ભાવના ભાવું છું.

આપના ઉપર ગુરુકૃપા સદાયે વરસતી રહે, આપશ્રીનું જીવન સૌના માટે પ્રેરક બની રહે ભવોદધિ તારક બની રહે, એ જ શાસનદેવને પ્રાર્થના.

કૉંગ્રેસ્યુલેશનની વરસાવું અમીધાર,
અમ અંતરનો આનંદ અપરંપાર,

કૃપા વરસાવો મારા પર અનરાધાર,
ભાઈ હરખચંદની શુભેચ્છાઓ બારબાર.

આપના શિષ્યા ચાંદનીબાઈ મ. સ.એ અભ્યાસમાં પૂર્ણ સહકાર આપ્યો છે. વિનયગુણથી અલંકૃત છે. તેમનો ઉપકાર શે ભૂલાય ? ચાંદનીબાઈ મ. સ.ને પણ જ્ઞાનમાં ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી રહ્યા છે. ચાંદની જેવા ચમકી રહ્યા છે.

**લિ. ભાઈ હરખચંદ**
**(M.Com, L.L.B., C.A.)ના**
**કોટિ કોટિ અભિનંદન સાથે વંદન.**
**અમદાવાદ**

● ● ●

# "અંતઃકરણપૂર્વક અભિનંદન"

શાસનના શણગાર અરિહંતની આજ્ઞાએ જીવનને જયવંતુ બનાવનાર અષ્ટ પ્રવચન માતાના ખોળે ઝૂલનાર, જ્ઞાનના માર્ગે આગે કૂચ કરનાર, અમારા માલદે પરિવારના રત્ન બની કુળને દિપાવનાર મારા બહેન મ. સા.ની નીતાબાઈ સ્વામી !

હાલારની માતૃભૂમિ ગામ ચંગા, જિ. જામનગર, માલદે કુટુંબમાં પૂ. દાદા લાલજીબાપાના દિક્ષા ભાવ તથા પૂ. દાદીમાં જીવીબેનના અંતરના ભાવ, બચપણની અંતરમાં સંયમના ભાવ હોય, પૂ. પિતાશ્રી તથા પૂ. માતુશ્રીની અનુમોદના સાથે ૧૮ વર્ષની વયે દિક્ષા અંગીકાર કરી એસ. એસ. સી.ની અભ્યાસ પછી ધર્માભ્યાસમાં જ આગળ વધવાના ભાવ સાથે, દિક્ષા પછી વિદ્યાભાસ્કર જૈન સિદ્ધાંત આચાર્ય, હિન્દીમાં રત્ન, સાહિત્ય રત્ન, ૨૨ આગમ કંઠસ્થ, બી. એ., એમ. એ. અને હવે દંડકના વિષય ઉપર પીએચ.ડી. કરી શ્રી કચ્છ આઠ કોટિ મોટી પક્ષ સંપ્રદાયનું નામ રોશન કરનાર પ્રથમ બ્હેન મ. સા. નીતાબાઈ સ્વામીને અંતઃકરણપૂર્વક અભિનંદન !

અભ્યાસ સાથે સંયમ જીવનમાં તપને પણ આપે અગ્ર સ્થાન આપેલ છે તેમાં ૨૦ વરસીતપ, ૧ માસખમણ, ઉપવાસેસિદ્ધિતપ, ધર્મચક્રતપ, ૮ અઠ્ઠાઈ, ૩ છકાઈ, ૫૦૦ આયંબીલ, ૪૨૧ કર્મચુરનતપના એકાસણા ૩૦૦ ચોવીસ તીર્થંકરના એકાસણા, ૨૦ સ્થાનકની ઉપવાસે ઓળી, ૯૬ દેવની ઓળી ૧૦ આયંબીલની શશ્વતી ઓળી, ૬ વર્ધમાન તપની ઓળી અન્ય નાની-મોટી તપશ્ચર્યા કરી આત્માને પ્રકાશિત કર્યા છે.

અભ્યાસ-તપ સાથે જ્ઞાન પીરસવામાં આપના હસ્તે આગમ વિશે સમજણ આપતા આઠ પુસ્તક લખાયેલ છે, જે જૈન સમાજ માટે નજરાણું છે. તત્વજ્ઞાનથી ભરપુર પુસ્તકો આગમની એક મૂડી છે. મધ સમી આ મૌલિક સંરચનાનું થીસીસ તૈયાર કરી આપે વિશિષ્ટ શ્રુતપ્રજ્ઞાનું દર્શન કરાવેલ છે. આપે સંયમ જીવનમાં આધ્યાત્મિક ક્ષેત્રે પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી કળશ ચડાવેલ છે. આપના આ પુરુષાર્થને અંતરથી અભિનંદુ છું.

આપ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની સાથે સંયમ માર્ગમાં ખૂબ જ સુખશાતા પૂર્વક આગળ વધો. આપનુ સાધક જીવન અમારા માટે પ્રેરકબળ બની રહે. આપ તંદુરસ્તીભર્યું દિર્ઘાયુ પ્રાપ્ત કરો, આપના સત્કાર્યની સુવાસ અત્તરના પૂમડાની જેમ મહેંકે, આપનું ઝળહળતું પ્રવજ્યા જીવન અનેકને પ્રકાશ આપનારું બની રહે.

"બહુમાન કે પ્રસંગમેં હમેં ખુશીયોં કી ભરતી હૈ  
લાખો શૂભેચ્છા કે લીયે અંતર-જ્યોત જલતી હૈ  
આપકે જીવનમેં ચારિત્ર કી ચાંદની ખીલતી હૈ  
અભિનંદન દેતે હુએ હમારી જીવન કલીયા ખીલતી હૈ.

**આપના નાના ભાઈ મનસુખ (L.L.B.)ના કોટિ કોટિ અભિનંદન સાથે વંદન. જામનગર**

# આપ છો જ્ઞાનના ભંડાર

## અભિનંદન સ્વીકારજો વારંવાર

ખાણમાં બે વસ્તુ થાય છે હીરા અને કોલસા. હીરાને બધા છૂપાવી રાખે છે જ્યારે કોલસાને સૌ જાહેરમાં મૂકે છે. હીરા ગૃહસ્થના દાગીનામાં કામ લાગે છે અને કોલસા બાળવામાં કામ આવે છે. પણ બંનેમાં ઘણું અંતર છે. કોલસાના સ્પર્શ માત્રથી હાથ કપડાં વગેરે કાળા બની જાય છે. જ્યારે હીરાના અલંકારો શરીરના અંગોને શોભાયમાન બનાવે છે. મહાન વિભૂતિઓ એ હીરા જેવી છે. અમારા આવા જ હીરા જેવા છે અમારા કુટુંબના અણમોલ રત્ન પ. પૂ. નીતાબાઈ મહાસતીજી.

સ્ફટીક જેવું ચોખ્ખું અને નદીના નીર જેવું નિર્મલ છે હદય જેમનું, કરુણાથી નિસરતું અને વાત્સલ્ય વરસાવતું છે નેત્ર યુગલ જેમનું, સૌમ્ય અને શાંત પ્રકૃતિથી ઝળહળતું છે મુખારવિંદ જેમનું, નાગેન્દ્ર, લઘુ મણીજયા ગુરુ પરિવારમાં ગુલાબની જેમ સુવાસ ફેલાવતું છે જીવન જેમનું, પ્રેમાળ સ્વભાવથી બધાના દિલમાં વસનારા પ્રસન્નતાને પ્રગટાવનાર અમારા માલદે પરિવારના સફળ સુકાની બનનારા સંસ્કાર અને સદાચાર રૂપી પુષ્પોને ખીલવીને અમોને નિષ્કામ અને નિસ્વાર્થભાવે ધર્મકાર્ય અને સત્કાર્યમાં પ્રેરણાનો સ્ત્રોત વહાવનારા એવા પૂ. નીતાબાઈ મહાસતીજી, આપે અથાગ મહેનત કરીને સંયમ જીવનની એક એક મિનિટને મંગલકારી બનાવી છે. ચારિત્ર પાલનની સાથે જ્ઞાનની આરાધનાથી સારાયે જૈન સમાજને જૈનશાસનને સંપ્રદાયને ચમત્કૃત કર્યા છે અને માલદે પરિવારના નામે રોશન કરેલ છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. ઉગ્ર તપશ્ચર્યાની સાથે ગહન જ્ઞાનનો અભ્યાસ કરી આજે પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે તે બદલ આપને મારા લાખ-લાખ અભિનંદન શત... શત... શુભેચ્છા કરોડો કોંગ્રેચ્યુલેશન

ગુણો કે સાગર સે દયા વ કરુણા બરસાઈ
આપને દિવ્ય જ્ઞાન કી જ્યોતિ જગમેં સજાઈ
દીર્ઘ જીવન હો આપકા સૂર્ય ચાંદકી તરહ
તેજસ્વી વાણી સે ધર્મ કી ગરિમા ચમકાઈ

આપના જીવન બાગમાં રહેલા અનંત ગુણો દ્વારા અમારી જીવન ફૂલવાડીને હરીયાળી રાખવા હરહંમેશ કૃપાશિષ વરસાવતા રહો એવી ભાવના સાથે અંતમાં આપનો પાવન પંથ પ્રગતિમય બને. વસુંધરાના ખૂણે ખૂણામાં આપનો જયજયકાર થાઓ.

**લિ. શોભનાબેન હરખચંદ માલદે (પૂ. નીતાબાઈ મ. સ.ના બીજા નંબરના સંસારીભાભી)**

# અંતઃપૂર્વક અભિનંદન

જે ભૂમિ પર જગડુશા દાનવીરોએ જન્મ લીધો છે એ દાનના દિવ્ય આભૂષણથી જે દીપતી ભાવનાની ભવ્યતાથી ભાગ્યશાળી બનેલી, શિયળનાં શણગારથી શોભતી, તપના તેજથી તપતી એવી સૌરાષ્ટ્રની કામણગારી ભૂમિ પર ચંગા નામનું છે ગામ ધન્ય ધન્ય બન્યું છે.

જીવનમાં સદ્‌ગુણોનું ભર્યું ડોનેશન,
ચારિત્રનું વિકસાવ્યો ગુલશન,
કેવળજ્ઞાનનું મેળવજો લાઈશન,
એવા છે મારા અંતરના કાંગ્રેસ્યુલેશન.

આપનામાં જ્ઞાનગરિમા અને સંયમ સાધનાના માનવીય ગુણો જીવનની ગૌરવ ગાથા બની રહો. આપનો પંથ નિર્મળ રહે, ત્યાગભરી આપની સંયમ યાત્રા મંગલમય બની રહો. આપનો પુરુષાર્થ પંથ સદા ઝળહળતો રહે. આપ જીવનની આબાદીમાં, સાધનાની સિદ્ધિમાં, અષ્ટ પ્રવચનની પટુતાની પ્રસિદ્ધિમાં આગેકદમ ભરો. આપના જીવનમાં ચારિત્રની ચાંદની નિર્મળતાનાં નક્ષત્રો, સમતાનો સૂર્ય, ગુણોનો ગ્રહો અને તત્ત્વજ્ઞાન તારલીયારૂપ જ્યોતિષચક્ર ઝળહળતું રહો, આપના આચારનું દર્શન અનેકને ઉપકારી બની રહો. આપની આરાધના આપને એકાવતારી બનાવે. આપની ભવ્ય ભાવના ભગવાન બનાવે. આપની સાધના શાશ્વત સિદ્ધિ અપાવે. ભલી ભાવના અને ક્રિયાની કિનારી આપના ચારિત્રને અનેરો ઓપ આપે. ઉભયકુળની ઉજ્જવળતા સાથે યશકીર્તિમાં વધારો કરે.

આપ જ્ઞાન-દર્શન, ચારિત્ર અને તપમાં ખૂબ ખૂબ આગળ વધો. દિર્ઘાયુ બનો, આપનો પંથ નિષ્કલંક બનો અને આપ અમને વધુને વધુ લાભ આપતા રહો એવી શાસનદેવ પાસે પ્રાર્થના.

શાસન શોભામાં અભિવૃદ્ધ કરો એ જ મંગલ-મનિષા-મંગલ શુભેચ્છા-મંગલકામના.

**આપના સંસારી નાના ભાભી.**

હેમાંગીનીનાં કોટિ કોટિ અભિનંદન સાથે વંદન.

• • •

# 'અભિનંદનના ઉપહાર'

**ફઈબા મહાસતીજી નીતાબાઈ મ. સ.**

જેમના પગલે-પગલે પવિત્રતાનું વાતાવરણ સર્જાય છે,
જેમના શબ્દે-શબ્દે સ્નેહ ઝરે છે
જેમના રાહે રત્નત્રયીની રોશની પથરાય છે,
જેમના દર્શનથી દિવ્યતા પ્રગટે છે

એવા સંયમ જીવનના સાધક, આધ્યાત્મિક આરાધક, ભવ્ય જીવોના ઉદ્ધારક, પરમાર્થ પંથના પ્રેરક એવા મારા ફઈબા મહાસતીજી પ. પૂ. તપસ્વીની સાહિત્યરત્ન નીતાબાઈ મ. સા.ને નત મસ્તકે વંદના... અભિનંદન...

સાચાદેવ અને સાચા ધર્મને ઓળખનાર, સમજાવનાર "ગુરુની જીવનમાં ખૂબ જ આવશ્યકતા રહેલી છે. જેમ કુટુંબમાં ફેમિલી ડોક્ટર હોય છે તેમ તમો અમારા "ફેમિલી ગુરુ" છો જેથી અમો ગર્વથી કહી શકીએ કે આપ મારા જ ગુરુણી છો અને હવે તો આપ આધ્યાત્મિક ડોક્ટર બન્યા છો અને હવે અમારા પથદર્શક બની રહેશો. મને એ વાતનું ખૂબ જ ગૌરવ છે.

અર્પું છું અભિનંદન ઉપહાર, ગુણમાળા ગૂંથી કરું છું સત્કાર

જ્ઞાન ખજાનાની વાગે છે સિતાર, મારા ફઈબા મ. સ. આપ શુભેચ્છાનો કરો સ્વીકાર.

આજે હું જે કાંઈ પામ્યો છું તે આપના આપેલ અમૂલ્ય સંસ્કારોને આભારી છે. આપના વાત્સલ્યથી છલકાતા નયનો, સ્મિત વરસાવતો ચહેરો પારકાને પણ પોતાના બનાવી દે એવા સૌજન્યતા ભરેલા શબ્દો અને મિલનસાર સ્વભાવ ક્યારેય પણ ભૂલી શકશે નહી. આપના ઉપકારનો બદલો વાળવા હું અસમર્થ છું છતાં આપના ચિંધેલા રાહે ચાલીને યત્કિંચિત ઋણમૂક્ત થવા પ્રયત્ન કરીશ.

ફૂલો કી તરહ સદા મુસ્કુરાતે રહો આપ, સૂર્ય કી તરહ ચમકતે રહો આપ,
સૂનહરે ઇસ મંગલ પ્રસંગમેં શુભકામના મેરી હૈ જિંદગી કે જંગમે જીત પાતે રહો આપ !

ચંગા ગામ છે આપનું વતન, માલદે કુટુંબના છો રતન,
''દર્શન' જેવાનું કરજો જ્ઞાનથી જતન, કરવા મારે ગુણકીર્તન.
જ્ઞાનથી ભર્યું છે ડોનેશન, વિકસાવ્યું સદગુણોનું ગુલશન,
પીએચ.ડીની ડીગ્રીમાં મેળવ્યું લાઇશન, દર્શનના સ્વીકારજો કાંગ્રેશ્યુલેશન.

**લિ. દર્શનના વંદન**
(આપનો સંસારી ભત્રીજો)

# અભિનંદનના ઓજસ

શંકર ભગવાનની જટામાંથી જેમ ગંગા નદીનો પૃથ્વી ઉપર અવતાર થયો, તેમ શ્રી રત્નકુક્ષી માતા **ગંગાબેનની** કૂખે જન્મેલ જયાબેનનો સૌરાષ્ટ્ર ધરતી પર જ્ઞાનમયી પ્રકાશ ફેલાઈ ગયો....તેવા જ તેમના પિતાશ્રી પદમસીભાઈ કે જેમના નામમાં જ **પદમ** છે. અને તેમની અટક **માલદે** કે જે. પુત્રીના આગમનની સાથે જ અતિ સમૃદ્ધિ, અને ધાર્મિકતા ભંડારથી માલદાર થઈ ગયા...વળી તેમના ગામનું નામ **ચંગા** જેનો શાબ્દિક અર્થ સારુ થાય છે...સૌરાષ્ટ્રની ધરતી પર ધર્મના રંગે રંગાઈ ગયેલ **જયાબેન માલદે** આ. ભૂમિને ધાર્મિકતાના આવરણમાં આવરી લીધી છે.

શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના શાસન સમ્રાટ પ.પૂ. આચાર્ય ગુરુદેવ શ્રી છોટાલાલજી. મ.સા.ના આજ્ઞાનુવર્તી પ્રવર્તીની વિદુષી પ.પૂ. મણીબાઈ મ.સા. તથા પ્રખર વક્તા કવિયત્રી બા.બ્ર.પ.પૂ. જયાબાઈ સ્વામિ મ.સા. સાથે ધર્મ કરણીનો લાભ લીધો. અને ધર્મમાં ઘણા જ અંદર ઉતરી ગયા. અને તેમને **સંયમ લેવાનું** મનમાં નક્કી કર્યું. તેમને સને **૧૯૭૧**માં ફક્ત **૧૮** વર્ષ દીક્ષા અંગીકાર કરી. જેમાં તેમનું આધ્યાત્મિક નામ **બા.બ્ર.પ.પૂ. નિતાબાઈ** મ.સા. પડ્યું અને તેમનો જયજયકાર થઈ ગયો...

ધર્મનાં વાંચન, અધ્યયનમાં ઉંડાણથી અભ્યાસ કરવાની સાથે સાથ તપની આરાધના ચાલુ રાખી...

૧. પાથર્ડ બોર્ડ (અહમદનગર) ૧૦ ખંડની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થઈ. જૈન સિદ્ધાંત આચાર્યની ડિગ્રી પ્રાપ્ત કરી.
૨. મુંબઈ શ્રમણી વિદ્યાપીઠની ૫ વર્ષની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થઈ વિદ્યાભાસ્કની ડિગ્રી પ્રાપ્ત કરી...
૩. હિન્દીમાં નવ પરીક્ષાઓ આપી સાહિત્યરત્નની ડિગ્રી પ્રાપ્ત કરી...
૪. બી.એ. એમ.એ બાદ **પી.એચ.ડી.**ની ડિગ્રી મેળવી.
૫. ઉચ્ચ અભ્યાસની કઠોર કેડીએ ચાલતા ચાલતા ધર્મ અને તપસ્યાનો બખ્તર સદાય પહેરી રાખ્યો છે...અને હાલમાં તેમનું **૧૯મું વર્ષીતપ** ચાલુ છે. ખરેખર તેમના માતુશ્રી તથા પિતાશ્રી ને ખૂબ ખૂબ ધન્યવાદ...કે આપના આવા સંનતાને જૈન ધર્મનો ડંકો વગાડેલ છે...તેવા શાંતમૂર્તિ, સરળ સ્વભાવી, નિખાલસ મન, નિર્મળ આત્માને અમારા અંતરથી કોટીકોટી **અભિનંદન.**

**લી. પ્રભુલાલ ગોળવાળા કોટી કોટી વંદન**
**અમદાવાદ**

# વિષયાનુક્રમણિકા


| | |
|---|---|
| **અધ્યાય : ૧** | **૧** |
| ઇતિહાસ સિદ્ધાંત - જૈન સૈદ્ધાંતિક સાહિત્યનો ઇતિહાસ. | ૩ |
| **અધ્યાય : ૨** | **૯૩** |
| જૈન સૈદ્ધાંતિક સાહિત્યમાં દંડકનું સ્થાન. | ૯૫ |
| **અધ્યાય : ૩** | **૧૨૫** |
| ૨૪ દંડકોની સમજ | ૧૨૭ |
| **અધ્યાય: ૪** | ૧૪૩ |
| ૨૪ દંડકોમાં ૨૪ દ્વારોનો વિચાર | ૧૪૫ |
| **અધ્યાય : ૫** | **૫૦૫** |
| દંડકોનું તુલનાત્મક અને સમીક્ષાત્મક અધ્યયન | ૫૦૭ |
| **અધ્યાય : ૬** | **૫૧૧** |
| ઉપસંહાર. | ૫૧૩ |
| "૨૪ દંડકોનાં ૨૪ દ્વારોનાં કોષ્ટકો" | ૫૧૮ |
| સંદર્ભ ગ્રંથ સૂચિ | ૫૩૩ |

# અધ્યાય-૧

# જૈન ધર્મના સૈદ્ધાંતિક સાહિત્યનો ઈતિહાસ

## આગમોનો પરિચય

### ૧૧ અંગગ્રંથોનો પરિચય :-

**(૧) આચારાંગસૂત્ર :-**

દિગંબર અને શ્વેતાંબર પરંપરાના ગ્રંથોમાં અનુક્રમે આઠ પ્રકારની શુદ્ધિઓનું અને પાંચ પ્રકારના આચારનું વિવેચન બતાવ્યું છે તે આચારાંગસૂત્રમાં ઉપલબ્ધ થાય છે.

આચારાંગસૂત્રના[1] બે શ્રુતસ્કંધોમાંથી પ્રથમ શ્રુતસ્કંધનું નામ બ્રહ્મચર્ય છે. તેના નવ અધ્યયન છે. પ્રથમ અધ્યયન "શસ્ત્રપરિજ્ઞા"માં હિંસાના ત્યાગરૂપ સંયમના વિષયમાં વિચાર સામાન્યપણે રાખ્યા છે. બીજું અધ્યયન "લોક વિજય"માં સંસારના મૂળ કારણરૂપ ચાર કષાય જીતવાના ભાવ બતાવ્યા છે. ત્રીજું અધ્યયન "શીતોષ્ણીય"માં સુખ અને દુ:ખ બંનેના ત્યાગનો ઉપદેશ છે. ચોથું અધ્યયન "સમ્યક્ત્વ"માં સમકિતની પ્રાપ્તિ માટેની પ્રેરણા આપવામાં આવી છે. પાંચમાં અધ્યયન "લોકસાર"માં સામાન્ય શ્રમણચર્યાનું પ્રતિપાદન છે. છઠ્ઠા "ધૂત" અધ્યયનમાં તૃષ્ણાને દૂર કરવાનો ઉપદેશ છે. સાતમું 'મહાપરિજ્ઞા' અધ્યયન વર્તમાનમાં અનુપલબ્ધ છે. આઠમા "વિમોક્ષ" અધ્યયનમાં મોહ ન રાખવાનો ઉપદેશ છે. નવમા "ઉપધાનશ્રુત" અધ્યયનમાં ભગવાન મહાવીરની સાધનાનું વર્ણન છે.

બીજા શ્રુતસ્કંધમાં પાંચ ચૂલિકાઓ છે.

## (૨) સૂત્રકૃતાંગસૂત્ર :-

સૂત્રકૃતાંગસૂત્રના[૨] બે શ્રુતસ્કંધ છે. **પ્રથમ** શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન છે. પ્રથમ "સમય" નામના અધ્યયનમાં સ્વસિદ્ધાંતના નિરૂપણની સાથે પરમતનું ખંડન કરવામાં આવેલ છે. બીજા "વેતાલિય" અધ્યયનમાં રાગદ્વેષના નાશનું વર્ણન કર્યું છે. ત્રીજા "ઉપસર્ગ પરિજ્ઞા" અધ્યયનમાં સાચો સાધક અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને જીતી વીતરાગ બને છે તેનું વિવેચન છે. ચોથા "સ્ત્રી પરિજ્ઞા" અધ્યયનમાં સ્ત્રીને દોષોથી બચવાનું બતાવ્યું છે. પાંચમા 'નરકવિભક્તિ' અધ્યયનમાં નરકની વેદનાઓની વાત બતાવી છે. છઠ્ઠા "વીરસ્તવ" અધ્યયનમાં ભગવાન મહાવીરની સ્તુતિ કરી છે. સાતમા "કુશીલ વિષયક" અધ્યયનમાં કુશીલોના મતનું ખંડન કર્યું છે. આઠમા "વીર્ય વિષયક" અધ્યયનમાં પંડિત વીર્યનું મહત્ત્વ રજૂ કર્યું છે. નવમા "ધર્મ" અધ્યયનમાં લોકોત્તર ધર્મનું નિરૂપણ કર્યું છે. દશમા "સમાધિ" અધ્યયનમાં ભાવસમાધિ ઉપર પ્રકાશ પાડ્યો છે. અગિયારમા "માર્ગ" અધ્યયનમાં આભ્યંતર માર્ગને મહાન બતાવ્યો છે. બારમા "સમવસરણ અધ્યયનમાં પાખંડીના મતોનું ખંડન કરીને કર્મનાશના ઉપાયો બતાવ્યા છે. તેરમા "યથાતથ્ય"અધ્યયનમાં વિનય અને અવિનય આદિની બાબતો વર્ણવી છે. ચૌદમા "અધ્યયનમાં" બાહ્ય અને આભ્યંતર ગ્રંથિ દૂર કરવાની વાત બતાવી છે. પંદરમા અધ્યયનમાં સંયમી મનુષ્યની જીવન પદ્ધતિનું નિરૂપણ છે. સોળમા "ગાથા" અધ્યયનમાં ગદ્ય હોવા છતાં ગાઈ શકાય છે તેથી તેનું નામ ગાથા રાખવામાં આવ્યું છે.

**દ્વિતીય શ્રુતસ્કંધ**ના સાત અધ્યયન છે. પ્રથમ "પુંડરિક" અધ્યયનમાં અનેક વાદીઓની ચર્ચા કરીને ત્યાગધર્મનો ઉપદેશ આપવામાં આવેલ છે. બીજા "ક્રિયાસ્થાન" *અધ્યયનમાં ધર્મ અને અધર્મ ક્રિયાસ્થાનો બતાવી ધર્મક્રિયા સ્થાને આચરણીય બતાવ્યું* છે. ત્રીજા "આહાર પરિજ્ઞા" અધ્યયનમાં સંયમપૂર્વક આહાર પ્રાપ્ત કરવા માટે ભાર આપવામાં આવેલ છે. ચોથા "પ્રત્યાખ્યાનક્રિયા" અધ્યયનમાં પ્રત્યાખ્યાન ક્રિયાનું નિરૂપણ કરેલ છે. પાંચમાં અધ્યયનમાં અનાચારોનો ત્યાગ કરવા વિશે ઉપદેશ આપેલ છે. છઠ્ઠા "આદ્રકીય" અધ્યયનમાં આદ્રકુમાર અને અન્ય ભિક્ષુઓની વચ્ચેના વાદની ચર્ચા કરેલ છે. સાતમાં "નાલંદીય" અધ્યયનમાં ઉદયપેઢાલપુત્ર અને ભ. મહાવીરના મુખ્ય ગણધર ગૌત્તમ સ્વામી વચ્ચેની ચર્ચા રજૂ કરી છે.

**(૩) સ્થાનાંગસૂત્ર[૩] :-**

સ્થાનાંગસૂત્રમાં એક-એક પદાર્થના નિરૂપણથી લઈને દશ-દશ પદાર્થોનું વર્ણન કરેલ છે. સૂ. ૧૯૮માં ભૂકંપના ત્રણ કારણો બતાવ્યાં છે. સૂ. ૮૮માં ભરતક્ષેત્રની ગંગા અને સિંધુ એ મહાનદીઓનો ઉલ્લેખ છે. સૂત્ર ૭૧૮માં ભરતક્ષેત્રની ૧૦ રાજધાનીઓ બતાવી છે. સૂ. ૧૭૬માં અતિવૃષ્ટિને અલ્પવૃષ્ટિનાં ત્રણ-ત્રણ કારણો બતાવ્યાં છે. આ રીતે આ અંગસૂત્રમાં અનેક વિષયનો પરિચય પ્રાપ્ત થાય છે.

**(૪) સમવાયાંગસૂત્ર[૪] :-**

સમવાયાંગ સૂત્રમાં ભગવાનં મહાવીરના નિર્વાણ પછીની ઘટનાઓ બતાવી છે. આ સૂત્રમાં દશથી આગળની સંખ્યાવાળી વસ્તુઓનું નિરૂપણ છે.

સૂત્ર ૧૮માં લેખન પદ્ધતિના ૧૮ પ્રકારો બતાવેલ છે. આ રીતે આ અંગમાં અનેક વિષયોનો પરિચય પ્રાપ્ત થાય છે.

**(૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ[૫] :-**

બીજા અંગોની અપેક્ષાંએ ખૂબ જ વિશાળ હોવાથી તેનું બીજું નામ ભગવતી પણ પ્રસિદ્ધ છે. વિદ્યમાન વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં ૧૫૦૦ શ્લોક છે. તેના કુલ ૪૧ શતક છે.

પ્રથમ શતકમાં રોહા અણગારના પ્રશ્નો પૂછેલા છે. બીજા શતકમાં શ્વાસોશ્વાસ સંબંધી પ્રશ્નો છે. છઠ્ઠા શતકમાં કેવલીની બે પ્રકારની ભાષા વિશે વિવેચન છે. સાતમા અને આઠમા શતકમાં સર્વ આત્માઓની સમાનતા બતાવી છે. નવમા શતકમાં જમાલીનું પૂર્ણ ચરિત્ર વર્ણવેલું છે. ૧૧મા શતકમાં હસ્તિનાપુરના રાજા શિવનું વર્ણન છે. પંદરમાં શતકમાં મંખલિપુત્ર ગોશાલકનું વિસ્તૃત વર્ણન છે. ૧૬મા શતકમાં સ્વપ્ન સંબંધી ચર્ચા છે. ૧૭મા શતકમાં રાજા કોણિક અને મુખ્ય હાથીના વિષયમાં ચર્ચા છે. ૧૮મા શતકમાં કાર્તિકશેઠનું વર્ણન છે. ૧૯મા શતકમાં ૧૦ ઉદ્દેશા છે. વીશમાં શતકમાં દશ ઉદ્દેશા છે. ૨૧, ૨૨ અને ૨૩માં શતકમાં વૃક્ષોના વિષયમાં ચર્ચા છે. ૨૪મા શતકમાં ગમા દ્વારા સમસ્ત જીવોનો વિચાર કરવામાં આવેલ છે. ૨૫મા શતકમાં નિગ્રંથોના ૫ પ્રકારોનું વર્ણન છે. ૨૬મા શતકમાં જીવોના વૃદ્ધત્વના વિષયમાં ચર્ચા કરી છે. ૨૭મા

શતકમાં પાપકર્મના વિષયમાં ચર્ચા છે. ૨૮મા શતકમાં કર્મયોગનો પ્રારંભ અને અંતનો વિચાર છે. ૩૦મા શતકમાં ૩૬૩ પાંખડીના મતો બતાવ્યા છે. ૩૧માં શતકમાં અને ૩૨માં શતકમાં યુગ્મની ચર્ચા છે. ૩૩ અને ૩૪મા શતકમાં એકેન્દ્રિય જીવોના વિષયમાં ચર્ચા છે. ૩૫થી ૪૦મા શતકમાં એકેન્દ્રિયથી લઈને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના વિષયમાં કૃતયુગ્મની ચર્ચા છે. ૪૧માં શતકમાં યુગ્મની અપેક્ષાથી જીવોની વિવિધ પ્રવૃત્તિઓના વિષયમાં ચર્ચા છે.

### (૬) જ્ઞાતાધર્મ કથા[૬] :-

જ્ઞાતાધર્મકથાના બે શ્રુતસ્કંધમાં પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૯ અધ્યયનો છે. પ્રથમ અધ્યયનમાં તત્કાલિન સામાજિક પરિસ્થિતિનો બોધ થાય છે. બીજા અધ્યયનમાં કારાગૃહનું વર્ણન છે. ત્રીજામાં ઈંડા અને ચોથામાં કુર્મ નામના અધ્યયન મુમુક્ષુ માટે બોધદાયક છે. પાંચમા અધ્યયનમાં શૈલકમુનિની કથા છે. છઠ્ઠા અધ્યયનમાં તુંબની કથા શિક્ષાપ્રદ છે. સાતમા અધ્યયનમાં રોહિણીની કથા આવે છે. આઠમા અધ્યયનમાં ચોક્ખા નામની પરિવ્રાજિકાનું વર્ણન છે. નવમા અધ્યયનમાં માકંદીની કથામાં નૌકાનું વિસ્તૃત વર્ણન છે. ૧૦ અને ૧૧મા અધ્યયનની કથાઓ ઉપદેશક છે. બારમા અધ્યયનમાં ગંદા પાણીને સાફ કરવાની પદ્ધતિ બતાવી છે. તેરમા અધ્યયનમાં નંદમણિયારની કથા અને ૧૪મા અધ્યયનમાં તેતલી પ્રધાનની વાત બતાવેલ છે. પંદરમાં અધ્યયનનું નંદી ફળ નામ છે. ૧૬મા અધ્યયનમાં નાગેશ્રી બ્રાહ્મણીની કથા છે. ૧૭મા અધ્યયનમાં ત્રણ પ્રકારની સાકરની ચર્ચા કરી છે. ૧૮મા અધ્યયનમાં સુંસુમાની કથાનું વર્ણન છે.

### (૭) ઉપાસક દશા[૭] :-

આ અંગમાં ભગવાન મહાવીરના ૧૦ શ્રાવકોની કથાઓ છે. જેમાં ગૃહસ્થ ધર્મના સંબંધમાં વિશેષ પ્રકાશ પાડેલ છે. શ્રાવકને અવધિજ્ઞાન કેટલી મર્યાદા સુધી થઈ શકે છે. એ વિષયમાં આનંદ શ્રાવક અને ગૌત્તમ સ્વામીની ચર્ચા છે.

### (૮) અંતગડ દશા[૮] :-

અંતકૃત દશાના આઠ વર્ગ છે. પ્રથમ વર્ગમાં ૧૦ અધ્યયન છે. બીજા વર્ગમાં

૧૦ નામ છે. ત્રીજા વર્ગના ૧૩ નામો છે. ૧૩મા અધ્યયનમાં ગજસુકુમારની કથાનું વર્ણન છે. ચોથા વર્ગમાં જાતિ આદિ ૧૦ મુનિઓની કથા છે. પાંચમાં વર્ગમાં પદ્માવતી આદિ ૧૦ અંતકૃત સ્ત્રીઓની કથા છે. છઠ્ઠા વર્ગમાં ૧૬ અધ્યયન છે. તેમાં એકમાં અર્જુન માળીની કથા બતાવેલ છે. છઠ્ઠા વર્ગમાં અઈમુત્તામુનિની કથાનું પણ વર્ણન છે. સાતમા વર્ગમાં ૧૩ અંતકૃત સ્ત્રીઓનું વર્ણન છે. આઠમાં વર્ગમાં શ્રેણિક રાજાની કાલી આદિ દસ રાણીઓનું વર્ણન છે. તેમાં સાધ્વીના વિશિષ્ટ તપનો વિસ્તૃત પરિચય આપેલો છે. આ અંગમાં ૯૦ અંતકૃત કેવળી થયા છે. તેનું વિસ્તૃત વર્ણન કરેલ છે.

**(૯) અનુત્તરોવવાઈ દશા[૯] :-**

જે વ્યક્તિ પોતાના તપ અને સંયમ દ્વારા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. જે સૂત્રમાં આવા મનુષ્યોની અવસ્થાનું વર્ણન છે. તેનું નામ અનુત્તરોવવાઈય દશા છે. આ અંગમાં ત્રણ વર્ગ છે. પ્રથમ વર્ગમાં જાતિ આદિ દશ રાજકુમારોનું જીવન બતાવેલ છે. બીજા વર્ગમાં દીર્ઘસેન આદિ ૧૩ રાજકુમારોના અને ત્રીજા વર્ગમાં ધન્યકુમાર આદિ ૧૦ રાજકુમારોના જીવનનું સુંદર ચિત્રણ કર્યું છે. તેઓના સંયમી જીવનનું અને તપસ્યાનું આલેખન કર્યું છે.

**(૧૦) પ્રશ્ન વ્યાકરણ[૧૦] :-**

આ અંગમાં હિંસાદિક પાંચ આશ્રવો તથા અહિંસાદિક પાંચ સંવરોનું દશ અધ્યયનમાં નિરૂપણ છે. અંગુઠ પ્રશ્ન, દર્પણ પ્રશ્ન આદિનો વિચાર આ સૂત્રમાં છે.

**(૧૧) વિપાકસૂત્ર[૧૧] :-**

વિપાકસૂત્રના બે શ્રુતસ્કંધ છે. એક સુખ વિપાક અને બીજું દુઃખ વિપાક. સુખવિપાકના દસ પ્રકરણ છે અને દુઃખ વિપાકના પણ દસ પ્રકરણ છે. સુખવિપાક શ્રુતસ્કંધમાં આવવાવાળી દશ કથાઓમાં પુણ્યના પરિણામની ચર્ચા છે. સુખવિપાકમાં સુબાહુકુમાર આદિ દશ રાજકુમારોના, સંયમનું વર્ણન આવે છે. દુઃખ વિપાક શ્રુતસ્કંધમાં આવવાવાળી દસ કથાઓમાં પાપના પરિણામની ચર્ચા છે. અને તેમાં મૃગાપુત્ર આદિની દસ કથાઓ છે. ૧૧ અંગોની રચના ગણધરોએ કરી છે.

## ૧૨ ઉપાંગોનો પરિચય :-

### (૧) ઉવવાઈયસૂત્ર[૧૨] :-

ઉવવાઈયસૂત્રમાં ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય અને કોણિક રાજાનું વર્ણન આવે છે. ભગવાન મહાવીરે આગાર, અણગાર ધર્મનો ઉપદેશ આપ્યો. કેટલાકે આગાર ધર્મ અને કેટલાકે અણગાર ધર્મનો સ્વીકાર કર્યો. ગૌતમ સ્વામીએ ભગવાનને અનેક પ્રશ્નો કર્યા અને તેના ઉત્તર આપતાં ભગવાને અનેક વિષયોનું પ્રતિપાદન કર્યું છે. તેમાં દંડના પ્રકારો, મૃત્યુના પ્રકારો, અંબડ સન્યાસીનું જીવન, સાતનિન્હવોની વાત વગેરે બતાવેલ છે. સૂત્ર ૪૨-૪૩માં કેવલી સમુદ્ઘાત અને સિદ્ધક્ષેત્રનું વર્ણન કર્યું છે.

### (૨) રાજપ્રશ્નીય[૧૩] :-

જૈન આગમોના આ બીજા ઉપાંગમાં ૨૧૭ સૂત્ર છે. પહેલા સુર્યાભદેવનું વર્ણન કરેલું છે. ત્યાર પછી ભગવાન પાર્શ્વનાથના મુખ્ય શિષ્ય કેશીકુમાર અને રાજા પ્રદેશીના જીવ-અજીવ વિષયક સંવાદનું વર્ણન છે. રાજા પ્રદેશી ધર્મનું સ્વરૂપ સમજીને તેર છઠ્ઠની આરાધનાથી એકાવતારી બન્યા તેનું વિસ્તૃત વર્ણન છે.

### (૩) જીવાજીવાભિગમસૂત્ર[૧૪] :-

આ ઉપાંગસૂત્રમાં ભ. મહાવીર અને ગૌતમ ગણધરનાં પ્રશ્નોત્તરરૂપમાં જીવ અને અજીવના ભેદો-પ્રભેદોનું વિસ્તૃત વર્ણન છે. તેમાં ૯ પ્રકરણ અને ૨૭૨ સૂત્ર છે. ટીકાકાર મલયગિરિએ જીવાજીવાભિગમને સ્થાનાંગનું ઉપાંગ બતાવેલ છે. પહેલી પ્રતિપતિમાં સંસારી જીવના વિભિન્ન પ્રકારે ભેદોનું વર્ણન કર્યું છે. તેમાં ૪૨ સૂત્રો છે. બીજી પ્રતિપતિમાં સંસારી જીવના ત્રણ-ત્રણ પ્રકારે ભેદ બતાવ્યા છે. તેમાં ૪૩ થી ૫૮ સૂત્ર છે. ત્રીજી પ્રતિપતિમાં નરકની સાત પૃથ્વીઓનાં વર્ણનની સાથે સોળ પ્રકારના રત્ન, જંબૂદ્વીપનાં કલ્પવૃક્ષોનું વર્ણન, તહેવારોનાં નામ, દેવોના પ્રકાર, સુધર્મ સભા, ઉત્તરકુરૂ, લવણસમુદ્ર, ધાતકી ખંડ, કાલોદધિ સમુદ્ર પુષ્કરવરદ્વીપ, માનુષોત્તર પર્વત, નંદીશ્વર દ્વીપ, ચંદ્ર-સૂર્ય આદિનો પરિવાર, વૈમાનિક દેવ આદિ ૪૫ બાબતોનું વર્ણન છે. ચોથી પ્રતિપતિમાં સંસારી જીવના પાંચ પ્રકાર બતાવ્યા છે. પાંચમી પ્રતિપતિમાં સંસાર જીવના છ પ્રકારનું વર્ણન છે. છઠ્ઠી પ્રતિપતિમાં સંસારી જીવોના સાત પ્રકાર

બતાવ્યા છે. સાતમી પ્રતિપતિમાં સંસારી જીવના આઠ પ્રકાર વર્ણવ્યા છે. આઠમી પ્રતિપતિમાં સંસારી જીવના ૯ પ્રકાર બતાવ્યા છે. નવમી પ્રતિપત્તિમાં સિદ્ધ-અસિદ્ધ, સૂક્ષ્મ-બાદર, સંજ્ઞી, અસંજ્ઞી, સંયત-અસંયત આદિ જીવોના અનેક પ્રકારોથી વિવક્ષા કરી છે. તેમાં ૨૪ દંડકનું વિસ્તૃત વર્ણન કરેલું છે.

**(૪) પ્રજ્ઞાપનાસૂત્ર**[૧૫] **:-**

આ ઉપાંગસૂત્રમાં ૩૪૯ સૂત્રોમાં ૩૬ પદોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**(૧) પ્રજ્ઞાપના પદમાં** જીવ પ્રજ્ઞાપના અને અજીવ પ્રજ્ઞાપના બતાવી છે.

જીવ પ્રજ્ઞાપનામાં સંસારી એકેન્દ્રિય જીવોની પ્રજ્ઞાપના ૫ પ્રકારની બતાવી છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાયના અનેક પ્રકારોનું વર્ણન છે. વિકલેન્દ્રિયમાં - બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયના અનેક પ્રકાર અને પંચેન્દ્રિયના પાંચ પ્રકાર બતાવ્યા છે. પંચેન્દ્રિય જીવમાં-નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર પ્રકાર બતાવેલ છે. મનુષ્યના ત્રણ પ્રકાર છે. કર્મભૂમિના, અકર્મભૂમિના અને અંતરદ્વીપના દેવના ચાર પ્રકાર છે. ભવનપતિ, વાણવ્યંતર જ્યોતિષી અને વૈમાનિક, દેવોના પેટા વિભાગ બતાવીને તેનાં નામો પણ વર્ણવ્યા છે.

**(૨) સ્થાપના પદ :-**

તેમાં સંસારીના જીવો ઉપર પ્રથમ પદમાં બતાવેલા બધા જીવોના અને સિદ્ધ જીવોના રહેવાના સ્થાનનું વર્ણન છે.

**(૩) અલ્પબહુત્વ પદ :-**

તેમાં દિશા, ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, જ્ઞાન, દર્શન, ઉપયોગ, આહાર, સંજ્ઞી, ક્ષેત્ર, મહાદંડક આદિ ૨૭ દ્વારોની અપેક્ષાથી જીવોનું વિસ્તૃત વિવરણ કર્યું છે.

**(૪) સ્થિતિ પદ :-**

તેમાં દરેક સંસારી જીવોની સ્થિતિનું વર્ણન છે.

**(૫) વિશેષ પદ :-**

તેમાં જીવપર્યાય અને અજીવ પર્યાયનું વર્ણન કર્યું છે.

**(૬) વ્યત્ક્રાન્તિ પદ :-**

તેમાં આઠ દ્વારોથી જીવનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૭) શ્વાસોશ્વાસ પદ :-**

તેમાં નારકી આદિના ઉચ્છ્વાસ લેવાના અને છોડવાના સમયનું વર્ણન છે.

**(૮) સંજ્ઞી પદ :-**

તેમાં ૧૦ સંજ્ઞાઓના આશ્રયથી જીવોનું વર્ણન છે.

**(૯) યોની પદ :-**

તેમાં શીત, ઉષ્ણ આદિ વિભિન્ન યોનીઓના આશ્રયથી જીવોનું વર્ણન છે.

**(૧૦) ચરમાચરમ પદ :-**

તેમાં ચરમ, અચરમ આદિ પદોના આશ્રયથી જીવ-અજીવનું વર્ણન છે.

**(૧૧) ભાષા પદ :-**

આ પદમાં મૂળ ૪ પ્રકારની ભાષા વિશેષથી - પ્રભેદથી વિભિન્ન પ્રકારની ભાષાનું વર્ણન છે.

**(૧૨) શરીર પદ :-**

આ પદમાં ઔદારિકાદિ ૫ પ્રકારના શરીરની અપેક્ષાથી જીવોનું વર્ણન છે.

**(૧૩) પરિણામ પદ :-**

આ પદમાં જીવ પરિણામ ૧૦ પ્રકારનાં અને અજીવ પરિણામ ૧૦ પ્રકારનાં બતાવ્યા છે.

**(૧૪) કષાય પદ :**

આ પ્રદમાં કષાયના ભેદ-પ્રભેદોનું વર્ણન છે.

**(૧૫) ઇન્દ્રિય પદ :-**

આ પદમાં પાંચ ઇન્દ્રિયના આશ્રયથી જીવોનું વર્ણન છે.

**(૧૬) પ્રયોગ પદ :-**

આ પદમાં પંદર પ્રકારના પ્રયોગનું વર્ણન કર્યું છે.

**(૧૭) લેશ્યા પદ :-**

આ પદનાં ૬ ઉદ્દેશામાં લેશ્યાનું વિવિધ પ્રકારે વિસ્તૃત વર્ણન છે.

**(૧૮) કાયસ્થિતિ પદ :-**

આ પદમાં જીવ, ગતિ, ઇન્દ્રિય, યોગ, અસ્તિકાય આદિના આશ્રયથી કાયસ્થિતિનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**(૧૯) સમ્યક્ત્વ પદ :-**

આ પદમાં સમ્યગ્દષ્ટિ આદિ ત્રણ દષ્ટિના ભેદથી જીવોનું વર્ણન છે.

**(૨૦) અંતક્રિયા પદ :-**

આ પદમાં અંતક્રિયા-અર્થાત્ કર્મનાશથી મોક્ષ પ્રાપ્તિનું વર્ણન છે.

**(૨૧) શરીર પદ :-**

આ પદમાં શરીરના ભેદ, સંસ્થાન વગેરે અધિકારોનું વર્ણન છે.

**(૨૨) ક્રિયા પદ :-**

આ પદમાં કાયિકી આદિ પાંચ ક્રિયાઓના આશ્રયથી જીવોનું વર્ણન છે.

**(૨૩) કર્મપ્રકૃતિ પદ :-**

આ પદમાં કર્મોની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓનું વર્ણન છે.

**(૨૪) કર્મબંધ પદ :-**

આ પદમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોને બાંધતો જીવ કેટલી પ્રકૃત્તિ બાંધે છે. તેનું વિવરણ કર્યું છે.

**(૨૫) કર્મવેદ પદ :-**

આ પદમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોને બાંધતો જીવ કેટલી પ્રકૃતિઓનું વેદન કરે છે. તેની વિવક્ષા કરી છે.

**(૨૬) કર્મ વેદ બંધ પદ :-**

આ પદમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનું વેદન કરતો જીવ કેટલી પ્રકૃત્તિઓ બાંધે છે. તેનું વર્ણન છે.

**(૨૭) કર્મવેદવેદ પદ :-**

આ પદમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનું વેદન કરતો જીવ કેટલી પ્રકૃતિઓનું વેદન કરે છે. તેનો વિચાર કરેલ છે.

**(૨૮) આહાર પદ :-**

આ પદમાં આહાર સંબંધી ૧૩ અધિકારોનું વર્ણન છે.

**(૨૯) ઉપયોગ પદ :-**

આ પદમાં મૂળ બે અને કુલ ૧૨ ઉપયોગનું વર્ણન છે.

**(૩૦) પશ્યતા પદ :-**

આ પદમાં સાકાર પશ્યતા અને અનાકાર પશ્યતાનું વર્ણન છે.

**(૩૧) સંજ્ઞી પદ :-**

આ પદમાં સંજ્ઞી, અસંજ્ઞી અને નો સંજ્ઞી - નો અસંજ્ઞીના આશ્રયથી જીવોનું વર્ણન છે.

**(૩૨) સંયત પદ :-**

આ પદમાં સંયત, અસંયત અને સંયતાસંયતના આશ્રયથી જીવોનું વર્ણન છે.

**(૩૩) અવધિ પદ :-**

આ પદમાં અવધિજ્ઞાનના ૧૦ દ્વારોની વિસ્તૃત વ્યાખ્યા કરી છે.

**(૩૪) પરિચારણા પદ :-**

આ પદમાં કાયસ્પર્શ, રૂપ, શબ્દ અને મનના સંબંધમાં પરિચારણા અર્થાત્ વિષય ભોગ - જેવા અધિકારોનું વર્ણન છે.

**(૩૫) વેદના પદ :-**

આ પદમાં શીત, ઉષ્ણ આદિ વેદનાઓના આશ્રયથી જીવોનું વર્ણન છે.

**(૩૬) સમુદ્ઘાત પદ :-**

આ પદમાં વેદના, કષાય આદિ સાત સમુદ્ઘાતની અપેક્ષાથી જીવોનું વર્ણન છે.

**(૫) સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર[૧૬] અને (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર :-**

સૂર્ય પ્રજ્ઞપ્તિમાં સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોની ગતિ આદિના ૧૦૮ સૂત્રોમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવેલ છે. તેમાં ૨૦ પ્રાભૃત છે. પ્રથમ પ્રાભૃતમાં આઠ અધ્યાય છે, બીજા પ્રાભૃતમાં ત્રણ અધ્યાય છે. ત્રીજા પ્રાભૃતમાં ચંદ્ર-સૂર્ય દ્વારા પ્રકાશિત દ્વીપ-સમુદ્રોનું વર્ણન છે. ચોથા પ્રાભૃતમાં ચંદ્રસૂર્યના આકારનું વર્ણન છે. પાંચમા પ્રાભૃતમાં સૂર્યની લેશ્યાઓનું વર્ણન છે છઠ્ઠા પ્રાભૃતમાં સૂર્યના ઓજનું વર્ણન છે. સાતમા પ્રાભૃતમાં સૂર્ય પોતાના પ્રકાશથી મેરૂ આદિ પર્વતોને પ્રકાશિત કરે છે તેનું વર્ણન છે. આઠમા પ્રાભૃતમાં ઉદય સંસ્થિત પ્રાભૃત છે. નવમા પ્રાભૃતમાં સૂર્યના ઉદય અને અસ્તના સમયની છાયાનું પ્રમાણ બતાવ્યું છે. દસમા પ્રાભૃતમાં નક્ષત્રોનાં ગોત્રોનો ઉલ્લેખ છે. ૧૧મા પ્રાભૃતમાં સંવત્સરો આદિના અંતનું વર્ણન છે. ૧૨મા પ્રાભૃતમાં પાંચ સંવત્સરોનું વર્ણન છે. ૧૩મા પ્રાભૃતમાં ચંદ્રની હાની-વૃદ્ધિનું વર્ણન છે. ૧૪મા પ્રાભૃતમાં જ્યોત્સ્નાનું વર્ણન છે. ૧૫મા પ્રાભૃતમાં ચંદ્ર-સૂર્ય આદિની ગતિની

તારતમ્યતાનો ઉલ્લેખ છે. ૧૬મા પ્રાભૃતમાં જ્યોત્સ્નાનાં લક્ષણ બતાવ્યાં છે. ૧૭મા પ્રાભૃતમાં ચંદ્ર આદિના ચ્યવન અને ઉપપાતનું વર્ણન છે. ૧૮મા પ્રાભૃતમાં ચંદ્ર-સૂર્ય આદિની ઊંચાઈનું વર્ણન છે. ૧૯મા પ્રાભૃતમાં સર્વલોકમાં ચંદ્ર-સૂર્યની સંખ્યાનું વર્ણન છે. ૨૦મા પ્રાભૃતમાં ચંદ્ર આદિ અનુભવનું અને ૮૮ મહાગ્રહોનું વર્ણન કરવામાં આવ્યું છે.

**ઉપલબ્ધ ચંદ્રપ્રજ્ઞપ્તિ[17] :**

ચંદ્રપ્રજ્ઞપ્તિને ઉપાસક દશાનું ઉપાંગ માનવામાં આવેલ છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિનો વિષય બિલકુલ સમાન છે.

**(૭) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ[18] :-**

આ ઉપાંગને જ્ઞાતાધર્મકથાનું ઉપાંગ માનવામાં આવેલ છે. આ આગમ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગોમાં પ્રકાશિત થયો છે. પૂર્વાર્ધમાં ચાર અને ઉત્તરાર્ધમાં ત્રણ વક્ષસ્કાર છે.

**(૧) વક્ષસ્કાર :-**

આ વક્ષસ્કારમાં જંબૂદ્વીપનો વિસ્તાર, તેના ક્ષેત્ર, વેદિકાઓ, ગુફાઓ, ભરતક્ષેત્ર અને ઋષભકૂટ આદિનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૨) વક્ષસ્કાર :-**

આ વક્ષસ્કારમાં સમયથી લઈને, શીર્ષ પ્રહેલિકાનો કાળ બતાવેલ છે. ત્યાર પછી પલ્યોપમ અને સાગરોપમનું વર્ણન કરેલું છે છ આરાના ત્રીજા આરામાં ઋષભદેવનું સમગ્ર જીવન અને ચોથા આરામાં ૬૩ સલાખા પુરુષોનું વર્ણન કરી પાંચમા અને છઠ્ઠા આરાનું વર્ણન કર્યું છે.

**ત્રીજો વક્ષસ્કાર :-** આ વક્ષસ્કારમાં ભરત ચક્રવર્તિનું સમગ્ર જીવન વર્ણવેલ છે.

**ચોથો વક્ષસ્કાર :-** આ વક્ષસ્કારમાં નદીઓનું, કૂટોનું, ક્ષેત્રોનું અને મેરૂપર્વત આદિનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

**પાંચમો વક્ષસ્કાર :-** આ વક્ષસ્કારમાં તિર્થંકર ભગવાનના સમગ્ર જન્મ મહોત્સવનું વર્ણન છે..

**છઠ્ઠો વક્ષસ્કાર :-** આ વક્ષસ્કારમાં જંબૂદ્વીપના સાત ક્ષેત્ર અને ત્રણ તીર્થ વિશેનું વર્ણન છે.

**સાતમો વક્ષસ્કાર :-** આ વક્ષસ્કારમાં બે ચંદ્ર, બે સૂર્ય, ૫૭ નક્ષત્રને અને ૧૭૬ ગ્રહો જંબૂદ્વીપમાં પ્રકાશ કરે છે. તેનું સંપૂર્ણ વર્ણન છે.

## નિરયાવલિકાસૂત્ર[૯] :-

નિરયાવલિકા શ્રુત સ્કંધમાં પાંચ ઉપાંગનો સમાવેશ છે. (૧) નિરયાવલિકા (૨) કલ્પવસંતિકા (૩) પુષ્પિકા, (૪) પુષ્પચુલિકા, (૫) વૃષ્ણિદશા.

### (૮) નિરયાવલિકા :-

આ ઉપાંગમાં ૧૦ અધ્યયન છે. જેમાં કાલ, સુકાલ આદિ શ્રેણિક રાજાના ૧૦ પુત્રોનું વર્ણન છે.

### (૯) કલ્પવસંતિકા :-

આ ઉપાંગમાં ૧૦ અધ્યયન છે. પદ્મ, મહાપદ્મ આદિ ૧૦ કુમારોએ ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી અને મરીને દેવલોકમાં ગયા તેનું વર્ણન છે.

### (૧૦) પુષ્ફિયા :-

આ ઉપાંગમાં પણ ૧૦ અધ્યયન છે. ચંદ્ર, સૂર્ય, આદિ ૧૦ના પૂર્વભવનું વર્ણન છે.

### (૧૧) પુષ્પચૂલિકા :-

આ ઉપાંગમાં પણ દસ અધ્યયન છે. તેમાં સિરિદેવી, હિરીદેવી આદિ ૧૦ દેવીઓનું વર્ણન છે.

## (૧૨) વૃષ્ણિદશા :-

આ ઉપાંગમાં ૧૨ અધ્યયન છે. નિષધ, જુતી, દઢરથ આદિ ૧૩ રાજકુમારોના પૂર્વભવનું, વર્તમાન ભવનું અને ભવિષ્યકાળના ભવનું વર્ણન છે. કે જેમણે કાલાંતરમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

## મૂળ સૂત્રોનો પરિચય :

## (૧) ઉત્તરાધ્યયનસૂત્ર[૨૦] :-

ઉતરાધ્યયન એ જૈન આગમોનું પ્રથમ મૂળ સૂત્ર છે. તેના ૩૬ અધ્યયનો છે. ૧લું અધ્યયન વિનય નામનું છે. ૨જું અધ્યયન પરિષહ નામનું છે. તેમાં ૨૨ પરિષહો બતાવ્યા છે. ૩જું ચતુરંગીય અધ્યયન છે. તેમાં ચાર વસ્તુઓ દુર્લભ બતાવી છે. ૪થું અસંસ્કૃત અધ્યયન છે. તેમાં તૂટેલું જીવન ફરી સંધાતું નથી તેનું વર્ણન છે. ૫મા અકામ મરણ અધ્યયનમાં બે પ્રકારના મરણનું વર્ણન છે. ૬ઠ્ઠું ક્ષુલ્લક નિર્ગ્રન્થનું ૭મું એલયં બોકડાના દૃષ્ટાંતે બતાવ્યું છે. ૮મું કપિલ કેવલીનું, ૯મું નમીરાજર્ષિનું ૧૦મું દ્રુમપત્રકનું, ૧૧મું બહુશ્રુતપૂજાનું, ૧૨મું હરિકેશીમુનિનું, ૧૩મું ચિત્ત સંભૂતિનું, ૧૪મું ઇક્ષુકારિય, ૧૫મું સભિક્ષુનું, ૧૬મું બ્રહ્મચર્ય સમાધિના ૧૦ સ્થાનનું, ૧૭મું પાપ શ્રમણના લક્ષણનું, ૧૮મું સંયતિરાજાનું, ૧૯મું મૃગાપુત્રનું, ૨૦મું અનાથી મુનિનું, ૨૧મું સમુદ્રપાલનું, ૨૨મું રહનેમિનું, ૨૩મું કેશી ગૌતમનું, ૨૪મું અષ્ટ પ્રવચન માતાનું, ૨૫મું - જયઘોષ-વિજયઘોષનું, ૨૬મું ૧૦ પ્રકારની સાધુની સમાચારીનું, ૨૭મું ખલુંકીજનું, ૨૮મું મોક્ષમાર્ગનું, ૨૯મું સમ્યક્ત્વ પરાક્રમના ૭૩ બોલનું, ૩૦મું તપમાર્ગનું, ૩૧મું ચરણવિધિનું, ૩૨મું પ્રમાદ સ્થાનનું, ૩૩મું કર્મ પ્રકૃતિનું, ૩૪મું લેશ્યાનું, ૩૫મું અણગારનું અને ૩૬મું જીવાજીવવિભક્તિનું અધ્યયન છે.

## (૨) આવશ્યકસૂત્ર[૨૧] :-

આવશ્યકસૂત્ર આગમોનું બીજું મૂળ સૂત્ર છે. આ સૂત્રમાં નિત્ય કર્મના પ્રતિપાદક આવશ્યક ક્રિયાનુષ્ઠાનરૂપ કર્તવ્યોનો ઉલ્લેખ છે. તેમાં ૬ આવશ્યકના ૬ અધ્યાય છે. (૧) સામાયિક, (૨) ચોવિસંત્થો, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન અવશ્ય કરવા યોગ્ય છે માટે તેને આવશ્યક કહેવાય છે.

### (૩) દશવૈકાલિકસૂત્ર[૨૨] :-

દશવૈકાલિક જૈન આગમોનું ત્રીજું મૂળસૂત્ર છે. શય્યંભવ સ્વામી એના કર્તા છે. દશવૈકાલિકના છ અધ્યયનો છે. (૧) દ્રુમપુષ્પિકા - તેમાં ધર્મને ઉત્કૃષ્ટ મંગલ બતાવ્યો છે. (૨) શ્રામણ્યપૂર્વક - તેમાં શ્રમણાચારનું વર્ણન છે. (૩) ક્ષુલ્લિકાચાર કથા - તેમાં સાધુઓના ૫૨ અનાચારોનું વર્ણન છે. (૪) ષડ્જીવનિકાય. તેમાં છ કાયના જીવોની જતના માટેનું અને પાંચ મહાવ્રતોના પાલન માટેનું વર્ણન છે. (૫) પિંડૈષણા તેમાં ગૌચરીના નિયમોનું અને ગૌચરીના સમયનું વર્ણન છે. (૬) મહાચાર કથા. તેમાં છ વ્રતોનું પાલન અને છ કાય જીવોની રક્ષાનું વર્ણન છે. (૭) વાક્યશુદ્ધિ - તેમાં ચાર ભાષાનું વર્ણન છે. (૮) આચાર સંહિતા. તેમાં ત્રણ યોગથી અહિંસાના આચરણનું વર્ણન છે. (૯) વિનય સમાધિ. તેનાં ચાર ઉદ્દેશામાં વિનયનું વર્ણન છે. (૧૦) સભિક્ષુ - તેમાં ભિક્ષુના નિયમોનું વર્ણન છે. રતિવાક્ય અને વિવિક્તચર્યા એ બે ચૂલિકા અંતમાં બતાવી છે.

### (૪) પિંડ નિર્યુક્તિ[૨૩] :-

પિંડનિર્યુક્તિને ચોથું મૂળસૂત્ર માનવામાં આવે છે. તેના આઠ અધિકાર છે. ઉદ્ગમ, ઉત્પાદન, એષણા, સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ અને કારણ.

### (૫) ઓઘનિર્યુક્તિ[૨૪] :-

પિંડનિર્યુક્તિની સાથે ઓઘનિર્યુક્તિને પણ ચોથું મૂળસૂત્ર માનવામાં આવે છે. આ આગમ ભદ્રબાહુકૃત છે. તેમાં સાધુ સંબંધી નિયમ અને આચાર-વિચારનું પ્રતિપાદન કરેલું છે. જૈન શ્રમણ સંઘના ઇતિહાસનું સંકલન કરવાની દૃષ્ટિથી આ ગ્રંથ મહત્ત્વપૂર્ણ છે. તેમાં પ્રતિલેખના, પિંડ, ઉપધિ, અનાયતન, વર્જન, પ્રતિસેવના, વિશુદ્ધિ આદિ દ્વારનું પ્રરૂપણ છે.

## છેદ સૂત્રોનો પરિચય :

### (૧) દશા-શ્રુત સ્કંધ[૨૫] :-

છેદ સૂત્રો જૈન આચારની મૂડી છે. જૈન સંસ્કૃતિનો અદ્વિતીય નિધિ છે. જૈન

સાહિત્યની ગરિમા છે. દશાશ્રુત સ્કંધના દશ અધ્યયન છે.

**(૨) બૃહત્કલ્પસૂત્ર[૨૬] :-**

બૃહત્કલ્પસૂત્રમાં ૬ ઉદ્દેશા છે. બધા ગદ્યમાં છે. તે સૂત્ર ૪૭૫ શ્લોક પ્રમાણ છે. પ્રથમ ઉદ્દેશામાં ૫૦ સૂત્ર, બીજા ઉદ્દેશામાં ૨૫ સૂત્ર, ત્રીજા ઉદ્દેશામાં ૩૧ સૂત્ર, ચોથા ઉદ્દેશામાં ૩૭ સૂત્ર, પાંચમા ઉદ્દેશામાં ૪૨ સૂત્ર અને છઠ્ઠા ઉદ્દેશામાં ૨૦ સૂત્ર છે. તેમાં સાધુઓના આચાર, વિધિ-નિષેધ, ઉત્સર્ગ-અપવાદ, તપ-પ્રાયશ્ચિત આદિનો વિચાર કરવામાં આવેલ છે.

**(૩) વ્યવહારસૂત્ર[૨૭] :-**

વ્યવહારસૂત્રમાં દશ ઉદ્દેશા છે. તે ગદ્યમાં જ છે. લગભગ ૩૦૦સૂત્ર છે. તેમાં દરેક ઉદ્દેશામાં, વિધિ-નિષેધ અને પ્રાયશ્ચિતનું વિધાન બતાવ્યું છે.

**(૪) નિશીથસૂત્ર[૨૮] :-**

નિશીથ નામના છેદસૂત્રમાં પ્રાયશ્ચિતોનું વર્ણન છે. આ પ્રાયશ્ચિત સાધુઓ અને સાધ્વીઓનાં માટે છે. પ્રથમ ઉદ્દેશામાં ગુરુમાસિક પ્રાયશ્ચિતનો અધિકાર છે. ૨, ૩, ૪ અને ૫મા ઉદ્દેશામા લઘુમાસિક પ્રાયશ્ચિતનું વિવેચન છે. ૬ થી ૧૧ ઉદ્દેશામાં ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત અને ૧૨ થી ૧૯ ઉદ્દેશા સુધી લઘુમાસિક પ્રાયશ્ચિત અને ૨૦મા ઉદ્દેશામાં આલોચના અને પ્રાયશ્ચિત કરતી વખતે લાગતા દોષોનો વિચાર છે.

**(૫) મહાનિશીથ[૨૯] :-**

મહાનિશીથસૂત્રમાં ૬ અધ્યયન અને બે ચૂલિકા છે. તેના ૪૫૫૪ શ્લોક છે. પ્રથમ અધ્યયનમાં ૧૮ પાપ સ્થાનકોનું, બીજા અધ્યયનમાં પાપની આલોચનાનું, ત્રીજા અને ચોથા અધ્યયનમાં કુશીલ સાધુથી દૂર રહેવાના ઉપદેશનું, પાંચમા અધ્યયનમાં ગચ્છના સ્વરૂપનો વિચાર, છઠ્ઠા અધ્યયનમાં પ્રાયશ્ચિતના દશ અને આલોચનાના ૪ ભેદોનું વિવેચન છે. ચૂલિકાઓમાં, સુસઢ આદિની કથાઓ છે.

## (૯) જીતકલ્પ[30] :-

જીતકલ્પસૂત્રના પ્રણેતા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. આ ગ્રંથમાં નિગ્રંથ-નિગ્રંથીઓના ભિન્ન-ભિન્ન અપરાધ સ્થાનક વિષયક પ્રાયશ્ચિતનો જીત[2]વ્યવહારના આધારે નિરૂપણ કરેલો છે. તેમાં કુલ ૧૦૩ ગાથાઓ છે. પ્રાયશ્ચિતની આલોચના, પ્રતિક્રમણ આદિ ૧૦ પ્રકાર બતાવ્યા છે.

## ચૂલિકાસૂત્રનો પરિચય :

## (૧) નંદીસૂત્ર[31] :-

નંદીસૂત્રમાં પાંચ જ્ઞાનનું વિસ્તારથી વર્ણન કરેલું છે. પ્રથમ ૫૦ ગાથામાં મંગલાચરણ કર્યું છે. આભિનિબોધિક જ્ઞાનના શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત રૂપ એવા બે ભેદ છે. શ્રુતજ્ઞાનના અક્ષર, અનક્ષર આદિ ૧૪ ભેદ છે. અવધિજ્ઞાનના અનુગામી, અનાનુગામી આદિ ૬ ભેદ છે. મનઃપર્યવ જ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ રૂપ એવા બે પ્રકાર છે. કેવલ જ્ઞાનના પણ બે પ્રકાર બતાવ્યા છે. નંદીસૂત્રમાં સુધર્મા સ્વામીથી લઈને દુષ્યગણી સુધીની સ્થવિરાવલી બતાવી છે. અને ત્યાર પછી ૧૪ પ્રકારના શ્રોતાનું વર્ણન કર્યું છે. આ સૂત્ર લગભગ ૭૦૦ શ્લોક પ્રમાણ છે.

## (૨) અનુયોગ દ્વારસૂત્ર[32] :-

અનુયોગ દ્વારમાં આવશ્યકસૂત્રનું વ્યાખ્યાન છે. પ્રસ્તુત સૂત્રમાં આવશ્યક શ્રુત, અનુયોગના ઉપક્રમાદિ ચાર દ્વાર, તેનું વિવરણ, નામના દસ ભેદ, ૬ ભાવ, સાત સ્વર, આઠ વિભક્તિ, નવરસનું સ્વરૂપ, સંખ્યાત અસંખ્યાત, અનંતના ભેદ, પ્રભેદ જેવા આ વિષયોનો સમાવેશ થાય છે. આ સૂત્રનું ગ્રંથમાન લગભગ ૨૦૦૦ શ્લોક પ્રમાણ છે.

## પ્રકીર્ણકો :

## (૧) ચતુઃશરણ[33] :-

પ્રકીર્ણ એટલે વિવિધ. વર્તમાનમાં પ્રકીર્ણકોની સંખ્યા મુખ્ય ૧૦ માનેલી છે. ચતુઃશરણમાં ૬૩ ગાથાઓ છે. તેમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિકથિત ધર્મ. જેવી

આ ચારને શરણ માનેલ છે. તેથી તેને ચતુઃ શરણ કહેવાય છે. તેમાં ષડાવશ્યકની ચર્ચા છે. આ પ્રકીર્ણક વીરભદ્રકૃત છે.

**(૨) આતુર પ્રત્યાખ્યાન[૩૪] :-**

તેમાં ૭૦ ગાથાઓ છે. આ પ્રકીર્ણકમાં મુખ્યત્વે બાલ મરણ અને પંડિત મરણનું વિવેચન છે. આચાર્યે મરણના ૩ પ્રકારો બતાવ્યા છે. અંતમાં મારણાંતિક પ્રત્યાખ્યાનની ઉપાદેયતા બતાવી છે.

**(૩) મહાપ્રત્યાખ્યાન[૩૫] :-**

મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણકમાં ૧૪૨ ગાથાઓ છે. તેમાં ત્યાગનું વિસ્તૃત વર્ણન છે. આ પ્રકીર્ણકમાં પંડિત મરણ, પાંચ મહાવ્રત, વૈરાગ્ય, આલોચના આદિ ઉપર પ્રકાશ પાડ્યો છે. અને આચાર્યે બતાવ્યું છે કે પ્રત્યાખ્યાનનું સારી રીતે પાલન કરવાવાળા વૈમાનિક દેવ અથવા સિદ્ધ થાય છે.

**(૪) ભક્તપરિજ્ઞા[૩૬] :-**

ભક્ત પરિજ્ઞામાં ૧૭૨ ગાથાઓ છે. આ પ્રકીર્ણકમાં ભક્ત પરિજ્ઞા નામના મરણનું વિવેચન છે. આ મરણથી આરાધના પૂર્ણ રીતે સફળ થાય છે. તેના ત્રણ પ્રકાર બતાવ્યા છે. ભક્તપરિજ્ઞા, ઇંગિની, અને પાદોપગમન. આ પ્રકીર્ણકના કર્તા વીરભદ્ર છે.

**(૫) તંદુલવૈચારિક[૩૭] :-**

આ પ્રકીર્ણકમાં ૧૩૯ ગાથાઓ છે. સો વર્ષની ઉંમરવાળો પુરુષ કેટલા "તંદુલ" ચોખા ખાય છે તેની સંખ્યાપૂર્વક વિશેષ વિચારણા કરવાના કારણે ઉપલક્ષણથી આ પ્રકીર્ણકને તંદુલ વૈચારિક કહેવાય છે. અંતમાં બતાવ્યું છે કે આ શરીર, જન્મ, જરા, મરણ અને વેદનાથી ભરેલું છે. શરીરની અનિત્યતા સમજીને આરાધના કરવાથી ત્રિવિધ તાપથી મુક્તિ મળે છે.

**(૬) સંસ્તારક[૩૮] :-**

આ પ્રકીર્ણકમાં ૧૨૩ ગાથાઓ છે. સંસ્તારક અર્થાત્ તૃણ આદિની શય્યાનું

મહત્ત્વ વર્ણિત છે. સંસ્તારક ઉપર બેસીને પંડિત મરણ પ્રાપ્ત કરવાવાળા મુનિ મુક્તિ પ્રાપ્ત કરે છે. આ પ્રકારના અનેક મુનિઓનાં દૃષ્ટાંત પ્રસ્તુત પ્રકીર્ણકમાં આપેલાં છે.

**(૭) ગચ્છાચાર[૩૯] :-**

ગચ્છાચાર પ્રકીર્ણકમાં ૧૩૭ ગાથાઓ છે. તેમાં ગચ્છ અર્થાત્ સમૂહમાં રહેવાવાળા સાધુ-સાધ્વીઓના આચારનું વર્ણન છે. આ પ્રકીર્ણક મહાનિશીથ, કલ્પ અને વ્યવહાર સૂત્રોના આધારે બનાવેલ છે.

જે ગચ્છમાં દાન, શીલ, તપ અને ભાવના જેવા આ ચાર પ્રકારના ધર્મનું આચરણ કરવાવાળા મુનિ અધિક હોય તે સુગચ્છ છે તેવું બતાવ્યું છે.

**(૮) ગણિવિદ્યા :-**

ગણિવિદ્યામાં ૮૨ ગાથાઓ છે. આ જ્યોતિર્વિદ્યાનો ગ્રંથ છે. તેમાં નવ વિષયોનું વિવેચન છે. (૧) દિવસ, (૨) તિથિ, (૩) નક્ષત્ર, (૪) કરણ, (૫) ગ્રહદિવસ, (૬) મુહૂર્ત, (૭) શકુન, (૮) લગ્ન, (૯) નિમિત્ત. અંતમાં ગ્રંથકારે બતાવ્યું છે કે દિવસથી તિથિ બલવાન હોય છે. તિથિથી નક્ષત્ર, નક્ષત્રથી કરણ, કરણથી ગ્રહ દિવસ, ગ્રહ દિવસથી મુહૂર્ત, મુહૂર્તથી શુકન, શુકનથી લગ્ન અને લગ્નથી નિમિત્ત બળવાન હોય છે.

**(૯) દેવેન્દ્રસ્તવ :-**

દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણકમાં ૩૦૭ ગાથાઓ છે. તેમાં ૩૨ દેવેન્દ્રોનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

**(૧૦) મરણ સમાધિ :-**

મરણ સમાધિમાં ૬૬૩ ગાથાઓ છે. આ પ્રકીર્ણક આઠ પ્રાચીન શ્રુતસ્કંધોના આધાર પર નિર્મિત થયેલું છે. તેમાં સમાધિ મરણનું વિવેચન કર્યું છે. સંલેખના બે પ્રકારની હોય છે. બાહ્ય અને આભ્યંતર. કાયાને કૃશ કરવી તે બાહ્ય સંલેખના છે. અને કષાયોને કૃશ કરવા તે આભ્યંતર સંલેખના છે. અનિત્યાદિ બાર ભાવનાઓનું પણ વિવેચન કરવામાં આવેલ છે.

**"પ્રાસ્તાવિક"**

પ્રાચીનતમ જૈન વ્યાખ્યાત્મક સાહિત્યમાં આગમિક વ્યાખ્યાઓનું અતિ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ વ્યાખ્યાઓને પાંચ કોટીઓમાં વિભક્ત કરવામાં આવેલ છે. (૧) નિર્યુક્તિઓ, (૨) ભાષ્ય, (૩) ચૂર્ણિઓ, (૪) સંસ્કૃત ટીકાઓ, અને (૫) લોકભાષાઓમાં રચિત વ્યાખ્યાઓ.

**(૧) નિર્યુક્તિઓ અને નિર્યુક્તિ દ્વાર :-**

જૈન આગમોમાં પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવાને માટે આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ પ્રાકૃત પદ્યમાં નિર્યુક્તિઓની રચના કરી. નિર્યુક્તિની વ્યાખ્યા પદ્ધતિ ખૂબ જ પ્રાચીન છે. આચાર્ય ભદ્રબાહુએ ૧૦ ગ્રંથો પર નિર્યુક્તિઓ લખી છે. તેમાંથી છેલ્લી બે નિર્યુક્તિઓ અનુપલબ્ધ છે.

**(૧) આવશ્યક નિર્યુક્તિ[૪૦] :**

ભદ્રબાહુકૃત નિર્યુક્તિઓમાં આવશ્યક નિર્યુક્તિની રચના સર્વ પ્રથમ થઈ છે. જૈન આગમ ગ્રંથોમાં આવશ્યકસૂત્રનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેમાં ૬ અધ્યયન છે. (૧) સામાયિક, (૨) ચોવિસંત્થો, (૩) વંદણા, (૪) પ્રતિક્રમણ, (૫) કાઉસગ્ગ અને (૬) પ્રત્યાખ્યાન. આવશ્યક નિર્યુક્તિની ૮૮૦ ગાથાઓ છે.

**(૧) સામાયિક :-**

આચાર્ય ભદ્રબાહુ સામાયિકને સંપૂર્ણ શ્રુતની આદિમાં રાખે છે. કેમ કે ચારિત્રનો પ્રારંભ સામાયિકથી થાય છે. સામાયિક શ્રુત અધિકારી જ ક્રમશઃ મોક્ષનો અધિકારી બને છે. આચાર્યે સામાયિકનું વ્યાખ્યાન કરતાં ઉદ્દેશ, નિર્દેશ નિર્ગમ, ક્ષેત્ર આદિ ૨૭ વાતો બતાવી છે. તેમાં ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીરનું સમગ્ર જીવન બતાવ્યું છે. સામાયિકના પ્રારંભમાં નમસ્કારમંત્ર આવે છે. સંક્ષેપમાં સામાયિકનો અર્થ છે. ત્રણ કરણ અને ત્રણ યોગથી સાવદ્ય ક્રિયાનો ત્યાગ અર્થાત્ પાપકારી ક્રિયાનો જીવન પર્યંત ત્યાગ, આ જ સામાયિકનો ઉદ્દેશ છે.

**(૨) ચતુર્વિંશતિ સ્તવ :-**

આવશ્યકસૂત્રનું બીજું અધ્યયન ચતુર્વિંશતિસ્તવ છે. તેના માટે 'લોગસ્સ'નો પાઠ છે. તેમાં અરિહંતની સ્તુતિ કરી છે. તેમના ગુણો પર પ્રકાશ પાડેલ છે.

**(૩) વંદના :-**

ત્રીજા અધ્યયનનું નામ વંદના છે. તેમાં વંદનાનો નવ દ્વારોથી વિચાર કરેલ છે. વિનયની પ્રાપ્તિ માટે વંદના કરવાનું પ્રયોજન છે. નામ સ્થાપના આદિ નિક્ષેપોથી તેનું સંક્ષિપ્ત વિવેચન કરીને વંદન અધ્યયનની નિર્યુક્તિ સમાપ્ત કરે છે.

**(૪) પ્રતિક્રમણ :-**

પ્રતિક્રમણના પાંચ પ્રકાર છે. તેનો વિચાર કરી આલોચના આદિ ૩૨ યોગોનો સંગ્રહ કરેલ છે. ત્યારબાદ અસ્વાધ્યાયિકની નિર્યુક્તિ કરી છે. આમ ચતુર્થ અધ્યયન પ્રતિક્રમણની નિર્યુક્તિ પણ પૂર્ણ થાય છે.

**(૫) કાયોત્સર્ગ :-**

કાયોત્સર્ગ એ આવશ્યકસૂત્રનું પાંચમું અધ્યયન છે. કાયોત્સર્ગમાં બે પદ છે. કાય અને ઉત્સર્ગ, કાયના નિક્ષેપ ૧૨ પ્રકારના અને ઉત્સર્ગના નિક્ષેપ ૬ પ્રકારે છે. જે દેહની મમતાથી રહિત છે. તે જ કાયોત્સર્ગના સાચા અધિકારી છે.

**(૬) પ્રત્યાખ્યાન :-**

પ્રત્યાખ્યાનના છ ભેદ છે. પ્રત્યાખ્યાનની શુદ્ધિ છ પ્રકારે થાય છે. પ્રત્યાખ્યાનથી આશ્રવના દ્વાર બંધ થાય છે. આશ્રવના ઉચ્છેદથી તૃષ્ણાનો નાશ થાય છે. ક્રમશઃ આરાધનાએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આવશ્યક નિર્યુક્તિના વિસ્તૃત પરિચયથી તેનું મહત્ત્વ સમજાય છે. જૈન પરંપરાથી સંબંધ રાખવાવાળા અનેક પ્રાચીન ઐતિહાસિક તથ્યોનું પ્રતિપાદન સર્વ પ્રથમ આ નિર્યુક્તિમાં કરવામાં આવેલ છે.

## (૨) દશવૈકાલિક નિર્યુક્તિ[૪૧] :-

નિર્યુક્તિકારે સર્વ સિદ્ધોને નમસ્કાર કરીને દશવૈકાલિક નિર્યુક્તિ રચવાની પ્રતિજ્ઞા કરી છે. આ સૂત્રમાં દશ અધ્યયન છે. પ્રથમ દ્રુમ પુષ્પિકા નામના પ્રથમ અધ્યયનની નિર્યુક્તિમાં સામાન્ય શ્રુતાભિધાન ચાર પ્રકારના બતાવીને ધર્મની પ્રશંસા કરી છે. બીજા અધ્યયનમાં ધીરજની સ્થાપના કરીને નિક્ષેપ પદ્ધતિથી તેની વ્યાખ્યા કરી છે. ત્રીજા અધ્યયનમાં ક્ષુલ્લક, આચાર અને કથા આ ત્રણનો નિક્ષેપ કરે છે. ચોથા અધ્યયનની નિર્યુક્તિમાં એક, છ, જીવ, નિકાય અને શસ્ત્રનો નિક્ષેપ પદ્ધતિથી વિચાર કર્યો છે. પાંચમાં અધ્યયનમાં પિંડ અને એષણા આ બે પદોનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરેલ છે.

છઠ્ઠા અધ્યયનમાં ધર્મ શબ્દની વિસ્તૃત વ્યાખ્યા કરી છે. સાતમા અધ્યયનમાં વાક્યનો નિક્ષેપ ચાર પ્રકારનો બતાવેલ છે. આઠમા અધ્યયનમાં પ્રણિધિના બે પ્રકાર વર્ણવ્યા છે. અને તેનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે. નવમાં અધ્યયનમાં ભાવવિનય પાંચ પ્રકારના બતાવ્યા છે. દશમા અધ્યયનમાં નિર્દેશ અને પ્રશંસાનો અધિકાર છે. ચૂલિકાનો નિક્ષેપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવપૂર્વક હોય છે. આમ દશવૈકાલિક નિર્યુક્તિમાં નિક્ષેપ આદિના કથન દ્વારા મૂળ ગ્રંથના ભાવોને સ્પષ્ટ કર્યા છે.

## (૩) ઉત્તરાધ્યયનનિર્યુક્તિ[૪૨] :-

આ નિર્યુક્તિમાં ૬૦૭ ગાથાઓ છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાને ૩૬ અધ્યયનોમાં ઉપદેશ આપ્યો છે. અધ્યયન પદનું નિર્યુક્તિકારે નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરેલું છે. પ્રથમ અધ્યયનમાં વિનયના પ્રસંગથી આચાર્ય અને શિષ્યના ગુણોનું વર્ણન તથા આ બંનેનો સંયોગ કેવી રીતે થાય છે. તે બતાવ્યું છે બીજા અધ્યયનમાં પરિષહનો નિક્ષેપ ચાર પ્રકારનો બતાવેલ છે. ત્રીજા ચાતુરંગીય અધ્યયનમાં ચાર અને સાત પ્રકારનો નિક્ષેપ વર્ણવેલ છે. ચોથા અધ્યયનમાં નિર્યુક્તિ કરતાં પ્રમાદ અને અપ્રમાદ બંનેનો નિક્ષેપ કર્યો છે. આયુષ્ય કર્મ અસંસ્કૃત છે. તેથી હંમેશા અપ્રમાદપૂર્વક આચરણ કરવું જોઈએ. આગળના અધ્યયનનોની નિર્યુક્તિમાં પણ આ રીતે પ્રત્યેક અધ્યયનના નામના નામાદિ નિક્ષેપોથી વિચાર કર્યો છે. આમ ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાં નિક્ષેપ આદિના કથન દ્વારા મૂળ ગ્રંથના ભાવોને સ્પષ્ટ કર્યા છે.

## (૪) આચારાંગનિર્યુક્તિ[૪૩] :-

આ નિર્યુક્તિ આચારાંગસૂત્રના બંને શ્રુતના સ્કંધો ઉપર છે. તેમાં ૩૪૭ ગાથાઓ છે. **પ્રથમ શ્રુતસ્કંધ :-** બધા તીર્થંકરોએ તીર્થ પ્રવર્તન આદિમાં આચારાંગનું પ્રવચન કર્યું. બાકીના ૧૧ અંગોનું આનુપૂર્વિથી નિર્માણ થયું. આચારાંગના પ્રથમ શ્રુત સ્કંધના ૯ અધ્યયન છે. પ્રથમ અધ્યયન શસ્ત્રપરિજ્ઞામાં, શસ્ત્રનો નિક્ષેપ અને પરિજ્ઞાનો નિક્ષેપ નામાદિ ચાર પ્રકારનો છે. બીજા અધ્યયન લોકવિજયમાં બે પદ છે. તેમાં લોકનો નિક્ષેપ ૮ પ્રકારનો અને વિજયનો નિક્ષેપ ૬ પ્રકારનો છે. ત્રીજા શીતોષ્ણ અધ્યયનમાં શીત અને ઉષ્ણ પદોનો નામાદિ ચાર નિક્ષેપોથી વિચાર કરેલ છે. ચોથા સમ્યક્ત્વમાં અધ્યયનમાં સમ્યક્ત્વનું નામાદિ ચાર નિક્ષેપોનું વિવેચન કર્યું છે. પાંચમા લોકસાર અધ્યયનમાં લોક અને સાર નું નામાદિ ચાર નિક્ષેપોથી વિવેચન છે. છઠ્ઠા અધ્યયનમાં અષ્ટ કર્મોનો ક્ષય ભાવ ધૂત બતાવેલ છે. સાતમું અધ્યયન વ્યવચ્છેદ છે. આઠમા વિમોક્ષ અધ્યયનમાં વિમોક્ષનો નામાદિ છ પ્રકારે નિક્ષેપ થાય છે. નવમા ઉપધાનશ્રુત અધ્યયનમાં ઉપધાન અને શ્રુત બંનેનો નામાદિ ચાર પ્રકારના નિક્ષેપથી થાય છે.

**દ્વિતીય શ્રુતસ્કંધ :-**

દ્વિતીય શ્રુતસ્કંધને અગ્રશ્રુતસ્કંધ પણ કહે છે. નિર્યુક્તિકારે અગ્ર શબ્દનો નિક્ષેપ દ્રવ્યાગ્ર આદિ આઠ પ્રકારે કર્યો છે. પાંચ ચૂલિકાઓની નિર્યુક્તિકારે નામાદિ નિક્ષેપોથી વ્યાખ્યા કરી છે. આમ આચારાંગ નિર્યુક્તિમાં નિક્ષેપ આદિના કથન દ્વારા મૂળ ગ્રંથના ભાવોને સ્પષ્ટ કર્યા છે.

## (૫) સૂત્રકૃતાંગનિર્યુક્તિ[૪૪] :-

આ નિર્યુક્તિમાં ૨૦૫ ગાથાઓ છે. તેમાં સૂત્રકૃતાંગ શબ્દનો વિચાર કરવામાં આવેલ છે. ૧૫ પરધામીના નામ, નારકીને તેઓ કેવી રીતે સતાવે છે. અને ૩૬૩ મતાંતરોનો નિર્દેશ કર્યો છે. તે ઉપરાંત અનેક પદોનું નિક્ષેપ પદ્ધતિથી વિવેચન કરેલ છે. આમ સૂત્રકૃતાંગનિર્યુક્તિમાં નિક્ષેપ આદિના કથન દ્વારા મૂળ આગમના ભાવોને સ્પષ્ટ કર્યા છે.

### (૬) દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ[૪૫] :-

દશાશ્રુતસ્કંધ નામના છેદ સૂત્ર પર દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ છે. પ્રથમ અસમાધિસ્થાન અધ્યયનની નિર્યુક્તિમાં સ્થાનનો નામાદિ ૧૫ નિક્ષેપોથી ઉલ્લેખ કર્યો છે. બીજા અધ્યયનમાં શબલનું નામાદિ ચાર નિક્ષેપોથી વિવેચન કર્યું છે. ત્રીજા આસાતના અધ્યયનની નિર્યુક્તિમાં બે પ્રકારની આસાતનાની વ્યાખ્યા કરીને નામાદિ છ નિક્ષેપો બતાવ્યા છે. ચોથા અધ્યયનમાં 'ગણિ' અને 'સંપદા' પદોનો નિક્ષેપપૂર્વક વિચાર કર્યો છે. પાંચમાં અધ્યયનમાં 'ચિત' અને 'સમાધિ'નું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કર્યું છે. છઠ્ઠા અધ્યયનમાં 'ઉપાસક' અને 'પ્રતિમા'નું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરી ભિક્ષુપ્રતિમા ૧૨ અને ઉપાસક પ્રતિમા ૧૧ બતાવી છે. સાતમા અધ્યયનમાં ભિક્ષુપ્રતિમાના અધિકારમાં ભાવભિક્ષુ પ્રતિમા ૫ પ્રકારની વર્ણવી છે. આઠમા અધ્યયનની નિર્યુક્તિમા પર્યુષણ કલ્પનું વ્યાખ્યાન કર્યું છે. નવમા અધ્યયન નિર્યુક્તિમાં મોહનીયની નામાદિ ચાર પ્રકારે વ્યાખ્યા કરી છે. દશમા અધ્યયનની નિર્યુક્તિમાં જન્મમરણનું વ્યાખ્યાન કર્યું છે. આમ દશાશ્રુતસ્કંધનિર્યુક્તિમાં નિક્ષેપ આદિનાકથન ઠામ મૂળ આગમના ભાવો રજૂ કર્યા છે.

### (૭) બૃહત્કલ્પ નિર્યુક્તિ[૪૬] :-

આ નિર્યુક્તિ ભાષ્ય મિશ્રિત અવસ્થામાં મળે છે. પ્રથમ ઉદ્દેશામાં કેરી, તાલ, પ્રલંબ, ભિન્ન આદિ પદોનું નામાદિ ચાર નિક્ષેપોથી વિવેચન કર્યું છે. પ્રથમ ઉદ્દેશાના અંતમાં આર્યક્ષેત્રનું વ્યાખ્યાન છે. જેમાં આર્યપદનો નામાદિ ૧૨ નિક્ષેપોથી વિચાર કરવામાં આવેલ છે. આ પદ્ધતિથી જ બધા જ ઉદ્દેશાઓનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

### (૮) વ્યવહાર નિર્યુક્તિ[૪૭] :-

વ્યવહારસૂત્ર અને બૃહત્કલ્પસૂત્ર એકબીજાનાં પૂરક છે. વ્યવહાર નિર્યુક્તિ પણ ભાષ્ય મિશ્રિત છે. બૃહત્કલ્પસૂત્રમાં શ્રમણ જીવનની સાધનાને માટે આવશ્યક વિધિ-વિધાન, અપવાદ આદિનો નિર્દેશ કરવામાં આવેલ છે તે જ રીતે વ્યવહારસૂત્રમાં પણ આ વિષયો સંબંધી ઉલ્લેખ છે.

## અન્યનિર્યુક્તિઓ :-

આચાર્ય ભદ્રબાહુએ દશ ગ્રંથો પર નિર્યુક્તિ લખી હતી. તે સિવાય પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, પંચકલ્પનિર્યુક્તિ, નિશીથ નિર્યુક્તિ અને સંસક્તનિર્યુક્તિ આદિ નિર્યુક્તિઓ પણ મળે છે. ગોવિંદાચાર્ય કૃત એક અન્ય નિર્યુક્તિ છે. પણ તે અનુપલબ્ધ છે.

## "ભાષ્ય અને ભાષ્યકાર" :

નિર્યુક્તિઓના ગૂઢાર્થને પ્રગટરૂપમાં પ્રસ્તુત કરવાને માટે આગળના આચાર્યોને તેના પર વિસ્તૃત વ્યાખ્યાઓ લખવી આવશ્યક લાગી. આ રીતે નિર્યુક્તિઓના આધારે લખવામાં આવેલી વ્યાખ્યાઓ ભાષ્યના રૂપમાં પ્રસિદ્ધ છે. ભાષ્ય પણ નિર્યુક્તિઓની જેમ પ્રાકૃતમાં જ છે. નિમ્નલિખિત આગમ ગ્રંથો ઉપર ભાષ્ય લખવામાં આવ્યાં છે.

(૧) આવશ્યક, (૨) દશવૈકાલિક, (૩) ઉત્તરાધ્યયન, (૪) બૃહત્કલ્પ, (૫) પંચકલ્પ, (૬) વ્યવહાર, (૭) નિશીથ, (૮) જીતકલ્પ, (૯) ઓઘનિર્યુક્તિ, (૧૦) પિંડનિર્યુક્તિ

ઉપલબ્ધ ભાષ્યોની પ્રતિઓને આધારે માત્ર બે ભાષ્યકારોની પ્રતો મળે છે. (૧) આચાર્ય જિનભદ્ર અને (૨) સંઘદાસગણિ.

## આચાર્ય જિનભદ્ર :-

આચાર્ય જિનભદ્ર નિવૃત્તિકુળના હતા. તેઓ ભિન્ન-ભિન્ન દર્શનોના શાસ્ત્ર, લિપિવિદ્યા, ગણિતવિદ્યા આદિના પ્રકાંડ પંડિત હતા. તેઓશ્રીએ વિશેષાવશ્યકભાષ્ય અને જીતકલ્પ ભાષ્યની રચના કરી. તેઓશ્રી જૈન શ્રમણોના પ્રમુખ હતા.

## સંઘદાસગણિ :-

સંઘદાસગણિ ભાષ્યકારના રૂપમાં પ્રસિદ્ધ છે. એમનાં બે ભાષ્ય ઉપલબ્ધ છે. બૃહત્કલ્પલઘુભાષ્ય અને પંચકલ્પ-મહાભાષ્ય.

**અન્ય ભાષ્યકાર :-**

વ્યવહાર ભાષ્યના પ્રણેતા અને બૃહત્કલ્પ ભાષ્યના પ્રણેતા છે પરંતુ જેમનું નામ અજ્ઞાત છે.

**(૧) વિશેષાવશ્યકભાષ્ય[૪૮] :-**

વિશેષાવશ્યકભાષ્ય એક એવો ગ્રંથ છે કે જેમાં જૈન આગમોમાં વર્ણિત બધા મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. આ ગ્રંથ આવશ્યકસૂત્રની વ્યાખ્યારૂપ છે. તેમાં માત્ર પ્રથમ અધ્યયન અર્થાત્ સામાયિકથી સંબંધિત નિર્યુક્તિની ગાથાઓનું વિવેચન કરવામાં આવ્યું છે. ભાષ્યકાર જિનભદ્રગણિએ ૨૬ દ્વારોથી આવશ્યક અનુયોગનો વિચાર કર્યો છે.

**(૧) ફળદ્વાર :-**

આવશ્યક અનુયોગનો અર્થ એ છે કે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ હોય છે

**(૨) યોગદ્વાર :-**

પ્રથમ નમસ્કારનો અનુયોગ અને પછી આવશ્યકનો અનુયોગ કરવો ઉપયોગી છે.

**(૩) મંગલદ્વાર :-**

ભાષ્યકાર નંદીને મંગલ કહે છે. તેના મંગલની જેમ ચાર પ્રકાર બતાવે છે. તેમાં ભાવનંદી પાંચ જ્ઞાનરૂપ છે. તેમાં આભિનિબોધિક જ્ઞાનના ભેદ પ્રભેદો બતાવ્યા છે. અને સદ્પદ પ્રરૂપણતા, દ્રવ્ય પ્રમાણતા આદિ ૯ દ્વારોનો વિચાર કર્યો છે. શ્રુતજ્ઞાનનો ૧૪ નિક્ષેપોથી વિચાર કર્યો છે. તેના ભેદો, પ્રભેદો પણ બતાવ્યા છે. અવધિજ્ઞાનનું વિવેચન વિસ્તારથી કર્યું છે અને ૧૪ પ્રકારના નિક્ષેપોથી વિસ્તૃત વિવેચન કર્યું છે. મનઃ પર્યવજ્ઞાનનો વિષય ચિંતિત મનોદ્રવ્ય છે. કેવલજ્ઞાન સર્વદ્રવ્ય અને સર્વ પર્યાયોને ગ્રહણ કરે છે.

**(૪) સમુદાયાર્થદ્વાર :-**

આ દ્વારમાં આવશ્યક શ્રુત સ્કંધના ૬ અધ્યયનોનો અર્થાધિકાર બતાવેલ છે.

**(૫) દ્વારોપન્યાસ તથા (૬) ભેદદ્વાર :-**

પાંચમાં દ્વારમાં આચાર્ય કહે છે કે સામાયિકનું લક્ષણ સમભાવ છે. સામાયિક બધા ગુણોનો આધાર છે. સામાયિક અધ્યયનના ચાર અનુયોગ છે. તેના ફરીથી ક્રમશઃ છ; ત્રણ, બે અને બે પ્રભેદ થાય છે.

**(૭) નિરુક્તદ્વાર :-**

તેમાં ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ તથા નયના ઉક્ત ક્રમને યુક્તિયુક્ત સિદ્ધ કરવામાં આવેલ છે. ગણધરવાદનું આ દ્વારમાં વિસ્તૃત વર્ણન કર્યું છે.

**(૮) પ્રત્યયદ્વાર :-**

પ્રત્યયનો આ દ્વારમાં નિક્ષેપપૂર્વક વિચાર કર્યો છે. કેવલજ્ઞાની ભાવ પ્રત્યય રૂપ છે. તેઓ સામાયિકનો અર્થ જાણીને સામાયિકનું કથન કરે છે. તેથી ગણધર આદિ શ્રોતાઓને તેમના વચનોમાં પ્રત્યય અર્થાત્ બોધ થાય છે.

**(૯) લક્ષણદ્વાર :-**

લક્ષણ ૧૨ પ્રકારનાં હોય છે. નામાદિ આ અધિકાર ભાવ લક્ષણનો છે. સામાયિક ૪ પ્રકારનાં બતાવ્યાં છે.

**(૧૦) નયદ્વાર :-**

નયદ્વારમાં અનેક ધર્માત્મક વસ્તુનો કોઈ એક ધર્મના આધારે વિચાર કરવો તેને નય કહેવાય છે. તે નય સાત પ્રકારના છે. આચાર્યે પ્રત્યેક લક્ષણ, વ્યુત્પત્તિ, ઉદાહરણ આદિ દષ્ટિઓથી વિસ્તૃત વર્ણન કર્યું છે.

**(૧૧) સમવતારદ્વાર :-**

આ દ્વારમાં ૭ નિન્હવોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે. પોતાના અભિનિવેશના કારણે આગમ-પ્રતિપાદિત તત્ત્વની પરંપરાથી વિરુદ્ધ અર્થ કરવાવાળા નિન્હવની કોટીમાં આવે છે. જૈન દષ્ટિએ નિન્હવ એ મિથ્યાદષ્ટિનો એક પ્રકાર છે.

**(૧૨) અનુમત દ્વાર :-**

આ દ્વારમાં - વ્યવહાર - નિશ્ચય દૃષ્ટિથી કઈ સામાયિક મોક્ષમાર્ગનું કારણ છે તેનો વિચાર કરવો તેને અનુમત કહેવાય છે.

**(૧૩) કિંદ્વાર :-**

સામાયિક શું છે ? આત્મા અર્થાત્ જીવ જ સામાયિક છે. અજીવાદિ નહિ. જીવ સાવદ્યયોગના પ્રત્યાખ્યાન કરતી વખતે સામાયિક કહેવાય છે.

**(૧૪) કતિવિધદ્વાર :-**

સામાયિક ત્રણ પ્રકારની છે. એમ બતાવ્યું છે. સમ્યક્ત્વ, શ્રુત અને ચારિત્ર. એ ત્રણેના પેટા પ્રકાર પણ આ દ્વારમાં વર્ણવ્યા છે.

**(૧૫) કસ્યદ્વાર :-**

કોની પાસે સામાયિક હોય છે. તે બતાવ્યું છે. જેનો આત્મા સંયમ, નિયમ અને તપમાં સ્થિત છે તેની પાસે સામાયિક હોય છે.

**(૧૬) કુત્રદ્વાર :-**

આ દ્વારમાં ક્ષેત્ર, દિશા, કાલ, ગતિ, સંક્રમણ આદિથી વિચાર કરેલ છે.

**(૧૭) કેષુદ્વાર :-**

સામાયિક કયા દ્રવ્ય અને પર્યાયોમાં હોય છે તેનું વર્ણન છે.

**(૧૮) કથંદ્વાર :-**

સામાયિક કેવી રીતે પ્રાપ્ત થાય છે ? ટીકાકાર મલધારી હેમચંદ્રે લખ્યું છે કે સામાયિક મહાકષ્ટ લભ્ય છે એ આ દ્વારમાં બતાવ્યું છે.

**(૧૯) કિયચ્ચિર દ્વાર :-**

આ દ્વારમાં વિચાર કરવામાં આવેલ છે કે સામાયિક કેટલો સમય રહે છે. ચારેય સામાયિકની સ્થિતિ ભિન્ન-ભિન્ન બતાવી છે. તે બધી લબ્ધિનો સ્થિતિકાળ છે.

ઉપયોગની દૃષ્ટિથી તો બધાની સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**(૨૦) કતિદ્વાર :-**

સમ્યક્ત્વાદિ સામાયિકોના વિવક્ષિત સમયમાં કેટલા પ્રતિપત્તા પ્રતિપન્ન હોય છે? તેનું આ દ્વારમાં વિવેચન કર્યું છે.

**(૨૧) સાંતર દ્વાર :-**

જીવને કોઈ એક સમ્યક્ત્વાદિ સામાયિક મળે ને પાછી જાય ને પાછી મેળવે તે અંતરકાળ કહેવાય છે.

**(૨૨) અવિરહિત દ્વાર :-**

સમ્યક્ત્વ, શ્રુત તથા દેશવિરતિ સામાયિકનો ઉત્કૃષ્ટ અવિરહકાળ આવલિકાનો અસંખ્યભાગ છે અને સર્વવિરતિનો આઠ સમય છે. બધી સામાયિકોનો જઘન્ય બે સમય છે.

**(૨૩) ભવદ્વાર :-**

બધાને માટે જઘન્ય એક ભવ છે. ઉત્કૃષ્ટથી શ્રુતવાળો અનંત ભવ પ્રાપ્ત કરે. સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ પલ્યના અસંખ્યાતભાગ જેટલા ભવોને પ્રાપ્ત કરે. અને સર્વવિરતિ આઠ ભવોને પ્રાપ્ત કરે છે.

**(૨૪) આકર્ષ દ્વાર :-**

જઘન્ય બધાનો એક જ વાર આકર્ષ છે. ઉત્કૃષ્ટથી બધી સામાયિકના એક ભવ આશ્રી અને ઘણા ભવ આશ્રી જુદા-જુદા આકર્ષ બતાવ્યા છે.

**(૨૫) સ્પર્શના દ્વાર :-**

ચારેય સામાયિકવાળા જઘન્ય અને ઉત્કૃષ્ટથી કેટલા ક્ષેત્રને સ્પર્શે છે. તેનું આ દ્વારમાં વર્ણન છે.

**(૨૯) નિરુક્તિદ્વાર :-**

સમ્યક્ત્વ સામાયિકના અમોહશુદ્ધિ, સદ્‌ભાવ દર્શન, બોધિ આદિ નિરુક્ત પર્યાય છે. શ્રુત સામાયિકના અક્ષર, સંજ્ઞી, સમ્યક્ આદિ નિરુક્ત પર્યાય છે. દેશવિરતિ સામાયિકના વિરતિ - અવિરતિ, આગાર ધર્મ-અણગારધર્મ, આદિ નિરુકત પર્યાય છે. સર્વવિરતિ સામાયિકના - સામાયિક, સમ્યગ્વાદ, સમાસ આદિ આઠ નિરુક્ત પર્યાય છે.

અહિં સુધી સામાયિકના ઉપોદ્‌ઘાતનો અધિકાર છે. વાસ્તવમાં વિશેષાવશ્યક ભાષ્ય જૈન જ્ઞાન મહોદધિ છે. જૈન આચાર અને વિચારનાં મૂળભૂત સમસ્તતત્ત્વ આ ગ્રંથમાં રહેલા છે.

**(૨) જીતકલ્પભાષ્ય[૪૯] :-**

આચાર્ય જિનભદ્રનું બીજું ભાષ્ય જીતકલ્પસૂત્ર પર છે. તેમાં ૧૦૩ પ્રાકૃત ગાથાઓ છે. ૨૬૦૬ ગાથાઓમાં લખેલું આ ભાષ્ય છે. જીતકલ્પભાષ્યમાં ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત બતાવ્યાં છે. પ્રાયશ્ચિતનાં ૧૮, ૩૨ અને ૩૬ સ્થાનોનો વિચાર કર્યો છે. પ્રાયશ્ચિતના દાતા કોણ હોઈ શકે તેની વિચારણા કરી છે. પ્રાયશ્ચિતના ભેદ બતાવ્યા છે.

**(૧) આલોચના :-**

આલોચના આદિ પ્રાયશ્ચિતોનું વિધાન છદ્મસ્થ માટે છે.

**(૨) પ્રતિક્રમણ :-**

પ્રતિક્રમણથી સંબંધિત અવિધિ, હાસ્ય, કષાય આદિ અપરાધ સ્થાનોના મૂળ સૂત્રનું અનુસરણ કરતાં વ્યાખ્યાન કર્યું છે.

**(૩) મિશ્ર પ્રાયશ્ચિત :-**

આ પ્રાયશ્ચિતમાં આલોચના અને પ્રતિક્રમણ બંનેનો સમાવેશ થાય છે.

**(૪) વિવેક :-**

તેમાં પિંડ, ઉપધિ, શય્યા, કારણ આદિ પદોની આચાર્યે વ્યાખ્યા કરી છે.

**(૫) વ્યુત્સર્ગ :-**

તેમાં ભાષ્યકારે મૂળ સૂત્રના નિર્દિષ્ટ સ્થાન, આગમન, વિહાર આદિ પદોનું સંક્ષિપ્ત વ્યાખ્યાન કર્યું છે.

**(૬) તપ :-**

તપની ચર્ચાના પ્રારંભમાં જ્ઞાન અને દર્શનના ૮-૮ અતિચારોનો વિચાર કર્યો છે. ત્યારપછી ૧૦ પ્રકારના કલ્પનું વર્ણન કર્યું છે. તપોધનના વિભાગ કરીને તપ પ્રાયશ્ચિતનું સુવિસ્તૃત વિવેચન કર્યું છે.

**(૭) છેદ ને (૮) મૂળ :-**

આદિ જિનની ઉત્કૃષ્ટ તપોભૂમિ એક વર્ષની હોય છે. મધ્યમ જિનોની આઠ માસની હોય છે. અંતિમ જીનની છ માસની હોય છે. તપોભૂમિનો નિર્દેશ કર્યા પછી મૂળ પ્રાયશ્ચિતના અપરાધસ્થાનો તરફ સંકેત કર્યો છે.

**(૯) અનવસ્થાપ્ય :-**

આ પ્રાયશ્ચિતના અપરાધ સ્થાનોનું દિગ્દર્શન કરાવતાં આચાર્યે હસ્તતાલ, હસ્તાલંબ, હસ્તાદાન આદિનું વર્ણન બતાવ્યું છે.

**(૧૦) પારાંચિક :-**

આચાર્યે તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય આદિની અસાતનાથી સંબંધ રાખવાવાળા પારાંચિકનો નિર્દેશ કર્યો છે.

ભાષ્યકારે કહ્યું છે કે જે સૂત્ર અને અર્થથી યુક્ત છે. તે જ જીતકલ્પનો યોગ્ય અધિકારી છે. બાકીનાને અયોગ્ય સમજવા જોઈએ.

**(૩) બૃહત્કલ્પ- લઘુભાષ્ય[૫૦] :-**

બૃહત્કલ્પ-લઘુભાષ્યના પ્રણેતા સંઘદાસગણિ ક્ષમાશ્રમણ છે. તેમાં બૃહત્કલ્પસૂત્રના પદોનું સુવિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. લઘુભાષ્ય હોવા છતાં તેની ૬૪૯૦ ગાથા છે. છ ઉદ્દેશામાં વિભક્ત છે. ભાષ્યના પ્રારંભમાં એક વિસ્તૃત પીઠિકા છે. **પ્રથમ ઉદ્દેશા**માં

માસકલ્પવિહારીનું સ્વરૂપ બતાવતા જિનકલ્પી, સ્થવિરકલ્પી આદિના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન કર્યું છે. સ્થવિર કલ્પીઓના વિસ્તૃત વર્ણનમાં ભાષ્યકારે પ્રતિલેખના નિષ્ક્રમણ, પ્રાભૃતિકાદ્વાર, ભિક્ષાદ્વાર આદિ ૧૨ દ્વારો પર પ્રકાશ પાડ્યો છે. **બીજા ઉદ્દેશાની** વ્યાખ્યામાં ઉપાશ્રયકૃત, સાગારીપારિહારિક પ્રવૃત્ત આદિ સાત સૂત્રોનો અધિકાર છે. **ત્રીજા ઉદ્દેશામાં** ઉપાશ્રય પ્રવેશ પ્રકૃતસૂત્ર ચર્યપ્રકૃતસૂત્ર આદિ ૬ સૂત્રોનું વર્ણન છે. શ્રમણ-શ્રમણીયોએ ચારે દિશા-વિદિશાઓમાં સવા જોજનનો અવગ્રહ લઈને ગ્રામ-નગરમાં રહેવું જોઈએ એવું વર્ણન કર્યું છે. **ચોથા ઉદ્દેશામાં** અનુદ્ઘાતિક આદિથી સંબંધ રાખવાવાળા ૧૬ પ્રકારનાં સૂત્ર છે. ભાષ્યકારે તેની વ્યાખ્યા કરી છે. **પાંચમા ઉદ્દેશામાં** બ્રહ્માપાય આદિ ૧૧ સૂત્રનું વિસ્તૃત વર્ણન છે. **છઠ્ઠા ઉદ્દેશામાં** વચન આદિથી સંબંધિત સાત પ્રકારનાં સૂત્ર છે. ભાષ્યકાર સંઘદાસગણિએ એ સૂત્રોની વ્યાખ્યામાં પ્રકાશ પાડ્યો છે.

બૃહત્કલ્પ-લઘુભાષ્યના આ સારગ્રાહી સંક્ષિપ્ત પરિચયથી સ્પષ્ટ થાય છે કે તેમાં જૈન સાધુ સાધ્વીઓના આચાર-વિચારનું અત્યંત સૂક્ષ્મ અને સતર્ક વિવેચન કર્યું છે. પ્રસ્તુત ભાષ્યનું ભારતીય સાહિત્યના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

**(૪) વ્યવહાર ભાષ્ય[૫૧] :-**

વ્યવહાર ભાષ્યમાં ૧૦ ઉદ્દેશા છે. આ ઉદ્દેશામાં આલોચના, પ્રાયશ્ચિત, ગચ્છ, પદવી, વિહાર, મૃત્યુ, ઉપાશ્રય, ઉપકરણ, પ્રતિમાઓ આદિ વિષયોનું વર્ણન કરેલ છે. વ્યવહાર ભાષ્યકારે પ્રારંભમાં પોતાના ભાષ્યમાં પીઠિકા આપી છે. વ્યવહાર આદિમાં દોષોની સંભાવના રહે છે તેથી તેમના માટે પ્રાયશ્ચિતોનું પણ વિધાન કરવામાં આવે છે. જે જીતકલ્પ ભાષ્યમાં પ્રાયશ્ચિતનો અર્થ ઉપલબ્ધ છે તે જ અર્થ પ્રસ્તુત ભાષ્યમાં પણ કર્યો છે. પ્રતિસેવના, સંયોજન, આરોપણા અને પરિકુંજના. આ ચારેયના માટે ચાર પ્રકારનાં પ્રાયશ્ચિત બતાવવામાં આવેલ છે. ભાષ્યકારે દસ ઉદ્દેશામાં પ્રાયશ્ચિત સંબંધી વિસ્તારથી વિવેચન કર્યું છે.

**(૫) ઓઘનિર્યુક્તિ લઘુભાષ્ય[૫૨] :-**

પ્રસ્તુત લઘુભાષ્યમાં ૩૨૨ ગાથાઓ છે. આ ભાષ્યકારના નામનો કોઈ ઉલ્લેખ મળતો નથી. ઓઘનિર્યુક્તિ લઘુભાષ્યમાં ઓઘ, પિંડ, સમાસ, વ્રત, શ્રમણધર્મ, બ્રહ્મચર્ય

ગુપ્તિ, સમિતિ, ભાવના, અભિગ્રહ આદિ વિષયોનો સમાવેશ છે. ચાર પ્રકારના અનુયોગ બતાવ્યા છે. ભિક્ષાગ્રહણનો ઉચિતકાળ, દાતાની યોગ્ય આહારનો ઉપભોગ કરવાની નિર્દોષ વિધિ આદિનું પણ વિવેચન કરવામાં આવેલ છે.

**(૬) ઓઘનિર્યુક્તિ-બૃહદ્‌ભાષ્ય :-**

મુનિ શ્રી પુણ્યવિજયજીની પાસે ઓઘ-નિર્યુક્તિ-બૃહદ્‌ભાષ્યની એક હસ્તલિખિત પ્રત છે. જેમાં ૨૫૧૭ ગાથાઓ છે. આ નિર્યુક્તિની ગાથાઓના વિવેચનરૂપમાં ભાષ્યકારે પ્રસ્તુત ભાષ્યનું નિર્માણ કર્યું છે. ગ્રંથમાં ભાષ્યકારનું નામ આદિના વિષયમાં ઉલ્લેખ નથી. દ્રોણાચાર્યની વૃત્તિ લઘુભાષ્ય પર છે. બૃહદ્‌ભાષ્ય પર નથી.

**(૭) પિંડનિર્યુક્તિભાષ્ય[૫૩] :-**

પિંડનિર્યુક્તિભાષ્યમાં પિંડનું સ્વરૂપ, પિંડ સ્થાપનાના બે ભેદ આધાકર્મનું સ્વરૂપ, ઔદેશિકના ભેદ, ભાજન સ્થાન, વિશોધિ અને અવિશોધિની કોટીઓ આદિ સંક્ષિપ્ત વ્યાખ્યાન છે.

**(૮) પંચકલ્પ-મહાભાષ્ય :-**

આ ભાષ્ય પંચકલ્પનિર્યુક્તિના વિવેચનરૂપમાં છે. તેમાં ૨૬૬૫ ગાથાઓ છે. એમાં માત્ર ભાષ્યની ૨૫૭૪ ગાથાઓ છે. કલ્પનું વ્યાખ્યાન કરતાં ભાષ્યકાર કહે છે કે કલ્પ બે પ્રકારનો હોય છે. પાંચ પ્રકારના ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું છે. પાંચ પ્રકારના નિગ્રંથનું વર્ણન છે. છ પ્રકારના કલ્પ, છ પ્રકારના નામાદિ ૬ નિક્ષેપથી બતાવ્યા છે. અજીવ દ્રવ્ય કલ્પનું વિવેચન કરતાં આચાર્યે આહાર, ઉપધિ, ઉપાશ્રય આદિ ૧૬ વિષયો પર વર્ણન કર્યું છે. જીવ અને અજીવના સંયોગથી નિષ્પન્ન કલ્પ મિશ્રકલ્પ કહેવાય છે. ક્ષેત્રકલ્પમાં ૨૫।। આર્યદેશ બતાવ્યા છે. જેમાં સાધુઓએ વિચરવું જોઈએ. કાલકલ્પમાં માસકલ્પ, પર્યુષણા કલ્પ, પર્યાયકલ્પ, સ્વાધ્યાય, ધ્યાન, ભિક્ષા આદિ વિષયોનું વ્યાખ્યાન કર્યું છે. ભાવ કલ્પમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ, સમિતિ આદિનું વિવેચન કર્યું છે. **બીજા કલ્પમાં** :- સ્થિતકલ્પ, અસ્થિતકલ્પ, જિનકલ્પ આદિ સાત કલ્પનું ભાષ્યકારે વિસ્તારથી વર્ણન કર્યું છે. ચોથા કલ્પમાં નામાદિ ૨૦ કલ્પોનો સમાવેશ કર્યો છે. પાંચમાં કલ્પમાં દ્રવ્ય, ભાવ આદિ ૪૨ ભેદોનું વર્ણન કર્યું છે. પ્રસ્તુત ભાષ્યના

ભાષ્યકાર સંઘદાસગણિ ક્ષમાશ્રમણ છે.

### (૯) બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય[૫૪] :-

બૃહત્કલ્પ-લઘુભાષ્યથી પ્રસ્તુત ભાષ્ય આકારથી નામ પ્રમાણે મોટું છે. પરંતુ દુર્ભાગ્યથી અપૂર્ણ જ ઉપલબ્ધ છે. તેમાં બે ઉદ્દેશા તો પૂર્ણ છે. ત્રીજો ઉદ્દેશો અપૂર્ણ છે. અંતના ત્રણ ઉદ્દેશા અનુપલબ્ધ છે. બૃહદ્ભાષ્યમાં લઘુભાષ્યના વિષયોનો જ વિસ્તાર પૂર્વક વિચાર કરવામાં આવેલ છે.

### "ચૂર્ણિયોં અને ચૂર્ણિકાર"

જૈન આગમો પર પ્રાકૃત અથવા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં જે વ્યાખ્યાઓ લખાઈ છે તે ચૂર્ણિઓના રૂપમાં પ્રસિદ્ધ છે.

### ચૂર્ણિકાર :-

ચૂર્ણિકારના રૂપમાં મુખ્યત્વે જિનદાસગણિ મહત્તરનું નામ પ્રસિદ્ધ છે. નિમ્નાંકિત ચૂર્ણિયો જિનદાસગણિ મહત્તરની કહેવાય છે. (૧) નિશીથ વિશેષચૂર્ણિ (૨) નંદીચૂર્ણિ (૩) અનુયોગદ્વાર ચૂર્ણિ, (૪) આવશ્યકચૂર્ણિ, (૫) દશવૈકાલિક ચૂર્ણિ, (૬) ઉત્તરાધ્યયનચૂર્ણિ, (૭) સૂત્રકૃતાંગચૂર્ણિ, ઉપલબ્ધ જીતકલ્પચૂર્ણિ સિદ્ધસેનસૂરિકૃત છે. બૃહત્કલ્પચૂર્ણિકારનું નામ પ્રબંધસૂરિ છે. દશવૈકાલિક સૂત્ર પર એક ચૂર્ણિ છે તેના રચયિતા અગસ્ત્યસિંહ છે.

### (૧) નંદીચૂર્ણિ[૫૫] :-

આ ચૂર્ણિ મૂળ સૂત્રાનુસારી છે તથા મુખ્યત્વે પ્રાકૃતમાં લખેલી છે. તેમાં યત્ર-તત્ર સંસ્કૃતનો પ્રયોગ છે. તેમાં સૌ પ્રથમ વીરસ્તુતિની વ્યાખ્યા કરીને સંઘસ્તુતિ કરી. તીર્થંકરો, ગણધરો અને સ્થવિરોની નામાવલી પણ આપી છે. પાંચ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ વર્ણવ્યું છે. કેવલજ્ઞાન અને કેવલદર્શનના સંબંધમાં આચાર્યે ત્રણ મત ઉદ્ધૃત કર્યા છે. (૧) કેવલ જ્ઞાન અને કેવલદર્શનનું યોગપદ્ય, (૨) તે બંનેનું ક્રમિકત્વ અને (૩) તે બંનેનું અભેદ. ત્યારબાદ કેવલજ્ઞાન અને કેવલદર્શનનું ક્રમભાવિત્વ માટે સમર્થન કર્યું છે. છેલ્લે ગ્રંથની સમાપ્તિમાં દ્વાદશાંગની આરાધનાના ફળનું સ્વરૂપ વ્યક્ત કર્યું છે.

(૨) **અનુયોગચૂર્ણિ**[૫૬] :-

પ્રસ્તુત ચૂર્ણિ મૂળ સૂત્રનું અનુસરણ કરતાં મુખ્યત્વે પ્રાકૃતમાં લખેલી છે. આ ચૂર્ણિમાં આવશ્યક, તંદુલવૈચારિક આદિનો નિર્દેશ કર્યો છે. ૭ નામના રૂપમાં સાતસ્વરનું સંગીત શાસ્ત્રની દૃષ્ટિથી સૂક્ષ્મ વિવેચન કર્યું છે. નવવિધ નામનું નવ પ્રકારનાં કાવ્યરસનારૂપ વર્ણન કર્યું છે. ઔદારિકાદિ શરીર ગર્ભજાદિ મનુષ્યની સંખ્યા, સંખ્યાત, અસંખ્યાત, અનંત આદિ વિષયો પર પ્રસ્તુતચૂર્ણિમાં પ્રકાશ પાડેલ છે.

(૩) **આવશ્યકચૂર્ણિ**[૫૭] :-

આ ચૂર્ણિ મુખ્યરૂપથી નિર્યુક્તિનું અનુસરણ કરીને લખી છે. તેની ભાષા પ્રાકૃત છે. ભાષામાં પ્રવાહ છે. શૈલી પણ ઓજપૂર્ણ છે. ભાવમંગલના રૂપમાં જ્ઞાનનું વિસ્તૃતવર્ણન કરેલ છે. સામાયિક નામના પ્રથમ આવશ્યકનું વર્ણન કરતાં ચૂર્ણિકારે સામાયિકનું બે દૃષ્ટિથી વિવેચન કર્યું છે. દ્રવ્ય પરંપરાની પુષ્ટિ માટે મૃગાવતીનું દ્રષ્ટાંત આપ્યું છે. સામાયિકનો ઉદ્દેશા નિર્ગમ આદિ દ્વારોથી વિચાર કરીને ભગવાન ઋષભદેવના ધનાસાર્થવાહ આદિ ભવોનું વિવરણ કર્યું છે. બાકીના ૫ અધ્યયનનું પણ વિવિધ દૃષ્ટિઓથી વર્ણન કર્યું છે. આવશ્યક ચૂર્ણિના પરિચયથી સ્પષ્ટ થાય છે કે ચૂર્ણિકાર જિનદાસગણિ મહત્તરે પોતાની પ્રસ્તુત કૃતિમાં આવશ્યકનિર્યુક્તિમાં નિર્દિષ્ટ બધા વિષયોનું વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે.

(૪) **દશવૈકાલિકચૂર્ણિ**[૫૮] :-

આ ચૂર્ણિ પણ નિર્યુક્તિનું અનુસરણ કરતાં લખી છે. એની ભાષા મુખ્યત્વે પ્રાકૃત છે. પ્રથમ અધ્યયનમાં કાલ, દ્રુમ, ધર્મ આદિ પદોનો નિક્ષેપ પદ્ધતિથી વિચાર કર્યો છે. બીજા અધ્યયનમાં પૂર્વ, કામ, પદ આદિ પદોનું વિવેચન કર્યું છે. ત્રીજા અધ્યયનમાં દૃઢ આચારનું પ્રતિપાદન કર્યું છે. ચોથા અધ્યયનમાં જીવ, અજીવ, ચારિત્ર ધર્મ આદિના સ્વરુપનું, -પાંચમા અધ્યયનમાં સાધુના ઉત્તરગુણોનું, છઠ્ઠા અધ્યયનમાં ધર્મ, અર્થ, કામ આદિનું, સાતમા અધ્યયનમાં ભાષા સંબંધીનું, આઠમા અધ્યયનમાં ઇન્દ્રિયાદિ પ્રણિધિઓનું, નવમા અધ્યયનમાં લોકોપચાર વિનય, અર્થવિનય આદિનું અને ૧૦મા અધ્યયનમાં ભિક્ષા સંબંધી ગુણોનું પ્રતિપાદન કર્યું છે.

**(૫) ઉત્તરાધ્યયન ચૂર્ણિ[૫૯] :-**

આ ચૂર્ણિ પણ નિર્યુક્તિ અનુસારી છે. તે સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં લખેલી છે. તેમાં સંયોગ, પુદ્ગલબંધ આદિ વિષયો પર પ્રકાશ પાડેલ છે. હરિકેશીય અધ્યયનની ચૂર્ણિમાં ક્ષુદ્રના માટે નિષિધ વાતો તરફ નિર્દેશ કર્યો છે. ચૂર્ણિના અંતમાં પોતાનો પરિચય આપતા પોતાને વણિક કુલના, કોટિકગણીય, વજ્રશાખી ગોપાલગણિ મહત્તરના શિષ્ય બતાવ્યા છે. દશવૈકાલિક ચૂર્ણિ પણ તેમની જ છે. અને તે ચૂર્ણિ ઉત્તરાધ્યયન ચૂર્ણિથી પૂર્વની છે.

**(૬) આચારાંગચૂર્ણિ[૬૦] :-**

આ ચૂર્ણિ નિર્યુક્તિની ગાથાઓના આધારે જ લખી છે. પ્રથમ શ્રુતસ્કંધની ચૂર્ણિમાં મુખ્યરૂપથી અનુયોગ, અંગ, આચાર, લોભ, સંલેખના આદિનું ચૂર્ણિકારે નિક્ષેપ પદ્ધતિથી જ વ્યાખ્યાન કર્યું છે. બીજા શ્રુતસ્કંધની ચૂર્ણિમા અગ્ર, પ્રાણ, પિંડૈસણા, શય્યા આદિ વિષયોનું વિવેચન કર્યું છે. પ્રાકૃતપ્રધાન પ્રસ્તુત ચૂર્ણિમા યત્ર-તત્ર સંસ્કૃતના શ્લોક પણ ઉદ્ધૃત કરેલા છે.

**(૭) સૂત્રકૃતાંગચૂર્ણિ[૬૧] :-**

આ ચૂર્ણિની શૈલી પણ આચારાંગની ચૂર્ણિ જેવી છે. તેમાં મંગલચર્યા, તીર્થસિદ્ધિ, સંઘાત, સમાધિ આદિ વિષયોપર પ્રકાશ પાડેલ છે. પ્રસ્તુત ચૂર્ણિ સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં લખેલી છે.

**(૮) જીતકલ્પ- બૃહદ્ચૂર્ણિ[૬૨] :-**

પ્રસ્તુત ચૂર્ણિ સિદ્ધસેનસૂરિની છે. આ ચૂર્ણિ પ્રાકૃતમાં જ લખાયેલી છે. આ ચૂર્ણિમાં તેમણે જે વિષયોનું સંક્ષિપ્ત ગદ્યાત્મક વ્યાખ્યાન કર્યું છે તે વિષયોનું જીતકલ્પભાષ્યમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. ચૂર્ણિકારે ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત, નવ પ્રકારના વ્યવહાર, મૂળગુણ, ઉત્તરગુણ આદિનું વિવેચન કર્યું છે.

**(૯) દશવૈકાલિક ચૂર્ણિ**[૬૩] **(અગસ્ત્યસિંહકૃત) :-**

આ ચૂર્ણિના ચૂર્ણિકાર વજ્રસ્વામી શાખાના શ્રી અગસ્ત્યસિંહ છે. આ ચૂર્ણિ પ્રાકૃતમાં છે. ભાષા સરલ અને શૈલી સુગમ છે. આદિ, મધ્ય અને અંતિમ મંગલની તેમાં ઉપયોગિતા બતાવી છે. ગુરુનું નામ ઋષિગુપ્ત છે.

**(૧૦) નિશીથ- વિશેષચૂર્ણિ**[૬૪] **:-**

જિનદાસગણિકૃત પ્રસ્તુત ચૂર્ણિ મૂળસૂત્ર, નિર્યુક્તિ અને ભાષ્યગાથાઓના વિવેચનના રૂપમાં છે. તેની ભાષા સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત છે. પ્રારંભમાં પીઠિકા છે. જેમાં નિશીથની ભૂમિકાના રૂપમાં તે સંબંધી આવશ્યક વિષયોનું વ્યાખ્યાન કરવામાં આવેલ છે. નિશીથનો અર્થ છે અંધકાર - અપ્રકાશિત વચનોના નિર્ણય માટે નિશીથસૂત્ર છે. પ્રથમ ઉદ્દેશામાં ગુરુમાસો (ઉપવાસ)નું કથન કર્યું છે. તેમાં પરકરણનું નિવારણ કર્યું છે. બીજા ઉદ્દેશામાં લઘુમાસો (એકાસણા)નું કથન કર્યું છે. તેમાં સ્વકરણનું નિવારણ કર્યું છે. ત્રીજા ઉદ્દેશામાં ભિક્ષાગ્રહણની કેટલાક દોષો અને પ્રાયશ્ચિતો પર પ્રકાશ પાડેલ છે. ચોથો ઉદ્દેશામાં કાયોત્સર્ગના વિવિધ ભંગ, હાસ્ય અને તેની ઉત્પત્તિના કારણો આદિ વિષયો પર પ્રકાશ પાડ્યો છે. આ રીતે ૨૦ ઉદ્દેશામાં વિભિન્ન વિષયો ઉપર પ્રકાશ પાડ્યો છે. પ્રાયશ્ચિતનું પણ વિવેચન કર્યું છે. પ્રસ્તુત ચૂર્ણિ જિનદાસગણિ મહત્તરની કૃતિ છે.

**(૧૧) દશાશ્રુતસ્કંધચૂર્ણિ**[૬૫] **:-**

આ ચૂર્ણિ મુખ્યત્વે પ્રાકૃતમાં છે. ચૂર્ણિનો આધાર સૂત્ર અને નિર્યુક્તિ છે. તેમાં શ્રુતનું વર્ણન કરી દશાશ્રુતસ્કંધના ૧૦ અધ્યયનોના અધિકાર પર પ્રકાશ પાડ્યો છે. વ્યાખ્યાન શૈલી સરસ છે. મૂળસૂત્રપાઠ અને ચૂર્ણિ સંમત પાઠમાં ક્યાંક-ક્યાંક અંતર દેખવામાં આવે છે.

**(૧૨) બૃહત્કલ્પચૂર્ણિ :-**

પ્રસ્તુત ચૂર્ણિ મૂળસૂત્ર અને લઘુભાષ્ય પર છે. તેની ભાષા સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત છે. પ્રારંભમાં મંગલની ઉપયોગિતા પર પ્રકાશ પાડ્યો છે. દશાશ્રુતસ્કંધચૂર્ણિ અને

બૃહત્કલ્પચૂર્ણિ બંને એક જ આચાર્યની કૃતિઓ છે. પ્રસ્તુત ચૂર્ણિમા પીઠિકા અને ૬ ઉદ્દેશા છે. કર્મબંધની ચર્ચા કરતાં ચૂર્ણિકારે એક જગ્યાઓ વિશેષાવશ્યક ભાષ્ય અને કર્મપ્રકૃતિનો ઉલ્લેખ કર્યો છે[૬૬]. આ ચૂર્ણિમાં ચૂર્ણિકારના નામનો કોઈ ઉલ્લેખ નથી.

## ટીકાઓ અને ટીકાકાર

નિર્યુક્તિઓ, ભાષ્યો અને ચૂર્ણિઓની રચના પછી જૈન આચાર્યોએ સંસ્કૃતમાં અનેક ટીકાઓ લખી. આ ટીકાઓના કારણે જૈન સાહિત્યના ક્ષેત્રમાં ઘણો વિસ્તાર થયો પ્રત્યેક આગમ પર ઓછામાં ઓછી ટીકા તો લખાઈ જ છે. ટીકાકારોમાં હરિભદ્રસૂરિ, શીલાંકસૂરિ, વાદિવેતાલ, શાંતિસૂરિ, અભયદેવસૂરિ, મલયગિરિ, મલધારી હેમચંદ્ર આદિ પ્રમુખ છે.

### (૧) જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્ય - સ્વોપજ્ઞ વૃત્તિ[૬૭] :-

જિનભદ્રે પ્રસ્તુત ટીકાંને માટે અલગ મંગલગાથા ન લખતાં સીધું ભાષ્ય ગાથાનું વ્યાખ્યાન શરૂ કર્યું છે. વ્યાખ્યાનની શૈલી ખૂબ જ સરલ, સ્પષ્ટ અને પ્રસાદગુણ સંપન્ન છે. આભિનિબોધિક જ્ઞાનનું સ્વરૂપ બતાવતી ભાષ્ય ગાથામાં આચાર્યે જ્ઞાનનું લક્ષણ બતાવ્યું છે.ગણધરવાદમાં છઠ્ઠા ગણધરવાદની વ્યાખ્યા કર્યા પછી પૂજ્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આ લોકમાંથી ચાલ્યા ગયા. આ વાક્ય આચાર્ય કોટયાચાર્યે જિનભદ્રના મૃત્યુ પછી લખ્યું છે એવું લાગે છે. ભગવાન મહાવીરના ૭મા ગણધરની વક્તવ્યતાના નિરૂપણનું ઉદ્‌ઘાટન કરતાં ટીકાકાર કોટયાચાર્યે કર્યું છે. તેમની નિરૂપણશૈલી પણ પ્રસાદગુણસંપન્ન અને સુબોધ છે.

### (૨) હરિભદ્રકૃત વૃત્તિયો :-

હરિભદ્રસૂરિ જૈન આગમોના પ્રાચીન ટીકાકાર છે. તેમણે આવશ્યક, દશવૈકાલિક, જીવાભિગમ, પ્રજ્ઞાપના, નંદી, અનુયોગદ્વાર અને પિંડ નિર્યુક્તિ પર ટીકાઓ લખી છે. પિંડનિર્યુક્તિની અપૂર્ણ ટીકા વીરાચાર્યે પૂર્ણ કરી છે. આચાર્ય હરિભદ્રે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી. તેમના (૧) યોગદૃષ્ટિ સમુચ્ચય, (૨) અનુયોગદ્વાર સૂત્રવૃત્તિ (૩) અનેકાન્ત જયપતાકા, (૪) યોગબિન્દુ, (૫) યોગશતક આદિ છે. કહેવાય છે કે બૌદ્ધોના સંહાર કરવાના પ્રાયશ્ચિતના રૂપમાં તેમના ગુરુએ તેમને ૧૪૪૪ ગ્રંથો

લખવાની આજ્ઞા આપી હતી. આચાર્ય હરિભદ્રકૃત પ્રકાશિત ટીકાઓ પર પરિચય આગળ આપવામાં આવ્યો છે.

**(૧) નંદીવૃત્તિ[૭૮] :-**

આ વૃત્તિ નંદીચૂર્ણિનું જ રૂપાંતર છે. તેમાં નંદીના શબ્દાર્થ, નિક્ષેપ આદિનો વિચાર કરવામાં આવેલ છે. ત્યારબાદ સંઘની સ્તુતિ કરી તથા તીર્થંકરાવલી, ગણધરાવલી અને સ્થવિરાવલીનો પરિચય આપેલ છે. વૃત્તિકાર લખે છે કે અયોગ્યતાથી અકલ્યાણ જ થાય છે. ત્રણ પ્રકારની પર્ષદા, જ્ઞાનના ભેદ, પ્રભેદ, સ્વરૂપ અને વિષય આદિનું વિસ્તૃત વિવેચન કર્યું છે. શ્રુતના શ્રવણ અને વ્યાખ્યાનની વિધિ બતાવતાં આચાર્યે નંદી અધ્યયનનું વિવરણ સમાપ્ત કર્યું છે.

**(૨) અનુયોગદ્વાર ટીકા :-**

આ ટીકા અનુયોગદ્વાર ચૂર્ણિની શૈલી ઉપર લખાયેલી છે. મંગલનું પ્રતિપાદન કરતાં આચાર્યે લખ્યું છે કે તેનું વિશેષ વિવેચન નંદીની ટીકામાં કરવામાંઆવેલ છે. આ ટીકા નંદીવૃત્તિની પછીની કૃતિ છે. આચાર્યે 'આવશ્યક' શબ્દનો નિક્ષેપ પદ્ધતિથી વિચાર કર્યો છે. અનુપૂર્વિનું વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. પ્રમાણનું વ્યાખ્યાન કરતાં આચાર્યે વિવિધ અંગુલોના સ્વરૂપનું વર્ણન કર્યું છે. સમયનું વિવેચન કરતાં પલ્યોપમનું વિસ્તારથી વિવેચન કર્યું છે. જ્ઞાનપક્ષનું સમર્થન કરતાં આચાર્યે ટીકાની સમાપ્તિ કરી છે.

**(૩) દશવૈકાલિકવૃત્તિ[૭૯] :-**

આ વૃત્તિનું નામ શિષ્યબોધિની વૃત્તિ છે દશવૈકાલિકસૂત્રની રચના કેવી રીતે થઈ ? એ પ્રશ્નનું સમાધાન કરતાં ટીકાકારે નિર્યુક્તિની ગાથાનું અક્ષરાર્થ કરતાં ભાવાર્થ સ્પષ્ટ કરવાને માટે શય્યંભવાચાર્યનું પૂરું કથાનક આપ્યું છે. તપનું વ્યાખ્યાન કરતાં આભ્યંતરતપના અંતર્ગત ચાર પ્રકારના ધ્યાનનું સ્વરૂપ બતાવ્યું છે. દશવૈકાલિકના ૧૦ અધ્યયનનું વિવિધ નિક્ષેપોનું વ્યાખ્યાન કર્યું છે.

**(૪) પ્રજ્ઞાપના - પ્રદેશ વ્યાખ્યાન[૮૦] :-**

આ ટીકાના પ્રારંભમાં જૈન પ્રવચનનો મહિમા બતાવ્યો છે. ત્યાર બાદ મંગલનો

મહિમા બતાવીને ભવ્ય-અભવ્યનું વિવેચન કર્યું છે. પ્રજ્ઞાપનાનું ૩૬ પદોની વ્યાખ્યામાં વિસ્તૃત પ્રતિપાદન કર્યું છે.

**(૫) આવશ્યકવૃત્તિ[७१] :-**

પ્રસ્તુતવૃત્તિ આવશ્યક નિર્યુક્તિ પર છે. પ્રારંભમાં મંગલ કર્યું છે. વૃત્તિકારે ૬ દષ્ટિઓથી આભિનિબોધિક જ્ઞાનનું વ્યાખ્યાન કર્યું છે. સામાયિકના ઉદ્દેશા, નિર્દેશ, ક્ષેત્ર આદિ ૨૩ દ્વારોનું વિવેચન કરતાં વૃત્તિકારે એક જગ્યાએ (આવશ્યકના) વિશેષ વિવરણનો ઉલ્લેખ કર્યો છે. સામાયિકના નિર્ગમ દ્વારના કુલકરોની ઉત્પત્તિનું વર્ણન છે. ચતુર્વિશતિસ્તવ અને વંદના નામના આવશ્યકના બીજા અને ત્રીજા, આવશ્યકનું નિર્યુક્તિ અનુસાર વ્યાખ્યાન કર્યા પછી ચોથા આવશ્યકમાં ધ્યાન પર પ્રકાશ પાડ્યો છે. પાંચમા આવશ્યકમાં પુણ્યના ફળનું વિવેચન કર્યું છે છઠ્ઠા આવશ્યકમાં શ્રાવકધર્મનું વિસ્તારથી વિવેચન કર્યું છે. પ્રત્યાખ્યાનની વિધિ, મહત્ત્વ આદિ આવશ્યક વાતોની ચર્ચા કરતાં વૃત્તિકારે શિષ્યહિતા નામની આવશ્યક ટીકા સમાપ્ત કરી છે. અંતમાં તેઓ લખે છે કે પ્રસ્તુત ટીકા શ્વેતાંબરાચાર્ય જિનભટ્ટના વિદ્યાર્થી જિનદત્તના શિષ્ય અને યાકિની જુદો પાડી મહતરાના ધર્મપુત્ર હરિભદ્રની આકૃતિ છે. તે ૨૨ હજાર શ્લોક પ્રમાણ છે.

**(૩) કોટયાચાર્ય કૃત વિશેષાવશ્યકભાષ્ય વિવરણ :-**

કોટયાચાર્ય આચાર્યે જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્યપર ટીકા લખી છે. કોટયાચાર્યે પોતાની ટીકામાં અનેક સ્થાનો પર આવશ્યકની મૂળ ટીકા અને વિશેષવાશ્યકભાષ્યની સ્વોપજ્ઞટીકાનો ઉલ્લેખ કર્યો છે. કોટયાચાર્ય પ્રાચીન ટીકાકાર છે. પ્રસ્તુત [७२]વિવરણમાં કોટયાચાર્યે વિશેષાવશ્યકભાષ્યનું વ્યાખ્યાન કર્યું છે જે નથી અતિસંક્ષિપ્ત કે નથી અતિ વિસ્તૃત. વિવરણના કથાનકો પ્રાકૃતમાં છે. પ્રસ્તુત વિવરણ ૧૩૭૦૦ શ્લોક પ્રમાણ છે.

**(૪) ગન્ધહસ્તિકૃત - શસ્ત્રપરિજ્ઞા - વિવરણ :-**

આચાર્ય ગંધ હસ્તિએ આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયન વિષે શસ્ત્રપરિજ્ઞા પર ટીકા લખી હતી જે હમણાં અનુપલબ્ધ છે.

### (૫) શીલાંકકૃત - વિવરણ :-

આચાર્ય શીલાંકે પ્રથમ નવ અંગો ઉપર ટીકાઓ લખી[૭૩] હતી. પરંતુ વર્તમાનમાં માત્ર આચારાંગ અને સૂત્રકૃતાંગની ટીકાઓ જ ઉપલબ્ધ છે.

### (૧) આચારાંગ વિવરણ[૭૪] :-

પ્રસ્તુત વિવરણ મૂળ સૂત્ર અને નિર્યુક્તિપર છે. વિવરણકારે પોતાના વક્તવ્યની પુષ્ટિ માટે વચમાં અનેક પ્રાકૃત અને સંસ્કૃત ઉદાહરણો પણ આપ્યાં છે. ભાષા, શૈલી, સામગ્રી આદિ દૃષ્ટિથી વિવરણ સુબોધ બનાવવાનો પ્રયત્ન કરેલ છે. પ્રથમ અધ્યયનની વ્યાખ્યાના અંતમાં વિવરણકારે સ્પષ્ટ નિર્દેશ કર્યો છે કે આચાર્ય ગંધહસ્તીએ શસ્ત્રપરિજ્ઞા નામના અધ્યયનમાં જે વિવરણ લખ્યું છે તે અતિ કઠીન છે. હવે હું બાકીના અધ્યયનોનું વિવરણ કરીશ. વિમોક્ષ નામના આઠમા અધ્યયનના છઠ્ઠા ઉદ્દેશાની વૃત્તિમાં નાગરિક-શાસ્ત્ર સમ્મત ગામ, નગર આદિનું સ્વરૂપ બતાવ્યું છે. બીજા શ્રુતસ્કંધના અંતમાં આચાર્યે આચારાંગની ટીકા લખવાથી પ્રાપ્ત સ્વપુણ્યને લોકોની આચાર શુદ્ધિના માટે પ્રદાન કર્યું છે. શીલાંક આચાર્ય નિવૃત્તિકુળના હતા. તેમનું બીજું નામ તત્ત્વાદિત્ય હતું. પૂર્ણ ટીકાનું ગ્રંથમાન ૧૨૦૦૦ શ્લોક - પ્રમાણ છે.

### (૨) સૂત્રકૃતાંગ વિવરણ[૭૫] :-

શીલાંકાચાર્ય વિહિત પ્રસ્તુત વિવરણ સૂત્રકૃતાંગ મૂળ અને તેની નિર્યુક્તિ પર છે. આચાર્યે વિવરણને બધી દૃષ્ટિઓથી સફળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને તેના માટે દાર્શનિક દૃષ્ટિથી વસ્તુનું વિવેચન પ્રાચીન પ્રાકૃત, સંસ્કૃત પ્રમાણોનું ઉદ્ધરણ આદિ સમસ્ત આવશ્યક સાધનોનો ઉપયોગ કર્યો છે. પ્રસ્તુત ટીકા શીલાચાર્યે વાહરિગણિની સહાયતાથી પૂર્ણ કરી છે. આ ટીકા ૧૨૮૫૦ શ્લોક પ્રમાણ છે.

### (૬) શાંતિસૂરિકૃત ઉત્તરાધ્યયન ટીકા[૭૬] :-

વાદિ વૈતાલ શાંતિસૂરિએ ઉત્તરાધ્યયન પર ટીકા લખી છે. તેઓશ્રીના ગુરુનું નામ વિજયસિંહસૂરિ હતું. પ્રારંભમાં મંગલ કરી આચાર્યે ક્રમશઃ અધ્યયન અને તેની નિર્યુક્તિનું વિવેચન કર્યું છે.

પ્રથમ અધ્યયનની વ્યાખ્યામાં નયનું સ્વરૂપ બતાવ્યું છે. અને કહ્યું છે કે પૂર્વવિદોએ ૭૦૦ નયોનું વિધાન કર્યું છે. બીજા અધ્યયનની વ્યાખ્યામાં પરિષહોના સ્વરૂપનું વિવેચન કર્યું છે. ત્રીજા અધ્યયનની વૃત્તિમાં આવશ્યકચૂર્ણિનું સિદ્ધસેન અને શિવધર્મનો નામોલ્લેખ છે. ચોથા અધ્યયનની વ્યાખ્યામાં જીવભાવકરણના બે પ્રકાર બતાવ્યા છે. છટ્ઠા અધ્યયનની વ્યાખ્યામાં નિગ્રંથના ભેદો-પ્રભેદોની ચર્ચા કરી છે. આઠમા અધ્યયનના વિવેચનથી સંસારની અનિત્યતાનું પ્રતિપાદન કર્યું છે. નવમા અધ્યયનના વિવરણમાં પૂર્ણિમાને દિવસે નિયમા પૌષધવ્રતનું વિધાન કરેલ છે. ૨૪મા અધ્યયનની વૃત્તિમાં સમિતિગુપ્તિનું સ્વરૂપ બતાવ્યું છે. ૩૬મા અધ્યયનની વ્યાખ્યામાં ધર્માધર્માસ્તિકાયનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

### (૭) દ્રૌણસૂરિ કૃત ઓઘનિર્યુક્તિ વૃત્તિ[૭૭] :-

દ્રૌણસૂરિએ ઓઘનિર્યુક્તિની ટીકા લખી છે. પ્રસ્તુત વૃત્તિ ઓઘનિર્યુક્તિ અને તેના લઘુભાષ્યપર છે. વૃત્તિની ભાષા સરલ અને શૈલી સુગમ છે. વૃત્તિકાર લખે છે કે આ આવશ્યક અનુયોગ સંબંધી વ્યાખ્યાન છે. તેમાં સામાયિક નામના પ્રથમ અધ્યયનનું નિરૂપણ ચાલે છે. તેના ચાર અનુયોગ દ્વાર છે. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય ના ભેદો અને પ્રભેદોનું વ્યાખ્યાન કર્યું છે. તેમાંથી જે ઓઘ સામાચારી છે તે જ ઓઘનિર્યુક્તિ છે. પ્રસ્તુત ગ્રંથમાં આનું વ્યાખ્યાન છે. નિર્યુક્તિની ગાથા ૮૧૧ છે ને ભાષ્યની ૩૨૨ છે. બંનેની મળીને કુલ ૧૧૩૩ છે.

### (૮) અભયદેવ વિહિત વૃત્તિયો :-

અભયદેવ સૂરિએ ૩ થી ૧૧ અંગની અને ઓતપાતિકની ટીકા[૭૮] લખી છે. તે સિવાય પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી-પંચાશકવૃત્તિ, જયહુણસ્તોત્ર, પંચનિગ્રંથિ અને સપ્તતિકા ભાષ્ય એ પણ અભયદેવની કૃતિઓ છે.

### (૧) સ્થાનાંગ વૃત્તિ :-

પ્રસ્તુતવૃત્તિ સ્થાનાંગના મૂળ સૂત્રો પર છે. મંગળનું આવશ્યક વિવેચન કરીને સૂત્ર સ્પર્શિક વિવરણનો પ્રારંભ કરે છે. 'એગે આયા'નું વિવેચન કરતાં વૃત્તિકારે અનેક દૃષ્ટિઓથી આત્માની એકતા- અનેકતા સિદ્ધ કરી છે. અનુમાનથી પણ આત્માની સિદ્ધિ

થાય છે. વૃત્તિના અંતમાં આચાર્યે પરિચય આપ્યો છે કે આ ટીકા મેં યશોદેવગણિની સહાયતાથી પૂર્ણ કરી છે. ટીકાનું ગ્રંથમાન ૧૪૨૫૦ શ્લોક પ્રમાણ છે.

**(૨) સમવાયાંગવૃત્તિ[૭૯] :-**

પ્રસ્તુતવૃત્તિ ચતુર્થ અંગ સમવાયાંગના મૂળ સૂત્રો પર છે. જેમાં જીવજીવાદિ વિવિધ પદાર્થોનું સવિસ્તર સમ્યક્ વિવેચન છે તે સમવાય છે. તે પ્રવચનપુરુષનો અંગરૂપ હોવાથી સમવાયાંગ છે. વૃત્તિમાં અનેક સ્થાનોં પર સૂત્રનો ઉલ્લેખ છે. તથા એક ગંધહસ્તીનો પણ ઉલ્લેખ છે. આ વૃત્તિ વિ.સં. ૧૧૨૦માં પાટણમાં લખાયેલી છે.

**(૩) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ[૮૦] :-**

પ્રસ્તુતવૃત્તિ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના મૂળ સૂત્રો પર છે. આ સંક્ષિપ્ત અને શબ્દાર્થ પ્રધાન છે. વૃત્તિકારે વિવિધ દૃષ્ટિઓથી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના ૧૦ અર્થ બતાવ્યા છે. આગળ પણ અનેક શબ્દોના વ્યાખ્યાનમાં આ પ્રકારના અર્થ વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે. જે વૃત્તિકારના વ્યાખ્યાન-કૌશલનો પરિચાયક છે. ૧૮૬૧૬ શ્લોક પ્રમાણ ગ્રંથમાન છે.

**(૪) જ્ઞાતાધર્મકથા વિવરણ[૮૧] :-**

પ્રસ્તુત વિવરણ સૂત્ર સ્પર્શી છે. તેમાં શબ્દાર્થની પ્રધાનતા છે. પ્રથમ શ્રુતસ્કંધમાં આચારાદિની શિક્ષા દેવાના ઉદ્દેશથી કથાઓનાં રૂપમાં વિવિધ ઉદાહરણો આપવામાં આવ્યા છે. બીજા શ્રુતસ્કંધમાં ધર્મ કથાઓનો સમાવેશ થાય છે. વિવરણનું ગ્રંથમાન ૩૮૦૦ શ્લોક પ્રમાણ છે.

**(૫) ઉપાસકદશાંગવૃત્તિ[૮૨] :-**

પ્રસ્તુત વૃત્તિ સૂત્ર સ્પર્શી છે. પ્રસ્તુત વૃત્તિમાં આચાર્ય ક્યાંક-ક્યાંક વ્યાખ્યાંતરનો નિર્દેશ કરે છે. ઉપાસકનો અર્થ છે. શ્રમણોપાસક અને દશાનો અર્થ છે દશ. શ્રમણોપાસક સંબંધી અનુષ્ઠાનનું પ્રતિપાદન કરવાવાળા દસ અધ્યયનરૂપ ગ્રંથ ઉપાસક દશા છે.

**(૬) અન્નકૃતદશા વૃત્તિ[૮૩] :-**

પ્રસ્તુત વૃત્તિ પણ સૂત્ર સ્પર્શી અને શબ્દ પ્રધાન છે. અંતનો અર્થ છે ભવાંત અને

કૃતનો છે વિહિત જેમણે પોતાના ભવનો અંત કર્યો છે તે અંતકૃત છે.

### (૭) અનુત્તરૌપપાતિકદશાવૃત્તિ[૮૪] :-

પ્રસ્તુત વૃત્તિ પણ સૂત્ર સ્પર્શિક અને શબ્દાર્થગ્રાહી છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાવાળા અનુત્તરોપપાતિક કહેવાય છે.

### (૮) પ્રશ્નવ્યાકરણવૃત્તિ[૮૫] :-

અભયદેવસૂરિકૃત પ્રસ્તુત શબ્દાર્થવૃત્તિનું ગ્રંથમાન ૪૬૩૦ શ્લોક પ્રમાણ છે. જેમાં પ્રશ્ન આર્થાત્ વિદ્યાવિશેષોનું વ્યાકરણ અર્થાત્ પ્રતિપાદન કરવાવાળા ૧૦ અધ્યયન છે.

### (૯) વિપાકવૃત્તિ[૮૬] :-

પ્રસ્તુત વૃત્તિના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં આચાર્યે સંક્ષિપ્ત અને સંતુલિત અર્થ કર્યો છે. અંતમાં વૃત્તિકારે વિદ્વાનોની વૃત્તિગત ત્રુટીઓને શોધવાની પ્રાર્થના કરી છે.

### (૧૦) ઔપપાતિકવૃત્તિ[૮૭] :-

આ વૃત્તિ પણ શબ્દાર્થ પ્રધાન છે. દેવો અને નારકોના જન્મને ઉપપાત કહે છે. ઉપપાત સંબંધી વર્ણનના કારણે આ વૃત્તિનું નામ ઔપપાતિક છે. આ ગ્રંથ આચારાંગનો ઉપાંગ છે. અંતમાં વૃત્તિકારે પોતાના નામની સાથે પોતાના ગુરુનું નામ આપ્યું છે.

## મલયગિરિવિહિત વૃત્તિયો :-

આચાર્ય મલયગિરિ પ્રસિદ્ધ ટીકાકારના રૂપમાં જ છે. તેમણે જૈન આગમ ગ્રંથો પર અતિ મહત્ત્વપૂર્ણ ટીકાઓ લખી છે. તેમના ઉપલબ્ધ ગ્રંથો ૨૦ છે અને અનુપલબ્ધગ્રંથો ૬ છે.

### (૧) નંદીવૃત્તિ[૮૮] :-

આચાર્ય મલયગિરિ કૃત પ્રસ્તુત વૃત્તિ દાર્શનિક વાદ-વિવાદથી પરિપૂર્ણ છે. વૃત્તિકારે નંદીનો શબ્દાર્થ બતાવીને નંદીનું નિક્ષેપ પદ્ધતિથી વ્યાખ્યાન કર્યું છે. વૃત્તિનું ગ્રંથમાન ૭૭૩૨ શ્લોક પ્રમાણ છે.

**(૨) પ્રજ્ઞાપનાવૃત્તિ[૬૯] :-**

વૃત્તિમાં પ્રજ્ઞાપનાનો શબ્દાર્થ કરતાં વૃત્તિકાર કહે છે કે જેના દ્વારા જીવજીવાદિનું જ્ઞાન કરાય તે પ્રજ્ઞાપના છે. તેમાં મંદમતિ શિષ્યનો વિશેષ ઉપકાર થાય છે. તેથી રચના સાર્થક છે.

**(૩) સૂર્યપ્રજ્ઞપ્તિ વિવરણ :-**

પ્રસ્તુત વિવરણના પ્રારંભમાં મંગળ કરીને મૂળ સૂત્રનું વ્યાખ્યાન કર્યું છે. સૂર્યપ્રજ્ઞપ્તિના મૂળ વિષયનું ૨૦ પ્રાભૃતમાં વર્ણન કર્યું છે.

**(૪) જ્યોતિષ્કરંડગવૃત્તિ[૭૦] :-**

પ્રસ્તુત વૃત્તિ જ્યોતિષકરંડગ પ્રકીર્ણક પર છે. કાલ વિષયક સંખ્યાનું પ્રતિપાદન કરતાં આચાર્યે વલ્લભી અને માથુરી વાચનાઓનો ઉલ્લેખ કર્યો છે.

**(૫) જીવાજીવાભિગમવિવરણ :-**

પ્રસ્તુત વિવરણમાં જીવાભિગમની મૂળ ટીકાની જેમ તેની ચૂર્ણિનો પણ ઉલ્લેખ કરેલ છે. લવણ સમુદ્રના જ્યોતિષ્કવિમાન ઉદક સ્ફાટન સ્વભાવ અર્થાત્ પાણીને ફાડી દેવાવાળા સ્ફટિકના બનેલા છે. બાકીના દ્વીપ સમુદ્રોમાં જેટલા જ્યોતિષ્ક વિમાન છે તે સામાન્ય સ્ફટિકના છે. એવું બતાવ્યું છે.

**(૬) વ્યવહાર વિવરણ[૭૧] :-**

પ્રસ્તુત વિવરણ મૂળ સૂત્ર, નિર્યુક્તિ અને ભાષ્ય ઉપર છે. વ્યવહારનો ઉપયોગ ગીતાર્થ માટે હોય છે. અગીતાર્થ માટે નહિ. પ્રાયશ્ચિતના ચાર ભેદોનું વર્ણન કરેલ છે.

**(૭) રાજપ્રશ્નીય વિવરણ[૭૨] :-**

પ્રસ્તુત વિવરણમાં પ્રદેશીના પ્રશ્નોનો કેશીકુમારે ઉત્તરોથી સમાધાન કર્યું છે. આ સૂત્રકૃતાંગનો ઉપાંગ છે. વિવરણનું ગ્રંથમાન ૩૭૦૦ શ્લોક પ્રમાણ છે.

**(૮) પિંડનિર્યુક્તિ વૃત્તિ[૭૩] :-**

પ્રસ્તુત વૃત્તિ આચાર્ય ભદ્રબાહુકૃત પિંડનિર્યુક્તિ પર છે. આ વૃત્તિમાં આચાર્ય

મલયગિરિએ વ્યાખ્યારૂપ અનેક કથાનક આપ્યા છે. વૃત્તિનું ગ્રંથમાન ૬૭૦૦ શ્લોક પ્રમાણ છે.

**(૯) આવશ્યક વિવરણ[૯૪] :-**

પ્રસ્તુત વિવરણ આવશ્યક નિર્યુક્તિ પર છે. તે અપૂર્ણ જ પ્રાપ્ત છે.

**(૧૦) બૃહત્કલ્પપીઠીકા વૃત્તિ[૯૫] :-**

આ વૃત્તિ ભદ્રબાહુકૃત બૃહત્કલ્પપીઠિકા નિર્યુક્તિ અને સંઘદાસગણિ ભાષ્ય પર છે. વૃત્તિકારે પ્રસ્તુત વૃત્તિમાં પ્રાકૃત ગાથાઓ સાથે પ્રાકૃત કથાનક વર્ણવ્યા છે. ગ્રંથમાન ૪૬૦૦ શ્લોકનું છે.

**(૧૦) મલધારી હેમચંદ્રકૃત ટીકાઓ :-**

મલધારી હેમચંદ્ર રાજમંત્રી હતા. મલધારી અભયદેવ સૂરિની પાસે દીક્ષિત થયા હતા. ભગવતી જેવું શાસ્ત્ર તેમણે કંઠસ્થ કર્યું હતું. તેમણે ઘણા ગ્રંથો લખ્યા હતા.

**(૧) આવશ્યક પ્રદેશ વ્યાખ્યા[૯૬] :**

આ વ્યાખ્યાં હરિભદ્રકૃત આવશ્યકવૃત્તિ પર છે. વ્યાખ્યાકારે આવશ્યક વૃત્તિના કેટલાક કઠીન સ્થળોનું સરલશૈલીમાં વ્યાખ્યાન કર્યું છે. તેનું ગ્રંથમાન ૪૬૦૦ શ્લોકપ્રમાણ છે.

**(૨) અનુયોગ દ્વાર વૃત્તિ[૯૭] :-**

આ વૃત્તિ અનુયોગ દ્વારના સૂત્રોનું સરલ અર્થ પ્રસ્તુત કરવાને માટે બનાવી છે. વૃત્તિમાં રસનું વિવેચન કર્યું છે. તેનું ગ્રંથમાન ૫૯૦૦ શ્લોક પ્રમાણ છે.

**(૩) વિશેષાવશ્યક ભાષ્ય - બૃહદ્‌વૃત્તિ[૯૮] :-**

પ્રસ્તુત વૃત્તિને "શિષ્યાહિતા" વૃત્તિ પણ કહે છે. તેના આચાર્યે વિશેષાવશ્યભાષ્યમાં પ્રતિપાદિત પ્રત્યેક વિષયને અતિ સરલ અને સુબોધ શૈલીમાં સમજાવેલ છે. તેનું ગ્રંથમાન ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ છે.

### (૧૧) નેમિચંદ્રવિહિત - ઉત્તરાધ્યયન વૃત્તિ :-

નેમિચંદ્રનું બીજું નામ દેવેન્દ્રગણિ છે. ઉતરાધ્યયન [99]સુખબોધવૃત્તિ સરલ હોવાના *કારણે* તેનું નામ સુખબોધા રાખવામાં આવેલ છે. નેમિચંદ્રાચાર્યે બૃહદ્ગચ્છીય ઉદ્યોતનાચાર્યના 'શિષ્ય ઉપાધ્યાય આમ્રદેવના શિષ્ય છે. એમના ગુરુભાઈ મુનિચંદ્રસૂરિની પ્રેરણાથી પ્રસ્તુત વૃત્તિ બની છે. વૃત્તિનું ગ્રંથમાન ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ છે.

### (૧૨) શ્રી ચંદ્રસૂરિવિરહિત વ્યાખ્યાઓ :-

શ્રી ચંદ્રસૂરિ શીલભદ્ર સૂરિના શિષ્ય હતા. તેમણે નિમ્નગ્રંથો પર ટીકાઓ લખી છે. (૧) શ્રમણોપાસક - પ્રતિક્રમણ (૨) નંદી (નંદી[100] દુર્ગપર) વ્યાખ્યા (૩) જીતકલ્પ બૃહદ્ચૂર્ણિ (૪) નિરયાવલિકાદિ અંતિમ પાંચ ઉપાંગ.

### (૧) નિશીથચૂર્ણિ[101]—દુર્ગપદ વ્યાખ્યા :

ચૂર્ણિના કઠીન અંશોને સરલ અને સુબોધ બનાવવા માટે જ આ વ્યાખ્યા લખી છે. વ્યાખ્યાકારે લખ્યું છે કે આ વ્યાખ્યાનો મહિનાઓ અને દિવસોની ગણતરી આદિથી સંબધિત હોવાના કારણે નિરસ છે. તેઓશ્રીએ ૨૦ ઉદ્દેશોની આ વ્યાખ્યા બનાવી છે.

### (૨) નિરયાવલિકાવૃત્તિ[102] :

આ વૃત્તિ અંતિમ પાંચ ઉપાંગ નિરયાવલિકાસૂત્ર પર છે. આ વૃત્તિ સિવાય આ સૂત્રોની કોઈ ટીકા નથી. વૃત્તિ સંક્ષિપ્ત અને શબ્દાર્થ પ્રધાન છે. ૬૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથમાન છે.

### (૩) જીતકલ્પબૃહદચૂર્ણિ—વિષયપદ વ્યાખ્યા[103] :

આ વ્યાખ્યાં સિધસેનગણિકૃત જીતકલ્પબૃહદ્ચૂર્ણિના વિષયપદોના વિવેચનરૂપમાં છે. તેમાં કઠીન પદોનું સરલ વ્યાખ્યાન કર્યું છે. પ્રસ્તુત વ્યાખ્યા સં. ૧૨૨૭માં મહાવીર જન્મ કલ્યાણકના દિવસે પૂર્ણ થઈ છે. તેનું ગ્રંથમાન ૧૧૨૦ શ્લોક પ્રમાણ છે.

### (૧૩) અન્ય ટીકાઓ :

આગળના ટીકાકાર આચાર્યો સિવાય બીજા આચાર્યોએ પણ ટીકાનું નિર્માણ કર્યું

છે. (૧) શ્રી તિલકસૂરિએ લઘુવૃત્તિ નામની ટીકા લખી છે. સમવાયંગ પર મેઘરાજ વાચકે, ભગવતી પર ભાવસાગરે, નંદી[૧૦૪] પર પાર્શ્વચંદ્રે., ઓઘનિર્યુક્તિ પર જ્ઞાનસાગરે ટીકા લખી છે. આ ટીકાઓ સિવાય કેટલાક અજ્ઞાત આચાર્યો દ્વારા પણ ટીકાઓ લખાઈ છે. પ્રકાશિત ટીકાઓ નીચે પ્રમાણે છે.

(૧) બૃહદકલ્પકૃતવૃત્તિને[૧૦૫] ક્ષેમકીર્તિએ પૂર્ણ કરી છે. વૃત્તિનું ગ્રંથમાન ૪૨૬૦૦ શ્લોક પ્રમાણ છે.

(૨) આવશ્યકનિર્યુક્તિ[૧૦૬] દીપિકા માણિક્યશેખરસૂરિકૃત છે. બીજી પણ પાંચ દીપિકા તેમની કૃતિઓ છે.

(૩) આચારાંગ[૧૦૭] દીપિકા-અજિતદેવ સૂરિની કૃતિ છે. ટીકા સરલ, સુબોધ અને સંક્ષિપ્ત છે.

(૪) ગચ્છાચારવૃત્તિ[૧૦૮]- વિજયવિમલગણિની કૃતિ છે. તેનું ગ્રંથમાન ૫૮૫૦ શ્લોક પ્રમાણ છે.

(૫) તંદુલવૈચારિકવૃત્તિ[૧૦૯]- વિજયવિમલવિહિત કૃતિ છે. તેને અવચૂરિ પણ કહેવાય છે.

(૬) ગચ્છાચારટીકા[૧૧૦] -ના પ્રણેતા વાનરર્ષિ છે. આ ટીકા ખૂબ જ સંક્ષિપ્ત છે.

(૭) ઉત્તરાધ્યયનટીકા[૧૧૧]-ની વ્યાખ્યા ભાવવિજયગણિની છે. તેનું ગ્રંથમાન ૧૬૨૫૫ શ્લોક પ્રમાણ છે.

(૮) દશવૈકાલિકદીપિકા[૧૧૨] - સમયસુંદરસૂરિની શબ્દાર્થ વૃત્તિરૂપ ટીકા છે. તેનું ૩૪૫૦ શ્લોક પ્રમાણનું ગ્રંથમાન છે.

(૯) પ્રશ્નવ્યાકરણ[૧૧૩]- સુખબોધિકાવૃત્તિ જ્ઞાનવિમલસૂરિ કૃત છે. વૃત્તિનું ગ્રંથમાન ૭૫૦૦ શ્લોક પ્રમાણ છે.

(૧૦) ઉત્તરાધ્યયનદીપિકા[૧૧૪]-ટીકા લક્ષ્મીવલ્લભગણિની છે. ટીકા સરલ અને સુબોધ છે.

(૧૧) ભગવતી-વિશેષપદ[૧૧૫] વ્યાખ્યા દાનશેખર દ્વારા સંકલિત કરેલી છે.

(૧૨) કલ્પસૂત્ર- કલ્પ પ્રદીપિકા[૧૧૬] - આ કલ્પસૂત્રની વૃત્તિ સંઘદાસગણિએ લખી છે.

(૧૩) કલ્પસૂત્ર- સુબોધિકા[૧૧૭]- આ વૃત્તિ વિનયવિજય ઉપાધ્યાયની છે. ટીકાનું ગ્રંથમાન ૫૪૦૦ શ્લોક પ્રમાણ છે.

(૧૪) કલ્પસૂત્ર- કલ્પલતા[૧૧૮] - પ્રસ્તુત વ્યાખ્યા સમયસુંદરગણિની છે. વૃત્તિનું ગ્રંથમાન ૭૭૦૦ શ્લોક પ્રમાણ છે.

(૧૫) કલ્પસૂત્ર- કલ્પકૌમુદી[૧૧૯] - આ વૃત્તિ શાંતિસાગરગણિએ લખી છે. વૃત્તિનું ગ્રંથમાન ૩૭૦૭ શ્લોક પ્રમાણ છે.

(૧૬) કલ્પસૂત્ર- ટિપ્પનક[૧૨૦] - આ ટિપ્પણકના પ્રણેતા આચાર્ય પૃથ્વીચંદ્ર છે.

૨૦મી શતાબ્દીમાં મુનિ ઘાસીલાલજી, શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરિ આદિ જૈન આચાર્યોએ આગમિક ટીકાઓ લખી છે. મુનિ ઘાસીલાલજીકૃત ઉપાસકદશાંગ આદિની ટીકાઓ વિશેષરૂપે ઉલ્લેખનીય છે. આ ટીકાઓ શબ્દાર્થપ્રધાન છે.

**લોક ભાષાઓમાં વિરચિત વ્યાખ્યાઓ :**

આચાર્યોએ જનહિતની દૃષ્ટિથી એ આવશ્યક જાણ્યું કે લોકભાષાઓમાં પણ સરલ અને સુબોધ વ્યાખ્યાઓ લખવામાં આવે. પરિણામથી પ્રાચીન ગુજરાતી ભાષામાં બાલાવબોધની રચના કરવાવાળા વિ. સં. ૧૮૦૦માં સ્થાનકવાસી, ટબાકાર મુનિ ધર્મસિંહનું નામ વિશેષરૂપથી ઉલ્લેખનીય છે. તેમણે ૨૭ આગમોના સ્થાનકવાસી સંમત (બાલાવબોધ) ટબ્બા લખ્યા છે. સાધુરત્નસૂરિના શિષ્ય પાર્શ્વચંદ્રગણિ વિરચિત બાલાવબોધ પણ ઉલ્લેખનીય છે તે પણ ગુજરાતીમાં છે.

**ટબ્બાકાર મુનિ ધર્મસિંહ :**

ધર્મસિંહનું સમગ્ર જીવન પ્રેરક હતું. તેમણે ૨૭ સૂત્રોના ટબ્બા અને નિમ્નલિખિત ગુજરાતી ગ્રંથોની રચના કરી છે. (૧) સમવાયાંગની હુંડી, (૨) ભગવતીનું યંત્ર, (૩) પ્રજ્ઞાપનાનું યંત્ર, (૪) સ્થાનાંગનું યંત્ર, (૫) જીવાભિગમનું

યંત્ર, (૬) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિનું યંત્ર, (૭) ચંદ્રપ્રજ્ઞપ્તિનું યંત્ર, (૮) રાજપ્રશ્નીય યંત્ર, (૯) વ્યવહારની હુંડી, (૧૦) સૂત્રસમાધિની હુંડી, (૧૧) દ્રૌપદીની ચર્ચા, (૧૨) સામાયિકની ચર્ચા, (૧૩) સાધુ-સમાચારી, (૧૫) ચંદ્ર પ્રજ્ઞપ્તિની ટીપ. એના સિવાય તેમના લખેલા બીજા પણ ગ્રંથો છે. એ ગ્રંથોનું હજી સુધી પ્રકાશન થયું નથી.

**હિન્દી ટીકાઓ :**

હિન્દી ટીકાઓમાં મુનિ હસ્તિમલકૃત-દશવૈકાલિકા. સૌભાગ્ય ચંદ્રિકા, નંદીસૂત્રભાષાટીકા, ઉપાધ્યાય આત્મારામકૃત દશાશ્રુતસ્કંધ ગણપતિ ગુણ પ્રકાશિકા, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક આત્મજ્ઞાન પ્રકાશિકા, ઉપાધ્યાય અમરમુનિકૃત આવશ્યક વિવેચન આદિ વિશેષરૂપથી ઉલ્લેખનીય છે. તેના સિવાય હિન્દી, ગુજરાતી, અંગ્રેજી આદિ ભાષાઓમાં અનેક આગમોના અનુવાદ અને સાર પણ પ્રકાશિત થયા છે.

**(૧) પ્રવચનસાર :**

દિગંબર પરંપરાના આચાર્ય કુન્દકુન્દ આ ગ્રંથના અગ્રગણ્ય ગ્રંથકાર છે. તેમાં ત્રણ અધિકાર આપ્યા છે. તેમાં કુંદકુંદાચાર્યે દ્રવ્યની ચર્ચા અનેકાંત દૃષ્ટિથી કરી છે.

**(૨) સમયસાર :**

શ્રી કુંદકુંદાચાર્યની જૈન સૌરસેની પદ્યમાં રચિત આ એક મહત્ત્વની કૃતિ છે. આ કૃતિમાં જીવતત્ત્વ આદિ નવ તત્ત્વોની શુદ્ધ નિશ્ચયકારી પ્રરૂપણાને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. આ કૃતિના ૧૮૪ પદ્ય છે.

**(૩) નિયમસાર :**

શ્રી કુંદકુંદાચાર્ય દ્વારા રચિત આ પદ્યરચના પણ જૈન શૌરસેનીમાં છે. તેમાં ૧૮૭ ગાથાઓ છે. આ ગ્રંથ ૧૨ અધિકારોમાં વિભક્ત છે. નિયમસારમાં આપ્ત, આગમ, મનુષ્ય આદિના ભેદ, અહિંસાદિ પાંચ મહાવ્રત, સિદ્ધનું સ્વરૂપ આદિ સ્થાનોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે.

**(૪) પંચાસ્તિકાય સાર[૧૨૧] :**

પંચાસ્તિકાયસારના કર્તા કુંદકુંદાચાર્ય છે. જૈન શૌરસેનીમાં પદ્યાત્મક રચના કરી

છે. તેમાં સમયના નિરૂપણથી અસ્તિકાયનું લક્ષણ, સંસારી જીવનું સ્વરૂપ, રત્નત્રયનાલક્ષણ આદિ વિષયોનું વર્ણન કર્યું છે.

**(૫) આઠ પ્રાહુડ :**

*આચાર્ય* કુંદકુંદે આઠ પાહુડો જૈન શૌરસેનીમાં પદ્યાત્મક રચેલા છે. (૧) દર્શન પાહુડમાં દ્રવ્ય અને નિશ્ચયથી સમક્તિની વાતો લખી છે. (૨) ચારિત્ર પાહુડમાં ચારિત્ર અને તેના પ્રકારો બતાવ્યા છે. (૩) સુત પાહુડમાં અચેલકતાની વાત બતાવી છે. (૪) ભાવપાહુડમાં દ્રવ્યલિંગ અને ભાવલિંગની સ્પષ્ટતા કરી છે. (૬) મોક્ષ પાહુડમાં પરમાત્માનું સ્વરૂપ વર્ણવેલું છે. (૭) લિંગ પાહુડમાં લિંગ વિષય નિરૂપણ કરેલું છે. (૮) સીલ પાહુડમાં શીલનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે.

**(૬) જીવ સમાસ[૧૨૨] :**

આ ગ્રંથના કર્તા અજ્ઞાત છે. જૈન મહારાષ્ટ્રીમાં રચિત છે. તેમાં ચાર નિક્ષેપ ૧૪ માર્ગણાઓ, આહાર, ૧૪ ગુણસ્થાન, નરકાદિના પ્રકાર. નયના પ્રકારો આદિ વિષયોનું નિરૂપણ કરવામાં આવેલ છે.

**(૭) જીવ વિચાર :**

શાંતિસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં ૫૧ ગાથામાં રચેલી છે. આ રચનામાં જીવોના સંસારી ભેદો અને પ્રભેદોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તે ઉપરાંત સંસારી જીવોના આયુષ્ય, પ્રાણ, યોનિ આદિનો વિચાર કર્યો છે.

**(૮) પ્રજ્ઞાપના તૃતીય પદ સંગ્રહણી :**

તેના સંગ્રહકર્તા નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ છે. તેમણે પન્નવણાના ત્રીજા પદ ઉપર જીવોનો ૨૭ દ્વારોથી અલ્પબહુત્વ બતાવેલ છે.

**(૯) જંબૂદ્વીપ સમાસ :**

આ કૃતિના કર્તા ઉમાસ્વાતિ છે. તેને ક્ષેત્ર સમાસ પણ કહે છે. તેમાં ભરતક્ષેત્ર

પર્વતો, મેરૂ, ૩૨ વિજય, લવણસમુદ્ર, ઘાતકીખંડ ઇત્યાદિના વિષયોમાં જાણકારી છે.

**(૧૦) સમયક્ષેત્રસમાસ[૧૨૩] :**

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ રચિત આ કૃતિની ૬૩૭ ગાથાઓ છે. તેમાં પાંચ અધિકારો છે. ક્રમથી જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ઘાતકીખંડ, કાલોદધિ અને પુષ્કરાર્ધદ્વીપ આદિનું તથા ૫૬ અંતરદ્વીપોનું વિસ્તૃત વર્ણન છે.

**(૧૧) ક્ષેત્ર વિચારણા :**

આ ગ્રંથના પ્રણેતા રત્નશેખરસૂરિ છે. ૨૬૪ પદ્યોમાં જૈન મહારાષ્ટ્રીમાં પ્રસ્તુતકૃતિ જિનભદ્રીય સમયક્ષેત્ર સમાસના આધાર પર તૈયાર કરી છે.

**(૧૨) જંબૂદ્વીપ સંગ્રહણી :**

શ્રી હરિભદ્રસૂરિએ[૧૨૪] જૈન મહારાષ્ટ્રીમાં ૨૯ પદ્યોમાં આ કૃતિની[૧૨૫] રચના કરી છે. તેમાં જંબૂદ્વીપના વિષયમાં ખંડ, યોજન, દ્રહ, નદી આદિ ૧૦ દ્વારોથી નિરૂપણ કર્યું છે.

**(૧૩) સંગ્રહણી :**

એના કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. જૈન મહારાષ્ટ્રીમાં ૩૬૭ ગાથાઓ છે. આ સંગ્રહણીમાં દેવ અને નારકોના આયુષ્ય, ભવન, અવગાહના, ચ્યવનનો વિરહકાળ, મનુષ્યો અને તિર્યંચોની અવગાહના, આયુષ્ય, આનુપૂર્વિ આદિનું વર્ણન છે.

**(૧૪) વિચારષટ્ત્રિંશિકાસૂત્ર :**

તેને દંડક પ્રકરણ અથવા લઘુસંગ્રહણી[૧૨૬] પણ કહે છે. એની રચના ગજસારમુનિએ જૈન મહારાષ્ટ્રીમાં ૪૪ ગાથાઓમાં કરી છે. એમાં તેમણે ૨૪ દંડકોના વિષયમાં શરીર આદિ ૨૪ દ્વારોની જાણકારી આપી છે. સ્વયં ગજસારે તેના પર એક અવચૂર્ણિ લખી છે. તે સિવાય રામચંદ્રે એક વૃત્તિ લખી છે. મૂળકૃતિ પર સમયસુંદરની પણ એક ટીકા છે.

**(૧૫) પ્રવચન સારોદ્ધાર :**

જૈન મહારાષ્ટ્રીમાં ૧૫૯૯ પદ્યોનો અત્યંત મૂલ્યવાન ગ્રંથ નેમચંદ્રસૂરિએ લખ્યો છે. આ ગ્રંથ જૈન પ્રવચનના સારભૂત પદાર્થોનો બોધ કરાવે છે. તેમાં ૨૭૬ દ્વાર છે. તેમાં ઋષભદેવ આદિ ૨૪ તીર્થંકરોના વિષયમાં જાણકારી આપી છે. સિદ્ધ, સાધુ, શ્રાવક, આહાર ઇત્યાદિના વિષયમાં અનેક વાતો તેમાં ચર્ચી છે.

**(૧૬) પુરુષાર્થ સિદ્ધ્યુપાય :**

એના કર્તા અમૃતચંદ્રસૂરિ છે. એમાં ૨૨૬ પદ્ય છે. તેમાં નિશ્ચયનય અને *વ્યવહારનયનું સ્વરૂપ, શ્રાવકના ૧૨ વ્રત અને સંલેખના, તપના ભેદ, દશવિધ ધર્મ,* ૧૨ ભાવના, પરિષહ આદિ અનેક વિષયોનું વર્ણન કર્યું છે.

**(૧૭) તત્ત્વાર્થ સાર :**

આ દિગંબર અમૃતસૂરિની કૃતિ છે. સમગ્ર કૃતિ સાત અધ્યાયોમાં વિભક્ત છે. એમાં જીવઆદિ ૭ પદાર્થોનું નિરૂપણ છે.

**(૧૮) નવતત્ત્વ પ્રકરણ :**

આ અજ્ઞાતકર્તૃક[૧૨૬] પ્રકરણમાં જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા ૩૦ આર્યા છંદ છે. એમાં જીવ આદિ નવતત્ત્વોનું સ્વરૂપ બતાવ્યું છે.

**(૧૯) જીવાનુશાસન :**

એના કર્તા દેવસૂરિ છે. સમગ્રગ્રંથ ૩૨૩ આર્યા છંદમાં ૩૮ અધિકારોમાં વિભક્ત છે. સ્વયં કર્તાએ એક વૃત્તિ લખી છે તેનું સંશોધન નેમચંદ્રસૂરિએ કર્યું છે.

**(૨૦) ગૌતમપૃચ્છા :**

આ અજ્ઞાતકર્તૃક કૃતિમાં ૬૪ આર્યા છંદ છે. એમાં ગણધર ગૌતમના પૂછાયેલા ૪૮ પ્રશ્નો અને મહાવીર સ્વામી દ્વારા અપાયેલા ઉત્તરો આપેલા છે. ધર્મ-અધર્મનું ફળ બતાવેલું છે.

**(૨૧) વીશ સ્થાનક વિચારામૃત સંગ્રહ :**

આ કૃતિના રચયિતા તપાગચ્છના જિનહર્ષસૂરિ છે. ૨૮૦૦ શ્લોક પ્રમાણ આ કૃતિમાં ૨૦ સ્થાનકના તપ, કથાનકો વિસ્તારથી આપ્યા છે.

**(૨૨) ચર્ચરી :**

આ અપભ્રંશ કૃતિનાં ૪૭ પદ્ય છે. એની રચના ખડતરગચ્છ જિનદત્તસૂરિએ કરી છે. એમાં વિધિચૈત્યગૃહની વિધિ, ઉત્સૂત્રભાષણનો નિષેધ ઇત્યાદિ વાતોને સ્થાન આપ્યું છે.

**(૨૩) કાલ સ્વરૂપ ફલક :**

એના કર્તા જિનદત્તસૂરિ છે. આ રચનામાં વિવિધ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. અપભ્રંશ તથા "પદ્ધરિકા" છંદમાં આ કૃતિ રચિત છે.

**(૨૪) આગમિક વસ્તુ વિચાર સાર :**

આ જૈન મહારાષ્ટ્રીમાં ૮૬ પદ્યોની રચના છે. આ પ્રાચીન કર્મગ્રંથોમાંથી એક માનવામાં આવે છે. એમાં જીવ માર્ગણા, યોગ, ઉપયોગ અને લેશ્યાનું નિરૂપણ છે. એના રચયિતા ખરતરગચ્છના જિનવલ્લભસૂરિ છે.

**(૨૫) સૂક્ષ્માર્થ વિચાર સાર[૧૨૭] :**

આ કૃતિ પણ જિનવલ્લભસૂરિની છે. તેઓ નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય હતા. એમાં કર્મસિદ્ધાંતનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**(૨૬) પ્રશ્નોત્તર રત્નમાલા[૧૨૮] :**

૨૯ પદ્યોની આ કૃતિ સર્વમાન્ય, સામાન્ય નીતિ પર પ્રશ્ન અને ઉત્તરથી પ્રકાશ પાડે છે. એના પ્રણેતા વિમલસૂરિ છે.

**(૨૭) સર્વસિદ્ધાંત વિષમપદ પર્યાય :**

આ કૃતિ શ્રી ચંદ્રસૂરિની છે. તે કૃતિ ૨૨૬૪ શ્લોક પ્રમાણ છે. તેમાં વિવિધ આગમોની વ્યાખ્યાઓમાં આવવાવાળા દુર્બોધ પર પ્રકાશ પાડે છે.

**(૧) કષાય પાહુડ :**

કષાય પ્રાભૃત પ્રાકૃતગાથાઓમાં નિબદ્ધ છે. તેની કુલ ૨૨૩ ગાથા છે. તેમાં ૧૫-અધિકારો છે. ગ્રંથની રચના જન સાધારણ માટે કરી નથી. પરંતુ કર્મસિદ્ધાંતના પારગામી બહુશ્રુતો માટે કરવામાં આવેલ છે. પ્રશ્નાત્મક પ્રણાલી ખૂબ જ પ્રાચીન છે.

કષાય પાહુડ, ષટ્ખંડાગમ આદિ સમસ્ત કરણાનુયોગ વિષયક કર્મસિદ્ધાંતથી જોડાયેલું છે. કર્મના મૂળ આઠ ભેદ છે. તેમાં ૧૫૮ ભેદ છે. જેને કર્મની પ્રકૃતિઓ કહેવાય છે. તે કર્મોની બંધ, સત્તા, અપકર્ષણ આદિ ૧૦ અવસ્થાઓ હોય છે. આગળ ચતુસ્થાન અર્થાધિકારનું મંથન છે. તેમાં ચાર પ્રકારના કષાયનું વર્ણન છે. ત્યારબાદ સમક્તિનું વર્ણન કરતાં ક્ષાયક સમક્તિની વિસ્તૃત વ્યાખ્યા કરી છે. આ રીતે આચાર્ય ગણધરે આ ગ્રંથમાં મોહનીય કર્મની પ્રકૃતિ સત્વ, સ્થિતિ સત્વ, અનુભાગ સત્વ અને પ્રદેશ સત્વના પૃચ્છા સાથે બંધ, ઉદય, ઉદિરણાનો માત્ર નિર્દેશ કરીને સંક્રમણનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

**ષટ્ખંડાગમ :-**

દિગંબર પરંપરાનો બીજો મહત્વપૂર્ણ ગ્રંથ ષટ્ખંડગમ છે. ધરસેનીચાર્યે પુષ્પદંત અને ભૂતબલિ નામના મુનિઓને મહાકર્મપ્રકૃતિ પ્રાભૃતનું અધ્યયન કરાવવું ગુરુ દ્વારા પ્રાપ્ત પોતાના જ્ઞાનના આધારે જ તે બંને આચાર્યોએ ષટ્ખંડાગમની રચના કરી. ષટ્ખંડાગમસિદ્ધાંતનો આગળનો ભાગ વનવાસદેશમાં અને બાકીનો ગ્રંથ દ્રવિડ દેશમાં રચાયો હશે. આ ગ્રંથની શૈલી આગમિક સૂત્રશૈલી છે. **પ્રથમ ખંડ**નું નામ જીવસ્થાન છે. તેના આઠ અનુયોગદ્વાર છે. પ્રથમ અનુયોગદ્વાર સત્પ્રરૂપણાના કર્તા આચાર્ય પુષ્પદંત છે. બાકીના કર્તા આચાર્ય ભૂતબલિ છે. સત્પ્રરૂપણાના ૧૭૭ સૂત્રો છે. **બીજા ખંડ**નું નામ ખુદ્ધબંધ છે. તેમાં ક્ષુદ્રરૂપથી કર્મબંધનું વિવેચન છે. નારકીજીવ, તિર્યંચ, દેવ બંધક છે. પરંતુ મનુષ્ય બંધકપણ છે અને અબંધકપણ છે. આગળ આ બંધકોના ૧૧ અનુયોગદ્વાર બતાવ્યા છે. **ત્રીજા ખંડ**નું નામ બંધસ્વામિત્વ છે. તેની સૂત્ર સંખ્યા ૩૨૪ છે. ત્રીજા ખંડમાં સામાન્ય પ્રકૃતિઓનો નામ નિર્દેશ કરીને બંધક અને અબંધક ગુણસ્થાનોનો નિર્દેશ કર્યો છે. **ચોથા ખંડ**નું નામ વેદનાખંડ છે. આ ખંડથી ષટ્ખંડાગમનો

ઉત્તર ભાગ શરૂ થાય છે. આ ખંડમાં મહાકર્મ પ્રકૃતિ પ્રાભૃતના ૨૪ અનુયોગદ્વારોમાંથી બે અનુયોગદ્વાર સંક્ષિપ્ત કરેલા છે. કૃતિ અનુયોગદ્વાર અને વેદના અનુયોગદ્વાર એ બંનેમાં વેદનાનું પ્રાધાન્ય હોવાથી આ ખંડનું નામ વેદના રાખવામાં આવ્યું છે. **પાંચમા ખંડનું** નામ વર્ગણા ખંડ છે. તેમાં ૧૬ અવાન્તર અનુયોગદ્વાર છે. તેનાં ૭૩ સૂત્ર છે. આ રીતે પાંચમાં વર્ગણાખંડની સમાપ્તિ સાથે ભૂતબલી વિરચિત ષટ્ખંડાગમના પાંચ ખંડ સમાપ્ત થઈ જાય છે. મહાબંધને તેનાથી અલગ સ્વતંત્રરૂપમાં ગણવામાં આવે છે. તેથી વર્ગણાખંડની સાથે જ ષટ્ખંડાગમ નામનો ગ્રંથ સમાપ્ત થઈ જાય છે.

## મહાબંધ :

મહાબંધ સિદ્ધાંતગ્રંથના રચયિતા પણ આચાર્ય ભૂતબલિ છે. આ સિદ્ધાંત ગ્રંથ ષટ્ખંડાગમનો અંતિમ ખંડ છે. મહાબંધમાં જ્ઞાનાવરણીયની પ્રકૃતિઓના નિમિત્તથી જ્ઞાનના ભેદનું વિવેચન તો પ્રકૃતિ અનુયોગદ્વાર પ્રમાણે કર્યું છે. પરંતુ બાકીના સાત કર્મોની પ્રકૃતિઓની માત્ર સંખ્યા બતાવી છે. મહાબંધમાં પણ તીર્થંકર પ્રકૃતિ બંધનાં ૧૬ કારણ બતાવ્યા છે. પ્રકૃતિબંધાધિકાર, સ્થિતિબંધાધિકાર, અનુભાગ બંધાધિકાર અને પ્રદેશાબંધાધિકારનું વિસ્તૃત વર્ણન અનુયોગદ્વારો પ્રમાણે કરેલું છે.

આમ મહાબંધની અંતર્ગત ઉપર્યુક્ત ચારેય અધિકારોની શૈલી અને અનુયોગદ્વાર આદિ બધું સમાન છે. માત્ર આધારભૂત પ્રકૃતિબંધ, સ્થિતિબંધ આદિ બધાંને કારણે જ વિષયભેદ જોવા મળે છે. મહાબંધના ઉપર્યુક્ત વસ્તુ વિશ્લેષણથી આ સ્પષ્ટ છે કે આ સિદ્ધાંત ગ્રંથમાં અનુયોગદ્વાર પૂર્વકબંધના ભેદોનું વિવેચન કરવામાં આવેલ છે. વાસ્તવમાં બંધનું આવું સૂક્ષ્મ અને વિસ્તૃત પ્રતિપાદન અન્યત્ર દુર્લભ છે.

### (૧) જૈનેન્દ્ર વ્યાકરણ :

શ્રવણવેલ ગોલાના શિલાલેખમાં પૂજ્યપાદને જૈનેન્દ્ર વ્યાકરણના રચયિતા બતાવ્યા છે. જૈનેન્દ્રની હસ્તલિખિત પ્રતિઓ પણ મળે છે.

**(૨) સર્વાર્થસિદ્ધિ :**

તત્ત્વાર્થ પર પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિ નામની વૃત્તિ રચી હતી. સોળ સ્વર્ગોથી ઉપર બધાથી ઊંચે પાંચ અનુત્તર વિમાનનું નામ સર્વાર્થસિદ્ધ છે. જે જીવ સર્વાર્થ સિદ્ધિમાં ઉત્પન્ન થાય છે તે એકાવતારી બની નિયમથી મોક્ષ પ્રાપ્ત કરે છે. સર્વાર્થસિદ્ધિમાં એક પણ શબ્દ વ્યર્થ પ્રયુક્ત થયો નથી. તત્ત્વાર્થસૂત્રનું ટીકાગ્રંથ હોવાથી સર્વાર્થસિદ્ધિમાં પણ તે જ વિષયોનું વિવેચન છે. જેનો નિર્દેશ તત્ત્વાર્થસૂત્રમાં છે. દશ અધ્યાયોમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. **પ્રથમ અધ્યાય**માં છઠ્ઠાસૂત્રમાં પૂજ્યપાદે પ્રમાણની જેમ શ્રુતજ્ઞાનને સ્વાર્થ અને પરાર્થ બતાવ્યું છે તથા તેનો ભેદ નય છે. સત્ સંખ્યા આદિસૂત્રની વૃત્તિમાં સત્ આદિ આઠ અનુયોગો દ્વારા ૧૪ માર્ગણાઓમાં ગુણસ્થાનોનું વિવેચન સારી રીતે કર્યું છે. જેનો આધાર 'ષટ્ખંડાગમ, જીવટ્ઠાણનાસૂત્ર છે. ૩૩મા સૂત્રની વૃત્તિમાં નયના સાત ભેદોનું સ્વરૂપ સુંદર રીતે બતાવ્યું છે. **બીજા અધ્યાય**માં ત્રીજા સૂત્રમાં કાલલબ્ધિ નામથી જ લબ્ધિઓનો નિર્દેશ કર્યો છે. **ત્રીજો અને ચોથો અધ્યાય** લોકઅનુયોગથી સંબંધ છે. તેમાં ત્રણ લોકનું વર્ણન છે. **પાંચમા અધ્યાય**માં દ્રવ્યોનું કથન હોવાથી તેમાં પૂજ્યપાદે અનેક દાર્શનિક ચર્ચાઓ કરી છે. **છઠ્ઠા અધ્યાય**માં સૂત્રથી કેવલી,, શ્રુત, સંઘ અને દેવોના અવર્ણવાદથી દર્શન મોહનીય કર્મનો આશ્રવ બતાવેલ છે. **સાતમા અધ્યાય**માં "રાત્રિભોજન" ત્યાગ નામનું એક છઠ્ઠું અણુવ્રત પણ છે. **આઠમા અધ્યાય**માં કર્મબંધનું અને કર્મના ભેદ-પ્રભેદોનું વર્ણન છે. **નવમા અને દશમા અધ્યાયો**ની વ્યાખ્યામાં પણ અનેક સૈદ્ધાંતિક વાતોનું કથન સંક્ષેપમાં પરંતુ સુંદર અને સ્પષ્ટ રીતે કર્યું છે.

આમ ઈતિહાસ સિદ્ધાંતમાં બધા આગમોનો પરિચય કરાવ્યો છે. નિર્યુક્તિઓ અને નિર્યુક્તિકારનો, ભાષ્યો અને ભાષ્યકારનો, ચૂર્ણિઓ અને ચૂર્ણિકારનો, ટીકાઓ અને ટીકાકારનો વિશેષ રીતે પરિચય આપ્યો છે. દિગંબર પરંપરાના કર્તાઓ અને તેમની કૃતિઓ, અન્ય કર્તાઓ અને તેમની કૃતિઓ પર પ્રકાશ પાડ્યો છે. કષાય પાહુડ, ષટ્ખંડાગમ, મહાબંધ આદિ ગ્રંથો અને ગ્રંથકારની ઓળખ કરાવી છે. અંતમાં તત્ત્વાર્થ વિષયક સાહિત્યમાં પણ જૈનેન્દ્ર વ્યાકરણ અને સર્વાર્થ સિદ્ધિ ગ્રંથની અને ગ્રંથકારની માહિતી આપી છે. જ્યાં અર્થની વિચારણા કરવામાં આવે છે તેને પ્રકરણ કહે છે. એવા અનેક પ્રકરણોનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે.

**ટિપ્પણી :-**

૧. જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ, ભાગ-૧. (૧) આચારાંગ સૂત્ર

(૧) આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ W. Schubring, leipzig, 1910 જૈન સાહિત્ય સંશોધક સમિતિ, પૂના, ઈ. સ. ૧૯૨૪

(૨) નિર્યુક્તિ તથા શીલાંક, જિનહંસ અને પાર્શ્વચંદ્રની ટીકાઓની સાથે ધનપત્તસિંહ કલકત્તા, વિ.સં. ૧૯૩૬

(૩) નિર્યુક્તિ અને શીલાંકની ટીકા સાથે - આગમોદય સમિતિ, સુરત, વિ.સં. ૧૯૭૨

(૪) અંગ્રેજી અનુવાદ H. Jacobi, S.B.E. Series, Vol. 22, Oxford - 1884

(૫) (મૂલ) H. Jacobi, Pali, Text Society, London - 1882. Worte Mahavira.

(૬) પ્રથમ શ્રુતસ્કંધનું જર્મન અનુવાદ W.Schubring, Loipzing, 1926

(૭) ગુજરાતી અનુવાદ - રવજીભાઈ દેવરાજ, જૈન પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદ. ઈ. સ. ૧૯૦૨

(૮) ગુજરાતી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ, નવજીવન કાર્યાલય, અમદાવાદ, વિ.સં.૧૯૧૨

(૯) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ, વિ.સં. ૨૪૪૬

(૧૦) પ્રથમ શ્રુતસ્કંધનો ગુજરાતી અનુવાદ - મુનિ સૌભાગ્યચંદ્ર (સંતબાલ) મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૬

(૧૧) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિંદી-ગુજરાતી અનુવાદ સાથે -મુનિ- ઘાસીલાલ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૭

(૧૨) હિન્દી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ, શ્વેતા.સ્થા. જૈન કોન્ફરેંસ, મુંબઈ. વિ.સ. ૧૯૯૪

(૧૩) પ્રથમ શ્રુતસ્કંધનો બંગાલી અનુવાદ - હીરાકુમારી, જૈન શ્વેતા તેરાપંથી મહાસભા, કલકત્તા. વિ. સં. ૨૦૦૯

૨. જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ-૧ - (૨) સૂત્રકૃતાંગ સૂત્ર.

(૧) નિર્યુક્તિ અને શિલાંકની ટીકા સાથે - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૭

(૨) શિલાંક, હર્ષકુલ અને પાર્શ્વચંદ્રની ટીકાઓ સાથે - ધનપતસિંહ, કલકત્તા. વિ.સં. ૧૯૩૬

(૩) અંગ્રેજી અનુવાદ - H. Jacobi, S.B.E., Series Vol. 45, Oxford - 1895

(૪) હિન્દી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ, શ્વે.સ્થા. જૈન કોન્ફરેંસ. મુંબઈ. ઈ. સ. ૧૯૩૮

(૫) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ, વી.સં. ૨૪૪૬

(૬) નિર્યુક્તિ સહિત, પી.એલ. વૈદ્ય પૂના. ઈ. સ. ૧૯૨૮

(૭) ગુજરાતી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ, પૂંજાભાઈ જૈન ગ્રંથમાલા, અમદાવાદ

(૮) પ્રથમ શ્રુતસ્કંધ શીલાંકકૃત ટીકા અને તેના હિન્દી અનુવાદ સાથે - અંબિકાદત્ત ઓઝા. મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી, રાજકોટ, વિ.સં. ૧૯૯૩, ૧૯૯૫.

દ્વિતીય શ્રુતસ્કંધ - હિન્દી અનુવાદ સહિત - અંબિકાદત્ત ઓઝા, બેંગલોર, વિ.સં. ૧૯૯૭

જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ ભાગ-૧

૩. સ્થાનાંગ સૂત્ર

(૧) અભયદેવકૃત વૃત્તિ સહિત - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૦

માણેકલાલ ચુનીલાલ, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૭

(૨) આગમ સંગ્રહ - બનારસ, ઈ. સ. ૧૮૮૦

(૩) અભયદેવવૃત્તિના ગુજરાતી અનુવાદ સાથે - આઠ કોટી મોટી પક્ષ સંઘ મુદ્રા (કચ્છ) વિ.સં. ૧૯૯૯

(૪) ગુજરાતી અનુવાદ સહિત - જીવરાજ ઘેલાભાઈ દોશી. અમદાવાદ.

(૫) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ. વિ.સં. ૨૪૪૬.

(૬) ગુજરાતી રૂપાંતર - દલસુખ માલવણિયા, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ઈ. સ. ૧૯૫૫

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

૪. સમવાયાંગ સૂત્ર :-

(૧) અભયદેવકૃત વૃત્તિ સહિત આગમોદય સમિતિ, સૂરત. ઈ. સ. ૧૯૧૯

(૨) આગમસંગ્રહ, બનારસ. ઈ. સ. ૧૮૮૦

(૩) અભયદેવવૃત્તિના ગુજરાતી અનુવાદની સાથે જેઠાલાલ હરિભાઈ, જૈનધર્મ પ્રચારક સભા, ભાવનગર, વિ.સં. ૧૯૯૫

(૪) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ. વી.સં. ૨૪૪૬

(૫) ગુજરાતી રૂપાંતર - દલસુખ માલવણિયા, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ઈ. સ. ૧૯૫૫

(૬) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદની સાથે મુનિ ઘાસીલાલ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૨

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

૫. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ :-

(૧) અભયદેવકૃત વૃત્તિ સહિત - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૮-૧૯૨૧ ધનપતસિંહ, બનારસ, ઈ. સ. ૧૮૮૨, ઋષભદેવજી કેશરીમલજી જૈન, શ્વેતા. સંસ્થા, રતલામ. ઈ. સ. ૧૯૩૭-૧૯૪૦. (૧૪ શતક સુધી)

(૨) ૧૫મા શતકનો અંગ્રુજી અનુવાદ - Hornlo, Appendix to Bibiotheca Indica, culcutta, 1885-1888

(૩) છઠ્ઠા શતક સુધી - અભયદેવકૃત વૃત્તિ અને તેના ગુજરાતી અનુવાદ સાથે - બેચરદાસ દોશી, જિનાગમ પ્રકાશક સભા, મુંબઈ. વિ.સં. ૧૯૭૪-૭૯. ૭થી ૧૫ શતક મૂલ અને ગુજરાતી અનુવાદ સાથે ભગવાનદાસ દોશી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. વિ.સં. ૧૯૮૫, શતક ૧૬ થી ૪૧ મૂલ અને ગુજરાતી અનુવાદ - ભગવાનદાસ દોશી, જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ વિ.સં. ૧૯૮૮

(૪) ભગવતી સાર - ગુજરાતી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ. જૈન સાહિત્ય

પ્રકાશન સમિતિ, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૮

(૫) હિન્દી વિષયાનુવાદ (૧ થી ૨૦ શતક) મદનકુમાર મહેતા, શ્રુત પ્રકાશન મંદિર, કલકત્તા. વિ.સં. ૨૦૧૧

(૬) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદની સાથે મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ, ઈ. સ. ૧૯૬૧

(૭) હિન્દી અનુવાદની સાથે - અમોલખઋષિ, હૈદ્રાબાદ. વી.સં. ૨૪૪૬

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

૬. જ્ઞાતાધર્મ કથા :-

(૧) અભયદેવકૃત વૃત્તિ સહિત - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૬ । આગમ સંગ્રહ, કલકત્તા. ઈ. સં. ૧૮૭૬ । સિદ્ધચક સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૫૧, ૧૯૫૨

(૨) ગુજરાતી છાયાનુવાદ - પુંજાભાઈ જૈન ગ્રંથમાલા, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૧

(૩) હિન્દી અનુવાદ - મુનિ પ્યારચંદ, જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ, રતલામ. વિ.સં. ૧૯૯૫

(૪) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદ સાથે - મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૩

(૫) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ. વી.સં. ૨૪૪૬

(૬) ગુજરાતી અનુવાદ સહિત, (૧ થી ૮ અધ્યયન) જેઠાલાલ, જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર વિ.સં. ૧૯૮૫

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

૭. ઉપાસક દશા :-

(૧) અભયદેવકૃત ટીકા સહિત - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૦

ધનપતસિંહ કલકત્તા. ઈ. સ. ૧૮૭૬

(૨) પ્રસ્તાવના આદિ સાથે - પી.એલ.વૈદ્ય પૂના. ઈ. સ. ૧૯૩૦

(૩) અંગ્રેજી અનુવાદ સાથે - Hoornle, Appendix to Bibitiotheca Indica, culcutta, 1885-1888

(૪) ગુજરાતી છાયાનુવાદ - પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૧

(૫) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી, ગુજરાતી, અનુવાદની સાથે મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૧

(૬) અભયદેવકૃત ટીકાના ગુજરાતી અનુવાદ સાથે - ભગવાનદાસ હર્ષચંદ્ર. અમદાવાદ. વિ. સં. ૧૯૯૨.

(૭) હિન્દી અનુવાદ સહિત. અમોલખઋષિ, હૈદ્રાબાદ. વિ. સં. ૨૪૪૬.

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

૮. અંતગડદશા :-

(૧) અભયદેવકૃત વૃત્તિ સહિત, આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૦

ધનપતસિંહ, કલકત્તા, ઈ. સ. ૧૮૭૫

(૨) પ્રસ્તાવના આદિની સાથે પી.એલ.વૈદ્ય, પૂના. ઈ. સ. ૧૯૩૨

(૩) અંગ્રેજી અનુવાદ - L.D. Barnett, 1907

(૪) અભયદેવવિહિત વૃત્તિના ગુજરાતી અનુવાદની સાથે - જૈનધર્મ પ્રચારક સભા, ભાવનગર. વિ.સં. ૧૯૯૦

(૫) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદની સાથે - મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૮

(૬) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ - હૈદ્રાબાદ. વી.સં. ૨૪૪૬

(૭) ગુજરાતી અનુવાદ - ગોપાલભાઈ જીવાભાઈ પટેલ. જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ. ઈ. સ. ૧૯૪૦

૯. અનુત્તરોવવાઈય દશા :-

(૧) અભયદેવવિહિત વૃત્તિ સહિત - આગમોદય સમિતિ, સુરત. ઈ. સ. ૧૯૨૦ ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ. ૧૮૭૫

(૨) પ્રસ્તાવના આદિ સાથે - પી.એલ.વૈદ્ય, પૂના. ઈ. સ. ૧૯૩૨

(૩) અંગ્રેજી અનુવાદ - L.D. Barnett, 1907

(૪) મૂળ, જૈન આત્માનંદ સભા, ભાવનગર. ઈ. સ. ૧૯૨૧

(૫) અભયદેવવિહિત વૃત્તિના ગુજરાતી અનુવાદ સાથે - જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર. વિ.સં. ૧૯૯૦

(૬) હિન્દી ટીકા સહિત - મુનિ આત્મારામ, જૈન શાસ્ત્રમાલા કાર્યાલય, લાહોર. ઈ. સ. ૧૯૩૬

(૭) સંસ્કૃત વ્યાખ્યા અને હિન્દી ગુજરાતી અનુવાદની સાથે - મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૯

(૮) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ. વી.સં. ૨૪૪૬

(૯) હિન્દી અનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ, જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ. ઈ. સ. ૧૯૪૦

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

૧૦. પ્રશ્નવ્યાકરણ :-

(૧) અભયદેવવિહિત વૃત્તિ સહિત - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૯

ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ. ૧૮૭૬

(૨) જ્ઞાનવિમલ વિરચિત વૃત્તિ સહિત, મુક્તિ વિમલ જૈન ગ્રંથમાલા, અમદાવાદ. વિ.સં. ૧૯૯૫

(૩) હિન્દી ટીકા સહિત - મુનિ હસ્તીમલ સુરાણા, પાલી. ઈ. સ. ૧૯૫૦

(૪) સંસ્કૃત વ્યાખ્યા અને હિન્દી ગુજરાતી અનુવાદની સાથે - મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૨

(૫) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ, વી.સં. ૨૪૪૬

ઘેવરચંદ્ર બાંઠિયા, શેઠિયા જૈન પારમાર્થિક સંસ્થા, બીકાનેર, વિ.સં. ૨૦૦૯

(૬) ગુજરાતી અનુવાદ - મુનિ છોટાલાલજી સ્વામી પુસ્તકાલય, લીંબડી. ઈ. સ. ૧૯૩૯

૧૧. વિપાક સૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

(૧) અભયદેવવિહિત વૃત્તિ સહિત, આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૦ । ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ. ૧૮૩૬ । મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, ઈ. સ. ૧૯૨૦

(૨) પ્રસ્તાવના આદિની સાથે - પી.એલ.વૈદ્ય પૂના. ઈ. સ. ૧૯૩૩

(૩) ગુજરાતી અનુવાદ સહિત, જૈન પ્રચારક સભા, ભાવનગર. વિ.સં. ૧૯૮૭

(૪) હિન્દી અનુવાદ સહિત મુનિ આનંદ સાગર, હિન્દી જૈનાગમ પ્રકાશક સમિતિ કાર્યાલય, કોટા. ઈ. સ. ૧૯૩૫ । અમોલખ ઋષિ, હૈદ્રાબાદ - વિ. સં. ૨૪૪૬

(૫) હિન્દી ટીકા સહિત - જ્ઞાનમુનિ, જૈન શાસ્ત્રમાળા કાર્યાલય, લુધિયાણા. વિ.સં. ૨૦૧૦

(૬) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદ સાથે - મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૯

(૭) ગુજરાતી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ, જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ. ઈ. સ. ૧૯૪૦

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

૧૨. ઉવવાઈય સૂત્ર :-

(૧) અભયદેવકૃત સંસ્કૃતવૃત્તિ અને અમૃતચંદ્રકૃત હિન્દી બાલાવબોધ સહિત, ધનપતસિંહ, મુર્શિદાબાદ. ઈ. સ. ૧૮૮૦

(૨) પ્રસ્તાવના આદિની સાથે - Leamann, Leipzing - 1883

(૩) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, લાલા સુખદેવ સહાય જવાલાપ્રસાદ, હૈદ્રાબાદ ઈ.

સ. ૧૮૨૦

(૪) મૂળ એન.જી. શુબ્રિંગ.

(૫) સંસ્કૃત વૃત્તિ સહિત. પં. દયાનંદ વિમલ ગ્રંથમાલા. ઈ. સ. ૧૯૩૮

(૬) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદની સાથે - મુનિ ઘાસીલાલ, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૯

(૭) ઉમેશચંદ્રજીકૃત હિન્દી, અનુવાદ સહિત - અખિલ ભારતીય જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના ઈ. સ. ૧૯૬૪

(૮) મૂલ - જિનેન્દ્ર વિજયગણિ, હર્ષપુષ્પામૃત, જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર. ૧૯૭૭

(૯) મૂલ રતનલાલ કોશી, અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ સંઘ, સૈલાના. ૧૯૮૦

(૧૦) હિન્દી અનુવાદ સહિત - મધુકર મુનિ । છગનલાલ શાસ્ત્રી - આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર ઈ. સ. ૧૯૮૨

જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૧

૧૩. રાજપ્રશ્નીય :-

(૧) મલયગિરિકૃત ટીકા સહિત - ધનપતસિંહ ઈ. સ. ૧૮૮૦

(૨) હિન્દી અનુવાદ સાથે અમોલખઋષિ, લાલ સુખદેવ સહાય, જવાલાપ્રસાદ - હૈદ્રાબાદ. ઈ. સ. ૧૯૨૦

(૩) ગુજરાતી અનુવાદ પં. બેચરદાસ દોશી, લાઘાજી સ્વામી પુસ્તકાલય, લીંબડી . ઈ. સ. ૧૯૩૫

(૪) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદ સાથે. મુનિ ઘાસીલાલ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૫

(૫) મૂલ - જિનેન્દ્ર વિજયગણિ, હર્ષપુષ્પામૃત ગ્રંથમાળા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર. ઈ. સ. ૧૯૭૭

(૬) મૂલ - રતનલાલ કોશી અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

(૭) હિન્દી અનુવાદ સહિત - મધુકર મુનિ, છગનલાલ શાસ્ત્રી, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર. ઈ. સ. ૧૯૮૨

જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૧

૧૪. જીવાજીવાભિગમ :-

(૧) મલયગિરિકૃત વૃત્તિ સહિત - દેવચંદ્ર લાલભાઈ - જૈન પુસ્તકોદ્ધાર ફંડ. મુંબઈ. ઈ. સ. ૧૯૧૯

(૨) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, લાલા સુખદેવ સહાય જ્વાલાપ્રાસાદ, હૈદ્રાબાદ. ઈ. સ. ૧૯૨૦

(૩) મલયગિરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન સાથે ધનપતસિંહ, અમદાવદ. ઈ. સ. ૧૮૮૩

(૪) મૂલ-જિનેન્દ્ર ગણી, હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર, ઈ. સ. ૧૯૭૭

(૫) મૂલ રતનલાલા ડોશી. અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

(૬) મૂલ અને હિન્દી અનુવાદ સાથે મધુકર મુનિ - આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, ઈ. સ. ૧૯૮૦

(૭) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી-ગુજરાતી અનુવાદની સાથે - મુનિ ઘાસીલાલ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ - રાજકોટ. ઈ. સ. ૧૯૭૧-૭૫

જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૧

૧૫. પ્રજ્ઞાપના સૂત્ર :-

(૧) મલયગિરિ વિહિત વિવરણ, રામચંદ્રકૃત સંસ્કૃત છાયા - ધનપતસિંહ, બનારસ, ઈ. સ. ૧૮૮૪

(૨) મલયગિરિ ટીકા સાથે - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૯

(૩) હિન્દી અનુવાદ સાથે - અમોલખઋષિ લાલા સુખદેવ સહાય જ્વાલાપ્રસાદ, હૈદ્રાબાદ ઈ.સ. ૧૯૨૦

(૪) મલયગિરિ કૃત ટીકાના ગુજરાતી અનુવાદ સાથે - ભગવાનદાસ હર્ષચંદ્ર જૈન સોસાયટી, અમદાવાદ ઈ.સ. ૧૯૩૫

(૫) હરિભદ્રવિહિત પ્રદેશ વ્યાખ્યા સહિત - ઋષભદેવજી કેશરીમલજી - શ્વેતા. સંસ્થા. ઈ. સ. ૧૯૪૭-૪૯

(૬) હિન્દી થોકડા, રોશનલાલ અગરચંદ શેઠીયા પારમાર્થિક સંસ્થા - બીકાનેર. ઈ. સ. ૧૯૫૯-૬૨

(૭) મૂલ - સં. પુણ્યવિજયજી, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. ઈ. સ. ૧૯૭૧

(૮) મૂલ- સં. જિનેન્દ્રવિજયગણિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર; ઈ. સ. ૧૯૭૬

(૯) મૂલ - રતનલાલ ડોશી, અખિલ ભારતીય જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના ઈ. સ. ૧૯૮૦

(૧૦) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી-ગુજરાતી અનુવાદની સાથે - મુનિ ઘાસીલાલ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૯

(૧૧) હિન્દી અનુવાદ સાથે - મધુકર મુનિ, જ્ઞાનમુનિ, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, ઈ. સ. ૧૯૮૩

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ - ૨

૧૬. સૂર્ય પ્રજ્ઞાપ્તિ સૂત્ર :-

(૧) મલયગિરિ વિહિત વૃત્તિ સહિત - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૯

(૨) હિન્દી અનુવાદ સાથે - અમોલખઋષિ - લાલસુખદેવ સહાય, જ્વાલાપ્રસાદ, હૈદ્રાબાદ. ઈ. સ. ૧૯૨૦

(૩) મૂલ - (રોમનલિપિ) જે.એફ. કોલ. સ્ટુટગર્ટ. ઈ. સ. ૧૯૩૭

(૪) સંસ્કૃત વૃત્તિ અને તેના હિન્દી-ગુજરાતી અનુવાદ સાથે - મુનિ ઘાસીલાલજી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૨૦

(૫) મૂલ - જિનેન્દ્રવિજયગણિ, હર્ષપુષ્પામૃત, જૈનગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી. સૌરાષ્ટ્ર. ઈ. સ. ૧૯૭૭

(૬) મૂલ - રતનલાલ ડોશી, અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ સૈલાના. ઈ. સ. ૧૯૮૦

૧૭. ચંદ્ર પ્રજ્ઞપ્તિ જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

(૧) સંસ્કૃત વૃત્તિ સહિત - મુનિ ઘાસીલાલ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ ઈ. સ. ૧૯૬૬

(૨) હિન્દી અનુવાદ સાથે - અમોલખઋષિ - લાલસુખદેવ જ્વાલાપ્રસાદ, હૈદ્રાબાદ. ઈ. સં. ૧૯૨૦

(૩) હિન્દી અનુવાદ ઘેવરચંદજી - સ્થા. શ્વેતા. જૈનહિતકારિણી સભા, બીકાનેર

(૪) મૂલ સં. જિનેન્દ્રગણિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર. ઈ. સ.૧૯૭૭

(૫) મૂલ સં. રતનલાલ ડોશી અખીલ ભારતીય સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

૧૮. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૧

(૧) શાંતિચંદ્રવિહિત વૃત્તિ સહિત લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ, મુંબઈ. ઈ. સ. ૧૯૨

(૨) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ લાલાસુખદેવ સહાય જ્વાલાપ્રસાદ, હૈદ્રાબાદ, ઈ. સ. ૧૯૨૦

(૩) સંસ્કૃત વૃત્તિ અને તેના હિન્દી-ગુજરાતી અનુવાદની સાથે - મુનિ ઘાસીલાલજી, શ્રી અ.ભા.સ્થા.શ્વેતા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૭૮

(૪) હિન્દી અનુવાદ સહિત મધુકર મુનિ । છગનલાલ શાસ્ત્રી, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર. ઈ. સ. ૧૯૮૩

(૫) મૂલ સં. જિનેન્દ્રગણિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર. ઈ. સ. ૧૯૭૮

(૬) મૂલ સં. રતનલાલ ડોશી. અ.ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના, ઈ. સ. ૧૯૮૦

૧૯. નિરયાવલિકા શ્રુતસ્કંધ :- જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૧

(૧) ટિપ્પણી સહિત - સં.વારેન, એમ્સ્ટર્ડમ્ ઈ. સ. ૧૮૮૯

(૨) ચંદ્રસૂરિ કૃત વૃત્તિ તથા ગુજરાતી વિવેચન સાથે, આગમ સંગ્રહ, બનારસ, ઈ. સ. ૧૮૮૫

(૩) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, લાલાસુખદેવ સહાય જ્વાલાપ્રસાદ, હૈદ્રાબાદ. ઈ. સ. ૧૯૨૦

(૪) ચંદ્રસૂરિકૃત વૃત્તિ સહિત - દાનવિજયગણિ આગમોદય સમિતિ, ઈ. સ. ૧૯૨૨

(૫) પ્રસ્તાવના આદિની સાથે - પી.એલ.વૈદ્ય. પૂના. ઈ. સ. ૧૯૩૪

(૬) ચંદ્રસૂરિકૃત ટીકાના ગુજરાતી - હિન્દી અનુવાદની સાથે મુનિ ઘાસીલાલજી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૦

(૭) મૂલ સં. જિનેન્દ્રવિજયગણિ, હર્ષપુષ્પામૃત જૈનગ્રંથમાલા, લાખાબાવળ,શાંતિપુરી, સૌરાષ્ટ્ર, ઈ. સ. ૧૯૭૮

(૮) મૂલ સં. રતનલાલ ડોશી, અ.ભા.સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

(૯) હિન્દી અનુવાદ સહિત - મધુકર મુનિ, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર. ઈ. સ. ૧૯૮૫

૨૦. ઉત્તરાધ્યયન સૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૧

(૧) અંગ્રેજી પ્રસ્તાવના આદિની સાથે Jarl Charperitier, Upsala - 1923

(૨) અંગ્રેજી અનુવાદ - Motilal Banarsidass Delhi - 1964

(૩) લક્ષ્મી વલ્લભવિહિત વૃત્તિ સહિત આગમ સંગ્રહ કલકત્તા, વિ.સં. ૧૯૩૬

(૪) જયકીર્તિકૃત - હીરાલાલ હંસરાજ, જામનગર. ઈ. સ. ૧૯૦૯

(૫) શાંતિસૂરિ વિહિત શિષ્યહિતા ટીકા સહિત - દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ. ઈ. સ. ૧૯૧૬

(૬) ભાવવિજયવિરહિત વૃત્તિ સહિત - આત્માનંદ સભા, ભાવનગર. વિ.સ. ૧૯૭૪

(૭) કમલ સંયમકૃત ટીકા સાથે - યશોવિજય ગ્રંથમાલા, ભાવનગર. ઈ. સ. ૧૯૨૭

(૮) નેમિચંદ્રવિહિત સુખબોધા વૃત્તિ સહિત - આત્મવલ્લભ ગ્રંથાવલી, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૭

(૯) ગુજરાતી અર્થ અને કથાઓની સાથે - જૈન પ્રાચ્ય વિદ્યાભવન, અમદાવાદ. ઈ. સ. ૧૯૫૪

(૧૦) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ. વિ. સં. ૨૪૪૬ રતનલાલ ડોશી, સૈલાના. વી.સં. ૨૪૮૯

(૧૧) મૂલ. હીરાલાલ હંસરાજ, જામનગર. ઈ. સ. ૧૯૩૮ । જીવરાજ ઘેલાભાઈ. અમદાવાદ. ઈ. સ. ૧૯૧૧

(૧૨) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદ સાથે મુનિ ઘાસીલાલ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૯

(૧૩) હિન્દી ટીકા સહિત - ઉપાધ્યાય આત્મારામજી. જૈન શાસ્ત્રમાળા કાર્યાલય, લાહોર. ઈ. સ. ૧૯૩૯-૪૨

(૧૪) હિન્દી અનુવાદ - મુનિ સૌભાગ્યચંદ્ર (સંતબાલ) શ્વેતા.સ્થા.જૈન. કોન. મુંબઈ. વિ.સ. ૧૯૯૨.

(૧૫) ગુજરાતી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૮

(૧૬) ચૂર્ણિની સાથે - રતલામ. ઈ. સ. ૧૯૩૩

(૧૭) ગુજરાતી અનુવાદ - સંતબાલ. અમદાવાદ.

(૧૮) ટીકા, જયંતવિજય, આગરા. ઈ. સ. ૧૯૨૩

(૧૯) હિન્દી સમીક્ષા - આચાર્ય તુલસી, તેરાપંથી મહાસભા, કલકત્તા, ઈ. સ. ૧૯૬૮

(૨૦) હિન્દી અનુવાદ - યુવાચાર્ય મહાપ્રજ્ઞ - જૈન વિશ્વ ભારતી, લાડનૂં. ઈ. સ. ૧૯૭૫

(૨૧) હિન્દી અનુવાદ સહિત - આચાર્ય હસ્તીમલજી, સમ્યગજ્ઞાન પ્રચારક મંડળ, જયપુર. ઈ. સ. ૧૯૮૩

(૨૨) મૂલ. સં જિનેન્દ્ર વિજયગણિ, હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી. ઈ. સ. ૧૯૭૫

(૨૩) મૂલ. સં. મુનિ કનૈયાલાલજી, આગમ અનુયોગ પ્રકાશન, રાજસ્થાન. ઈ. સ. ૧૯૭૬

(૨૪) મૂલ સં. રતનલાલા ડોશી, અ.ભા.સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના.

(૨૫) મૂલ સં. કલ્યાણઋષિ, અમોલ જ્ઞાનાલય, ધૂલિયા.

(૨૬) મૂલ. સં. મુનિ પુણ્યવિજયજી, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. ઈ. સ. ૧૯૭૭

૨૧. આવશ્યક સૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૧

(૧) ભદ્રબાહુકૃત નિર્યુક્તિની મલયગિરિ કૃત ટીકા સાથે - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૮

(૨) ભદ્રબાહુ નિર્યુક્તિની હરિભદ્રવિહિત વૃત્તિ સહિત આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૬-૧૭

(૩) મલધારી હેમચંદ્રવિહિત પ્રદેશ વ્યાખ્યા - દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર. મુંબઈ. ઈ. સ. ૧૯૨૦

(૪) ગુજરાતી અનુવાદ સહિત - ભીમસી માણેક. મુંબઈ. ઈ. સ. ૧૯૦૬

(૫) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, હૈદ્રાબાદ, વી.સં. ૨૪૪૬

(૬) હિન્દી વિવેચન સહિત - ઉપાધ્યાય અમર મુનિ, સન્મતિ જ્ઞાનપીઠ, આગરા. વિ.સં. ૨૦૦૭

(૭) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી - ગુજરાતી અનુવાદ સાથે - મુનિ ઘાસીલાલજી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૮

(૮) જિનદાસ કૃત ચૂર્ણિ, રતલામ. ઈ. સ. ૧૯૨૮

(૯) ભદ્રબાહુ કૃત, નિર્યુક્તિ, જિનભદ્રકૃત ભાષ્ય અને હેમચંદ્રવૃત્તિ સહિત દિવ્યદર્શન કાર્યાલય, અમદાવાદ. વિ.સં. ૧૯૬૩

(૧૦) નિર્યુક્તિ અને અવચૂરિ સહિત - જ્ઞાન સાગર - ભાવવિજય, દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ, સુરત. ઈ.સ.૧૯૬૩

(૧૧) નિર્યુક્તિ, ભાષ્ય અને સ્વોપજ્ઞવૃત્તિ સહિત સં.નથમલ ટાટિયા, પ્રાકૃત જૈન શોધ સંસ્થાન, વૈશાલી. ઈ. સ. ૧૯૭૨

(૧૨) નિર્યુક્તિ અને અવચૂરિ સહિત - ધીરસુંદર, દેવચંદલાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ, સુરત. ઈ. સ. ૧૯૭૪

(૧૩) મૂલ. સં પુણ્યવિજયજી. મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. ઈ. સ. ૧૯૭૭

(૧૪) મૂલ. વૃત્તિ અને ગુજરાતી અનુવાદ સહિત, ચિદાનંદ કીર્તિ પ્રકાશન, ૧૦/૧૨૭૦ ગોપીપુરા મેન રોડ, સુરત

(૧૫) મૂલ. સં. જિનેન્દ્રગણિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર, ઈ. સ. ૧૯૭૫

(૧૬) મૂલ. સં. રતનલાલ ડોશી. અ.ભા.સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

૨૨. દશવૈકાલિકસૂત્ર - જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૨

(૧) મૂલ - જીવરાજ ઘેલાભાઈ દોશી, અમદાવાદ. ઈ. સ. ૧૯૧૨ । હીરાલાલ હંસરાજ, જામનગર, ઈ. સ. ૧૯૩૮ । મુનિ ત્રિલોકચંદ, જીતમલ જૈન. ઈ. સ. ૧૯૫૧ । આચાર્ય તુલસી તેરાપંથી સભા, કલકત્તા, ઈ. સ. ૧૯૬૭ । જૈન વિશ્વ ભારતી, લાડનૂં, ઈ. સ. ૧૯૭૫ । મુનિ પુણ્યવિજયજી, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. ઈ. સ. ૧૯૭૭ । જિનેન્દ્રવિજયગણિ - હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી. ઈ. સ. ૧૯૭૮ । રતનલાલ ડોશી. અ.ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના, ઈ. સ. ૧૯૮૦

(૨) હરિભદ્ર અને સમયસુંદરની ટીકાઓની સાથે ભીમસી માણેક, મુંબઈ. ઈ. સ. ૧૯૦૦

(૩) સમયસુંદર વિહિત વૃત્તિ સહિત - હીરાલાલ હંસરાજ, જામનગર ઈ. સ. ૧૯૧૫

- જિનયશસૂરિ ગ્રંથામાલા, ખંભાત. ઈ. સ. ૧૯૧૯

(૪) ભદ્રબાહુકૃત નિર્યુક્તિની હરિભદ્રીય વૃત્તિની સાથે દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર મુંબઈ. ઈ. સ. ૧૯૧૮

(૫) અંગ્રેજી અનુવાદ સહિત - કે.સી.લાલવાળી, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી. ૧૯૭૩

(૬) હિન્દી ટીકા સહિત - મુનિ આત્મારામજી, જ્વાલાપ્રસાદ માણેકચંદ ઝવેરી, મહેન્દ્ર ગઢ, વિ.સં. ૧૯૮૯. મુનિ હસ્તિમલજી, મોતીલાલ બાલમુકુંદ મૂથા, સાતારા. ઈ. સ. ૧૯૪૦

(૭) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ, ઘેવરચંદ બાંઠિયા, સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના.

મુનિ અમરચંદ્ર, પંજાબી, વિલાયતી રામ અગ્રવાલ, માચ્છીવાડા વિ.સં. ૨૦૦૦

(૮) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી-ગુજરાતી અનુવાદ સાથે મુનિ ઘાસીલાલજી, જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૫૭-૧૯૬૦

(૯) સુમતિ સાધુ વિરચિત વૃત્તિ સહિત - દેવચંદ લાલભાઈ, જૈન પુસ્તકોદ્ધાર, સુરત, ઈ. સ. ૧૯૫૪

(૧૦) હિન્દી અનુવાદ - મુનિ સૌભાગ્યચંદ્ર (સંતબાલ) । યુવાચાર્ય મહાપ્રજ્ઞ, તેરાપંથી મહાસભા, કલકત્તા - ૧૯૬૭ । મરૂધર કેશરી મિશ્રીમલ, મરૂધર કેશરી પ્રકાશન, બ્યાવર, ૧૯૭૫. મધુકરજી - આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર. ઈ. સ. ૧૯૮૫

(૧૧) હિન્દી અર્થ અને ટિપ્પણીયોની સાથે - આચાર્ય તુલસી, કલકત્તા, વિ.સં. ૨૦૨૦

(૧૨) ગુજરાતી છાયાનુવાદ - ગોપાલદાસ જીવાભાઈ પટેલ, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૯

(૧૩) જિનદાસકૃત ચૂર્ણિ, રતલામ. ઈ. સ. ૧૯૩૩

(૧૪) ચયનિકા, કમલચંદ્ર સોગાણી, પ્રાકૃત ભારતીય એકાદમી, જયપુર. ઈ. સ. ૧૯૮૭.

૨૩. પિંડનિર્યુક્તિ :- જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૨.

(૧) મલયગિરિ વિહિત વૃત્તિ સહિત - દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર. મુંબઈ. ઈ. સ. ૧૯૧૮

જિનેન્દ્રવિજયગણિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી. ઈ. સ. ૧૯૭૮

(૨) ક્ષમારત્ન કૃત અવચૂરિની સાથે - દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સમિતિ, સુરત. ઈ. સ. ૧૯૫૮

મલયગિરિની વૃત્તિ અને હંસસાગર કૃત ગુજરાતી અનુવાદ સહિત, હંસ સાગર શાસન, કંટકોદ્ધારક, જ્ઞાનમંદિર, ઉલિયા, ભાવનગર. ઈ. સ. ૧૯૬૨

૨૪. ઓઘનિર્યુક્તિ - જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૨.

(૧) દ્રૌણાચાર્ય વિહિત વૃત્તિ સહિત આગમોદય સમિતિ, મહેસાણા. ઈ. સ. ૧૯૧૯ ; વિજયદાન સુરીશ્વર જૈન ગ્રંથમાલા, સુરત. ઈ. સ. ૧૯૫૭

૨૫. દશાશ્રુતસ્કંધ :- જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૨.

(૧) જિનેન્દ્રગણિ, હર્ષપુષ્પામૃત, જૈનગ્રંથમાળા, લાખાબાવળ, શાંતિપુરી, ઈ. સ. ૧૯૭૬, રતનલાલ ડોશી. અ.ભા.સા. જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના ઈ. સ. ૧૯૮૦

(૨) મુનિ કન્હૈયાલાલજી, આગમ અનુયોગ પ્રકાશન, સારેરાવ, પાલી ઈ. સ. ૧૯૭૭

(૩) મૂલ, નિર્યુક્તિ - ચૂર્ણિ મણિવિજયજીગણિ ગ્રંથમાલા, ભાવનગર, વિ.સં. ૨૦૧૧

(૪) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી - ગુજરાતી અનુવાદ સાથે - મુનિ ઘાસીલાલજી. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૭૦

**માત્ર આઠમો ઉદ્દેશ :**

(૧) ભૂમિકા સહિત. H. Jacobi, Leipzig, 1879.

(૨) *સચિત્ર દેવચંદ લાલભાઈ, જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ. ઈ. સ. ૧૯૩૩*

(૩) સચિત્ર - જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર, અમદાવાદ. ઈ. સ. ૧૯૪૧

(૪) મુનિ પ્યારચંદ્રકૃતિ હિન્દી અનુવાદ સહિત - જૈનોદય પુસ્તક પ્રકાશન સમિતિ, રતલામ, વિ. સં. ૧૯૭૩

(૫) મૂલ. મફતલાલ ઝવેરચંદ્ર વિ.સં. ૨૦૦૫

(૬) માણેકમુનિકૃત હિન્દી અનુવાદ સહિત - સોભાગમલ હરકાવત, અજમેર, વિ.સં. ૧૯૭૩

(૭) હિન્દી અનુવાદ આત્માનંદ જૈન મહાસભા, જાલંધર શહેર, ઈ. સ. ૧૯૪૮

(૮) હિન્દી ભાવાર્થ - જૈન શ્વેતાંબર સંઘ, કોટા. ઈ. સ. ૧૯૩૩

(૯) ગુજરાતી ભાષાંતર - ચિત્ર વિવરણ, નિર્યુક્તિ, ચૂર્ણિ, પૃથ્વીચંદ્ર સૂરિ કૃત ટિપ્પણ આદિ સહિત સારાભાઈ મણિલાલ નવાબ, છીપા માવજીની પોળ, અમદાવાદ. ઈ. સ. ૧૯૫૨

(૧૦) ધર્મ સાગર ગણિ વિરચિત વૃત્તિ સહિત - જૈન આત્માનંદ સભા, ભાવનગર. ઈ. સ. ૧૯૨૨.

(૧૧) સંઘવિજયગણિ સંકલિત વૃત્તિ સહિત - વાડીલાલ ચકુભાઈ દેવીશાહનો પાડો. અમદાવાદ ઈ. સ: ૧૯૩૫

(૧૨) સમય સુંદરગણિ વિરચિત વ્યાખ્યા સહિત - જિનદત્તસૂરિ, જ્ઞાનભંડાર, મુંબઈ. ઈ. સ. ૧૯૩૯

(૧૩) વિનયવિજય વિરચિત વૃત્તિ સહિત - હીરાલાલ હંસરાજ જામનગર. ઈ. સ. ૧૯૩૯
ગુજરાતી અનુવાદ - મેઘજી હીરજી જૈન બુકસેલર, મુંબઈ, વિ.સં. ૧૯૮૧

૨૬. બૃહત્કલ્પસૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

(૧) સં. જિનેન્દ્રગણિ, હર્ષપુષ્પામૃત જૈનગ્રંથમાળા, લાખાબાવળ, શાંતિપુરી, ઈ. સ. ૧૯૭૭
રતનલાલ ડોશી. અ.ભા.સા.જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

(૨) ગુજરાતી અનુવાદ સહિત - ડો. જીવરાજ ઘેલાભાઈ દોશી, અમદાવાદ. ઈ. સ. ૧૯૧૫

(૩) હિન્દી અનુવાદ - અમોલખઋષિકૃત - લાલાસુખદેવ સહાય જ્વાલાપ્રસાદ, હૈદ્રાબાદ. વી.સં. ૨૪૪૫

(૪) અજ્ઞાત ટીકા સહિત - સમ્યક્જ્ઞાન પ્રચારક મંડળ. જોધપુર.

(૫) નિર્યુક્તિ, લઘુભાષ્ય તથા મલયગિરિ, ક્ષેત્રકીર્તિકૃત ટીકા સહિત, જૈન આત્માનંદ સભા. ભાવનગર. ઈ. સ. ૧૯૩૩-૪૨

(૬) ચૂર્ણિ, ભાષ્યાવચૂરિ સહિત, (ઘાસીલાલજી કૃત) જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૯

૨૭. વ્યવહાર સૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

(૧) સં. જિનેન્દ્રગણિ, હર્ષપુષ્પામૃત જૈનગ્રંથમાળા, લાખાબાવળ, શાંતિપુરી, ઈ. સ. ૧૯૭૭

રતનલાલ ડોશી. અ.ભા.સા. જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

(૨) મુનિ કન્હૈયાલાલ, આગમ અનુયોગ પ્રકાશન, સાંડેરાવ, પાલી. ઈ. સ. ૧૯૮૦

(૩) ગુજરાતી અનુવાદ સહિત - જીવરાજ ઘેલાભાઈ દોશી. અમદાવાદ. ઈ. સ. ૧૯૨૫

(૪) નિર્યુક્તિ ભાષ્ય તથા મલયગિરિ વિરચિત વિવરણયુક્ત, કેશવલાલ, પ્રેમચંદ, અમદાવાદ વિ.સં. ૧૯૮૨-૯૫

(૫) સંસ્કૃત વૃત્તિ સહિત - મુનિ ઘાસીલાલજી. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૯

૨૮. નિશીથસૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

(૧) આચાર્ય તુલસી. અ.ભા.શ્વેતા. જૈન તેરાપંથી મહાસભા. કલકત્તા, ઈ. સ. ૧૯૬૭ । જિનેન્દ્રગણિ હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, ઈ. સ. ૧૯૭૬ । રતનલાલ ડોશી અ.ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

(૨) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ કૃત - લાલાસુખદેવ સહાય જ્વાલાપ્રસાદ. હૈદ્રાબાદ. વી.સં. ૨૪૪૬

(૩) ભાષ્ય અને વિશેષ ચૂર્ણિ સહિત સન્મતિ જ્ઞાનપીઠ આગરા. ઈ. સ. ૧૯૫૭-૬૦

(૪) સંસ્કૃત વૃત્તિ સહિત - ઘાસીલાલજી અ.ભા.શ્વેતા. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૯

૨૯. મહાનિશીથ :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

(૧) મૂલ-જિનેન્દ્રગણિ, હર્ષપુષ્પામૃત, જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી. ઈ. સ. ૧૯૮૩

(૨) આલોચનાત્મક અધ્યયન - W. Schubring Berlin, 1918 / F. R. Hamann and W. Schubring Hamburg, 1951 / J. Deleu and W. Schubring, Ahmedabad s. 1933

મુનિશ્રી પુણ્યવિજયજીની પાસે તેની હસ્તલિખિત પ્રત છે.

૩૦. જીતકલ્પ :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

(૧) સ્વોપજ્ઞ ભાષ્ય સહિત - સંશોધક, મુનિ પુણ્યવિજયજી, બબલચંદ્ર કેશવલાલ મોદી, હાજા પટેલની પોળ, વિ.સં. ૧૯૯૪

(૨) સિદ્ધસેન ચૂર્ણિ તથા શ્રી ચંદ્રસૂરિકૃત વૃત્તિ સહિત. સં.મુનિ જિનવિજયજી. જૈન સાહિત્ય સંશોધક સમિતિ, અમદાવાદ. ઈ. સ. ૧૯૨૬

(૩) ચૂર્ણિના સારાંશ સાથે - E. Leumann, Berlin - 1892

૩૧. નંદીસૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

(૧) મુનિ પુણ્યવિજયજી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ. ઈ. સ. ૧૯૬૭

સાધ્વી શીલકુંવર - તારક ગુરુ જૈન ગ્રંથાલય, ઉદયપુર. ઈ. સ. ૧૯૭૪

જિનેન્દ્રવિજયજી, હર્ષપુષ્પામૃત, જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર, ઈ. સ. ૧૯૭૬

રતનલાલ ડોશી. અ.ભા.સ્થા. શ્વેતા. જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૪

(૨) પારસકુમાર અ.ભા.સ્થા.શ્વેતા. જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ.૧૯૬૭

મધુકર મુનિ - આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, ઈ. સ. ૧૯૬૭

(૩) મુનિ હસ્તમલકૃત સંસ્કૃત છાયા, હિન્દી ટીકા, ટિપ્પણી આદિથી અલંકૃત રાયબહાદુર મોતીલાલ મુથા, ભવાનીપેઠ, સાતારા. ઈ. સ. ૧૯૪૨

(૪) મલયગિરિ પ્રણિત વૃત્તિ યુક્ત - રાયબહાદુર ધનપતસિંહ બનારસ ઈ. સ. ૧૯૩૬ આગમોદય સમિતિ મુંબઈ, ઈ.સ. ૧૯૨૪

(૫) ચૂર્ણિ અને હરિભદ્રવિહિત વૃત્તિ સહિત ઋષભદેવજી કેશરીમલજી શ્વેતા.સંસ્થા.રતલામ. ઈ. સ. ૧૯૨૮

(૬) ચૂર્ણિ સહિત સં.પુણ્યવિજયજી, પ્રાકૃત ટેક્ટર સોસાયટી, અમદાવાદ. ઈ. સ. ૧૯૬૬

(૭) આચાર્ય આત્મારામકૃત, હિન્દી ટીકા સહિત, આચાર્ય શ્રી આત્મારામ જૈન પ્રકાશન સમિતિ. લુધિયાણા. ઈ. સ. ૧૯૬૬

(૮) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી - ગુજરાતી અનુવાદની સાથે મુનિ ઘાસીલાલજી - જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ. રાજકોટ. ઈ. સ. ૧૯૫૮

(૯) હરિભદ્રવૃત્તિ અને દુર્ગપદ સહિત. સં. પુણ્યવિજયજી પ્રાકૃત ટેક્ટર સોસાયટી, અમદાવાદ. ઈ. સ. ૧૯૬૭

૩૨. અનુયોગદ્વાર સૂત્ર :- જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૨.

(૧) સં. પુણ્યવિજયજી, મહાવીર જૈન વિદ્યાલય. મુંબઈ. ઈ. સ. ૧૯૬૮ । સં. જિનેન્દ્રવિજયગણિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ, શાંતિપુરી, સૌરાષ્ટ્ર, ઈ. સ. ૧૯૭૬ । સં. રતનલાલ ડોશી. અ.ભા. શ્વેતા. સ્થા. જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. ઈ. સ. ૧૯૮૦

(૨) હિન્દી અનુવાદ સહિત - અમોલખઋષિ - લાલા સુખદેવ સહાય જ્વાલાપ્રસાદ ઝવેરી, હૈદ્રાબાદ - વી.સં. ૨૪૪૬

(૩) ઉપાધ્યાય આત્મારામ કૃત હિન્દી અનુવાદ સહિત - શ્વેતા. સ્થા. જૈન. કોન્ફરેન્સ. મુંબઈ (પૂર્વ) ઈ. સ. ૧૯૬૬

(૪) અંગ્રેજી અનુવાદ - લાઈકેન હનાકી, પ્રાકૃત જૈનશાસ્ત્ર અને અહિંસા શોધ સંસ્થાન, વૈશાલી. ઈ. સ. ૧૯૭૦

(૫) સંસ્કૃત વ્યાખ્યા અને તેના હિન્દી ગુજરાતી અનુવાદ સહિત, મુનિ ઘાસીલાલજી, જૈન

શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. ઈ. સ. ૧૯૬૭-૬૮

(૬) મલ્લધારી હેમચંદ્રકૃત વૃત્તિ સહિત - રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ. ૧૯૮૦

દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ. ઈ. સ. ૧૯૧૫-૧૬ । આગમોદય સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૨૪ । કેશરબાઈ જ્ઞાનમંદિર, પાટણ, ઈ. સ. ૧૯૩૯

(૭) હરિભદ્ર વૃત્તિ સહિત - ઋષભદેવજી કેશરીમલજી શ્વેતા. સંસ્થા. રતલામ. ઈ. સ. ૧૯૨૮.

(૮) ગુજરાતી સાર - દેવવિજયજી, આત્માનંદ જૈન સભા, ભાવનગર.

૩૩. ચતુઃશરણ :- જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

(૧) આગમોદય સમિતિ, મુંબઈ ઈ. સ. ૧૯૨૭

રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, ઈ. સ. ૧૮૮૬.

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

૩૪. બાલાભાઈ-કકલભાઈ. અમદાવાદ. વિ.સં. ૧૯૬૨ । જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર, વિ.સં. ૧૯૬૬

દેવચંદ લાલભાઈ જૈન ગ્રંથમાલા, મુંબઈ. ઈ. સ. ૧૯૨૨

૩૫. બાલાભાઈ કકલભાઈ. અમદાવાદ. વિ.સં. ૧૯૬૨

જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર. વિ.સં. ૧૯૬૬

૩૬. બાલાભાઈ કકલભાઈ, અમદાવાદ, વિ.સં. ૧૯૬૨

જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર. વિ.સં. ૧૯૬૬

૩૭. વિમલવિજય વિહિત વૃત્તિ સહિત દેવચંદ લાલભાઈ, જૈન ગ્રંથમાલા, મુંબઈ. ઈ. સ. ૧૯૨૨

હિન્દી ભાવાર્થ સહિત, શ્વેતા. સ્થા. જૈન હિતકારિણી સંસ્થા, બીકાનેર, વિ.સં. ૨૦૦૬

૩૮. જૈન ધર્મ પ્રચારક સભા, ભાવનગર. વિ.સં. ૧૯૬૬

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૨.

૩૯. વાનઋષિ વિહિત વૃત્તિ સહિત - આગમોદય સમિતિ, મહેસાણા. ઈ. સ. ૧૯૨૩

વિજય રાજેન્દ્ર સૂરિકૃત ગુજરાતી વિવેચન યુક્ત - ભૂપેન્દ્ર સૂરિ જૈન સાહિત્ય સમિતિ, લાહોર, વિ.સં. ૨૦૦૨

**નોંધ :-** સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂળ સૂત્ર, દશૈવકાલિક, ઉત્તરાધ્યયન, નંદીસૂત્ર, અનુયોગદ્વાર અને છેદસૂત્રો ૪, વ્યવહાર બૃહત્કલ્પ, નિથીશ અને દશંશ્રુત સ્કંધ, એક બત્રીશમું આવશ્યક સૂત્ર એમ ૩૨ આગમોની માન્યતા છે.

**જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૩.**

૪૦. આવશ્યક નિર્યુક્તિ પર અનેક ટીકાઓ લખાયેલી છે. તેમાંથી નિમ્નાંકિત ટીકાઓ પ્રકાશિત થઈ છે.

(૧) મલયગિરિ કૃત વૃત્તિ - આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૮-૩૨

*દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર. સુરત. ઈ. સ. ૧૯૩૬*

*(૨) હરિભદ્રકૃત વૃત્તિ - આગમોદય સમિતિ. મુંબઈ. ઈ. સ. ૧૯૧૬-૧૭*

(૩) મલધારી હેમચંદ્રકૃત પ્રદેશ વ્યાખ્યા તથા ચંદ્રસૂરિ કૃત પ્રદેશ વ્યાખ્યા ટિપ્પણ -

દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ. ઈ. સ. ૧૯૨૦

(૪) જિનભદ્રકૃત વિશેષાવશ્યક ભાષ્ય તથા તેની મલધારી હેમચંદ્રકૃત ટીકા.

યશોવિજયજી જૈન ગ્રંથમાલા, બનારસ, વી.સં. ૨૪૨૭

(૫) માણિક્યશેખર કૃત આવશ્યક નિર્યુક્તિ - દીપિકા - ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાં. સંસ્થા રતલામ ઈ. સ. ૧૯૩૬-૩૭

(૬) કોટ્યાચાર્ય કૃત વિશેષાવશ્યભાષ્ય. વિજયદાન સૂરીશ્વર. સુરત. ઈ. સ. ૧૯૩૯-૪૯

(૭) જિનદાસગણિ મહત્તર કૃત ચૂર્ણિ - ઋષભદેવજી કેશરીમલજી. શ્વેતાં સંસ્થા રતલામ. ઈ. સ. ૧૯૨૮

(૮) વિશેષાવશ્યક ભાષ્યની જિનભદ્રકૃત સ્વોપજ્ઞવૃત્તિ - લાલ દલપતસિંહ વિદ્યામંદિર, અમદાવાદ. ઈ. સ. ૧૯૬૬

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ ૩.

૪૧. હારિભદ્રિય વિવરણ સહિત - પ્રકાશક દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર. મુંબઈ. ઈ. સ. ૧૯૧૮

નિર્યુક્તિ અને મૂળ. સંપાદક :- F. Leumann ZDMG. ભાગ ૪૬, પૃ. ૫૮૧-૬૬૩

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૪૨. શાંતિસૂરિ કૃત શિષ્યહિતા-ટીકા સહિત-દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર મુંબઈ ઈ. સ. ૧૯૧૯-૧૯૨૭

૪૩. શીલાંક, જિન હંસ તથા પાર્શ્વચંદ્રકૃત ટીકાઓ સહિત-રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, વિ. સં. ૧૯૩૬

શીલાંક કૃત ટીકા સહિત - આગમોદય સમિતિ - સુરત વિ. સ. ૧૯૭૨-૧૯૭૩ જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત. ઈ. સ. ૧૯૩૫

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૪૪. શીલાંકકૃત ટીકા સહિત-આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૭ સૂત્ર સહિત સં. ડો. પી. એલ. વૈદ્ય. પૂના. ઈ. સ. ૧૯૨૮

૪૫. આ પરિચય મુનિ શ્રી પુણ્યવિજયથી પ્રાપ્ત દશાશ્રુત સ્કન્ધચૂર્ણિની હસ્તલિખિત પ્રતની નિર્યુક્તિ-ગાથાઓને આધારે લખેલ છે.

૪૬. નિર્યુક્તિ-લઘુભાષ્ય સહિત સં. મુનિ ચતુરવિજય તથા પુણ્યવિજય જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૩૩-૧૯૪૨

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૪૭. નિર્યુક્તિ-ભાષ્ય-મલયગિરિવિવરણ સહિત કેશવલાલ પ્રેમચંદ મોદી અને ત્રિકમલાલ ઉગરચંદ, અમદાવાદ વિ. સં. ૧૯૮૨-૧૯૮૫

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૪૮. ૧. શિષ્ય હિતાખ્ય બૃહદ્વૃત્તિ (મલધારી હેમચંદ્રકૃતટીકા) સહિત યશોવિજય જૈન ગ્રંથમાલા,

બનારસ, વી. સં. ૨૪૨૭-૨૪૪૧

૨. ગુજરાતી અનુવાદ-આગમોદય સમિતિ, મુંબઈ ઈ. સ. ૧૯૨૪-૧૯૨૭

૩. વિશેષાવશ્યકગાથા નામકારાદિ ક્રમ તથા વિશેષાવશ્યક વિષયમનુક્રમ આગમોદય સમિતિ, મુંબઈ ઈ. સ. ૧૯૨૩

૪. સ્વોપજ્ઞવૃત્તિ સહિત(પ્રથમ ભાગ) લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃત વિદ્યામંદિર, અમદાવાદ ઈ. સ. ૧૯૬૬

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૪૯. સંશોધક - મુનિ પુણ્યવિજય, બબલચંદ્ર કેશવલાલ મોદી, હાજા પટેલની પોળ, અમદાવાદ, વિ. સં. ૧૯૯૪

૫૦. નિર્યુક્તિ - લઘુભાષ્ય - વૃત્યુપેત બૃહત્કલ્પસૂત્ર(૬ભાગ) સંઠ. મુનિ ચતુરવિજયજી અને પુણ્યવિજયજી, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૩૩, ૧૯૩૬, ૧૯૩૮, ૧૯૪૨

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૫૧. નિર્યુક્તિ ભાષ્ય - મલયગિરિ વિવરણ સહિત, સંશોધક, મુનિ માણેક, પ્રકાશક કેશવલાલ પ્રેમચંદ મોદી અને ત્રિકમલાલ ઉગરચંદ, અમદાવાદ, વિ. સં. ૧૯૮૨-૧૯૮૫

૫૨. *નિર્યુક્તિ ભાષ્ય દ્રોણાચાર્ય સૂચિતવૃત્તિ ભૂષિત પ્રકાશક - શાહ વેણીચંદ્ર સુરચંદ્ર,* આગમોદય સમિતિ, મહેસાણા, ઈ. સ. ૧૯૧૯

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૫૩. નિર્યુક્તિ - ભાષ્ય મલયગિરિ વિવૃત્તિયુક્ત. દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ ઈ. સ. ૧૯૧૮

૫૪. આ ભાષ્યની હસ્તિલિખિત પ્રત મુનિ શ્રી પુણ્યવિજયની કૃપાથી પ્રાપ્ત થઈ છે. આ પ્રત મુનિશ્રીએ વિ. સં. ૧૮૮૩માં લખીને તૈયાર કરી છે.

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૫૫. હરિભદ્રિયાવૃત્તિશ્ચ શ્રી ઋષભદેવજીકેશરી મલજી શ્વેતા. સંસ્થા રતલામ ઈ. સ. ૧૯૨૮ નંદીસૂત્રમ્ ચૂર્ણિ સહિતમ-પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, વારાણસી ઈ. સ. ૧૯૬૬

૫૬. હરિભદ્રકૃતિવૃત્તિ સહિત શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતા. સંસ્થા રતલામ ઈ. સ. ૧૯૨૮

૫૭. શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતા. સંસ્થા. રતલામ પૂર્વભાગ ઈ.સ. ૧૯૨૮, ઉત્તરભાગ ઈ. સ. ૧૯૨૯

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૫૮. શ્રી ઋષભદેવજી કેશરીમલ, શ્વેતા. સંસ્થા રતલામ, ઈ. સ. ૧૯૩૩

૫૯. શ્રી ઋષભદેવજી કેશરીમલ, શ્વેતા. સંસ્થા રતલામ, ઇ. સ. ૧૯૩૩

૬૦. શ્રી ઋષભદેવજી કેશરીમલ, શ્વેતા. સંસ્થા રતલામ, ઈ. સ. ૧૯૪૧

૬૧. શ્રી ઋષભદેવજી કેશરીમલ, શ્વેતા. સંસ્થા રતલામ, ઈ. સ. ૧૯૪૧

૬૨. વિષમપદ વ્યાખ્યાલંકૃત સિદ્ધસેનગણિ સંબંધ બૃહદ્ચૂર્ણિ સમન્વિત જીતકલ્પસૂત્ર, સં. મુનિ જિનવિજય, જૈન સાહિત્ય સંશોધક સમિતિ, અમદાવાદ, ઈ. સ. ૧૯૨૭

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૬૩. પ્રસ્તુત ચૂર્ણિની હસ્તલિખિત પ્રત મુનિ શ્રી પુણ્યવિજયજી પાસે પ્રાપ્ત થઈ છે. આ પ્રત જેસલમેરના જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત પ્રાચીન પ્રતની પ્રતિલિપિ છે.

૬૪. સં. ઉપાધ્યાય શ્રી અમરચંદ્રજી અને મુનિશ્રી કનૈયાલાલજી, સન્મતિ જ્ઞાનપીઠ, લોહામંડી, આગરા, ઈ. સ. ૧૯૫૭-૧૯૬૦. નિશીથ : એક અધ્યયન, પં. દલસુખ માલવણિયા સન્મતિજ્ઞાનપીઠ, આગરા ઈ.સ. ૧૯૫૯

૬૫. આ ચૂર્ણિની હસ્તલિખિત પ્રત મુનિશ્રી પુણ્યવિજયની કૃપાથી પ્રાપ્ત થયેલ છે. તેનું આઠમું અધ્યયન કલ્પસૂત્રના નામે અલગ પ્રકાશિત થયેલ છે. જેમાં મૂળ નિર્યુક્તિ, ચૂર્ણિ અને પૃથ્વીચંદ્રાચાર્ય વિરચિત ટિપ્પનક સંમિલિત છે.

૬૬. સં. મુનિશ્રી પુણ્યવિજયજી ભાષાંતર પં. બેચરદાસ જીવરાજ દોશી, ચિત્ર વિવરણ સારાભાઈ મણીલાલ નવાબ પ્રા. સ્થાન સારાભાઈ નવાબ, છીપા માવજીની પોળ, અમદાવાદ, ઈ. સ.

૧૯૫૨

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૬૭. તેની હસ્તલિખિત પ્રત મુનિશ્રી પુણ્યવિજયના પ્રસાદથી પ્રાપ્ત થઈ છે. તેનો પ્રથમ ભાગ પં. દલસુખ માલવણિયા દ્વારા સંપાદિત થઈને લાલભાઈ દલપતભાઈ, ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ-ઈ. સ. ૧૯૬૬

૬૮. શ્રી ઋષભદેવજી કેશરીમલજી. શ્વેતા. સંસ્થા, રતલામ, ઈ. સ. ૧૯૨૮

પ્રાકૃત ટેક્ટર સોસાયટી, વારાણસી, ઈ. સ. ૧૯૬૬

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૬૯. દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ ઈ. સ. ૧૯૧૮ સમયસુંદર કૃત ટીકાસહિત ભીમશી માણેક મુંબઈ ઈ. સ.૧૯૦૦

૭૦. પૂર્વભાગ - ઋષભદેવજી કેશરીમલજી, શ્વેતા. સંસ્થા, રતલામ, ઈ. સ. ૧૯૪૭, ઉત્તરભાગ જૈન પુસ્તક પ્રચારક સંસ્થા, સૂર્યપુર, ઈ. સ. ૧૯૪૯

૭૧. આગમોદય સમિતિ, મહેસાણા, ઈ. સ. ૧૯૧૬-૧૯૧૭

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૭૨. ઋષભદેવજી કેશરીમલજી, શ્વેતા. સંસ્થા, રતલામ, ઈ. સ. ૧૯૩૬-૧૯૩૭

૭૩. નિવૃત્તિકુલીન શ્રી શીલાચાર્યેણ તત્ત્વાદિ વ્યાપરનામ્ના વાહરિ સાધુ સહાયેન કૃતા ટીકા પરિસમાપ્તેતિ આચારાંગ ટીકા, પ્રથમ શ્રુતસ્કંધનો અંત.

૭૪. જિનહંસ અને પાર્શ્વચંદ્રની ટીકાઓ સહિત રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, વિ. સં. ૧૯૩૬ આગમોદ્ધ સમિતિ, સુરત વિ. સં. ૧૯૭૨-૭૩ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત, ઈ. સ. ૧૯૩૫

૭૫. આગમોદય સમિતિ, મહેસાણા - ઈ. સ. ૧૯૧૭, હર્ષકુલ કૃત વિવરણ સહિત-ભીમસી માણેક, મુંબઈ, વિ. સં. ૧૯૩૬, હિન્દી અર્થ સહિત (પ્રથમ શ્રુત સ્કન્ધ, મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી રાજકોટ, વિ. સં. ૧૯૯૩-૧૯૯૫, સાધુરંગરચિત દીપિકા સહિત, ગોડી પાર્શ્વ જૈન

ગ્રંથમાલા મુંબઈ, ઈ. સ. ૧૯૫૦(પ્રથમ શ્રુતસ્કન્ધ)

જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ ભાગ-૩

૭૬. શ્રી શાંતિસૂરિ પ્રબંધ (મુનિ કલ્યાણ વિજયનું ભાષાંતર)

૭૭. આગમોદય સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૧૯

૭૮. આગમોદય સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૧૮-૧૯૨૦. 'રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, ઈ. સ. ૧૯૮૦,' માણેકલાલ ચુનીલાલ અને કાંતિલાલ ચુનીલાલ, અમદાવાદ-ઈ. સ. ૧૯૩૭, દ્વિતીય સંસ્કરણ

જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ ભાગ-૩

૭૯. ૧. રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, ઈ. સ. ૧૮૮૦,

૨. આગમોદય સમિતિ, સુરત, ઈ. સ. ૧૯૧૯

૩. મફતલાલ ઝવેરચંદ્ર, અમદાવાદ, ઈ. સ. ૧૯૩૮

૪. ગુજરાતી અનુવાદ સહિત, જૈનધર્મ પ્રચારક સભા, ભાવનગર, વિ. સં. ૧૯૯૫

૮૦. ૧. પુંજાભાઈ હીરાચંદ રાયચંદ, જિનાગમ સંગ્રહ, અમદાવાદ

૨. રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, ઈ. સ. ૧૮૮૨

૩. એમ. આર. મહેતા, મુંબઈ, વિ. સં. ૧૯૧૪

૪. આગમોદય સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૧૮-૧૯૨૧

૫. ઋષભદેવજી કેશરીમલજી, જૈન શ્વેતા. સંસ્થા, રતલામ(પ્રથમ ભાગ. શ. ૧થી ૭) ઈ. સ. ૧૯૩૭, દ્વિતીયભાગ(શ. ૮થી ૧૪) ઈ. સ. ૧૯૪૦

૮૧. આગમોદય સમિતિ, મહેસાણા, ઈ. સ. ૧૯૧૯

૮૨. ૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, ઈ. સ. ૧૮૭૬

૨. આગમોદય સમિતિ, મુંબઈ ઈ. સ. ૧૯૨૦

૩. માત્ર ગુજરાતી અનુવાદ, પં. ભગવાનદાસ હર્ષચંદ્ર

જૈન સોસાયટી, અમદાવાદ, વિ. સં. ૧૯૯૨

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ-૩

૮૩. ૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, ઈ. સ. ૧૮૭૫

૨. આગમોદય સમિતિ, સુરત, ઈ. સ. ૧૯૨૦

૩. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ, ઈ. સ. ૧૯૩૨

૮૪. ૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, ઈ. સ. ૧૮૭૫

૨. આગમોદય સમિતિ, સુરત, ઈ. સ. ૧૯૨૦

૩. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૨

૮૫. ૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ. ૧૮૭૬

૨. આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૯

૮૬. ૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ. ૧૯૭૬

૨. આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૦

૩. મુક્તિકમલ જૈન મોહનમાળા, વડોદરા. ઈ. સ. ૧૯૨૦

(પ્રથમ આવૃત્તિ) વિ.સં. ૧૯૯૨ (દ્વિતીય આવૃત્તિ.)

૪. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ. અમદાવાદ. ઈ. સં. ૧૯૩૫

(મૂળનો અંગ્રેજી અનુવાદ ટિપ્પણ આદિ સહિત)

૮૭. ૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ: ૧૮૮૦

૨. આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૬

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ. ૩

૮૮. ૧. રાયબહાદુર ધનપતસિંહ, બનારસ વિ.સ. ૧૯૩૬

૨. આગમોદય સમિતિ ગ્રંથ. ૧૬ મુંબઈ. ઈ. સ. ૧૯૨૪

૮૯. ૧. રાયબહાદુર ધનપતસિંહ, બનારસ. ઈ. સ. ૧૮૮૪

૨. આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૧૮-૧૯૨૦

૩. માત્ર ગુજરાતી અનુવાદ, અનુવાદક પં. ભગવાનદાસ હર્ષચંદ્ર, જૈન સોસાયટી. અમદાવાદ. વિ.સં. ૧૯૯૧

૯૦. ૧. ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાં. સંસ્થા રતલામ. ઈ. સ. ૧૯૨૮

૨. આવૃત્તિ મુનિ શ્રી પુણ્યવિજયજી પાસે પ્રતિલિપિના રૂપમાં વિદ્યમાન છે.

૯૧. દેવચંદ્ર લાલભાઈ. જૈન પુસ્તકોદ્ધાર. મુંબઈ. ઈ. સ. ૧૯૧૯.

૯૨. ૧. સંશોધક - મુનિ માણેક કેશવલાલ પ્રેમચંદ મોદી અને ત્રિકમલાલ ઉગરચંદ, અમદાવાદ. વિ.સં. ૧૯૮૨

૨. સંપાદક પં. બેચરદાસ જીવરાજ દોશી. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. અમદાવાદ. વિ.સં. ૧૯૯૪

૯૩. દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર. મુંબઈ. ઈ. સ. ૧૯૧૮

જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ-૩

૯૪. ૧. આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૮-૩૨

૨. દેવચંદ્ર લાલભાઈ, જૈન પુસ્તકોદ્ધાર, સુરત. ઈ. સ. ૧૯૩૬

૯૫. જૈન આત્માનંદ સભા. ભાવનગર. ઈ. સ. ૧૯૩૩

૯૬. શ્રી ચંદ્ર સૂરિ વિહિત ટિપ્પણ સહિત - દેવચંદ્ર લાલભાઈ પુસ્તકોદ્ધાર. મુંબઈ. ઈ. સ. ૧૯૨૦

૯૭. ૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા. ઈ. સ. ૧૮૮૦

૨. દેવચંદ્ર લાલભાઈ. જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ. ઈ. સ. ૧૯૧૫-૧૬

૩. આગમોદય સમિતિ. મુંબઈ. ઈ. સ. ૧૯૨૪

૪. કેશરબાઈ જ્ઞાનમંદિર. પાટણ ઈ. સ. ૧૯૩૯

૯૮. ૧. યશોવિજય જૈન ગ્રંથમાલા, બનારસ, વી.સં. ૨૪૨૭-૨૪૪૧

૨. ગુજરાતી ભાષાંતર - ચુનીલાલ હુકમચંદ, આગમોદય સમિતિ, મુંબઈ. ઈ. સ. ૧૯૨૪

૯૯. પુષ્પચંદ્ર ખેમચંદ્ર, વળાદ. ઈ. સ. ૧૯૩૭

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ - ૩

૧૦૦. સન્મતિ જ્ઞાનપીઠ, આગરા. ઈ. સ. ૧૯૨૦ (નિશીથસૂત્રના ચતુર્થ વિભાગના અંતર્ગત)

૧૦૧. સન્મતિ જ્ઞાનપીઠ, આગરા. ઈ. સ. ૧૯૬૦ (નિશીથસૂત્રના ચતુર્થ વિભાગના અંતર્ગત - પૃ. ૪૧૩-૪૪૩)

૧૦૨. ૧. રાયબહાદુર ધનપતસિંહ બનારસ, ઈ. સ. ૧૮૮૫

૨. આગમોદય સમિતિ, સુરત. ઈ. સ. ૧૯૨૨

૩. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. ઈ. સ. ૧૯૩૪

૧૦૩. જૈન સાહિત્ય સંશોધક સમિતિ, અમદાવાદ. ઈ. સ. ૧૯૨૬

૧૦૪. પાર્શ્વચંદ્ર કૃત ટીકાઓ ગુજરાતીમાં છે.

૧૦૫. જૈન આત્માનંદ સભા, ભાવનગર. ઈ. સ. ૧૯૩૩-૧૯૪૨

૧૦૬. વિજયદાન સૂરિશ્વર જૈન ગ્રંથમાલા, સુરત. ઈ. સ. ૧૯૩૯-૧૯૪૯

૧૦૭. પ્રથમ શ્રુત સ્કંધ - મણિવિજયજી ગ્રંથમાલા, લીંચ, વિ.સં. ૨૦૦૫

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ - ૩

૧૦૮. દયાવિમલજી જૈન ગ્રંથમાલા, અમદાવાદ. ઈ. સ. ૧૯૨૪

૧૦૯. ચતુઃશરણની અવચૂરિ - દેવચંદ્ર લાલભાઈ - જૈન પુસ્તકોદ્ધાર. મુંબઈ. ઈ. સ. ૧૯૨૨

૧૧૦. આગમોદય સમિતિ, મહેસાણા. ઈ. સ. ૧૯૨૩.

૧૧૧. જૈન આત્માનંદ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૪

વિનયભક્તિ સુંદર ચરણ ગ્રંથમાલા, બેણપ. ઈ. સ. ૧૯૪૦

૧૧૨. ભીમસી માણેક, મુંબઈ. ઈ. સ. ૧૯૦૦

હીરાલાલ હંસરાજ, જામનગર. ઈ. સ. ૧૯૧૫

૧૧૩. મુક્તિ વિમલ જૈન ગ્રંથમાલા, અમદાવાદ. વિ.સં. ૧૯૯૫

૧૧૪. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, વિ.સં. ૧૯૩૬

ગુજરાતી અનુવાદ સાથે - હિરાલાલ હંસરાજ, જામનગર. ઈ. સ. ૧૯૩૪

૧૧૫. ઋષભદેવજી કેશરીમલજી શ્વેતા. સંસ્થા રતલામ. ઈ. સ. ૧૯૩૫

૧૧૬. મુક્તિવિમલ જૈન ગ્રંથમાલા. અમદાવાદ. ઈ. સ. ૧૯૩૫

૧૧૭. જૈન આત્માનંદ સભા, ભાવનગર. વિ.સં. ૧૯૭૫

પં. હીરાલાલ હંસરાજ. જામનગર. ઈ. સ. ૧૯૩૯

૧૧૮. કાલિકાચાર્ય કથા સહિત - જિનદત્તસૂરિ, પ્રાચીન પુસ્તકોદ્ધાર. સુરત. ઈ. સ. ૧૯૩૯

૧૧૯. ઋષભદેવજી કેશરીમલજી. શ્વેતા. સંસ્થા. રતલામ. ઈ. સ. ૧૯૩૬

૧૨૦. મુનિશ્રી પણ્યવિજયજી દ્વારા સંપાદિત કલ્પસૂત્રમાં મુદ્રિત - સારાભાઈ મણીલાલ નવાબ, અમદાવાદ. ઈ. સ. ૧૯૫૨

જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ - ૪

૧૨૧. આ કૃતિ અમૃતચંદ્ર તત્ત્વદીપિકા તથા હેમરાજ પાંડેના બાલાવબોધ પરથી પન્નાલાલ બાલકીવાલકૃત હિન્દી અનુવાદ સાથે "રામચંદ્ર જૈન ગ્રંથમાલા"માં ૧૯૦૪ પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથમાલામાં પ્રકાશિત અને તેની બીજી આવૃત્તિમાં અમૃતચંદ્ર અને જયસેનની સંસ્કૃત ટીકાઓ તથા હેમરાજ પાંડેનો બાલાવબોધ છપાયેલ છે. અમૃતચંદ્રની ટીકા સાથે ગુજરાતી અનુવાદ "દિગંબર સ્વાધ્યાય મંદિર"થી વિ.સં. ૨૦૧૪માં પ્રકાશિત થયેલ છે.

જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ - ૪

૧૨૨. મલ્લધારી હેમચંદ્રવૃત્તિની સાથે - આગમોદય સમિતિ. ઈ. સ. ૧૯૨૭

૧૨૩. મલયગિરિની ટીકા સાથે જૈન ધર્મ પ્રચારક સભા. વિ.સં. ૧૯૭૭

૧૨૪. આ આચાર્ય અનેકાંત જયપતાકાના પ્રણેતા છે.

૧૨૫. પ્રભાનંદસૂરિની વૃત્તિ સાથે જૈન ધર્મ પ્રચારક સભા. ઈ. સ. ૧૯૧૫

૧૨૬. જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ-૪

(૧) ગુજરાતી શબ્દાર્થ અને વિસ્તારાર્થ તથા તંત્ર આદિની સાથે "દંડક પ્રકરણના નામે" ગ્રંથ પ્રચારક સભા. ઈ. સ. ૧૯૨૫.

(૨) ભીમશી માણેક. લઘુપ્રકરણ સંગ્રહમાં. ઈ. સ. ૧૯૦૩.

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભાગ - ૩

૧૨૭. ધનેશ્વરસૂરિની વૃત્તિની સાથે - જૈન ધર્મ પ્રચારક સભા.

૧૨૮. દેવેન્દ્રકૃત ટીકાની સાથે. પં. હીરાલાલ હંસરાજ, જામનગર. ઈ. સ. ૧૯૧૪.

• • •

# અધ્યાય-૨

# જૈન સૈદ્ધાંતિક સાહિત્યમાં દંડકનું સ્થાન.

## દંડક વિશેના જુદા જુદા ગ્રંથો અને તેનો પરિચય

**(૧) શ્રી દંડકાવબોધ ગ્રંથ :**

આ ગ્રંથની રચના કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી સંપ્રદાયના પ. પૂ. આચાર્યશ્રી કર્મસિંહજી સ્વામીના સુશિષ્ય પ. પૂ. માણેકચંદ્રજી સ્વામીએ કરી છે. તેઓશ્રીને શાસ્ત્ર અને સ્વાધ્યાય માટે અપૂર્વ પ્રેમ હતો. સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓને થોકડાઓનું વાચન સુંદર શૈલીથી કરાવતા અને રહસ્ય સમજાવતા. તેમની સમજાવવાની ખૂબી એવી હતી કે સામેની વ્યક્તિને ગમે તેવો અઘરો વિષય પણ સહેલાઈથી સમજાઈ જતો.

ચોવીસે દંડકોમાં દંડાવાનાં સ્થાનો, કારણો વગેરેનું જેનાથી જ્ઞાન થાય તેનું નામ જ 'દંડકાવબોધ'.

આ દંડકાવબોધ ગ્રંથમાં કર્તાએ ૨૪ દ્વારોના બદલે ૮૯ દ્વારોનું વર્ણન કરીને સૂક્ષ્મ રીતે છણાવટ કરી છે. તે દ્વારો કર્તાએ નીચે પ્રમાણે બતાવ્યા છે.

**(૧) નામ દ્વાર :**

૨૪ દંડકોના નામનો ઉલ્લેખ કર્યો છે.

**(૨) જીવભેદદ્વારઃ (વ્યવહાર નયથી)**

જીવના સંક્ષેપમાં ૧૪ ભેદો બતાવીને કયા દંડકમાં કેટલા અને કયા કયા ભેદો હોય છે તે બતાવેલ છે. વિસ્તારથી જીવના ૫૬૩ ભેદો બતાવીને કયા દંડકમાં કેટલા ભેદો છે તે બતાવેલ છે.

**(૩) આહાર દ્વાર :**

આભોગ અને અણાભોગ આહાર, સચિત, અચિત અને મિશ્રઆહાર, ઓજ,

રોમ અને કવળ આહાર જેવા આહારના પ્રકારો બતાવીને કયા જીવોને કયા કયા આહાર હોય અને કયા દંડકમાં કેટલા સમયે આહારની ઈચ્છા થાય છે તેનું વર્ણન કર્યું છે.

**(૪) શરીરદ્વાર :**

તેમાં પાંચ શરીરોની વ્યાખ્યા કરીને કયા દંડકમાં કેટલાં શરીર હોય છે તેનું વિવેચન કર્યું છે. જે દંડક પ્રકરણમાં આપેલ છે.

**(૫) સ્થૂલ અને સૂક્ષ્મ શરીર :**

ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ સ્થૂલ શરીર તથા તૈજસ અને કાર્મણ શરીર ને સૂક્ષ્મ શરીર બતાવ્યાં છે.

**(૬) શ્વાસોશ્વાસ દ્વાર :**

તેમાં શ્વાસોશ્વાસ લેવાનો સમય બતાવેલ છે.

**(૭) ભાષાદ્વાર :**

તેમાં ભાષાના પ્રકાર અને ભાષા પર્યાપ્તિનો સમય બતાવેલ છે. પાંચ સ્થાવર વર્જી ૧૯ દંડકમાં ભાષા બોલનારા છે.

**(૮) મન દ્વાર :**

મનના પ્રકાર અને મન પર્યાપ્તિનો સમય બતાવેલ છે. સંજ્ઞીના ૧૬ દંડકમાં મનનો યોગ છે.

**(૯) પર્યાપ્તિદ્વાર :**

નામ કર્મના ઉદયથી પુદ્ગલોનું ગ્રહણ અને ચય ઉપચય થાય છે અને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી તે પુદ્ગલોની પરિણમાવવાની જીવની શક્તિ વિશેષને પર્યાપ્તિ કહે છે.

**(૧૦) કર્મદ્વાર :**

આઠ કર્મોનું કર્મપ્રકૃત્તિ ઉપર વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે. ઘાતી-અઘાતી કર્મ, ધ્રુવબંધી, અધ્રુવબંધી પ્રકૃત્તિ આદિ બતાવેલ છે. ચોવીસે દંડકમાં આઠ કર્મો છે.

**(૧૧) કષાયદ્વાર :**

કષાયના પ્રકારો અને નોકષાયના પ્રકારોનું તેમાં વર્ણન કરેલ છે. ચોવીસે દંડકમાં કષાય અને નોકષાય છે.

**(૧૨) વેદદ્વાર :**

દ્રવ્યવેદ, ભાવવેદ, પુરુષવેદ, સ્ત્રીવેદ, અને નપુંસકવેદ આદિ પ્રકારોનું તેમાં વર્ણન છે. પાંચ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, નારકી, ૯ દંડકમાં ૧ નપુંસક વેદ, દેવના ૧૩ દંડકમાં બે વેદ, સંજ્ઞી મનુષ્ય, સંજ્ઞી તિર્યંચમાં ૩ વેદ છે.

**(૧૩) યોગ દ્વાર :**

યોગ એટલે વ્યાપાર. મૂળ મન, વચન, કાયાના યોગ અને વિસ્તાર. ૧૫ યોગનું વર્ણન કરેલ છે. સંજ્ઞીના ૧૬ દંડકમાં ૩ યોગ, ત્રણ વિકલેન્દ્રિયના દંડકમાં ૨ યોગ અને પાંચ સ્થાવરમાં એક કાયયોગ છે.

**(૧૪) લેશ્યા દ્વાર :**

લેશ્યા એટલે કર્મ પુદ્ગલો આત્મ પ્રદેશ ઉપર લેપરૂપે પરિણમે અને તેને લગતા આત્માને પરિણામ થાય તે લેશ્યા. તેના દ્રવ્ય-ભાવથી બે પ્રકાર છે. આમાં તેના છ પ્રકાર બતાવ્યા છે. તેનું વર્ણન દંડક પ્રકરણમાં છે.

**(૧૫) ગુણસ્થાન દ્વાર :**

ગુણસ્થાન એટલે ગુણ. જે જીવના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોને કેળવવાનાં સ્થાનો. તેવાં ૧૪ ગુણસ્થાનો છે. ૧ નારકી ૧૩ દેવના દંડકમાં ૪ ગુણ. પાંચ સ્થાવરમાં ૧લો ગુણ. ૩ વિકલેમાં પહેલા બે, સંજ્ઞીતિર્યંચમાં પ્રથમ પાંચ અને મનુષ્યમાં ૧૪ ગુણ.

**(૧૬) સમકિતદ્વાર :**

તત્ત્વના યથાર્થ ભાવોમાં રૂચિ પ્રતીતિને સમ્યગ્દર્શન કહે છે. તેના પાંચ પ્રકાર છે. તેનુ દંડક પ્રકરણમાં વર્ણન છે.

**(૧૭) મિથ્યાત્વદ્વાર :**

મિથ્યાત્વ એટલે નવતત્ત્વ સંબંધી વિપરીત રૂચિ. તેના પાંચ ભેદ છે. સંજ્ઞીના ૧૬ દંડકમાં પાંચ મિથ્યાત્વ છે. બાકીના દંડકમાં (૧) અનાભોગિક મિથ્યાત્વ છે.

**(૧૮) દષ્ટિ દ્વાર :**

સાચા ખોટાનું તત્ત્વપૂર્વક અવલોકન કરવું તેને દષ્ટિ કહેવાય. તેના ત્રણ પ્રકાર છે. દંડક પ્રકરણમાં તેનું વર્ણન છે.

**(૧૯) જ્ઞાન દ્વાર :**

જેના દ્વારા વસ્તુનું સ્વરૂપ જાણીએ, ગુણ પર્યાયે કરી વસ્તુનો નિર્ણય યથાર્થપણે કરીએ તેનું નામ જ્ઞાન છે. તેના પાંચ પ્રકાર છે. દંડક પ્રકરણમાં તેનું વર્ણન છે.

**(૨૦) અજ્ઞાન દ્વાર :**

મિથ્યાત્વના ઉદયે કરીને મિથ્યાત્વીના જાણવાપણાને અજ્ઞાન કહેવાય. અજ્ઞાનના ત્રણ પ્રકાર છે. દંડક પ્રકરણમાં તેનું વર્ણન છે.

**(૨૧) દર્શન દ્વાર :**

સમાન્યપણે નિરાકરોપયોગરૂપ વસ્તુનો જે અવબોધ તેનું નામ દર્શન. તેના ચાર પ્રકાર છે. દંડક પ્રકરણમાં તેનું વર્ણન છે.

**(૨૨) ઉપયોગ દ્વાર :**

ઉપયોગ એટલે વસ્તુને ઓળખવા અને જાણવા વિશે જે વ્યાપાર થાય તેનું નામ ઉપયોગ છે. તેના બે પ્રકાર છે. દંડક પ્રકરણમાં તેનું વર્ણન છે.

**(૨૩) ચારિત્ર દ્વાર :**

દ્રવ્યથી સાવદ્યયોગનો ત્યાગ અને ભાવથી જીવના શુદ્ધ સ્વભાવમાં લઈ જાય તે ચારિત્ર છે. તેના પાંચ પ્રકાર છે. બાકીના દંડકોમાં ચારિત્ર નથી. તેમાં માત્ર મનુષ્યનો દંડક છે.

**(૨૪) નિયંઠા દ્વાર :**

તેમાં છ પ્રકારના નિયંઠા બતાવ્યા છે. એક મનુષ્યના દંડકમાં, છ એ નિયંઠા

લાભે. શેષ ૨૩ દંડકમાં, એકે નિયંઠો ન લાભે.

### (૨૫) સંજત્યાદિ દ્વાર :

૬થી ૧૪ ગુણસ્થાન સુધીના જીવોને સંયતિ કહેવાય છે. ૧થી ૪ ગુણસ્થાન સુધી વર્તતા જીવોને અસંયતિ અને પાંચમાં ગુણ સ્થાનવાળા જીવોને સંયતાસંયત કહેવાય છે. મનુષ્યના દંડકમાં ત્રણ છે. તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં સંયતાસંયતિ અને અસંયત છે. બાકીના ૨૨ દંડકમાં અસંયતિ છે.

### (૨૬) વિરતિ અવિરતિ દ્વાર :

૧૨ અવ્રતથી નિવર્ત્યા છે તેને વિરતી કહે છે. ૧૨ અવ્રતથી નિવર્ત્યા નથી તેને અવિરતિ અને ૧૨ અવ્રતથી કાંઈક નિવર્ત્યા ને કાંઈક અનિવર્ત્યા છે તેને વિરતાવિરતિ કહે છે. તેમાં દંડક ૨૫માં દ્વાર પ્રમાણે હોય છે.

### (૨૭) સંવુડાદિ દ્વાર :

સંવુડ એટલે જેણે ઇન્દ્રિયોને વશ કરેલ છે. અસંવુડા એટલે જેણે ઇન્દ્રિયો વશ કરી નથી. સંવુડા સંવુડ એટલે જેમણે ઇન્દ્રિયોને કાંઈક વશ કરી છે અને કાંઈક નથી કરેલ. તે ૨૫માં બોલ પ્રમાણે દંડક બતાવેલ છે.

### (૨૮) પચ્ચખાણાદિ દ્વાર :

જેણે સર્વ સાવધયોગના સર્વથા પચ્ચખાણ કર્યા છે તેને પચ્ચખાણી, જેણે સાવદ્યયોગના બિલકુલ પચ્ચખાણ કર્યા નથી તેને અપચ્ચખાણી, અને જેણે કાંઈક પચ્ચખાણ કર્યા છે અને કાંઈક પચ્ચખાણ કર્યા નથી તેને પચ્ચખાણી અપચ્ચકખાણી કહે છે. એ દ્વારમાં પણ ૨૫માં દ્વાર પ્રમાણે દંડકના વિભાગ કરેલ છે.

### (૨૯) પંડિતાદિ દ્વાર :

રત્નત્રયીની વિશુદ્ધતા પ્રાપ્ત કરવા જે આત્માની શક્તિનો ઉપયોગ કરે છે તેને પંડિત કહે છે. એ પ્રમાણે જ નથી કરતા તેને અપંડિત કહે છે. અને કાંઈક કરે ને કાંઈક નથી કરતા તેને પંડિતાપંડિત કહે છે. મનુષ્યના દંડકમાં ત્રણે બોલ લાભે. તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં અપંડિત તથા પંડિતા-પંડિત એ બે બોલ અને ૨૨ દંડકમાં અપંડિત છે.

**(૩૦) જાગૃતાદિ દ્વાર :**

જાગતાં, સૂતાં અને સૂતાં જાગતાં-મનુષ્યના દંડકમાં ત્રણે બોલ, તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં સૂતાં, સૂતાં-જાગતાં એ બે બોલ અને ૨૨ દંડકમાં એક બોલ સૂતાનોં બોલે.

**(૩૧) ધર્મીઆદિ દ્વાર :**

સર્વ વિરતીને ધર્મી, અવિરતીને અધર્મી અને દેશવિરતિને ધર્મી-અધર્મી કહે છે. મનુષ્યનાં દંડકમાં ત્રણે બોલ, તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં અધર્મી અને ધર્માધર્મી એ બે બોલને શેષ ૨૨ દંડકમાં અધર્મી છે.

**(૩૨) આચાર દ્વાર :**

આચરણ કરવું તે આચાર છે. તેના પાંચ પ્રકાર છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. મનુષ્યના દંડકમાં પાંચ આચાર છે. તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં દર્શનાચાર, તપાચાર, વીર્યાચાર એ ત્રણ આચાર છે. ૧ નારકીનો અને ૧૩ દેવતાના એ ૧૪ દંડકમાં દર્શનાચાર અને વીર્યાચાર એમ બે આચાર છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય એમ આઠ દંડકમાં એકે આચાર નથી.

**(૩૩) સમિતિ ગુપ્તિ દ્વાર :**

તીર્થંકરદેવની આજ્ઞા પ્રમાણે સંયમમાં પ્રવર્તવું તેને સમિતિ કહે છે. સમિતિ પાંચ છે. એ પાંચેય સમિતિ મનુષ્યના દંડકમાં છે. બાકીના ૨૩ દંડકમાં નથી. એ પાંચે સમિતિ ચારિત્રના આચારરૂપ છે.

**(૩૪) સરાગ વીતરાગ દ્વાર :**

સરાગ એટલે રાગદ્વેષની પ્રવૃત્તિ સહિત. વીતરાગ એટલે રાગદ્વેષની પ્રવૃત્તિ રહિત. મનુષ્યના દંડકમાં બન્ને છે અને બાકીના ૨૩ દંડકમાં એક સરાગી છે.

**(૩૫) પ્રણિધાન દ્વાર :**

દયા, દાન, સંયમ, શીલયુક્ત જે વ્યાપાર તેને સુપ્રણિધાન કહે છે. તેના ત્રણ પ્રકાર છે. સંજ્ઞીના ૧૬ દંડકમાં ત્રણેય છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય એ ૮ દંડકમાં સુપ્રણિધાન નથી.

દુષ્ટ પ્રકારે જે વ્યાપાર તેને દુઃપ્રણિધાન કહે છે. તેના ત્રણ પ્રકાર છે. સંજ્ઞીના ૧૬ દંડકમાં ત્રણેય છે. વિકલેન્દ્રિયમાં ત્રણ દંડકમાં મન વર્જીને બે છે. પાંચ સ્થાવરમાં એક કાયદુઃપ્રણિધાન છે.

**(૩૬) ત્રણ પ્રકારનાં દંડ દ્વાર :**

જેના જીવના સુકૃત્યાદિક દ્રવ્ય લૂંટાય તેને દંડક કહે છે. તેના ત્રણ પ્રકાર છે. મનનો દંડ, વચનનો દંડ અને કાયાનો દંડ. સંજ્ઞીના ૧૬ દંડકમાં ત્રણે દંડ છે. ૩ વિકલેન્દ્રિયમાં વચન, કાયાનો એ બે દંડ છે. પાંચ સ્થાવરમાં ૧ કાયાનો દંડ છે.

**(૩૭) કલ્પ દ્વાર :**

કલ્પ પાંચ પ્રકારના છે. (૧) સ્થિત કલ્પ (૨) અસ્થિત કલ્પ (૩) સ્થવીર કલ્પ (૪) જિનકલ્પ અને (૫) કલ્પાતિત. મનુષ્યના દંડકમાં પાંચે કલ્પ છે. બાકીના ૨૩ દંડકમાં એકેય કલ્પ નથી. મનુષ્યમાં પણ સંયતિ મનુષ્યમાં છે. બાકીનાને નથી.

**(૩૮) ભાવ દ્વાર :**

ભાવ એટલે આત્માના પરિણામ વિશેષ. તેના પાંચ પ્રકાર છે. સંજ્ઞીના ૧૬ દંડકમાં પાંચ ભાવ છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય એ ૮ દંડકમાં ઉદય, ક્ષયોપશમ, પારિણામિક એ ત્રણ ભાવ છે.

**(૩૯) તત્ત્વ દ્વાર :**

તત્ત્વ ૯ છે. મનુષ્યના દંડકમાં નવ તત્ત્વ લાભે. મનુષ્ય વર્જીને સંજ્ઞીના ૧૫ દંડકમાં, મોક્ષ વર્જીને બાકીના આઠ તત્ત્વો હોય છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં સંવર, નિર્જરા, મોક્ષ એ ત્રણ વર્જીને બાકીનાં છ તત્ત્વ હોય છે.

**(૪૦) ધ્યાન દ્વાર :**

શુભ અને અશુભ તેમ જ શુદ્ધ વિચાર કરવા અથવા ચિંતવના કરવી તેને ધ્યાન કહે છે. તેના ચાર ભેદ છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન. મનુષ્યના દંડકમાં ચારે ધ્યાન છે. મનુષ્ય વર્જીને શેષ સંજ્ઞીના ૧૫ દંડકમાં પ્રથમનાં ત્રણ ધ્યાન છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં સત્તારૂપે પહેલાં બે ધ્યાન છે.

**(૪૧) લબ્ધિ દ્વાર :**

લબ્ધિ એટલે આત્માની શક્તિ. તે અંતરાય કર્મનો ક્ષય તથા ક્ષયોપશમથી પ્રગટ થાય છે, તે પાંચ પ્રકારની છે.

(૧) દાનલબ્ધિ (૨) લાભલબ્ધિ (૩) ભોગ લબ્ધિ (૪) ઉપભોગ લબ્ધિ અને (૫) વીર્યલબ્ધિ. ક્ષાયક દાનાદિ પાંચ લબ્ધિઓ મનુષ્યના દંડકમાં છે. બાકીની ૨૩ દંડકમાં નથી. જ્યારે ક્ષયોપશમ દાનાદિ પાંચ લબ્ધિ ૨૪ દંડકમાં છે.

**(૪૨) આત્માદ્વાર :**

આત્મા આઠ પ્રકારના છે. (૧) દ્રવ્યાત્મા (૨) કષાયાત્મા (૩) યોગાત્મા (૪) ઉપયોગાત્મા (૫) જ્ઞાનાત્મા (૬) દર્શનાત્મા (૭) ચારિત્રાત્મા અને (૮) વીર્યાત્મા. મનુષ્યના દંડકમાં આઠ આત્મા છે. મનુષ્ય સિવાયના બાકીના ત્રસના ૧૮ દંડકમાં ચારિત્ર આત્મા વર્જીને સાત આત્મા છે અને પાંચ સ્થાવરમાં જ્ઞાનાત્મા અને ચારિત્રાત્મા વર્જીને બાકીના ૬ આત્મા છે.

**(૪૩) વેદના દ્વાર :**

વેદવું, ભોગવવું તેને વેદના કહે છે. વેદના ચોવીશે દંડકમાં છે.

**(૪૪) ભવ્ય અભવ્ય દ્વાર :**

ભવિષ્યમાં જેઓ મોક્ષ પદ પામી શકે એવી યોગ્યતાવાળા ભવ્ય કહેવાય છે. અને કોઈ પણ કાળમાં જેઓ મોક્ષ પામવાની યોગ્યતા ન મેળવી શકે તેને અભવ્ય કહેવાય છે. ચોવીસે દંડકમાં બન્ને બોલ છે.

**(૪૫) પક્ષદ્વાર :**

પક્ષ બે પ્રકારના છે. (૧) શુક્લપક્ષી જીવ અને (૨) કૃષ્ણ પક્ષી જીવ (૧) જે જીવ દેશે ઉણા અર્ધ પુદ્ગલ પછી અવશ્ય મોક્ષે જાય તેને શુક્લપક્ષી જીવ કહે છે. (૨) જે જીવને દેશે ઉણા અર્ધ પુદ્ગલ પરાવર્તન ઉપરાંત હજી સંસારમાં પરિભ્રમણ કરવું છે તેને કૃષ્ણપક્ષી જીવ કહે છે. ચોવીસે દંડકમાં બંને બોલ છે.

**(૪૬) પરિતાદિ દ્વાર :**

જેના સંસારનો અંત સંખ્યાતા ભવમાં થાય તેને પરિત કહે છે. અને જે જીવે સંસારને ટૂંકો કરેલ નથી તેને અપરિત કહે છે. ચોવીસે દંડકમાં એ બંને બોલ છે.

**(૪૭) ચરમા ચરમદ્વાર :**

સંસારાવસ્થાનો છેલ્લો ભવ કે જે ભવના ક્ષયે મોક્ષે જવું છે તેને ચરમ કહે છે. સંસાર આશ્રીને હજી ઘણા ભવ કરવાના છે તેને અચરમ કહે છે. ચોવીસે દંડકમાં ચરમ, અચરમ બંને છે. નિશ્ચયથી ચરમ શરીરી એક મનુષ્યના દંડકમાં જ છે.

**(૪૮) સંજ્ઞી અસંજ્ઞી દ્વાર :**

સંજ્ઞી એટલે જેને મન હોય છે. અને જેને મન ન હોય તેને અસંજ્ઞી કહે છે. નારકીનો ૧, ભવનપતિના ૧૦, તિર્યંચ પંચેન્દ્રિયનો ૧, મનુષ્યનો ૧, એ ૧૪ દંડકમાં સંજ્ઞી અસંજ્ઞી બંને છે. જયોતિષીનો ૧, વૈમાનિકનો ૧ એ બે દંડકમાં એકલા સંજ્ઞી છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય એ આઠ દંડકમાં ફક્ત અસંજ્ઞી છે.

**(૪૯) સૂક્ષ્મ બાદર દ્વાર :**

છદ્મસ્થ પોતાની કોઈ પણ ઇન્દ્રિયથી ઓળખી ન શકે પણ જ્ઞાની જાણી દેખી શકે તે સૂક્ષ્મ, અને છદ્મસ્થ પોતાની ઇન્દ્રિય દ્વારા જોઈ શકે અને જાણી શકે તે બાદર. પાંચ સ્થાવરના પાંચ દંડકમાં સૂક્ષ્મ અને બાદર બંને છે. બાકીના ૧૯ દંડકમાં બાદર છે.

**(૫૦) ત્રસ-સ્થાવર દ્વાર :**

જેનામાં હાલવા ચાલવાની શક્તિ છે તેને ત્રસ કહેવાય છે. જેનામાં ગમનાગમન કરવાની શક્તિ નથી તેને સ્થાવર કહેવાય છે. (૧) પૃથ્વીકાય (૨) અપકાય (૩) તેઉકાય (૪) વાઉકાય (૫) વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિયના પાંચ દંડક સ્થાવર છે અને શેષ ૧૯ દંડક ત્રસ છે.

**(૫૧) પ્રત્યેક સાધારણ દ્વાર :**

શરીરે શરીરે એકેક જીવ હોય તેને પ્રત્યેક કહે છે. એક શરીરમાં અનંતાજીવ હોય તેને સાધારણ કહે છે. વનસ્પતિના દંડકમાં પ્રત્યેક અને સાધારણ બંને છે. બાકીના ૨૩

દંડકમાં ફક્ત પ્રત્યેક છે.

**(૫૨) જાતિ દ્વાર :**

જાતિ પાંચ છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય. પાંચ સ્થાવરના દંડકમાં એક એકેન્દ્રિય જાતિ છે. ત્રણ વિકલેન્દ્રિયના દંડકમાં પોતપોતાની જાતિ જાણવી. બાકીના ૧૬ દંડકમાં એક પંચેન્દ્રિયની જાતિ છે.

**(૫૩) કાય દ્વાર :**

કાય ૬ પ્રકારની છે. (૧) પૃથ્વીકાય (૨) અપકાય (૩) તેઉકાય (૪) વાઉકાય (૫) વનસ્પતિકાય અને (૬) ત્રસકાય

પાંચ સ્થાવરના દંડકમાં પોતપોતાની કાય જાણવી. બાકીના ૧૯ દંડકમાં એક ત્રસકાય છે. જીવાભિગમ સૂત્રમાં તેઉકાય તથા વાઉકાયની ગતિ ત્રસમાં ગણેલ છે. પણ તેમને ત્રસ નામ કર્મનો ઉદય નથી.

**(૫૪) ગર્ભજ અગર્ભજ દ્વાર :**

માતાના ઉદરથી યોની દ્વારા જન્મે તેને ગર્ભજ કહે છે. ગર્ભજ સિવાયના બાકી બધા જીવો અગર્ભજ કહેવાય છે. મનુષ્યના તથા તિર્યંચ પંચેન્દ્રિયના એ બે દંડકમાં ગર્ભજ તથા અગર્ભજ એ બંને છે. અને બાકી ૨૨ દંડકના જીવો અગર્ભજ છે.

**(૫૫) સિઝણા દ્વાર :**

પહેલી ત્રણ નરકના નીકળ્યા. દરેક નરકના જઘન્ય એક અને ઉત્કૃષ્ટ ૧૦. એક સમયે સિઝે. ચોથી નરકના નીકળ્યા એક સમયે ઉત્કૃષ્ટ ચાર સિઝે, શેષ ત્રણ નરકના નીકળ્યા સીઝે નહિં.

૧૦ ભવનપતિ. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્ય. વાણવ્યંતર જ્યોતિષીએ ૧૪ દંડકના નીકળ્યા એક સમયે ઉત્કૃષ્ટ ૧૦ સિઝે. વૈમાનિકના દંડકના નીકવ્યા ૧૦૮ એક સમયે સિઝે. પૃથ્વી, પાણીના નીકળ્યા એક સમયે ચાર ચાર સિઝે. વનસ્પતિના દંડકના નીકળ્યા એક સમયે છ સિઝે. તેઉ, વાઉ અને ૩ વિકલેન્દ્રિય એ પાંચ દંડકના નીકળ્યા એક પણ સિઝે નહિં.

**(૫૬) પદવી દ્વાર :**

પદવી ૨૩ છે. તેનાં નામ (૧) તીર્થંકરની (૨) ચક્રવર્તીની (૩) વાસુદેવની (૪) બલદેવની (૫) કેવળીની (૬) સાધુની (૭) શ્રાવકની (૮) સમકિતીની અને (૯) માંડલિકની એ નવ મોટી પદવી છે. તેમાં ચૌદ રત્ન ચક્રવર્તીના ભેળવતાં ૨૩ પદવી થાય. તે ૧૪ રત્નના નામ (૧) સેનાપતિ રત્ન, (૨) ગાથાપતિ રત્ન, (૩) વાર્ધિક રત્ન, (૪) પુરોહિત રત્ન, (૫) સ્ત્રી રત્ન, (૬) હસ્તિ રત્ન, (૭) અશ્વરત્ન એ ૭ પંચેન્દ્રિય રત્ન છે તથા (૧) ચક્ર રત્ન (૨) ખડ્ગ રત્ન (૩) છત્ર રત્ન (૪) ચર્મ રત્ન (૫) દંડ રત્ન (૬) મણિ રત્ન (૭) કાંગણિ રત્ન એ સાત એકેન્દ્રિય રત્ન છે.

નારકીનો ૧, દેવતાના ૧૩ અને ત્રણ વિકલેન્દ્રિય એ ૧૭ દંડકમાં તથા સુમુર્ચ્છિત્ત તિર્યંચ પંચેન્દ્રિય એટલામાં એક સમક્તિની પદવી લાભે. પૃથ્વીકાયના દંડકમાં ૭ પદવી લાભે તે સાત એકેન્દ્રિય રત્ન લેવા. તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં ચાર પદવી લાભે. (૧) સમકિતની, (૨) શ્રાવકની, (૩) અશ્વની, (૪) ગજની એ ૪ લાભે. મનુષ્યના દંડકમાં ૧૪ પદવી લાભે તે ૨૩માંથી ૭ એકેન્દ્રિય રત્ન, અને (૧) અશ્વ અને (૨) ગજની એ નવ વર્જવી. બાકી ૧૪ લાભે. પૃથ્વી વર્જીને શેષ ચાર સ્થાવરના દંડકમાં એકે પદવી લાભે નહીં.

**(૫૭) સમુદ્ઘાત દ્વાર :**

જેમાં સમ્ એટલે એકી ભાવથી, ઉદ્ એટલે પ્રબલપણાથી ઉદીરણા કરીને. ઉદયાવલિકામાં નાંખીને શીધ્ર ભોગવીને, ઘાત એટલે ઘણા કર્મોનો ક્ષય કરે તેને સમુદ્ઘાત કહે છે. સમુદ્ઘાત સાત છે. (૧) વેદના, (૨) કષાય, (૩) મરણ, (૪) વૈક્રિય, (૫) તૈજસ, (૬) આહારક અને (૭) કેવલી સમુદ્ઘાત

નારકી અને વાઉકાયના દંડકમાં પ્રથમના ચાર સમુદ્ઘાત હોય છે. પૃથ્વી અપ, તેઉ. વનસ્પતિ અને ત્રણ વિકલેન્દ્રિય એ સાત દંડકમાં પ્રથમના ત્રણ સમુદ્ઘાત હોય છે. દેવના ૧૩ અને તિર્યંચ પંચેન્દ્રિયને એક, એ ૧૪ દંડકના પ્રથમના પાંચ સમુદ્ઘાત હોય છે. મનુષ્યના દંડકમાં સાતે સમુદ્ઘાત છે.

**(૫૮) સંઘયણ દ્વાર :**

હાડકાના સમૂહની સંધીનું બંધારણ તેને સંઘયણ કહે છે. તે સંઘયણ છ છે. ગર્ભજ મનુષ્ય તથા ગર્ભજ તિર્યંચના દંડકે છ એ સંઘયણ હોય. પાંચ સ્થાવર. ત્રણ વિકલેન્દ્રિય એ ૮ દંડકમાં તથા સમુર્ચ્છિમ મનુષ્ય તથા સમુર્ચ્છિમ તિર્યંચને એક સેવાર્ત સંઘયણ હોય. નારકીનો ૧ અને દેવતાના ૧૩ એ ૧૪ દંડકે એકેય સંઘયણ નથી.

**(૫૯) સંસ્થાન દ્વાર :**

જીવને શુભાશુભ લક્ષણવાળી શરીરની આકૃતિ અથવા આકાર વિશેષ હોય તેને સંસ્થાન કહે છે. જીવ સંબંધી સંસ્થાન ૬ પ્રકારનાં છે. અજીવ સંબંધી સંસ્થાન પાંચ પ્રકારનાં છે. દેવતાના ૧૩ દંડકમાં એક સમચતુરસ્ર છે. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા ગર્ભજ મનુષ્યના દંડકમાં છ સંસ્થાન છે. પાંચ સ્થાવરનાં દંડકમાં હુંડક સંસ્થાન છે.

**(૬૦) પ્રાણ દ્વાર :**

પ્રાણ એટલે આત્માનું જીવન, લક્ષણ. આ જીવતો છે એમ પ્રાણથી જ ઓળખાય છે. પ્રાણને ધારણ કરે તે પ્રાણીજીવ કહેવાય છે. પ્રાણ બે પ્રકારના છે. (૧) દ્રવ્ય પ્રાણ, ૧૦ પ્રકારના છે અને (૨) ભાવ પ્રાણ, આત્માના જ્ઞાનાદિ ગુણને જાણવા.

પાંચ સ્થાવરના દંડકમાં ચાર પ્રાણ છે. બે ઇન્દ્રિયને ૬ પ્રાણ, તેઇન્દ્રિયને ૭ પ્રાણ. ચૌરેન્દ્રિયને ૮ પ્રાણ. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને ૯ પ્રાણ અને સંજ્ઞીના ૧૬ દંડકમાં ૧૦ પ્રાણ છે.

**(૬૧) દેવદ્વાર :**

દેવના પાંચ પ્રકાર છે. (૧) ભવ્ય દ્રવ્યદેવ, (૨) નરદેવ, (૩) ધર્મદેવ, (૪) દેવાધિદેવ અને (૫) ભાવ દેવ. દેવતાના ૧૩ દંડકમાં એક ભાવદેવ છે. તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં એક ભવ્યદ્રવ્યદેવ છે. મનુષ્યના દંડકમાં ભાવદેવ વર્જીને શેષ ચાર દેવ છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને ૧ નરકના એ નવ દંડકમાં એકે દેવ નથી.

**(૬૨) ગતિ આગતિ દ્વાર :**

આ દ્વારનું વર્ણન દંડક પ્રકરણમાં આપેલા દ્વાર પ્રમાણે સમજી લેવું.

**(૬૩) સંજ્ઞાદ્વાર :**

સંજ્ઞા એટલે અભિલાષ અથવા જ્ઞાન. બે પ્રકારની સંજ્ઞા છે. (૧) જ્ઞાન સંજ્ઞા, તે પાંચ પ્રકારની છે અને (૨) અનુભવ સંજ્ઞા તે ચાર પ્રકારની છે. (૧) આહાર સંજ્ઞા, (૨) ભય સંજ્ઞા, (૩) મૈથુન સંજ્ઞા અને (૪) પરિગ્રહ સંજ્ઞા. ચોવીસે દંડકમાં આ ચાર સંજ્ઞા છે. તેમાં નરકના દંડકમાં ભયસંજ્ઞા ઘણી છે. તિર્યંચના દંડકમાં આહાર સંજ્ઞા ઘણી છે. મનુષ્યના દંડકમાં મૈથુન સંજ્ઞા ઘણી છે અને દેવતાના દંડકોમાં પરિગ્રહ સંજ્ઞા ઘણી છે.

**(૬૪) યોનિદ્વાર :**

જીવો, તૈજસ, કાર્મણ શરીરથી ઔધારિકાદિ ભવધારણીય દેહ યોગ્ય પુદ્ગલોની સાથે જોડાય તે ઉત્પત્તિ સ્થાનને યોનિ કહેવાય છે. તે યોનિના ૪ રીતે ત્રણ ત્રણ પ્રકારો પડેલા છે. વળી ૮૪ લાખ યોનિ પણ છે. ૧ નારકીનો ૧૩ દેવતાના અને એક તિર્યંચ પંચેન્દ્રિયનો એ ૧૫ દંડકવાળા જીવોની ચાર ચાર લાખ યોનિ છે. પૃથ્વી, અપ, તેઉ વાઉ એ ચાર દંડકવાળી સાત સાત લાખ યોનિ છે. વનસ્પતિના દંડકમાં ૨૪ લાખ યોનિ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય એ ત્રણ દંડકવાળાની બે બે લાખ યોનિ છે. મનુષ્યના દંડકવાળાની ૧૪ લાખ યોનિ છે.

**(૬૫) કુલ કોડી દ્વાર :**

નારકીની ૨૫ લાખ, દેવતાની ૨૬ લાખ, પૃથ્વીની ૧૨ લાખ, અપ, વાઉ બેકેન્દ્રિય એ ત્રણના સાત સાત લાખ કુળ છે. તેઉના ૩ લાખ કુળ છે. વનસ્પતિના ૨૮ લાખ કુળ છે. તેઇન્દ્રિયના ૮ લાખ કુળ છે. ચૌરેન્દ્રિયના નવ લાખ કુળ છે. મનુષ્યના ૧૨ લાખ કુળ છે. તિર્યંચ પંચેન્દ્રિયના ૫૩ા લાખ કુળ છે. સર્વે મળી કુલ ૯૭ા લાખ કોડી છે.

**(૬૬) સ્થાનક દ્વાર :**

સંખ્યાતા અને અસંખ્યાતા જોજનના નરકાવાસમાં અનુક્રમે સંખ્યાતા, અને અસંખ્યાતા નારકીઓ રહે છે. સંખ્યાતા અને અસંખ્યાતા જોજનવાળા ભુવનમાં અસંખ્યાતા દેવો રહે છે. આ રીતે ૨૪ દંડકમાં સમજવું.

**(૬૭) વિરહ દ્વાર :**

વિરહકાળ એટલે એક જીવ ઉત્પન્ન થયા પછી બીજા જીવો કેટલા કાળને અંતરે ઉત્પન્ન થાય અથવા ચ્યવે. એમ દરેક દંડકમાં કહેવું. પાંચ સ્થાવર વર્જીને ૧૯ દંડકમાં ઉપજવા અને ચ્યવવાનો જઘન્ય વિરહ ૧ સમયનો છે. પાંચ સ્થાવરમાં વિરહ પડતો નથી.

**(૬૮) શૂન્યકાળાદિ દ્વાર :**

કાળમાં શૂન્યકાળ, અશૂન્યકાળ અને મિશ્રકાળ છે. શૂન્યકાળ વનસ્પતિ વર્જીને બાકીના ૨૩ દંડકમાં છે. અશૂન્ય કાળ ચોવીસે દંડકમાં છે. મિશ્રકાળ ચોવીસે દંડકમાં છે. અર્થાત્ વનસ્પતિના દંડકમાં શૂન્યકાળ વર્જીને બાકીના બે કાળ છે.

**(૬૯) અવગાહના દ્વાર :**

પદાર્થની ઊંચાઈ, લંબાઈ, પહોળાઈ અને જાડાઈનું જે માપ તે અવગાહના કહેવાય. દેવતાના ૧૩ દંડકમાં ઉત્તર વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના લાખ જોજનની છે. મનુષ્યના દંડકમાં લાખ જોજન ઝાઝેરી જાણવી. તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં ૯૦૦ જોજનની છે. વાયરાની અંગુલના અસંખ્યાતમાં ભાગની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી. બાકીના ૪ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયની ઉત્તર વૈક્રિય અવગાહના નથી. આ રીતે પાંચેય શરીરની અવગાહના જુદા જુદા દંડકમાં જુદી જુદી જાણવી.

**(૭૦) સ્થિતિદ્વાર :**

સ્થિતિ બે પ્રકારની છે. (૧) સંખ્યાતી, (૨) અસંખ્યાતી· ૨૪ દંડકમાંથી જ્યોતિષી અને વૈમાનિક એ બે દંડક વર્જીને બાકીના ૨૨ દંડકની સંખ્યાતી સ્થિતિ જાણવી.

**(૭૧) ભવ સ્થિતિ દ્વાર :**

આ દ્વારનું વર્ણન દંડક પ્રમાણમાં આપેલા સ્થિતિ દ્વાર પ્રમાણે સમજવું.

**(૭૨) કાયસ્થિતિ દ્વાર :**

ફરી ફરી મરણ પામીને તેની તે જ કાયમાં ઉત્પન્ન થાય તો તેની અપેક્ષાએ

જે સ્થિતિકાળ માન તેનું નામ કાયસ્થિતિ કહે છે.

**(૭૩) જઘન્ય ઉત્કૃષ્ટ ભવદ્વાર :**

જે દંડકમાં જીવ વર્તમાન ભવે છે. તે વર્તમાન ભવ પૂરો કરી મરણ પામી તે દંડકમાં અંતર રહિત ફરી ઉપજે. એવી રીતે નિરંતર કેટલા ભવ કરે તે કહે છે. નારકીના દંડકમાં અને દેવતાના ૧૩ દંડકમાં જઘન્ય ઉત્કૃષ્ટ એક ભવ કરે. વનસ્પતિ વર્જીને ચાર સ્થાવરમાં જઘન્ય ૧-૨-૩ ભવ કરે અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા ભવ કરે. વનસ્પતિમાં જઘન્ય ૧-૨-૩ ભવ કરે અને ઉત્કૃષ્ટ અનંતા ભવ કરે. ત્રણ વિકલેન્દ્રિયમાં જઘન્ય ૧-૨-૩ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ કરે. તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યમાં જઘન્ય ૧-૨-૩ ભવ અને ઉત્કૃષ્ટ ૮ ભવ કરે. તેથી વધારે ન કરે.

**(૭૪) મરણદ્વાર :**

મરણ બે પ્રકારનાં છે સમોહિયા મરણ અને અસમોહિયા મરણ. બે પ્રકારનાં મરણ ૨૪ દંડકવાળા જીવોને છે.

**(૭૫) આયુષ્યબંધ દ્વાર :**

જીવ છ બોલની બંધી સાથે પરભવનું આયુષ્ય બાંધે છે. ચોવીસે દંડકમાં આયુષ્ય બંધના છએ બોલ છે.

**(૭૬) ગતિ આગતિ દ્વાર :**

દંડક પ્રકરણમાં તેનું વર્ણન કરેલું છે તે પ્રમાણે સમજવું.

**(૭૭) અધ્યવસાય દ્વાર :**

દરેક સંસારી જીવોને પ્રશસ્ત અને અપ્રશસ્ત અધ્યવસાય હોય છે. ચોવીસે દંડકમાં બે પ્રકારના અધ્યવસાય છે.

**(૭૮) બંધ હેતુ દ્વાર :**

દરેક જીવ જે કર્મ બંધન કરે છે તેના મૂળ હેતુ પાંચ અને ઉત્તર હેતુ ૫૭ છે.

**(૭૯) કરણ દ્વાર :**

કરણ પંચાવન છે. નારકીના દંડકમાં ૪૫ કરણ, ૧૦ ભવનપતિના ૧૦ અને વ્યંતરનો ૧ એ ૧૧ દંડકમાં ૪૮ કરણ, પૃથ્વી-પાણી-વનસ્પતિમાં ૩૧ કરણ, તેઉમાં ૩૦ કરણ, વાયુના દંડકમાં ૩૨ કરણ, બેઇન્દ્રિયમાં ૩૩, તેઇન્દ્રિયમાં ૩૪, ચૌરેન્દ્રિયમાં ૩૫, સંમુર્ચ્છિમ તિર્યંચમાં ૩૬, ગર્ભજ તિર્યંચમાં ૫૨, ગર્ભજ મનુષ્યમાં ૫૫ કરણ, જ્યોતિષીમાં ૪૫ અને વૈમાનિકના દંડકમાં ૪૫ કરણ જાણવાં.

**(૮૦) નિવૃતિ દ્વાર :**

નિવૃતિ ૮૨ છે.

**(૮૧) દંડ દ્વાર :**

દંડ પાંચ પ્રકારના છે. (૧) અર્થદંડ (૨) અનર્થદંડ (૩) હિંસાદંડ (૪) અકસ્માત દંડ અને (૫) દૃષ્ટિ વિપર્યાસ દંડ.

(૧) અર્થદંડ તે પોતાને કાર્યે દંડાય. (૨) અનર્થ દંડ તે પોતાના સ્વાર્થ સિવાય ફોગટનો પરનાં કાર્યે દંડાય. (૩) હિંસાદંડ એ જીવઘાત કરવાથી દંડાય તે (૪) અકસ્માત દંડ તે જેને મારવા ધારેલ છે તેને મારતાં વચમાં બીજાને મરાય તે. (૫) દૃષ્ટિ વિપર્યાસ દંડ તે સમજ ફેરથી પોતાના મિત્રને શત્રુ જાણીને મારે તે. એ પાંચ દંડ ચોવીસે દંડકમાં છે.

**(૮૨) ક્રિયાદ્વાર :-**

જેના થકી કર્મ ઉપાર્જન કરી શકાય છે તેને ક્રિયા કહે છે. તેનાં પાંચ પ્રકાર છે. પાંચે ક્રિયાઓ ચોવીસે દંડકમાં છે.

**(૮૩) પરિગ્રહ દ્વાર :-**

પરિગ્રહ એટલે મૂર્છાભાવ પદાર્થ ઉપર મમત્વભાવ રાખવો તેને પરિગ્રહ કહે છે. તેના ત્રણ પ્રકાર છે. (૧) કર્મ (૨) શરીર અને (૩) બાહ્ય ભંડોપગરણાદિ પરિગ્રહ એ ત્રણ પ્રકારના પરિગ્રહ પાંચ સ્થાવર ને નારકી એ છ દંડક વર્જીને બાકીના ૧૮

દંડકમાં છે. અને એ ૬ દંડકમાં પ્રથમના બે પરિગ્રહ છે.

**(૮૪) સમોસરણ દ્વાર :**

સમ્યક્ પ્રકારે એકી ભાવ વડે એકત્ર મલવું તેને સમોસરણ કહે છે. તે સમોસરણ ચાર પ્રકારના છે. (૧) ક્રિયાવાદી (૨) અક્રિયાવાદી (૩) અજ્ઞાનવાદી અને (૪) વિનયવાદી, સંજ્ઞીના ૧૬ દંડકમાં ચારે સમોસરણ લાભે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય એ ૮ દંડકમાં અક્રિયાવાદી ને અજ્ઞાનવાદી એ બે સમોસરણ છે.

**(૮૫) સપ્રદેશી અપ્રદેશી દ્વાર :**

સપ્રદેશી એટલે જેને ઘણા સમય ઉત્પન્ન થયા પછી થયા હોય તેને સપ્રદેશી કહે છે. અને જેને એક સમય ઉપજવાને થયો હોય તેને અપ્રદેશી કહે છે. ચોવીસે દંડકમાં સપ્રદેશી અને અપ્રદેશી બંને હોય છે.

**(૮૬) સોપચયાદિદ્વાર :**

તેમાં સોપચયા, સાપચયા, સોપચયા-સાપચયા નિરઉપચયા એ ૪ ભાંગા સમુચ્ચે જીવમાં છે.

**(૮૭) માર્ગણા દ્વાર :**

માર્ગણા ૬૨ છે. તેને દંડકમાં બતાવેલ છે.

**(૮૮) અલ્પબહુત્વ :**

(૧) સર્વથી થોડા મનુષ્ય બોલે છે. (૨) તેથી વૈમાનિક અસંખ્યાતગણા ૨૮ બોલે છે (૩) માટે તેથી ભવનપતિ અસંખ્યાતગણા ૩૧ બોલે છે. માટે, તેથી વાણવ્યંતર અસંખ્યાતગણા ૩૯મે બોલે છે. માટે, તેથી (૪) જ્યોતિષી સંખ્યાતગણા છે. ૪૧મે બોલે છે. માટે, (૫) તેથી તિર્યંચ પંચેનદ્રિય વિશેષાહિયા ૪૪ મે બોલે છે. માટે, (૬) તેથી ચૌરેન્દ્રિય વિશેષાહિયા. ૫૦મે બોલે છે. માટે, (૭) તેથી તેઇન્દ્રિય વિશેષાહિયા ૫૧મે બોલે છે. માટે, (૮) તેથી બેઇન્દ્રિય વિશેષાહિયા ૫૨મે બોલે છે માટે, તેથી (૯) તેઉકાય અસં. ગુણા ૬૮મે બોલે છે. માટે, (૧૦) તેથી પૃથ્વીકાયના વિશેષાહિયા

૬૯મે બોલે છે. માટે, (૧૧) તેથી આઉકાયના વિશેષાહિયા ૭૦મે બોલે છે. માટે, તેથી (૧૨) વાઉકાયના વિશેષાહિયા ૭૧મે બોલે છે માટે, (૧૪) તેથી વનસ્પતિકાયના અનંતગણા. ૮૯મે બોલે છે

**(૮૯) વાટે વહેતા દ્વાર :**

તેમાં એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં જીવને શું શું હોય તેના બોલ બતાવ્યા છે.

આ રીતે દંડકાવ બોધમાં ઘણા થોકડાઓ સાથે લઈને લેખકે દંડકોની વિચારણા કરી છે.

**"દંડક પ્રકરણ અને દંડકાવ બોધ ગ્રંથમાં અંતર"**

(૧) દંડક પ્રકરણમાં બતાવેલા ૨૪ દ્વારોનો દંડકાવબોધમાં સમાવેશ કર્યો છે. તે ઉપરાંત બીજા ૬૫ દ્વારો તેમાં ઉમેરીને તેની પણ સ્પષ્ટતાપૂર્વક વિવક્ષા કરી છે.

(૨) દંડક પ્રકરણ ગ્રંથમાં એકેંદ્રિય જીવોમાં એકેય સંઘયણ નથી એવું બતાવ્યું છે. દંડકાવબોધ ગ્રંથમાં એકેન્દ્રિયને સેવાર્ત (છેવટ્ઠું) સંઘયણ બતાવેલ છે.

## (૨) "દંડક વિવેચન"

આ ગ્રંથની રચના શ્વેતા. મૂર્તિપૂજક સંઘના આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર શિષ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક પ.પૂ.આચાર્ય વિજય નરવાહનસૂરિએ કરી છે. જેનું સંકલન પૂ. દર્શનશીલ વિજય મહારાજ સાહેબે કરી છે.

પ.પૂ.આચાર્ય વિજય નરવાહનસૂરિએ વિચાર્યું કે અર્ધમાગધી અને પ્રાકૃત-સંસ્કૃત ભણનારા ઓછા થવા માંડ્યા છે. આગમો ભણતા નથી. તો આગળના મહાત્માઓ અને શ્રાવકો શું કરશે ? એમ વિચારીને આગમ ગ્રંથો ઉપરથી એને અનુસરીને મહાપુરુષોએ પ્રકરણ ગ્રંથની રચના કરી છે.

એમાં હજારો પ્રકરણોની રચના થયેલી છે. તેમાંથી મોટા ભાગના પ્રકરણ ગ્રંથો

નાશ પામેલા છે. તેમાં ૧૫૦ જેવાં પ્રકરણો રહેલાં છે.

એ પ્રકરણ ગ્રંથોમાં મુખ્ય પ્રકરણો ચાર ગણાય છે. જેમાં જીવવિચાર, નવતત્ત્વ, દંડક તથા લઘુ સંગ્રહણી એ ચાર પ્રકરણોનો સમાવેશ થાય છે. ગજસાર મુનિકૃત દંડક-પ્રકરણ ને અનુલક્ષીને આ ત્રીજા દંડક પ્રકરણને વિષે એની વિશેષ સમજૂતી આપવા જગતમાં રહેલા જીવોના ભેદો પાડીને સમજવા માટે નામ આપેલાં છે. એ ચોવીસે પ્રકારના દંડકવાળા જીવો જગતમાં શેના શેનાથી દંડાયા કરે છે. અને એ દંડથી છૂટવું હોય તો કઈ રીતે છૂટી શકાય એવું વિસ્તૃત જ્ઞાન દંડક વિવેચન નામના ગ્રંથમાં આપેલું છે.

જેનાથી જીવો દંડાય છે તેને ઓળખીને એનાથી સાવધ રહી સુખમાં લીન બન્યા વગર અને દુઃખમાં દીન થયા વગર પોતાનો જીવનકાળ પસાર કરે તો જીવને દંડાવાનું મટી જાય છે. અને જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને સંપૂર્ણ પેદા કરી શકે છે. આ માટે જ ચાર ગતિમાં જીવો શેના શેનાથી દંડાઈને દુઃખ પામી શકે છે અથવા પામે છે તે જણાવવાનો પ્રયાસ કરતાં એ દુઃખોથી છૂટે એવી ભાવના આ મહાપુરુષે વ્યક્ત કરી છે.

પૂ. આચાર્ય વિજય નરવાહનસૂરિ એ દંડક વિવેચન નામના ગ્રંથમાં સૌથી પ્રથમ ચોવીસ દંડકના નામો સમજૂતી સાથે આપેલાં છે. ચાર ગતિમાં નરકગતિનો એક તિર્યંચગતિના નવ, મનુષ્યગતિનો એક અને દેવગતિના ૧૩ દંડકએ રીતે ૨૪ દંડક બતાવેલ છે.

## ચોવીશ દંડકનાં નામો.

(૧) **નારકીનો એક દંડક** :- આ દંડકમાં સાતેય નારકીનો સમાવેશ થઈ જાય છે.
**તિર્યંચગતિના ૯ દંડકો હોય છે.**

(૧) **પૃથ્વીકાયનો દંડક** :- પૃથ્વીરૂપે ઉત્પન્ન થયેલા જીવો કેવી રીતે દંડાય છે. શેનાથી દંડ પામે છે. એનું વર્ણન પૃથ્વીકાય દંડકમાં છે.

(૨) **અપકાય દંડક** :- જયાં પૃથ્વી હોય ત્યાં પાણી હોય જ એવો નિયમ નથી. અપકાયનાં સ્થાનો જુદાં જુદાં હોય છે. આથી આ દંડક જુદો ગણ્યો છે.

(૩) **તેઉકાય દંડક** :- આ તેઉકાય જીવો બાદરરૂપે અઢીદ્વિપ ક્ષેત્રમાં જ હોય છે. આથી એ દંડક જુદો ગણ્યો છે.

(૪) **વાઉકાય દંડક** :- આ જીવો ચૌદ રાજલોકમાં રહેલા હોય છે. માટે એનો દંડક જુદો ગણ્યો છે.

(૫) **વનસ્પતિકાય દંડક** :- જ્યાં પાણી હોય ત્યાં વનસ્પતિ હોય છે. તથા એ સિવાય પ્રત્યેક વનસ્પતિકાય જીવો પણ જુદા સ્થળોમાં હોય છે. માટે એનો દંડક જુદો ગણ્યો છે.

(૬) **બેઇન્દ્રિય જીવોનો દંડક** :- આ જીવો નારકીના ક્ષેત્રોમાં અને દેવલોકના ક્ષેત્રોમાં ઉત્પન્ન થતા નથી. આથી જુદો દંડક ગણ્યો છે.

(૭) **તેઇન્દ્રિય જીવોનો દંડક** :- બેઇન્દ્રિયની સમાન તેઇન્દ્રિય છે. પરંતુ બેઈન્દ્રિય કરતાં તેઈન્દ્રિયમાં એક ઇન્દ્રિય વિશેષ હોવાથી જુદો દંડક ગણ્યો છે.

(૮) **ચૌરેન્દ્રિય જીવોનો દંડક** :- તેઇન્દ્રિયની સમાન ચૌરેન્દ્રિય છે. પરંતુ તેઈન્દ્રિય કરતાં ચૌરેન્દ્રિયમાં એક ઇન્દ્રિય વિશેષ હોવાથી જુદો દંડક ગણ્યો છે.

(૯) **પંચેન્દ્રિય તિર્યંચનો દંડક** :- આ દંડકમાં સંજ્ઞી તિર્યંચો તથા અસંજ્ઞી તિર્યંચો એ બંનેનો સમાવેશ કરેલો છે.

(૧) **મનુષ્યગતિનો એક દંડક** :- આ દંડકમાં સંજ્ઞી મનુષ્યો તથા અસંજ્ઞી મનુષ્યો બંનેનો સમાવેશ કરેલો છે.

## દેવગતિના ૧૩ દંડકો :-

(૧૦) **ભવનપતિના - ૧૦ દંડકો છે :-** જેમાં ભવનપતિ અને પરમાધામી દેવોનો સમાવેશ થાય છે.

(૧૧) **વ્યંતર દેવોનો દંડક :-** જેમાં વ્યંતર જાતિના દેવો અને જૃંભગ જાતિના દેવોનો સમાવેશ થાય છે.

(૧૨) **જ્યોતિષી દેવોનો દંડક :-** જેમાં ચર અને અચર બંને પ્રકારના દેવોનો

સમાવેશ થાય છે.

*(૧૩) **વૈમાનિક દેવોનો દંડક :-** કલ્પોપન્ન અને કલ્પાતીત દેવો બંનેનો સમાવેશ* થાય છે.

આ રીતે ૧ + ૯ + ૧ + ૧૩ = ૨૪ દંડકો થાય છે. કે જ્યાં જીવો દંડાયા જ કરે છે.

## ૨૪ દ્વારો :-

દંડક પ્રકરણની જેમ ૨૪ દ્વારો બતાવ્યાં છે. દંડક પ્રકરણમાં આપેલાં એ દ્વારોમાં જે વિશેષતા હોય છે તે દંડક વિવેચનમાં બતાવેલ છે.

### (૧) શરીરદ્વાર :

ઔદારિક શરીર, ધર્મ અને અધર્મ ઉપાર્જન કરવામાં સમર્થ હોય છે. ઔદારિક શરીરવાળા સુખ અને દુઃખનો અનુભવ કરતાં કરતાં પોતાના સંપૂર્ણ ધર્મને પેદા કરી શકે છે. વૈક્રિય શરીરથી સુખ, દુઃખનો અનુભવ કરતા જીવો ધર્મને પ્રાપ્ત કરી શકતા નથી. ઔદારિક શરીર તો સાધનાનો આધાર-મોક્ષનગરની સોપાન શ્રેણી અંતર આત્માનું એક અદ્ભુત મંદિર છે. જગતમાં આ ઔદારિક શરીરો અસંખ્યાતા હોય છે. મનુષ્યો અને તિર્યંચોને ઉત્તરવૈક્રિય શરીર હોય છે તે સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા જીવોને હોય છે. આહારક શરીર માત્ર છઠ્ઠા ગુણસ્થાનમાં રહેલા જીવો જ કરી શકે છે. આ આહારક શરીર આખા ભવચક્રમાં ચાર વાર જ કરે છે. આ શરીર પુરુષવેદી અને નપુંસકવેદી જીવો કરી શકે છે. સ્ત્રીવેદી જીવો કરી શકતા નથી. કેમ કે સ્ત્રીઓને ૧૪ પૂર્વ ભણવાનો નિષેધ છે. બધા જીવોના તૈજસ શરીર ભિન્ન ભિન્ન હોય છે. આથી તૈજસ શરીરો અનંતા હોય છે. અને કાર્મણ શરીરો પણ અનંતા હોય છે.

### (૨) અવગાહનાદ્વાર :

જીવો જેમ શરીરથી દંડ પામે છે તેમ તેમના શરીરની ઊંચાઈ આદિથી પણ દંડ પામતા જાય છે.

**(૩) સંઘયણદ્વાર :**

સંઘયણના બાંધાથી જીવમાં શક્તિ પેદા થાય છે.

**(૪) સંજ્ઞા દ્વાર :**

શરીરને સુખાકારી જે જે પદાર્થો જોઈતા હોય તે પદાર્થોની ઈચ્છાઓ અંતરમાં પેદા થયા કરે છે. તેને સંજ્ઞા કહેવાય છે. સંજ્ઞાઓના સંયમથી જીવને ઈન્દ્રિયોનો સંયમ થતાં અવિરતિનું જીવન ખટકે છે અને વિરતિવાળું જીવન ગમતું થાય છે.

**(૫) સંસ્થાન દ્વાર :**

જગત આખુંય સદા માટે જીવ અને પુદ્ગલોથી ભરેલું છે. જગતમાં જેટલા જીવો છે એના કરતાં અનંતગણા અધિક પુદ્ગલો રહેલાં છે. આ અનંતા પુદ્ગલો કોઈને કોઈ આકૃતિવાળા હોય છે. એ પુદ્ગલોની આકૃતિને સંસ્થાન કહેવાય છે. પણ એનું અહિં વર્ણન કરવાનું નથી. પણ જીવો જ્યાં જ્યાં ઉત્પન્ન થઈ આહારનાં પુદ્ગલોને ગ્રહણ કરી, એ પુદ્ગલોને પરિણામ પમાડી શરીર રૂપે બનાવે છે તે આકૃતિને સંસ્થાન કહેવાય છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓને અને ત્રેસઠ શલાખા પુરુષોને અવશ્ય પહેલું સંસ્થાન હોય છે.

**(૬) કષાય દ્વાર :**

કષ = સંસાર અને આય = લાભ. જેનાથી જીવોને સંસારનો લાભ પ્રાપ્ત કરાવે તેને કષાય કહેવાય છે. અહિં કષાયોના ચોસઠ ભેદો પાડ્યા છે તે આ પ્રમાણે જાણવા

અનંતાનુબંધિ અનંતાનુબંધિ - ક્રોધ - માન - માયા - લોભ - ૪

અનંતાનુંબંધી અપ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

અનંતાનુબંધી પ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

અનંતાનુબંધી સંજવલન - ક્રોધ - માન - માયા - લોભ - ૪

અપ્રત્યાખ્યાની અનંતાનુબંધી - ક્રોધ - માન - માયા - લોભ - ૪

અપ્રત્યાખ્યાની અપ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

અપ્રત્યાખ્યાની સંજ્વલન - ક્રોધ - માન - માયા - લોભ - ૪

પ્રત્યાખ્યાની અનંતાનુબંધી - ક્રોધ - માન - માયા - લોભ - ૪

પ્રત્યાખ્યાની અપ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

પ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

પ્રત્યાખ્યાની સંજ્વલન - ક્રોધ - માન - માયા - લોભ - ૪

સંજ્વલન અનંતાનુબંધી - ક્રોધ - માન - માયા - લોભ - ૪

સંજ્વલન અપ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

સંજ્વલન પ્રત્યાખ્યાની - ક્રોધ - માન - માયા - લોભ - ૪

સંજ્વલન સંજ્વલન - ક્રોધ - માન - માયા - લોભ - ૪

**(૭) લેશ્યા દ્વાર :**

સ્વભાવના બંધારણને લેશ્યા કહે છે. કર્મોના સંયોગથી પેદા થતા આત્માના પરિણામને લેશ્યા કહે છે, લેશ્યાઓ કષાયોને સહાય કરનારી છે.

**(૮) ઈન્દ્રિય દ્વાર :**

ઈંદ્ર એટલે પરમૈશ્વર્યવાન આત્મા. તેનું ચિહ્ન તે ઈન્દ્રિયો કહેવાય છે. પાંચ ઈન્દ્રિયોના ૨૫૨ વિકાર છે. સ્પર્શેન્દ્રિયના ૮ વિષય, રસેન્દ્રિયના ષડ્‌રસરુપ છ વિષય, ઘ્રાણેન્દ્રિયના ૨ વિષય, ચક્ષુન્દ્રિયના ૫ વર્ણરૂપ ૫ વિષય, શ્રોત્રેન્દ્રિયના ૩ વિષય મળી કુલ ૨૩ વિષયો થાય તેને સચિત, અચિતને મિશ્ર વડે ગુણતાં, તેને શુભ-અશુભ વડે ગુણતાં, તેને રાગ-દ્વેષ વડે ગુણતાં ૮ x ૩ = ૨૪ x ૨ = ૪૮ x ૨ = ૯૬ એ રીતે ૯૬ + ૭૨ + ૧૨ + ૬૦ + ૧૨ = ૨૫૨ વિકાર થાય.

**(૯) સમુદ્‌ઘાત દ્વાર :**

સમ એટલે આત્માની ચારે બાજુથી, એકી ભાવના યોગથી વેદનાદિ ભોગવાઈને આત્માના પ્રાબલ્ય વડે (આત્માની જોરદાર શક્તિ વડે) કર્મોનો ઉપઘાત (સંહાર થાય)

તેને સમુદ્‌ઘાત કહેવાય. સમુદ્‌ઘાત કરતી વખતે જીવના આત્મપ્રદેશો પોતાના શરીરની અવગાહના કરતાં બહાર નીકળે છે. તે વખતે તે આત્મ પ્રદેશો ઉપર જે કર્મો રહેલાં હોય તેનો એકી સાથે નાશ થાય છે. જો તે વખતે જીવ સમતા ભાવમાં રહે તો એનાથી વધારે કર્મોનો બંધ થતો નથી, પણ જીવ તે વખતે કષાયને આધીન થઈને ગુસ્સો કરતો હોય તો જેટલાં કર્મો ખપે છે એનાં કરતાં વિશેષ રીતે જોરદાર કર્મો બાંધે છે. માટે સમુદ્‌ઘાતને ઓળખીને એનાથી સાવધ રહેવાનું છે.

**(૧૦) દૃષ્ટિ દ્વાર :**

આત્માની અશુદ્ધિના પ્રકર્ષની તરતમતાને અને શુદ્ધિની પ્રકર્ષ અપકર્ષની તરતમતાને દૃષ્ટિ કહેવાય છે. સમ્યગદૃષ્ટિ સમકિતીને હોય છે. મિથ્યાદ્રષ્ટિ પહેલા ગુણસ્થાને હોય છે. મિશ્રદૃષ્ટિ ત્રીજા ગુણસ્થાને હોય છે.

**(૧૧) દર્શન દ્વાર :**

નામ-જાતિ-ગુણ-ક્રિયાદિની કલ્પના રહિત જેનાથી જીવોને સામાન્ય બોધ પેદા થાય છે તેને દર્શન કહેવાય છે. અનાદિકાળથી જીવોને જ્ઞાન અને દર્શન અંતર્મુહૂર્ત ઉપયોગ રૂપે ચાલુને ચાલુ જ હોય છે. એક અંતર્મુહૂર્ત જ્ઞાનનો અને એક અંતર્મુહૂર્ત દર્શનનો ઉપયોગ હોય છે. જીવો એ દર્શનના અને જ્ઞાનના ઉઘાડથી વિશેષ કર્મબંધ કરતા જાય છે. અને પોતાનો દુઃખમય સંસાર વધારતા જાય છે. એ જ દંડ પામ્યા કહેવાય છે.

**(૧૨) જ્ઞાનદ્વાર :**

નામ, જાતિ, ગુણ અને ક્રિયાદિના વિશેષ અવબોધને જ્ઞાન કહે છે. ક્રિયા-ચારિત્ર-તપની તથા સમ્યગ્દર્શનની પણ નિર્મળતા, શુદ્ધતા ઉત્તમ જ્ઞાન પર જ નિર્ભર છે.

પ્રારબ્ધ અથવા સંચિત કર્મોનો ક્ષણ માત્રમાં વિનાશક કોઈ પણ હોય તો તે એક સમ્યગ્જ્ઞાની જ છે. મોક્ષની પ્રાપ્તિ સમ્યગ્જ્ઞાન ઉપર જ નિર્ભર છે. જ્ઞાન એ આત્માનો સ્વ-પર પ્રકાશક અસાધારણ ગુણ છે.

**(૧૩) અજ્ઞાન દ્વાર :**

મોક્ષ માર્ગની સાધનામાં સમ્યક્ત્વપૂર્વકના જ્ઞાનને જ્ઞાન કહેવાય છે. તે સિવાય બાકીના જ્ઞાનનો સમાવેશ અજ્ઞાનમાં કરાયેલ છે. એટલે કે મિથ્યાત્વના ઉદયકાળમાં ગમે તેટલો સારો જ્ઞાનવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ હોય તેનાથી સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન પ્રાપ્ત થાય તો પણ મિથ્યાત્વના કારણે જ્ઞાનીઓએ તેને અજ્ઞાન કહેલું છે.

**(૧૪) યોગ દ્વાર :**

મન, વચન, કાયાના પુદ્ગલોના અવલંબનથી ઉત્પન્ન વીર્ય વ્યાપારને યોગ કહેવાય છે.

**(૧૫) ઉપયોગ દ્વાર :**

ચેતના શક્તિની પ્રવૃત્તિથી જીવને વિશેષ બોધ કે સામાન્ય બોધ પેદા થાય તેને ઉપયોગ કહેવાય છે. અનાદિકાળથી જીવોને જ્ઞાનગુણ અને દર્શનગુણ હોય છે. એ જ્ઞાન અને દર્શન આત્માની સાથે અભેદ રીતે રહેલા હોય છે. ઉપયોગ વગરનો જગતમાં કોઈ જીવ હોતો જ નથી. ઉપયોગ એ ધર્મ કહેવાય છે.

**(૧૬) ઉપપાત દ્વાર :**

ઉપપાત એટલે જન્મ પામવું. જગતના જીવો જ્યાં જ્યાં જે જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયા કરે છે તે એક સાથે કેટલા જીવો ઉત્પન્ન થાય છે એની જે વિચારણા કરાય તેને ઉપપાત કહેવાય છે.

**(૧૭) ચ્યવન દ્વાર :**

ચ્યવન એટલે મરણ પામવું. જે ક્ષેત્ર ઉત્પન્ન થયા પછી પોતાના ભોગવાતા આયુષ્યને પૂર્ણ કરી બીજા ક્ષેત્રમાં જન્મ માટે જવું અથવા જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયા પછી ત્યાં જીવન જીવવા માટે જેટલા પ્રાણો હોય તે સંપૂર્ણ પ્રાણોનો નાશ કરી અર્થાત્ ભોગવીને એ ક્ષેત્રને છોડવું તે ચ્યવન કહેવાય છે.

## (૧૮) સ્થિતિદ્વાર :

સ્થિતિ એટલે આયુષ્ય. જીવો જગતમાં એક સ્થાનેથી મરણ પામી બીજા સ્થાને જે ઉત્પન્ન થાય, તે સ્થાને કેટલા કાળ સુધી રહેશે, ત્યાં કેટલા કાળ સુધી જીવ એ સામગ્રીમાં જીવન જીવી શંકશે, એનું જે નક્કી થયેલું હોય તે પ્રમાણે તે ક્ષેત્રમાં તેટલા કાળ સુધીની જે સ્થિરતા છે તેને સ્થિતિ કહે છે. એની જે વિચારણા દંડકના જીવોમાં કરવી તે સ્થિતિદ્વાર કહેવાય છે.

## (૧૯) પર્યાપ્તિ દ્વાર :

પર્યાપ્તિ એટલે શક્તિ. કયા કયા જીવોને જીવન જીવવા માટે કેટલી કેટલી શક્તિઓ પ્રાપ્ત થાય છે. એનો જે વિચાર કરાય તેને પર્યાપ્તિ કહેવાય છે.

## (૨૦) કિમાહાર દ્વાર :

જગતને વિશે અલોકનો મોટો ગોળો રહેલો છે. જે અનંત આકાશ પ્રદેશોથી યુક્ત હોય છે. તેની બરાબર મધ્ય ભાગમાં પગ પહોળા કરીને કેડે હાથ રાખીને ઊભેલા મનુષ્યની આકૃતિ જેવો ચૌદ રાજલોક ઊંચાઈવાળો નીચે, સાતરાજ પહોળાઈ વાળો, પછી ઘટતાં ઘટતાં મધ્યભાગ એક રાજ પહોળાઈવાળો લોક આવેલો છે. ચૌદ રાજલોક ઊંચી એક નાડીનો ભાગ ત્રસનાડી તરીકે ઓળખાય છે. તેમાં ત્રસ જીવો ઉત્પન્ન થાય છે. જ્યારે એકેન્દ્રિય જીવો ચૌદ રાજલોકના દરેક આકાશ પ્રદેશો ઉપર રહેલા હોય છે. દંડકમાં રહેલા જીવો ક્યા ક્યા દંડકવાળા જીવો કેટલી કેટલી દિશાઓનો આહાર કરી શકે છે એની જે વિચારણા કરાય છે તેને કિમાહાર કહેવાય છે.

## (૨૧) સંજ્ઞી દ્વાર :

જૈન શાસનમાં સંજ્ઞાઓ ત્રણ પ્રકારની કહેલી છે. દંડક પ્રકરણમાં તેનું વિસ્તૃત વર્ણન કરાયેલ છે.

## (૨૨) ગતિદ્વાર :

ક્યા ક્યા દંડકવાળા જીવો મરીને ક્યા ક્યા દંડકમાં જઈ શકે છે. અર્થાત્ જાય છે. તેને ગતિ કહેવાય છે.

**(૨૩) આગતિ દ્વાર :**

ક્યા ક્યા દંડકવાળા જીવો મરણ પામીને ક્યા ક્યા દંડકમાં આવી શકે છે. એનું જે વર્ણન કરાય છે તેને આગતિ દ્વાર કહેવાય છે.

**(૨૪) વેદદ્વાર :**

ક્યા ક્યા દંડકવાળા જીવોને વિશે ક્યા ક્યા અને કેટલા કેટલા વેદનો ઉદય હોય છે એની વિચારણા કરવી તેને વેદદ્વાર કહેવાય છે.

## "દંડક પ્રકરણ અને દંડક વિવેચન ગ્રંથમાં અંતર"

બંને ગ્રંથમાં દ્વારો સમાન ક્રમથી અને સમાન નામથી જ બતાવેલાં છે. જે વિશેષતા છે તે ઉપર જણાવ્યા પ્રમાણે છે.

## "દંડકનો થોકડો"

શ્રી બૃહદ જૈન થોક સંગ્રહ પુસ્તકમાં જીવાભિગમ સૂત્રમાંથી ચોવીસ દંડક (લઘુદંડક) નામનો થોકડો બતાવેલ છે.

લઘુદંડકમાં ૨૪ દ્વારોના ક્રમ અને નામોમાં ફેરફાર છે. દંડક પ્રકરણમાં બતાવેલાં નામો અને લઘુદંડકમાં બતાવેલાં નામોમાં ફેરફાર છે તે નીચે પ્રમાણે છે.

(૧) શરીર દ્વાર (૨) અવગાહના દ્વાર (૩) સંહનન દ્વાર (સંઘયણ દ્વાર) (૪) સંસ્થાન દ્વાર (૫) કષાયદ્વાર (૬) સંજ્ઞાદ્વાર (૭) લેશ્યાદ્વાર (૮) ઇન્દ્રિયદ્વાર (૯) સમુદ્‌ઘાતદ્વાર (૧૦) સંજ્ઞી, અસંજ્ઞીદ્વાર (૧૧) વેદદ્વાર (૧૨) પર્યાપ્તિદ્વાર (૧૩) દૃષ્ટિદ્વાર (૧૪) દર્શનદ્વાર (૧૫) જ્ઞાનદ્વાર (૧૬) યોગદ્વાર (૧૭) ઉપયોગ દ્વાર (૧૮) આહાર દ્વાર (૧૯) ઉવવાય દ્વાર (૨૦) સ્થિતિદ્વાર (૨૧) મરણદ્વાર (૨૨) ચવણદ્વાર (૨૩) આગતિદ્વાર (૨૪) ગતિ દ્વાર

## "દંડક પ્રકરણ અને લઘુદંડકમાં અંતર"

(૧) દંડક પ્રકરણ અને લઘુદંડકમાં દ્વારોના ક્રમમાં ફેરફાર છે.

(૨) દંડક પ્રકરણમાં જ્ઞાન દ્વાર અને અજ્ઞાન દ્વાર બંને જુદાં બતાવેલ છે. લઘુદંડકમાં જ્ઞાનદ્વાર એક દ્વાર બતાવીને જ્ઞાન અને અજ્ઞાનની વિવક્ષા કરી છે.

(૩) લઘુદંડકમાં મરણ દ્વારની વિવક્ષા કરી છે. દંડક પ્રકરણમાં મરણદ્વાર બતાવેલ નથી.

(૪) લઘુદંડકમાં સંજ્ઞી-અસંજ્ઞી દ્વારમાં મનવાળા અને મનવિનાના જીવોની વ્યાખ્યા કરીને ભેદ પાડ્યા છે. દંડક પ્રકરણમાં ત્રણ પ્રકારની સંજ્ઞા બતાવીને તેની વ્યાખ્યા કરી છે.

(૫) દંડક પ્રકરણમાં એકેન્દ્રિય જીવોને સંઘયણ નથી એવું બતાવ્યું છે. જ્યારે લઘુદંડકમાં એકેન્દ્રિય જીવોને સેવાર્ત (છેવટ્ટું) સંઘયણ બતાવેલ છે.

## (૪) પંચસંગ્રહગ્રંથ

(૧) સંજ્ઞામાર્ગણા

(૨) ઇન્દ્રિયમાર્ગણા

(૩) કાયમાર્ગણા

(૪) યોગમાર્ગણા

(૫) વેદમાર્ગણા

(૬) કષાયમાર્ગણા

(૭) જ્ઞાનમાર્ગણા

(૮) દર્શનમાર્ગણા

(૯) લેશ્યામાર્ગણા

(૧૦) આહારમાર્ગણા

(૧૧). ઉપયોગમાર્ગણા

પંચસંગ્રહ ગ્રંથમાં ઉપરોક્ત ૧૧ માર્ગણાનું વિવેચન, દંડક પ્રકરણમાં બતાવેલા ૧૧ દ્વારોની સમાન છે.

## (૫) ગોમ્મટ સાર

(૧) ગતિમાર્ગણા

(૨) ઇન્દ્રિયમાર્ગણા

(૩) કાયમાર્ગણા

(૪) યોગમાર્ગણા

(૫) વેદમાર્ગણા

(૬) કષાયમાર્ગણા

(૭) જ્ઞાનમાર્ગણા

(૮) દર્શનમાર્ગણા

(૯) લેશ્યામાર્ગણા

(૧૦) સંજ્ઞીમાર્ગણા

(૧૧) આહારમાર્ગણા

(૧૨) અવગાહનામાર્ગણા

(૧૩) પર્યાપ્તિ માર્ગણા

ગોમ્મટસારમાં ઉપરોક્ત ૧૩ માર્ગણાનું વિવેચન, દંડક પ્રકરણમાં બતાવેલા ૧૩ દ્વારોની સમાન છે.

## (૬) કર્મપ્રકૃતિ

(૧) યોગ દ્વાર (૨) કષાય દ્વાર (૩) વેદ દ્વાર (૪) દૃષ્ટિ દ્વાર (૫) સ્થિતિ દ્વાર (૬) ઇન્દ્રિય દ્વાર (૭) શરીર દ્વાર (૮) સંઘયણ દ્વાર (૯) સંસ્થાન દ્વાર

કર્મપ્રકૃતિમાં ઉપરોક્ત ૯ દ્વારોનું વિવેચન, દંડક પ્રકરણમાં બતાવેલા ૯ દ્વારોની સમાન છે.

• • •

# અધ્યાય-૩

# ૨૪ દંડકોની સમજ

જૈન દર્શનમાં કુલ ૨૪ દંડકો વર્ણવામાં આવ્યા છે. દંડક એ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ જેના દ્વારા આત્મા દંડાય છે, દુઃખી થાય છે. ભૌતિકદષ્ટિએ સુખી થાય છે. અને ચારેય ગતિમાં ભટકે છે તેને દંડક કહેવાય છે. આગમના અર્થને અનુસરી ૨૪ દંડકોની ચર્ચા કરી છે. તેની સંક્ષેપમાં સમજ નીચે પ્રમાણે છે.

નરક સાત છે. સાતેય નરકનો દંડક ૧ બતાવેલ છે. અસુરકુમારાદિ ૧૦ ભવનપતિ છે. દેવોના મુખ્ય ચાર પ્રકારોમાં ભવનપતિનો એક ભેદ છે. ૧૦ ભવનપતિના અલગ દંડક હોય છે તેથી તેમના ૧૦ દંડકો ગણાય છે. તિર્યંચગતિમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રીય અને તિર્યંચ પંચેન્દ્રિય એમ સંક્ષેપમાં પ્રકારો બતાવ્યા છે. એકેન્દ્રીય છે. પૃથ્વીકાય, અપકાય, તેઉંકાય, વાઉકાય અને વનસ્પતિકાય, પાંચેયના અલગ દંડક હોય છે. તેથી પાંચ સ્થાવરના પાંચ દંડકો બતાવ્યા છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, અને ચૌરેન્દ્રિય એ ત્રણ વિકલેન્દ્રિય ગણાય છે. બેઇન્દ્રિયનો ૧ દંડક, તેઇન્દ્રિયનો ૧ દંડક, ચૌરેન્દ્રિયનો ૧ દંડક આ રીતે વિકલેન્દ્રીયના ૩ દંડક બતાવ્યા છે. તિર્યંચ પંચેન્દ્રીયનો ૧ દંડક બતાવેલ છે. મનુષ્ય ગતિનો દંડક ૧ બતાવેલ છે. વાણવ્યંતરદેવનો ૧ દંડક, જ્યોતિષી દેવનો ૧ દંડક, વૈમાનિકનો ૧ દંડક છે.

આમ,

| | | |
|---|---|---|
| નરક ગતિનો | ૧ | દંડક |
| તિર્યંચ ગતિના | ૯ | દંડક |
| મનુષ્ય ગતિનો | ૧ | દંડક |
| દેવ ગતિના | ૧૩ | દંડક |

કુલ ૨૪ દંડક થાય છે.

ચારેય ગતિમાં ૨૪ દંડકનો સમાવેશ કરવામાં આવ્યો છે. અનાદિકાળથી જીવો આ ૨૪ દંડકોમાં દંડાયા કરે છે. કર્મ પ્રમાણે એ દંડકોમાં સુખ અને દુઃખનો અનુભવ કરે છે. ચારે ગતિ એ જ સંસાર છે. અને સંસારમાં ૨૪ દંડકોનો સમાવેશ થાય છે. આ અધ્યાયમાં ૨૪ દંડકોની સામાન્ય સમજણ આપવામાં આવી છે. ચોથા અધ્યાયમાં ૨૪ દંડકોની વિશેષ રીતે ચર્ચા કરવામાં આવી છે.

• • •

# દંડકના કર્તાનો પરિચય

## "શ્રી ગજસાર મુનિ"

પુરાણકાળે ભગવાન રામચંદ્ર અને કર્મયોગી શ્રીકૃષ્ણ ઇતિહાસકાળે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ તથા આધુનિકયુગે, મહાત્મા ગાંધી, યોગીશ્રી અરવિંદ અને સંત વિનોબા જેવા પુરુષોત્તમોને જન્મ આપીને યુગે યુગે ભારતવર્ષે, ધર્મ-ચિંતનના ક્ષેત્રે, જગતનું ગુરુપદ સાચવ્યું છે. સમયના આ વિશાળ ફલક ઉપર ભારતવર્ષે કેટલાય તત્ત્વચિંતકો, શાસ્ત્ર પ્રણેતાઓ, સાધકો, યોગીઓ અને શાસ્ત્રવેતાઓની જગતને ભેટ આપી છે.

ગજસાર મુનિ ભારતવર્ષની આવી જ એક ધર્મ—દર્શન, શાસ્ત્રવેતા, જીવન સાધક વિદ્યા વિભૂતિ છે. સતત પુરુષાર્થ પરાયણ, સત્યશોધક એવા આ પંડિત પુરુષે જ્ઞાનમાર્ગે પોતાના અંતરને અજવાળીને સચ્ચરિત્ર દ્વારા જીવનને નિર્મળ અને ઉર્ધ્વગામી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. સમતાભર્યું એમનું શીલ છે, સત્યમૂલક સમન્વયગામી એમની પ્રજ્ઞા છે. ત્યાગ, તિતિક્ષા અને સંયમને વરેલું એમનું જીવન છે.

શ્રી ગજસાર મુનીનો જન્મ ક્યાં થયો તે અને તેમના માતાપિતાનું નામ જણાવવામાં આવેલ નથી. શ્રી ગજસાર મુનિ શ્રી જિનહંસસૂરિ નામના આચાર્યના શાસનમાં થયા છે. શ્રી જિનહંસસૂરિ ખરતર ગચ્છના આચાર્ય હતા. શ્રી ગજસાર મુનિ શ્રી ધવલચંદ્ર મુનિના શિષ્ય હતા. તેઓશ્રીનું સંવિગ્નપંડિત શ્રી અભયોદયગણિની પાસે લાલન-પાલન થયેલું એટલે કે તેઓ તેમની પાસે પણ દીર્ઘકાળ સુધી રહ્યા હતા.

મુનિશ્રી મુખ્યત્વે જ્ઞાનોપાસનાને જ વરેલા છે. જ્ઞાનનો હેતુ સત્યનું શોધન અને ક્રિયાનો હેતુ જીવનશોધન એટલે કે અહિંસાનું પાલન છે. સં. ૧૫૭૯માં પાટણમાં વિચાર ષટ્ત્રિંશિકા (દંડક ચતુર્વિંશતિ)ને તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા પણ રચી છે.

ગજસાર મુનિએ "દંડક પ્રકરણ" ગ્રંથમાં ૪૪ ગાથાઓ રચી છે. નાનકડા પ્રકરણ ગ્રંથમાં ભગવતીસૂત્ર, જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર, આચારાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ સૂત્ર, ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર આદિ અનેક શાસ્ત્રોના પારગામી વિદ્વાન હોવાથી આ બધા આગમોનું અવલોકન અને અવગાહન કરીને આગમોના સારની ઝલક ઉપસાવી છે. આ દંડક પ્રકરણ ગ્રંથ નાનો છે. પરંતુ "ગાગરમાં સાગર" સમાન આ સુકિતને ચરિતાર્થ કરી બતાવેલ છે. "નાનો પણ રાઈનો દાણો" આ કહેવતને મુનિશ્રીએ સાર્થક કરી દીધી છે.

આત્મહિત કરનારી આ વિજ્ઞપ્તિ "દંડક પ્રકરણ" ગ્રંથમાં શ્રી ગજસાર મુનિએ લખી છે અને તે વિજ્ઞપ્તિ અવશ્ય આત્મ કલ્યાણ કરનારી છે. કારણ કે ગ્રંથ રચનામાં પરજીવોનું કલ્યાણ ભજનીય વિકલ્પે એટલે કે અનિયત છે અને સ્વકલ્યાણ તો અવશ્ય છે.

ગજસાર મુનિએ દંડકની વિશેષ સમજૂતી આપવા જગતમાં રહેલા જીવોના ચોવીશ ભેદો પાડીને સમજવા માટે દંડક તરીકે નામ આપેલ છે. આ દંડક પ્રકરણમાં આ મહાપુરુષે એવું ખૂબીપૂર્વક વર્ણન કરેલ છે કે જેના કારણે ચોવીશે તીર્થંકર પરમાત્માઓને નમસ્કાર કરીને આગમોમાં જણાવેલ છે કે જીવ જે દંડ પામી રહ્યા છે તે અનેક જુદા જુદા પદાર્થોને કારણે હોય છે. તેમાંથી ખાસ સમજવાલાયક અને જીવોને વિશેષ ખ્યાલ આવે એ હેતુથી તેમાંથી શોધી શોધીને એક એક દંડકવાળા જીવો ચોવીશ ચોવીશ પદાર્થોથી હંમેશાં દંડાયા જ કરે છે. એ ચોવીશ દંડકોમાં ચોવીશ ચોવીશ દ્વારોનાં પદાર્થોનું વર્ણન કરવાનું હોવાથી આ મહાપુરુષે ચોવીશે તીર્થંકરોને નમસ્કાર કરેલા છે. દરેક તીર્થંકર પરમાત્માઓ પણ એ ચોવીશે દ્વારોથી સંસારમાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવોમાં દંડને પામેલા છે. તેઓ પોતાના સ્વરૂપને ઓળખીને એ ચોવીશે તીર્થંકરો છેલ્લા ભવે સંસારમાં રાજગાદી ઉપર રહીને દંડાયા વગર હજારો, લાખો અને

કરોડો વરસો પસાર કરીને જીવન જીવી બતાવ્યું છે. દંડ આપનાર સાધન હાજર હોવા છતાં પણ જીવ જો રાગાદિ પરિણામોને ઓળખીને જોરાવર બની જાય તો એ પદાર્થોમાં આત્માને દંડ દેવાની શક્તિ જરાય રહેતી નથી. અને એ પદાર્થોની સહાયતાથી જ એના દ્વારા આત્મા પોતાના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને સારી રીતે પ્રાપ્ત કરી શકે છે. એવો ચિતાર સાક્ષાત ચોવીશ તીર્થંકરોએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવેલ છે. માટે જ આ મહાપુરુષે ચોવીશે તીર્થંકરોની સ્તુતિ કરીને "દંડક પ્રકરણ" કહેવાનો પ્રારંભ કર્યો છે.

આત્માની ઋદ્ધિ સમાન બધા જ વિષયોને મુનિશ્રીએ આવરી લીધા છે. જ્ઞાનના રસિક સાધકો માટે આ ગ્રંથ અતિ ઉપયોગી અને ઉપકારક છે. દંડક પ્રકરણનો અભ્યાસ કરવાથી કયા જીવમાં કયા કયા ગુણો અને શક્તિઓ છે તે જાણી શકાય છે. તે એક જાતનું પદ્ધતિસરનું પદાર્થવિજ્ઞાન છે. શ્રી ભગવતીસૂત્ર વગેરે આગમોમાં ઘણા પદાર્થ દ્વારો ઘટાવ્યા છે તે ગજસાર મુનિએ ચોવીશ દંડક પદોની મર્યાદા બાંધીને તેના ઉપર ઘટાવ્યા છે. આ પ્રકરણના અભ્યાસથી આ વિષયમાં પ્રાથમિક વિદ્યાર્થી સારી રીતે પ્રવેશ કરી શકે છે. અને આગળના મોટા ગ્રંથોમાં સહેલાઈથી આગળ વધી શકે છે.

દંડક પ્રકરણમાં શ્રી 'ગજસારમુનિની વિદ્વતાનો અહેસાસ થઈ જાય છે. ગ્રંથ નાનો છે પરંતુ તેમાં ભાવો અગાધ ભરી દીધા છે. ચારેય ગતિના જીવોનો તાદશ્ય ચિતાર તેમાં જોવા મળે છે. નિગોદના જીવો પણ અનુક્રમે ઉત્થાન કરતાં કરતાં સર્વ કર્મ ખપાવીને મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે. એ સર્વ ભાવો દંડક પ્રકરણમાં ભરેલા છે. આ મહાપુરુષે આ દંડક પ્રકરણમાં સમગ્ર જગતનાં દર્શન કરાવી દીધાં છે.

શ્રી ગજસાર મુનિએ "દંડક પ્રકરણ" ગ્રંથમાં પ્રાકૃત ભાષામાં ૪૪ ગાથાઓનું સર્જન કર્યું છે. તેથી પ્રાકૃત ભાષા ઉપર તેઓશ્રીનું ગજબનું પ્રભુત્વ દેખાઈ આવે છે. ગાથા પ્રાકૃતમાં રચીને **સંસ્કૃતમાં તેની છાયા લખી છે. સંસ્કૃત ભાષાનું તેમનું જ્ઞાન અજોડ છે એવો અહેસાસ સૌ કોઈને થાય છે. ગુજરાતી ભાષાનું પ્રભુત્વ જોરદાર છે. અપભ્રંશ ભાષા ઉપર ખૂબ જ કાબૂ છે એવો ખ્યાલ આવે છે.** આ રીતે શ્રી ગજસાર મુનિ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી ભાષાના મુખ્ય જાણકાર જણાય છે. આગળ બતાવેલ આગમોમાં તેઓ પારગામી શ્રેષ્ઠ વિદ્વાન હતા. તેમના અધ્યાપન કે

સાહિત્ય સર્જનની મુખ્ય વિશેષતા આત્મહિતની છે.

સ્વયં ગજસાર મુનિએ વિક્રમ સંવત્ ૧૫૭૯માં દંડક પ્રકરણ ઉપર અવચૂર્ણિ લખી છે. અંતિમ ગાથાની અવચૂર્ણિમાં લેખકે પ્રસ્તુત કૃતિને વિચાર ષટ્‌ત્રિંશિકા સૂત્ર કહ્યું છે.

આ દંડક પ્રકરણની મહત્તા સમજી એ પદાર્થોનું જ્ઞાન મેળવી એવી રીતે જીવન જીવી શકાય કે જેથી રાગાદિની મંદતા થાય. આત્મશક્તિ પેદા કરીને વીતરાગદશાને પામીને કેવલજ્ઞાન પામી—યોગ નિરોધ કરી પોતાનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય.

આ રીતે "દંડક પ્રકરણનો અભ્યાસ અને અવગાહન કરતાં શ્રી ગજસાર મુનિમાં શાસ્ત્રનિષ્ઠા, આગમજ્ઞાન અને સ્વાધ્યાય રૂચિ હતાં તેથી તે જ્ઞાન સાધક મુનિરાજ હતા. તે સ્પષ્ટ થઈ જાય છે.

## "દંડક પ્રકરણમાં દંડ શબ્દના અર્થો"

પ્રસ્તુત ગ્રંથનું એક નામ દંડક છે. તેનો સામાન્ય અર્થ એવો થાય છે કે જેનાથી આત્મા દંડાય છે તેને દંડક કહેવામાં આવે છે. વર્તમાન સમયે દંડ શબ્દનો પ્રયોગ શિક્ષા કરવી એવો થાય છે. અને કરેલી ભૂલોના પ્રાયશ્ચિતરૂપે પણ વપરાય છે. આ દંડક શબ્દની વ્યુત્પત્તિ માટે પ્રાચીન આગમગ્રંથો અને ત્યારબાદ રચાયેલ સિદ્ધાંત ગ્રંથોનું અવલોકન આવશ્યક છે. અહીં આગમિક સાહિત્ય અને તેના પછી રચાયેલ સાહિત્યને આધારે દંડક શબ્દનો ઇતિહાસ વિચારવામાં આવ્યો છે. તેના વિભિન્ન અર્થોની અહીં સંક્ષિપ્ત ચર્ચા કરવામાં આવી છે.

**(૧) મન વચન અને કાયાના વ્યાપારને દંડ કહેવામાં આવે છે.**

આ અર્થ સહુથી પ્રાચીન એવા આચારાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. આચારાંગસૂત્રમાં[1] મન, વચન, કાયાને દંડ કહેવાનો અર્થ એ છે કે મન, વચન અને કાયાએ યોગ છે. તેના દ્વારા આત્મા ઉપર કર્મનો બંધ થાય છે. કર્મબંધ એ આત્માને બંધનમાં બાંધનાર અને મોક્ષ માર્ગમાં બાધક હોય છે. આવો બાધ કરનાર મન, વચન, કાયાને દંડક કહેવાય છે. આવા અર્થમાં દંડ શબ્દ સ્થાનાંગ[2], ઉવવાઈય[3], ઉત્તરાધ્યયન[4],

ઉપાસકદશાંગસૂત્ર[5] અને આવશ્યકસૂત્રમાં[6] વપરાયો છે.

**(૨) હિંસા અથવા વધને દંડ કહેવામાં આવે છે.**

આ અર્થ પણ સૌથી પ્રાચીન એવા આચારાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. આચારાંગસૂત્રમાં[7] આનો અર્થ હિંસાના અર્થમાં વપરાયો છે. કોઈની હિંસા કરવી તે દંડ છે. બીજા જીવને દંડવામાં આવી રહ્યો છે. આવા પ્રકારની ક્રિયામાં માનવ બીજા જીવને અકારણ પીડે છે. અકારણ અને સકારણ બીજાને મારી નાંખે છે. આવી પીડા અન્ય જીવને પરેશાન કરે છે. જીવનો ઘાત કરે છે પરંતુ ખરેખર તો પોતાના આત્માને જ નવા નવા કર્મના બંધ દ્વારા પીડી રહ્યો હોવાથી પોતાના આત્માને જ તે દંડી રહ્યો છે. આવા અર્થમાં દંડ શબ્દ સૂત્રકૃતાંગસૂત્ર[8], સ્થાનાંગસૂત્ર[9], ભગવતીસૂત્ર[10], પ્રશ્ન વ્યાકરણસૂત્ર[11], ઉપાંસક દશાંગસૂત્ર[12] આદિમાં વપરાયો છે.

**(૩) લાકડી અથવા દંડા ને દંડ કહેવામાં આવે છે.**

આ અર્થ પણ સૌથી પ્રાચીન એવા આચારાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. આચારાંગસૂત્રમાં આવો અર્થ લાકડી અથવા દંડાના અર્થમાં વપરાયો છે. લાકડીથી બીજા જીવોને મારવામાં કે પરેશાન કરવામાં આવે છે. સકારણ અથવા અકારણ બીજાને લાકડીથી તાડન કરે છે. પરંતુ નવા કર્મનો બંધ પોતાના આત્મામાં થાય છે. પોતાના આત્માને દંડ થાય છે. બીજો શબ્દ દંડા છે. તે લાકડીનો પર્યાયવાચી શબ્દ છે. લાકડીની જેમ તેનો ઉપયોગ કરવામાં આવે છે. આવા અર્થમાં દંડ શબ્દ સૂત્રકૃતાંગ[13], સ્થાનાંગસૂત્ર[14], સમવાયાંગસૂત્ર[15], જ્ઞાતાધર્મકથાંગસૂત્ર[16], પ્રશ્નવ્યાકરણસૂત્ર[17], વિપાકસૂત્ર[18], ઉવવાઈયસૂત્ર[19], રાયપરોણીયસૂત્ર[20], જીવાભિગમસૂત્ર[21], પ્રજ્ઞાપનાસૂત્ર[22], જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર[23] પુષ્ફિયાસૂત્ર[24], દશવૈકાલિકસૂત્ર[25], ઉત્તરાધ્યયનસૂત્ર[26], અનુયોગ-દ્વારસૂત્ર[27], વ્યવહારસૂત્ર[28], નિશીથસૂત્ર[29], દશાશ્રુતસ્કંધ સૂત્ર[30] આદિ આગમોમાં વપરાયો છે.

**(૪) શિક્ષા આપવી તેને દંડ કહેવામાં આવે છે :**

આ અર્થ સૌથી પ્રથમ સૂત્રકૃતાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. સૂત્રકૃતાંગસૂત્રમાં[31]

આનો અર્થ શિક્ષા આપવી એવો થાય છે. બીજાને શિક્ષા આપવી એ કોઈનો અધિકાર નથી. અજ્ઞાન અવસ્થામાં આત્મા અર્થદંડ અને અનર્થદંડરૂપે બીજાને શિક્ષા આપે છે. અને કર્મો બાંધે છે. કર્મ બંધ એ આત્માની પ્રગતિમાં બાધક હોય છે. આ રીતે બાધા પહોંચાડનાર શિક્ષાને દંડ કહેવાય છે. આવા અર્થમાં દંડ શબ્દ જ્ઞાતાધર્મકથાંગસૂત્ર[૩૨], પ્રશ્ન-વ્યાકરણ સૂત્ર[૩૩], વિપાકસૂત્ર[૩૪], રાયપશેણીયસૂત્ર[૩૫], દશાશ્રુતસ્કંધસૂત્ર[૩૬] આદિ આગમોમાં વપરાયો છે.

### (૫) દંડરત્ન (ચક્રવર્તિના રત્ન)ને દંડ કહેવામાં આવે છે :

આ અર્થ સૌથી પ્રથમ સ્થાનાંગ સૂત્રમાં પ્રાપ્ત થાય છે. સ્થાનાંગસૂત્રમાં [૩૭] આનો અર્થ દંડરત્ન એવો થાય છે. ચક્રવર્તિ પાસે ૭ એકેન્દ્રિય રત્ન અને ૭ પંચેન્દ્રિય રત્ન એમ કુલ ૧૪ રત્નો હોય છે. ૧૪ રત્નો ચક્રવર્તીને ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવામાં સહાયક હોય છે. દંડરત્ન એ એક એકેન્દ્રિય રત્ન છે. ચક્રવર્તી જયારે દિગ્વિજય કરવા જાય ત્યારે દંડરત્નની સહાયતાથી તેમ જ ચક્રવર્તીના પુણ્યના પ્રભાવથી તમસગુફાના દ્વાર ઉઘાડે છે. ચક્રવર્તી સિવાય દંડરત્ન કોઈની પાસે ન હોય. આ રીતે દંડરત્નનો દંડ શબ્દમાં ઉપયોગ થયો છે. આવા અર્થમાં દંડ શબ્દનો અર્થ સમવાયાંગ સૂત્ર[૩૮], પ્રજ્ઞાપનાસૂત્ર[૩૯], જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર[૪૦] આદિમાં ઉપયોગ થયો છે.

### (૬) સાધન કે ઉપકરણના અર્થને દંડ કહેવામાં આવે છે.

આ અર્થ સૌથી પ્રથમ ભગવતીસૂત્રમાં પ્રાપ્ત થાય છે. ભગવતીસૂત્રમાં[૪૧] આવો અર્થ સાધન કે ઉપકરણ તરીકે થયો છે. સાધન એટલે ઉપયોગી વસ્તુ એવો અર્થ થાય છે. અને ઉપકરણ શબ્દ સાધુ, સાધ્વીના ઉપયોગની વસ્તુ માટે વપરાય છે. સંસારી આત્માઓ માટે તેને સાધન કહે છે. તે રાખવામાં સંસારી જીવાત્માઓ કર્મબંધ કરે છે. જયારે સાધુ-સાધ્વીના માટે દંડ એ ઉપકરણ તરીકે હોય છે. ઉપકરણ એ સંયમ જીવનની રક્ષા માટે અથવા સહાય માટે હોય છે. તેનાથી તે કર્મબંધ નહિં પરંતુ કર્મનિર્જરા થાય છે. મોક્ષમાર્ગ માટે "સાધન" એ બાધકરૂપ છે. જયારે 'ઉપકરણ' એ સાધકરૂપ છે. આ રીતે સાધન અને ઉપકરણના અર્થમાં દંડ શબ્દનો ઉપયોગ થાય છે. આવા અર્થમાં દંડ શબ્દનો અર્થ જ્ઞાતાધર્મકથાંગસૂત્ર[૪૨], પ્રશ્ન વ્યાકરણસૂત્ર[૪૩], ઉવવાઈય સૂત્ર[૪૪],

રાયપશેણીયસૂત્ર[૪૫], દશવૈકાલિકસૂત્ર[૪૬], વ્યવહારસૂત્ર[૪૭], બૃહત્કલ્પસૂત્ર[૪૮], નિશીથસૂત્રમાં[૪૯] થયો છે.

### (૭) એક પ્રકારની નીતિને-દંડનીતિને દંડ કહેવાય છે :

આ અર્થ સૌથી પ્રથમ સ્થાનાંગ સૂત્રમાં પ્રાપ્ત થાય છે. સ્થાનાંગસૂત્રમાં[૫૦] આનો અર્થ એક પ્રકારની નીતિના અર્થમાં વપરાયો છે. ચોથા આરામાં ત્રણ પ્રકારની નીતિ હતી. કલ્પવૃક્ષનો પ્રભાવ ઘટવા લાગ્યો. ઇચ્છિત વસ્તુ જુગલિયાને પૂરતા પ્રમાણમાં મળતી ન હોવાથી અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે ત્રણ પ્રકારની નીતિ અપનાવી. *કેમ કે જુગલિયાનો પરસ્પર અસંતોષ થતાં કલેશ થવા લાગ્યો તેથી* તેઓને સમજાવવા માટે હકારનીતિ, મકારનીતિ અને ધિક્કારનીતિને તેમણે અપનાવી. આમ થતાં જુગલિયા સમજી ગયા અને કલેશ દૂર થઈ ગયો હતો. આવા પ્રકારની નીતિને દંડનીતિ કહેવાય છે. આ નીતિથી અર્થાત્ શબ્દ બોલીને શિક્ષા અપાય. સામાન્ય શિક્ષાના રૂપમાં અહિં દંડ શબ્દનો ઉપયોગ થયો છે. આવા અર્થમાં દંડ શબ્દનો જ્ઞાતાધર્મકથાંગસૂત્ર[૫૧], વિપાકસૂત્ર[૫૨], રાયપશેણીયસૂત્ર[૫૩], જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર[૫૪], નિરયાવલિકાસૂત્ર[૫૫] આદિ આગમોમાં વપરાયો છે.

### (૮) કેવલ સમુદ્‌ઘાતથી એક દંડાકાર અવસ્થાને દંડ કહેવામાં આવે છે :

આ અર્થ સૌથી પ્રથમ સ્થાનાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. સ્થાનાંગસૂત્રમાં[૫૬] આનો અર્થ કેવલ સમુદ્‌ઘાતની એક અવસ્થાને દંડાકાર અવસ્થા જેવો અર્થ કરાયો છે. કેવલી આયુષ્ય કર્મના સમાન વેદનીય, નામ, ગોત્ર, કર્મને બનાવવા માટે કેવલી સમુદ્‌ઘાત કરે છે. કેવલી પોતાના મૂળ રૂચક પ્રદેશોને છોડ્યા વિના બાકીના પ્રદેશોને પોતાના શરીરમાંથી બહાર કાઢે છે. આ કેવલી સમુદ્‌ઘાતની જુદી જુદી અવસ્થાઓ હોય છે. આત્મ પ્રદેશોને દંડાકાર બનાવવાની એક અવસ્થા છે. પક્ષીની પાંખમાં પાણી ભરાઈ જાય ત્યારે પાંખોને ફફડાવી પાણીને પક્ષી દૂર કરે છે એવી જ રીતે કેવલી આત્મામાં રહેલા અઘાતી કર્મોને નષ્ટ કરવા કેવલ સમુદ્‌ઘાત કરે છે. આ દંડાકાર અવસ્થા કર્મોને દૂર કરવા માટે હોય છે. તેમાં કર્મબંધન થતું નથી. પરંતુ આ અવસ્થાને અંતે મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. સંપૂર્ણ અઘાતી કર્મો ખપી જાય છે. આવા પ્રકારના આકારને દંડાકાર

કહેવાય છે. આ દંડાકારથી મોક્ષરૂપી ફળ(ઇનામ)ની પ્રાપ્તિમાં અહિં દંડ શબ્દનો ઉપયોગ થયો છે. આવા અર્થમાં દંડ શબ્દનો સમવાયાંગસૂત્ર[૫૭], ઉવવાઈયસૂત્ર[૫૮], રાયપશેણીયસૂત્ર[૫૯], પ્રજ્ઞાપનાસૂત્ર[૬૦], જંબૂદ્વીપપ્રજ્ઞાપ્તિસૂત્ર[૬૧] આદિ આગમોમાં ઉપયોગ થયો છે.

**(૯) ક્ષેત્રનું પ્રમાણ વિશેષ માપવાના અર્થને દંડ કહેવાય છે.**

આ અર્થ સમવાયાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. સમવાયાંગસૂત્રમાં[૬૨] દંડ શબ્દનો અર્થ ક્ષેત્રનું પ્રમાણ વિશેષ (ખેતર આદિને) માપવાના અર્થમાં વપરાયો છે. અહિં એ દંડ શબ્દના ધનુષ, મુસલ, યુગ, નાલી આદિ પર્યાયવાચી નામો છે. ક્ષેત્રના માપ માટે આ શબ્દનો વપરાશ થયો છે. અહિં દંડ શબ્દમાં કર્મબંધન પણ થતું નથી અને કર્મનિર્જરા પણ થતી નથી. વ્યવહારિક રીતે આ શબ્દનો વપરાશ થયો છે. આવા અર્થમાં દંડ શબ્દનો ભગવતીસૂત્ર[૬૩], અનુયોગદ્વારસૂત્ર[૬૪], આદિ આગમોમાં ઉપયોગ થયો છે. ૯૬ અંગુલનો એક દંડ થાય છે.

**(૧૦) ૭૨ કળામાંથી એક કળાને દંડ કહેવાય છે. દંડલક્ષણ કલા**

આ અર્થ સમવાયાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. સમવાયાંગસૂત્રમાં[૬૫] દંડ શબ્દનો અર્થ ૭૨ કળામાંની એક કલા એવો થાય છે. ભગવાન ઋષભદેવે અવસર્પિણીકાળના ચોથા આરામાં પુરુષોને ૭૨ કળા શીખવાડી હતી. ૭૨ કળામાં પારંગત મનુષ્ય શ્રેષ્ઠ ગણાય છે, ૭૨ કળામાંથી દંડલક્ષણ કલામાં દંડ શબ્દનો ઉપયોગ કર્યો છે. અહિં નિપુણતા, ચાતુર્ય અને હોંશિયારીના અર્થમાં દંડ શબ્દ વપરાયો છે. અહિં શ્રેષ્ઠતાસૂચક અર્થ થાય છે. આવા અર્થમાં દંડ શબ્દનો ઉવવાઈયસૂત્ર[૬૬], રાયપશેણીયસૂત્ર[૬૭] આદિ આગમોમાં ઉપયોગ થયો છે.

**(૧૧) પ્રાણીઓને પીડા(પરિતાપ) દુ:ખ ઉપજાવવાને દંડ કહેવાય છે.**

આ અર્થ સૌથી પ્રાચીન એવા આચારાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. આચારાંગ-સૂત્રમાં[૬૮] દંડ શબ્દનો અર્થ પ્રાણીઓને પીડા ઉપજાવવાના અર્થમાં વપરાયો છે. બીજા જીવને પીડા ઉપજાવવી તે દંડ છે. પીડા ઉપજાવવાની, બીજાઓને દુ:ખ આપવાની

જ્યારે ક્રિયા કરવામાં આવે છે ત્યારે ખરેખર તો બીજા જીવને દંડવામાં આવી રહ્યો હોય છે. આવા પ્રકારની ક્રિયામાં માનવ બીજા જીવને સકારણ કે અકારણ પીડે છે. આવી પીડા બીજા જીવને પરેશાન કરે છે. પણ ખરેખર તો પોતાના આત્માને જ નવા નવા કર્મના બંધ દ્વારા પીડી રહ્યો હોય છે. આવા અર્થમાં દંડ શબ્દનો સૂત્રકૃતાંગસૂત્ર[૬૯], સમવાયાંગસૂત્ર[૭૦] આદિમાં ઉપયોગ થયો છે.

**(૧૨) ક્રિયા સ્થાનને પણ દંડ કહેવાય છે.**

આ અર્થ સૂત્રકૃતાંગસૂત્રમાં[૭૧] પ્રાપ્ત થાય છે. સૂત્રકૃતાંગ સૂત્રમાં દંડ શબ્દનો અર્થ ક્રિયાસ્થાન થાય છે. જે વ્યક્તિ પોતાના માટે, ઘર માટે, પરિવાર માટે ત્રસ અને સ્થાવર પ્રાણીઓની હિંસા કરે, કરાવે કે અનુમોદન પ્રયોજનથી કરે તેને અર્થદંડ કહે છે અને નિષ્પ્રયોજનથી કરે તેને અનર્થદંડ ક્રિયાસ્થાન કહેવાય છે. ક્રિયાસ્થાનથી કર્મનો બંધ થાય છે. આવા અર્થમાં દંડ શબ્દનો દશવૈકાલિકસૂત્રમાં[૭૨] ઉપયોગ થયો છે.

**(૧૩) આત્મહત્યાને પણ દંડ કહેવાય છે.**

આ અર્થ સૂત્રકૃતાંગસૂત્રમાં પ્રાપ્ત થાય છે. સૂત્રકૃતાંગસૂત્રમાં દંડ શબ્દનો અર્થ આત્મહત્યા થાય છે. જે વ્યક્તિ ગુસ્સામાં આવીને, સંસારના દુઃખોથી કંટાળીને આત્મહત્યા કરે છે તેના માટે નિહાયદંડ શબ્દનો ઉપયોગ કર્યો છે. આત્મહત્યા કરનાર વ્યક્તિ અનંતાનુબંધી કષાયની સાથે તીવ્ર કર્મબંધ કરે છે તેને સંસારમાં ખૂબ પરિભ્રમણ કરવું પડે છે.

**(૧૪) કર્મબંધની કારણરૂપ પ્રવૃત્તિને દંડ કહે છે :**

આ અર્થ સમવાયાંગસૂત્રમાં[૭૩] પ્રાપ્ત થાય છે. સમવાયાંગસૂત્રમાં દંડ શબ્દનો અર્થ કર્મબંધ માટેની કારણરૂપ પ્રવૃત્તિ થાય છે. કર્મબંધ થતાં પહેલા મનમાં વિચારણા થાય છે અને તેના માટે જે પણ પાપમય પ્રવૃત્તિ કરે છે તેને દંડ કહેવાય છે.

**(૧૫) એક પ્રકારના આસનને દંડ (દંડાસન) કહેવાય છે :**

આ અર્થ બૃહત્કલ્પસૂત્રમાં[૭૪] પ્રાપ્ત થાય છે. બૃહત્કલ્પ સૂત્રમાં દંડ શબ્દ એક આસનના અર્થમાં વપરાયો છે. એક ધાર્મિક આસનનું નામ દંડાસન છે. આ આસનથી

સાધનામાં સ્થિરતા થતી જાય છે. મનની મક્કમતા વધતી જાય છે.

**(૧૬) પગ લૂંછવાના સાધનને દંડ કહેવાય છે :**

અભિધાન રાજેન્દ્ર[૭૫] કોષમાં આ અર્થ પ્રાપ્ત થાય છે. પગ લૂંછવાના સાધનનો તેમાં દંડ તરીકેના અર્થમાં વપરાશ કર્યો છે.

**(૧૭) વાંસની લતાને પણ દંડ કહેવાય છે :**

આ અર્થ અભિધાન રાજેન્દ્ર[૭૬] કોષમાં પ્રાપ્ત થાય છે. અભિધાન રાજેન્દ્રકોષમાં તેનો અર્થ વાંસની લતાના અર્થમાં વપરાયો છે.

**(૧૮) ચૈત્યવંદન સ્તવને પણ દંડ કહેવાય છે :**

આ અર્થ પછી અભિધાન રાજેન્દ્રકોષમાં[૭૭] પ્રાપ્ત થાય છે. અભિધાન રાજેન્દ્રકોષમાં તેનો અર્થ ચૈત્યવંદન સ્તવ થાય છે. અર્થાત્ સ્તુતિ થાય છે. તેમાં આત્માને હળવાશ મળે છે. અંતરમાં પ્રસન્નતા થઈ જાય છે. સદ્‌ગતિનો બંધ પણ તેનાથી પડી શકે છે.

આ રીતે દંડ શબ્દના જુદા જુદા ૧૮ અર્થો બતાવેલાં છે. બીજા આપેલા દંડના અર્થમાં અમુક અર્થો સ્વના માટે વપરાય છે. અમુક અર્થો પરના માટે વપરાય છે. દંડક પ્રકરણમાં મન, વચન અને કાયાના વ્યાપારને માટે દંડ શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ જ દંડ શબ્દના અર્થને અનુસરી દંડક પ્રકરણમાં દંડનું વિવેચન કરવામાં આવેલ છે.

બીજાના ઘરે રખડનાર માર ખાય જ અને તેનું નામ જ દંડાવું. આત્મા ઇન્દ્રિયોના વિષયોમાં મનના વિભાવી સ્વભાવમાં રખડતો હોવાથી દંડાય છે આ દંડ શબ્દના અર્થને પણ અનુસરી દંડક પ્રકરણમાં દંડનું વિવેચન કરવામાં આવેલ છે.

**પાદટીપ**

૧. આચારાંગ સૂત્ર ઉ. ૩. અ. ૧૯ / શ્રુ. ૧. અ. ૪., ઉ. ૩, સૂત્ર શ્રુ. ૧. અ. ૬. ઉ. ૧

૨. સ્થાનાંગસૂત્ર : સ્થા. ૩, ઉ. ૧. સૂત્ર ૭. સ્થા. ૧. ઉ. ૧., સૂ. ૩, સ્થા. ૯, સૂ. ૩

૩. ઉવાઈય સૂત્ર : સૂ. ૩

૪. ઉત્તરાધ્યયન સૂત્ર : અ. ૫., ગા. ૮ / અ. ૧૯, ગા. ૯૧

૫. ઉપાસક દશાંગસૂત્ર : અ. ૫., સૂ. ૧

૬. આવશ્યકસૂત્ર

૭. આચારાંગસૂત્ર શ્રુ. ૧. અ. ૨. ઉ. ૨ સૂ. ૫ / શ્રુ. ૧, અ. ૮. ઉ. ૧
શ્રુ. ૧. અ. ૮. ઉ. ૩, સૂ. ૧.

૮. સૂત્રકૃતાંગસૂત્ર શ્રુ. ૧. અ. ૧૩, ઉ. ૧. ગા. ૧૪ / શ્રુ. ૨. અ. ૬

૯. સ્થાનાંગસૂત્ર સ્થા. ૨., ઉ. ૧. સૂ. ૧૩ / સ્થા. ૫, ઉ. ૨, સૂ. ૮. સ્થા. ૩. ઉ.

૧૦. ભગવતીસૂત્ર શ. ૧૭, ઉ. ૨, સૂ. ૩.

૧૧. પ્રશ્ન વ્યાકરણસૂત્ર-અ. ૩. સૂ. ૧૮

૧૨. ઉપાસક દશાંગસૂત્ર-અ. ૧.

૧૩. આચારાંગસૂત્ર-શ્રુ. ૧. અ. ૯, ઉ. ૩. ગા. ૧૦ / શ્રુ. ૨, ઉ. ૩. સૂ. ૩૨ / શ્રુ. ૨. ઉ. ૩. સૂ. ૩૭

૧૪. સૂત્રકૃતાંગસૂત્ર-શ્રુ. ૧. અ. ૩. ઉ. ૧. ગા. ૧૬ / શ્રુ. ૧. અ. ૫. ઉ. ૨. ગાથા ૫ ને ૧૩ / શ્રુ. ૨. અ. ૨.

૧૫. સમવાયાંગસૂત્ર-સમ. ૩૦

૧૬. જ્ઞાતાધર્મકથાંગસૂત્ર-અ. ૯.

૧૭. પ્રશ્નવ્યાકરણસૂત્ર-અ. ૧. સૂ. ૧૯

૧૮. વિપાકસૂત્ર-શ્રુ. ૧. અ. ૧.

૧૯. ઉવવાઈયસૂત્ર-સૂ. ૪૯

૨૦. રાયપશેણીયસૂત્ર-સૂ. ૧૩૬, સૂ. ૧૪૧

૨૧. જીવાભિગમસૂત્ર-પ્રતિ. ૩, ઉ. ૩. સૂત્ર. / પ્રતિ. ૩. ઉ. ૩. સૂ. ૬૯

૨૨. પ્રજ્ઞાપનાસૂત્ર-પદ ૨, સૂ. ૧૭ ને સૂ. ૨૧

૨૩. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર-તૃતીય વક્ષસ્કાર. સૂ. ૨૦ / ચતુર્થ વક્ષસ્કાર. સૂ. ૨૦

૨૪. પુપ્ફયા સૂત્ર-સૂ. ૫

૨૫. દશવૈકાલિકસૂત્ર-અ. ૯., ઉ. ૨, ગા. ૪ અને ગા. ૮

૨૬. ઉત્તરાધ્યયનસૂત્ર-અ. ૧૨, ગા. ૧૮

૨૭. અનુયોગદ્વારસૂત્ર-સૂ. ૧૮૧

૨૮. વ્યવહારસૂત્ર-ઉ. ૧૦, સૂ. ૩

૨૯. નિશીથસૂત્ર-ઉ. ૧૮, સૂ. ૧૪

૩૦. દશાશ્રુતસ્કંધસૂત્ર-અ. ૬ અને અ. ૯

૩૧. સૂત્રકૃતાંગસૂત્ર-શ્રુ. ૨, અ. ૨

૩૨. જ્ઞાતાધર્મકથાંગસૂત્ર-અ. ૪, સૂ. ૧૧

૩૩. પ્રશ્નવ્યાકરણસૂત્ર-અ. ૪., સૂ. ૭

૩૪. વિપાકસૂત્ર-શ્રુ. ૧, અ. ૪

૩૫ રાયપશેણીયસૂત્ર-સૂ. ૧૩૨

૩૬. દશાશ્રુતસ્કંધસૂત્ર-અ. ૬

૩૭. સ્થાનાંગસૂત્ર-સ્થા. ૭, સૂ. ૧૮

૩૮. સમવાયાંગસૂત્ર-૧૪મું સમ

૩૯. પ્રજ્ઞાપનાસૂત્ર-પદ ૧૪, સૂ. ૮

૪૦. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર-તૃતીય વક્ષસ્કાર સૂ. ૨

૪૧. ભગવતીસૂત્ર-શ. ૨. ઉ. ૧. સૂ. ૧૩ / શ. ૫, ઉ. ૫. સૂ. ૧૬ / શ. ૯. ઉ. ૩૩. સૂ. ૧૦

૪૨. જ્ઞાતાધર્મ કથાંગસૂત્ર-અ. ૫

૪૩. પ્રશ્નવ્યાકરણસૂત્ર-અ. ૨, સૂ. ૩

૪૪. ઉવવાઈયસૂત્ર-સૂ. ૨૫

૪૫. રાયપશેણીયસૂત્ર-સૂ. ૧૦૨, સૂ. ૧૩૬

૪૬. દશવૈકાલિકસૂત્ર-અ. ૪, સૂ. ૨૦

૪૭. વ્યવહારસૂત્ર-ઉ. ૮, સૂ. ૫

૪૮. બૃહત્કલ્પસૂત્ર-ઉ. ૫, સૂ. ૪૪, ૪૫ ને ૪૬

૪૯. નિશીથસૂત્ર-ઉ. ૧. સૂ. ૪૧ / ઉ. ૨. સૂ. ૨૬ / ઉ. ૫, સૂ. ૨૮

૫૦. સ્થાનાંગસૂત્ર-સ્થા. ૯, સૂ. ૧૪

૫૧. જ્ઞાતાધર્મકથાંગસૂત્ર-અ. ૧, સૂ. ૪

૫૨. વિપાકસૂત્ર-શ્રુ. ૧, અ. ૪

૫૩. રાયપશેણીયસૂત્ર-સૂ. ૧૪૮

૫૪. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર-દ્વિ. વક્ષસ્કાર, સૂ. ૩

૫૫. નિરયાવલિકાસૂત્ર-સૂ. ૨૩

૫૬. સ્થાનાંગસૂત્ર-સ્થા. ૮, સૂ. ૬૫

૫૭. સમવાયાંગસૂત્ર-સમ. ૮

૫૮. ઉવવાઇયસૂત્ર-સૂ. ૮૨

૫૯. રાયપશેણીયસૂત્ર-સૂ. ૭

૬૦. પ્રજ્ઞાપનાસૂત્ર-પદ ૩૬, સૂ. ૧૫

૬૧. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર-પંચમ વક્ષસ્કાર, સૂ. ૧

૬૨. સમવાયાંગસૂત્ર-સમ. ૯૬

૬૩. ભગવતીસૂત્ર-શ. ૭, ઉ. ૭, સૂ. ૩

૬૪. અનુયોગદ્વાર સૂત્ર-સૂ. ૧૯૦ / સૂ. ૧૯૨ / સૂ. ૧૯૫

૬૫. સમવાયાંગસૂત્ર-સમ. ૭૨

૬૬. ઉવવાઈયસૂત્ર-સૂ. ૮૨

૬૭. રાયપશેણીયસૂત્ર-૧૭૦

૬૮. આચારાંગસૂત્ર-શ્રુ. ૧, અ. ૪, ઉ. ૧ / શ્રુ. ૧, અ. ૫, ઉ. ૩, શ્રુ. ૨, ૧-ચૂ. અ૧. ઉ. ૧

૬૯. સૂત્રકૃતાંગસૂત્ર-શ્રુ. ૧, અ૫. ઉ. ૧ ગા. ૧૯ / શ્રુ. ૨. અ. ૭ / શ્રુ. ૨-અ. ૬

૭૦. સમવાયાંગસૂત્ર-સમ. ૧, સૂ. ૨

૭૧. સૂત્રકૃતાંગસૂત્ર-શ્રુ. ૨. અ. ૨

૭૨. દશવૈકાલિકસૂત્ર-અ. ૪. સૂ. ૭

૭૩. સમવાયાંગસૂત્ર-સમ. ૧૩

૭૪. બૃહત્કલ્પસૂત્ર-ઉ. ૫. સૂ. ૫

૭૫. અભિધાન રાજેન્દ્ર

૭૬. અભિધાન રાજેન્દ્ર

૭૭. અભિધાન રાજેન્દ્ર

• • •

# અધ્યાય-૪

# ૨૪ દંડકોમાં ૨૪ દ્વારોનો પરિચય

## (૧લું) શરીર દ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ વિચારણામાં સૌ પ્રથમ શરીર વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**શરીરના અર્થો :**

શાસ્ત્રમાં શરીર શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) ઉત્પત્તિ સમયથી શરૂ કરીને પ્રતિક્ષણ જે શીર્ણ અર્થાત્ જર્જરિત થતાં રહે છે તે શરીર છે.[૧] (૨) જે વિશેષ નામ કર્મના ઉદયથી પ્રાપ્ત થઈને શીર્યન્તે અર્થાત્ ગળે છે તે શરીર છે.[૨] (૩) અનંતાનંત પુદ્ગલોના સમવાયનું નામ શરીર છે.[૩] (૪) શરીર શબ્દનો અર્થ સ્વરૂપ છે.[૪] (૫) જેના ઉદયથી આત્માના શરીરની રચના થાય છે તે શરીર નામ કર્મ છે.[૫] (૬) જે કર્મના ઉદયથી આહાર વર્ગણાના પુદ્ગલ સ્કંધ તથા તૈજસ અને કાર્મણ વર્ગણાના પુદ્ગલ સ્કંધ શરીર યોગ્ય પરિણામો દ્વારા પરિણત થઈને જીવની સાથે સંબંધ થાય છે તે કર્મસ્કંધની "શરીર" એ સંજ્ઞા છે.[૬] આમ શરીર અંગે વિવિધ સંજ્ઞાઓ-લક્ષણો પ્રાપ્ત થાય છે.

**શરીરના પર્યાયવાચી શબ્દો :**

આ શાસ્ત્રોમાં આવતા વિભિન્ન શબ્દો આ પ્રમાણે છે. વપુ[૭], કાયા, દેહ, ક્લેવર ઇત્યાદિ તથા બોન્દિ[૮], તનુ આદિ પણ પર્યાયવાચી શબ્દો છે.

**શરીરના પ્રકારો :**

શાસ્ત્રમાં દર્શાવેલ શરીરોને પાંચ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છે. અર્થાત્ શરીર[૯] પાંચ પ્રકારનાં છે. (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) આહારક (૪) તૈજસ અને (૫) કાર્મણ. આ પાંચેય શરીરોનું સ્વરૂપ નીચે મુજબ છે.

**(૧) ઔદારિક શરીર :**

ઉદાર અર્થાત્ પ્રધાન શરીરને ઔદારિક કહે છે. ઉદારનો અર્થ છે વિસ્તારવાન. ઔદારિક શરીર વિસ્તારવાન એ કારણે કહેવાય છે કે તે સ્થાયીરૂપથી સાતિરેક એક હજાર યોજન સુધીનાં હોય છે. શરીરની વિશાળતા તીર્થંકરો, ચક્રવર્તિઓ, ગણધરો, કેવલીઓ, વાસુદેવો, બળદેવો, પ્રતિવાસુદેવો, નારદો, રુદ્રો વગેરે મહાપુરુષોની અપેક્ષાએ સમજવી જોઈએ. તેના સિવાય અનુત્તરવિમાન દેવોનાં શરીર પણ અનંતગુણ હીન હોય છે. ઔદારિક શરીર કાંઈક અધિક એક હજાર યોજન અવસ્થિત પ્રમાણવાળાં હોય છે. સ્વસિદ્ધાંતની પરિભાષા અનુસાર ઉદારનો અર્થ છે માંસ, અસ્થિ, સ્નાયુ તેમજ મજ્જા આદિથી સંબંધ. ઉદાર એ જ ઔદારિક કહેવાય છે. ઉદારગુણ. મોક્ષ અને અનંત લબ્ધિઓ પણ આ શરીર મારફત જ મેળવી શકાય છે તેથી તેને ઉત્તમ કહેવાય છે. ઉત્તમ એટલે બીજા શરીરો કરતાં આ શરીર ઉત્તમ બાંધો, શરીરની સુંદરતા અને કાન્તિ (તીર્થંકરોની અપેક્ષાએ) ધારણ કરી શકે છે. સ્થૂલઃ અર્થાત્ આઠ ગ્રહણ યોગ્ય વર્ગણાઓમાંની ઔદારિક શરીરપણે ગ્રહણ કરવા યોગ્ય વર્ગણામાં પુદ્‌ગલ પરમાણુઓ થોડા હોય છે પરંતુ તેનું પરિણામ સ્થૂલ હોય છે. આવી સ્થૂલ વર્ગણાનું બનેલું શરીર હોય છે. ઊંચું-મોટું અર્થાત્ બીજા શરીરોની સ્વાભાવિક ઊંચાઈ કરતાં ઔદારિક શરીરની ઊંચાઈ સૌથી વધારે છે. આ શરીર મનુષ્યો અને તિર્યંચોને હોય છે.

**ઔદારિક શરીરનો વિશેષ વિચાર :**

ઔદારિક શરીર બે પ્રકારનાં છે. બદ્ધ અને મુક્ત જીવોએ જે શરીરોને ગ્રહણ કરીને રાખ્યાં છે તે બધ્ધ શરીર કહેવાય છે. પરંતુ જે શરીરને જીવોએ પૂર્વભવમાં ગ્રહણ કરીને ત્યાગી દીધાં છે તેઓને મુક્ત શરીર કહેવાય છે. તેમાં જે બદ્ધ છે તેઓ અસંખ્યાતા છે. અસંખ્યાત ઉત્સર્પિણી એ અવસર્પિણી કાળોથી તેમનું અપહરણ થાય છે

તે કાળથી. ક્ષેત્રથી અસંખ્યાત લોક તેઓમાંથી જેઓ મુક્ત અર્થાત્ ત્યાગેલા છે તે અનંત છે. કાળથી અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળોથી અપહરણ થાય છે. દ્રવ્યથી અનંત લોક અભવ્યોથી અનંતગણા છે. સિદ્ધોના અનંતમા ભાગ જેટલા છે એટલે સિદ્ધ જીવરાશિ જેટલા નથી.

બદ્ધ ઔદારિક શરીરના ધારક જીવ અનંત છે. છતાં બદ્ધ શરીરો અસંખ્યાત કહ્યા છે કેમકે જીવ બે પ્રકારના છે. પ્રત્યેક શરીર અને અનંતકાયિક. જે પ્રત્યેક શરીર જીવ છે તે બધાના અલગ-અલગ ઔદારિક શરીર છે. કિન્તુ જે અનંતકાયિક જીવ છે તેમનાં શરીર જુદાં જુદાં હોતાં નથી. પરંતુ અનંતાનંત જીવોનું એક જ શરીર હોય છે. એ કારણે ઔદારિક જીવ અનંત હોવા છતાં ઔદારિક શરીર અસંખ્યાત જ હોય છે.

મુક્ત ઔદારિક શરીર અનંત છે. અવિકલરૂપથી મુક્ત શરીર અનંતકાળ સુધી રહી શકતાં નથી. કેમકે પુદ્ગલોની સ્થિતિ ઉત્કૃષ્ટ પણ અસંખ્યાત કાળ સુધી કહી છે. જે જીવો દ્વારા જે પુદ્ગલોને ઔદારિક શરીરના રૂપમાં અતિતકાલમાં ગ્રહણ કરીને ત્યાગી દીધેલ છે. તેમને જો અહીં લેવામાં આવે તો બધા જીવો પુદ્ગલોને ગ્રહણ કરીને ત્યાગેલ છે. એવી સ્થિતમાં મુક્ત શરીર અભવ્યોથી અનંતગુણા અને સિદ્ધ જીવોનો અનંતમો ભાગ છે. કથન યુક્ત નથી ?

ઉત્તર : અહિ મુક્ત ઔદારિક શરીરોમાં માત્ર અવિકલ શરીરોનું જ ગ્રહણ નથી. પરંતુ જીવે જે ઔદારિક શરીરને ગ્રહણ કરીને ત્યાગી દીધાં છે તે વિનાશને પ્રાપ્ત થવા છતાં અનંત ભેદોવાળાં બને છે. પુદ્ગલ જ્યાં સુધી ઔદારિક પર્યાયનો પરિત્યાગ નથી કરતાં ત્યાં સુધી ઔદારિક શરીર જ કહેવાય છે. પરિત્યાગ કરેલ છે તેઓ ઔદારિક શરીર નથી કહેવાતાં. એ રીતે એક જ શરીરનાં અનંત શરીર સંભવી શકે છે. એક એક શરીર ઔદારિક અનંત ભેદવાળાં હોવાને લીધે અનંત ઔદારિક શરીર કહેવાય છે.

**ઔદારિક શરીરનાં સંસ્થાનો :**

ઔદારિક[૧૦] શરીરને અનેક સંસ્થાનવાળાં કહ્યાં છે. એકેન્દ્રિયના ઔદારિક સંસ્થાન નાના પ્રકારનાં કહ્યાં છે. પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર મસૂરની દાળના આકારનાં કહ્યાં છે. એ જ રીતે સૂક્ષ્મ બાદર, અપર્યાપ્તા, પર્યાપ્તા પણ એ જ પ્રકારે

સમજવાં. અપકાયના સ્તિબુકબિંદુ (પાણીના પરપોટા) આકારનાં કહ્યાં છે. એજ પ્રકારે સૂક્ષ્મ, બાદર, અપર્યાપ્તા અને પર્યાપ્તાનાં સંસ્થાન પણ એમ જ છે. તેઉકાયના સોયોના સમૂહ આકારનાં કહ્યાં છે. એ જ પ્રકારે સૂક્ષ્મ બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તાના સંસ્થાન પણ એમજ છે. વાયુકાયિકોનો ધજાના જેવો આકાર કહ્યો છે. એ જ પ્રકારે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તાના સંસ્થાન પણ એમ જ છે. વનસ્પતિકાયિકોનાં શરીરનાં સંસ્થાન નાના આકારોવાળાં કહ્યાં છે. એ જ પ્રકારે સૂક્ષ્મ, બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તાના પણ એમ જ છે.

બેઇન્દ્રિયના ઔદારિક શરીર હુંડક સંસ્થાનવાળાં છે. એ જ પ્રકારે પર્યાપ્તા અને અપર્યાપ્તાના પણ એ જ પ્રકારે છે. યાવત્ તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયનાં પણ જાણવાં.

*પંચેન્દ્રિય તિર્યંચ-યોનિક ઔદારિક શરીર છ પ્રકારનાં કહ્યાં છે. સમચોરસ* સંસ્થાનવાળા યાવત્ હુંડક સંસ્થાનવાળાં છે. એ જ પ્રકારે પર્યાપ્તા અને અપર્યાપ્તાના પણ જાણવાં. સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયોના ઔદારિક શરીર હુંડક સંસ્થાનવાળા કહ્યાં છે. એ જ રીતે પર્યાપ્તા અને અપર્યાપ્તાનાં પણ છે. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોના ઔદારિક શરીર છ પ્રકારનાં ઉપર બતાવ્યા પ્રમાણે છે. એ જ રીતે પર્યાપ્તા અને અપર્યાપ્તાનાં પણ જાણવાં. આ રીતે તિર્યંચ યોનિકોના ઔધિકોના નવ આલાપકો થાય છે. જલચર તિર્યંચના ઔદારિક શરીરનાં છ પ્રકારનાં સંસ્થાન સંમૂર્ચ્છિમ જલચર હુંડક સંસ્થાનવાળા, ગર્ભજ જલચર છ એ સંસ્થાનવાળા હોય છે. જલચરનાં આ રીતે પર્યાપ્ત અને અપર્યાપ્તનાં મળીને નવસૂત્ર થાય તેવી જ રીતે સ્થલચરોનાં, ચતુસ્પદ સ્થલચરોનાં, ઉરપરિ સર્પ સ્થલચરોનાં, ભુજપરિ સર્પ સ્થલચરોનાં, ખેચરોનાં પણ નવ સૂત્રો થાય છે. વિશેષ-સર્વત્ર સંમૂર્ચ્છિમ હુંડક સંસ્થાનવાળા કહેવા અને અન્ય છએ સંસ્થાનવાળા જાણવા.

મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર છ પ્રકારના સંસ્થાનવાળાં છે. ગર્ભજોના પણ એ જ પ્રકારનાં અને સંમૂર્ચ્છિમને હુંડક સંસ્થાનવાળાં કહ્યાં છે.

ઔદારિક શરીરનાં સંસ્થાન અનેક હોય છે. કેમ કે જીવોમાં જાતિઓનાં ભેદથી શરીરની આકૃતિમાં પણ ભેદ થઈ જાય છે. પૃથ્વીકાયનાં શરીરનો આકાર મસૂરની

દાળનાં આકારનો કહ્યો છે. મસૂર એક પ્રકારનું અનાજ છે. જેનો આકાર ચપટો હોય છે. અહિં મસૂરની ફાડ સમજવી જોઈએ. અપકાયનાં શરીરનો આકાર સ્તિબુકબિંદુ જેવો હોય છે. જે બિંદુ વાયુઆદિથી ફેલાયેલું ન હોય પણ જામેલું હોય છે તે ટીપું સ્તિબુકબિંદુ કહેવાય છે. બેઇન્દ્રિયોના ઔદારિક શરીર હુંડક સંસ્થાનવાળાં હોય છે. એક વિશેષ પ્રકારનું પક્ષી છે જેના શરીરમાં રૂંવાડાં હોતાં નથી. અને જે બટેર નામથી પ્રસિદ્ધ છે. તેને હુંડ કહેવાય છે. એના જેવા આકારવાળાને હુંડક સંસ્થાન કહેવાય છે.

આ રીતે સમુચ્ચય તિર્યંચયોનિકોના નવ, જલચરોના નવ, સ્થલચરોના ૩૬, ખેચરોના નવ એમ આ બધા મળીને કુલ ૬૩ સૂત્ર છે. તેમનાં આલાપક ૨૭૩ થાય છે.

**(૨) વૈક્રિય શરીર :**

જે શરીર દ્વારા વિવિધ ક્રિયાઓ થાય તે વૈક્રિય શરીર કહેવાય છે. જે શરીર એક હોવા છતાં અનેક બની જાય છે અને અનેક હોવા છતાં એક બની જાય છે. નાનાં હોય તે મોટાં અને મોટાં હોય તે નાનાં થઈ જાય છે. આકાશચારીમાંથી ભૂચર અને ભૂચરમાંથી આકાશચારી બની જાય છે. દશ્ય હોવા છતાં અદશ્ય અને અદશ્ય હોવા છતાં દશ્ય બની જાય છે. તે વૈક્રિય શરીર કહેવાય છે.

વિશિષ્ટ, વિલક્ષણ અથવા વિવિધક્રિયા વિક્રિયા છે તેવા થનાર શરીરને વૈક્રિય કહેવાય છે. વિક્રિયા એટલે જુદી જુદી ક્રિયાઓ દ્વારા અનેક ફેરફારવાળું શરીર થઈ શકે છે. દેવોના સૌંદર્યની અપેક્ષાએ તે અદ્ભુત છે. આ શરીર ઔદારિક કરતાં કંઈક વધારે સૂક્ષ્મ પુદ્ગલવર્ગણાઓમાંથી રચાય છે. તેનું બંધારણ સ્વાભાવિક રીતે બંધાય છે. પરંતુ ઔદારિકની પેઠે તેમાં સાત ધાતુનો ક્રમ નથી હોતો.

આ વૈક્રિય શરીર જન્મજાત સ્વભાવતઃ નારકો અને દેવોનાં હોય છે. લબ્ધિનિમિત્તક તિર્યંચોને અને મનુષ્યોને હોય છે. "વેઉવ્વિય"નું સંસ્કૃતરૂપ "वैकुर्विक" સમજવું જોઈએ. વિકુર્વણા અર્થવાળા વિકુર્વ ધાતુથી ભાવ અર્થમાં "घञ्" પ્રત્યય થઈને વૈકુર્વિકરૂપ બને છે. અર્થાત્ વિવિધ ક્રિયાઓથી નિષ્પન્ન શરીર વૈકુર્વિક કહેવાય છે. વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ અવસ્થિત શરીર પ્રમાણ ૫૦૦ ધનુષ્યનું હોય છે અને તે માત્ર ૭ મી નરકભૂમિના નારકોમાં જ મળી આવે છે, બીજે ક્યાંય નહિ. જો કે ઉત્તર વૈક્રિય

શરીર એક લાખ જોજન સુધીનાં હોય છે. પરંતુ તે ભવપર્યંત સ્થાયી ન હોવાના કારણે અવ્યવસ્થિત હોતાં નથી. લબ્ધિ પ્રત્યયિક બે પ્રકારનું છે. એક તપશ્ચર્યાદિકથી મુનિઓને હોય તે ગુણપ્રત્યયિક અને બીજું વાઉકાય, ચક્રવર્તિ અને વાસુદેવ વગેરેને તપશ્ચર્યાદિક વિના જ કાર્ય પ્રસંગે બનાવી શકવાની શક્તિ હોય છે તે બન્નેને લબ્ધિ પ્રત્યયિક કહેવાય છે.

**વૈક્રિય શરીરના ભેદોનું વિવેચન[11] :**

વૈક્રિય શરીર બે પ્રકરનાં કહ્યાં છે. એકેન્દ્રિયનાં અને પંચેન્દ્રિયનાં વૈક્રિય શરીર. એકેન્દ્રિયમાં પણ વાયુકાયિક એકેન્દ્રિયમાં વૈક્રિય શરીર હોય છે. બાકીના એકેન્દ્રિયને ન હોય. વાયુકાયિકમાં પણ બાદર વાયુકાયિકોને હોય. સૂક્ષ્મ વાયુકાયિકોને ન હોય. બાદર વાયુકાયિકમાં પણ પર્યાપ્ત બાદર વાયુકાયિકને વૈક્રિય શરીર હોય છે. અપર્યાપ્ત બાદર વાયુકાયિકને વૈક્રિય શરીર હોતાં નથી.

પંચેન્દ્રિયોમાં નારક પંચેન્દ્રિયને, તિર્યંચ પંચેન્દ્રિયને, મનુષ્ય પંચેન્દ્રિયને અને દેવ પંચેન્દ્રિયને વૈક્રિય શરીર હોય છે. નારકોમાં ૧થી ૭ નારકોમાં પર્યાપ્ત, અપર્યાપ્ત બધાને હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિયોમાં સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોમાં વૈક્રિય શરીર ન હોય. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોમાં સંખ્યાત વર્ષની આયુવાળાને હોય છે. અસંખ્યાત વર્ષની આયુવાળાને નથી હોતાં. સંખ્યાત વર્ષની આયુવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોમાં પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળામાં હોય છે. અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળામાં ન હોય. પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળામાં જલચર, સ્થલચર, ઉરપર, ભુજપર, ખેચર ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને વૈક્રિય શરીર હોય છે.

મનુષ્ય પંચેન્દ્રિયમાં સંમૂર્ચ્છિમ મનુષ્યોને વૈક્રિય શરીર ન હોય, ગર્ભજ મનુષ્યોને હોય છે. ગર્ભજ મનુષ્યોમાં કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં હોય છે. અકર્મભૂમિના કે અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યોમાં ન હોય, કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં પણ સંખ્યાત વર્ષની આયુવાળામાં હોય. અસંખ્યાત વર્ષની આયુવાળામાં ન હોય. સંખ્યાત વર્ષના કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં પણ પર્યાપ્ત સંખ્યાત વર્ષના કર્મભૂમિના ગર્ભજ-મનુષ્યોમાં

વૈક્રિય શરીર હોય છે. અપર્યાપ્ત સંખ્યાત વર્ષના કર્મભૂમિના ગર્ભજ મનુષ્યમાં વૈક્રિય શરીર હોતાં નથી.

બધા ભવનવાસી દેવોમાં, બધા વાણવ્યંતરોમાં બધા જ્યોતિષીમાં, વૈમાનિકમાં, કલ્પોપપન્ન અને કલ્પાતીત દેવોમાં, કલ્પોપપન્ન બાર પ્રકરના છે. કલ્પાતીતના બે પ્રકાર, ૯ ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક પાંચ, એ બધા દેવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત દેવોમાં વૈક્રિય શરીર હોય છે.

**વૈક્રિય શરીરનાં સંસ્થાન[૧૨] :**

વાયુકાયિક એકેન્દ્રિયોનાં સંસ્થાન પતાકાના આકારનાં છે. નારક પંચેન્દ્રિયોના વૈક્રિય શરીર બે પ્રકારનાં છે. ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. બંને પ્રકારના શરીરનાં ૧થી ૭ નરકના બંધાના હુંડક સંસ્થાનવાળા વૈક્રિય શરીર હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચોમાં જળચરોનાં, સ્થલચરોનાં, ઉરપરિસર્પોનાં, ભૂજપરિ સર્પોનાં અને ખેચરોનાં વૈક્રિય શરીરો નાનાં પ્રકારનાં કહ્યાં છે.

પંચેન્દ્રિય મનુષ્યોમાં કર્મભૂમિના ગર્ભજ મનુષ્યના વૈક્રિય શરીરનાં સંસ્થાન છ પ્રકારનાં કહ્યાં છે.

પંચેન્દ્રિયોના ભવનવાસી દેવોનાં, વાણવ્યંતરોનાં, જ્યોતિષ્કોનાં, વૈમાનિકમાં સૌધર્મ યાવત્ અચ્યુતદેવોમાં ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરનાં સંસ્થાન સમચતુરસ્ર કહ્યાં છે. ગ્રૈવયકદેવોનાં અને અનુત્તરોપપાતિક દેવોનાં ભવધારણીય વૈક્રિય શરીરોનાં સંસ્થાન સમચતુરસ્ર હોય છે.

નારકોમાં ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરનાં હુંડક સંસ્થાન જ હોય છે. તેમના ભવધારણીય શરીર ભવનાં સ્વભાવથી જ જેમની સમસ્ત પાંખ ઉખડી ગઈ હોય એવા પક્ષીના આકારના સરખા, અત્યંત બિભત્સ, હુંડક સંસ્થાનવાળા હોય છે. તે શુભ કરવાનો વિચાર રાખે છે, તો પણ અત્યંત અશુભ નામ કર્મના ઉદયથી તેમનાં શરીર તરત જ અશુભ બને છે તે હુંડક સંસ્થાન છે. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય પંચેન્દ્રિયોનાં વૈક્રિય શરીર અનેક પ્રકારનાં હોય છે. કેમ કે તેઓ પોતાની ઇચ્છાનુસાર વૈક્રિય શરીરનું

નિર્માણ કરે છે.

દેવોનાં ભવધારણીય વૈક્રિય શરીર ભવના સ્વભાવને કારણે વિશિષ્ટ શુભ કર્મના વશથી સમચતુરસ્ર સંસ્થાનવાળાં હોય છે. ઉત્તરવૈક્રિય શરીર ઇચ્છાનુસાર બનાવાય છે. તેથી તેમના કોઈ નિયત આકાર હોતા નથી. ગ્રૈવેયક દેવો અને અનુત્તરોપપાતિક વૈમાનિક દેવો ઉત્તર વૈક્રિય બનાવતા નથી. તેઓમાં પ્રયોજનનો અભાવ હોવાથી ઉત્તર વૈક્રિય હોતા જ નથી. એ કારણે તેઓ વૈક્રિય શરીરનાં નિર્માણ પણ કરતા નથી. તેમનામાં માત્ર ભવધારણીય વૈક્રિય શરીર જ હોય છે અને તેમનાં સંસ્થાન સમચતુરસ્ર જ હોય છે.

**વૈક્રિય શરીરનું વિવેચન :**

વૈક્રિય શરીર બે પ્રકારનાં કહ્યાં છે. બદ્ધ અને મુક્ત. જેઓ બદ્ધ છે તેઓ અસંખ્યાત છે. કાલથી અસંખ્યાત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓથી અપહૃત થાય છે. કાળથી અસંખ્યાત શ્રેણીઓ, પ્રત્તરનો અસંખ્યાતમો ભાગ, તેઓમાં જે મુક્ત છે તેઓ અનંત છે અને અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓથી અપહૃત થાય છે. કાળથી ઔદારિકના જેવા મુક્ત કહેવાય તેવા જ વૈક્રિયના પણ મુક્ત કહેવાવા જોઈએ.

કાળથી અસંખ્યાત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓનો જેટલો સમય હોય છે. તેટલો સમય બદ્ધ વૈક્રિય શરીર હોય છે ક્ષેત્રની અપેક્ષાએ બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત શ્રેણી પ્રમાણ છે. શ્રેણીનું પ્રમાણ પ્રત્તરોનો અસંખ્યાતમો ભાગ માનેલ છે. તે શ્રેણીઓમાં જેટલા આકાશપ્રદેશોની સંખ્યા થાય છે. તેટલા જ પ્રમાણમાં બદ્ધ વૈક્રિય શરીર હોય છે.

મુક્ત વૈક્રિય શરીર અનંત છે. તેમની અનંતતા પૂર્વોક્ત ઔદારિક શરીરને સમજવા માટે કહ્યું છે કે અનંત ઉત્સર્પિણીઓ તેમ જ અવસર્પિણીઓમાં તેમનું અપહરણ થાય છે. અર્થાત્ એ બંને કાળોના એક એક સમયમાં એક એક વૈક્રિય શરીરનું અપહરણ થાય છે. તેનું તાત્પર્ય એ છે કે અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીયોમાં જેટલા સમય થાય છે. તેટલા અનંત અહિં ગ્રહણ કરવા જોઈએ. અર્થાત્ મુક્ત વૈક્રિય શરીરોના પ્રમાણ એટલાં જ છે. આ રીતે જેવા મુક્ત ઔદારિક શરીરોનાં પ્રમાણ કહ્યાં છે. તેવા જ મુક્ત વૈક્રિય શરીરોના પણ પ્રમાણ સમજી લેવાં જોઈએ.

## (૩) આહારક શરીર :

આહારક નામની લબ્ધિથી આવા શરીરનું નિર્માણ થાય છે. આમર્ષોષધિ વિગેરે લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મુનિરાજને પ્રયોજન હોતાં જે શરીરનું નિષ્પાદન કરાય છે તે આહારક શરીર કહેવાય છે. આહારક શરીર શુભ અને સ્વચ્છ સ્ફટિકશિલાના સદશ શુભ પુદ્ગલોનાં સમૂહથી થાય છે. ચૌદ પૂર્વધર મુનિરાજને કોઈપણ જાતનો સંશય થાય, ત્યારે કેવળી ભગવંતો કે તીર્થંકર ભગવંતો પાસે મોકલવા, તથા તીર્થંકરોની સમવસરણાદિક ઋષિ જોવા. એક હાથ જેવડું આહારક શરીર બનાવી મોકલી છે. ત્યાંજ વંદનાદિક કરી પાછું આવી આત્મપ્રદેશો મૂળ ઔદારિક શરીરમાં દાખલ થતાં તરત જ વેરાઈ જાય છે. આ શરીરની વર્ગણાઓ વૈક્રિય શરીરની વર્ગણા કરતાં સૂક્ષ્મ અને તેજસ્વી હોય છે. આ શરીર આખા સંસાર ચક્રમાં ૪ વાર જ કરી શકાય છે. આમર્ષોષધિ એટલે શરીરમાં કે તેના કોઈપણ અવયવમાં એવી લબ્ધિ ઉત્પન્ન થાય છે કે જેના સ્પર્શ માત્રથી જ સર્વરોગો નાશ પામે છે. આ લબ્ધિ વિના તથા ૧૪ પૂર્વધર વિના આહારક લબ્ધિ હોતી નથી. આહારક શરીર માત્ર મનુષ્યોને જ મળી શકે છે.

## આહારક શરીરનું વિવેચન અને સંસ્થાન[૧૩] :

આહારક શરીર એક આકારનાં કહ્યાં છે. માત્ર મનુષ્યનાં જ આહારક શરીર હોય છે. મનુષ્ય સિવાયના કોઈનું આહારક શરીર હોતું નથી. મનુષ્યમાં સંમૂર્ચ્છિમ મનુષ્યનું આહારક શરીર હોતું નથી. ગર્ભજ મનુષ્યોના આહારક શરીર હોય છે. ગર્ભજ મનુષ્યમાં પણ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યના આહારક શરીર હોય છે. અકર્મભૂમિ કે અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યના આહારક શરીર હોતાં નથી. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યમાં પણ સંખ્યાતવર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યના આહારક શરીર હોય છે. અસંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યનાં હોતા નથી. સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં પણ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં આહારક શરીર હોય છે. અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં હોતાં નથી. પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં પણ સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ

મનુષ્યમાં આહારક શરીર હોય છે. મિથ્યાદૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં પણ સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં હોતાં નથી. સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં આહારક શરીર હોય છે. અસંયત કે સંયતા સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં હોતા નથી. અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં આહારક શરીર હોય છે. પ્રમત્ત સંયત્ત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાતવર્ષની આયુવાળા કર્મભૂમિ મનુષ્યમાં હોતાં નથી. અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યમાં પણ ઋદ્ધિ પ્રાપ્ત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ મનુષ્યમાં આહારક શરીર હોય છે. અનૃદ્ધિ પ્રાપ્ત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ મનુષ્યમાં આહારક શરીર હોતાં નથી.

આહારક શરીરનો એક જ ભેદ છે. જે સમસ્ત સાવધ વ્યાપારોથી સમ્યક્ પ્રકારે ઉપરત થયેલ છે. તે સંયત છે. જે સંયત ન હોય તે અસંયત છે. દેશવિરતિવાળા સંયતાસંયત છે. મોહનીય આદિ કર્મોના ઉદયથી સંજ્વલન કષાય, નિદ્રા આદિ યોગથી પ્રમાદને પ્રાપ્ત થાય તે પ્રમત્ત કહેવાય છે. પ્રમાદથી રહિત અપ્રમત્ત કહેવાય છે. તેઓ સદા ઉપયોગયુક્ત રહે છે. આમર્ષોષધિ આદિ ઋદ્ધિઓ જેમને પ્રાપ્ત થાય છે તે ઋદ્ધિવાળા કહેવાય છે. અને જેને કોઈ ઋદ્ધિ પ્રાપ્ત ન હોય તે અનૃદ્ધિ પ્રાપ્ત કહેવાય છે.

**આહારક શરીરનું વિશેષ વિવેચન :**

આહારક શરીર પણ બે પ્રકારનાં છે. બદ્ધ અને મુક્ત. જેઓ બદ્ધ છે તેઓ કદાચિત હોય છે અથવા કદાચિત નથી હોતાં. જો હોય તો જઘન્ય ૧, ૨ અથવા ૩ હોય છે. ઉત્કૃષ્ટ સહસ્ર પૃથકત્વ હોય છે. તેઓમાંથી જે મુક્ત શરીર છે તે અનંત છે. જેમ ઔદારિકને મુક્ત કહ્યા છે તે પ્રકારે આહારકને પણ મુક્ત કહેવા જોઈએ.

બદ્ધ આહારક શરીર કદાચિત હોય છે અથવા કદાચિત નથી હોતાં. કેમ કે

આહારક શરીરનો વિરહકાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃટ છ માસનો છે. મુક્ત આહારક શરીર મુક્ત ઔદારિકના શરીર સમાન છે. મુક્ત આહારક અનંત છે. મુક્ત ઔદારિકનાં અનંત શરીર પ્રમાણે મુક્ત આહારકનાં પણ અનંત શરીર કહેવાં જોઈએ.

**(૪) તૈજસ શરીર :**

આ શરીર તૈજસ પુદ્‌ગલોથી બને છે અને તે ઉષ્મારૂપ હોય છે. જે તૈજસ લબ્ધિના નિમિત્તરૂપે ઉત્પન્ન થાય છે. તેમાં તેજનો વિકાર હોય છે. જે ખાધેલા અનાજનું પાચન કરે છે. તેને તૈજસ શરીર કહેવાય છે. આ શરીર ચારેય ગતિના જીવોને હોય છે. શરીરમાં અને જઠરમાં જે ગરમી જણાય છે તે આ શરીરની છે. તપશ્ચર્યા વગેરેથી આ શરીરને એવું તૈયાર કરી શકાય છે કે જેનાથી બીજાને ક્રોધથી કે શાપ આપી બાળી શકાય છે. અથવા અનુગ્રહબુદ્ધિથી બીજા બળતા પદાર્થોને ઠંડક આપી બૂઝાવી પણ શકાય છે. તે વખતે તેનું નામ તેજોલેશ્યાની લબ્ધિ અને શીતલેશ્યાની લબ્ધિ કહેવાય છે.

**તૈજસ શરીરનું વિવેચન[૧૪] :**

તૈજસ શરીર પાંચ પ્રકારનાં છે. એકેન્દ્રિય તૈજસ શરીર યાવત્ પંચેન્દ્રિય તૈજસ શરીર, એકેન્દ્રિય તૈજસ શરીર પાંચ પ્રકારનાં છે. પૃથ્વીકાયિક તૈજસ શરીર યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તૈજસ શરીર. એ પ્રકારે જેવા ઔદારિક શરીરના ભેદ કહ્યા છે. એ જ પ્રકારે તૈજસના ભેદ પણ કહેવા જોઈએ. ચૌરેન્દ્રિય સુધી કહેવા.

પંચેન્દ્રિય તૈજસ શરીર ચાર પ્રકારનાં છે. નૈરયિક તૈજસ શરીર યાવત્ દેવ તૈજસ શરીર. નારકોના બે ભેદ કહેવા જોઈએ. જેવું વૈક્રિય શરીર પંચેન્દ્રિય તિર્યંચોના અને મનુષ્યોના જેવા ઔદારિક શરીરના ભેદ કહ્યા છે. એ પ્રકારના ભેદ કહેવા જોઈએ. દેવોના જેવા વૈક્રિય શરીરના ભેદ કહ્યા છે એ જ પ્રકારે તૈજસ શરીરના ભેદ પણ સમજી લેવા જોઈએ. સર્વાર્થસિદ્ધના દેવો સુધી જાણવા.

તૈજસ શરીરના આકાર અનેક સંસ્થાનોવાળા કહ્યા છે. પૃથ્વીકાયના એકેન્દ્રિયના તૈજસ શરીરના આકાર મસૂરની દાળના આકારના કહ્યા છે. ચંદ્રનો અર્થ દાળ છે. એ પ્રકારે ઔદારિક શરીરનાં સંસ્થાન અનુસાર કહેવું જોઈએ. યાવત્ ચૌરેન્દ્રિયના પણ

કહેવા જોઈએ.

નારકોના તૈજસ શરીરના આકાર નારકોના વૈક્રિય શરીર જેવા. પંચેન્દ્રિય તિર્યંચયોનિના, મનુષ્યોના જેવા તેમના ઔદારિક શરીરના આકાર કહ્યા છે તે મુજબ સમજવા. દેવોના તૈજસ શરીરના આકાર જેવા તેમના વૈક્રિય શરીરના સંસ્થાન છે તેવા યાવત્ અનુત્તરોપપાતિક દેવ સુધી સમજવા જોઈએ. તૈજસ શરીર બધાને હોય છે.

**તૈજસ શરીરનું વિશેષ વિવેચન :**

તૈજસ શરીર પણ બે પ્રકારનાં કહ્યાં છે. બદ્ધ અને મુક્ત. તેઓમાં જે બદ્ધ છે તે અનંત છે. અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે. તે કાળથી, ક્ષેત્રથી, અનંત લોકથી અને દ્રવ્યથી સિદ્ધોથી અનંતગુણા છે. બધા જીવોથી અનંતભાગ હીન છે. તેઓમાં જે મુક્ત છે તેઓ અનંત છે. કાળથી અનંત ઉત્સર્પિણીઓ, અને અવસર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે. ક્ષેત્રથી અનંત લોક અને દ્રવ્યથી બધા જીવોથી અનંતગણા, જીવ વર્ગનો અનંતમો ભાગ એ પ્રકારે સમજવા જોઈએ.

**(૫) કાર્મણ શરીર :**

કર્મ દ્વારા બનાવેલા શરીરને કાર્મણ શરીર કહે છે. આ શરીર કર્મોથી ભરાયેલું હોય છે. જે શરીર ૮ કર્મથી જ ઉત્પન્ન થાય છે તેને કાર્મણ શરીર કહેવાય છે. આ શરીર પણ ચારેય ગતિના જીવોને હોય છે. આ શરીર બીજા બધા શરીરોનું કારણ છે.

જીવ દરેક સમયે કાર્મણ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી આત્મા સાથે તે જ વખતે બાંધે છે તેનું નામ કર્મબંધ કહેવાય છે. આવી રીતે તૈજસ વર્ગણા કરતાં અત્યંત સૂક્ષ્મ કાર્મણ વર્ગણાના આત્મા વડે ગ્રહણ કરાતાં પુદ્ગલોના એક જાતના સમૂહની એક જાતની આઠેય કર્મપણે વહેંચણી થતાં એવી ગોઠવણ થાય છે તેને કાર્મણ શરીર કહેવાય છે.

આ શરીર આત્મા સાથે અનાદિકાળથી જોડાયેલું છે. ભવ્યને મોક્ષમાં જતાં સુધી અને અભવ્યને અનંતકાળ પર્યંત સાથ આપે છે. આ શરીર જ્યાં સુધી હોય ત્યાં સુધી

કર્મબંધ થાય અને તેનાથી ચારેય શરીરો ધારણ કરવાં પડે છે. આ શરીર ક્યાંય રોકાતું નથી. એટલે કે પ્રતિઘાત રહિત છે. તેમ જ તે કોઈને રોકતું પણ નથી. આ શરીર સીધી રીતે ધર્મ-અધર્મ, કર્મ-નિર્જરા, કર્મબંધ, સુખ-દુ:ખ, હિંસા વગેરે જેવું કાંઈ કરી શકતું નથી. પરભવમાં જીવની સાથે તૈજસ અને કાર્મણ એ શરીરો સાથે જ હોય છે. અને ઉત્પન્ન થતાંની સાથે જ આ બે શરીરોની મદદથી પ્રથમ વખત જીવ આહાર ગ્રહણ કરે છે.

તૈજસ અને કાર્મણ આ બન્ને શરીર સદા સાથે જ રહે છે. એક વખત છૂટા પડી ગયા પછી ક્યારેય ભેગાં થતાં નથી.

તૈજસ શરીરની જેમ કાર્મણ શરીરને પણ કાળ, ક્ષેત્ર અને દ્રવ્યથી અનંત સમજવાં જોઈએ.

**પાંચ શરીર :**

આ પાંચ શરીરોમાંથી ઔદારિક શરીરની અપેક્ષાએ વૈક્રિય શરીરના પ્રદેશ અધિક હોય છે. વૈક્રિય શરીરની અપેક્ષાએ આહારકના પ્રદેશ અધિક હોય છે. આહારક શરીરની અપેક્ષાએ તૈજસ શરીરના પ્રદેશ અધિક હોય છે. તૈજસ શરીરની અપેક્ષાએ કાર્મણ શરીરના પ્રદેશ અધિક હોય છે. આ ઉપરાતં એ શરીરો ઉત્તરોત્તર સૂક્ષ્મ બનતાં જાય છે.

**આગમમાં અને ટીકા સાહિત્યમાં શરીર :**

નારકોમાં ત્રણ શરીર કહ્યાં છે. વૈક્રિય, તૈજસ અને કાર્મણ. બધા દેવોમાં ત્રણ શરીર નારકો સમાન કહ્યાં છે. પૃથ્વીકાયિકોનાં, અપકાયિકોનાં, તેઉકાયિકોનાં, વનસ્પતિકાયિકોનાં, બેઇન્દ્રિયોનાં તેઇન્દ્રિયોનાં ચૌરેન્દ્રિયોનાં ત્રણ શરીર કહ્યાં છે. તે છે ઔદારિક, તૈજસ ને કાર્મણ.

વાઉકાયિકોનાં[૫] અને તિર્યંચ પંચેન્દ્રિયોનાં ચાર શરીર કહ્યાં છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

મનુષ્યોનાં પાંચ શરીર કહ્યાં છે. તે આ પ્રમાણે છે. ઔદારિક, વૈક્રિય,

આહારક, તૈજસ એ કાર્મણ.

**નારકીમાં ઔદારિકાદિ શરીરનું વિવેચન :**

ઔદારિક શરીર બે પ્રકારનાં છે. બદ્ધ અને મુક્ત. નારકોમાં બદ્ધ ઔદારિક શરીર હોતાં નથી. જેઓ મુક્ત છે તેઓ અનંત છે. તેને જેવાં ઔદારિક મુક્ત કહ્યાં છે તેવાં તેને પણ કહેવાં જોઈએ.

નારકોના વૈક્રિય શરીર બે પ્રકારનાં છે. બદ્ધ અને મુક્ત. તેઓમાં જે બદ્ધ છે તે અસંખ્યાત છે. તેઓ કાળથી અસંખ્યાત ઉત્સર્પિણીઓ, અવસર્પિણીઓ કાળમાં અપહૃત થાય છે. ક્ષેત્રથી અસંખ્યાત, શ્રેણીઓ, પ્રત્તરના અસંખ્યાતમો ભાગ તે શ્રેણીઓની વિષ્કંભ સૂચિ આંગળનું પ્રથમ વર્ગમૂળ, દ્વિતીય વર્ગમૂળથી ગુણેલ અથવા અંગુલના દ્વિતીય વર્ગમૂળના ઘન પ્રમાણમાત્ર શ્રેણીયો, તેઓમાં જે મુક્ત વૈક્રિય છે તેઓને મુક્ત ઔદારિકના સમાન કહી લેવા જોઈએ.

નારકોનાં આહારક શરીરો બે પ્રકારનાં છે. બદ્ધ અને મુક્ત. જે રીતે ઔદારિકના બદ્ધ અને મુક્ત કહ્યાં છે તે જ રીતે આહારકનાં પણ કહેવાં જોઈએ. તૈજસ અને કાર્મણ જેવાં તેઓના વૈક્રિય શરીર છે તેવાં જાણવાં.

નારકીને બદ્ધ ઔદારિક શરીર હોતાં નથી. કેમ કે ભવના સ્વભાવથી જ તેઓમાં ઔદારિક શરીરનો અભાવ હોય છે. નારકીના બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. કેમ કે નારક જીવ અસંખ્યાત છે. પ્રત્યેક નારકના એક એક બદ્ધ વૈક્રિય શરીર હોય છે. તે અસંખ્યાત સંખ્યાની કાળની અપેક્ષાએ પ્રરૂપણા કરે છે. અસંખ્યાત ઉત્સર્પિણીયો અને અવસર્પિણીના જેટલા સમય છે તેટલા નારકોના બદ્ધ વૈક્રિય શરીર હોય છે. ક્ષેત્રની અપેક્ષાએ તેઓ અસંખ્યાત શ્રેણી પ્રમાણ છે અને શ્રેણી પ્રતરનો અસંખ્યાતમો ભાગ સમજવો જોઈએ. નારકોને બદ્ધ આહારક શરીર હોતાં નથી. કેમ કે તેઓ લબ્ધિથી રહિત હોય છે. તૈજસ અને કાર્મણ શરીરને નારકોના વૈક્રિય શરીરની સમાન જ કહેવાં જોઈએ.

**અસુરકુમારાદિના શરીરોનું વિવેચન :**

અસુરકુમારોના ઔદારિક શરીરને નારકોના શરીર પ્રમાણે કહેવાં જોઈએ.

અસુરકુમારોના વૈક્રિય શરીર પણ બે પ્રકારનાં છે. બદ્ધ અને મુક્ત. તેઓમાં જે બદ્ધ છે તેઓ અસંખ્યાત છે. કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી અપહૃત કરાય છે.. ક્ષેત્રથી અસંખ્યાત શ્રેણીયો પ્રતરનો અસંખ્યાતમો ભાગ. તે શ્રેણીઓની વિષ્કંભ સૂચિ અંગુલના પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમો ભાગ. તેઓમાં જે મુક્ત વૈક્રિય શરીર છે તેને ઔદારિક શરીરના મુક્ત શરીર સમાન કહેવાં જોઈએ.

આહારક શરીર જેવાં તેમનાં ઔદારિક શરીર છે એ જ રીતે બે પ્રકારે કહેવાં જોઈએ. તૈજસ, કાર્મણ શરીર બંને જેવાં તેઓનાં વૈક્રિય શરીર છે એ જ પ્રકારે જાણવાં. યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવા.

પૃથ્વીકાયિકોના ઔદારિક શરીર બે પ્રકારનાં છે. બદ્ધ અને મુક્ત. બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત છે. કાળની અપેક્ષાથી અસંખ્યાત ઉત્સર્પિણીયો અને અવસર્પિણીઓથી અપહૃત થાય છે. ક્ષેત્રથી અસંખ્યાત લોક પ્રમાણ તેઓમાં જે મુક્ત છે તેઓ અનંત છે. અનંત ઉત્સર્પિણીયો-અવસર્પિણીયોથી અપહૃત થાય છે. તે કાળથી અપેક્ષાથી ક્ષેત્રથી અનંત લોકપ્રમાણ અભવ્યોથી અનંતગણા છે. સિદ્ધોનો અનંતમો ભાગ છે. પૃથ્વીકાયિકોના વૈક્રિય શરીરમાં બદ્ધ તો નથી. જે મુક્ત છે. તેઓને એમનાં જ ઔદારિક શરીરોના કથન પ્રમાણે સમજી લેવાં. એ જ પ્રમાણે આહારક શરીર સંબંધ પણ સમજવો. તૈજસ અને કાર્મણ સંબંધી એમના જ ઔદારિક શરીરના કથન પ્રમાણે સમજવાં.

આ જ પ્રમાણે અપકાયિક અને તેઉકાયિકના સંબંધમાં પણ સમજી લેવું. વાઉકાયિકોના ઔદારિક શરીર. આહારક, તૈજસ અને કાર્મણ શરીર પૃથ્વીકાયિકો પ્રમાણે જાણવાં. વૈક્રિય શરીરમાં જે બદ્ધ છે તે અસંખ્યાત છે. સમય સમયમાં અપહૃત કરાતા પલ્યોપમના અસંખ્યાતમાં ભાગમાં કાળથી અપહૃત થાય છે. તેઓ અધિક નથી હોતા. મુક્ત શરીર પૃથ્વીકાયિકોના જેવાં છે. વનસ્પતિકાયિકોનાં શરીર પૃથ્વીકાયિકોની સમાન છે. વિશેષ એ છે કે તૈજસ અને કાર્મણ જેવા સમુચ્ચય તૈજસ અને કાર્મણ શરીરની સમાન છે.

બેઇન્દ્રિયોના શરીરમાં જે બદ્ધ છે તે અસંખ્યાત છે. કાળથી અસંખ્યાત ઉત્સર્પિણીયો અને અવસર્પિણીઓથી અપહૃત થાય છે. ક્ષેત્રથી અસંખ્યાત શ્રેણીઓ

પ્રત્તરનો અસંખ્યાત્તમો ભાગ. તે શ્રેણીઓની વિષ્કંભ સૂચિ અસંખ્યાત ક્રોડા ક્રોડી યોજનની અસંખ્યાત શ્રેણીયોનાં વર્ગમૂળ બેઇન્દ્રિયોના ઔદારિક શરીરોથી બધ્ધોથી પ્રતર અપહૃત કરાય છે. કાળની અપેક્ષાથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી અંગુલના પ્રત્તરના અને આવલિકાના અસંખ્યેય ભાગપ્રતિ- ભાગથી તેઓમાં જે મુક્ત છે તેઓ સમુચ્ચય મુક્તોની સમાન છે. વૈક્રિય શરીર અને આહારકનાં શરીર બદ્ધ હોતાં નથી. મુક્ત સમુચ્ચય મુક્ત ઔદારિકના સમાન, તૈજસ અને કાર્મણ શરીર તેમના સમુચ્ચય ઔદારિકોની સમાન છે.

એ જ પ્રમાણે તેઇન્દ્રિય, ચૌરેન્દ્રયના શરીરોનું સમજવું. તિર્યંચ પંચેન્દ્રિયોના કથન એ જ પ્રમાણે. પરંતુ એટલું વિશેષ છે કે વૈક્રિય શરીરોમાં જે બદ્ધ છે તેઓ અસંખ્યાત છે. તે અસુરકુમારો સંબંધી જે કથન છે તે પ્રમાણે છે. વિશેષતા એ છે કે શ્રેણિયોની વિષ્કંભ સૂચિ આંગુલના પહેલા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ જેટલી છે. મુક્ત શરીરને પણ આ પ્રમાણે સમજવાં.

મનુષ્યોનાં ઔદારિક શરીરમાં બદ્ધ છે. તેઓ કદાચિત્ સંખ્યાત્ કદાચિત અસંખ્યાત હોય છે. જઘન્યપદમાં સંખ્યાત હોય છે. સંખ્યાત ક્રોડાક્રોડી ત્રિયમલપદના ઉપર ચતુઃયમલ પદની નીચે અથવા પંચમવર્ગથી ગુણિત છઠ્ઠા વર્ગ અથવા છન્નુવાર અડધી અડધી કરેલી રાશિ. ઉત્કૃષ્ટ પદમાં અસંખ્યાત છે. કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળોથી અપહૃત થાય છે. ક્ષેત્રથી એકરૂપનો જેમાં આક્ષેપ કર્યો છે. એવા મનુષ્યોથી શ્રેણી અપહૃત થાય છે. તે શ્રેણીના આકાશક્ષેત્રોથી અપહરણ કરાય છે. કાળથી અસંખ્યાત ઉત્સર્પિણીયો, અવસર્પિણીયોથી અપહૃત થાય છે. ક્ષેત્રથી ત્રીજા વર્ગમૂળથી ગુણિત અંગુલના પ્રથમ વર્ગમૂળ અને મુક્ત છે તે સમુચ્ચય મુક્ત ઔદારિકોની સમાન જાણવાં.

વૈક્રિય શરીરમાં બદ્ધ શરીરો સંખ્યાત છે. સમય સમયમાં અપહૃત થતાં થતાં સંખ્યાતકાળમાં અપહૃત થાય છે. પણ અપહૃત થઈ જતા નથી. તે મુક્ત છે. તેઓને સમુચ્ચય ઔદારિકની સમાન જાણવાં. આહારક શરીરને સમુચ્ચય આહારક સમાન જાણવાં. તૈજસ અને કાર્મણ ને ઔદારિક સમાન જાણવાં.

વાણવ્યંતરોના શરીરો નારકોના ઔદારિક, વૈક્રિય શરીર જેવાં સમાન જાણવાં. વિશેષ એ છે કે તે શ્રેણીઓની વિષ્કંભસૂચિ પ્રત્તરના સંખ્યાત શતવર્ગ પ્રતિભાગ. મુક્ત શરીર ઔદારિકોની સમાન આહારક શરીર જેવાં અસુરકુમારોનાં તૈજસ અને કાર્મણ જેવાં તેમનાં વૈક્રિય શરીર છે. જ્યોતિષ્કોના એ પ્રમાણે તેમની વિષ્કંભસૂચિ પ્રતરનો ૨૫૬મો વર્ગ પ્રમાણખંડ. વૈમાનિકોના એ જ પ્રમાણે છે. વિશેષ એ છે કે તે શ્રેણિયોની વિષ્કંભસૂચિ તૃતીય વર્ગમૂળથી ગુણિત અંગુલના દ્વિતીય વર્ગમૂળ અથવા અંગુલના તૃતીય વર્ગમૂળના ઘન પ્રમાણ માત્ર શ્રેણિયો શેષ તે જ પ્રમાણે છે.

પૃથ્વીકાયિકોમાં વૈક્રિય, આહારક શરીર બદ્ધ નથી કેમ કે તેમનામાં વૈક્રિય અને આહારક લબ્ધિનો અભાવ છે.

મનુષ્યોમાં બદ્ધ ઔદારિક શરીર કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત થાય છે. કેમ કે મનુષ્યો બે પ્રકારનાં છે. ગર્ભજ અને સંમૂર્ચ્છિમ. ગર્ભજ મનુષ્યોની સત્તા સદૈવ રહે છે. તેથી જ કોઈ પણ સમયે ગર્ભજ મનુષ્ય હોય જ છે. પણ સંમૂર્ચ્છિમ મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પણ અંતર્મુહૂર્તનું જ હોય છે. તેમનો વિરહકાળ ૨૪ મુહૂર્ત પ્રમાણે છે. એ રીતે જેમ કાળમાં સંમૂર્ચ્છિમ મનુષ્યોનો અભાવ થાય છે ત્યારે માત્ર ગર્ભજ મનુષ્યો જ રહે છે. તે સમયે તેઓ સંખ્યાત હોય છે. કેમ કે ગર્ભજ મનુષ્યોની સંખ્યા સંખ્યાત જ કહી છે. પરંતુ જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યોની સત્તા હોય છે. તે સમયે મનુષ્ય અસંખ્યાત હોય છે. જઘન્ય પદમાં માત્ર ગર્ભજ મનુષ્યનું ગ્રહણ થાય છે. ઉત્કૃષ્ટ પદમાં મનુષ્ય અસંખ્યાત હોય છે.

**ચાર શરીર જીવસ્પૃષ્ટ કહ્યા છે.**[૧૯]

ચાર શરીર જીવસ્પૃષ્ટ કહ્યા છે. વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ ચાર શરીર વ્યક્ત છે. પરંતુ જીવ વડે વ્યાપ્ત જે શરીરો છે તે સ્પૃષ્ટ. જીવ વડે જ સ્પૃષ્ટ વૈક્રિયાદિ હોય છે. આ ચાર વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો જીવથી સ્પૃષ્ટ જ હોય છે. જેમ ઔદારિક શરીર જીવમુક્ત હોય છે એમ આ શરીરોમાં બનતું નથી. અર્થાત્ જીવને છોડ્યા પછી મૃત શરીરમાં પણ ઔદારિક શરીરનો સદ્ભાવ કાયમ રહે છે. તેથી ઔદારિક શરીર જીવ સ્પૃષ્ટ જ હોય છે એવું કહી શકાતું નથી. પરંતુ વૈક્રિય આદિ

ઉપર્યુક્ત ચાર શરીરો તો જીવસ્પૃષ્ટ જ હોય છે. જીવ વિના ચાર શરીરોનું અસ્તિત્વ જ સંભવી શકતું નથી.

પૃથ્વીકાયના[૧૭] શરીરની વિશાલતા બતાવે છે કે અનંત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોના જેટલાં શરીર હોય છે એટલાં શરીર એક સૂક્ષ્મ વાયુકાયિકોનાં હોય છે. અસંખ્યાત સૂક્ષ્મ વાયુકાયિકોના જેટલાં શરીર હોય છે એટલું શરીર એક સૂક્ષ્મ તેઉકાયિક જીવનું હોય છે. એ જ રીતે અસંખ્યાત સૂક્ષ્મ તેઉકાયિક જીવોના જેટલાં શરીર હોય છે તેટલું શરીર એક સૂક્ષ્મ અપકાયિક જીવનું હોય છે. અસંખ્યાત સૂક્ષ્મ અપકાયિક જીવોના જેટલાં શરીર હોય છે તેટલું શરીર એક સૂક્ષ્મ પૃથ્વીકાયિકનું હોય છે. અસંખ્યાત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવોના જેટલાં શરીર હોય છે એટલું શરીર બાદર તેજસ્કાયિક જીવનું હોય છે. અસંખ્યાત બાદર તેજસ્કાયિક જીવોનાં જેટલાં શરીરો હોય છે. એટલું એક શરીર બાદર અપકાયિકનું હોય છે. અસંખ્યાત બાદર અપકાયિક જીવોના જેટલાં શરીર હોય તેટલું એક શરીર બાદર પૃથ્વીકાયનું હોય છે. આવા મોટા પ્રમાણવાળું બાદર પૃથ્વીકાયનું શરીર હોય છે.

**પુદ્‌ગલ ચયનની વક્તવ્યતા[૧૮] :**

ઔદારિક શરીરના પુદ્‌ગલ વ્યાઘાત ન હોય ત્તો છ એ દિશાઓથી અને એ વ્યાઘાત હોય તો ૩, ૪, ૫ દિશાઓથી ચયને પ્રાપ્ત કરે છે. વૈક્રિય શરીર નિયમથી પુદ્‌ગલ નિયમથી છ એ દિશાઓથી, એ જ રીતે આહારક શરીરનાં, તૈજસ શરીરનાં કાર્મણ શરીરનાં પુદ્‌ગલ નિયમથી છ એ દિશાઓથી ચયને પ્રાપ્ત કરે છે.

ઔદારિકાદિ શરીરનાં પુદ્‌ગલ ઉપચિત, અપચિત થાય તે ઉપર પ્રમાણે દિશાઓ બતાવી છે તે પ્રમાણે જ ઉપચિત અને અપચિત થાય છે. જેને વૈક્રિય શરીર હોય તેને, ઔદારિક શરીર હોય અથવા ન પણ હોય અને જેને ઔદારિક શરીર હોય તેને વૈક્રિય શરીર હોય અથવા ન પણ હોય.

વળી, જેનું આહારક શરીર હોય છે તેનું ઔદારિક શરીર નિયમા હોય જ છે. પરંતુ જેનું ઔદારિક શરીર હોય તેનું આહારક શરીર હોય અથવા ન પણ હોય. જેને ઔદારિક શરીર હોય તેને તૈજસ શરીર નિયમા હોય છે. પરંતુ જેનું તૈજસ શરીર હોય તેનું ઔદારિક શરીર હોય અથવા ન પણ હોય. એ જ પ્રમાણએ કાર્મણ શરીરનું પણ

જાણવું અથવા સમજવું.

જેને વૈક્રિય શરીર હોય છે તેને આહારક શરીર ન હોય અને જેને આહારક શરીર હોય તેને વૈક્રિય શરીર ન હોય. તૈજસ અને કાર્મણ જેવા ઔદારિકની સાથે એ જ પ્રકારે આહારકની સાથે પણ હોય છે. તૈજસ અને કાર્મણ શરીર ઔદારિકનાં સમાન વૈક્રિય અને આહારકની સાથે પણ પ્રરૂપણા કરવી જોઈએ.

જેને તૈજસ શરીર હોય છે તેને કાર્મણ શરીર નિયમા હોય છે. અને જેને કાર્મણ શરીર હોય છે તેને તૈજસ શરીર નિયમા હોય છે.

ઔદારિક શરીરનાં પુદ્ગલ જો કોઈ વ્યાઘાત અર્થાત્ અડચણ ન હોય તો છ એ દિશાઓથી આવીને ચયને પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ છે કે ત્રસનાડીની અંદર અથવા બહાર વ્યવસ્થિત રહેલ ઔદારિક શરીર ધારી જીવનો એક પણ દિશામાં અલોક થતો નથી. પરંતુ અલોક આવી જવાથી ૩, ૪ કે ૫ દિશાઓથી ઔદારિક પુદ્ગલોનું ચયન થાય છે. અર્થાત્ એક દિશામાં અલોક આવી જાય તો પાંચ દિશાઓથી, બે દિશાઓમાં અલોક આવે તો ચાર દિશાઓથી અને જો ત્રણ દિશાઓમાં અલોક આવી જાય તો ત્રણ દિશાઓથી પુદ્ગલોના ચયન થાય છે.

વૈક્રિય શરીર ત્રસનાડીની અંદર જ રહે છે. તેથી છ એ દિશાઓથી આવીને ચયને પ્રાપ્ત કરે છે. એ જ પ્રકારે આહારકના વિષયમાં સમજવું. તૈજસ અને કાર્મણ શરીરના પુદ્ગલનું ચયન ઔદારિક સમાન સમજવું. કેમ કે તૈજસ અને કાર્મણ શરીર બધા સંસારી જીવોને હોય છે. તેથી જ વ્યાઘાત ન થાય તો છ એ દિશાએથી અને વ્યાઘાત થાય તો ૩, ૪ કે ૫ દિશાઓથી ઔદારિક શરીરની જેમ તૈજસ અને કાર્મણ શરીરના પુદ્ગલોનું ચયન કરે છે.

જેવું પુદ્ગલોના ચયના વિષયમાં કહ્યું છે તેવું ઉપચયના સંબંધમાં પણ કહેવું જોઈએ.

જે જીવના ઔદારિક શરીર હોય છે, તેના વૈક્રિય શરીર હોય કે ન હોય કેમ કે કોઈ ઔદારિક જીવ વૈક્રિય લબ્ધિથી સંપન્ન હોય અને વૈક્રિય શરીર બનાવે તો તેનું

વૈક્રિય શરીર થાય છે. જે વૈક્રિય લબ્ધિવાળા નથી અથવા વૈક્રિય લબ્ધિવાળા હોવા છતાં પણ વૈક્રિય શરીર ન બનાવે તો તેનાં વૈક્રિય શરીર હોતાં નથી. દેવ, નારક, વૈક્રિય શરીરી છે. તેઓના ઔદારિક શરીર ન હોય પરંતુ વૈક્રિય શરીરવાળા તિર્યંચો અને મનુષ્યોના ઔદારિક શરીર પણ હોય છે. જે જીવને ઔદારિક શરીર હોય તેને આહારક શરીર હોય અથવા ન હોય. કેમ કે જે ઔદારિક શરીરી ચૌદપૂર્વના ધારક હોય છે અને આહારક લબ્ધિથી સંપન્ન હોય ને જો આહારક શરીર બનાવે તો તેનું આહારક અને ઔદારિક બન્ને શરીર હોય છે. અન્ય જીવોના ન હોય પરંતુ ઔદારિક શરીરના અભાવમાં આહારક લબ્ધિ થઈ જ નથી શકતી. તેથી આહારક શરીરવાળા જીવના ઔદારિક શરીર નિયમા થાય જ છે.

જે જીવને ઔદારિક શરીર હોય તેને નિયમા તૈજસ શરીર હોય જ છે. પરંતુ જેને તૈજસ શરીર હોય તેને ઔદારિક શરીર હોય અથવા ન પણ હોય. કેમ કે દેવો અને નારકોના તૈજસ શરીર મળી આવે છે. પરંતુ ઔદારિક તેમને ન હોય. મનુષ્યોને તૈજસ શરીર હોય તો પણ ઔદરાકિ શરીર હોય છે. તૈજસ શરીરની જેમ કાર્મણ શરીરની પ્રરૂપણા કરવી જોઈએ. કેમ કે તૈજસ અને કાર્મ્રણ શરીર બંને સહચર છે. તેથી ઔદારિક શરીર જેને હોય તેને કાર્મણ શરીર નિયમા હોય છે. કેમ કે કાર્મણ શરીરના અભાવમાં ઔદારિક શરીરનું હોવું અસંભવિત છે. પણ જેને કાર્મણ શરીર હોય તેને ઔદારિક શરીર હોય અથવા ન પણ હોય. તિર્યંચો અને મનુષ્યોને આવાં શરીર હોય છે. દેવ-નારકોને આવાં શરીર નથી હોતાં.

જે જીવને વૈક્રિય શરીર હોય તેને આહારક શરીર નથી હોતું અને જેને આહારક શરીર હોય છે તેને વૈક્રિય શરીર નથી હોતું. કેમ કે આ બંને શરીર એક સાથે એક જીવમાં નથી હોઈ શકતાં.

જેને તૈજસ શરીર હોય છે. તેને નિયમા કાર્મણ શરીર હોય છે. અને જેને કાર્મણ શરીર હોય તેને નિયમા તૈજસ શરીર હોય છે. કેમ કે આ બંને પરસ્પર અવિનાભાવી છે. હંમેશા સાથેને સાથે જ રહે છે.

**પાંચ શરીરોનું દ્રવ્ય, પ્રદેશ અને ઉભયનું અલ્પબહુત્વ[૧૯] :-**

દ્રવ્યની અપેક્ષાએ બધાથી ઓછાં આહારક શરીર છે. તેનાથી વૈક્રિય શરીર અસંખ્યાતગુણા છે. તેથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા છે. તેથી તૈજસ અને કાર્મણ શરીર બંને બરાબર અનંતગુણા છે.

દ્રવ્યોની અપેક્ષાએ બધાથી ઓછાં આહારક શરીર છે. કેમ કે આહારક શરીર ઉત્કૃષ્ટ સંખ્યક હોય તો સહસ્ર પૃથક્ત્વ (બે હજારથી નવ હજાર સુધી) જ હોય છે. આહારક શરીરોથી વૈક્રિય શરીર અસંખ્યાતગણા છે કેમ કે બધા નારકોનાં, બધા દેવોનાં, કેટલાક પંચેન્દ્રિય તિર્યંચોનાં, મનુષ્યોનાં અને બાદર વાયુકાયિકોનાં વૈક્રિય શરીરની અપેક્ષાએ. તેથી ઔદારિક અસંખ્યાતગુણા છે. કેમ કે ઔદારિક શરીર તિર્યંચો અને મનુષ્યોને હોય છે. અને પાંચ સ્થાવરોમાંથી પ્રત્યેક અસંખ્યાત લોકાકાશ પ્રમાણ છે. તૈજસ અને કાર્મણ શરીર બંને બરાબર છે. પણ ઔદારિક શરીરથી અનંતગણા છે. કેમ કે સૂક્ષ્મ અને બાદર નિગોદના જીવો અનંતાનંત છે. પ્રત્યેકના તૈજસ અને કાર્મણ શરીર હોય છે.

પ્રદેશોની અપેક્ષાએ આહારક શરીર બધાથી ઓછાં છે. કેમ કે સહસ્ર પૃથક્ત્વ સંખ્યાવાળા આહારક શરીરોનાં પ્રદેશ બીજા બધા શરીરોનાં પ્રદેશોની અપેક્ષાઓ ઓછા જ હોય છે. આહારકથી વૈક્રિય પ્રદેશોની દૃષ્ટિથી અસંખ્યાતગણા હોય છે. આહારક શરીર માત્ર એક હાથનું જ હોય છે. પણ વૈક્રિય શરીર ઘણી વર્ગણાઓથી બને છે. કેમ કે વૈક્રિય શરીર ઉત્કૃષ્ટ એક લાખ યોજનથી પણ અધિક પ્રમાણનું હોઈ શકે છે. તે ઉપરાંત આહારક શરીર સંખ્યામાં પણ માત્ર સહસ્ર પૃથક્ત્વ હોય છે. પણ વૈક્રિય શરીર અસંખ્યાત છે. શ્રેણીગત આકાશ પ્રદેશોના બરાબર હોય છે તેથી અસંખ્યાતગણા કહેલ છે. તેમની અપેક્ષાએ ઔદારિક શરીર પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગણા છે. કેમ કે તેઓ અસંખ્યાત લોકાકાશોની બરાબર મળે છે. તેનાથી તેમના પ્રદેશ અતિપ્રચુર હોય છે. તેમની અપેક્ષાએ તૈજસ શરીર પ્રદેશોની દૃષ્ટિથી અનંતગુણા છે. કેમ કે તેઓ દ્રવ્યદૃષ્ટિથી પણ ઔદારિક શરીરોથી અનંતગણા છે. તૈજસ શરીરોની અપેક્ષાએ કાર્મણ શરીર પ્રદેશોની દૃષ્ટિથી અનંતગણા છે. કેમ કે કાર્મણ વર્ગણાઓ તૈજસ વર્ગણાઓની

અપેક્ષાએ પરમાણુઓથી અનંતગુણિત હોય છે.

દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ સૌથી ઓછા આહારક શરીર, દ્રવ્યની અપેક્ષાએ વૈક્રિય શરીર દ્રવ્યથી અસંખ્યાતગણા છે. તેથી ઔદારિક શરીર દ્રવ્યથી અસંખ્યાતગણા છે. તેનાથી પ્રદેશથી આહારક શરીર અનંતગુણા છે. તેનાથી વૈક્રિય શરીર પ્રદેશોની અસંખ્યાતગણા છે. તેનાથી ઔદારિક પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગણા છે. તૈજસ અને કાર્મણ બંને તુલ્ય દ્રવ્યથી અનંતગુણા કે તેનાથી તૈજસ શરીર અપેક્ષાએ અનંતગુણા છે. તેથી કાર્મણ શરીર પ્રદેશોથી અનંતગુણા છે.

**પાંચેય શરીરોની જઘન્ય, ઉત્કૃષ્ટ અને જઘન્યોત્કૃષ્ટ અવગાહનાનું અલ્પબહુત્વ :-**

બધાથી ઓછી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે. કેમ કે તે અંગુલના અસંખ્યાતમા ભાગની છે. તેનાથી તૈજસ અને કાર્મણ શરીરની અવગાહના પરસ્પર તુલ્ય પણ ઔદારિક શરીરની જઘન્ય અવગાહનાથી વિશેષાધિક છે. તેનાથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગણી છે. કેમ કે અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદ છે. તેનાથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગણી છે. કેમ કે તે કાંઈક ઓછા એક હાથની હોય છે.

ઉત્કૃષ્ટ અવગાહનામાં બધાથી ઓછી આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે. કેમ કે તે એક હાથની જ હોય છે. તેનાથી ઔદારિક શરીરની સંખ્યાતગણી છે. કેમ કે તે કાંઈક અધિક એક હજાર જોજનની હોય છે. તેનાથી વૈક્રિય શરીરની સંખ્યાતગણી છે કેમ કે તેનું પ્રમાણ કાંઈક અધિક એક હજાર જોજનનું છે. તેથી તૈજસ અને કાર્મણ શરીરની પરસ્પર તુલ્ય છે. કેમ કે તેનું પ્રમાણ ૧૪ રાજુનું છે.

જઘન્યોત્કૃષ્ટ અવગાહનામાં બધાથી ઓછી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે. તેનાથી તૈજસ અને કાર્મણ શરીરની જઘન્ય અવગાહના પરસ્પર તુલ્ય અને ઔદારિકથી વિશેષાધિક છે. તેનાથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગણી છે. તેનાથી આહારક શરીરની જઘન્ય અવગાહના અને તેનાથી તેની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે. તેનાથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગણી છે. તેનાથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગણી. છે. તેનાથી

તૈજસ અને કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના પરસ્પરમાં તુલ્ય પરંતુ વૈક્રિય શરીરની અપેક્ષાએ અસંખ્યાતગણી છે.

**શરીરની ઉત્પત્તિનાં કારણો[20] :-**

બધા જીવોને ચાર કારણોથી શરીરની ઉત્પત્તિ થાય છે. (૧) ક્રોધથી (૨) માનથી (૩) માયાથી (૪) લોભથી આ રીતે નારકોને યાવત્ વૈમાનિક પર્યતના જીવો વિષે પણ સમજવું.

શરીરને ચાર કારણોથી નિવર્તિત કહ્યું છે. (૧) ક્રોધથી નિવર્તિત (૨) માનથી નિવર્તિત (૩) માયાથી નિવર્તિત (૪) લોભથી નિવર્તિત. આ કથન વૈમાનિકો પર્યંતના સમસ્ત જીવો વિષે સમજવું.

ક્રોધાદિકને શરીરની ઉત્પત્તિમાં કારણ ગણ્યા છે. કેમ કે ક્રોધાદિક ચારેય કર્મબંધનના હેતુરૂપ છે. અને કર્મ શરીર ઉત્પત્તિમાં નિમિત્તરૂપ હોય છે. તેથી શરીરની ઉત્પત્તિના કારણભૂત જે કર્મ છે તે કાર્યભૂત કર્મના કારણરૂપ ક્રોધાદિ ચારેમાં શરીરોત્પત્તિના કારણત્વનો ઉપચાર કરીને તેમને જ શરીરોત્પત્તિના કારણરૂપ કહેલ છે. અને ક્રોધાદિક નિવર્તિત થતાં શરીરનું પણ નિવર્તન થાય છે.

**શરીરની વિશેષ વિચારણા[21] :-**

નારક જીવોનાં બે શરીર હોય છે. આભ્યંતર શરીર અને બાહ્ય શરીર. આભ્યંતરએ તૈજસ અને કાર્મણ શરીર છે. બાહ્ય-વૈક્રિય શરીર છે. યાવત્ વૈમાનિકો સુધી પૃથ્વીકાયથી વનસ્પતિકાય પર્યંતમાં - આભ્યંતર - તૈજસ અને કાર્મણ શરીર હોય છે. બાહ્ય શરીર ઔદારિક હોય છે. બેઇન્દ્રિય જીવોમાં આભ્યતંર શરીર કાર્મણ શરીરરૂપ છે. અને બાહ્ય શરીર ઔદારિક શરીર રૂપ હોય છે. તે અસ્થિ, માંસ, શોણિત, સ્નાયુ અને શિરાઓથી બદ્ધ હોય છે. તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોમાં એ જ પ્રમાણે જાણવું જોઈએ. પંચેન્દ્રિય તિર્યંચોમાં તેમ જ મનુષ્યોમાં પણ એ જ બે શરીર હોય છે.

પરભવમાં ગમન કરતી વખતે જીવની જે વળાંક સહિતની ગતિ થાય છે તેને વિગ્રહ ગતિ કહે છે. આ વિગ્રહગતિ સમાપન્નક નારકોને બે જ શરીર હોય છે. તૈજસ

અને કાર્મણ એ જ પ્રમાણે વિગ્રહગતિ સમાપન્નક ભવનપતિથી લઈને વૈમાનિક પર્યંતના જીવોમાં પણ એ શરીરનો જ સદ્‌ભાવ છે.

નારકીના જીવોનાં શરીરની ઉત્પત્તિ બે સ્થાનો દ્વારા થાય છે. (૧) રાગ અને (૨) દ્વેષ યાવત્ વૈમાનિક પર્યંતના જીવો વિષે કથન કરવું. નારકીના જીવોમાં બે સ્થાનથી નિવર્તિત શરીરો હોય છે. (૧) રાગ નિવર્તિત અને (૨) દ્વેષ નિવર્તિત યાવત્ વૈમાનિક પર્યંતના જીવ વિષે કથન કરવું.

અંતરાલમાં પણ જે શરીર જીવની સાથે રહે છે. તે શરીરનું નામ આભ્યંતર શરીર છે. તે આભ્યંતર શરીર તૈજસ અને કાર્મણ શરીર છે. કેમ કે એ બંને શરીર આત્મપ્રદેશોની સાથે ક્ષીરનીરની જેમ ઓતપ્રોત થઈને રહે છે. તથા જીવ જ્યારે અન્ય ભવમાં ગમન રહે છે ત્યારે પણ તેઓ તેની સાથે જાય છે. જ્યાં સુધી જીવને મુક્તિ મળતી નથી ત્યાં સુધી આ શરીરો તેનો સાથ છોડતાં નથી, તથા અપવરક (નાનું ઘર) આદિની અંદર પ્રવિષ્ટ થયેલા પુરુષની જેમ તેઓ છદ્મસ્થજનોને દેખાતા નથી. અને જે બાહ્ય શરીર છે તે જીવ પ્રદેશોની સાથે કેટલાક અવયવોમાં વ્યાપ્ત થઈને રહેતું નથી. અને અન્યભવમાં જીવની સાથે જતું નથી. છદ્મસ્થ જીવોને તે પ્રત્યક્ષ દેખાય છે.

નારકાદિના શરીરની રાગદ્વેષના કારણથી ઉત્પત્તિ થાય છે. રાગદ્વેષના વિનાશથી શરીરનો વિનાશ થાય છે. શરીરો વિષે નારકોથી લઈને વૈમાનિકો સુધી આ જાણવું.

**શરીર બંધના પ્રકાર[૨૨] :-**

નારકોને અને દેવોને ત્રણ શરીરનો સદ્‌ભાવ છે. વૈક્રિય, તૈજસ અને કાર્મણ. પૃથ્વીકાયાદિમાં વાઉકાય વર્જીને યાવત્ ચૌરેન્દ્રિય સુધી ત્રણ શરીર હોય છે. ઔદારિક, તૈજસ અને કાર્મણ. પંચેન્દ્રિય તિર્યંચો, અને વાઉકાયને ચાર શરીર અને મનુષ્યોને પાંચ શરીર બતાવ્યાં છે.

**શરીરોની પ્રરૂપણા[૨૩] :-**

જીવોનાં શરીર પાંચ પ્રકારનાં હોય છે. ઔદારિક શરીરમાં યાવત્ કાર્મણ શરીર સુધી બધામાં, બાદર રૂપને ધારણ કરનારામાં, સ્થૂલાકાર ધારણ કરનારામાં પાંચ વર્ણ,

બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે. નારકોથી લઈને વૈમાનિક સુધીના ૨૪ દંડકોના જીવોના શરીરને પાંચવર્ણવાળા અને પાંચ રસવાળા કહ્યા છે. પ્રત્યેકદંડકના જીવોના શરીરમાં એક વર્ણની પ્રચુરતા હોય છે. તે કારણે તેમને કૃષ્ણાદિ પ્રતિનિયત વર્ણવાળા કહેવાય છે. અબાદર રૂપને ધારણ કરનારાં જે શરીરો છે તે નિયત વર્ણ, રસ, ગંધ અને સ્પર્શવાળા હોતાં નથી. કેમ કે અપર્યાપ્તક હોવાથી તેઓમાં અવયવ વિભાગનો અભાવ રહે છે.

**બે પ્રકારે જીવ દેહનો સ્પર્શ કરીને મરણ કાળે શરીરમાંથી બહાર નીકળી જાય છે.**[२४]

એક દેશ અને સર્વ દેશના બધા જ આત્માઓ દેહનો સ્પર્શ કરીને મરણ કાળે શરીરમાંથી બહાર નીકળી જાય છે. એ જ પ્રમાણે જીવ જ્યારે દેશ દ્વારા શરીરમાંથી બહાર નીકળે છે ત્યારે કેટલાક આત્મપ્રદેશોને ઈલિકા ગતિથી બહાર કાઢે છે. ઈલિકા પોતાના આગલા પગોને પહેલાં જમીન સાથે દઢતાથી જમાવી લે છે અને ત્યાર બાદ અન્ય પગોને ઉઠાવીને ચાલે છે. એ જ પ્રમાણે ઉત્પાદ સ્થાન તરફ જવાની તૈયારી વાળો જીવ પહેલાં પોતાના થોડા આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢે છે અને ત્યાર બાદ તે સમસ્ત આત્મ પ્રદેશોની સાથે બહાર નીકળી જાય છે. અને જ્યારે તે મરણકાળે સર્વદેશથી આત્મ પ્રદેશોને બહાર કાઢે છે ત્યારે કંદુકની (દડાની) ગતિની જેમ પોતાના આત્મ પ્રદેશોને શરીરની બહાર કાઢે છે. એટલે કે જેમાં કંદુક આખો ઉછળે છે. એ જ પ્રમાણે ઉત્પાદ સ્થાને જતો આત્મા પણ એક સાથે આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢી લે છે. એ જ પ્રમાણે એક દેશ અને સર્વદેશની અપેક્ષાએ સ્ફૂરણના વિષયમાં, સ્ફૂટનના વિષયમાં, સંવર્તનના વિષયમાં અને નિવર્તનના વિષયમાં સમજવું.

શરીરનો[२५] આ જીવનની સાથે સંબંધ પહેલાંથી લાગેલો છે. પાછળ રહેવાનો છે. ક્ષણભંગુર એનો સ્વભાવ છે. એ ભિદુર ધર્મ છે. સુંદર દેખાતો આ માનવ દેહ વિનાશ માટે જ સર્જાયો છે. અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, વિપરિણામ ધર્મવાળો દેખાય છે.

**દંડકમાં શરીર**[२६] **:-**

चउ गब्भ तिरिय वाउसु, मणुआणं पंच सेसतिसरीरा ॥५॥

ગાથાર્થ :- ૨૪ દંડકોમાં-

૪ સ્થાવર ને, ૩ વિકલેન્દ્રિયને, ૧ નારકોને, ૧૩ દેવોને, એ ૨૧ દંડકોમાં ઔદારિક, તૈજસ અને કાર્મણ આ ત્રણ શરીર હોય છે. ૧ વાઉકાયને ૧ પંચેન્દ્રિય તિર્યંચ એ બે દંડકોમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર શરીર હોય છે. અને ૧ મનુષ્યના દંડકમાં પાંચેય શરીર હોય છે.

**ગતિમાં શરીર :-**

નરક ગતિમાં - ત્રણ શરીરો છે. વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

તિર્યંચ ગતિમાં - ચાર શરીરો છે. આહારક વર્જીને ચાર શરીર.

મનુષ્ય ગતિમાં - પાંચ શરીરો છે.

દેવ ગતિમાં - ત્રણ શરીરો છે. વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

**જાતિમાં શરીર :- ઇન્દ્રિયમાં શરીર :-**

એકેન્દ્રિયમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયમાં - ત્રણ શરીરો છે. ઔદારિક, તૈજસ અને કાર્મણ.

પંચેન્દ્રિયમાં - પાંચેય શરીરો છે.

અણિંદિયામાં - ઔદારિક, તૈજસ અને કાર્મણ-ત્રણ શરીરો છે.

**કાયમાં શરીર :-**

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વનસ્પતિકાયમાં - ત્રણ શરીરો છે. ઔદારિક, તૈજસ અને કાર્મણ.

વાઉકાયમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

ત્રસકાયમાં - પાંચેય શરીરો છે.

**વેદમાં શરીર :-**

સ્ત્રીવેદમાં અને નપુંસકવેદમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

પુરુષવેદમાં - પાંચેય શરીરો છે.

અવેદીમાં - ત્રણ શરીરો છે. ઔદારિક, તૈજસ અને કાર્મણ.

**કષાયમાં શરીર :-**

ચારેય કષાયમાં - પાંચેય શરીરો હોય છે.

અકષાયમાં - ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરો અથવા અશરીરી. (સિદ્ધ)

**દર્શનમાં શરીર :-**

એકાંત અચક્ષુદર્શનમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

અચક્ષુદર્શન, ચક્ષુદર્શન - અવધિદર્શનમાં - પાંચેય શરીરો છે.

કેવલદર્શનમાં - ઔદારિક, તૈજસ અને કાર્મણ - એ ત્રણ શરીરો છે.

**જ્ઞાનમાં શરીર :-**

પ્રથમના ચારેય જ્ઞાનમાં - પાંચેય શરીરો છે.

કેવલજ્ઞાનમાં - ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરો અથવા અશરીરી (સિદ્ધ)

**લેશ્યામાં શરીર :-**

કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યામાં- આહારક વર્જીને ચાર શરીરો છે.

છેલ્લી ત્રણ લેશ્યામાં - પાંચેય શરીરો છે.

અલેશીમાં - ત્રણ શરીરો - ઔદારિક, તૈજસ અને કાર્મણ.

**દ્રષ્ટિમાં શરીર :-**

મિથ્યાદષ્ટિમાં, મિશ્રદષ્ટિમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

સમ્યગ્દષ્ટિમાં - પાંચ શરીરો છે.

**ભવ્ય - અભવ્યમાં શરીર :-**

ભવ્યમાં - પાંચેય શરીરો હોય છે.

અભવ્યમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

**યોગમાં શરીર :-**

એકાંત કાયયોગમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

મનયોગ, વચનયોગ અને કાયયોગમાં - પાંચેય શરીરો છે.

અયોગીમાં - ત્રણ પ્રકારો છે. ઔદારિક, તૈજસ અને કાર્મણ.

**સંયમ માર્ગણામાં શરીર :-**

અસંયત અને સંયતાસંયતમાં - આહારક વર્જીને ચાર શરીરો છે.

સામાયિકો, છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં - પાંચેય શરીરો છે.

સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં - વૈક્રિય, આહારક વર્જીને ત્રણ શરીરો છે.

યથાખ્યાત ચારિત્રમાં - ત્રણ શરીરો છે. ઔદારિક, તૈજસ અને કાર્મણ.

**શરીરોનું સ્વામિત્વ[૨૭] :-**

એક જીવને એક સાથે બે, ત્રણ અથવા ચાર શરીર હોઈ શકે છે. બે હોય તો તૈજસ અને કાર્મણ, ત્રણ હોય તો ઔદારિક, તૈજસ અને કાર્મણ હોય અથવા તો વૈક્રિય, તૈજસ અને કાર્મણ હોય છે. ચાર હોય તો આહારક વર્જીને ચાર હોય છે. અથવા વૈક્રિય વર્જીને ચાર શરીર હોય છે. કોઈ એક જીવને એક સાથે પાંચેય શરીરો હોતાં નથી.

**શરીર દ્વારા આત્મ વિકાસ અથવા દંડકમાં શરીરના ચિંતનનું કારણ :-**

શરીર નામ કર્મ એ પુણ્યની પ્રકૃતિ છે. પાપ તત્ત્વમાં શરીરની ગણતરી થતી નથી. પાંચેય શરીરો પુણ્યથી મળે છે. શરીર અશુચિનો ભંડાર પણ ગણાય છે. એ ઔદારિક શરીર છે. વૈક્રિય શરીરમાં નાના-મોટા રૂપો બની શકે છે. દરેક શરીર દરેક ગતિમાં આત્માને ઉપયોગી છે. આહારક શરીર શંકાના નિવારણ માટે અને તિર્થંકર ભગવંતોની સમવસરણાદિ ઋદ્ધિને જોવા માટે ઉપકારી છે. તૈજસ શરીર આહારનું પાચન કરવામાં ઉપકારી છે. કાર્મણ શરીર તો બીજા શરીરોના કાર્ય માટે નિમિત્તરૂપ બને છે.

શરીરમાં જ જો આત્મબુદ્ધિ થાય તો સંસારના દુઃખોનું મૂળ કારણ બની જાય છે. અનંતા શરીરો ધારણ કર્યા પરંતુ હજી સુધી ભવભ્રમણ ટળ્યું નથી. દંડકમાં શરીરનું ચિંતન કરવાનું કારણ એ જ છે કે શરીરએ રત્નનો કરંડિયો છે. યોગ-રત્નત્રયાત્મક ધર્મની સિદ્ધિ માટે સંયમના પાલનમાં વિરોધ ન આવે. આ રીતે રક્ષા કરવા છતાં પણ શક્તિ અને યુક્તિની સાથે શરીરમાં રહેલા મમત્વને દૂર કરવાં જોઈએ. ઔદારિક શરીર ખૂબ જ ઉપકારક બની શકે છે. જેઓ સંસારથી વિરકત થઈને સંયમ માર્ગનો સ્વીકાર કરે છે. તે જીવનને સફળ બનાવી શકે છે. રત્નરૂપ ધર્મનું સાધન શરીર છે. તેથી શયન ને ભોજનપાનમાં આદિ તેની સંભાળ રાખવી જરૂરી છે. પરંતુ અનાસકત ભાવે એ પ્રવૃત્તિ કરે તો કર્મબંધન ઓછાં થાય છે. આ પાંચ શરીરમાંથી શ્રેષ્ઠ શરીર ઔદારિક છે. એ શરીર દ્વારા પૂર્ણ આત્મવિકાસ થઈ શકે છે. દેશવિરતીનાં વ્રતો અને સર્વવિરતીનાં મહાવ્રતોનો સ્વીકાર આ દેહ દ્વારા જ શક્ય બની શકે છે. નમસ્કાર મહામંત્રમાં પ્રવેશ મેળવવા માટે આ ઔદારિક શરીર જોઈએ છે. મહાન પદવીઓ આ દેહથી જ મળે છે. ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી આ ઔદારિક શરીર દ્વારા માંડી શકાય છે. ક્ષપકશ્રેણીથી ગુણસ્થાનમાં આરોહણ કરતાં ૧૩મા ગુણસ્થાનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. અને આખરે શાશ્વત સુખ પ્રાપ્ત થઈ જાય છે. માટે દંડકમાં શરીરનું ચિંતન કરવું જરૂરી છે. પૂર્ણ આધ્યાત્મિક વિકાસ માટે આ પાંચ શરીરોમાંથી ઔદારિક શરીર પૂર્ણ રીતે ઉપયોગી છે.

**ટિપ્પણી**

૧. પ્રજ્ઞા. પદ ૨૧.

૨. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૪ પૃ. ૫.

૩. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૪ પૃ. ૫.

૪. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૪ પૃ. ૫.

૫. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૪ પૃ. ૫.

૬. જૈને. સિ. કોષ. ભા. ૪ પૃ. ૫.

૭. વિશે. ભાષ્ય.

૮. પ્રજ્ઞા. ૧ આવ. મ. અ. ૧

૯. પ્રજ્ઞા. પદ ૧૨.

૧૦. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૨.

૧૧. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૪.

૧૨. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૫.

૧૩. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૭.

૧૪. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૮.

૧૫. પ્રજ્ઞા. પદ ૧૨ સૂ. ૩.

૧૬. સ્થાનાંગ ઠા. ૪. ઉ. ૩.

૧૭. ભગ. શ. ૧૯ ઉ. ૩. સૂ. ૩.

૧૮. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૧૦.

૧૯. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૧૧.

२०. स्था. सू. ठां. ४ उ. ४.

२१. स्था. सूं ठा. २ उ. १ सू. १९.

२२. स्था. सू. ठा. ३ उ. ४ सू. ४४.

२३. स्था. सू. ठा. ५ उ. १ सू. ८.

२४. स्था. सू. ठा. २ उ. ४ सू. ४०

२५. आ. सू. श्रु. १ अ. ५ सू. २.

२६. दंडक प्रकरण गाथा. ५

२७. जैनेन्द्र सि. कोष. भा. ४ पृ. ६.

• • •

# (૨જું) અવગાહના દ્વાર

દંડક પ્રકરણમાં દંડકના ૨૪ દ્વારોની આગમિક ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે, આ વિચારણામાં બીજા દ્વારમાં અવગાહના વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે પ્રમાણે છે.

**અવગાહનાના અર્થો :-**

શાસ્ત્રમાં અવગાહના શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) જીવોનું જેમાં રહેવાનું થાય છે અથવા જીવો જેમાં આશ્રય કરે છે તે અવગાહના છે[૧]. (૨) જીવોના શરીરની ઊંચાઈ, લંબાઈ આદિને અવગાહના કહે છે.[૨] (૩) આત્મપ્રદેશ પ્રદેશમાં વ્યાપ્ત કરીને રહેવું તેનું નામ અવગાહના છે.[૩] (૪) જીવોના આધારભૂત ક્ષેત્રને અવગાહના કહે છે.[૪]

**શાસ્ત્રમાં દર્શાવેલ અવગાહનાને ભિન્ન-ભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવેલ છે :-**

**(૧) જીવોની અવગાહના ૪ પ્રકારની બતાવેલ છે.[૫] :-**

**(૧) દ્રવ્ય અવગાહના :-** દ્રવ્યને આશ્રિત કરીને જે અવગાહના થાય છે તેને દ્રવ્ય અવગાહના કહે છે.

**(૨) ક્ષેત્ર અવગાહના :-** ક્ષેત્રને આશ્રિત કરીને જે અવગાહના થાય છે તેને ક્ષેત્ર અવગાહના કહે છે.

**(૩) કાળ અવગાહના :-** કાળની અપેક્ષાએ જે અવગાહના થાય છે તેને કાળ અવગાહના કહે છે.

**(૪) ભાવ અવગાહના :-** ભાવની અપેક્ષાએ જે અવગાહના થાય છે તેને ભાવ

અવગાહના કહે છે.

દ્રવ્ય અવગાહના અનંત દ્રવ્યરૂપ હોય છે. ક્ષેત્ર અવગાહના અસંખ્યાત પ્રદેશાવગાઢરૂપ હોય છે. કાળ અવગાહના અસંખ્યાત સમયની સ્થિતિરૂપ હોય છે. અને ભાવ અવગાહના વર્ણાદિ અનંતગુણ રૂપ હોય છે.

**(૨) જીવોની અવગાહના બે પ્રકારની પણ બતાવેલ છે[૬] :-**

(૧) જઘન્ય અને (૨) ઉત્કૃષ્ટ.

**(૩) જીવોની અવગાહના નવ પ્રકારની પણ બતાવેલ છે[૭] :-**

(૧) પૃથ્વીકાયની અવગાહના

(૨) અપકાયની અવગાહના

(૩) તેઉકાયની અવગાહના

(૪) વાઉકાયની અવગાહના

(૫) વનસ્પતિકાયની અવગાહના

(૬) બેઇન્દ્રિયની અવગાહના

(૭) તેઇન્દ્રિયની અવગાહના

(૮) ચૌરેન્દ્રિયની અવગાહના

(૯) પંચેન્દ્રિયની અવગાહના

**(૧) ઔદારિક શરીરની અવગાહના[૮] :-**

ઔદારિક શરીરની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કંઈક અધિક એક હજાર જોજનની છે. એકેન્દ્રિયના ઔદારિકની પણ એટલી જ છે.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાયના સૂક્ષ્મ, બાદર, અપર્યાપ્તા-પર્યાપ્તાની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

વનસ્પતિકાયમાં સૂક્ષ્મ, બાદર, સાધરણ-બાદર પ્રત્યેક વનસ્પતિકાય એ ત્રણની અપર્યાપ્તા અને સૂક્ષ્મ, બાદર, સાધારણ વનસ્પતિકાયની પર્યાપ્તા એ પાંચેયની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની છે. બાદર પ્રત્યેક વનસ્પતિની જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક હજાર જોજનની છે.

સર્વત્ર અપર્યાપ્તકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

પર્યાપ્તા બેઇન્દ્રિયની જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ૧૨ જોજનની છે. એવી જ રીતે પર્યાપ્તામાં પણ બધાની જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

તેઇન્દ્રિયની ઉત્કૃષ્ટ ૩ ગાઉની અવગાહના છે અને ચૌરેન્દ્રિયની ૪ ગાઉની અવગાહના છે.

પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજનની છે. એ જ રીતે સંમૂચ્છિર્મોની અને ગર્ભજોની પણ જાણવી. સંજ્ઞી જલચરોની હજાર જોજનની છે.

સ્થલચરોની છ ગાઉની છે.

ઉરપરોની હજાર જોજનની છે.

ભૂજપરોની પ્રત્યેક ગાઉની છે.

ખેચરોની પ્રત્યેક ધનુષ્યની છે.

અસંજ્ઞી તિર્યંચના જલચરની હજાર જોજનની છે.

અસંજ્ઞી તિર્યંચના સ્થલચરની પ્રત્યેક ગાઉની છે.

અસંજ્ઞી તિર્યંચના ઉરપરની પ્રત્યેક યોજનની છે.

અસંજ્ઞી તિર્યંચના ભૂજપરની પ્રત્યેક ધનુષ્યની છે.

અસંજ્ઞી તિર્યંચના ખેચરની પ્રત્યેક ધનુષ્યની છે.

પર્યાપ્તા ગર્ભજ મનુષ્યની જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ૩ ગાઉની છે. સંમૂર્છિમ જઘન્ય અને ઉત્કૃષ્ટ આંગુલના અસંખ્યાતમા ભાગની છે.

· ઉત્કૃષ્ટ અવગાહના કાંઈક અધિક એક હજાર યોજનની કહી છે તે સમુદ્ર, ગોતીર્થ આદિમાં કમળની નાળ આદિની અપેક્ષાએ સમજવી.

**(૨) વૈક્રિય શરીરની અવગાહના :-**

સમુચ્ચય વૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ કંઈક અધિક એક લાખ યોજનની છે. નારક આદિ જીવોની ભવધારણીય વૈક્રિય શરીરની અવગાહના અપર્યાપ્તની અંગુલના અસંખ્યાતમાં ભાગની હોય છે, અને તેને વાયુકાયની સમજવી જોઈએ. મનુષ્યના ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના ઉત્કૃષ્ટ કાંઈક અધિક એક લાખ યોજનની હોય છે.

**વાયુકાયિક** એકેન્દ્રિયની વૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. તેમાં એટલી જ વિક્રિયા કરવાની શક્તિ હોય છે. વાયુકાય સિવાય અન્ય કોઈ એકેન્દ્રિયમાં વિક્રિયા લબ્ધિ હોતી નથી.

**નારકી પંચેન્દ્રિયમાં** અવગાહના ભવધારણીય અને ઉત્તર વૈક્રિય છે. તેમાં જે ભવધારિણીની જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની હોય છે. જેના દ્વારા ભવધારણીય કરાય છે. આ જીવનપર્યંત કાયમ રહેનારી હોય છે. તેને ભવધારણીય કહેવાય છે. ઉત્તરવૈક્રિય નારકની વૈક્રિય અવગાહના જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ એક હજાર ધનુષ્યની હોય છે. તેને સાતમી નરક ભૂમિની અપેક્ષાએ જાણવી. ભવધારણીય અને ઉત્તર વૈક્રિયની જઘન્ય બધા નારકીની ઉપરોક્ત રીતે જાણવી જોઈએ.

રત્નપ્રભા પૃથ્વીના પહેલા પાથડામાં ત્રણ હાથની હોય છે. બીજા પાથડામાં - ૧ ધનુષ્ય ૧ હાથ, ૮ા। અંગુલ

ત્રીજા પાથડામાં ૧ ધનુષ્ય, ૩ હાથ, ૧૭ અંગુલ/ ચોથા પાથડામાં -૨ ધનુષ્ય, ૨ હાથ, ૧ા। અંગુલ

પાંચમા પાથડામાં ૩ ધનુષ્ય અને ૧૦ અંગુલની/છઠ્ઠા પાથડામાં ૩ ધનુષ્ય-૨ હાથ ૧૮ાા અંગુલની.

સાતમા પાથડામાં ૪ ધનુષ્ય, ૧ હાથને ૩ અંગુલની/ આઠમા પાથડામાં-૪ ધનુષ્ય, ૩ હાથ, ૧૧ાા અંગુલ.

નવમા પાથડામાં ૫ ધનુષ્ય, ૧ હાથને ૨૦ અંગુલ/ દશમા પાથડામાં-૬. ધનુષ્ય, ૨ હાથ, ૪ાા અંગુલ.

૧૧મા પાથડામાં ૬ ધનુષ્ય, ૨ હાથ, ૧૩ અંગુલ/ ૧૨મા પાથડામાં- ૭ ધનુષ્ય, ૨૧ાા અંગુલ

૧૩મા પાથડામાં ૭ ધનુષ્ય, ૩ હાથને ૬ અંગુલની હોય છે.

રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ પાથડામાં ૩ હાથની અવગાહના કહી છે. પછી પ્રત્યેક પાથડામાં ૫૬ાા અંગુલની ઊંચાઈ વધતી જાય છે. આ રીતે તેરે પાથડાની અવગાહના નીકળી આવે છે.

હવે બીજી શર્કરાપ્રભાના પ્રથમ પાથડામાં- ૭ ધનુષ્ય, ૩ હાથ, ૬ અંગુલની છે. બીજા પાથડામાં ૮ ધનુષ્ય, ૨ હાથને ૯ અંગુલની છે. ત્રીજા પાથડામાં ૯ ધનુષ્ય, ૧ હાથને ૧૨ અંગુલની છે. ચોથા પાથડામાં - ૧૦ ધનુષ્ય ૨ હાથને ૧૫ અંગુલની છે પાંચમા પાથડામાં-૧૦ ધનુષ્ય, ૩ હાથ ને ૧૮ અંગુલની છે. છઠ્ઠા પાથડામાં ૧૧ ધનુષ્ય, ૨ હાથ ને ૨૧ અંગુલની છે. ૭મા પાથડામાં ૧૨ ધનુષ્ય, ૨ હાથની છે. ૮મા પાથડામાં- ૧૩ ધનુષ્ય, ૧ હાથને ૩ અંગુલની છે, ૯મા પાથડામાં-૧૪ ધનુષ્ય, ૬ અંગુલની છે. ૧૦મા પાથડામાં- ૧૪ ધનુષ્ય, ૩ હાથ ને ૯ અંગુલની છે, ૧૧મા પાથડામાં-૧૫ ધનુષ્ય, ૨ હાથને ૧૨ અંગુલની છે. પ્રત્યેક પાથડામાં ૩ હાથને ૩ અંગુલની વૃદ્ધિ કરતાં ૧૧મા પાથડામાં ભવધારણીય અવગાહના થાય છે.

ત્રીજી વાલુકાપ્રભાના પ્રથમ પાથડામાં ભવધારણીય -૧૫ ધનુષ્ય, ૨ હાથ, ને ૧૨ અંગુલની છે. બીજા પાથડામાં-૧૭ ધનુષ્ય, ૨ હાથને ૭ાા અંગુલની છે ત્રીજા પાથડામાં-૧૯ ધનુષ્ય, ૨ હાથને ૩ અંગુલની છે. ૪થા પાથડામાં ૨૧ ધનુષ્ય, ૧ હાથ,

ને ૨૨॥ અંગુલની/ પાંચમા પાથડામાં ૨૩ ધનુષ્ય, ૧ હાથને ૧૮ અંગુલની છે. ૬ઠ્ઠા પાથડામાં ૨૫. ધનુષ્ય, ૧ હાથ, ૧૩॥ અંગુલ/૭મા પાથડામાં ૨૭ ધનુષ્ય, ૧ હાથને ૯ અંગુલ છે. ૮મા પાથડામાં ૨૯ ધનુષ્ય,૧ હાથ, ૪॥ અંગુલ / ૯મા પાથડામાં-૩૧ ધનુષ્ય, અને ૧ હાથની છે.

પ્રત્યેક પાથડામાં ૭ હાથ અને ૧૯॥ અંગુલની વૃદ્ધિ કરવાથી નવમા પાથડામાં પૂર્વોક્ત અગવાહનાનું પ્રમાણ ૩૧ ધનુષને ૧ હાથ સિદ્ધ થાય છે.

ચોથા પંકપ્રભાના પ્રથમ પાથડામાં ભવધારણીય અવગાહના-૩૧ ધનુષ્યને ૧ હાથની છે. બીજા પાથડામાં ૩૬ ધનુષ્ય-૧ હાથ ને ૨૦ અંગુલ/ ત્રીજા પાથડામાં-૪૧ ધનુષ, ૨ હાથને ૧૬ અંગુલની છે. ચોથા પાથડામાં ૪૬ ધનુષ, ૩ હાથને ૧૨ અંગુલ/ પાંચમા પાથડામાં-૫૨ ધનુષ,ને ૮ અંગુલની છે. ૬ઠ્ઠા પાથડામાં ૫૭ ધનુષ, ૧ હાથને ૪ અંગુલ / ૭મા પાથડામાં-૬૨ ધનુષ, અને ૨ હાથની છે.

આ રીતે પહેલા પાથડામાં અવગાહનાનું જે પ્રમાણ છે તેમાં ક્રમથી ૫ ધનુષ અને ૨૦ અંગુલની વૃદ્ધિ કરવાથી પૂર્વોક્ત અવગાહનાનું માન[૯] નિષ્પન્ન થાય છે.

પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના પ્રથમ પાથડામાં-૬૨ ધનુષ ને બે હાથની છે. બીજા પાથડામાં ૭૮ ધનુષ, ૧ વેંતની/ ત્રીજા પાથડામાં ૯૩ ધનુષ ને ૩ હાથની છે. ૪થા પાથડામાં ૧૦૯ ધનુષ, ૧ હાથને ૧ વેંતની/ પાંચમા પાથડામાં ૧૨૫ ધનુષ્યની છે.

આ પ્રકારે પ્રથમ પાથડામાં અવગાહનાનું જે પ્રમાણ બતાવ્યું છે. તેમાં અનુક્રમથી ૧૫ ધનુષ તથા અઢી હાથ મેળવતાં આગળના પાથડાઓની અવગાહનાનું પ્રમાણ નીકળી આવે છે.

છઠ્ઠી તમાનામક પૃથ્વીના પ્રથમ પાથડામાં -૧૨૫ ધનુષ્યની અવગાહના છે. બીજા પાથડામાં-૧૮૭॥ ધનુષ્યની અને ત્રીજા પાથડામાં ૨૫૦ ધનુષ્યની અવગાહના છે. પહેલા પાથડામાં અવગાહનાનું જે પરિમાણ કહેલું છે. તેમાં ૬૨॥ ધનુષ્યને પ્રત્યેક પાથડામાં સંમિલિત કરવાથી ત્રીજા પાથડામાં ઉપર્યુક્ત પરિમાણ સિદ્ધ થઈ જાય છે. પાંચમી પૃથ્વીના છેલ્લા પાથડામાં અવગાહનાનું જે પ્રમાણ કહ્યું છે તે જ છઠ્ઠી પૃથ્વીના પ્રથમ પાથડામાં હોય છે.

છઠ્ઠી તમા પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ ઉત્તર વૈક્રિય અવગાહના ૫૦૦ ધનુષ્યની સમજવી જોઈએ.

સાતમી તમતમા પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ ભવધારણીય શરીરની ૫૦૦ ધનુષ્યની કહેલી છે અને ઉત્તર વૈક્રિય અગવાહના એક હજાર ધનુષ્યની હોય છે. આ પ્રકારે બધી જગ્યાએ ઠામ બમણી જાણવી જોઈએ.

**તીર્યંચ પંચેન્દ્રિયના** વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ પૃથકૃત્વ સો યોજનની કહેલી છે. તેનાથી અધિકની વિક્રિયા કરવાની શક્તિ તિર્યંચ પંચેન્દ્રિયોમાં હોતી નથી.

**મનુષ્ય પંચેન્દ્રિય**ના વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાત ભાગ માત્રની તથા ઉત્કૃષ્ટ કંઈક અધિક ૧ લાખ જોજનની કહી છે. વિષ્ણુકુમાર આદિની આટલી અવગાહના પ્રતિત છે.

**દેવો પંચેન્દ્રિયોની** વૈક્રિય શરીરની અવગાહના બે પ્રકારની છે. ભવધારણીય અને ઉત્તરવૈક્રિય

અસુરકુમારની, ભવધારણીય અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની છે. અને ઉત્કૃષ્ટ ૭ હાથની હોય છે. ઉત્તરવૈક્રિય જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગની છે. તથા ઉત્કૃષ્ટ એક લાખ જોજનની છે. યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવી.

એ જ પ્રકારે વાણવ્યંતરોની, જ્યોતિષ્કોની તથા સૌધર્મ અને ઇશાન દેવોના સુધીની સમાન જ બતાવેલ છે. ઉત્તર વૈક્રિય અવગાહના અચ્યુત કલ્પ સુધી જ ૧ લાખ જોજનની બતાવી છે. તેના ઉપર ગ્રૈવેયક વિમાનોના દેવ તથા અનુત્તરૌપપાતિક દેવ વિક્રિયા કરતા નથી. ઉત્તરવૈક્રિય શરીરની સર્વત્ર જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ ૧ લાખ જોજનની કહેલી છે. પરંતુ ભવધારણીય શરીરની અવગાહના અલગ-અલગ પ્રકારની હોય છે તે અહીં બતાવી છે.

સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં ભવધારણીય ઉત્કૃષ્ટ અવગાહના છ હાથની છે.

બંને કલ્પમાં જે દેવોની સ્થિતિ બે સાગરોપમની છે. તેની પૂર્ણ ૭ હાથની હોય છે. જેમની સ્થિતિ ત્રણ સાગરોપમની છે. તેમની છ હાથ અને એક હાથના ૪/૧૧ ભાગની છે. જેમની ૪ સાગરોપમની સ્થિતિ છે તેમની છ હાથ અને એક હાથના ૨/૧૧ ભાગની છે. જેમની સ્થિતિ છ સાગરોપમની છે તેમની ૬ હાથને એક હાથના ૧/૧૧ ભાગની છે જેમની સ્થિતિ પૂરા ૭ સાગરોપમની છે તેમની પુરી છ હાથની અવગાહના છે.

બ્રહ્મલોક અને લાંતક કલ્પમાં ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર અવગાહના પાંચ હાથની છે. બ્રહ્મલોક કલ્પમાં ૭ સાગરની સ્થિતિ છે તેમની અવગાહના પૂરા ૬ હાથની હોય છે. જેમની સ્થિતિ આઠ સાગરોપમની છે તેમની પાંચ હાથ અને ૧ હાથના ૬/૧૧ ભાગની હોય છે. જેમની સ્થિતિ નવ સાગરોપમની છે તેમની પાંચ હાથ ને ૫/૧૧ ભાગના હાથની હોય છે. જેમની સ્થિતિ ૧૦ સાગરોપમની છે તેમની પાંચ હાથને ૪/૧૧ ભાગના હાથની છે. લાંતક કલ્પમાં પણ જેની સ્થિતિ ૧૦ સાગરોપમની છે તેમની ૫ હાથને ૪/૧૧ ભાગના હાથની છે જેમની ૧૧ સાગરોપમની સ્થિતિ છે તેમની ૫ હાથ ૩/૧૧ ભાગના હાથની છે. જેમની સ્થિતિ ૧૨ સાગરોપમની છે તેમની અવગાહના ૫ હાથ અને ૨/૧૧ ભાગના હાથની છે. જેમની સ્થિતિ ૧૩ સાગરોપમની છે તેમની અવગાહના ૫ હાથ અને ૧/૧૧ એટલે કે એક હાથના ૧૧મા ભાગની છે. જેમની સ્થિતિ ૧૪ સાગરોપમની છે. તેમની અવગાહના પૂરા પાંચ હાથની હોય છે. આ ઉપર બતાવ્યા પ્રમાણે ભવધારણીય અવગાહનાનું પ્રમાણ છે.

મહાશુક્ર અને સહસાર કલ્પમાં ભવધારણીય ઉત્કૃષ્ટ અવગાહના ૪ હાથની છે. એ સહસાર કલ્પના ૧૮ સાગરોપમની સ્થિતિવાળા દેવોની અપેક્ષાએ છે. અને મહાશુક્ર કલ્પમાં જે દેવોની સ્થિતિ ૧૪ સાગરોપમની છે. તેમની પૂરા પાંચ હાથની છે. ૧૫ સાગરોપમવાળાની ચાર હાથ ૩/૧૧ ભાગના હાથની છે. ૧૬ સાગરોપમવાળાની ૪ હાથ ૨/૧૧ ભાગના હાથની છે. ૧૭ સાગરોપમવાળાની ૪ હાથને ૧/૧૧ ભાગના હાથની હોય છે. ૧૮ સાગરોપમવાળાની પૂરા ૪ હાથની અવગાહના સમજવી જોઈએ.

આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પોમાં ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહના ત્રણ હાથની હોય છે. આનત કલ્પમાં જેમની સ્થિતિ પૂરા ૧૮ સાગરોપમની કે તેનાથી

કાંઈક અધિક છે તેમની ઉત્કૃષ્ટ પૂરા ૪ હાથની હોય છે. જેમની ૧૯ સાગરોપમની સ્થિતિ હોય છે. તેમની ૩ હાથ અને ૩/૧૧ ભાગના હાથની હોય છે. પ્રાણત કલ્પમાં ૨૦ સાગરોપમની સ્થિતિ છે તેમની ૩ હાથ અને ૨/૧૧ ભાગના હાથની હોય છે. આરણ કલ્પમાં ૨૧ સાગરોપમની સ્થિતિ છે તેમની ૩ હાથ અને ૧/૧૧ ભાગના હાથની હોય છે. અચ્યુત કલ્પમાં ૨૨ સાગરોપમની સ્થિતિ છે તેમની ૩ હાથની અવગાહના હોય છે.

પ્રથમ ગ્રૈવેયકમાં ૨૨ સાગરોપમની સ્થિતિવાળાની ૩ હાથની અવગાહના હોય છે. પ્રથમ ગ્રૈવેયકમાં જેની ૨૨ સાગરોપમની સ્થિતિ છે તેમની ૨ હાથ અને ૮/૧૧ ભાગના હાથની હોય છે. બીજી ગ્રૈવેયકમાં ૨૩ સાગરોપમવાળાની ૨ હાથ અને ૮/ ૧૧ ભાગના હાથની હોય છે. અને ૨૪ સાગરોપમવાળાની ૨ હાથ અને ૭/૧૧ ભાગના હાથની હોય છે. ત્રીજી ગ્રૈવેયકમાં એટલી જ. ૨૪ સાગરોપમવાળાની ૨ હાથ અને ૭/૧૧ ભાગના હાથની હોય છે. અને ૨૫ સાગરોપમવાળાની ૨ હાથ અને ૬/ ૧૧ ભાગના હાથની હોય છે. ૪થી ગ્રૈવેયકમાં ૨૫ સાગરોપવાળાની ૨ હાથ અને ૬/ ૧૧ ભાગના હાથની હોય અને ૨૬ સાગરોપમવાળાની ૨ હાથ અને ૫/૧૧ ભાગની હોય છે. ૫મી ગ્રૈવેયક ૨૬ સાગરોપમવાળાની ૨ હાથ અને ૫/૧૧ ભાગના હાથની હોય છે અને ૨૭ સાગરોપમવાળાની ૨ હાથ અને ૪/૧૧ ભાગના હાથની હોય છે. છઠ્ઠી ગ્રૈવેયકે ૨૭ સાગરોપમવાળાની ૨ હાથ અને ૪/૧૧ ભાગના હાથની હોય છે. અને ૨૮ સાગરોપમવાળાની ૨ હાથ અને ૩/૧૧ ભાગના હાથની હોય છે. સાતમી ગ્રૈવેયક ૨૮ સાગરોપવાળાની ૨ હાથ અને ૩/૧૧ હાથની હોય છે અને ૨૯ સાગરોપમવાળાની ૨ હાથ અને ૨/૧૧ હાથની હોય છે. આઠમી ગ્રૈવેયક ૨૯ સાગરોપમવાળાની ૨ હાથ અને ૨/૧૧ ભાગના હાથની હોય અને ૩૦ સાગરોપમવાળાની ૨ હાથ અને ૧/૧૧ હાથની હોય છે. નવમી ગ્રૈવેયક ૩૦ સાગરોપમવાળાની ૨ હાથ અને ૧/૧૧ ભાગના હાથની હોય છે અને ૩૧ સાગરોપમવાળાની પૂરા ૨ હાથની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે.

અનુત્તર વિમાનોમાં વિજયાદિ ચાર વિમાનોના દેવોની ૩૧ સાગરોપમની સ્થિતિવાળાની અવગાહના બે હાથની હોય છે. વિજયાદિ વિમાનોના જે દેવોની મધ્યમ

૩૨ સાગરોપમની સ્થિતિ છે તેમની ૧ હાથ અને ૧/૧૧ ભાગના હાથની હોય છે. અને સર્વાર્થસિદ્ધ વિમાનોના દેવોની સ્થિતિ ૩૩ સાગરોપમની છે તેમની ભવધારણીય શરીરની અવગાહના એક હાથની હોય છે.

**(૩) આહારક શરીરની અવગાહના[૧૦] :-**

આહારક શરીરની જઘન્ય અવગાહના મૂંઢા હાથની અને ઉત્કૃષ્ટ ૧ હાથની હોય છે. આહારક શરીરની અવગાહના માત્ર મનુષ્યમાં જ હોઈ શકે છે. તેમાં પણ ઋદ્ધિ પ્રાપ્ત અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિ ગર્ભજ મનુષ્યને હોય છે.

**(૪) તૈજસ શરીરની અવગાહના[૧૧] :-**

જીવ મારણાંતિક સમુદ્ઘાત કરે ત્યારે તૈજસ શરીરની અવગાહના પેટની મોટાઈ અનુસાર શરીર પ્રમાણ હોય છે. લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. તે કોઈ અત્યંત નિકટના પ્રદેશમાં એકેન્દ્રિયમાં ઉત્પન્ન થનાર અપેક્ષાએ સમજવી. ઉત્કૃષ્ટ લોકાંતથી લોકાન્ત સુધી અર્થાત્ ઉર્ધ્વલોકાન્તથી લઈને અધોલોકના ચરમાન્ત સુધીની છે. આ અવગાહના સૂક્ષ્મ અથવા બાદર એકેન્દ્રિયના તૈજસ શરીરની સમજવી જોઈએ. એકેન્દ્રિયના જીવ સિવાય અન્ય કોઈ જીવની આટલી અવગાહના હોઈ શકતી નથી. કેમ કે સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય યથાયોગ્ય સમસ્ત લોકમાં રહે છે. બીજા જીવ નહીં. તેથી જ જયારે કોઈ સૂક્ષ્મ કે બાદર ઉર્ધ્વલોકના અંતિમ છેડાથી અધોલોકના અંતિમ છેડામાં ઉત્પન્ન થનાર હોય તે મારણાન્તિક સમુદ્ઘાત કરે છે ત્યારે તેની અવગાહના લોકાન્તથી લોકાન્ત સુધીની હોય છે.

એ જ પ્રકારે મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત એકેન્દ્રિય જીવ પૃથ્વીકાયિક, અપકાયિક, તૈજસકાયિક, વાઉકાયિક અને વનસ્પતિકાયિકના તૈજસ શરીરની અવગાહનાના વિષયમાં પણ સમજી લેવું જોઈએ.

મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત બેઈન્દ્રિયના તૈજસ શરીરની અવગાહના વક્ષસ્થલ-પૃષ્ઠની મોટાઈની અપેક્ષાએ શરીરપ્રમાણ માત્ર અવગાહના હોય છે. લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાત ભાગની અને ઉત્કૃષ્ટ તિરછાંલોકથી ઉર્ધ્વલોકાન્ત

અથવા અધોલોકાન્ત સુધીની છે. તે ઉર્ધ્વલોકમાં સ્થિત કોઈ બેઇન્દ્રિય જીવ ઉર્ધ્વલોકાન્ત અથવા અધોલોકાન્તમાં બેઇન્દ્રિયના રૂપમાં ઉત્પન્ન થાય ત્યારે તૈજસ શરીરની પૂર્વોક્ત અવગાહના થાય છે. તિરછીલોક પદનું ગ્રહણ કરવાનું કારણ એ છે કે તેમનાં સ્થાન પ્રાયઃ તિર્યકલોક જ છે. વિરલ રૂપથી અધોલોકનો એક ભાગ અધોલૌકિક ગ્રામ આદિમાં અને ઉર્ધ્વલોકનો એક ભાગ પંડગવન આદિમાં પણ બેઇન્દ્રિયોનું હોવું સંભવિત છે. બેઇન્દ્રિયના પ્રમાણે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયના વિષયમાં સમાન સમજવું.

નારકના તૈજસ શરીરની અવગાહના વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ શરીર પ્રમાણ જેટલી હોય છે. આયામની અપેક્ષાએ જઘન્ય કાંઈ અધિક એક હજાર જોજનની, ઉત્કૃષ્ટ નીચેની તરફ સાતમી નરકભૂમિ સુધી, તિર્છી સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઉપર પંડગવનમાં પુષ્કરિણી સુધીની હોય છે. અર્થાત્ વલયમુખ આદિ ચાર પાતાલ કલશ એક લાખ જોજનની અવગાહનાવાળા છે. તેમની ઠીકરી એક હજાર જોજનની છે. તેમની નીચેના ત્રીજા ભાગ વાયુથી પરિપૂર્ણ છે. ઉપરથી ત્રીજો ભાગ જળથી પરિપૂર્ણ છે. અને વચલો ત્રીજો ભાગ વાયુ તથા જળના નિઃસરણ અને અપસરણનો માર્ગ છે. જ્યારે કોઈ સીમન્તક આદિ નરકાવાસમાં વર્તમાન નારક જીવ પાતાલ કળશના સમીપવર્તી થઈને પોતાના આયુનો ક્ષય થતાં નીકળે છે અને પાતાલ કળશની ભીંતને ભેદીને પાતાલકલશની અંદર બીજા અથવા ત્રીજા વિભાગમાં મત્સ્યના પર્યાયમાં ઉત્પન્ન થનાર થાય છે. એ મારણાંતિક સમુદ્ઘાત કરે છે. ત્યારે તે નારકની જઘન્ય કાંઈક અધિક ૧ હજાર યોજનની તૈજસ શરીરની અવગાહના થાય છે. જ્યારે સાતમી પૃથ્વીના નારક સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યના ઉત્પન્ન થનાર થાય છે. ત્યારે સાતમી પૃથ્વીથી આરંભીને તિર્યક્ સ્વયંભૂરમણ પર્યંત અને પંડગવનની પુષ્કરિણી સુધી નારક જીવની તૈજસ શરીરની અવગાહના જાણવી.

પંચેન્દ્રિય તિર્યંચના તૈજસ શરીર અવગાહના બેઇન્દ્રિયના સમાનં જાણવી જોઈએ.

મનુષ્યના તૈજસ શરીરની અગવાહના ઉત્કૃષ્ટ મનુષ્ય ક્ષેત્રથી અધોલોક અથવા ઉર્ધ્વલોકના અંત સુધી જાણવી જોઈએ. કેમ કે મનુષ્યનો પણ એકેન્દ્રિયના રૂપ ઉત્પાદ

સર્વત્ર છે, અહીં મનુષ્યક્ષેત્રનું ગ્રહણ કરવાથી સમયક્ષેત્રથી અન્યત્ર મનુષ્યનો જન્મ અથવા સંહરણ સંભવિત નથી. તેથી એનાથી અધિક અવગાહના હોઈ શકતી નથી અઢીદ્વિપમાં સૂર્ય આદિના સંચારના કારણે વ્યક્ત થનાર સમય નામે કાલદ્રવ્ય છે.

મારણાન્તિક સમુદ્‌ઘાતથી સમવહત અસુરકુમારના તૈજસ શરીરની અવગાહના પહોળાઈ અને મોટાઈની અપેક્ષાએ શરીર પ્રમાણે હોય છે. લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ નીચે ત્રીજી પૃથ્વીના અધસ્ત ચરમાન્ત સુધી, તિર્છિ સ્વયંભુરમણ સમુદ્રની બાહ્યવેદિકા સુધી અને ઉપર ઇષત્પ્રાગ્ભાર પૃથ્વી સુધી કહી છે. એ જ પ્રમાણ યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું. એ જ પ્રમાણે વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવોના તૈજસ શરીરની અવગાહના જાણવી. કારણકે અસુરકુમારથી યાવત્ ઈશાન દેવલોકના દેવ એકેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય છે. જ્યારે પોતાના કેયુર આદિ આભૂષણોમાં મૂર્છિત થઈને તેજ પોતાના શરીરનાં આભૂષણોમાં પૃથ્વીકાયનારૂપમાં ઉત્પન્ન થાય છે ત્યારે અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના હોય છે. ઉત્કૃષ્ટ તો આગળ પ્રમાણે જાણવી.

સનત્કુમાર દેવનાં તૈજસ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના નીચે મહાપાતાલ કલશોનાં દ્વિતીય ત્રિભાગ સુધી, તિર્છા સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઉપર અચ્યુત કલ્પ સુધી જાણવી. સનત્કુમાર આદિ દેવભવના સ્વભાવથી એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિયમાં પણ ઉત્પન્ન થતા નથી. તે પંચેન્દ્રિય તિર્યંચો અથવા મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. તેથી જ જ્યારે મંદર પર્વતની પુષ્કરણી આદિમાં જલાવગાહન કરતી વખતે આયુ ક્ષય થતાં એ જ જગ્યાએ નિકટ વર્તી પ્રદેશમાં મત્સ્યના રૂપમાં ઉત્પન્ન થાય છે. આ વખતની જઘન્ય અવગાહના અસંખ્યાતમા ભાગની હોય છે. ઉત્કૃષ્ટ નીચે પાતાલ કલશોમાં જેમની અવગાહના લાખ યોજનની છે. તેને બીજા વિભાગ સુધીની કહે છે. તિર્છિ સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંતની અને ઉપર અચ્યુત કલ્પની હોય છે. જ્યારે કોઈ સનત્કુમાર દેવ બીજા દેવની નિશ્રાથી અચ્યુત કલ્પમાં ગયા હોય અને પોતાના આયુનો ત્યાં જ ક્ષય થઈ જતાં કાળા કરીને તિર્ચ્છા સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત સુધી અથવા નીચે પાતાલ કળશના બીજા ત્રિભાગમાં મત્સ્ય આદિના રૂપમાં જન્મ લે છે. ત્યારે નીચા અને તિર્ચ્છા પૂર્વોક્ત તેજસ શરીરની અવગાહના થાય છે. સનત્કુમાર દેવ સમાન યાવત્ સહસાર

દેવ સુધી એ પ્રમાણે સમજવી.

આનત દેવના તૈજસ શરીરની અવગાહના ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી, તિર્છા મનુષ્ય ક્ષેત્ર સુધી, ઉપર અચ્યુત કલ્પ સુધી હોય છે. પરંતુ આનતદેવ આદિથી અચ્યુત દેવની એ વિશેષતા છે કે ઉપર પોતાના વિમાન સુધી જ હોય છે. અહીં ઉપર અચ્યુત કલ્પસુધી ન કહેવું કેમ કે અચ્યુત દેવ કદાચિત્ પોતાના વિમાનની ઊંચાઈ સુધી જાય છે અને જો ત્યાં જઈને કાલધર્મ પામે ત્યારે આ અવગાહના થાય છે. પરંતુ આનત, પ્રાણત, આરણ કલ્પના દેવ બીજા કોઈ દેવની નિશ્રાથી અચ્યુત કલ્પમાં ગયા હોય ને ત્યાં કાળ કરીને અધોલૌકિક ગ્રામમાં અથવા મનુષ્ય ક્ષેત્રના પર્યંત ભાગમાં મનુષ્ય રૂપથી ઉત્પન્ન થાય, ત્યારે ઉત્કૃષ્ટ નીચે અધોલૌકિક ગ્રામ સુધી અને તિર્ચ્છા મનુષ્ય ક્ષેત્ર સુધી તથા ઉપર અચ્યુત કલ્પ સુધી અથવા અચ્યુતદેવ વિમાન સુધીની આનત આદિ દેવોના તૈજસ શરીરની અવગાહના જાણવી.

મારણાન્તિક સમુદ્ઘાતમાં સમવહત ગ્રૈવેયકદેવના તૈજસ શરીરની અવગાહના વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ શરીરની બરાબર જ છે. લંબાઈની દૃષ્ટિથી જઘન્ય વિદ્યાધર શ્રેણીઓ સુધી અને ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામો સુધી, તિર્ચ્છા મનુષ્ય ક્ષેત્ર સુધી અને ઉપર પોતપોતાના વિમાનો સુધી હોય છે.

અનુત્તરૌપપાતિક દેવોના તૈજસ શરીરની અવગાહના ગ્રૈવેયકદેવના સમાન જ છે. ગ્રૈવેયકના દેવ અને અનુત્તરૌપપાતિક દેવ અર્હદ્વંદન આદિ પણ પોતાના સ્થાન પર સ્થિત રહીને જ કરે છે. અહીં આવતા નથી, તેથી તેમની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની નથી, પણ જ્યારે વૈતાઢ્ય પર્વત ઉપરની વિદ્યાધર શ્રેણીઓમાં તેઓ ઉત્પન્ન થનારા બને છે ત્યારે પોતાના સ્થાનથી આરંભ કરીને વિદ્યાધર શ્રેણીઓ સુધી તેમના તૈજસ શરીરની અવગાહના થાય છે.

### (૫) કાર્મણ શરીરની અવગાહના :-

કાર્મણ શરીર પાંચ પ્રકારનાં કહેલાં છે. એકેન્દ્રિય કાર્મણ શરીર યાવત્ પંચેન્દ્રિય કાર્મણ શરીર. તે તૈજસ શરીરનું સહચર છે. જ્યાં તૈજસ શરીર છે ત્યાં કાર્મણ શરીર હોય છે. અને કાર્મણ શરીર હોય ત્યાં તૈજસ શરીર અવશ્ય હોય છે. તેથી જ કાર્મણ શરીરનાં

સંસ્થાન તૈજસ શરીરનાં સમાન જ હોય છે. અને તે જીવપ્રદેશો અનુસાર હોય છે.

પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિ વિક્લેન્દ્રિય અને નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ પંચેન્દ્રિયના કાર્મણ શરીરનું નિરૂપણ આ જ પ્રકારે જાણવું જોઈએ.

**અજીવ દ્રવ્યોની અવગાહના[૧૨] :-**

જે પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહિત હોય છે તે પ્રદેશમાં ધર્માસ્તિકાયનો બીજો એક પણ પ્રદેશ અવગાહિત હોતો નથી. કારણ કે ત્યાં અવિદ્યમાન રહે છે. જે સ્થાન પર ધર્માસ્તિકાયનો એક પ્રદેશ પણ વિદ્યમાન રહે છે ત્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ પણ વિદ્યમાન રહે છે તે સ્થાન પર આકાશાસ્તિકાયનો એક જ પ્રદેશ વિદ્યમાન રહે છે. જીવાસ્તિકાયનાં અનંત પ્રદેશો અવગાહિત હોય છે. ત્યાં પુદ્‌ગલાસ્તિકાયમાં અનંતપ્રદેશો અવગાઢ હોય છે. જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશોનો એક એક ધર્માસ્તિકાય પ્રદેશના સ્થાનમાં સદ્‌ભાવ હોય છે. તેથી તે પ્રત્યેકના અનંત પ્રદેશો તે ધર્માસ્તિકાયના પ્રદેશને વ્યાપ્ત કરે છે.

ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહિત હોય છે તે સ્થાનમાં અદ્ધા સમય ક્યારેક અવગાહિત હોય છે અને ક્યારેક હોતા નથી. તેઓ તે સ્થાને અવગાહિત હોય તો અનંત અદ્ધાસમય ત્યાં અવગાહિત હોય છે. કારણે કે મનુષ્યલોકમાં જ અદ્ધા સમયોનો સદ્‌ભાવ હોય છે. મનુષ્યલોકની બહાર તેમનો સદ્‌ભાવ નથી. સદ્‌ભાવ હોય ત્યાં ધર્માસ્તિકાયના પ્રદેશનાં સ્થાનમાં અનંતરૂપે જ તેમનો સદ્‌ભાવ રહે છે.

જે સ્થાન પર એક અધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે. કેમ કે પોતાના જ અવગાહ સ્થાનમાં પોતાના જ અન્ય પ્રદેશની અવગાહના થવાનો અભાવ રહે છે, અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ છે, ત્યાં આકાશાસ્તિકાયનો પણ એક પ્રદેશ અવગાઢ હોય છે. ત્યાં જીવાસ્તિકાયના અનંત પ્રદેશો અવગાઢ છે. ત્યાં પુદ્‌ગલાસ્તિકાયના અંનતપ્રદેશ અવગાઢ છે. ત્યાં અદ્ધાસમયો ક્યારેક અવગાઢ હોય છે, ક્યારેક અવગાઢ હોતા નથી. અવગાઢ હોય છે તો અનંત રૂપે જ હોય છે.

આકાશસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય છે તે પ્રદેશ પર ધર્માસ્તિકાયના પ્રદેશ

ક્યારેક અવગાઢ હોય છે, ક્યારેક અવગાઢ હોતા નથી. જો અવગાઢ હોય તો એક જ પ્રદેશ અવગાઢ હોય છે. કારણ કે આકાશ લોકાલોક રૂપ હોય છે. ધર્માસ્તિકાયનો અવગાઢ લોકાકાશમાં જ છે. અલોકાકાશમાં અભાવ છે. અધર્માસ્તિકાયનો પ્રદેશ ત્યાં ક્યારેક અવગાઢ હોય છે. અને ક્યારેક અવગાઢ નથી હોતા. તે ઉપર પ્રમાણે સમજવું. આકાશાસ્તિકાયનો બીજો એક પણ પ્રદેશ અવગાઢ હોતો નથી. કારણ કે પોતાના જ સ્થાનમાં પોતાના જ અન્ય પ્રદેશોની અવગાહના અસંભવિત છે. ત્યાં જીવાસ્તિકાયના પ્રદેશ ક્યારેક અવગાઢ હોય છે અને ક્યારેક અવગાઢ નથી હોતા. ત્યાં અવગાઢ હોય છે ત્યાં અનંત હોય છે કેમ કે આકાશાસ્તિકાય લોકાલોક રૂપ હોય છે. જીવાસ્તિકાયનો સદ્‌ભાવ લોકમાં જ હોય છે. અને પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશનો અવગાઢ ક્યારેક હોય છે, ક્યારેક નથી હોતો. પણ જો હોય તો અનંત માત્રામાં જ હોય છે. એ જ પ્રમાણે અદ્ધાસમય પણ ક્યારેક હોય છે, ક્યારેક નથી હોતો જો હોય તો અનંત માત્રામાં જ હોય છે. કેમ કે અદ્ધાસમયનો સદ્‌ભાવ મનુષ્ય ક્ષેત્રમાં જ હોય છે. બહાર અન્ય ક્ષેત્રમાં નથી હોતો.

જીવાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અને આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે. ત્યાં જીવાસ્તિકાયના અનંત જીવાસ્તિકાય પ્રદેશો અવગાઢ હોય છે. બાકીનું કથન ધર્માસ્તિકાય જેવું જ હોય. આ જીવાસ્તિકાયના વિષયમાં પણ સમજવુ જોઈએ.

એક પુદ્‌ગલાસ્તિકાયનો પ્રદેશ અવગાઢ હોય છે. ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? પહેલા જીવાસ્તિકાય પ્રદેશના વિષયમાં જેવું કથન કર્યું છે. એ જ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાયનું પણ સંપૂર્ણપણે કથન કરવું જોઈએ.

જ્યાં પુદ્‌ગલાસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ હોય છે ત્યાં ક્યારેક ધર્માસ્તિનો એક પ્રદેશ અને ક્યારેક તેના બે પ્રદેશ અવગાઢ હોય છે. એટલે જ્યારે એક આકાશપ્રદેશમાં બે અણુવાળો સ્કંધ અવગાઢ હોય છે ત્યારે ધર્માસ્તિકાયનો એક જ પ્રદેશ અવગાઢ હોય છે. જ્યારે બે આકાશ પ્રદેશોમાં બે અણુવાળો સ્કંધ અવગાઢ હોય છે ત્યારે ત્યાં બે પ્રદેશો અવગાઢ હોય છે. એ જ પ્રમાણે ત્યાં ક્યારેક અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અને ક્યારેક

બે પ્રદેશો અવગાઢ હોય છે. આકાશાસ્તિકાયના અવગાઢના વિષયમાં પણ એવું જ કથન છે. બાકીનું કથન એટલે જીવાસ્તિકાય પુદ્‌ગલાસ્તિકાય અને અદ્ધાસમય વિષય જે કથન છે તે ધર્માસ્તિકાય પ્રદેશની વક્તવ્યતામાં કરેલ કથન અનુસાર સમજવું, એટલે કે પુદ્‌ગલાસ્તિકાયના બે પ્રદેશો અવગાઢ હોય છે ત્યાં આ ત્રણેના અનંત પ્રદેશો અવગાઢ હોય છે.

જ્યાં પુદ્‌ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો અવગાઢ હોય છે ત્યાં ક્યારેક એક ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય છે. ક્યારેક બે અને ક્યારેક ત્રણ પ્રદેશ અવગાઢ હોય છે. ધર્માસ્તિકાયની જેમ જ અધર્માસ્તિકાયનો પણ ક્યારેક એક પ્રદેશ, ક્યારેક બે પ્રદેશ અને ક્યારેક ત્રણ પ્રદેશ અવગાઢ હોય છે, આકાશાસ્તિકાયના પ્રદેશોના ત્યાં અવગાહના વિષે પણ એવું જ કથન સમજવું. ત્યાં જીવાસ્તિકાયના પ્રદેશો અનંત પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશો અનંત અને અનંત અદ્ધાસમયો અવગાઢ હોય છે.

આ રીતે પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર આદિના ત્રણ અસ્તિકાયોના એક એક પ્રદેશની વૃદ્ધિ કરવી જોઈએ. જેવી રીતે પુદ્‌ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની અવગાહનાના કથનમાં ધર્માસ્તિકાયાદિ ત્રણના એક એક પ્રદેશની વૃદ્ધિ કરવાનું કહેવામાં આવ્યું છે. એ જ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાયના ચાર પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના ક્યારેક એક, ક્યારેક બે, ક્યારેક ત્રણ અને ક્યારેક ચાર પ્રદેશો અવગાઢ હોય છે. એવું જ કથન અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પ્રદેશોની ત્યાં અવગાહના વિષે સમજવું. જીવ, પુદ્‌ગલ અને અદ્ધાસમય વિષયક અભિલાષ પુદ્‌ગલાસ્તિકાયના બે પ્રદેશોના સંબંધમાં કરેલું છે તેને એ જ પ્રમાણે સમજવું. એ જ પ્રમાણે પાંચ, છ, સાત, આઠ, નવ અને દશ પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશોના વિષયમાં પણ કથન કરવું જોઈએ.

પુદ્‌ગલાસ્તિકાયના દશ પ્રદેશો અવગાઢ હોય છે ત્યાં ધર્માસ્તિકાયના ક્યારેક એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ અને ક્યારેક સંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે. પુદ્‌ગલાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયનો ક્યારેક એક પ્રદેશ એ જ પ્રમાણે દશ સુધીના પ્રદેશો ક્યારેક સંખ્યાત અને ક્યારેક અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે. એ જ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાયના

અનંત પ્રદેશો અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, ક્યારેક બે પ્રદેશ એ જ પ્રમાણે ક્યારેક અસંખ્યાત પ્રદેશો પણ અવગાઢ હોય છે. આ કથનમાં ધર્માસ્તિકાયના અસંખ્યાત સુધીના પ્રદેશોની અવગાહના સમજવી. કેમ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશના અસંખ્યાત પ્રદેશો જ સિદ્ધાંતમાં બતાવ્યા છે. તેમાં અનંત પ્રદેશો હોતા નથી. જીવ, પુદ્ગલ અને અદ્ધા સમય આ ત્રણમાં અનંત પ્રદેશો હોય છે, કારણ કે તેઓ અનંત હોય છે.

હવે જ્યાં એક અદ્ધાસયમ અવગાઢ હોય છે ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, અધર્માસ્તિકાયનો એક પ્રદેશ, આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે. જીવાસ્તિકાયના અનંત પ્રદેશો પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો અવગાઢ હોય છે. ત્યાં અદ્ધાસમય અન્ય એક પણ અવગાઢ હોતો નથી. કારણ કે સ્વસ્થાનમાં અવગાહનાનો સદ્ભાવ હોતો નથી.

જ્યાં ધર્માસ્તિકાય અવગાઢ છે ત્યાં ધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ અવગાઢ હોતો નથી. કારણ કે ધર્માસ્તિકાય ત્યાં પોતાના સમસ્ત પ્રદેશોનો સંગ્રહ કરીને અવગાઢ થયેલું હોય છે. તેથી તેનો અન્ય કોઈ એવો પ્રદેશ નથી કે જે ત્યાં અલગરૂપે અવગાઢ હોય છે, ત્યાં અધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે. આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે. કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના અને લોકાકાશના અસંખ્યાત પ્રદેશો હોય છે. જીવાસ્તિકાયના અનંત પ્રદેશો, પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો અને અનંત અદ્ધાસમયો અવગાઢ હોય છે. તેને કારણે અદ્ધાસમયો પણ અનંત હોય છે.

જ્યાં અધર્માસ્તિકાય અવગાઢ છે ત્યાં ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે. અધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ અવગાઢ હોતો નથી. કેમકે તેના સમસ્ત પ્રદેશોનો અધર્માસ્તિકાય પદ દ્વારા સંગ્રહ થઈ જાય છે, તેથી અલગ પ્રદેશ સંભવી શકતો નથી. બાકીના આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયના વિષયમાં ધર્માસ્તિકાયના વિષયમાં જે આલાપક આવ્યા છે એવા જ અહીં સમજવા. એ જ પ્રમાણે પૂર્વોક્ત પદ્ધતિ પ્રમાણે ધર્માસ્તિકાયથી લઈને અદ્ધાસમય પર્યંતનાં દ્રવ્યનું કથન

થવું જોઈએ. આ વિષયનું સ્પષ્ટિકરણ પહેલાં થઈ ચૂક્યું છે. પરસ્થાનમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય રૂપ પહેલા ત્રણના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે તેમ કહેવું અને છેલ્લા ત્રણ દ્રવ્યો જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયને અનંત કહેવા જોઈએ. જ્યાં અદ્ધાસમયો અવગાઢ હોય છે ત્યાં અન્ય એક પણ અદ્ધાસમય અવગાઢ હોતો નથી.

જેમકે જ્યાં અદ્ધાસમય અવગાઢ હોય છે. ત્યાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો અવગાઢ હોય છે. અનંત જીવાસ્તિકાય પ્રદેશો અનંત પુદ્ગલાસ્તિકાય પ્રદેશો અવગાઢ હોય છે. પરંતુ સ્વસ્થાનમાં એક પણ અન્ય અદ્ધાસયમની અવગાહના થતી નથી, કારણકે નિરૂપચરિત રૂપે અદ્ધાસમય એક જ છે.

હવે[13] હજાર જોજનની અવગાહનાવાળા જે શરીરો છે તેમનું નિરૂપણ કરાય છે. (૧) બાદર વનસ્પતિકાયિકોનાં શરીર ઉત્કૃષ્ટ અવગાહના તે મહાનદ આદિમાં કમલનાલની અપેક્ષાએ એક હજાર જોજનની કહેવામાં આવે છે. ગર્ભજ અને સમુર્છિમ જળચરમાં મત્સ્ય યુગલની શરીરાવગાહના એક હજાર જોજનની હોય છે. તે મત્સ્યો સ્વયંભૂરમણ સમુદ્રમાં જ હોય છે. ઉરપરિ, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃષ્ટ શરીરાવગાહના એક હજાર જોજનની કહી છે. તે ગર્ભજના વિષયમાં જ સમજવું. કારણ કે આટલી વિશાળ અવગાહનાનો સદ્ભાવ ગર્ભજ ઉરપરમાં જ હોય છે. ને તે બાહ્યદ્વિપોમાં જળમાં રહેતાં હોય છે.

**દંડકમાં અવગાહના :-**

थावरचउगे दुहओ, अंगुल असंखभागतणू[14] ॥५॥

**ગાથાર્થ :-**

ચાર સ્થાવરમાં એટલે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાયુકાય એ ચારને બે પ્રકારે એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોય છે. પરંતુ ઉત્કૃષ્ટ શરીર જઘન્ય શરીરથી અસંખ્યગણું મોટું હોય છે.

પૃથ્વીકાયાદિકનું એક શરીર સૂક્ષ્મદર્શકયંત્રના કાચથી પણ ન દેખાય એવા સૂક્ષ્મ

શરીરના અસંખ્ય શરીરો ભેગાં થઈ એકપિંડરૂપ બને છે. ત્યારે આપણે દેખી શકીએ છીએ. આપણે કાંકરા, રેતી આદિ દેખીએ છીએ. તે તેઓનું એક શરીર નથી: પણ અસંખ્ય શરીરોના પિંડો છે. અને તે દરેકે એકેક શરીરીમાં પૃથ્વીકાયાદિ એકેક જીવ રહ્યો છે. પૃથ્વીકાયાદિકની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવા છતાં પરસ્પર નીચે પ્રમાણે શરીરોમાં નાના-મોટાપણું છે.

સૂક્ષ્મ વનસ્પતિનું (અલ્પ નાનું) તેનાથી સૂક્ષ્મ વાઉનું અસંખ્યગણું (મોટું)

તેનાથી સૂક્ષ્મ અગ્નિનું અસંખ્યગણું મોટું, તેનાથી સૂક્ષ્મ અપકાયનું અસંખ્યગણું મોટું.

તેનાથી સૂક્ષ્મ પૃથ્વીનું અસંખ્યગણું મોટું, તેનાથી બાદર વાયુનું અસંખ્યગણું મોટું.

તેનાથી બાદર અગ્નિનું અસંખ્યગણું મોટું, તેનાથી બાદર અપકાયનું અસંખ્યગણું મોટું.

તેનાથી બાદર પૃથ્વિકાયનું અસંખ્યગણું મોટું, તેનાથી બાદર નિગોદનું અસંખ્યગણું મોટું.

તેનાથી બાદર પ્રત્યેક વનસ્પતિકાયનું ૧૦૦૦ યોજનથી અધિક છે.

सव्वेसिंपि[१५] जहन्ना, साहाविय अंगुलस्सऽसंखंसा
उक्कोस पणसयधणू, नेरइया सत्तहत्थ सुरा ॥६॥

**ગાથાર્થ :-**

સર્વેને સ્વાભાવિક શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યભાગ જેટલી છે. નારકો ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યવાળા છે. દેવો સાત હાથના છે.

પૂર્વ ભવમાં ગમે તેટલા મોટા શરીરવાળો જીવ મરણ પામી પરભવમાં ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થતી વખતે પ્રથમ પોતાનો આત્મા અત્યંત સંકોચી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો કરી કોયલામાં પડતા અગ્નિના તણખાની જેમ ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. અને પછી કોયલામાં પડેલો અગ્નિનો તણખો જેમ તેમાં ધીરે ધીરે ફેલાતો જાય છે. તેમ તે જીવ પણ ધીરે ધીરે પોતાનું શરીર મોટું બનાવતો જાય છે.

નારકોની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ય (૪ હાથનું ૧ ધનુષ્ય છે તેથી ૨૦૦૦ હાથ એટલે ૦। ગાઉ) અને દેવોની ઉત્કૃષ્ટ અવગાહના ૭ હાથ પ્રમાણની છે. એ પ્રમાણે સામાન્યથી નારકોની અને દેવોની અવગાહના કહી છે. દેવ-નારકોની વિશેષતઃ અવગાહનાનું વર્ણન આગળ કર્યું છે.

गब्भतिरि सहस जोयण, वणस्सई अहिय जोयण सहस्सं ।
नर-तेइंदि तिगाऊ, तेइंदिय जोयणे बार[१६] ॥७॥

**ગાથાર્થ :-**

ગર્ભજ તિર્યંચની હજાર જોજનની છે. વનસ્પતિની હજાર યોજનથી પણ કંઈક અધિક છે. ગર્ભજ મનુષ્ય અને તેઇન્દ્રિયની ૩ ગાઉ અને બેઇન્દ્રિયની બાર જોજનની હોય છે.

સર્વે સમુદ્રો પ્રમાણાંગુલથી ૧૦૦૦ જોજન ઊંડા છે. સમુદ્રોનાં જે જે સ્થાને ઉત્સેધાંગુલના પ્રમાણવાળી ૧૦૦૦ જોજનની ઊંડાઈ હોય, ત્યાં જે જે કમળ વગેરે વનસ્પતિ હોય તે જ એક હજાર જોજન અવગાહનાવાળી જાણવી. અને બીજે સ્થાને (એથી પણ અધિક ઊંડાઈમાં) કમળ વગેરે વનસ્પતિઓ છે. પરંતુ તે ખરી વનસ્પતિઓ નથી. કારણ કે-આકાર વનસ્પતિઓનો છે અને જીવો પૃથ્વીકાયિક છે.

મનુષ્યોનું શરીર ૩ ગાઉનું કહ્યું, તે દેવકુરૂ અને ઉત્તરકુરૂક્ષેત્રના યુગલિક મનુષ્યોનું જાણવું. કે જેઓ ૩ પલ્યોપમના આયુષ્યવાળા પણ છે. બીજા મનુષ્યોનું શરીર પ્રમાણ તેથી ન્યૂન (ઓછું) જાણવું.

તેઇન્દ્રિયનું ૩ ગાઉનું અને બેઇન્દ્રિયનું ૧૨ યોજન શરીર પ્રમાણ કહ્યું છે તે પ્રાયઃ અઢીદ્વિપથી બહાર દ્વીપ-સમુદ્રોમાં ઉત્પન્ન થતા કાનખજૂરા વગેરે અનેક ક્રોડ યોજન વિસ્તારવાળા સમુદ્રમાં ઉત્પન્ન થતા શંખ વગેરે બેઇન્દ્રિયોના જાણવા.

અતંર્મુહૂર્ત[૧૭] આયુષ્યવાળા અને ઉત્પન્ન થતાં જ તુરત ૧૨ યોજન શરીરવાળા થઈને તુરત મરણ પામતાં. પૃથ્વીમાં તેવડો મોટો ખાડો પડી જવાથી ચક્રવર્તી સૈન્યને પણ જમીનમાં ગરકાવી દેનારા આસાલિક જાતિના સર્પને શાસ્ત્રમાં (ઉરપરિસર્પ તિર્યંચ

પંચેન્દ્રિય અને મતાંતરે) બેઇન્દ્રિય પણ કહ્યા છે-તે મહાદેહવાળા બેઇન્દ્રિયો ૨॥ દ્વીપમાં પણ સંભવે, તેથી "પ્રાયઃ" કહ્યું છે.

जोयणमेगं चउरिंदि-देहमुच्चत्तणं सुए भणियं ।
वेउव्वियदेहं पुण, अंगुल संखं समारंभे ॥८॥

**ગાથાર્થ :-**

સિદ્ધાંતમાં ચતુરિન્દ્રિયના શરીરની ઊંચાઈ એક યોજન કહી છે અને વૈક્રિય શરીર પ્રારંભમાં અંગુલના સંખ્યાતમા ભાગ જેટલું છે.

ચૌરેન્દ્રિય જીવોનું શરીર એક યોજન પ્રમાણ કહ્યું છે તે મનુષ્ય ક્ષેત્રથી બહાર રહેલા દ્વીપ-સમુદ્રોમાંના ભ્રમર વગેરેનું જાણવું. ભ્રમરાદિકોની એ અવગાહનાઓ સિદ્ધાંતમાં કહી છે.

ઉત્તરવૈક્રિયના પ્રારંભમાં જે અંગુલના સંખ્યાતમા ભાગની અવગાહના કહી ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય તથા દેવ-નારકની અપેક્ષાએ છે. પરંતુ વાઉકાયનું પ્રારંભમાં પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેવડું જ હોય છે. કેમ કે વાઉકાયનું કોઈ પણ શરીર ઉત્કૃષ્ટ પણ એટલું જ હોય છે.

**ઉત્તર વૈક્રિયની ઉત્કૃષ્ટ અવગાહના.**

देव-नर अहियलक्खं, तिरियाणं नव य जोयण सयाइं ।
दुगुणं तु नारयाणं, भणियं वेउव्वियसरीरं[१८] ॥९॥

**ગાથાર્થ :-**

દેવોનું વૈક્રિય (શરીર) લાખ યોજન અને મનુષ્યોનું અધિક છે. તિર્યંચોનું નવસો યોજન છે. અને નારકોનું વૈક્રિય શરીર બમણું કહ્યું છે.

ઉત્તર વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના દેવને સંપૂર્ણ ૧ લાખ યોજન પ્રમાણ અને મનુષ્યને કંઈક અધિક ૧ લાખ યોજન પ્રમાણ છે. મનુષ્ય જમીનને સ્પર્શીને ઊભો રહે છે. અને દેવ તો જમીનથી ૪ અંગુલ અદ્ધર રહે છે. જેથી નીચેના ભાગમાં મનુષ્યનું શરીર ૪ અંગુલ અધિક છે. અને દેવનું શરીર સંપૂર્ણ ૧ લાખ યોજનનું હોય છે.

આવું મહાન વૈક્રિય શરીર શ્રી વિષ્ણુકુમાર મુનિએ વર્ષાકાળમાં એક સ્થાને સ્થિર રહેલા મુનિઓને ધર્મદ્વેષથી દેશમાંથી ચાલ્યા જવાનું કહેનાર અને કોઈ રીતે નહિ સમજનાર મહાપાપી નમુચિ પ્રધાનને સજા કરવા શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં બનાવ્યું હતું.

**ઉત્તરવૈક્રિયની વિકુર્વણાનો કાળ**

अंतमुहुत्तं निरए, मुहुत्त चतारि तिरिय-मणुउसु ।
देवेसु अद्ध मासो, उक्कोस विउव्वणा-कालो[१८] ॥१०॥

**ગાથાર્થ :-**

ઉત્કૃષ્ટ વિકુર્વણાનો કાળ નારકોમાં અંતર્મુહૂર્ત, તિર્યંચ અને મનુષ્યોમાં ૪ મુહૂર્ત, અને દેવોમાં ૧૫ દિવસ છે.

આ કહેલો કાળ વ્યતીત થયે, તે શરીર સ્વતઃ વિલય પામી જાય છે. અને તે કાળ પહેલાં પણ-જો તે શરીરની જરૂર ન હોય તો બુદ્ધિપૂર્વક સંહરણ પણ કરવું પડે છે. વાયુકાયમાં તો રચના અને વિલય બન્ને સ્વતઃ થાય છે. શ્રી જીવાભિગમ અને ભગવતી સૂત્રમાં ગર્ભજ તિર્યંચ મનુષ્યનો વૈક્રિય શરીરનો અવસ્થાનકાળ અંતર્મુહૂર્ત કહ્યો છે.

દંડક પદોમાં ઔદારિકની, મૂળ અને ઉત્તર વૈક્રિયની અવગાહના તથા ઉત્તરવૈક્રિયનો કાળ કહ્યો છે.

આહારાક શરીરની જઘન્ય અવગાહના જઘન્ય ન્યૂન ૧ હસ્ત પ્રમાણ કહી છે. અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ ૧ હાથ પ્રમાણ છે. કાળ-જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મૂહૂર્ત પ્રમાણ છે. ત્યારબાદ આહારક શરીર વિલય પામે છે, અને આત્મપ્રદેશો ઔદારિકમાં પ્રવેશે છે. તૈજસ અને કાર્મણની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ એટલે સૂક્ષ્મ વનસ્પતિના ઔદારિક શરીર જેટલી છે. તથા ઉત્કૃષ્ટ સાધિક ૧ લાખ યોજન પ્રમાણ ઉત્તર વૈક્રિય દેહની અપેક્ષાએ છે. અને કેવલિ સમુદ્ઘાતની અપેક્ષાએ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

**સિદ્ધોની અવગાહના[૨૦] :-**

સિદ્ધોની જઘન્ય અવગાહના ૧ હાથ અને આઠ આંગળ છે. મોક્ષમાં જવાને યોગ્ય જીવોની જઘન્ય અવગાહના ૨ હાથ પ્રમાણ છે. તેમાં પોલાણભાગ પુરાવાથી સોળ આંગળરૂપ ત્રીજો ભાગ ઓછો કરવાથી ૧ હાથને ૮ આંગળ થાય છે. અથવા યંત્રપીલણ વગેરેથી સંકુચિત થયેલ ૭ હાથના શરીરવાળાની પણ જઘન્ય અવગાહના થઈ શકે છે. બે હાથની અવગાહના કૂર્માપુત્ર વગેરેની જાણવી.

મધ્યમ ચાર હાથ અને ૧ હાથનો ત્રીજો ભાગ ન્યૂન (ઓછી) એવી સિદ્ધોની મધ્યમ અવગાહના છે. ૭ હાથના શરીરવાળાની આટલી અવગાહના બને છે તે પૂર્વોક્ત રીતે જાણવું. બાકી તો ઉત્કૃષ્ટ અવગાહનાથી લઈ જઘન્ય સુધીની વચ્ચેની બધી મધ્યમ અવગાહના જાણવી.

ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩ ધનુષ્ય અને એક ધનુષ્યનો ત્રીજો ભાગ ૧/૩ પ્રમાણ સિદ્ધોની છે. સિદ્ધગમન યોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો ધનુષ્ય છે. તેનો ત્રીજો ભાગ ૧૬૬ ધનુષ્ય અને ૬૪ આંગળ થાય. ૫૦૦ ધનુષ્યમાંથી ત્રીજો ભાગ ઓછો કરતાં બાકીનો ભાગ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે.

**દંડકમાં અવગાહનાનું ચિંતનનું કારણ :-**

શરીરમાં અવગાહના પુદ્‌ગલની હોય છે. અને તે બદલાતી રહે છે. ૪ ગતિમાં શરીરની સાથે અવગાહના પણ હોય છે. પુદ્‌ગલની અવગાહનામાં અનંત ભવો પસાર થઈ ગયા. હવે આ માનવભવમાં પુદ્‌ગલોની અવગાહના છૂટી જાય તેવી આરાધના કરીને માત્ર આત્મપ્રદેશોની અવગાહના મેળવવાની છે. સિદ્ધદશા પ્રાપ્ત થઈ જતાં પુદ્‌ગલની અવગાહના છૂટી જાય છે. અને આત્મપ્રદેશોની અવગાહના ત્યાં પડી જાય છે. ચિંતનનું કારણ એ જ છે, કે હવે દ્રવ્યપુદ્‌ગલોની અવગાહનાના ભવ પૂર્ણ કરી માત્ર આત્મપ્રદેશોની અવગાહના પ્રાપ્ત કરી લેવાય તો અનાદિના ભવભ્રમણ પૂર્ણ થઈ જાય અને શાશ્વત સુખની પ્રાપ્તિ થઈ જાય.

**ટિપ્પણી :**

૧. સ્થા. ઠા. ૪

૨. જૈન. સિ. કોષ ભા. ૧, પૃ. ૧૮૫

૩. જૈન. સિ. કોષ ભા. ૧, પૃ. ૧૮૫

૪. સ્થા. ઠા. ૧.

૫. સ્થા. ઠા. ૪.

૬. સ્થા. ઠા. ૨.

૭. સ્થા. ઠા. ૭.

૮. પ્રજ્ઞા. પદ ૨૧ સૂ. ૩

૯. પ્રજ્ઞા. પદ. ૨૧. સૂ. ૬.

૧૦. પ્રજ્ઞા. પદ-૨૧ સૂ. ૭.

૧૧. પ્રજ્ઞા. પદ. ૨૧. સૂ. ૯.

૧૨. ભગ; શ. ૧૩, ઉ. ૧૩, સૂ. ૧૦

૧૩. સ્થા. ઠા. ૧૦. સૂ. ૩૦.

૧૪. દંડક પ્રકરણ. ગા. ૫.

૧૫. દંડક પ્રકરણ ગા. ૬.

૧૬. દંડક પ્રકરણ ગા. ૭.

૧૭. દંડક પ્રકરણ ગા. ૮

૧૮. દંડક પ્રકરણ ગા. ૯.

૧૯. દંડક પ્રકરણ ગા. ૧૦.

૨૦. પ્ર. સા. ભા. ૧. પૃ. ૨૨૨.

• • •

# (૩જું) સંઘયણ દ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. એ વિચારણામાં ત્રીજા દ્વારમાં સંઘયણ વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે મુજબ છે.

**સંઘયણના અર્થો :-**

શાસ્ત્રમાં સંઘયણ શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) જેના દ્વારા શરીરના પુદ્ગલો દૃઢતાને પ્રાપ્ત કરે છે. તેનું નામ સંઘયણ છે.[1] (૨) હાડકાંઓની વિશિષ્ટ રચનાને, હાડકાંઓની શક્તિ વિશેષને[2] તેમ જ (૩) જેના ઉદયથી અસ્થિઓનું બંધન વિશેષ હોય છે તેને સંઘયણ કહે છે.[3]

**સંઘયણના પર્યાયો :-**

સહનન શબ્દ એ સંઘયણનો પર્યાયવાચી શબ્દ છે.

**સંઘયણના પ્રકારો અને વિવેચન :-**

શાસ્ત્રમાં દર્શાવેલ સંઘયણોને છ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

અર્થાત્ **સંઘયણના છ પ્રકારો કહ્યા છે :-** (૧) વજ્રઋષભ નારાચ સંઘયણ (૨) ઋષભ નારાચ સંઘયણ (૩) નારાચ સંઘયણ (૪) અર્ધનારાચ સંઘયણ (૫) કીલિકા સંઘયણ (૬) સેવાર્ત સંઘયણ.

**(૧) વજ્રઋષભ નારાચ સંઘયણ**

આ સંઘયણમાં કીલક આકારની વજ્ર નામની હડ્ડી (હાડકું) હોય છે. તેના ઉપર એક એવી હડ્ડી હોય છે કે જે પરિવેષ્ટન પટ્ટના જેવા આકારનું હોય છે. જેનું નામ ઋષભ છે. તથા બંને તરફનો મર્કટબંધ હોય તેનું નામ "નારાચ" છે. બંને તરફના મર્કટબંધની સાથે બંધ અને પટ્ટની આકૃતિ જેવા ત્રીજા હાડકા વડે પરિવેષ્ટિત થયેલા બે હાડકાંઓની ઉપર એ ત્રણે હાડકાઓને ખૂબજ દૃઢ કરવાને માટે ખીલાના જેવી રચનાવાળાં જે હાડકાં રહે છે, તેમનું નામ વજ્રઅસ્થિ છે. આ પ્રકારની રચના વિશેષનો સંઘયણમાં સદ્ભાવ હોય છે. તે સંઘયણને વજ્રઋષભ નારાચ સંઘયણ કહે છે. આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે. જે શરીરના વેષ્ટન કીલી (ખીલીઓ) અને હાડકાંઓ વજ્રમય હોય છે. તે શરીરને વજ્રઋષભ નારાચ સંઘયણવાળું કહે છે. જેમ બે લાકડાને જોડવા માટે પહેલાં તો લોઢાના પંચ વડે તેમને જકડી લેવામાં આવે છે. ત્યાર બાદ વિશેષ મજબૂતી માટે પંચ ઉપર ખીલાઓ પણ ઠોકવામાં આવે છે. આ પ્રકારની હાડકાંની રચના જે શરીરમાં હોય છે. તે શરીરને વજ્રઋષભ નારાચ સંઘયણવાળું શરીર કહે છે.

**(૨) ઋષભ નારાચ સંઘયણ :-**

આ સંઘયણમાં વજ્ર નામના અસ્થિનો સદ્ભાવ નથી હોતો. માત્ર ઋષભ અને નારાચનો સદ્ભાવ હોય છે.

**(૩) નારાચ સંઘયણ :-**

આ સંઘયણમાં વજ્ર અને ઋષભ, આ બંને હોતા નથી પણ નારાચ (બંને તરફ મર્કટબંધ) જ હોય છે.

**(૪) અર્ધનારાચ સંઘયણ :-**

આ સંઘયણમાં એક તરફ નારાચ હોય છે ને બીજી તરફ વજ્ર રહે છે.

**(૫) કીલિકા સંઘયણ :-**

આ સંઘયણમાં હાડકાં માત્ર વજ્ર નામની કીલિકા વડે જ બંધાયેલાં રહે છે.

**(૬) સેવાર્ત સંઘયણ :-**

આ સંઘયણમાં હાડકાંઓ એકબીજાના ખૂણાઓ વડે મળેલાં રહે છે. આ પ્રકારનાં સંઘયણવાળું શરીર તેલના માલીશની અને થાક લાગે ત્યારે વિશ્રામ આદિ રૂપ પરિશીલતાની અપેક્ષા રાખે છે. તેથી એવા સંઘયણને સેવાર્ત (છેવટનું) સંઘયણ કહે છે.

**દંડકમાં સંઘયણ[४] :-**

थावर-सुर नेरइया, अस्संघयणाय विगला छेवट्ठा ।
संघयण-छगं गब्भय-नरतिरिएसु वि मुणेयव्वं ॥११॥

**ગાથાર્થ :-** પાંચ સ્થાવરના દંડકો, દેવોના ૧૩ દંડકો અને એક નારકના દંડક એમ ૧૯ દંડકમાં સંઘયણ નથી. કેમકે એ જીવોનાં શરીરમાં હાડકાં નથી અને સંઘયણ તો હાડકાંનાં બંધારણને કહેવામાં આવે છે. વિકલેન્દ્રિયોમાં સેવાર્ત સંઘયણ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોમાંના કેટલાક જીવો સ્પષ્ટ કઠીન હાડકાવાળાં છે. તો કોઈ અસ્પષ્ટ કોમળ હાડકાવાળાં છે. માટે એ ત્રણ વિકલેન્દ્રિયોને સેવાર્ત સંઘયણ છે. ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ તિર્યંચોને છ એ સંઘયણ હોય છે. પરંતુ એક જીવને સમકાળે તો એક જ સંઘયણ હોય છે.

**આગમમાં સંઘયણ :-**

નારકી જીવો[૫] અસંઘયણી હોય છે. તેમને અસ્થિ હોતાં નથી. શિરાઓ, સ્નાયુઓ હોતાં નથી. તથા જે પુદ્ગલો તેમને સદા સામાન્ય રીતે અનિષ્ટ-અવલ્લભ હોય છે. તે અપ્રિય, અગ્રાહ્ય, અસુંદર હોય છે. અમનોજ્ઞ એટલે - જેનું નામ લેવાથી ઘૃણા થાય એવાં હોય છે. અમનામ એટલે જેનો વિચાર કરવાથી પણ જેના પ્રત્યે ચિત્તમાં અણગમો જાગે એવાં હોય છે. તથા જે અમનોજ્ઞભિરામ હોય છે એવાં પુદ્ગલો જ અસ્થિ આદિથી રહિત નારકી જીવોના શરીરરૂપે પરિણમે છે.

દેવોના શરીર અસંઘયણી હોય છે. તેમના શરીરમાં અસ્થિ, સ્નાયુઓ, શિરાઓ આદિ હોતાં નથી. તથા જે પુદ્ગલો ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનનામ અને મનોભિરામ હોય છે. એ પુદ્ગલો જ તેમના અસ્થિ આદિથી રહિત વિશિષ્ટ શરીર રૂપે

પરિણમે છે.

પાંચ સ્થાવરકાયિક જીવો અર્થાત્ પૃથ્વીકાયિક, અપકાયિક, તેઉકાયિક, વાઉકાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય એ બધાને એક સેવાર્ત સંઘયણ હોય છે. ગર્ભજ જન્મવાળા જીવોને એટલે કે ગર્ભજ તિર્યંચો અને ગર્ભજ મનુષ્યોને છ સંઘયણ હોય છે.

નામ[૬] કર્મના ભેદમાં ૬ સંઘયણનો સમાવેશ થાય છે.

વિશિષ્ટ[૭] શરીર સામર્થ્ય રૂપ વડે સંઘયણથી યુક્ત હોય અને તેમને વ્યાખ્યાનાદિ કરવામાં થાક લાગતો નથી. તે આચાર્યનો પાંચમો ગુણ છે.

**ક્યા સંઘયણથી જીવને મરીને ક્યાં ઉત્પન્ન થવાનો સંભવ છે ?**

વજ્રઋષભ નારાચ સંઘયણવાળા પાંચ અનુત્તર વિમાન સુધી જાય છે. તેમાં કર્મભૂમિના મનુષ્ય આવે છે.

મનુષ્ય અને મત્સ્ય ૭મી નરકમાં પણ જાય છે. તેમને પણ વજ્રઋષભ નારાચ સંઘયણ હોય છે.

પ્રથમ અને બીજા સંયઘણવાળા પાંચ અનુત્તર વિમાન સુધી જાય છે.

પ્રથમ, બીજા અને ત્રીજા સંઘયણવાળા નવ ગ્રૈવેયક સુધી જાય છે.

એક થી ચાર સંઘયણવાળા ૧૨મા દેવલોક સુધી જાય છે.

એક થી પાંચ સંઘયણવાળા ૮મા દેવલોક સુધી જાય છે.

*એક થી છ સંઘયણવાળા પ્રથમ દેવલોક સુધી જાય છે.*

*એક થી ચાર સંઘયણવાળા સ્ત્રી, મત્સ્ય અને મનુષ્ય ૬ઠા નરક સુધી જાય છે.*

એક થી પાંચ સંઘયણવાળા સિંહ, સ્ત્રી, મત્સ્ય અને મનુષ્ય પાંચમા નરક સુધી જાય છે.

એક થી પાંચ સંઘયણવાળા ભુજંગ, સિંહ, મત્સ્ય અને મનુષ્ય ૪થા નરક સુધી

જાય છે.

એક થી છ સંયઘણવાળા પક્ષી, ભુજંગ, સિંહ, મત્સ્ય અને મનુષ્ય ૩જા નરક સુધી જાય છે.

એક થી છ સંઘયણવાળા ભુજપર, પક્ષી, ભુજંગ, સિંહ, મત્સ્ય અને મનુષ્ય બીજા નરક સુધી જાય છે.

૧ થી ૬ સંઘયણવાળા અસંજ્ઞી, ભુજપર, પક્ષી, ભુજંગ, સિંહ મત્સ્ય અને મનુષ્ય ૧લા નરક સુધી જાય છે.

**સિદ્ધાંતભેદ (વિભિન્ન માન્યતાઓ)**

કર્મગ્રંથમાં એકેન્દ્રિય જીવોને અસંઘયણી બતાવ્યા છે. તેમના શરીરમાં હાડકાં ન હોવાથી અસંયઘણી કહ્યા છે.

સમવાયાંગ સૂત્રમાં એકેન્દ્રિય જીવોને સેવાર્ત સંઘયણ બતાવેલ છે. કેમ કે ઔદારિક શરીરમાં ૭ ધાતુનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમાં હાડકાંનો પણ સમાવેશ થાય છે. એકેન્દ્રિય જીવોમાં બળની અપેક્ષાએ. જ્ઞાનીઓએ બતાવેલ છે. માટે એકેન્દ્રિયમાં સેવાર્ત સંઘયણ હોય છે.

**પ્રથમ ત્રણ ઉત્તમ સંહનનનું મહત્ત્વ :-**

આદિના અર્થાત્ પ્રથમ ત્રણ ઉત્તમ સંઘયણ છે. એટલે કે વજ્રઋષભ નારાચ સંઘયણ, ઋષભ નારાચ સંઘયણ અને નારાચ સંયઘણ આ ત્રણ સંઘયણને ઉત્તમ કહેલ છે.

ઉપરોક્ત ત્રણ ઉત્તમ સંઘયણમાંથી મોક્ષનું કારણ પ્રથમ સંઘયણ હોય છે. ધ્યાનનાં કારણો તો ત્રણ છે. કેમ કે ઉત્તમ સંઘયણવાળા જ ઘણા સમય સુધી ધ્યાન ધારણ કરી શકે છે. અન્ય સંઘયણવાળા ધ્યાન ધારણ કરી શકતા નથી.

જેને શુકલ લેશ્યા હોય છે તે જ વજ્રઋષભ નારાચ સંઘયણના સ્વામી હોય છે.

શુક્લધ્યાન પ્રથમ સંઘયણવાળા જ કરી શકે છે. કેમકે આ સંઘયણવાળાંનું જ

ચિત્ત એવું હોય છે કે જે શરીરને છેદવા, ભેદવા, મારવા, જલાવવા છતાં પણ પોતાના આત્માને શરીરથી અલગ સમજીને ચલાયમાન થતા નથી. વર્ષાકાળ આદિના દુઃખોથી કંપાયમાન થતા નથી.

ઉપશમ શ્રેણી તથા ક્ષપકશ્રેણી પણ એ ઉત્તમ સંઘયણવાળા જ માંડી શકે છે. જે ક્ષપકશ્રેણી માંડે તે જ ૧૩મા ગુણસ્થાનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

આ રીતે શાશ્વત સુખની પ્રાપ્તિ માટે આ ત્રણ ઉત્તમ સંઘયણનું આગમોમાં ખૂબ જ મહત્ત્વ બતાવેલ છે.

અર્ધ નારાચ સંઘયણ, કીલિકા સંઘયણ અને સેવાર્ત સંઘયણ એ ત્રણ સંઘયણ નિકૃષ્ટત્વ છે. મોક્ષ એ સંઘયણથી મેળવી શકાતો નથી. વજ્રઋષભ નારાચ આદિ ત્રણ ઉત્તમ સંઘયણ મોક્ષની પ્રાપ્તિ માટે સાધક છે. પરંતુ અંતિમ ત્રણ સંઘયણ બાધક નથી બનતાં, ઉત્તમ સંઘયણવાળા જેટલી તેમનામાં ક્ષમતા હોતી નથી. પુણ્યની પ્રકૃત્તિમાં તો એક વજ્રઋષભ નારાચ સંઘયણ જ છે. બાકીના ૫ સંઘયણ પાપની પ્રકૃતિમાં આવે છે. પરંતુ મોક્ષ પ્રાપ્ત કરવામાં બાધક હોતાં નથી.

**ટિપ્પણી :**

૧. અભિધાન રાજેન્દ્ર ભા. ૭. પૃ. ૮૨ થી ૮૩.

૨. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૪. પૃ. ૧૫૬.

૩. સ્થાનાંગ, કર્મ. ૧, ગા. ૩૭-૩૮.

૪. દંડક પ્રકરણ ગા. ૧૧

૫. સમ. સૂ. ૧૯૩.

૬. પ્રજ્ઞા. પદ. ૨૩.

૭. પ્રવ. દ્વાર. ૬૫.

• • •

# (૪થું) સંજ્ઞાદ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા - સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ વિચારણામાં ૪થા દ્વારમાં સંજ્ઞા વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે મુજબ છે.

**સંજ્ઞાના અર્થો :-**

શાસ્ત્રમાં સંજ્ઞા શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહના ભેદથી અવગ્રહજ્ઞાન બે પ્રકારનું છે. વ્યંજનાવગ્રહના ઉત્તરકાળે જે જ્ઞાન વિશેષ થાય છે તેને સંજ્ઞા કહે છે.[૧]

(૨) જેનાથી બાધિત થઈને જીવ આ લોકમાં દારુણ દુઃખને પ્રાપ્ત કરે છે તેને સંજ્ઞા કહે છે.[૨] (૩) જેના દ્વારા સંજ્ઞાન થાય છે (૪) ઇચ્છાને (૫) નોઇન્દ્રિયાવરણ કર્મના ક્ષયોપશમ અથવા તેનાથી જન્ય જ્ઞાનને (૬) આહારાદિ વિષયોની અભિલાષાને, નામના અર્થને, (૭) જ્ઞાનના અર્થને (૮) આભોગને[૩] (૯) મનોવિજ્ઞાન તેમજ ઘટ, પટ આદિ લક્ષણને, (૧૦) હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગની પરીક્ષા કરવામાં મનના વ્યાપારને સંજ્ઞા કહેવાય છે. આમ સંજ્ઞાના વિવિધ અર્થો પ્રાપ્ત થાય છે.

**સંજ્ઞાના પર્યાયો :-**

આગમમાં વાંછા, અભિલાષા, મતિ, સ્મૃતિ અને ચિંતા એ સંજ્ઞાના પર્યાયવાચી શબ્દો છે.

**સંજ્ઞાના ભેદ :-** શાસ્ત્રમાં દર્શાવેલ સંજ્ઞાઓના વિવિધ પ્રકારે વર્ણન પ્રાપ્ત થાય છે. જેમકે -

- સંજ્ઞા બે પ્રકારની છે : ક્ષાયોપશમિકી અને ઔપશમિકી

સંજ્ઞા ત્રણ પ્રકારની પણ છે. : દીર્ઘકાલિકી સંજ્ઞા, હેતુવાદોપદેશિકીસંજ્ઞા તથા દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા.

સંજ્ઞા ચાર પ્રકારની પણ છે : આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા.

સંજ્ઞા દશ પ્રકારની પણ છે : આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, ક્રોધ સંજ્ઞા, માન સંજ્ઞા, માયા સંજ્ઞા, લોભ સંજ્ઞા, લોક સંજ્ઞા અને ઓઘ સંજ્ઞા.

**સંજ્ઞાના ભેદોનાં લક્ષણો :- વિવેચન**

સંજ્ઞા નામાદિના ભેદથી ચાર પ્રકારની છે. જ્ઞ શરીર, ભવ્ય શરીર છોડીને સચિત, અચિત, મિશ્રના ભેદથી ત્રણ પ્રકારની છે. સચિત વડે, હસ્તાદિ વડે પાણી, ભોજન આદિ ગ્રહણ થાય .છે. અચિત વડે ધ્વજાતિનું અને મિશ્રવડે પ્રતિપાદિની સંજ્ઞા ગ્રહણ છે. ભાવ સંજ્ઞા બે પ્રકારની છે. અનુભવન સંજ્ઞા અને જ્ઞાન સંજ્ઞા. એ જ્ઞાન સંજ્ઞા પાંચ પ્રકારની છે. મતિજ્ઞાનાદિ પાંચ છે. સ્વકૃત કર્મોના ઉદયથી જેની ઉત્પત્તિ થાય છે તેને અનુભવન સંજ્ઞા કહેવાય છે. તે ૧૬ પ્રકારની છે.

**(૧) આહાર સંજ્ઞા[૬] :-**

ક્ષુધા વેદનીય કર્મના ઉદયે ગ્રાસ આદિના આહાર માટે પુદ્ગલોને ગ્રહણ કરવાની જે ક્રિયા થાય છે તેને આહાર સંજ્ઞા કહેવાય છે. ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી થવાવાળી આહારની અભિલાષારૂપ આત્માની પરિણતિને આહાર સંજ્ઞા કહેવાય છે.

**(૨) ભય સંજ્ઞા :-**

ભય સંજ્ઞા ત્રાસ રૂપ છે. અત્યંત ભયથી ઉત્પન્ન જે ભાગીને છુપાઈ જવાની ઇચ્છા થાય છે તેને ભય સંજ્ઞા કહેવાય છે. ભય મોહનીયના ઉદયથી ભયભિત પ્રાણીનાં નયન અને મુખમાં વિકાર ઉત્પન્ન થાય તેને ભય સંજ્ઞા કહે છે.

**(૩) મૈથુન સંજ્ઞા :-**

સ્ત્રી આદિના વેદોદય રૂપ મૈથુન સંજ્ઞા છે. મૈથુનરૂપ ક્રિયામાં જે વાંછા હોય તેને મૈથુન સંજ્ઞા કહે છે.

**(૪) પરિગ્રહ સંજ્ઞા :-**

પરિગ્રહ સંજ્ઞાં મૂર્ચ્છારૂપ છે. ધન-ધાન્યાદિના અર્જન કરવારૂપ જે ઇચ્છા થાય તેને પરિગ્રહ સંજ્ઞા કહેવાય છે. લોભ મોહનીયના ઉદયથી સંસારના કારણોમાં આસક્તિપૂર્વક સચિત તેમ જ અચિત્ત પદાર્થોને ગ્રહણ કરવાની ક્રિયા પરિગ્રહ સંજ્ઞા છે.

**(૫) ક્રોધ સંજ્ઞા :-**

અપ્રીતિરૂપ ક્રોધ સંજ્ઞા છે. ક્રોધ મોહનીયના ઉદયથી કોપ રૂપ પરિણતિ થવી તેને ક્રોધ સંજ્ઞા કહેવાય છે.

**(૬) માન સંજ્ઞા :-**

ગર્વરૂપ માન સંજ્ઞા છે. માન મોહનીયના ઉદયથી અહંકાર આદિની પરિણતિ થવી તે માન સંજ્ઞા છે.

**(૭) માયા સંજ્ઞા :-**

વક્રતારૂપ માયા સંજ્ઞા છે. માયા મોહનીય કર્મના ઉદયથી અશુભ અધ્યવસાય પૂર્વક મિથ્યાભાષણ આદિ છલપૂર્ણ ક્રિયા કરવી તેને માયા સંજ્ઞા કહે છે.

**(૮) લોભ સંજ્ઞા :-**

આસક્તિ રૂપ લોભ સંજ્ઞા છે. લોભ મોહનીયના ઉદયથી લાલચુ બનીને સચિત્ત અને અચિત્ત દ્રવ્યોને ગ્રહણ કરવાની અભિલાષા થવી તેને લોભ સંજ્ઞા કહે છે.

**(૯) લોક સંજ્ઞા :-**

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અને મોહનીય કર્મના ઉદયથી તર્કરૂપ આત્માની વિભાવ પરિણતિ લોક સંજ્ઞા કહેવાય છે. જ્ઞાનોપયોગને લોક સંજ્ઞા કહે છે.

**(૧૦) ઓઘ સંજ્ઞા :-**

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શબ્દ આદિના વિશેષ અર્થને જાણવાની ક્રિયાને ઓઘ સંજ્ઞા કહે છે. જ્ઞાનાવરણીય કર્મના અલ્પ ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી અને અપ્રગટ ઉપયોગ રૂપ જીવનું વિભાવ પરિણમન તે ઓઘ સંજ્ઞા કહેવાય છે. વેલો આદિનું મંડપ ઉપર ચઢવું વગેરેથી તેનું જ્ઞાન થાય છે. દર્શનોપયોગને ઓઘ સંજ્ઞા કહે છે.

**(૧૧) મોહ સંજ્ઞા :-**

મોહનીય કર્મના ઉદયથી મિથ્યાદર્શનરૂપ પરિણતિને મોહ સંજ્ઞા કહે છે.

**(૧૨) દુ:ખ સંજ્ઞા :-**

મોહનીય કર્મના ઉદયથી અસાતા વેદનીય અનુભવ રુપ જીવની પરિણતિને દુ:ખ સંજ્ઞા કહેવાય છે.

**(૧૩) સુખ સંજ્ઞા :-**

મોહનીય કર્મના ઉદયથી સાતાવેદનીય અનુભવરુપ જીવની પરિણતિને સુખ સંજ્ઞા કહેવાય છે.

**(૧૪) વિચિકિત્સા સંજ્ઞા :-**

મોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી સંશયરુપ આત્માનું પરિણમન તે વિચિકિત્સા સંજ્ઞા કહેવાય છે.

**(૧૫) શોક સંજ્ઞા :-**

વિલાપ અને વિમનસ્તા રૂપ શોક સંજ્ઞા છે.

**(૧૬) ધર્મ સંજ્ઞા :-**

મોહનીય કર્મના ક્ષયોપશમથી કર્મક્ષયજનક દેશવિરતિ તથા સર્વવિરતિ રૂપ આત્માની સ્વભાવ પરિણતિને ધર્મ સંજ્ઞા કહે છે.

**દીર્ઘકાલિકી સંજ્ઞા :-**

"એ કેમ કરવું ? કેમ થાશે ? ઇત્યાદિ અતીત અનાગત ઘણા કાળનું ચિંતવવું તેને દીર્ઘકાલિકી સંજ્ઞા કહે છે.

**હેતુવાદોપદેશિકી સંજ્ઞા :-**

જે તાત્કાલિક ઈષ્ટ, અનિષ્ટ, વસ્તુ જાણીને પ્રવૃત્તિ, નિવૃત્તિ થાય તેને હેતુવાદોપદેશિકી સંજ્ઞા કહે છે.

**દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા :-**

ક્ષાયોપશમિક જ્ઞાને કરી સમ્યગ્દષ્ટિપણું હોય તેને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહે છે.

**દંડકમાં સંજ્ઞા :-**

सव्वेसिं[७] उचदहु वा ॥

૨૪ દંડકમાં ૪થું સંજ્ઞાદ્વાર છે.

નારકીના દંડકમાં, પાંચ સ્થાવરના દંડકમાં, ૩ વિક્લેન્દ્રિયના દંડકમાં, તિર્યંચ પંચેન્દ્રિયના દંડકમાં, મનુષ્યના દંડકમાં, ૧૩ દેવોના દંડકમાં ચાર અને દશ સંજ્ઞાઓ હોય છે.

નારકોમાં બાહ્ય કારણની અપેક્ષાએ બહુલતાથી ભય સંજ્ઞાના ઉપયોગવાળા થાય છે. અને આંતરિક અનુભવની અપેક્ષાએ આહારસંજ્ઞામાં યાવત્ પરિગ્રહ સંજ્ઞામાં પણ ઉપયુક્ત હોય છે.

નારકોમાં[૮] મૈથુન સંજ્ઞામાં ઉપયોગવાળા બધાથી ઓછા છે કેમ કે તેઓને નિમેષ માત્ર પણ સુખનો અનુભવ થતો નથી. એવી સ્થિતિમાં મૈથુનની ઇચ્છા થતી નથી. કદાચિત કોઈને થઈ જાય તો થોડા સમય સુધી જ રહે છે. તેથી આહાર સંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગણા અધિક છે. કેમકે એ દુઃખ નારકોમાં પ્રચુર કાળ સુધી આહારની ઇચ્છા બની રહે છે. તેથી પરિગ્રહ સંજ્ઞામાં ઉપયુક્ત સંખ્યાતગુણા અધિક છે.

કેમકે આહારની ઇચ્છા ફક્ત શરીરના પોષણ માટે હોય છે. જ્યારે પરિગ્રહની અભિલાષા શરીર માટે અને આયુધોને માટે પણ હોય છે. અને તે અધિકકાળ સુધી રહે છે. તેથી પૃચ્છાના સમયે પરિગ્રહ સંજ્ઞામાં ઉપયુક્ત અધિક મળી આવે છે. તેથી ભય સંજ્ઞામાં ઉપયોગવાળા સંખ્યાતગુણા અધિક છે. કેમકે નરકમાં નારક જીવોને મૃત્યુ પર્યંત ભય વિદ્યમાન રહે છે.

તિર્યંચોમાં બહુલતાથી બાહ્ય કારણની અપેક્ષાએ આહારસંજ્ઞામાં ઉપયોગવાળા છે. આંતરિક અનુભવની અપેક્ષાએ આહાર સંજ્ઞામાં યાવત પરિગ્રહ સંજ્ઞામાં ઉપયોગવાળા છે.

તિર્યંચોમાં બધાથી ઓછા પરિગ્રહ સંજ્ઞામાં ઉપયુક્ત હોય છે. કેમકે તેમને પરિગ્રહસંજ્ઞા અલ્પકાલિક હોય છે. તેનાથી મૈથુન સંજ્ઞામાં ઉપયુક્ત સંખ્યાતગણા અધિક છે. કેમકે મૈથુન સંજ્ઞાનો ઉપયોગ પ્રચુરકાળ સુધી રહે છે. તેનાથી ભયસંજ્ઞામાં ઉપયુક્ત સંખ્યાતગુણા અધિક છે કેમકે તેઓને સજાતીય પ્રાણીઓ તથા તિર્યંચોત્તર પ્રાણીઓથી ભય રહ્યા કરે છે. અને ભયનો ઉપયોગ પ્રચુરતમ કાળ સુધી રહે છે. તેથી આહાર સંજ્ઞામાં ઉપયુક્ત સંખ્યાતગુણા અધિક છે. કેમકે તિર્યંચોમાં સર્વદા આહાર સંજ્ઞાનો સદ્ભાવ રહે છે.

મનુષ્યોમાં બહુલતાથી બાહ્ય કારણની અપેક્ષાએ મૈથુનસંજ્ઞામાં ઉપયુક્ત થાય છે. આંતરિક અનુભવની અપેક્ષાએ આહાર સંજ્ઞામાં યાવત્ પરિગ્રહ સંજ્ઞામાં પણ ઉપયુક્ત થાય છે.

મનુષ્યોમાં બધાથી ઓછા ભયસંજ્ઞામાં ઉપયુક્ત હોય છે. કેમકે થોડા મનુષ્યોમાં થોડા સમય સુધી જ ભય સંજ્ઞાનો સદ્ભાવ રહે છે. તેનાથી આહાર સંજ્ઞામાં ઉપયુક્ત સખ્યાતગુણા અધિક છે. કેમકે આહાર સંજ્ઞા અધિકકાળ સુધી રહે છે. તેનાથી પરિગ્રહસંજ્ઞામાં ઉપયુક્ત સંખ્યાતગુણા અધિક છે. તેનાથી મૈથુન સંજ્ઞામાં ઉપયુક્ત મનુષ્યો સંખ્યાતગણા અધિક છે.

દેવો બહુલતાથી બાહ્ય કારણની અપેક્ષાએ પરિગ્રહસંજ્ઞામાં ઉપયુક્ત હોય છે. આંતરિક અનુભવની અપેક્ષાએ આહાર સંજ્ઞામાં યાવત્ પરિગ્રહ સંજ્ઞામાં ઉપયુક્ત

થાય છે.

દેવોમાં બધાથી ઓછા આહાર સંજ્ઞામાં ઉપયુક્ત હોય છે. કેમ કે દેવોને આહારની ઇચ્છાનો વિરહકાળ ઘણો લાંબો હોય છે. અને આહાર સંજ્ઞાનો ઉપયોગ કાળ ઘણી ઓછો હોય છે. તેનાથી ભય સંજ્ઞામાં ઉપયુક્ત દેવો સંખ્યાતગુણા અધિક છે. કેમ કે ભયસંજ્ઞા ઘણા અને લાંબા સમય સુધી રહે છે. તેથી મૈથુન સંજ્ઞાવાળા દેવો સંખ્યાતગુણા અધિક છે. તેનાથી પરિગ્રહવાળા દેવો સંખ્યાતગુણા અધિક હોય છે. કેમ કે પરિગ્રહસંજ્ઞાનો જનક, રૂચક, મણિ, રત્ન આદિ તેઓને સદા પ્રાપ્ત થતા રહે છે.

**જીવ[૯] સંજ્ઞી છે. અસંજ્ઞી છે. અથવા નોસંજ્ઞી છે અને નોઅસંજ્ઞી પણ છે :-**

જીવ સંજ્ઞી પણ છે. અસંજ્ઞી પણ છે. અને નો સંજ્ઞી-નોઅસંજ્ઞી પણ છે.

સંજ્ઞાનો અર્થ છે અતીત, અનાગત અને વર્તમાન ભવોના સ્વભાવની વિચારણા. એ પ્રકારની સંજ્ઞાવાળા જીવ સંજ્ઞી કહેવાય છે. અર્થાત્ જેમનામાં માનસિક જ્ઞાન તેમ જ વિશિષ્ટ સ્મૃતિ મળી આવે તે સંજ્ઞી કહેવાય છે. તેમનાથી વિપરીત અર્થાત્ જેમનામાં માનસિક જ્ઞાન ન હોય તે અસંજ્ઞી કહેવાય છે. જે સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને કોટીઓથી અતીત હોય તેવા કેવળી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી કહેવાય છે.

નારકીના જીવો સંજ્ઞી પણ છે. અસંજ્ઞી પણ છે. નો સંજ્ઞી- નો અસંજ્ઞી નથી. જે સંજ્ઞીના ભવથી નારકમાં ઉત્પન્ન થાય છે તે નારકી સંજ્ઞી કહેવાય છે. અને અસંજ્ઞીના ભવથી નરકમાં ઉત્પન્ન થાય છે તેઓ અસંજ્ઞી કહેવાય છે. પણ તેઓ નોસંજ્ઞી- નો અસંજ્ઞી નથી હોતા કેમકે તેઓ કેવળી થઈ શકતા નથી. તેનું કારણ એ છે કે તેઓ ચારિત્ર અંગીકાર કરી શકતા નથી. નારકોની જેમ જ ભવનપતિ અને વાણવ્યંતર પણ સંજ્ઞી-અસંજ્ઞી હોય છે. પણ નોસંજ્ઞી-નોઅસંજ્ઞી હોતા નથી.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો અસંજ્ઞી હોય છે. એકેન્દ્રિયોમાં માનસિક વ્યાપારનો અભાવ હોય છે. વિકલેન્દ્રિયોમાં વિશિષ્ટ મનોવૃત્તિનો અભાવ હોય છે. કેવલી અને સિદ્ધો નોસંજ્ઞી-નોઅસંજ્ઞી હોય છે. કેવલીઓ (અરિહંતો)માં મનોદ્રવ્યોનો સંબંધ હોવા છતાં પણ તેઓ ત્રણેય કાળના પદાર્થોના સ્વભાવની પર્યાલોચનારૂપ સંજ્ઞાથી રહિત છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના

ક્ષય થઈ જવાથી તેઓ કેવલજ્ઞાન અને કેવલદર્શન દ્વારા જ સમસ્ત પદાર્થોને સાક્ષાત્ જાણે છે અને દેખે છે. એ કારણે તેમને નોસંજ્ઞી કહેલ છે અને સિદ્ધો દ્રવ્ય મનથી રહિત પોતાના કારણે નોસંજ્ઞી છે. અને સર્વજ્ઞ હોવાના કારણે નોઅસંજ્ઞી છે.

મનુષ્યો સંજ્ઞી પણ હોય છે. અસંજ્ઞી પણ હોય છે. અને નોસંજ્ઞી અને નોઅસંજ્ઞી પણ હોય છે. કેમકે ગર્ભજ મનુષ્ય સંજ્ઞી હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંજ્ઞી હોય છે. અને કેવળી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો નારકોના સમાન જાણવા.

**વિષયનો સંગ્રહ કરનારી ગાથાનો અર્થ :-**

નારક, તિર્યંચ, મનુષ્ય, ભવનપતિ, વાણવ્યંતર આદિ સંજ્ઞી અને અસંજ્ઞી હોય છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય અસંજ્ઞી જ હોય છે. જ્યોતિષી અને વૈમાનિક એ સંજ્ઞી જ હોય છે.

**સંજ્ઞાને જીતવાના ઉપાય :-**

આત્મા અનાદિ કાળથી ચાર સંજ્ઞાઓનું સેવન કરતો આવે છે. આ સંજ્ઞાઓનાં સેવનથી નવાં કર્મો બાંધીને ચારગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. જ્ઞાનીઓએ તે સંજ્ઞાઓને જીતવાના ઉપાયો પણ બતાવ્યા છે.

આહાર સંજ્ઞાને જીતવા માટે ૧૨ પ્રકારનાં તપ કરવાનું બતાવેલ છે. અણાહારક પદની પ્રાપ્તિ માટે તપનો આધાર જરૂરી છે. આત્માનો સ્વભાવ તો અણાહારક છે. કર્મના સંગે ક્ષુધા વેદનીયના કારણે આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તપશ્ચર્યાથી આહાર સંજ્ઞાને જીતી શકાય છે.

ભય સંજ્ઞાને જીતવા માટે અભયને મેળવનારા શ્રી કેવલી અને તીર્થંકરોનું સ્મરણ કરવું જોઈએ. નિર્ભયતાપૂર્વકની સાધના સફળ બને છે. આરાધના કરતાં ઉપસર્ગો, પરિસહો, મુશ્કેલીઓ આવે છતાં આત્માના અભયરૂપ સ્વભાવને પિછાણી જે નિર્ભય બને છે તે ભય સંજ્ઞાને જીતી શકે છે.

મૈથુન સંજ્ઞાને જીતવા માટે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરવો જોઈએ. બ્રહ્મ એટલે આત્મા અને ચર્ય એટલે રમણ કરવું. જે આત્મામાં રમણતા કરે છે. તેથી જ કહ્યું છે

કે બ્રહ્મચર્ય જેવું કોઈ તપ નથી. ચારિત્રનું પાલન કરવાથી મૈથુન સંજ્ઞાને સંપૂર્ણપણે જીતી શકાય છે.

પરિગ્રહસંજ્ઞાને જીતવા માટે પાંચમું અણુવ્રત ધારણ કરવું જોઈએ. તેમાં પરિગ્રહની મર્યાદા કરી શકાય છે. બાહ્ય પરિગ્રહ ૯ પ્રકારના અને આભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકારનાં છે. બાહ્ય અને અભ્યાંતર પરિગ્રહનો ત્યાગ કરવાથી, મૂર્ચ્છા ભાવ દૂર કરવાથી અને સંતોષવૃત્તિને ધારણ કરવાથી પરિગ્રહ સંજ્ઞાને જીતી શકાય છે.

સંજ્ઞાના ગુણસ્થાન ૧ થી ૬ છે. પ્રમત્તદશા સંયમીને જ્યારે છૂટી જાય છે. અને અપ્રમત્ત ભાવમાં સ્થિર અણગાર ચારેય સંજ્ઞાઓને જીતી શકે છે. ૭ થી ૧૪ ગુણસ્થાનમાં સંજ્ઞા રહેતી નથી. માટે સંજ્ઞા વિજેતા બનવા માટે આત્મરમણતા કરવી જોઈએ. કેમ કે તેનાથી અપ્રમત્ત દશા પ્રગટ થાય છે.

**આહારાદિ[૧૦] સંજ્ઞાઓના ઉત્પન્ન થવાનાં કારણો :-**

**આહાર સંજ્ઞાના ઉત્પન્ન થવાનાં કારણો :-**

બહિરંગ કારણોમાં - આહારને જોવાથી, આહારના ઉપયોગથી અને પેટ ખાલી થઈ જવાથી તેમજ અંતરંગ કારણોમાં અસાતા વેદનીયની ઉદિરણા થવાથી તેમ જ ક્ષુધા વેદનીયના ઉદયથી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે.

**ભય સંજ્ઞા ઉત્પન્ન થવાનાં કારણો :-**

બહિરંગ કારણોમાં - અતિ ભયંકર દર્શનથી, તેના ઉપયોગથી અને શક્તિની હીનતા થવાથી તેમજ અંતરંગ કારણોમાં - ભય મોહનીય કર્મની ઉદિરણા થવાથી ભય સંજ્ઞા ઉત્પન્ન થાય છે.

**મૈથુન સંજ્ઞા ઉત્પન્ન થવાનાં કારણો :-**

બહિરંગ કારણોમાં ગરિષ્ઠ, સ્વાદિષ્ટ અને રસયુક્ત ભોજન કરવાથી, પૂર્વભુક્ત વિષયોનું ધ્યાન કરવાથી, કુશીલનું સેવન કરવાથી અને અંતરંગ કારણોમાં વેદ મોહનીયની ઉદિરણા થવાથી મૈથુન સંજ્ઞા ઉત્પન્ન થાય છે.

**પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થવાનાં કારણો :-**

બહિરંગ કારણોમાં - ભોગોપભોગનાં સાધનભૂત ઉપકરણોને જોવાથી, તેનો

ઉપયોગ કરવાથી અને તેમાં મૂર્ચ્છાભાવ રાખવાથી તેમજ અંતરંગ કારણોમાં - લોભ મોહનીય કર્મની ઉદિરણા થવાથી પરિગ્રહસંજ્ઞા ઉત્પન્ન થાય છે.

આ રીતે ચારેય સંજ્ઞાઓ પોતાના કર્મની ઉદિરણા થવાથી તે સંજ્ઞા ઉત્પન્ન થાય છે.

**આધ્યાત્મિક વિકાસમાં સંજ્ઞાની જાણકારીનું મહત્ત્વ :-**

સંજ્ઞાનું સ્થાન ક્યાં હોય છે તેનું જ્ઞાન આગમો દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. ચાર ગતિમાંથી નરકગતિ, તિર્યંચગતિ અને દેવગતિમાં તો આત્મા સંજ્ઞાને આધીન થઈને જ રહે છે. સંજ્ઞામાંથી એ ત્રણ ગતિના જીવો કદી છૂટી શકતા નથી. મનુષ્યગતિમાં પણ સંજ્ઞાઓ તો છે જ. પરંતુ સંજ્ઞાનું જ્ઞાન જીવને મનુષ્યભવમાં મળી શકે છે. જે જીવો સંજ્ઞા દ્વારા નુકશાન અર્થાત્ ગેરફાયદો કઈ રીતે થાય છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો આત્મા તેને આધીન બનીને રહેતો નથી. જે સંજ્ઞાને આધીન બનીને જ જીવન જીવે છે તે દુઃખોને આમંત્રણ આપે છે. જ્ઞાનીઓએ આગમોમાં મનુષ્ય ભવની દુર્લભતા બતાવીને જ્ઞાન પ્રાપ્ત કરવાનું બતાવ્યું છે. જ્ઞાન દ્વારા જાણીને પછી આચરણના ક્ષેત્રે આગળ વધે છે. તેનો આધ્યાત્મિક વિકાસ થાય છે. સંજ્ઞાઓ છૂટી જતાં એ વિકાસ તેને કેવલજ્ઞાનની ભેટ અપાવી દે છે.

**ટિપ્પણી :**

૧. સ્થાનાંગ ઠા. ૨ ઉ. ૧ સૂ. ૩૦
૨ જૈનેન્દ્રસિદ્ધાંત. કોષ. ભા. ૪ પૃ. ૧૨૧
૩. ભગ. શ. ૭ ઉ. ૮
૪. ભગ. શ. ૬ ઉ. ૮
૫. પ્રજ્ઞા. પદ. ૮ સૂ. ૧
૬. પ્રજ્ઞા. પદ. ૮ સૂ. ૧
૭. દંડક પદ. ગા. ૧૨. પૃ. ૫૪
૮. પ્રજ્ઞા. પદ. ૮ સૂ. ૧
૯. પ્રજ્ઞા. પદ. ૮ સૂ. ૧
૧૦. જૈનેન્દ્રસિદ્ધાંત. કોષ. ભા. ૧ પૃ. ૨૮૯

# (૫મું) સંસ્થાન દ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા - સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ વિચારણામાં પાંચમા દ્વારમાં સંસ્થાન વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે અનુસાર છે.

**સંસ્થાનના અર્થો :-**

શાસ્ત્રમાં સંસ્થાન શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) સંસ્થાનનો અર્થ આકૃતિ છે. જેના ઉદયથી ઔદારિકાદિ શરીરોની આકૃતિ બને છે તે સંસ્થાન નામ કર્મ છે.[૧] (૨) જેના દ્વારા સંસ્થિત થાય છે તેને સંસ્થાન કહે છે. ત્રિકોણ, ચતુષ્કોણ અને ગોળ આદિ આકારને સંસ્થાન કહે છે.[૨]

**સંસ્થાનના પર્યાય :-**

આગમમાં આકાર, આકૃતિ એ સંસ્થાનના પર્યાયવાચી શબ્દો છે.

**સંસ્થાનના ભેદો :-** શાસ્ત્રમાં દર્શાવેલ સંસ્થાનોને છ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

**[૨]જે શરીર સંસ્થાન નામ છે. તે છ પ્રકારનાં છે :-**

(૧) સમચતુરસ્ર (૨) ન્યગ્રોધ પરિમંડલ (૩) સાદિ (૪) કુબ્જ (૫) વામન અને (૬) હુંડક સંસ્થાન.

**વળી સંસ્થાનના[૩] છ પ્રકાર કહ્યા છે :-**

(૧) પરિમંડલ (૨) વર્તુળ (૩) ત્ર્યંસ (૪) ચતુરસ્ર (૫) આયત અને (૬)

અનિસ્થંસ્થ.

જો કે-અહિં અનિસ્થંસ્થ સંસ્થાનની વિવક્ષા કરી નથી. કેમ કે આ સંસ્થાન બીજા સંસ્થાનોથી થવાવાળું છે.

**સંસ્થાનના ભેદોનું વિવેચન :- આગમમાં સંસ્થાન :-**

જે શરીર સંસ્થાન નામ છે તેના છ પ્રકારના ભેદોનું વિવેચન નીચે મુજબ છે.

**(૧) સમ ચતુરસ્ત્ર સંસ્થાન :-**

ઉપર, નીચે અને મધ્યમાં કુશળ શિલ્પીઓ દ્વારા બનાવવામાં આવેલા સમચક્રની જેમ ચારે બાજુથી સમાન રૂપથી શરીરના અવયવોની રચના થવી તેને સમચતુરસ્ત્ર શરીર સંસ્થાન કહે છે.

**(૨) ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન :-**

વડના ઝાડની જેમ નાભિથી ઉપરનો વિશાળ અર્થાત્ ભારે શરીર હોય અને નીચે લઘુપ્રદેશોની રચનાને અર્થાત્ સૂક્ષ્મ હોય તેને ન્યગ્રોધ પરિમંડલ કહે છે. ન્યગ્રોધ વટવૃક્ષ કહે છે. તેના પરિમંડલની સમાન પરિમંડલ જે શરીરનું હોય છે તેને ન્યગ્રોધ પરિમંડલ કહે છે. જે શરીર નીચે સૂક્ષ્મ અને ઉપર વિશાળ હોય છે. તે ન્યગ્રોધ પરિમંડલ શરીર સંસ્થાન છે.

**(૩) સાદિ સંસ્થાન કે સ્વાતિ સંસ્થાન :-**

ન્યગ્રોધથી ઊલટું ઉપર લઘુ અને નીચે ભારે રચનાને સાદિ સંસ્થાન કહે છે. અર્થાત્ નાભિથી ઉપરનો ભાગ સૂક્ષ્મ હોય અને નીચેનો ભાગ વિશાળ હોય તેને સાદિ સંસ્થાન કહેવાય છે. સ્વાતિ નામ શાલ્મલિવૃક્ષનું છે. તેના આકાર જેવો આકાર જે શરીરનો હોય તે સ્વાતિ કે સાદિ સંસ્થાન છે.

**(૪) કુબ્જ સંસ્થાન :-**

જેના હાથ, પગ, મસ્તક અને ડોક પ્રમાણસર અને લક્ષણયુક્ત હોય તથા પીઠ અને છાતી પ્રમાણહીન હોય છે. અર્થાત્ પીઠની ઉપર ઘણા પુદ્‌ગલોનો પિંડ થઈ જાય,

એટલે કે કુબડાપણાને કુબ્જ સંસ્થાન કહે છે.

**(૫) વામન સંસ્થાન :-**

જેની છાતી ને પીઠ પ્રમાણસર હોય અને હાથ, પગ, મસ્તકને ડોક પ્રમાણહીન હોય છે. અર્થાત્ જે કર્મના ઉદયથી પીઠથી નીચેના શરીરની દીર્ઘતા હોય છે તેને વામન સંસ્થાન કહે છે.

**(૬) હુંડક સંસ્થાન :-**

જેનાં દરેક અંગોપાંગ પ્રમાણહીન હોય અર્થાત્ સમાનતા રહિત અનેક આકારવાળા પથ્થરોથી ભરેલી મશક સમાન બધી બાજુથી વિષમ આકારને હુંડ કહે છે. તેના સંસ્થાનની સમાન સંસ્થાન જેનું હોય તેનું નામ હુંડક સંસ્થાન છે.

**વળી બીજા પાંચ પ્રકારનાં સંસ્થાન છે.**

**(૧) પરિમંડળ સંસ્થાન[૪] :-**

પરિમંડલ સંસ્થાનનો સમૂહ યવના આકાર જેવો થઈ જાય છે. યવના આકાર જેવું પરિમંડલ સંસ્થાન છે. તેમાં જઘન્ય પ્રદેશવાળા દ્રવ્યોની પહેલી પંક્તિ સ્વભાવથી અલ્પ હોવાના કારણે નાની હોય છે. અને બાકીની અધિક, અધિકતર પ્રદેશવાળા દ્રવ્યોની હોવાથી મધ્યભાગમાં દીર્ઘ અને દીર્ઘતર હોય છે. તે પછીની છેલ્લી પંક્તિ ઉત્કૃષ્ટ પ્રદેશોવાળા દ્રવ્યોનું અત્યંત અલ્પપણું હોવાથી નાની થાય છે. આ પ્રમાણેનો આકાર થવાથી તુલ્ય પ્રદેશવાળા જુદા પરિમંડલ દ્રવ્યો દ્વારા ક્ષેત્ર યવાકારપણાથી યુક્ત થઈ જાય છે. પરિમંડલ સંસ્થાન અનંત છે. સાતેય નરકની પૃથ્વીમાં, તેમ જ સૌધર્મકલ્પથી લઈને પાંચ અનુત્તર વિમાનોમાં અને સિદ્ધશીલામાં પરિમંડલ સંસ્થાન અનંત છે. એ જ પ્રમાણે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, અને આયત એ સંસ્થાનોને પણ અનંત જ કહેલ છે.

**(૨) વૃત્ત સંસ્થાન :-**

વૃત્ત સંસ્થાનના બે પ્રકાર છે. ઘનવૃત્ત અને પ્રત્તરવૃત્ત. જે સંસ્થાન મોદકની જેમ બધી બાજુથી સરખા પ્રમાણવાળું હોય છે તે ઘનવૃત્ત સંસ્થાન છે. તથા જે સંસ્થાન રોટલી

જેવું અત્યંત પાતળું હોય છે તે પ્રત્તરવૃત્ત સંસ્થાન છે. તેમાં પ્રત્તરવૃત્ત સંસ્થાન બે પ્રકારનાં છે. ઓજ પ્રદેશિક અને યુગ્મ પ્રદેશિક. તેમાં પ્રદેશવાળું જઘન્ય પાંચ પ્રદેશોવાળું છે. અને પાંચ પ્રદેશોમાં અવગાહ થાય છે. ઉત્કૃષ્ટ અનંતપ્રદેશી છે અને અસંખ્યાત પ્રદેશોમાં અવગાહ થાય છે. યુગ્મ પ્રદેશવાળું પ્રત્તરવૃત્ત સંસ્થાન જઘન્ય ૧૨ પ્રદેશી, અને ૧૨ પ્રદેશ અવગાહી હોય છે. ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશીને અસંખ્યાત પ્રદેશ અવગાહી હોય છે.

ઘનવૃત્ત સંસ્થાન બે પ્રકારનાં છે. ઓજ પ્રદેશી અને યુગ્મ પ્રદેશી. તેમાં ઓજ પ્રદેશી ઘનવૃત્ત જઘન્યથી ૭ પ્રદેશી અને ૭ પ્રદેશ અવગાહી છે. યુગ્મ પ્રદેશી ઘનવૃત્ત જઘન્યથી ૩૨ પ્રદેશી અને ૩૨ પ્રદેશ અવગાહી છે. ઉત્કૃષ્ટથી બંનેના ઉપર જણાવેલ ઓજ પ્રદેશીના ઉત્કૃષ્ટ ઓજ ઘનવૃત્ત પ્રમાણે જ જાણવું.

**(૩) ત્ર્યસ્ર સંસ્થાન :-**

ત્રિકોણાકારે ત્ર્યસ્ર સંસ્થાન છે. તેના પણ બે પ્રકાર છે. ઘન ત્ર્યસ્ર અને પ્રત્તર ત્ર્યસ્ર. તે બંનેના બે બે પ્રકાર છે. ઓજ પ્રદેશિક અને યુગ્મ પ્રદેશિક. ઓજ પ્રદેશિક પ્રત્તર ત્ર્યસ્ર સંસ્થાન જઘન્ય ત્રણ પ્રદેશી છે અને આકાશના ત્રણ પ્રદેશોમાં અવગાહ થાય છે. અને યુગ્મ પ્રદેશી પ્રત્તર ત્ર્યસ્ર સંસ્થાન જઘન્યથી છ પ્રદેશી અને આકાશના છ પ્રદેશોમાં અવગાહ થાય છે. ઉત્કૃષ્ટથી તે બંનેના પ્રદેશો આગળ પ્રમાણે જાણવા.

હવે ઓજ પ્રદેશી ઘનત્ર્યસ્ર સંસ્થાન જઘન્યથી ૩૫ પ્રદેશી છે. ૩૫ આકાશ પ્રદેશીનો અવગાઢ થાય છે. યુગ્મ પ્રદેશી ઘનત્ર્યસ્ર સંસ્થાન જઘન્યથી ચાર પ્રદેશીને ચાર પ્રદેશોનો અવગાઢ થાય છે. ઉત્કૃષ્ટથી તે બંનેના પ્રદેશો આગળ પ્રમાણે જાણવા.

**(૪) ચતુરસ્ર સંસ્થાન :-**

ચતુરસ્ર સંસ્થાન ચોરસ આકારે છે. ચાર ખૂણાવાળું સંસ્થાન છે. ચતુરસ્ર સંસ્થાનના પણ બે ભેદ છે. ઘન ચતુરસ્ર અને પ્રત્તર ચતુરસ્ર. તે બંનેના બે બે ભેદ છે. તે ઓજ પ્રદેશી અને યુગ્મ પ્રદેશી તરીકે ઓળખાય છે.

ઓજ પ્રદેશી પ્રત્તર ચતુરસ્ર સંસ્થાન જઘન્યથી ૯ પ્રદેશી અને આકાશમાં નવ પ્રદેશોમાં અવગાહ થાય છે. યુગ્મ પ્રદેશી પ્રત્તર ચતુરસ્ર સંસ્થાન - તે જઘન્યથી ચાર

પ્રદેશી અને તેનો ચાર પ્રદેશોમાં અવગાહ થાય છે. ઉત્કૃષ્ટથી તે બંનેના પ્રદેશો આગળ પ્રમાણે જાણવા.

ઓજ પ્રદેશી ઘન ચતુરસ્ર સંસ્થાન જઘન્યથી ૨૭ પ્રદેશી અને ૨૭ પ્રદેશોનો અવગાહી છે અને યુગ્મ પ્રદેશી ઘન ચતુરસ્ર સંસ્થાન જઘન્યથી ચાર પ્રદેશી અને આકાશના ચાર પ્રદેશોનો અવગાહી છે. ઉત્કૃષ્ટથી બંનેના આગળ પ્રમાણે પ્રદેશો જાણવા.

**(૫) આયત સંસ્થાન :-**

આયત સંસ્થાન ત્રણ પ્રકારનાં કહ્યાં છે. શ્રેણી આયત, પ્રતરાયત અને ઘનાયત. તેમાં પ્રદેશોની શ્રેણીરૂપ જે હોય તે શ્રેણ્યાયત છે. તે બે પ્રકારનાં છે. ઓજ પ્રદેશી અને યુગ્મ પ્રદેશી.

ઓજ પ્રદેશી આયત સંસ્થાન જઘન્યથી ત્રણ પ્રદેશી અને ત્રણ આકાશ પ્રદેશોમાં અવગાહી છે. યુગ્મ પ્રદેશી આયત સંસ્થાન જઘન્યથી બે પ્રદેશી અને બે પ્રદેશોમાં અવગાહી હોય છે. ઉત્કૃષ્ટથી બંનેના પ્રદેશો ઉપર પ્રમાણે જાણવા.

પ્રતરાયત આયત સંસ્થાન પણ બે પ્રકારનાં છે. ઓજ પ્રદેશી પ્રતરાયત જઘન્યથી ૧૫ પ્રદેશી અને ૧૫ પ્રદેશોમાં અવગાહી છે. અને યુગ્મ પ્રદેશી પ્રતરાયત જઘન્યથી છ પ્રદેશી અને છ પ્રદેશોમાં અવગાહી છે. ઉત્કૃષ્ટથી બંનેના પ્રદેશો ઉપર પ્રમાણે જાણવા.

ઘનાયત આયત સંસ્થાન પણ બે પ્રકારનાં છે. ઓજ પ્રદેશી ઘનાયત જઘન્યથી ૪૫ પ્રદેશી અને ૪૫ પ્રદેશોમાં અવગાઢ હોય છે. અને યુગ્મ પ્રદેશી ઘનાયત જઘન્યથી ૧૨ પ્રદેશી અને ૧૨ પ્રદેશોમાં અવગાઢ હોય છે. ઉત્કૃષ્ટથી બંનેના પ્રદેશો ઉપર પ્રમાણે જાણવા.

**(૬) પરિમંડલ સંસ્થાન :-**

પરિમંડલ સંસ્થાનમાં બે ભેદ છે. ઘન પરિમંડલ અને પ્રત્તર પરિમંડલ.

પ્રતરપરિમંડલ સંસ્થાન જઘન્યથી ૨૦ પ્રદેશી છે અને ૨૦ પ્રદેશોમાં તેનો

અવગાહ થાય છે - ઘન પરિમંડલ સંસ્થાન જઘન્યથી ૪૦ પ્રદેશી હોય છે. અને ૪૦ પ્રદેશોમાં તેનો અવગાહ હોય છે. ઉત્કૃષ્ટથી બંનેના પ્રદેશો ઉપર પ્રમાણે જાણવા.

**સંસ્થાનોનું[૫] વિશેષ વિવેચન :-**

પરિમંડલ સંસ્થાન દ્રવ્યપણાથી કૃતયુગ્મરૂપ, ત્ર્યોજરૂપ, દ્વાપરયુગ્મ નથી. પરંતુ કલ્યોજ રૂપ જ છે. કેમ કે પરિમંડલ સંસ્થાનમાં દ્રવ્યપણાથી એકરૂપપણું જ આવે છે. એકપણાવાળી વસ્તુનો ચારથી અપહાર થતો નથી. તેથી તેમ કૃતયુગ્મપણું આવતું નથી. પરંતુ તે કલ્યોજરૂપ જ રહે છે. આ રીતે વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયન સંસ્થાન સુધીમાં એ જ પ્રમાણેનું સમજવું.

અનેક પરિમંડલ સંસ્થાનો સામાન્યપણાથી કોઈ વાર કૃતયુગ્મરૂપ છે, કોઈ વાર ત્ર્યોજરૂપ છે, કોઈ વાર દ્વાપરયુગ્મરૂપ છે અને કોઈ વાર કલ્યોજરૂપ છે. તથા વિધાનાદેશની અપેક્ષાથી તે સંસ્થાનો કૃતયુગ્મરૂપ, ત્ર્યોજરૂપ અને દ્વાપરયુગ્મ નથી. પરંતુ કલ્યોજરૂપ છે. આ પ્રમાણેનું કથન યાવત આયત સંસ્થાન સુધીમાં સમજી લેવું.

પરિમંડલ સંસ્થાન પ્રદેશોની અપેક્ષાએ કોઈ વાર કૃતયુગ્મરૂપ, કોઈ વાર ત્ર્યોજરૂપ, કોઈ વાર દ્વાપરયુગ્મરૂપ અને કોઈ વાર કલ્યોજરૂપ હોય છે. આ જ રીતે યાવત્ આયત સંસ્થાનોના સંબંધમાં પણ સઘળું કથન સમજી લેવું. અનેક પરિમંડલ સંસ્થાનો, પ્રદેશોની અપેક્ષાએ સામાન્યરૂપથી કોઈ વાર કૃતયુગ્મરૂપ, કોઈ વાર ત્ર્યોજરૂપ, કોઈ વાર દ્વાપરયુગ્મરૂપ અને કોઈ વાર કલ્યોજ રૂપ હોય છે. વિધાનાદેશથી (વિશેષથી) એક એકની અપેક્ષાથી તેઓ કૃતયુગ્મરૂપ, ત્ર્યોજરૂપ, દ્વાપરયુગ્મરૂપ, અને કલ્યોજરૂપ પણ છે. આ પ્રમાણેનું કથન યાવત્ આયત સંસ્થાનો સુધી સમજવું.

પરિમંડલ સંસ્થાન કૃતયુગ્મ પ્રદેશાવગાઢવાળું છે. ત્ર્યોજ, દ્વાપરયુગ્મ તથા કલ્યોજરૂપ નથી. વૃત્ત સંસ્થાન કોઈ વાર કૃતયુગ્મ પ્રદેશમાં, કોઈ વાર ત્ર્યોજ પ્રદેશમાં અને કોઈ વાર કલ્યોજ પ્રદેશમાં અવગાઢ કરવાવાળું છે. પરંતુ તે દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ હોતું નથી.

ત્ર્યસ્ર સંસ્થાન કોઈ વાર કૃતયુગ્મ પ્રદેશમાં, કોઈ વાર ત્ર્યોજ પ્રદેશમાં અને કોઈ

વાર દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ છે. પરંતુ કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. ચતુરસ્ર સંસ્થાનનું વૃત્ત સંસ્થાન પ્રમાણે કથન સમજવું.

આયત સંસ્થાન કોઈ વાર કૃતયુગ્મ પ્રદેશાવગઢ યાવત્ કોઈ વાર કલ્યોજ પ્રદેશાવગાઢ પણ છે.

અનેક પરિમંડલ સંસ્થાનો સામાન્ય રૂપથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે પરંતુ ત્ર્યોજ અને દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ નથી. વૃત્ત સંસ્થાનોનું યાવત્ આયત સંસ્થાનનું સઘળું કથન અનેક પરિમંડલ સંસ્થાનો પ્રમાણે સમજવું. ભેદની અપેક્ષાથી તે કૃતયુગ્મ પ્રદેશાવગાઢવાળા યાવત્ કલ્યોજ પ્રદેશાવગાઢવાળા પણ છે.

પરિમંડલ સંસ્થાન કોઈ વાર કૃતયુગ્મ સમયની સ્થિતિવાળું હોય છે. યાવત્ કલ્યોજ સમયની સ્થિતિવાળા છે. સઘળા પરિમંડલ સંસ્થાનો સામાન્યપણાથી કોઈ વાર કૃતયુગ્મ સમયની સ્થિતિવાળા પણ છે. યાવત્ કલ્યોજ સમયની સ્થિતિવાળા પણ છે. ભેદની અપેક્ષાએ પણ એ જ પ્રમાણે સમજવું.

પરિમંડલ સંસ્થાનના કથન પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધીનું સઘળું કથન સમજવું જોઈએ.

પરિમંડલ સંસ્થાન કાળાવર્ણના પર્યાયોની અપેક્ષાએ કોઈ વાર કૃતયુગ્મ છે. યાવત્ કોઈ વાર કલ્યોજરૂપ છે. એ જ રીતે નીલા, લાલ, પીળા અને ધોળા વર્ણોના પર્યાયોની અપેક્ષાથી પણ કૃતયુગ્માદિરૂપ કહ્યાં છે તેમ સમજવું.

એ જ રીતે પરિમંડલ વગેરે સંસ્થાનો બે ગંધથી, પાંચ રસથી, અને આઠ સ્પર્શથી યાવત્ રૂક્ષ સ્પર્શોના પર્યાયોથી કૃતયુગ્માદિરૂપ છે એ જ પ્રમાણે સમજવું જોઈએ.

**દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ સંસ્થાનની સમજણ :-**

પરિમંડલ સંસ્થાન દ્રવ્યપણાથી એક જ છે. કેમ કે એક પરિમંડલનો ચાર ચારથી અપહાર થતો નથી. તેથી એકપણાના વિચારમાં કૃતયુગ્મ વિગેરેનો વ્યપદેશ થતો નથી. પરંતુ કલ્યોજપણાનો વ્યપદેશ થાય છે.

પ્રદેશોની અપેક્ષાએ સામાન્યપણાથી પરિમંડલોનો વિચાર કરવામાં આવે છે, ત્યારે ચાર અપહારથી બહાર કાઢેલ તે પ્રદેશોમાંથી ચાર ચાર બચે ત્યારે કૃતયુગ્મ રૂપ હોય છે. ત્રણ બચે ત્યારે ત્ર્યોજ થાય છે. અંતમાં બે બચે ત્યારે દ્વાપરયુગ્મ થાય છે અને જ્યારે એક બચે ત્યારે કલ્યોજરૂપ થાય છે કેમ કે એકે એક પ્રદેશમાં અનેક પરમાણુઓની અવગાહના થાય છે.

કાળની અપેક્ષાએ પાંચેય સંસ્થાનો કોઈ વાર કૃતયુગ્મ સ્થિતિવાળા યાવત્ કલ્યોજ સમયની સ્થિતિવાળા હોય છે. સઘળા સંસ્થાનોનું સામાન્ય અને ભેદની અપેક્ષાથી સ્થિતિવાળા પહેલા બતાવેલ છે.

ભાવની અપેક્ષાએ બધા સંસ્થાનો પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, અને આઠ સ્પર્શોના પર્યાયોથી કૃતયુગ્માદિ રૂપ છે. અર્થાત્ એકપણા, અનેકપણાથી કૃતયુગ્મ રૂપ યાવત્ કલ્યોજરૂપ કહ્યું છે. યાવત્ આયત સંસ્થાન સુધીનું કથન સમજવું જોઈએ.

**સંગ્રહ ગાથાનો અર્થ :-**

પરિમંડલ સંસ્થાનના ૫, ૪૦, ૧૨ અને ૬ ભેદ છે. વૃત્ત સંસ્થાનના ૫, ૧૨, ૭, ૩૨ અને ૫ ભેદ છે. ત્ર્યસ્ર સંસ્થાનના ૩, ૬, ૩૫ અને ૪ ભેદ છે. ચતુરસ્ર સંસ્થાનના ૯, ૪, ૨૭ અને ૮ ભેદ છે. આયત સંસ્થાનના ૩, ૨૪, ૧૫ અને ૬ ભેદ છે.

પરિમંડલ સંસ્થાનમાં કૃતયુગ્મ વર્જીને કલ્યોજ, ત્ર્યોજ અને દ્વાપર યુગ્મ હોય છે. બાકીના સંસ્થાનમાં કૃતયુગ્મ, કલ્યોજ, ત્ર્યોજ અને દ્વાપરયુગ્મ હોય છે.

**ઇત્થં અનિત્થં સંસ્થાનના લક્ષણો :-**

જેના વિષયમાં આ સંસ્થાન આ પ્રકારનું છે એવું નિર્દેશ કરી શકાય તે ઇત્થં લક્ષણ સંસ્થાન છે. વૃત્ત, ત્રિકોણ, ચતુષ્કોણ, આયત અને પરિમંડલ આદિ બધા ઇત્થં લક્ષણ સંસ્થાન છે.

તેના સિવાય વાદળાં આદિના આકાર જો કે અનેક પ્રકારના છે. અને જેના વિષયમાં "આ તે પ્રકારનું છે" આ કહી ન શકાય તે અનિત્થં લક્ષણ સંસ્થાન છે.

**દંડકમાં સંસ્થાન :-**

सव्वे[७] सुराय चउसंसा ।
नर-तिरि छस्संठाणा, हुंडा विगलिंदि-नेरइया ॥१२॥

ગાથાર્થ :-

સર્વ દેવોને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. દેવના ૧૩ દંડકોમાં કોઈ પણ દેવ કે દેવીને સમચતુરસ્ર સિવાય બીજું સંસ્થાન નથી. પરંતુ તે ભવધારણીય (મૂળ) શરીરની અપેક્ષાએ જાણવું. કારણ કે દેવોનું ઉત્તર વૈક્રિય સંસ્થાન તો સિદ્ધાંતમાં અનેક પ્રકારનું કહ્યું છે.

ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચોને છએ સંસ્થાન હોય છે. યુગલિક મનુષ્ય અને યુગલિક તિર્યંચોને તો દેવોની જેમ એક સમચતુરસ્ર સંસ્થાન જાણવું. અને બાકીના સંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય તિર્યંચોને ૬ સંસ્થાન હોય છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોમાં પણ સર્વે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, પ્રતિવાસુદેવ આદિ સમચતુરસ્ર સંસ્થાની હોય છે.

વિકલેન્દ્રિયો અને નારકોને સર્વ લક્ષણ હીન હુંડક સંસ્થાન હોય છે. તેમાં પણ નારકોનું હુંડક સંસ્થાન પાંખ ઊખાડી નાંખેલા પક્ષી જેવું અતિ બીભત્સ અને ભયાનક હોય છે. એકેન્દ્રિયોનાં સંસ્થાન નીચે પ્રમાણે બતાવેલાં છે.

नाणाविह[८]-धय-सूई-बुब्बुय वणवाउ-तेउ अपकाया ।
पुढवी मसूर-चंदा, कारा संठाणओ भणिया ॥१३॥

**ગાથાર્થ :-**

**એકેન્દ્રિય જીવોનાં હુંડક સંસ્થાનો :-**

પ્રત્યેક વનસ્પતિકાયના જુદા જુદા અનેક આકારનાં સંસ્થાનો હોય છે. વાઉકાયનું ધ્વજાના અકારનું હોય છે. અગ્નિકાયનું સોયના આકારનું હોય છે. અપકાયનું પરપોટાના આકારનું હોય છે. પૃથ્વીકાયનું મસુરની દાળ અથવા અર્ધચંદ્રના આકારનું હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાય સિવાયના કોઈનું એક શરીર જોઈ શકાતું નથી. તેથી તેનાં સંસ્થાનો પણ જોઈ શકાતાં નથી. સૂક્ષ્મ[૯] પૃથ્વી આદિકનું અને બાદર પૃથ્વી આદિકનું પણ હુંડક સંસ્થાન ઉપર પ્રમાણે જ છે. પરંતુ વિશેષ એ જ કે સૂક્ષ્મ અને બાદર સાધારણ વનસ્પતિનું સંસ્થાન પણ વિવિધાકૃતિ છે.

*નિગોદનું[૧૦] ઔદારિક શરીર પરપોટા જેવા આકારવાળું (એટલે નક્કર ગોળા જેવું) કહ્યું છે.*

પ્રત્યેક[૧૧] વનસ્પતિકાયનું अनित्थंस्थ (અનિયત) કહ્યું છે. તથા વાઉકાય વૈક્રિય શરીર રચે તો તે પણ ધ્વજાના આકારે જ રચે છે.

**૨૪ દંડકમાં ૬ સંસ્થાન**

દેવના -૧૩ દંડકમાં - એક સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

મનુષ્યનાં -૧ દંડકમાં ૬ સંસ્થાન હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિયનાં ૧ દંડકમાં-૬ સંસ્થાન હોય છે.

૩ વિકલેન્દ્રિયનાં ૩ દંડકમાં- ૧ હુંડક સંસ્થાન હોય છે.

નારકીના ૧ દંડકમાં-૧ હુંડક સંસ્થાન હોય છે.

૫ સ્થાવરના ૫ દંડકમાં-૧ હુંડક સંસ્થાન હોય છે.

કુલ નવ દંડકમાં- ૧ હુંડક સંસ્થાન હોય છે.

**દંડકમાં સંસ્થાનના ચિંતનનું કારણ :-**

સારા અર્થાત્ પ્રભાવશાળી સંસ્થાન પણ વધારે પુણ્યથી મળે છે. સંસ્થાન નામ એ શરીર સાથે જ હોય છે. પાંચેય શરીર પુણ્યની પ્રકૃતિમાં બતાવેલાં છે. સંસ્થાન શરીરમાં જ હોય છે. ઉત્તમ પુણ્યથી ઉત્તમ સંસ્થાન મળે છે. ઓછા પુણ્યથી સંસ્થાન ઉતરતી કક્ષાનાં મળે છે.

સારા સંસ્થાનથી વ્યક્તિત્વ પ્રભાવશાળી લાગે છે. પ્રભાવશાળી વ્યક્તિત્વના કારણે સામેની વ્યક્તિ આકર્ષાય છે. જેમ કેશી સ્વામીના પ્રભાવશાળી વ્યક્તિત્વથી

આકર્ષાઈને પ્રદેશી રાજા તેમના સાન્નિધ્યમાં પહોંચ્યા. અને સાચો ધર્મ પામી ગયા. શ્રેણીક મહારાજા, અનાથીમુનિના વ્યક્તિત્વથી આકર્ષાઈને ધર્મ સમજી સમકિતરત્ન ને પ્રાપ્ત કરી લીધું. પરંતુ એકાંતે એવો નિયમ નથી કે ઉત્તમ સંસ્થાનવાળા વિશેષ ઉત્થાન પામી શકે. કેમ કે હરિકેશી સ્વામીનું સંસ્થાન હુંડક હતું છતાં તેમણે સંયમનો સ્વીકાર કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

સંસ્થાન ભલે સારું મળે કે નિમ્ન મળે પરંતુ જીવનમાં કાર્યો તો સારાં જ કરવાં જોઈએ. ઉત્તમ કાર્યો કરવાથી પછીના ભવમાં સારું સંસ્થાન મળી જાય છે. સારાં સંસ્થાન મેળવવા માટે સારાં કામ કરવાનાં નથી. સારું જીવન બનાવવા માટે સારાં કાર્યો કરવાનાં છે. એવી પ્રેરણા દંડકમાં સંસ્થાનનું ચિંતન કરવાથી મળે છે. મોક્ષે જવા માટે સંસ્થાન ગમે તે ચાલશે પરંતુ કાર્યો તો ઉત્તમ કરવાં જરૂરી છે.

**ટિપ્પણી :-**

૧. જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ ભા. ૪ પૃ. ૧૫૫
ભગ. શ. ૨૫ ઉ. ૩ સૂ. ૨

૨. જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ ભા. ૪ પૃ. ૧૫૫
ભગ. શ. ૨૫ ઉ. ૩

૩. ભગ. શ. ૨૫ ઉ. ૩.

૪. ભગ. શ. ૨૫ ઉ. ૩ સૂ. ૩

૫. ભગ. શ. ૨૫ ઉ. ૩

૬. ભગ. શ. ૨૫ ઉ. ૩

૭. દંડક પ્રકરણ ગા. ૧૨

૮. દંડક પ્રકરણ ગા. ૧૩

૯. જીવા. સૂત્ર

૧૦. સંગ્રહણી વૃત્તિ

૧૧. શ્રી તત્ત્વાર્થ વૃત્તિ

# (૬ઠ્ઠું) કષાય દ્વાર

## "ક્રોધનું સ્વરૂપ"

દંડક પ્રકરણમાં દંડકના ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. વિવેચનમાં ૬ઠ્ઠા દ્વારમાં કષાય વિષયક વિચારણા કરેલ છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે પ્રમાણે છે.

**કષાયના અર્થો :-**

શાસ્ત્રમાં કષાયના જુદા જુદા અર્થો કરવામાં આવ્યા છે. (૧) જે કર્મ રૂપી ક્ષેત્રને ખેડીને સુખ, દુઃખરૂપી ધાન્યની ઉપજને વાવે છે તેને કષાય કહે છે. 'કષ' એટલે સંસાર, તેનો 'આય' એટલે લાભ અપાવે, તે સંસારનું કર્મ પરંપરાનું મૂળ આ કષાય છે[૧] (૨) જે શુદ્ધ સ્વભાવી જીવને કલુષિત અથવા કર્મથી મલિન કરે છે. તેને કષાય કહે છે.[૨] कलुष् ધાતુથી કષાય શબ્દ બન્યો છે. कलुष् ધાતુને कष् આદેશ થઈ જાય છે[૨] (૩) જે સુખ દુઃખરૂપી ઉપજને માટે કર્મક્ષેત્રને कृषन्ति અર્થાત્ ખેડે છે. અથવા જે જીવને કલુષિત કરે છે તેને કષાય કહે છે.[૩] (૪) નવાં કર્મો બંધાવીને આત્માનો સંસાર વધારી મૂકે તેને પણ કષાય કહે છે.[૪] (૫) આત્માની અંદરના અશુભ-કલુષ પરિણામને કષાય કહે છે.[૫] (૬) કષાય એટલે મલિનતા. કર્મ બંધનું મુખ્ય કારણ કષાયરૂપી આત્માની વૈભાવિક મલિનતા છે. કર્મો સંસારનું કારણ છે. કષાયના રસથી મળીને જે કંઈ પણ બહાર આવશે તે મલિન, અપવિત્ર અને અશુદ્ધ જ આવે છે.[૬]

આગમોમાં, કર્મગ્રંથમાં કષાયના ચાર પ્રકાર બતાવેલા છે. ક્રોધ, માન, માયા અને લોભ.

**ક્રોધના અર્થો :-** આગમમાં ક્રોધના ભિન્ન-ભિન્ન અર્થો કરવામાં આવ્યા છે.

પ્રથમ ક્રોધનો અર્થ બતાવેલ છે. (૭) જે કોઈ અપરાધી કે અનપરાધી વિશે ખોટા વિચારો કરવા, પારકાને બાંધવાના, ઘાત કરવાના, ચાબુકથી મારવાના, અંગચ્છેદ કરવાના વિચારો મનમાં ઉત્પન્ન થાય તેને ક્રોધ કહેવાય છે.[૭] વળી બીજા પણ ક્રોધના જુદા-જુદા અર્થ આગમોમાં, ગ્રંથોમાં બતાવેલા છે. જેમ કે (૮) અપ્રીતિ, સામસામા વચનો સંભળાવવાં, ખાર એટલે કે બીજા પર દુષ્ટ આશય રાખવો, અને પરસ્પર મત્સર એટલે એક બીજાએ ઈર્ષ્યા રાખવી.[૮] ક્રોધની વ્યાખ્યા કર્યા બાદ ક્રોધના ૪ પ્રકારો વર્ણવ્યા છે. તેને **અનંતાનુબંધી,** અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન કહે છે.

**અનંતાનુબંધી :-** ચાર કષાય અનંતા સંસારના મિથ્યાત્વનો ઉદય કરે છે. ખૂબ તીવ્ર અસર કરે તેવું એક વખત બંધાયેલું આ જાતનું કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે પણ એટલા જોરથી ઉદયમાં આવે કે ફરીથી પહેલાં જેવાં જ લગભગ ઉગ્ર કર્મો બંધાય, આ એ રીતે સમજી શકાય કે એક વખત બંધાયેલા કર્મની ખરાબીનું જોર બીજા અનંતવાર કર્મ બંધાય ત્યાં સુધી પહોંચે છે. આ કર્મો સાચી સમજ થવા દેતાં નથી. આ જાતના[૯] કષાયોવાળાનો વૈરાનુબંધ ઘણો તીવ્ર હોય છે. તેના સદ્ભાવમાં સમકિતની પ્રાપ્તિ થતી નથી. અનંતાનુબંધી કષાય ઉત્કૃષ્ટ જાવજ્જીવ સુધી રહે છે.

**અપ્રત્યાખ્યાની :-** ચાર કષાયના ઉદયથી થોડુંક પણ પચ્ચખાણ ઉદયમાં આવતું નથી. સાચી સમજ હોવા છતાં આ કષાયો કોઈ પણ પ્રકારનો ત્યાગ થવા દેતાં નથી. તે કષાય એક વર્ષ સુધી રહે છે.

પ્રત્યાખ્યાની કષાય સર્વવિરતિરૂપ પચ્ચખાણ કરવા દેતાં નથી. તે કષાય ચાર માસ સુધી રહે છે. સંજવલન કષાય સહેજ આત્મગુણને બાળનાર છે. ચારિત્રીયાને પણ (ઉદય આવે) બાળે છે. તે કષાય ૧૫ દિવસ સુધી રહે છે.

**અનંતાનુબંધી ક્રોધ[૧૦] :-** ચારેય પ્રકારના ક્રોધને જુદી જુદી ઉપમા આપેલ છે. પ્રથમ અનંતાનુબંધી ક્રોધ તે પર્વતમાં પડેલી ફાટ સમાન છે. પર્વતમાં પડેલી ફાટ કોઈ દિવસ પુરાતી નથી. તેવી જ રીતે જિંદગીના અંત સુધી કૃષ્ણલેશ્યાવાળા ક્રોધિત આત્માનો અનંતાનુબંધી ક્રોધ સમતો નથી. સતત તે ક્રોધથી ધગધગતો રહે છે. તેવી લેશ્યા અને ક્રોધના પરિણામનાં કારણે તેવો જીવ નરકગતિમાં જાતિ છે.

**અપ્રત્યાખ્યાની ક્રોધ[11] :-** બીજો અપ્રત્યાખ્યાની ક્રોધ તે કઠણ પૃથ્વીની ફાટ સમાન છે. પૃથ્વીમાં પડેલી ફાટ એટલે ચિરાડ. જ્યારે બાર મહિને વરસાદ વરસે છે. ત્યારે તે પુરાઈ જાય છે. તેવી જ રીતે આ ક્રોધના પરિણામવાળો હોય તેનો ક્રોધ ૧૨ મહિના પહેલાં સમતો નથી. આ ક્રોધ સાથે નીલલેશ્યાવાળો જીવ તિર્યંચગતિમાં જાય છે.

**પ્રત્યાખ્યાની ક્રોધ[12] :-**

ત્રીજો પ્રત્યાખ્યાની ક્રોધ તે રેતીમાં પડેલી રેખા સમાન છે. રેતીમાં પડેલી રેખા પવન આવવાથી ભૂંસાઈ જાય છે. આ ક્રોધ પણ ચાર મહિના સુધી રહે છે. પછી રહેતો નથી. આવા ક્રોધવાળો કાપોતલેશ્યાવાળો જીવ મનુષ્યગતિને પ્રાપ્ત કરે છે. ચાર મહિના પછી આ ક્રોધ સમી જવાના કારણે પરિણામો ઉગ્ર રહેતાં નથી. પરિણામો ઋજુ થઈ જવાના કારણે જીવ ગુણસ્થાનમાં આગળ જઈ શકે છે.

**સંજ્વલન ક્રોધ[13] :-**

ચોથો સંજ્વલન ક્રોધ તે પાણીમાં પડેલી રેખા સમાન છે. પાણીમાં રેખા પડે ખરી પરંતુ તરત જ ભૂંસાઈ જાય છે. તેમ સંજ્વલન ક્રોધ ૧૫ દિવસ સુધી જ ટકે છે. પાણીની રેખાને પુરાતાં વાર ન લાગે તેમ આ સંજ્વલન ક્રોધને શાંત થતાં વધારે સમય ન લાગે. આ ક્રોધનો પણ ઉપશમ થઈ જતાં જીવ છઠ્ઠા ગુણસ્થાનથી ઉપર ચડી શકે છે. આ ક્રોધના પરિણામવાળો તેજોલેશ્યાવાળો જીવ મરીને દેવગતિમાં જાય છે.

**ક્રોધના આગમિક અન્ય પ્રકારો[14] :-**

પ્રજ્ઞાપના સૂત્રમાં ૧૪મા પદમાં ક્રોધના બીજા ચાર પ્રકારો બતાવેલા છે. (૧) આભોગ નિવર્તિત એટલે ઉપયોગપૂર્વક ઉત્પન્ન કરેલ હોય. (૨) અનાભોગ નિવર્તિત એટલે ઉપયોગ વિના ઉત્પન્ન કરાવેલ હોય. (૩) ઉપશાંત અને (૪) અનુપશાંત

આ ઉપરાંત આ જ સૂત્રમાં બીજા પણ ક્રોધના ચાર પ્રકારો બતાવ્યા છે. (૧) પ્રથમ આત્મા પ્રતિષ્ઠિત ક્રોધ તે પોતાના ઉપર કરે છે. (૨) બીજો પર પ્રતિષ્ઠિત ક્રોધ એટલે બીજાના ઉપર ક્રોધ કરે છે. (૩) ત્રીજો ઉભય પ્રતિષ્ઠિત એટલે પોતાના અને બીજા ઉપર ક્રોધ કરે છે. (૪) ચોથો અપ્રતિષ્ઠિત એટલે કોઈ પણ કારણ ન હોય છતાં પણ ક્રોધ કરે છે. પ્રથમના ત્રણ પ્રકારના ક્રોધની ઉત્પત્તિમાં કોઈ ને કોઈ કારણ હોય

છે. જ્યારે ચોથા પ્રકારના ક્રોધની ઉત્પત્તિમાં કોઈ કારણ હોતું નથી.

**ક્રોધનાં પરિણામો[૧૯] :-**

ક્રોધનાં જુદાં જુદાં પરિણામો આવે છે, તે નીચે પ્રમાણે છે.

ક્રોધી વ્યક્તિ જરૂરી કે બિનજરૂરી, ધર્મ કે અધર્મ, કર્મ કે અકર્મ, યશ કે અપયશ, કીર્તિ કે અપકીર્તિ, કાર્ય કે અકાર્ય, ભક્ષ્ય કે અભક્ષ્ય, ગમ્ય કે અગમ્ય, વાચ્ય કે અવાચ્ય, પેય કે અપેય, સદ્ગતિ કે દુર્ગતિ, પથ્ય કે અપથ્યનો વિવેક કરતો નથી. ખોટા વિકલ્પોથી કોપાયમાન થયેલ અને મહાપાપ સમૂહથી ભરેલો મનુષ્ય સગાભાઈ બહેનોને પણ મારી નાંખે છે. દશ. સૂત્રના આઠમા અધ્યયનની ૩૮મી ગાથામાં કહ્યું છે કે જેમ ચીનગારીઓની વૃષ્ટિ થવાથી લોકો ઉદ્વિગ્ન થઈ જાય છે, તેમ ક્રોધ રૂપી અગ્નિથી પ્રજ્વલિત હૃદયવાળાનાં વચનોથી લોકો વિરક્ત થઈ જાય છે. તેથી ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. વળી ક્રોધ પુનર્ભવમાં મૂળ કારણ મિથ્યાત્વ આદિનું સિંચન કરે છે. તેથી વારંવાર જન્મ મરણ કરવાં પડે છે. ક્રોધ પોતાને પરિતાપ ઉપજાવે છે. અને બીજા સર્વને પણ ઉદ્વેગ કરાવનાર થાય છે. વેરની પરંપરા ઉત્પન્ન કરાવીને સદ્ગતિનો નાશ કરે છે. ક્રોધરૂપી અગ્નિ તે આઠ વર્ષ ન્યૂન એવા પૂર્વ ક્રોડી વર્ષ સુધીનાં તપ અને ચારિત્રથી જે શુભ કર્મ ઉપાર્જન કર્યું હોય તેને અલ્પકાળમાં બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે.

ક્રોધી વ્યક્તિનું મોઢું લાલ થઈ જાય છે. હોઠ ફરકવા માંડે છે અને શરીર ધ્રુજવા લાગે છે. ક્રોધી વ્યક્તિ આ લોક અને પરલોકનું સુખ છેદી નાંખે છે. પોતાનો અને બીજાનો અનર્થ કરે છે. ક્રોધમાં અંધ બનેલા નિર્દયી વ્યક્તિઓ માતા, પિતા, ગુરુ મિત્ર, બાંધવ અને પત્નીને પણ મારી નાંખે છે. ક્રોધનાં કાર્યો કરનાર જીવ સજ્જડ પાપ કર્મ કરે છે.

ઉપદેશમાલામાં કર્તાએ ક્રોધને સર્પની ઉપમા આપી છે. જે રીતે પુરુષ ભયંકર, પ્રચંડ અને દાઢમાં રહેલા ઝેરવાળા સર્પને લાકડી-ઢેફાં આદિથી માર મારે છે. તેના કારણે તે મારનારનો વિનાશ તેજ સર્પના ઝેર ઉડવાથી થાય છે. ક્રોધની ઉદીરણા કરનાર પોતાના અનેક મરણો પામે છે.

ક્રોધ કરવાથી સંતાપનો વધારો થાય છે. વિનયનો નાશ થાય છે. પાપ વચનો પેદા થાય છે. કજિયા-કંકાસ થાય છે. કીર્તિનો નાશ થાય છે. કુબુદ્ધિ પેદા થાય છે. અને પુણ્યોદયનો નાશ થાય છે.

ક્રોધથી આત્મા મલિન થઈ જાય છે. ક્રોધી વ્યક્તિ બીજાનો તિરસ્કાર કરે છે. પોતાની જ મરજી પ્રમાણે તે વર્તન કરે છે. પરિવારની સાથે વાસ કરી શકતો નથી. કરેલા ઉપકારને ઓળવે છે. તેમાં સમતાનો અભાવ જ દેખાય છે.

ક્રોધને જીતવાના ઉપાયો પણ શાસ્ત્રકારોએ બતાવેલા છે. અનંત આત્માઓએ ક્રોધને જીત્યો છે. ક્રોધને ક્ષમા દ્વારા જીતી શકાય છે. સહનશીલતાનો ગુણ કેળવવાથી ક્રોધને વશમાં રાખી શકાય છે.

**દંડકમાં ક્રોધ વિશે[૧૬] :-**

દંડકમાં ક્રોધ વિશે કહેવામાં આવેલ છે. ૨૪ દંડકના ૨૪ દ્વારમાં છઠ્ઠો કષાય દ્વાર છે. તેમાં ચાર કષાયો બતાવેલ છે. પ્રથમ ક્રોધ છે. બધા જ દંડકમાં ક્રોધ રૂપી કષાય હોય છે. એકેન્દ્રિયોમાં તેનો ઉદય અસ્પષ્ટ હોય છે. બેઇન્દ્રિયાદિકમાં કંઈક અધિક સ્પષ્ટ હોય છે. અને પંચેન્દ્રિયોમાં ક્રોધનો ઉદય સ્પષ્ટ હોય છે. ક્રોધ રહિત તો માત્ર મનુષ્યના દંડકમાં વિતરાગી ભગવંતો હોય છે. અને સિદ્ધ પરમાત્માઓ પણ ક્રોધ રહિત હોય છે.

ક્રોધનાં કારણે જીવ અનેક રીતે દંડાય છે. તે નીચે પ્રમાણે બતાવેલ છે. અનંતાનુબંધી ક્રોધનાં કારણે સમ્યક્ત્વ ગુણનો ઘાત થાય છે. તેનો અનંતો સંસાર વધી જાય છે. તેની સમજણ વિપરીત હોય છે. સાચા દેવ-ગુરુ અને ધર્મ તત્ત્વને તે પિછાણી શકતો નથી. અપ્રત્યાખ્યાની ક્રોધનાં કારણે દેશવિરતિનો ઘાત થાય છે. તે આત્મા પાંચમાં ગુણસ્થાનનો સ્પર્શ કરી શકતો નથી. તેમાં સમકીત હોય પણ જીવ કોઈ પણ જાતના વ્રત પચ્ચખાણ કરી શકતો નથી. આશ્રવોનાં દ્વાર તો વ્રત પચ્ચખાણથી જ બંધ કરી શકાય છે. અવ્રતી અને અપચ્ચખાણી હોવાથી આશ્રવના દ્વારમાંથી કર્મનો પ્રવાહ આત્મારૂપી તળાવમાં આવ્યા કરે છે. પ્રત્યાખ્યાની ક્રોધ સર્વ વિરતીનો પ્રતિબંધક છે. આ કષાયના સદ્ભાવમાં તે સર્વવિરતી-સંયમી બની શકતો નથી. દેશથી વ્રતો, પચ્ચખાણો કરી શકે પરંતુ સંપૂર્ણપણે તે છ કાયના જીવોની દયા પાળી શકતો નથી.

પાંચ મહાવ્રતોનો તે ભાવથી સ્વીકાર કરી શકતો નથી. ચોથો સંજ્વલન ક્રોધ યથાખ્યાત ચારિત્રને ઉત્પન્ન થવા દેતો નથી. જ્યાં સુધી સંજ્વલન કષાયનો સદ્ભાવ હોય છે, ત્યાં સુધી વીતરાગી બની શકાતું નથી. તેમાં આઠમાં ગુણસ્થાનેથી ઉપશમ કે ક્ષપક શ્રેણી માંડે છે. નવમા ગુણસ્થાનમાં જતાં સંજ્વલન ક્રોધનો ઉપશમ કે ક્ષય થતાં તે જીવ આગળના ગુણસ્થાનમાં જઈ શકે છે. આ રીતે ચોવીસે દંડકોમાં ચારેય પ્રકારના ક્રોધવાળા જીવો હોય છે.

**ક્રોધની ઉત્પત્તિનાં કારણો[17] :-**

ક્રોધની ઉત્પત્તિ ચાર કારણે થાય છે. (૧) ક્ષેત્ર અર્થાત્ ખેતર જમીનના નિમિત્તથી એટલે ખુલ્લી જમીન માટે પરસ્પર ક્રોધ ઉત્પન્ન થાય છે. તે નિમિત્તે સગા ભાઈઓ કે પિતા-પુત્ર પણ કોર્ટ સુધી પહોંચે છે. (૨) વાસ્તુ અર્થાત્ મકાન આદિ ઈમારતોના નિમિત્તથી. એટલે ઢાંકેલી જમીન માટે ક્રોધ ઉત્પન્ન થાય છે. તેમાં ઑફિસ, કારખાના, મિલો આદિ બધાં સ્થાનોનો સમાવેશ થઈ જાય છે. (૩) શરીરના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થાય છે. શરીરના નિમિત્તમાં ભોજન, બિમારી આદિ આવી શકે છે. (૪) ઉપધિ અર્થાત્ ઉપકરણોના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થાય છે. તેમાં વસ્ત્ર, અલંકારો, વસ્તુઓ વગેરેનો સમાવેશ થાય છે. એનાં સિવાય બીજાં સાધનોને જ્યારે કોઈ કારણથી હાની પહોંચે ત્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે. આ ચોથા કારણમાં બધી પ્રિય વસ્તુઓનો પણ સમાવેશ થઈ જાય છે.

ઠાણાંગસૂત્રના[18] ૪થે ઠાણે ચાર પ્રકારના આવર્ત કહ્યા છે. તેમાં પ્રથમ છે ખરાવર્ત, પાણીમાં જે વમળો પેદા થાય છે. તેને આવર્ત કહે છે. પાણીનો વેગ પ્રબળ હોય છે ત્યારે પાણીમાં વમળો ઊઠે છે અને ત્યાં પાણી પ્રબળ વેગથી ચક્કર-ચક્કર ફરે છે. આવી જગ્યાએ ચતુરમાં ચતુર તરવૈયો પણ તરી શકતો નથી. આવા વમળમાં ફસાયેલો માણસ બહાર નિકળી શકતો નથી તે આવર્ત એવો નિષ્ઠુર હોય છે. ક્રોધ કષાય ખરાવર્ત સમાન છે. કેમ કે તે ખરાવર્ત સમાન કઠોર અને અપકાર કરનારો હોય છે. ખરાવર્ત સમાન ક્રોધથી યુક્ત બનેલો જીવ જો મરણ પામે તો નારકીમાં ઉત્પન્ન થાય છે. ખરાવર્ત સમુદ્ર, નદી આદિના જળમાં થાય છે. ખરાવર્ત સાથે ક્રોધની સમાનતા પ્રગટ કરવામાં આવી છે, તે સામાન્ય ક્રોધમાં ગ્રહણ કરવાની નથી. પરંતુ ઉત્કૃષ્ટ ક્રોધમાં

જ આ સમાનતા સમજવી જોઈએ.

ક્રોધ કષાયના એક થી નવ ગુણસ્થાન હોય છે. ૨૪ દંડકમાંથી એક મનુષ્યના દંડકવાળા અક્રોધી થઈને કેવલજ્ઞાની થઈ શકે છે. બાકીના ૨૩ દંડકવાળા નિયમથી ક્રોધ કષાયવાળા હોય છે. મનુષ્યના દંડકમાં ક્રોધી અને અક્રોધી બંને પ્રકારના જીવો હોય છે.

## માનનું સ્વરૂપ

**માનનો અર્થ :-** શાસ્ત્રમાં માનના વિભિન્ન અર્થો બતાવ્યા છે.

(૧) માન એટલે અભિમાન[૧૯] (૨) આઠ પ્રકારના મદ, અહંકાર[૨૦] (૩) બીજાના અવર્ણવાદ[૨૧] (૪) પોતાનો ઉત્કર્ષ-આપબડાઈ[૨૨] (૫) બીજાનો પરાભવ, બીજાની નિંદા, બીજાના ગુણો ઉપર દોષ આરોપવા[૨૨], (૫) બીજાની જાતિ હલકી પ્રગટ કરવી[૨૩], (૭) કોઈનો પણ ઉપકાર ન કરવો, અક્કડતા, અવિનય, વડિલને દેખી ઊભા ન થવું, આસન ન આપવું[૨૪], આ બધા માનના અર્થ છે. તે ઉપરાંત જાતિ, કુળ, બળ, વિદ્યા, ધન વગેરે વડે હું ચડિયાતો છું મારા કરતાં તે દરેક રીતે ઉતરતી કક્ષાનો છે. એનું હું શા માટે સહન કરી લઉં ? આવા પ્રકારના વિચાર કરવા તેને માન કહેવાય છે.

કર્મ સાહિત્યમાં માનના ચાર પ્રકારો બતાવ્યા છે. (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાની (૩) પ્રત્યાખ્યાની અને (૪) સંજ્વલન. તેના અર્થ આદિ નીચે પ્રમાણે છે.

**(૧) અનંતાનુબંધી માન[૨૫] :-**

શાસ્ત્રીય ગ્રંથોમાં ચારેય પ્રકારના માનને જુદી જુદી ઉપમા આપી સમજાવેલ છે. પ્રથમ અનંતાનુબંધી માન તે પથ્થરના સ્તંભ સમાન છે. પથ્થરનો સ્તંભ (થાંભલો) જરાપણ નમતો નથી. તેવી જ રીતે અનંતાનુબંધી માનવાળો જીવ જરાપણ નમતો નથી. ગમે તેવા નિમિત્ત ઉત્પન્ન થવા છતાં તે અક્કડ જ રહે છે. અનંતાનુબંધી માનના પરિણામવાળા જીવો સમ્યક્ત્વ પામી શકતા નથી. મિથ્યાત્વમાં રચ્યાપચ્યા રહેતા હોવાથી મરીને નરકમાં જાય છે.

**(૨) અપ્રત્યાખ્યાની માન[૨૬] :-**

અપ્રત્યાખ્યાની માન તે હાડકાના સ્તંભ (થાંભલા) સમાન છે. હાડકાનો સ્તંભ મહાકષ્ટથી નમી શકે છે. તેવી જ રીતે અપ્રત્યાખ્યાની માનવાળા જીવ મહાકષ્ટથી કે ખૂબ સમજાવવાથી નમે છે. અપ્રત્યાખ્યાની માનના પરિણામવાળા જીવો દેશવિરતિ ચારિત્ર ગ્રહણ કરી શકતા નથી. તેથી આવા પરિણામમાં જ જો તે હોય તો મરીને તિર્યંચ ગતિમાં જાય છે.

**(૩) પ્રત્યાખ્યાની માન[૨૭] :-**

પ્રત્યાખ્યાની માન તે લાકડાના સ્તંભ સમાન છે. લાકડાનો સ્તંભ તે પ્રત્યત્ન કરવાથી નમે છે. તેવી જ રીતે પ્રત્યાખ્યાની માનવાળા જીવ ઉપાય-પ્રયાસ કરવાથી નમે છે. પ્રત્યાખ્યાની માનના પરિણામવાળા જીવો સર્વવિરતી ગ્રહણ કરી શકતા નથી તેથી તેઓ આ પરિણામમાં હોય તો મરીને મનુષ્ય ગતિમાં જાય છે.

**(૪) સંજ્વલન માન[૨૮] :-**

સંજ્વલન માન તે નેત્રલતા-વાંસની લતા સમાન છે. તેને જેમ વાળીએ તેમ વળે છે. તેવી જ રીતે સંજ્વલન માનવાળા જીવો થોડા પ્રયાસથી જ નમ્ર બને છે. માન આવે પરંતુ તરત જ ચાલ્યું પણ જાય છે. તેવા જીવો જ્ઞાન-સમજથી નમ્ર બની જાય છે. અર્થાત્ કોમળ અને નમ્રતાવાળા બની શકે છે. સંજ્વલન માનના પરિણામવાળા જીવો મરીને દેવગતિમાં જાય છે.

**માનના અન્ય આગમિક પ્રકારો[૨૯] :-**

*પ્રજ્ઞાપના સૂત્રના ૧૪માં પદમાં માનના બીજા ચાર પ્રકારો બતાવેલા છે.* તે ક્રોધના પ્રકારોની જેમ વર્ણવ્યા છે.

(૧) પ્રથમ આભોગ નિવર્તિત અર્થાત ઉપયોગપૂર્વક ઉત્પન્ન કરાવેલ હોય. (૨) બીજો અનાભોગ નિવર્તિત અર્થાત્ ઉપયોગ વિના ઉત્પન્ન કરાવેલ હોય. (૩) ત્રીજો ઉપશાંત અને (૪) ચોથો અનુપશાંત.

આ ઉપરાંત આ જ સૂત્રમાં માનના બીજા પણ ચાર પ્રકારો બતાવેલા છે. (૧) પ્રથમ આત્મપ્રતિષ્ઠિત માન તે પોતાના માટે માન કરે છે. (૨) બીજો પર પ્રતિષ્ઠિત

માન તે બીજાના માટે માન કરે છે. (૩) ત્રીજો ઉભય પ્રતિષ્ઠિત માન અર્થાત્ પોતાના માટે અને બીજાના માટે માન કરે છે. (૪) ચોથો અપ્રતિષ્ઠિત માન એટલે કે કોઈ પણ કારણ ન હોય છતાં પણ માન કરે છે. પ્રથમ ત્રણ પ્રકારના માનની ઉત્પત્તિમાં કોઈ કારણ હોય કે જ્યારે ચોથા પ્રકારના માનનો ઉત્પત્તિમાં કોઈ ને કોઈ કારણ હોય છે. જ્યારે ચોથા પ્રકારના માનની ઉત્પત્તિમાં કોઈ કારણ હોતું નથી.

ઠાણાંગસૂત્રના[30] ૪થે ઠાણે ચાર પ્રકારના આવર્ત બતાવ્યા છે. તેમાં બીજા આવર્તનું નામ ઉન્નતાવર્ત છે. ગિરિના શિખરનાં આરોહણવાળા માર્ગ પર ઉન્નતાવર્તનો સદ્ભાવ હોય છે. અથવા જ્યારે ખૂબ પવન વાય છે ત્યારે ધૂળ, પર્ણ આદિ ચક્કર-ચક્કર ફરતાં ફરતાં આગળ વધે છે તેને ચક્રવાત, વંટોળિયો અથવા ડમરી કહે છે. આવા પ્રકારના આવર્તને ઉન્નતાવર્ત કહે છે.

માન કષાયને ઉન્નતાવર્ત જેવો કહેલ છે. કેમ કે જેમ ઉન્નતાવર્ત પત્ર તૃણાદિને ઉન્નત સ્થાને ચડાવે છે. તેમ આ માન કષાય પણ મનનું ઉન્નતરૂપે સ્થાપક હોવાથી તેને ઉન્નતાવર્ત સમાન કહેલ છે. માનથી યુક્ત બનેલો જીવ અભિમાનથી યુક્ત મનવાળો બને છે. આ માન કષાયમાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મૃત્યુ પામે તો નરકગતિમાં જ જાય છે.

ઉન્નતાવર્તની સાથે જે માનની સમાનતા બતાવી છે. તે સામાન્ય માનમાં ગ્રહણ કરવાની નથી. પરંતુ ઉત્કૃષ્ટ માનમાં આ સમાનતા સમજવી જોઈએ.

**માનનાં પરિણામો[31] :-**

માન કરવાથી જીવ મલીન પરિણામ સ્વરૂપ હોવાથી સંસારમાં રખડનારો થાય છે. શાસ્ત્રીય પરિભાષા મુજબ અને આ વર્તમાનમાં અભિમાન એ સંતાપ કરાવનાર અને ધનનો નાશ કરાવનાર છે. પરાભવનું મૂળ માન છે. પ્રિયબંધુનો નાશ કરનાર માન છે. માન એ સદ્ગતિનો માર્ગનાશક અને અનર્થ કરનાર છે. માન રૂપી મહાગ્રહથી ઘેરાયેલો જીવ, માતા-પિતા અને ભાર્યાને સાક્ષાત્ મરણ પામતાં દેખવા છતાં માનના લીધે અટકાવતો નથી અને મરવા દે છે.

ઉપદેશમાલામાં પણ કહ્યું છે કે "સમતા રૂપ હાથીને બાંધવાના સ્તંભને તોડતા,

નિર્મલ બુદ્ધિરૂપી દોરડાને તોડતા, દુર્વચન રૂપી ધૂળને સૂઢથી ઉછાળતા, પૃથ્વી પર પોતાની ઇચ્છાનુસાર ભ્રમણ કરતા, વિનય રૂપ વનમાર્ગને ઉખેડી નાંખતા, મદોન્મત હાથીની જેમ મદમાં અંધ બનેલો મનુષ્ય કયો અનર્થ કરતો નથી ? શ્રુત, શીલ અને વિનયને દૂષિત કરનાર અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં વિઘ્ન કરનાર માન છે.

**દંડકમાં માન વિશે**[32] **:-**

કષાય અંતર્ગત આવતો માન કષાય પણ દંડક સ્વરૂપ હોવાથી દંડક સૂત્રમાં માન વિશે વર્ણન કરવામાં આવેલ છે. ૨૪ દંડકના ૨૪ દ્વારમાં છઠ્ઠું કષાય દ્વાર છે. કષાય દ્વારમાં ચાર કષાયો બતાવ્યા છે. બીજા નંબરનો કષાય માન છે. બધા જ દંડકમાં માન રૂપી કષાય હોય છે. એકેન્દ્રિયમાં તેનો ઉદય અસ્પષ્ટ હોય છે. બેઇન્દ્રિયાદિકમાં કંઈક અધિક સ્પષ્ટ હોય છે. અને પંચેન્દ્રિયમાં અત્યંત સ્પષ્ટ હોય છે. માન રહિત તો માત્ર એક મનુષ્યના દંડકના વિતરાગી ભગવંતો અને સિદ્ધ ભગવંતો જ હોય છે.

માનના કારણે જીવ અનેક રીતે દંડાય છે. તેનું વર્ણન શાસ્ત્રોમાં આ પ્રમાણે બતાવેલ છે. આ વર્ણન ક્રોધ કષાયના સ્વરૂપ પ્રમાણે જ છે. યથા અનંતાનુબંધી[33] માનના કારણે સમ્યક્ત્વગુણનો ઘાત થાય છે. અને તેનો અનંતો સંસાર વધી જાય છે. તે સમજણ વિપરીત હોવાથી સાચા દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વને પિછાણી શકતો નથી. અપ્રત્યાખ્યાની માનના કારણે દેશવિરતિનો ઘાત થાય છે. તેમાં સમકિત તો હોય છે. પરંતુ તે પાંચમાં ગુણસ્થાનનો સ્પર્શ કરી શકતો નથી. અને કોઈ પણ જાતનાં વ્રત પચ્ચખાણ કરી શકતો નથી. પ્રત્યાખ્યાની માન સર્વવિરતીનો ઘાત કરે છે. તે દેશથી વ્રતો, પચ્ચખાણો કરી શકે છે. પરંતુ સંપૂર્ણપણે સંયમી બની શકતો નથી. સંજ્વલન માન યથાખ્યાત ચારિત્રને ઉત્પન્ન થવા દેતો નથી. જ્યાં સુધી સંજ્વલન માન હોય ત્યાં સુધી તે વીતરાગી બની શકતો નથી. યથાખ્યાત ચારિત્રના ૧૧ થી ૧૪ ગુણસ્થાન છે. માનના સદ્ભાવમાં ઉપરના ગુણસ્થાનોને સ્પર્શી ન શકે તેથી યથાખ્યાત ચારિત્ર પણ આવી ન શકે. આ રીતે ૨૪ દંડકોમાં ચારેય પ્રકારના માનવાળા જીવો હોય છે.

**માનની ઉત્પત્તિનાં કારણો**[34] **:-**

માનની ઉત્પત્તિ ચાર કારણે થાય છે. (૧) ક્ષેત્ર અર્થાત્ ખેતર જમીનના

નિમિત્તથી એટલે કે ખુલ્લી જમીન માટે પરસ્પર માન ઉત્પન્ન થાય છે. (૨) વાસ્તુ અર્થાત્ મકાન આદિ ઇમારતોના નિમિત્તથી. એટલે કે ઢાંકેલી જમીન માટે માન ઉત્પન્ન થાય છે. (૩) શરીરના નિમિત્તથી માન ઉત્પન્ન થાય છે. શરીરના નિમિત્તમાં ભોજન, બિમારી આદિનો સમાવેશ થાય છે. (૪) ઉપધિ અર્થાત્ ઉપકરણોના નિમિત્તથી માન ઉત્પન્ન થાય છે. તેમાં વસ્ત્ર, અલંકારો, વસ્તુઓ વગેરેનો સમાવેશ થાય છે.

માન[૩૫] કરવાથી વિનયનો નાશ થાય છે. વિનય એ જ ધર્મનું મૂળ છે. મૂળ વિના વૃક્ષ બની શકતું નથી. એવી જ રીતે વિનય એ ધર્મનું મૂળ છે. અને તેના દ્વારા ચારિત્ર રૂપ વૃક્ષ તૈયાર થાય છે. માનના કારણે તે તીર્થંકર, ગુરુ આદિની મર્યાદાનું અતિક્રમણ કરે છે.

દશવૈકાલિક-સૂત્રના આઠમાં અધ્યયનમાં માનને જીતવાના[૩૬] પણ જ્ઞાનીઓએ ઉપાયો બતાવ્યા છે. માનને વિનયથી જીતાય છે. માર્દવતાના સેવનથી માનને જીતી શક્ય છે.

માન કષાયનાં એકથી લઈને નવ ગુણસ્થાન છે. ૨૪ દંડકમાંથી માત્ર મનુષ્યના દંડકવાળા જ અમાની (અકષાયી) થઈને કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. બાકીના ૨૩ દંડકમાં માન કષાયી હોય છે. મનુષ્યના દંડકમાં માન કષાયી અને માન રહિત અર્થાત્ અમાની બંને પ્રકારના જીવો હોય છે.

**"માયાનું સ્વરૂપ"**

**માયાનો અર્થ :-** શાસ્ત્રમાં માયાના જુદા-જુદા અર્થ બતાવ્યા છે.

(૧) માયા એટલે કપટ[૩૭] (૨) સકારણ કે નિષ્કારણ કોઈને પણ મિથ્યાપ્રયોગથી અને વચન ચાતુરીથી ઠગવા અથવા છેતરવાના પરિણામોને માયા કહેવાય છે[૩૮].

અન્ય દર્શનમાં માયાનો ક્રીડાના અર્થમાં ઉપયોગ કર્યો છે. પરંતુ અહિં તેવો અર્થ ઘટતો નથી.

(૩) છાની રીતે પાપ કરવું, કૂડ કપટથી છેતરવું. હોય કંઈકને કહેવું બીજું, પારકી થાપણ પાછી ન આપવી અને પ્રપંચથી પોતે પચાવી પાડવી, બીજાને છળ કરીને છેતરવા, પોતાનું કાર્ય સાધવા માટે માયાથી ગાંડાપણાનો વર્તાવ કરવો, બીજા ન જાણી

શકે તેવા ગૂઢ આચાર-સેવન કરી બહારથી પ્રામાણિકતાનો ડોળ દેખાડવો, કુટિલમતિ અને વિશ્વાસઘાત આ સર્વને માયા કહેવાય છે.[૩૯] (૪) વક્રતાને પણ માયા કહેવાય છે.[૪૦]

કર્મ સાહિત્યમાં પૂર્વોક્ત બે કષાય ક્રોધ અને માનની જેમ માયાના ચાર પ્રકારો વર્ણવ્યા છે. (૧) અનંતાનુબંધી માયા (૨) અપ્રત્યાખ્યાની માયા. (૩) પ્રત્યાખ્યાની માયા અને (૪) સંજ્વલન માયા.

**(૧) અનંતાનુબંધી માયા[૪૧] :-**

ચાર પ્રકારની વક્ર વસ્તુઓ બતાવી છે. તેમાં પ્રથમ છે વંશમૂલ કેતન અર્થાત્ વાંસની જડરૂપ વક્રતા તેને વાંસ મૂલ કેતન સમાન માયા કહેવામાં આવે છે. વાંસનો મૂળ ભાગ ખૂબ જ અનાર્જવતાવાળો (વક્ર) હોય છે. તે કારણે તે અતિગુપ્ત વક્રતાવાળો હોય છે. આવી માયાવાળા પુરુષની માયા પ્રત્યક્ષ જોઈ શકાતી નથી. આવી માયા અનંતાનુબંધી માયા છે. આ માયામાં પ્રવિષ્ટ થયેલ જીવ જો મૃત્યુ પામે તો નરકગતિમાં જાય છે.

**(૨) અપ્રત્યાખ્યાની માયા[૪૨] :-**

અપ્રત્યાખ્યાની માયા તે "મેંઢ વિષાણ કેતન" સમાન છે. અર્થાત્ ઘેટાના શિંગડા સમાન વક્રતાવાળી માયા હોય છે. જે માયા કેવળ વક્ર હોય છે તેને આ પ્રકારની ગણાવી શકાય છે. આ બીજા પ્રકારની માયાવાળો જીવ જો મૃત્યુ પામે તો તિર્યંચગતિમાં જાય છે.

**(૩) પ્રત્યાખ્યાની માયા[૪૩] :-**

પ્રત્યાખ્યાની માયા તે ગોમૂત્રિકા કેતન સમાન છે. તે વક્રતા પવનથી ટળે છે. પ્રત્યાખ્યાની માયા પણ અલ્પવક્રતાવાળી હોય છે. તે વક્રતા થોડા પ્રયત્નોથી ટળી જાય છે. આ પ્રત્યાખ્યાની માયામાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મરણ પામે તો મનુષ્યગતિ પામે છે.

**(૪) સંજ્વલન માયા[૪૪] :-**

સંજ્વલન માયા તે અવલેખનિકા કેતન સમાન છે. અવલેખનિકાને વાંસની છોઈ

સમાન વક્ર કહી છે. વાંસની છોઈની વક્રતા તરત જ ટળે છે. તે રીતે સંજ્વલનમાયા અલ્પતર વક્રતાવાળી હોય છે. આ સંજ્વલન માયામાં પ્રવિષ્ટ થયેલો જીવ જો મૃત્યુ પામે તો દેવગતિમાં જાય છે.

**માયાના આગમિક અન્ય પ્રકારો[૪૫] :-**

પ્રજ્ઞાપના સૂત્રના ૧૪મા પદમાં માયાના બીજા ચાર પ્રકારો બતાવેલા છે. તેને ક્રોધના પ્રકારોની જેમ જ વર્ણવ્યા છે. (૧) પ્રથમ આભોગ નિવર્તિત એટલે ઉપયોગથી ઉત્પન્ન કરેલ હોય (૨) બીજો અનાભોગ નિવર્તિત અર્થાત્ ઉપયોગ વિના ઉત્પન્ન કરાવેલ હોય (૩) ત્રીજો ઉપશાંત અને (૪) ચોથો અનુપશાંત.

આ ઉપરાંત આ આગમમાં જ માયાના બીજી રીતે ચાર પ્રકારો બતાવ્યા છે. (૧) પ્રથમ આત્મપ્રતિષ્ઠિત માયા એટલે પોતાના માટે માયાનું સેવન કરે. (૨) બીજા પર પ્રતિષ્ઠિત એટલે બીજાના માટે માયા કરે, (૩) ત્રીજો ઉભય પ્રતિષ્ઠિત એટલે પોતાના અને બીજાના માટે માયા કરે. (૪) ચોથો અપ્રતિષ્ઠિત એટલે કોઈ પણ કારણ વિના પણ માયા કરે. પ્રથમની ત્રણ પ્રકારની માયાની ઉત્પત્તિમાં કોઈને કોઈ કારણ હોય છે. જ્યારે ચોથા પ્રકારની માયાની ઉત્પત્તિમાં કોઈ કારણ હોતું નથી.

તે ઉપરાંત ઠાણાંગસૂત્રના[૪૯] ૪થે ઠાણે ૪ પ્રકારનાં આવર્ત બતાવ્યાં છે. તેમાં ત્રીજા આવર્તનું નામ ગૂઢાવર્ત છે. ગૂઢાવર્ત સમાન માયા બતાવી છે. જે આવર્ત પ્રચ્છન્ન હોય છે. તેને ગૂઢાવર્ત કહે છે. આ આવર્ત લાકડાની ગાંઠ આદિનો હોય છે. માયાને ગૂઢાવર્ત કહેવાનું કારણ એ છે કે માયા એ પરમ દુર્લક્ષ્ય હોય છે. માયાયુક્ત માણસના મનોભાવને પારખવાનું કાર્ય દુષ્કર હોય છે. ગૂઢાવર્ત માયા ને સામાન્ય માયામાં ગ્રહણ કરાતી નથી. પરંતુ ઉત્કૃષ્ટ માયામાં જ સમજવી જોઈએ. ગૂઢાવર્ત માયાયુક્ત થયેલો જીવ એ જ અવસ્થામાં મૃત્યુ પામે તો નારકીમાં જ ઉત્પન્ન થાય છે. કેમ કે તેનું જે અશુભ પરિણામ હોય છે તે અશુભબંધ દુર્ગતિનું કારણ બને છે.

**માયાનાં પરિણામો :-**

માયા કરવાથી સેંકડો અને ક્રોડો ભવ સુધી સંસારમાં જીવોને હેરાનગતિ ભોગવવી પડે છે. માયા કરવાના સ્વભાવવાળો પુરુષ જો કે કંઈ અપરાધ કરતો નથી

તો પણ સર્પની જેમ પોતાના દોષથી હણાયેલો તે વિશ્વાસ કરવાલાયક રહેતો નથી. યોગના પ્રપંચ અને વિશ્વાસઘાતથી, ધનના લોભથી રાજાઓ સમગ્ર જગતને ઠગે છે. વણિક લોકો ખોટાં તોલમાપ રાખીં, સુંદર વર્તાવ બતાવીને પોતાની ચાલાકીથી ભદ્રિક લોકોને માયાથી છેતરે છે. આ રીતે કાર્યો કરીને પોતાના જ આત્માને ઠગનારા તેઓ પોતાનો ધર્મ અને સદ્ગતિનો નાશ કરે છે.

માયાનું પરિણામ પામેલા પુરુષને અંધ, લંગડા, બહેરા, સૂતેલા અજાણ્યા બાળકની જેમ સર્વ પ્રકારનાં કપટ અને નાટક કરતાં આવડે છે. વળી માયારૂપ રાક્ષસથી ગ્રસ્ત પુરુષ તન, ધન અને મિત્રોનો નાશ કરે છે. માયાના કારણે મિત્રની મિત્રતા તૂટી જાય છે.

**દંડકમાં માયા વિશે[૪૭] :-**

માયા આત્માના ગુણોને દંડનાર હોવાથી તેનું દંડકમાં વર્ણન કરવામાં આવેલ છે. ૨૪ દંડકના ૨૪ દ્વારમાં છઠ્ઠું કષાય દ્વાર છે. કષાય દ્વારમાં ચાર કષાયો બતાવ્યા છે. ત્રીજા નંબરનો કષાય માયા છે. બધા જ દંડકમાં માયા રૂપી કષાય હોય છે. એકેન્દ્રિયમાં તે ઉદય અસ્પષ્ટ હોય છે. બેઇન્દ્રિયાદિકમાં કંઈક અધિક સ્પષ્ટ હોય છે. અને પંચેન્દ્રિયમાં અત્યંત સ્પષ્ટ હોય છે. માયા રહિત તો માત્ર એક મનુષ્યના દંડકમાં વીતરાગી ભગવંતો અને સિદ્ધ ભગવંતો પણ હોય છે.

માયાને કારણે જીવ અનેક રીતે દંડાય છે તે નીચે પ્રમાણે બતાવેલ છે. અનંતાનુબંધી[૪૮] માયાના કારણે સમ્યક્ત્વગુણનો ઘાત થાય છે. તેનો અનંતો સંસાર વધી જાય છે. તેની સમજણ વિપરીત હોવાથી તે સાચા દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વને પિછાણી શકતો નથી. અપ્રત્યાખ્યાની માયાના કારણે દેશવિરતિનો ઘાત થાય છે. તે વ્રત પચ્ચખાણ કરી શકતો નથી. પ્રત્યાખ્યાની માયાથી સર્વવિરતીનો ઘાત થાય છે. તે પાંચ મહાવ્રતોને ભાવથી સ્વીકારી શકતો નથી. સંજ્વલન માયાથી યથાખ્યાત ચારિત્રનો ઘાત થાય છે. યથાખ્યાત ચારિત્રના ૧૧ થી ૧૪ ગુણસ્થાન છે. સંજ્વલનની માયા રહે ત્યાં સુધી ૧૧મા ગુણસ્થાન સુધી જઈ શકતો નથી. આ રીતે ૨૪ દંડકોમાં ચારેય પ્રકારની માયાવાળા જીવો હોય છે.

**માયાની ઉત્પત્તિનાં કારણો[૪૯] :-**

માયાની ઉત્પત્તિ ચાર કારણે થાય છે. (૧) ક્ષેત્ર અર્થાત્ ખેતર જમીનના નિમિત્તથી એટલે કે ખૂલ્લી જમીન માટે માયા કરે છે. તે નિમિત્તે સગાભાઈઓ કે પિતા-પુત્ર પણ કોર્ટ સુધી પહોંચે છે. (૨) વાસ્તુ અર્થાત્ મકાન આદિ ઇમારતોનાં નિમિત્તે એટલે ઢાંકેલી જમીન માટે માયાનું સેવન કરે છે. તેમાં ઓફિસ, કારખાના, મિલો આદિ બધા સ્થાનોનો સમાવેશ થઈ જાય છે. (૩) શરીરના નિમિત્તથી માયા કરે છે. શરીરના નિમિત્તમાં ભોજન, બિમારી આદિ આવી શકે છે. (૪) ઉપધિ અર્થાત્ ઉપકરણોનાં નિમિત્તથી માયા કરે છે. તેમાં વસ્ત્ર, અલંકારો, વસ્તુઓ વગેરેનો સમાવેશ થાય છે.

**માયા ઉપર વિજય મેળવવાના ઉપાયો[૫૦] :-**

દશવૈકાલિક-સૂત્રના આઠમા અધ્યયનમાં શાસ્ત્રકારોએ માયાને જીતવાના ઉપાયો પણ બતાવ્યા છે. અનેક જીવોએ માયાને જીતી છે. માયાને સરલતાથી જીતાય છે. સરળતા રાખવી એ જ સીધો માર્ગ છે. આત્માનો મૂળ સ્વભાવ સરળતા છે. સરળતા એટલે નિષ્કપટ ભાવ, જેવા બહારથી દેખાય તેવા સરળ ભાવો અંતરમાં રાખવા, કહે તેવું જ કરે. જેવી રીતે દ્રાક્ષ ઉપરથી અને અંદરથી પોચી હોય છે. તેવી જ રીતે બહારના અને અંદરના એક સરખા કપટ વિનાના પરિણામોને સરળતા કહેવાય છે.

માયા કષાયના ૧ થી ૯ ગુણસ્થાન હોય છે. ૨૪ દંડકમાંથી મનુષ્યના દંડકમાં માયાથી દૂર થઈને કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. બાકીના ૨૩ દંડકવાળા જીવો નિયમથી માયા કષાયવાળા હોય છે. મનુષ્યના દંડકમાં માયાવાળા અને માયા વગરના એમ બંને પ્રકારના જીવો હોય છે.

## લોભનું સ્વરૂપ

**લોભનો અર્થ :-** શાસ્ત્રમાં ભિન્ન-ભિન્ન અર્થો કરવામાં આવ્યા છે.

(૧) કોઈ પણ પદાર્થ જોઈને આ સુંદર છે. આ વધારે સુંદર છે. આ લઉં, આ રાખી મૂકું, આ સાચવી રાખું, આનું રક્ષણ કરું. આવા મમતા રૂપ મૂર્ચ્છાનાં જે પરિણામો હોય છે. તેને લોભ કહેવાય છે.[૫૧]

**લોભનાં કાર્યો**[૫૨] **:-**

લોભ પરસ્પર ભેદ કરાવનાર, પ્રિય મિત્રતાનો નાશ કરાવનાર અને કાર્યવિનાશક છે. લોભને વશ થયેલો મનુષ્ય અંધની જેમ ઊંચુ, નીચું, સરખું કે વિષમ દેખતો નથી. બહેરાની જેમ તે હિત કે અહિત સાંભળતો નથી. ગાંડાની જેમ તે સંબંધ વગરના પ્રલાપ કરે છે. બાળકની જેમ કોઈ તેને પૂછે કંઈ અને તેનો જવાબ જુદો જ આપે છે. પતંગિયાની જેમ સમુદ્રમાં વિચરે છે. મિત્રનો ઘાત કરે છે. અને પોતાને દુઃખની ખાણમાં ફેંકી દે છે.

લોભના કારણે એક જાતના કે અનેક જાતનાં પદાર્થો, વસ્તુઓ એકઠી કરવાનો સ્વભાવ થાય છે. ભોગવવા યોગ્ય પદાર્થો સ્વાધીન છતાં ન ભોગવે અને કૃપણતાના કારણે ખરાબ પદાર્થોને વાપરે છે. ધન કે કોઈ પદાર્થનો તીવ્ર રાગ થાય છે. હંમેશા પદાર્થના રાગવાળું ચિત્ત રહે છે. તે સર્વે લોભનાં કાર્યો છે.

ચારેય પ્રકારના લોભને જુદી જુદી ઉપમા આપી તેની સમજ આપવામાં આવી છે.

**અનંતાનુબંધી લોભ**[૫૩] **:-**

અનંતાનુબંધી લોભ તે કૃમિરાગથી રંગેલા વસ્ત્ર સમાન છે. આ વસ્ત્ર લાલ રંગવાળા કૃમિઓના લાલ રસ વડે રંગેલુ હોવાથી સ્વાભાવિક રીતે જ લાલ હોય છે. તે જ રીતે અનંતાનુબંધી લોભ હોય છે. કૃમિ રાગથી રંગેલા વસ્ત્રનો રંગ ન જાય તેમ અનંતાનુબંધી લોભ પણ ક્યારેય ન જાય. કૃમિરાગરક્ત વસ્ત્ર દૃઢ હોવાથી તે બળી જાય પછી તેની રાખ પણ લાલ રંગની હોય છે. તેમ આ લોભ વાળો જીવ પોતાનું મૃત્યુ થઈ જાય તો પણ તે લોભાનુબંધને છોડતો નથી.

**અપ્રત્યાખ્યાની લોભ**[૫૪] **:-**

અપ્રત્યાખ્યાની લોભ તે કર્દમરાગથી રંગેલા વસ્ત્ર સમાન છે. જે કર્દમ રાગ રક્તધૂળથી ખરડાયેલું હોય છે. ગાય આદિ પ્રાણીઓ જે માર્ગેથી ચાલે છે તે પંક એટલે કે કાદવ છે. તેને કર્દમ કહેવાય છે. તે કર્દમનો જે રંજકરસ છે તેનું નામ કર્દમરાગ છે. તેનાથી રંગાયેલા વસ્ત્રને કર્દમરાગરક્ત વસ્ત્ર કહેવાય છે. અપ્રત્યાખ્યાની લોભ આ

પ્રકારમાં ગણી શકાય છે. કેમ કે તે લોભ મહાકષ્ટથી જાય છે.

**પ્રત્યાખ્યાની લોભ[૫૫] :-**

પ્રત્યાખ્યાની લોભ તે ખંજનરાગથી રંગેલા વસ્ત્ર સમાન છે. ખંજન એટલે કાજળ. તે કાજળના રંગથી રંગેલા વસ્ત્રને ખંજનરાગરક્ત વસ્ત્ર કહે છે. તેનો રંગ ઉપાય કરવાથી જાય છે. તેમ પ્રખ્યાખ્યાની લોભ પણ ઉપાયથી દૂર થાય છે.

**સંજ્વલન લોભ[૫૬] :-**

સંજ્વલન લોભ તે હળદરના રંગથી રંગેલા વસ્ત્ર સમાન છે. હળદર રાગરક્ત વસ્ત્રને તડકે રાખવાથી તે વસ્ત્રમાંથી રંગ ઊડી જાય છે. એ જ રીતે સંજ્વલનનો લોભ પણ જલ્દી ચાલ્યો જાય છે.

આ ચારે કષાય ક્રમપૂર્વક એક એકથી બીજા ઉત્તરોત્તર મંદ, મંદતર, મંદતમ અને મહાતિમંદ છે.

**લોભના અન્ય આગમિક પ્રકારો[૫૭] :-**

પ્રજ્ઞાપના સૂત્રના ૧૪ મા પદના લોભના બીજા ચાર પ્રકાર વર્ણવેલા છે. (૧) પ્રથમ આભોગ નિવર્તિત એટલે ઉપયોગપૂર્વક ઉત્પન્ન કરેલ હોય (૨) બીજો અનાભોગ નિવર્તિત એટલે ઉપયોગ વિના ઉત્પન્ન કરાવેલ હોય, (૩) ત્રીજો ઉપશાંત અને (૪) ચોથો અનુપશાંત.

આ જ આગમ ગ્રંથમાં લોભના અન્ય ચાર પ્રકારો પણ વર્ણવ્યા છે. (૧) પ્રથમ આત્મ પ્રતિષ્ઠિત લોભ તે પોતાના માટે લોભ કરે છે. (૨) બીજો પર પ્રતિષ્ઠિત લોભ એટલે બીજાના માટે લોભ કરે છે. (૩) ત્રીજો ઉભય પ્રતિષ્ઠિત લોભ એટલે પોતાના માટે અને બીજાના માટે લોભ કરે છે. (૪) ચોથો અપ્રતિષ્ઠિત લોભ એટલે કોઈ પણ કારણ ન હોય છતાં પણ લોભ કરે છે.

પ્રથમના ત્રણ પ્રકારના લોભની ઉત્પત્તિમાં કોઈ ને કોઈ કારણ હોય છે. જ્યારે ચોથા પ્રકારના લોભની ઉત્પત્તિમાં કોઈ કારણ હોતું નથી.

તે ઉપરાંત ઠાણાંગસૂત્રના[૫૮] ૪થે ઠાણે ૪ પ્રકારનાં આવર્ત બતાવેલા છે. તેમાં ચોથા પ્રકારના આવર્તનું નામ આમિષાવર્ત છે. લોભને આમિષાવર્ત સમાન કહેલ છે.

કેમ કે અનર્થની પરંપરા આવવા છતાં પણ જીવ ફરી ફરીને લોભ કષાયમાં પડયા જ કરે છે. તેને છોડવાને સમર્થ બની શકતો નથી. લોભમાં જે આમિષાવર્ત સાથે સમાનતા પ્રગટ કરવામાં આવી છે તે સામાન્ય લોભમાં ગ્રહણ કરવાની નથી. પરંતુ ઉત્કૃષ્ટ લોભમાં જ આ સમાનતા સમજવી જોઈએ.

**લોભનાં પરિણામો[૫૯] :-**

લોભ ખાતર કેટલાક લોભી પુરુષો દુઃખથી ગમન કરી શકાય તેવાં હિંસક પ્રાણીઓથી ભરેલી અટવીમાં પ્રવેશ કરીને સુવર્ણસિદ્ધિરસ મેળવે છે. મુશ્કેલીવાળા બીજા દેશોમાં ભ્રમણ કરે છે. મહાગહન સમુદ્રમાં મુસાફરી કરે છે. ધન મેળવવા કૃપણ સ્વામીની સેવા કરે છે. અંધ થયેલ બુદ્ધિવાળો દુષ્કર દુઃખો વેઠે છે. તે લોભનાં જ પરિણામો છે. લોભી પુરુષોનું ડગલે ને પગલે અપમાન થાય છે.

સર્વ વિનાશના આશ્રયભૂત, સર્વ સંકટનો એક રાજમાર્ગ એવા લોભને આધીન થયેલ પુરુષ ક્ષણવારમાં બીજા દુઃખોને પ્રાપ્ત કરનાર થાય છે. લોભનો ખાડો વધતો જ જાય છે. અને કદાપિ પૂરાતો નથી.

અનેક ભયંકર મત્સ્યો, મગરો, જળચર જંતુઓ જેમાં ઘણાં છે એવા ભયંકર સમુદ્રમાં જે પ્રવેશ કરે છે તે લોભ રૂપ મહાસાગરમાં પ્રવેશ કરવા સમાન છે. તે લોભરૂપી સમુદ્ર પણ અનંત દુઃખરૂપ જળચરોથી ભરેલો છે. લોભ સર્વસ્વનું સત્યાનાશ કરી નાંખે છે. તે કારણે બધા જ ગુણો નષ્ટ થઈ જાય છે. લોભાધિન બનેલો પુરુષ ઉર્ધ્વલોકમાં દેવની સંપતિ, મધ્યલોકમાં ચક્રવર્તિ વગેરેની સંપતિ અને અધોલોકમાં નાગકુમારાદિ દેવોની સંપતિની અભિલાષા કરતો ત્રણે ભુવનની પણ મનોરથો વડે ઈચ્છા કરે છે. તેથી લોભને જગતનો આક્રમણ કરનાર જણાવેલ છે.

**દંડકમાં લોભ વિશે[૬૦] :-**

દંડકમાં લોભ વિશે કહેવામાં આવેલ છે. ૨૪ દંડકના ૨૪ દ્વારમાં છઠ્ઠું કષાય દ્વાર છે. તેમાં ચાર કષાયો બતાવ્યા છે. તેમાં ચોથા નંબરનો કષાય લોભ છે. બધા જ દંડકમાં લોભરૂપ કષાય હોય છે. એકેન્દ્રિયોમાં તેનો ઉદય અસ્પષ્ટ હોય છે. બેઇન્દ્રિયાદિકમાં કંઈક અધિક સ્પષ્ટ હોય છે. અને પંચેન્દ્રિયમાં લોભનો ઉદય અત્યંત

સ્પષ્ટ હોય છે. લોભ રહિત તો માત્ર મનુષ્યના દંડકમાં વિતરાગી ભગવંતો હોય છે અને સિદ્ધ ભગવંતો પણ લોભ રહિત હોય છે.

લોભના કારણે જીવ અનેક રીતે દંડાય છે તે નીચે પ્રમાણે બતાવેલ છે.

અનંતાનુબંધી[61] લોભના કારણે સમ્યક્ત્વ ગુણનો ઘાત થાય છે. તેનો અનંતો સંસાર વધી જાય છે. તેની સમજણ વિપરીત હોવાથી સાચા દેવ, ગુરુ અને ધર્મતત્ત્વને તે પિછાણી શકતો નથી. અપ્રત્યાખ્યાની લોભનાં કારણે દેશવિરતીનો ઘાત થાય છે. *તેમાં સમકિતનો સદ્ભાવ હોય છે. પરંતુ કોઈ પણ જાતના વ્રત પચ્ચખાણ કરી શકતો* નથી. ત્રીજો પ્રત્યાખ્યાની લોભ સર્વવિરતીનો ઘાત કરે છે. આ લોભના સદ્ભાવમાં તે સંપૂર્ણપણે છ કાયના જીવોની દયા પાળી શકતો નથી. અને પાંચ મહાવ્રતોને તે ભાવથી સ્વીકારી શકતો નથી. સંજ્વલન લોભ યથાખ્યાત ચારિત્રને ઉત્પન્ન થવા દેતો નથી. જ્યાં સુધી સંજ્વલન લોભનો સદ્ભાવ છે. ત્યાં સુધી ૧૧ થી ૧૪મા ગુણસ્થાન સુધી પહોંચી શકતો નથી. કેમ કે યથાખ્યાત ચારિત્રના ૧૧ થી ૧૪ ગુણસ્થાન છે. આ રીતે ૨૪ દંડકોમાં ચારેય પ્રકારના લોભવાળા જીવો હોય છે.

**લોભની ઉત્પત્તિનાં કારણો[62] :-**

લોભની ઉત્પત્તિ ચાર કારણે થાય છે. (૧) ક્ષેત્ર અર્થાત્ ખેતર જમીનના નિમિત્તથી એટલે ખુલ્લી જમીન માટે પરસ્પર લોભ ઉત્પન્ન થાય છે. તે નિમિત્તે સગા ભાઈઓ કે પિતા-પુત્ર પણ કોર્ટ સુધી પહોંચે છે. (૨) વાસ્તુ અર્થાત્ મકાન આદિ ઈમારતોના નિમિત્તથી એટલે કે ઢાંકેલી જમીન માટે લોભ ઉત્પન્ન થાય છે. તેમાં ઓફિસ, કારખાના મિલો આદિ બધા સ્થાનોનો સમાવેશ થઈ જાય છે. (૩) શરીરના નિમિત્તથી લોભ ઉત્પન્ન થાય છે. શરીરના નિમિત્તમાં ભોજન, બિમારી આદિનો સમાવેશ થાય છે. (૪) ઉપધિ અર્થાત્ ઉપકરણોના નિમિત્તથી લોભ ઉત્પન્ન થાય છે.

**લોભ ઉપર વિજય મેળવવાના ઉપાયો[63] :-**

દશવૈકાલિક સૂત્રના આઠમા અધ્યયનમાં જ્ઞાની તત્ત્વચિંતકોએ લોભને જીતવાના ઉપાયો જણાવ્યા છે. લોભને સંતોષથી જીતી શકાય છે. કહેવત છે કે "સંતોષી નર સદા સુખી" લોભથી બચવા માટે સંતોષ રાખવો જરૂરી છે. સંતોષી વ્યક્તિ થોડી સંપત્તિ પાસે

હોવા છતાં સુખનો અનુભવ કરી શકે છે. કેમકે લોભ તો આકાશ સમાન અનંત છે. તેનો છેડો કદી આવતો નથી. પરંતુ જીવનમાં સંતોષ આવી જાય તો એ વ્યક્તિ સામગ્રીઓના અભાવમાં પણ પ્રસન્નતાથી જીવી શકે છે.

લોભ કષાયનાં ૧ થી ૧૦ ગુણસ્થાન છે. ૨૪ દંડકોમાં મનુષ્યના દંડકમાં અલોભી થઈને કેવળજ્ઞાની થઈ શકે છે. બાકીના ૨૩ દંડકમાં નિયમથી લોભ કષાયવાળા બધા જ હોય છે. મનુષ્યના દંડકનાં લોભ કષાયી અને અલોભી બંને હોય છે.

**ટિપ્પણી :-**

૧. પ્રજ્ઞા. પદ. ૧૪ / જૈન સિ. કોષ પૃ. ૩૩

૨. જૈન સિ. કોષ ભા.૨ પૃ. ૩૩

૩. જૈન સિ. કોષ ભા. ૨ પૃ. ૩૩

૪. જૈન સિ. કોષ. ભા.૨ પૃ. ૩૫

૫. સ્થા. ઠા.૧

૬. પ્રજ્ઞા. પદ. ૧૪

૭. જૈને સિ. કોષ. ભા. ૨ પૃ. ૧૭૫

૮. જૈને. સિ. કોષ. ભા. ૨ પૃ. ૧૭૫

૯. પ્રજ્ઞા પદ. ૧૯ / કર્મગ્રંથ ૧. ગા. ૧૮

૧૦. સ્થા. ઠા. ૪. ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૧૯ । જૈને. સિ. કોષ ભા. ૨ પૃ. ૩૪

૧૧. સ્થા. ઠા. ૪. ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૧૯ । જૈને. સિ. કોષ ભા. ૨ પૃ. ૩૪

૧૨. સ્થા. ઠા. ૪. ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૧૯ । જૈને. સિ. કોષ ભા. ૨ ભા. ૩૪

૧૩. સ્થા. ઠા. ૪. ઉ. ૨ । કર્મગ્રંથ ૧ ગા. ૧૯ । જૈને. સિ. કોષ ભા. ૨ ભા. ૩૪

૧૪. પ્રજ્ઞા. પદ ૧૪

૧૫. દશ. સૂ. અ ૮ ગા. ૩૮

ઉપદેશમાલા

૧૬. દંડક પ્રકરણ ગા.૧૪

૧૭. પ્રજ્ઞા. પદ. ૧૪

૧૮. સ્થા. ઠા. ૪. ઉ. ૪

૧૯. જૈને. સિ. કોષ. ભાગ. ૩ પૃ. ૩૦૫

૨૦. જૈને. સિ. કોષ ભાગ. ૩ પૃ. ૩૦૫

૨૧. જૈને. સિ. કોષ ભાગ. ૩ પૃ. ૩૦૫

૨૨. જૈને. સિ. કોષ ભાગ. ૩ પૃ. ૩૦૫

૨૩. જૈને. સિ. કોષ ભાગ. ૩ પૃ. ૩૦૫

૨૪. જૈને. સિ. કોષ ભાગ. ૩ પૃ. ૩૦૫

૨૫. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૧૯

૨૬. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૧૯

૨૭. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૧૯

૨૮. સ્થા. ઠા. ૪. ઉ. ૨ । કર્મગ્રંથ ૧ ગા. ૧૯ । જૈન સિ. કોષ. ભા. ૩ પૃ. ૩૦૬

૨૯. પ્રજ્ઞા. પદ. ૧૪

૩૦. સ્થા. ઠા. ૪. ઉ. ૪

૩૧. દશ. સૂત્ર. અ. ૮ ગા. ૩૮ । ઉપદેશમાલા

૩૨. દંડક પ્રકરણ. ગા. ૧૪.

૩૩. કર્મગ્રંથ ૧. ગા. ૧૮

૩૪. પ્રજ્ઞા. પદ. ૧૪

૩૫. દશ. સૂત્ર. અ. ૮. ગા. ૩૮

૩૬. દશ. સૂત્ર. અ. ૮. ગા. ૩૯

૩૭. જૈને. સિ. કોષ. ભાગ. ૩ પૃ. ૩૦૭

૩૮. જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૩૦૭

૩૯. ઉપદેશમાલા

૪૦. જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૩૦૭

૪૧. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૨૦ । જૈને. સિ. કોષ ભા. ૩ પૃ ૩૦૭

૪૨. સ્થા. ઠા. ૪. ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૨૦ । જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ ૩૦૭

૪૩. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૨૦ । જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ ૩૦૭

૪૪. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧ ગા. ૨૦ । જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૩૦૭

૪૫. પ્રજ્ઞા. પદ. ૧૪.

૪૬. સ્થા. ઠા. ૪ ઉ. ૪.

૪૭. દંડક પ્રકરણ ગા. ૧૪

૪૮. પ્રજ્ઞા. પદ. ૧૪

૪૯. કર્મગ્રંથ ૧. ગા. ૧૮

૫૦. દશ. સૂત્ર. અ. ૮. ગા. ૩૯

૫૧. જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૫૧૧

૫૨. જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૫૧૧

૫૩. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૨૦ । જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૫૧૧

૫૪. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૨૦ । જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૫૧૧

૫૫. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૨૦ । જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૫૧૧

૫૬. સ્થા. ઠા. ૪ ઉ. ૨ । કર્મગ્રંથ ૧. ગા. ૨૦ । જૈને. સિ. કોષ. ભા. ૩ પૃ. ૫૧૧

૫૭. પ્રજ્ઞા. પદ. ૧૪

૫૮. સ્થા. ઠા. ૪. ઉ. ૪.

૫૯. દશ. સૂત્ર. અ. ૮ ગા. ૩૮ । ઉપદેશમાલા

૬૦ દંડક પ્રકરણ ગા. ૧૪

૬૧. કર્મગ્રંથ ૧. ગા. ૧૮

૬૨. પ્રજ્ઞા. પદ. ૧૪

૬૩. દશ. સૂત્ર. અ.૮ ગા. ૩૯

• • •

# (૭મું) લેશ્યાદ્વાર

દંડક પ્રકરણમાં દંડકના ૨૪ દ્વારોની આગમિક ચર્ચા કરવામાં આવી છે. આ વિચારણામાં ૭મા દ્વારમાં લેશ્યા વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે મુજબ છે.

**લેશ્યાનો અર્થ :-**

લેશ્યા જૈન ધર્મનો મૌલિક સિદ્ધાંત છે. તેના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) જેના દ્વારા આત્મા કર્મોની સાથે શ્લેષને પ્રાપ્ત થાય છે તે લેશ્યા છે. કૃષ્ણ આદિ દ્રવ્યોનાં સાન્નિધ્યથી થનારા આત્માના પરિણામને લેશ્યા કહેવાય છે.[૧] (૨) આત્માના પરિણામ વિશેષને લેશ્યા કહેવાય છે.[૨] (૩) આત્મ પરિણામ નિમિત્તભૂત કૃષ્ણાદિ દ્રવ્ય વિશેષને લેશ્યા કહેવાય છે.[૩] (૪) અધ્યવસાયને[૪] (૫) અંતઃકરણ વૃત્તિને[૫] (૬) તેજને[૬] (૭) દિપ્તિને[૭] (૮) જ્યોતિને[૮] (૯) કિરણને[૯] (૧૦) મંડલબિંબને[૧૦] (૧૧) દેહના સૌંદર્યને[૧૧] (૧૨) જ્વાલાને[૧૨] (૧૩) સુખને[૧૩] (૧૪) તથા વર્ણને લેશ્યા કહેવાય છે.[૧૪] આમ લેશ્યાના વિવિધ અર્થો પ્રાપ્ત થાય છે.

**લેશ્યાના પર્યાયો :-**

કર્મ લેશ્યા અને સકર્મ લેશ્યા એ લેશ્યાના પર્યાયવાચી શબ્દો છે.

**લેશ્યાના પ્રકારો :-** શાસ્ત્રમાં દર્શાવેલ લેશ્યાને વિભિન્ન પ્રકારે વિભાજિત કરેલ છે.

**લેશ્યાના બે ભેદ છે[૧૫] :-** દ્રવ્ય લેશ્યા અને ભાવ લેશ્યા

**દ્રવ્ય લેશ્યા[૧૬] :-** શરીરના રંગને દ્રવ્ય લેશ્યા કહેવાય છે.

**ભાવ લેશ્યા :-** કષાયથી અનુરંજિત જીવની મન, વચન અને કાયાની પ્રવૃત્તિ

ભાવ લેશ્યા કહેવાય છે. આગમમાં તેમનો કૃષ્ણાદિ છ રંગો દ્વારા નિર્દેશ કરેલો છે. તેમાંથી ત્રણ શુભ અને ત્રણ અશુભ હોય છે. દેવ અને નરકોમાં દ્રવ્ય અને ભાવ લેશ્યા સમાન હોય છે. પરંતુ મનુષ્ય અને તિર્યંચોમાં એવો નિયમ નથી.

**લેશ્યાના છ પ્રકારો છે[૧૭] :-**

(૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા (૫) પદ્મ લેશ્યા અને (૬) શુકલ લેશ્યા.

**૬ લેશ્યાના વર્ણ :-**

**(૧) કૃષ્ણ લેશ્યાનો વર્ણ[૧૮] :-**

કૃષ્ણ લેશ્યા વર્ણની અપેક્ષાએ સ્નિગ્ધ અને ભરેલા કાળા મેઘની સમાન છે. ભેંસના શિંગડા જેવી છે. અરિઠ્ઠા જેવી છે. ગાડીની મળી સમાન છે. નેત્રની વચ્ચેની કીકીની સમાન છે. અર્થાત્ આ કૃષ્ણ લેશ્યા પરમ કૃષ્ણ વર્ણવાળી છે.

વળી[૧૯] કૃષ્ણલેશ્યા જેમ કોઈ મેઘ અથવા અંજન, ખંજન, કાજળ, પાડાનું શિંગડું, ગવલવ, જાંબુફળ, ભીના અરિઠાના ફૂલ, કોયલ, ભ્રમરોની પંકિત, હાથીનું બચ્ચું, કાળું કેસર, આકાશનો ટુકડો, કાળું અશોક, કાળી કણેર, કાળું બંધુજીવક વગેરેનોકાળો વર્ણ (રંગ) હોય છે. તેનાથી પણ અધિક કૃષ્ણલેશ્યા અનિષ્ટતર, અધિક અકાંત, અધિક અપ્રિય, અને અધિક અમનોજ્ઞ વર્ણની હોય છે.

**કૃષ્ણ લેશ્યાનો રસ :-**

કૃષ્ણ લેશ્યા રસની અપેક્ષાએ જેમ કડવી તુંબડીનો રસ, કડવી છાલનો રસ, લીંબડાનો રસ હોય એ બધાથી પણ અનંતગણો કડવો રસ કૃષ્ણ લેશ્યાનો હોય છે.[૨૦]

વળી[૨૧] કૃષ્ણ લેશ્યાનો રસ જેમ કોઈ લીંબડો, લીંબડાનો સાર, લીંબડાની છાલ, લીંબડાનો કવાથ, કુરંજ વૃક્ષ, કુરંજનાં ફળ, કુરંજની છાલ, કુરંજનો કવાથ, કડવી તુંબડી, કડવી તુંબડીનાં ફળ, કડવી કાકડી, કડવી કાકડીનાં ફળ, રોહિણી, રોહિણીનાં પુષ્પ, મૃગ વાલુંકી, મૃગ વાલુંકીનાં ફળ, કડવાં તૂરિયા, કડવાં તૂરિયાનાં ફળ, કૃષ્ણ કંદ, વજ્રકંદ, આદિનો રસ કડવો હોય છે. તેનાથી પણ કૃષ્ણ લેશ્યાનો રસ અધિક અનિષ્ટ યાવત્ અધિક અમનોજ્ઞ હોય છે.

**કૃષ્ણ લેશ્યાનાં લક્ષણો :-** (અશુભતમ મનોભાવ) આ નૈતિક વ્યક્તિત્વનું સૌથી નિકૃષ્ટ રુપ છે.

જે[22] આત્મા પ્રાણાતિપાત આદિ પાંચ આશ્રવોમાં પ્રમત્ત હોય છે. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. આ ત્રણ ગુપ્તિઓથી જે અગુપ્ત હોય અર્થાત્ એ ત્રણ ગુપ્તિઓથી રહિત હોય છે. છ કાયના જીવોની રક્ષામાં જે અવિરત હોય, તીવ્ર આરંભ, ઉત્કૃષ્ટ સાવદ્ય વ્યાપારોમાં તત્પર હોય, બીજાના હિતના અભિલાષી નહોય, વગર વિચાર્યે જ દરેક કામમાં પ્રવૃત્તિ કરવાવાળા હોય, જેનું પરિણામ દયાભાવથી શૂન્ય હોય, ઘાતક હોય, ઇન્દ્રિયોને વશમાં રાખનાર ન હોય. આ અવસ્થામાં પ્રાણીના વિચાર અત્યંતર ક્રૂર હોય છે. આ પ્રમાણે આ પાંચ આશ્રવ આદિ પૂર્વોક્ત યોગોથી યુક્ત પ્રાણીને કૃષ્ણ લેશ્યાવાળો જાણવો જોઈએ.

**(૨) નીલ લેશ્યાનો વર્ણ[23] :-**

નીલ લેશ્યા વર્ણની અપેક્ષાએ નીલ અશોક વૃક્ષના જેવી છે. ચાસ પક્ષીનાં પીંછાં સમાન છે. તથા વૈડુર્ય મણીના સમાન છે.

વળી[24] નીલ લેશ્યાનો વર્ણ જેમ કોઈ ભમરો, ચાસ પક્ષી, ચાસ પક્ષીનાં પીંછાં, પોપટ, પોપટનાં પીંછા, વનરાજી, દંતરાગ, કબૂતરની ડોક, મોરની ડોક, બળદેવના વસ્ત્ર, અળસીનું ફૂલ, અંજનકેશીનું ફૂલ, નીલ કમલ, નીલ અશોક, નીલ કરણ, નીલ બંધુજીવક, કરતાં પણ અધિક અનિષ્ટતર યાવત્ વર્ણથી અમનોજ્ઞતર હોય છે.

**નીલ લેશ્યાનો રસ[25] :-**

નીલ લેશ્યા રસની અપેક્ષાએ જેમ સૂંઠ, પીપર, મરચાં રૂપ ત્રણ કટુકનો રસ તીખો હોય છે. જેમ ગજ પીપરનો રસ તીખો હોય છે. આ બધાના રસથી પણ અનંતગણો તીખો રસ નીલ લેશ્યાનો હોય છે.

વળી[26] નીલ લેશ્યાનો રસ જેમ કોઈ ભંગી નામની વનસ્પતિ, ભંગી વનસ્પતિની રજ, પાઠા વનસ્પતિ, ચવિયા, ચિત્રમૂલક વનસ્પતિ, પીપર, પીપરીમૂળ, પીપરીનું ચૂર્ણ, મિર્ચ, મિર્ચનું ચૂર્ણ, આદુ, આદુનું ચૂર્ણ આદિનો રસ તીખો હોય છે. તેનાથી પણ નીલ લેશ્યાનો રસ અધિક અનિષ્ટ યાવત્ અધિક અમનોજ્ઞ હોય છે.

**નીલ લેશ્યાનાં લક્ષણો**[२७] **:-** (અશુભતર મનોભાવ ) આ નૈતિક વ્યક્તિત્વનો પ્રકાર અપેક્ષાએ પહેલાં કંઈક ઠીક હોય છે. પરંતુ અશુભ જ હોય છે.

જેમ કે બીજાના ગુણોને સહન ન કરવા, રોષ કરવો તથા સદારોષમય પરિણામ રાખવાં, તપસ્યા કરવામાં વિમુખ રહેવું, કુશાસ્ત્રોમાં તત્પર રહેવું, છળકપટ કરવાં, લજ્જારહિત થવું, વિષયોમાં આસક્તિ રાખવી, દ્વેષ રાખવો, બીજાની ઠગાઈ કરવી, જાતિ આદિક મદોથી અત્યંત યુક્ત રહેવું, ઈન્દ્રિયનાં વિષયમાં લોલુપતા રાખવી, સત્તાના માટે ઈચ્છા કરવી, પ્રાણીવધના સ્થાનભૂત આરંભથી વિરક્ત ન થવું, સ્વપ્નમાં પણ બીજાનાં હિતની અભિલાષા ન રાખવી. વગર વિચાર્યે કામમાં લાગી જવું. ઈત્યાદિ લક્ષણયુક્ત પ્રાણી નીલલેશ્યાનાં પરિણામવાળો જાણવો જોઈએ.

**(૩) કાપોતલેશ્યાનો વર્ણ**[२८] **:-**

કાપોતલેશ્યા વર્ણની અપેક્ષાએ અળસીનાં ફૂલ જેવી, તૈલ કંટક નામની વનસ્પતિના જેવી, કબૂતરની ગર્દન સમાન, કાંઈક કાળી અને કાંઈક લાલ હોય છે. એજ પ્રમાણે કાપોત લેશ્યાનો વર્ણ હોય છે.

વળી[२९] કાપોત લેશ્યાનો વર્ણ જેમ કોઈ ખદિરનો સાર, કેરની અંદરનો સાર, ધમાસાનો સાર, તાંબુ, તાંબાનો કરોડ, તાંબાની છીપાટી, વંતાકનું ફૂલ, કોકિલચ્છદનું ફૂલ, જવાસાનું ફૂલ હોય એનાં કરતાં પણ અનિષ્ટતર યાવત અમનોજ્ઞતર હોય છે.

**કાપોત લેશ્યાનો રસ**[३०] **:-**

કાપોત લેશ્યા રસની અપેક્ષાએ જેમ અપકવ એટલે કાચી કેરીનો રસ, તૂરાં કોઠાંના રસ જેવો હોય છે. આ બધાથી પણ અનંતગણો ખાટો રસ કાપોત લેશ્યાનો હોય છે.

વળી[३१] કાપોત લેશ્યાનો રસ જેમ કોઈ આંબાના, આંબાના ફળોના બીજોરાના, બિલીના, કપિત્થોના, મજ્જોના, ફળસીના, દાડમના, પારાંવતોના, અક્ષોટકોના, બોરોના, તિંદુકોના અષ્ટકલોના એટલા પૂરા નહીં પાકેલાના, પરિપક્વ અવસ્થાના વર્ણથી રહિત, ગંધથી રહિત, સ્પર્શથી રહિત હોય છે. તેનાથી પણ કાપોત લેશ્યાનો રસ અધિક અનિષ્ટ યાવત અધિક અમનોજ્ઞ હોય છે.

**કાપોત લેશ્યાનાં લક્ષણો**[32] :- (અશુભ મનોવૃત્તિ) આ મનોવૃત્તિ પણ દૂષિત છે.

જેમ કે વાણીથી કુટિલ થવું, કુટિલ આચારવાળા બનવું, કપટી થવું, કુટિલ ચિત્ત થવું, પોતાના દોષોને ઢાંકવા, માયાચારથી પ્રત્યેક કાર્ય કરવું. શ્રુત ચારિત્રરૂપ ધર્મમાં શ્રદ્ધા વિહીન થવું અને આર્યભાવથી રહિત બનવું. તથા બીજાઓને દુઃખ થાય એવાં વચન બોલવાં, રાગ દ્વેષથી યુક્ત વચનોનો પ્રયોગ કરવો, ચોરી કરવી, બીજાના અભ્યુદયને સહન ન કરવો એવા કાર્યયુક્ત યોગોથી જીવને કાપોત લેશ્યાવાળા જાણવા.

**(૪) તેજો લેશ્યાનો વર્ણ**[33] **:-**

તેજો લેશ્યા વર્ણની અપેક્ષાએ હિંગળો તથા ગેરૂ આદિ ધાતુની સમાન છે. અભિનવ ઉદય સૂર્યના જેવો છે. પોપટની ચાંચના જેવો તથા દિવાની જ્યોતિના સમાન રક્તવર્ણવાળી હોય છે.

*વળી*[34] *તેજોલેશ્યાનો વર્ણ જેમ કોઈ સસલાનું રૂધિર, મેષનું રૂધિર, સુવરનું રૂધિર, સાબરનું રૂધિર, મનુષ્યોનાં રૂધિર,* ઇન્દ્રગોપ નામનો કીડો, બાલસૂર્ય, સંધ્યાકાળની લાલિમા, ચણોઠીના અર્ધા ભાગની લાલિમા, ઉત્તમ હિંગળોક, પરવાળાના અંકુર, લાખનો રસ, અથવા લોહિતાક્ષમણિ, કિરમજીરંગની કાંબળ, હાથીનું તાળવું, ચીન નામના લાલદ્રવ્યનો ભૂકો, પારિજાતનું પુષ્પ, જપાનું ફૂલ, કિંશુક પુષ્પની રાશિ, લાલ કમળ, લાલ અશોક, લાલ કણેર, લાલ બંધુજીવક આદિનો વર્ણ લાલ હોય છે. તેનાથી પણ અધિક ઇષ્ટ યાવત અધિક મનોહર હોય છે.

**તેજો લેશ્યાનો રસ**[35] **:-**

તેજો લેશ્યા રસની અપેક્ષાએ પાકી કેરીના જેવો રસ હોય, પાકેલા કવીઠનો જેવો રસ હોય છે. તેવા રસોથી પણ અનંતગણો મીઠો તેજોલેશ્યાનો રસ હોય છે.

વળી[36] તેજોલેશ્યાનો રસ જે કોઈ આંબાઓની કેરીઓના પાકેલાના, પૂરા પાકેલાના વર્ણથી, ગંધથી, સ્પર્શથી યુક્ત હોય છે. તેનાથી પણ તેજોલેશ્યાનો રસ અધિક ઈષ્ટ યાવત અધિક મનોજ્ઞ હોય છે.

**તેજો લેશ્યાનાં લક્ષણો**[37] **:-** (શુભ મનોવૃત્તિ) અહિં મનોદશા પવિત્ર હોય છે.

જેમ કે અહંકાર ન કરવો, ગુરુજનથી પોતાનું આસન નીચે રાખવું, ચપળતાથી

રહિત થવું, માયાચારથી રહિત થવું, અપૂર્વ વસ્તુને જોવાની ઉત્સુક્તા ન રાખવી. વિનીત થવું, ગુરુજનનો વિનય કરવો, એમના આવવાથી ઊઠવું, પ્રણામ આદિ કરવા, ઇન્દ્રિયોને જીતવી, મન, વચન, કાયાના યોગોને શુદ્ધ રાખવા, તીવ્ર તપશ્ચર્યા કરવી, તથા પ્રિયધર્મવાળા થવું. ધર્મમાં દઢતા રાખવી, પ્રાણાતિપાત આદિ પાપોથી સદા ભયભિત બની મોક્ષના અભિલાષી થવું. આ પૂર્વોક્ત લક્ષણોથી સંપન્નયોગ જીવોને તેજોલેશ્યાવાળા જાણવા.

**(૫) પદ્મલેશ્યાનો વર્ણ[૩૮] :-**

પદ્મલેશ્યા વર્ણની અપેક્ષાએ હળદરના ટુકડાના રંગ જેવો છે. હળદરના કટકા કરવાથી અંદરથી જે રંગ દેખાય છે. તેવા રંગ સમાન છે. સણ તેમ જ બીજક વૃક્ષના પૃષ્પના જેવો છે.

વળી[૩૯] પદ્મલેશ્યાનો વર્ણ જેમ કોઈ ચંપા, ચંપાની છાલ, ચંપાનો ટુકડો, હળદર, હળદરની ગોટી, હળદરનો ટુકડો, હડતાલ કે હડતાલની ગુટિકા, હડતાલનો ટુકડો, ચિકુર નામની પીળી વનસ્પતિ, ચિકુર રાગ, સોનાની છીપ, ઉત્તમ સુવર્ણ નિકષ, કસોટી પર બનેલી સુવર્ણ રેખા, વાસુદેવના વસ્ત્ર, અલ્લકીનાં પુષ્પો, ચંપાનું ફૂલ, કરણનાં પુષ્પો, કુષ્માંડલતાનું પુષ્પ, સુવર્ણયુથિકા પુષ્પ, કોરંડકની પુષ્પમાળ, પીળો અશોક, પળો કણેર, પીળા બંધુજીવકનાં પુષ્પો આદિનો વર્ણ પીળો હોય છે. તેનાથી પણ અધિક ઇષ્ટ યાવત્ અધિક મનોજ્ઞ વર્ણવાળી પદ્મલેશ્યા હોય છે.

**પદ્મલેશ્યાનો રસ[૪૦] :-**

પદ્મલેશ્યા રસની અપેક્ષાએ શરાબનો જેવો રસ હોય છે. વિવિધ આસવોનો જેવો રસ હોય છે. મધનો રસ અને સાકરનો જેવો રસ હોય છે. એનાથી પણ અધિકગણો પદ્મલેશ્યાનો રસ હોય છે.

વળી[૪૧] પદ્મલેશ્યાનો રસ જેમ કોઈ ચંદ્રપ્રભા હોય, મનઃ શિલા હોય, ઉત્તમ સીધું નામનું મદ્ય, ઉત્તમ વારૂણી, પાનનો આસવ, પુષ્પનો આસવ, ફળનો આસવ, ચોયનો આસવ, મધુ, મેરક, કાપિસાયન નામનું મદ્ય, ખજુરનો સાર, દ્રાક્ષનો સાર, સારી રીતે શેરડીનો રસ, અષ્ટ, પિષ્ટ, નિષ્ટતા, આઠ જાતના લોટથી બનેલી વસ્તુ વિશેષ, જાંબુની

કાલિમા, ઉત્તમ પ્રસન્ના નામનું મદ્ય, રસથી ભરપૂર રમણીય થોડી ઓકટાલકોલિની મુખને મધુર કરવાવાળી થોડીવારમાં કટુંક, નેત્રોને થોડા તામ્ર બનાવનારી, ઉત્કૃષ્ટ મદ્યને પ્રાપ્ત વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી યુક્ત, આસ્વાદ કરતાં કરતાં યોગ્ય વિશેષ રૂપથી આસ્વાદાનીય, તૃપ્તિજનક, દર્પજનક, મદ કારિણી, બધી ઇન્દ્રિયો તેમ જ ગાત્રને આહ્લાદ ઉત્પન્ન કરનારી હોય છે. તેનાથી પણ પદ્મલેશ્યાનો રસ અધિક ઈષ્ટતર યાવત અધિક મનોજ્ઞતર હોય છે.

**પદ્મલેશ્યાનાં લક્ષણો**[૪૨] :- (શુભતર મનોવૃત્તિ) આ મનોભૂમિમાં પવિત્રતાની માત્રા તેજોલેશ્યાની અપેક્ષાએ અધિક હોય છે.

જેમ કે ક્રોધ, માન કષાયની અલ્પતા થવી, માયા તથા લોભ કષાયની પણ અલ્પતા થવી, શાંતચિત્તવાળા બનવું, અશુભયોગનો પરિત્યાગ કરીને શુભ યોગમાં પ્રવૃત્ત થવું, મન, વચન, કાયાના યોગોને સદા પવિત્ર રાખવા તથા તીવ્ર તપશ્ચર્યા કરવી, થોડું અને હિતકર બોલવું, ઉપશમ લક્ષણોથી યુક્ત જીવોને પદ્મલેશ્યાવાળા જાણવા.

**(૬) શુક્લલેશ્યાનો વર્ણ**[૪૩] **:-**

શુકલલેશ્યા વર્ણની અપેક્ષાએ શંખ, સ્ફટિકમણિ અને કુંદ પુષ્પની સમાન છે. દૂધના ભરેલા કુંભના જેવો, ચાંદીના હાર જેવો તથા મુક્તાહાર સમાન છે.

વળી[૪૪] શુકલલેશ્યાનો વર્ણ જેમ કોઈ અંકરત્ન, શંખ, ચંદ્રમા, મોગરો, દકજલ, જલકણ, દહીં, જમાવેલું દહીં, દૂધ, દૂધનો ઊભરો, સૂકી ફળી, મોરના પિંછાના મીંજ, તપાવેલી અને ધોયેલી ચાંદીની પાટ, શરદઋતુનો મેઘ, કુમુદનું દલ, શ્વેતકમળનું દળ, ચોખાના લોટની રાશિ, કુરજના પુષ્પોની રાશિ, સિન્દુવાર પુષ્પોની માળા, શ્વેત અશોક પુષ્પ, શ્વેત કણેરનું ફૂલ, શ્વેત બંધુજીવકનું ફૂલ, આદિનો વર્ણ શ્વેત હોય છે. તેનાથી પણ અધિક ઈષ્ટ યાવત્ અધિક મનોજ્ઞ વર્ણવાળી શુકલલેશ્યા હોય છે.

આ છ[૪૫] લેશ્યાઓ પાંચ વર્ણની કહેવાય છે. કૃષ્ણલેશ્યા કાળાવર્ણદ્વારા, નીલ લેશ્યા નીલવર્ણદ્વારા, કાપોત લેશ્યા કાળાને લાલવર્ણદ્વારા, તેજોલેશ્યા લાલવર્ણદ્વારા, પદ્મલેશ્યા પીળા વર્ણ દ્વારા, અને શુકલ લેશ્યા શુકલ વર્ણ દ્વારા કહેવાય છે.

**શુક્લલેશ્યાનો રસ**[46] :-

શુકલલેશ્યા રસની અપેક્ષાએ જેવો ખજુરનો રસ, દ્રાક્ષનો રસ, દૂધમાં બનાવેલી ખીરનો રસ, ખાંડ અને સાકરનો રસ જેવો મીઠો હોય છે એનાથી પણ અનંતગુણો મીઠો રસ શુકલ લેશ્યાનો હોય છે.

વળી[47] શુકલલેશ્યાનો રસ, જેમ ગોળ, ખાંડ, સાકર, રાબ, લાડુ, ભિશકંદ નામનું મિષ્ટાન્ન, પુરુષોત્તર નામનું મિષ્ટાન્ન, પદ્મોત્તર નામનું મિષ્ટાન્ન, આદેશિકા નામનું મિષ્ટાન્ન, સિદ્ધાર્થિકા નામનું મિષ્ટાન્ન, આકાશાસ્ફાત્તિતોપમા નામનું મિષ્ટાન, અનુપમા નામનું મિષ્ટાન્ન, ઉપમા નામનું મિષ્ટાન્ન, આદિના રસથી પણ શુકલ લેશ્યાનો રસ અધિક ઈષ્ટ યાવત્ અધિક મનોજ્ઞત્તર હોયછે.

**શુક્લલેશ્યાનાં લક્ષણો**[48] :- (પરમશુભ મનોવૃત્તિ) આ મનોભૂમિ શુભ મનોવૃત્તિની સર્વોચ્ચ ભૂમિકા છે. પદ્મલેશ્યામાં શુભ ગુણની માત્રા વધારે હોય છે. પરંતુ આ લેશ્યામાં વિશુદ્ધિની માત્રા અધિક હોય છે.

જેમકે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો પરિત્યાગ કરીને આત્માધર્મધ્યાન અને શુકલધ્યાનનું સેવન કરે છે. પ્રશાંત ચિત્તવાળા હોય છે. અશુભ યોગોના પરિતાપથી પોતાના આત્માને વશમાં રાખે છે. પાંચ સમિતિઓનું પાલન કરે છે. ત્રણ ગુપ્તિઓથી પોતાના ચારિત્રનું રક્ષણ કરે છે. તથા જે સરાગ હોય કે વીતરાગ હોય, ઉપશમ ભાવથી જે યુક્ત હોય. ઇન્દ્રિયોને વશમાં જેણે રાખેલ હોય. હંમેશા સ્વધર્મ અને સ્વ સ્વરૂપમાં નિમગ્ન રહે છે. આવા પ્રકારના લક્ષણોથી યુક્ત જીવોને શુક્લલેશ્યાવાળા જાણવા.

**છ લેશ્યાઓની ગંધ :-**

કૃષ્ણલેશ્યા[49], નીલલેશ્યા, અને કાપોલ લેશ્યા, આ ત્રણ લેશ્યાઓ દુર્ગંધવાળી અને તેજો લેશ્યા, પદ્મલેશ્યા અને શુકલ લેશ્યા આ ત્રણ લેશ્યાઓ સુગંધવાળી કહેલી છે.

પ્રથમની[50] ત્રણ લેશ્યાઓ અપ્રશસ્ત છે. એ ત્રણે લેશ્યાઓની ગંધ જેવી રીતે ગાયના મરેલા શરીરની, કૂતરાના મરેલા શરીરની. સર્પના મરેલા શરીરની જેવી દુર્ગંધ હોય છે તેનાથી પણ અધિક દુર્ગંધ કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા અને કાપોતલેશ્યા જેવી ત્રણ

અપ્રશસ્ત લેશ્યાઓની હોય છે.

છેલ્લી-ત્રણ લેશ્યાઓ પ્રશસ્ત છે. એ ત્રણ લેશ્યાઓની સુગંધ જેવી રીતે સુગંધિત પુષ્પોની સુગંધ હોય છે. જેમ પીસાવાથી સુગંધી દ્રવ્યોમાંથી સુગંધ છૂટતી હોય છે તેનાથી પણ અનંતગણી અધિક સુગંધ તેજો લેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા જેવી ત્રણ પ્રશસ્ત લેશ્યાઓની સુગંધ હોય છે.

**છ લેશ્યાઓનો સ્પર્શ :-**

પ્રથમ[૫૧] ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓ છે. તેઓ સ્પર્શ જેવો કરવતનો સ્પર્શ, જેવો ગાયની જીભનો સ્પર્શ, જેવો શાકના વેલાઓનાં પાંદડાનો સ્પર્શ હોય છે તેનાથી પણ અનંતગુણો કર્કશ અને ખરબચડો સ્પર્શ અપ્રશસ્ત કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોત લેશ્યાનો હોય છે.

છેલ્લી ત્રણ પ્રશસ્ત લેશ્યાઓ છે. તેનો સ્પર્શ જેવો બૂર નામની વનસ્પતિનો સ્પર્શ, માખણનો સ્પર્શ તથા શિરીષ પુષ્પનો સ્પર્શ હોય છે તેનાથી પણ અનંતગુણો સુંવાળો સ્પર્શ પ્રશસ્ત તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા જેવી ત્રણ લેશ્યાનો હોય છે.

**છ લેશ્યાઓની ગતિ :-**

કૃષ્ણ[૫૨], નીલ, કાપોતલેશ્યા આ ત્રણે લેશ્યાઓમાં સંકલિષ્ટ અધ્યવસાય હોવાથી દુર્ગતિમાં લઈ જવાવાળી છે. તેજો, પદ્મ અને શુકલ આ ત્રણ લેશ્યાઓમાં પ્રશસ્ત અધ્યવસાય હોવાથી સદ્દગતિમાં લઈ જવાવાળી છે.

કૃષ્ણ[૫૩], નીલ અને કાપોત આ ત્રણ લેશ્યાઓ અધર્મના હેતુવાળી હોવાથી અધર્મ લેશ્યાઓ છે. કેમકે એ ઉપાદાનમાં હેતુ હોય છે. આ કારણે આ ત્રણે લેશ્યાઓથી યુક્ત જીવ મરીને દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે.

તેજો, પદ્મ અને શુકલ આ ત્રણ લેશ્યાઓ ધર્મ લેશ્યાઓ છે. તથા ધર્મની હેતુભૂત છે. આ કારણે આ ત્રણે લેશ્યાઓથી યુક્ત જીવ મરીને સદગતિમાં જાય છે.

**છ લેશ્યાઓનાં પરિણામ[૫૪] :-**

છ લેશ્યાઓના પરિણામ ત્રણ પ્રકારનાં, નવ પ્રકારનાં, ૨૭ પ્રકારનાં, ૮૧

પ્રકારનાં, અને ૨૪૩ પ્રકારનાં તેમ જ ઘણા પ્રકારોમાં તેનું પરિણમન થાય છે.

છ એ લેશ્યાઓનાં સઘળાં પરિણામોનું સંકલન કરવાથી અર્થાત્ બધાને સાથે કરવાથી ૨૪૩ x ૬ = ૧૪૫૮ પરિણામો બને છે.

**છ લેશ્યાઓનો પ્રદેશ[૫૫] :-**

છ એ લેશ્યાઓ અનંત પ્રદેશી છે. અર્થાત્ છ એ લેશ્યાને યોગ્ય (પરમાણુ) પ્રદેશો અનંતાનંત સંખ્યાવાળા છે.

**છ લેશ્યાઓની અવગાહના[૫૬] :-**

છ એ લેશ્યાઓની અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ કહી છે. કેમકે સંપૂર્ણ લોકના અસંખ્યાત જ પ્રદેશો પ્રસિદ્ધ છે.

**છ લેશ્યાઓની વર્ગણા[૫૭] :-**

છ એ લેશ્યાઓની વર્ગણા અનંત કહી છે. વર્ગણાઓ વર્ણાદિના ભેદથી અનંત હોય છે.

**છ લેશ્યાઓનાં સ્થાન :-**

કૃષ્ણલેશ્યાનાં[૫૮] અસંખ્યાત સ્થાનો કહ્યાં છે. એ જ રીતે યાવત્ શુકલલેશ્યાના સ્થાનો સમજવાં.

અસંખ્યાત ઉત્સર્પિણીઓ તથા અવસર્પિણીઓના જેટલા પ્રદેશ હોય છે તેટલા જ લેશ્યાઓનાં સ્થાન અર્થાત્ વિકલ્પ છે. કૃષ્ણ, નીલ અને કાપોત નામક ભાવ લેશ્યાઓનાં સ્થાન સંકલેશરૂપ હોય છે. અને તેજો, પદ્મ અને શુકલલેશ્યાઓનાં સ્થાન વિશુદ્ધ હોય છે.

અસંખ્યાત[૫૯] અવસર્પિણીકાળ તથા અસંખ્યાત ઉત્સર્પિણીકાળનો જેટલો સમય છે. અથવા અસંખ્યાત લોકના જેટલા પ્રદેશ છે. એટલા જ લેશ્યાઓનાં સ્થાનો છે.

**છ એ લેશ્યાઓની સ્થિતિ :-**

**કૃષ્ણલેશ્યાની[૬૦]** સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની હોય છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની છે.

**નીલ લેશ્યાની** જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગથી અધિક ૧૦ સાગરોપમની છે.

**કાપોત લેશ્યાની** જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમના અસંખ્યાતમાં ભાગથી અધિક ત્રણ સાગરોપમની છે.

**તેજો લેશ્યા**ની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગથી અધિક બે સાગરોપમની છે.

**પદ્મલેશ્યાની** જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક ૧૦ સાગરોપમની છે.

**શુક્લલેશ્યાની** જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમની છે.

આ લેશ્યાઓની સામાન્ય રીતે સ્થિતિ કહેવામાં આવી છે. આમાં ગતિ વિશેષની વિવક્ષા કરવામાં આવેલ નથી.

હવે ચારે ગતિઓમાં લેશ્યાની સ્થિતિ કહે છે.

**નારકોમાં લેશ્યાની સ્થિતિ :-**

**નારકોમાં કાપોત**[૧] લેશ્યાની જઘન્ય સ્થિતિ ૧૦ હાજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગથી અધિક ત્રણ સાગરોપમની છે.

**નીલ**લેશ્યાની જઘન્ય સ્થિતિ ૩ સાગરોપમ તથા પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ સાગરોપમ તથા પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ છે.

**કૃષ્ણ**લેશ્યાની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ તથા પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે.

પ્રથમ ત્રણ નરક સુધી કાપોત લેશ્યા હોય છે. જઘન્ય સ્થિતિ પ્રથમ નરકની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીજી નરકમાં લેવાય છે.

ત્રીજી, ચોથી, પાંચમી નરકમાં નીલલેશ્યા છે. આ નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ *ત્રીજી નરકની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચમી નરકની છે. પાંચમી, છઠ્ઠી અને સાતમી*

નરકમાં કૃષ્ણલેશ્યા છે. આ કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ ૫મી નરકની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૭મી નરકની છે.

**તિર્યંચો અને મનુષ્યોમાં લેશ્યાની સ્થિતિ[૬૨] :-**

તિર્યંચો અને મનુષ્યોમાં સર્વ લેશ્યાઓની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. શુકલ લેશ્યાને વર્જીને જાણવું. તે શુદ્ધ શુકલ લેશ્યા છોડી દેવી.

શુકલ લેશ્યાની જઘન્ય સ્થિતિ તો એક અંતર્મુહૂર્તની જ હોય છે. પરંતુ ઉત્કૃષ્ટ સ્થિતિ નવ વર્ષ ન્યૂન પૂર્વ કોટીની છે. કેમકે આઠ વર્ષની આયુમાં રહેલા જીવને શુકલલેશ્યાની સંભાવના હોતી નથી. આ કારણે નવ વર્ષથી ઓછા એક પૂર્વ કોટી કાળ આ શુકલલેશ્યાનો બતાવેલ છે.

**દેવોમાં લેશ્યાઓની સ્થિતિ[૬૩] :-**

**કૃષ્ણલેશ્યાની** જઘન્ય સ્થિતિ ભવનપતિ, વ્યંતરદેવોમાં ૧૦ હજાર વર્ષની છે. કેમકે આ દેવો જ જઘન્ય ૧૦ હજાર વર્ષની સ્થિતિવાળા હોય છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ છે. આ સ્થિતિ મધ્યમ આયુવાળા ભવનપતિ અને વ્યંતરદેવોની અપેક્ષાએ છે.

**નીલલેશ્યાની** જઘન્ય સ્થિતિ - કૃષ્ણલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેમાં ૧ સમય વધુ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમના અસંખ્યાતભાગ પ્રમાણ છે. તે મધ્યમ આયુવાળા દેવોની સ્થિતિ છે.

**કાપોત લેશ્યાની** જઘન્ય સ્થિતિ - નીલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય વધુ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમના અસંખ્યાતભાગ પ્રમાણ છે. એ સ્થિતિ એટલી આયુવાળા જ ભવનપતિ અને વ્યંતરદેવોની છે.

**તેજો લેશ્યાની** જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની હોય છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યના અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમની છે. તે વૈમાનિક દેવની અપેક્ષાએ જાણવી. કેમકે સૌધર્મ અને ઇશાન દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ એટલી છે. સૌધર્મની જઘન્ય ૧ પલ્યની, ઇશાન દેવલોકની ૧ પલ્યથી અધિક છે. તથા બંને દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૨ સાગરોપમ અને બે સાગરોપમથી અધિક છે.

જ્યોતિષી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યના આઠમા ભાગની છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**પદ્મલેશ્યાની** જઘન્ય સ્થિતિ - તેજોલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિમાં ૧ સમય અધિક અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક ૧૪ સાગરોપમ પ્રમાણ છે.

**શુક્લલેશ્યા** ની જઘન્ય સ્થિતિ - પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિમાં એક સમય અધિક છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ છે. આ લેશ્યાની જઘન્ય સ્થિતિ ૬ઠ્ઠા લોતક દેવલોકમાં છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ સર્વાર્થસિદ્ધમાં છે. કેમકે ત્યાં જ આટલી સ્થિતિ હોય છે.

**છ લેશ્યાઓનું અલ્પબહુત્વ[૬૪] :-**

છ એ લેશ્યાઓના અસંખ્યાત સ્થાનો કહ્યાં છે. તેનો અલ્પબહુત્વ નીચે પ્રમાણે છે.

**દ્રવ્યની અપેક્ષાએ જઘન્યથી :-**

સૌથી ઓછાં સ્થાનો કાપોત લેશ્યાનાં છે. તેનાથી નીલલેશ્યાના સ્થાનો અસંખ્યાતગુણા છે. તેનાથી કૃષ્ણલેશ્યાના સ્થાનો અસંખ્યાત ગુણા છે. તેનાથી તેજોલેશ્યાના સ્થાનો અસંખ્યાતગુણા છે. તેનાથી પદ્મલેશ્યાના સ્થાનો અસંખ્યાતગુણા છે. તેનાથી શુકલલેશ્યાના સ્થાનો અસંખ્યાતગુણા છે.

પ્રદેશોની અપેક્ષાએ જઘન્યથી, દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ જઘન્યથી ઉપર પ્રમાણે દ્રવ્યની અપેક્ષાએ જઘન્યથી બતાવેલ છે તે જ પ્રમાણે સમજવું.

દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી સ્થાનો પણ જઘન્ય પ્રમાણે જ સમજવાં.

લેશ્યાઓની[૬૫] પ્રતિપત્તિનો જે કાળ છે તે કાળની અપેક્ષાથી પ્રથમ સમયમાં પરિણત થયેલ એ સમસ્ત લેશ્યાઓથી યુક્ત થયેલ કોઈ પણ જીવની અન્યભવમાં ઉત્પત્તિ થતી નથી.

ચરમ[૬૬] સમયમાં આત્મરૂપપણાથી પરિણત થયેલ સમસ્ત લેશ્યાઓની યુક્ત, કોઈ પણ જીવની પરભવમાં ઉત્પત્તિ થતી નથી.

અંતર્મુહૂર્ત કાળ ચાલ્યો જાય પછી અંતર્મુહૂર્ત કાળ થોડો બાકી રહે ત્યારે આત્મરૂપપણાથી પરિણત થયેલ લેશ્યાઓથી યુક્ત જીવ પરભવમાં જાય છે.

**આગમમાં અને ટીકા સાહિત્યમાં લેશ્યા :-**

**વિભિન્ન જીવોમાં લેશ્યા :-**

**નારકીઓમાં[૬૭] :-**

નારકીમાં પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય છે. પહેલી અને બીજી નારકીમાં કાપોત લેશ્યા, ત્રીજી નારકીમાં કાપોત અને નીલલેશ્યા, ચોથી નારકીમાં એક નીલ, પાંચ નારકીમાં નીલ ને કૃષ્ણ, છઠ્ઠી ને સાતમી નારકીમાં કૃષ્ણ લેશ્યા હોય છે.

**તિર્યંચો, મનુષ્યો અને દેવોમાં લેશ્યા[૬૮] :-**

તિર્યંચોમાં[૬૯] કૃષ્ણ યાવત્ શુકલ એ છ લેશ્યા હોય છે. પૃથ્વીકાય[૭૦], અપકાય, વનસ્પતિકાય, ભવનપતિ અને વાણવ્યંતરમાં પ્રથમની ચાર લેશ્યાઓ હોય છે. બેઇન્દ્રિય[૭૧], તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, તેઉકાય, વાઉકાય, અને નારકીમાં ત્રણ લેશ્યા હોય છે. પંચેન્દ્રિય[૭૨] તિર્યંચો અને મનુષ્યને છ લેશ્યા હોય છે. અકર્મભૂમિમાં[૭૩] અને અંતર દ્વીપમાં મનુષ્ય અને મનુષ્યાણીને ચાર લેશ્યા હોય છે. વૈમાનિક[૭૪] દેવોમાં ત્રણ લેશ્યા હોય છે. વૈમાનિક[૭૫] દેવીમાં એક તેજોલેશ્યા હોય છે. જ્યોતિષી[૭૬] - પહેલા બીજા દેવલોકમાં તેજોલેશ્યા, ત્રીજા, ચોથા, પાંચમાં દેવલોકમાં પદ્મલેશ્યા, છઠ્ઠા દેવલોકથી અનુત્તર વિમાનના સર્વાર્થસિદ્ધ સુધીના દેવોમાં શુકલલેશ્યા હોય છે. ગર્ભજ તિર્યંચ, મનુષ્યમાં છ લેશ્યા અને બાકીના બધા જીવોમાં ત્રણ લેશ્યા હોય છે.

**એક લેશ્યાવાળા જીવો[૭૭] :-**

એક **કૃષ્ણ**લેશ્યાવાળા - (૧) છઠ્ઠી નારકી (૨) ૭મી નારકી

એક **નીલ**લેશ્યાવાળા - (૧) ૪થી નારકી

એક **કાપોત**લેશ્યાવાળા - (૧) પ્રથમ નારકી (૨) બીજી નારકી.

એક **તેજો**લેશ્યાવાળા - (૧) જ્યોતિષી દેવ. (૨) સૌધર્મ દેવ (૩) ઇશાન દેવ (૪) પ્રથમ કિલ્વિષી દેવ. એક પદ્મલેશ્યાવાળા - (૧) સનત્કુમારદેવ (૨) માહેન્દ્રદેવ (૩) બ્રહ્મલોક દેવ (૪) બીજા કિલ્વિષી દેવ (૫) નવ લોકોતિક દેવ.

એક **શુક્લ**લેશ્યાવાળા - (૧) ૬થી ૧૨ દેવલોકના દેવ (૨) ત્રીજા કિલ્વિષી દેવ (૩) નવગ્રૈવેયકના દેવ (૪) ૫ અનુત્તર વિમાનના દેવ.

**બે લેશ્યાવાળા જીવો :-**

કૃષ્ણ તથા નીલ લેશ્યાવાળા - (૧) ૩જી નારકી.

નીલ તથા કાપોત લેશ્યાવાળા (૧) ૫મી નારકી.

**ત્રણ લેશ્યાવાળા જીવો :-**

**કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળા :-** (૧) નારકી (૨) તેઉકાય (૩) વાઉકાય (૪) બેઇન્દ્રિય (૫) તેઇન્દ્રિય (૬) ચૌરેન્દ્રિય (૭) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય. (૮) અસંજ્ઞી મનુષ્ય. (૯) સૂક્ષ્મ સ્થાવર એકેન્દ્રિય. (૧૦) બાદર નિગોદ જીવ.

**ચાર લેશ્યાવાળા જીવો :-**

**પ્રથમની ચાર લેશ્યાઓ :-** (૧) પૃથ્વીકાય (૨) અપકાય (૩) વનસ્પતિકાય (૪) ભવનપતિ દેવ (૫) વાણવ્યંતર દેવ (૬) જુગલિયા (૭) દેવીઓ.

**પાંચલેશ્યાવાળા જીવો :-**

**પ્રથમની પાંચ લેશ્યાઓ :-** પોતાની જઘન્ય સ્થિતિવાળા પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી તિર્યંચજીવ જે ત્રીજા, ચોથા અને પાંચમા બ્રહ્મલોકના દેવોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય.

**છ લેશ્યાવાળા જીવો :-**

**કૃષ્ણ યાવત્ શુક્લલેશ્યાવાળા :-** (૧) તિર્યંચ પંચેન્દ્રિય (૨) મનુષ્ય (૩) દેવ (૪) સામાયિક ચારિત્રી. (૫) છેદોપસ્થાપનીય ચારિત્ર, (૬) કષાયકુશીલ નિગ્રંથ (૭) સંયતિ.

**અલેશી જીવ :-**

(૧) મનુષ્ય અને (૨) સિદ્ધ.

**શુદ્ધ અને અશુદ્ધ લેશ્યા વિવેચન :-**

છ[૭૮] લેશ્યાઓમાં કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ અવિશુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ છે. આ ત્રણ લેશ્યાઓનાં પરિણામ અશુદ્ધ હોવાથી તથા શીત અને રૂક્ષ હોવાથી એ દુર્ગતિમાં લઈ જનારી છે.

તેજો,[૭૯] પદ્મ અને શુકલ આ ત્રણે લેશ્યાઓ પ્રશસ્ત, અસંક્લિષ્ટ અને વિશુદ્ધ છે. એ ત્રણ લેશ્યાઓનાં પરિણામ શુદ્ધ હોવાથી, વળી સ્નિગ્ધ અને ઉષ્ણ છે તે સુગતિમાં લઈ જનારી છે. શુદ્ધ લેશ્યા સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

**દંડકોમાં લેશ્યા :-**

૨૪ દંડકના ૨૪ દ્વારોમાં ૭મું લેશ્યા દ્વાર બતાવેલ છે.

ગાથા :- [૭૯]लेस-छगं गब्भतिरिय मणुउसु ।

नारय-तेउ-वाउ-विगला वेमाणिय तिलेसा ॥१४॥

जोइसिय तेउलेसा, सेसा सव्वेवि हुंति चउलेसा ।

**ગાથાર્થ :-**

છ લેશ્યાઓમાંથી નારકીના દંડકમાં પ્રથમ ત્રણ લેશ્યા હોય છે. પૃથ્વીકાયના, અપકાયના અને વનસ્પતિકાયના દંડકમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે. તેઉકાયનાં અને વાઉકાયનાં દંડકમાં, ત્રણ વિકલેન્દ્રિયના ત્રણ દંડકમાં પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યના દંડકમાં છ લેશ્યાઓ હોય છે. ભવનપતિના ૧૦ દંડકમાં, અને વાણવ્યંતરના દંડકમાં ચાર લેશ્યાઓ હોય છે. જ્યોતિષીના દંડકમાં એક તેજોલેશ્યા અને વૈમાનિકના દંડકમાં તેજો, પદ્મ અને શુકલ એ ત્રણ લેશ્યાઓ હોય છે.

**દંડકમાં લેશ્યાના ચિંતનનું કારણ :-**

દરેક સંસારી જીવોને લેશ્યા હોય છે. દરેક દંડકોમાં જીવોની ભિન્ન-ભિન્ન લેશ્યા બતાવેલ છે. પ્રથમની ત્રણ લેશ્યા અપ્રશસ્ત હોય છે. એ લેશ્યાનાં પરિણામો અને કાર્યો

સંસાર વધારે છે. અનાદિ કાળથી એ અશુદ્ધ અને સંકલિષ્ટ ભાવોમાં રમી રહ્યો છે. પરંતુ જ્યારે અંતિમ તેજો, પદ્મ અને શુકલ લેશ્યાનાં પરિણામો આત્મામાં પ્રગટે છે ત્યારે ઉત્થાન થાય છે. આગળ કહેલ જુદા-જુદા દંડકોમાં પ્રશસ્ત લેશ્યાઓ હોય છે. તેના આધારે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પાંચમા ગુણસ્થાનમાં શ્રાવકના વ્રતોનો સ્વીકાર કરી શકે છે. અને કર્મભૂમિનાં સંજ્ઞી મનુષ્ય ઉત્તમ ત્રણ લેશ્યાના આધારે ક્રમશઃ આગળ જઈ શકે છે. જે દેવોને પ્રશસ્ત ત્રણ લેશ્યા છે. તેમ છતાં પણ તેઓ ચોથા ગુણસ્થાનથી આગળ જઈ શકતા નથી. અપ્રશસ્ત લેશ્યાના પરિણામો છૂટી જતાં સહજ પ્રશસ્ત પરિણામો પ્રગટી જાય છે. જેવી રીતે રાત્રીનો અંધકાર દૂર કરવા માટે સૂર્યનાં કિરણો સમર્થ છે. તેવી જ રીતે અશુદ્ધ ભાવોને દૂર કરવા શુદ્ધ ભાવોના કિરણો સમર્થ છે અને એ જ શુદ્ધ ભાવો આત્માને મહાન બનાવે છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને અધ્યવસાયોનું કઈ રીતે ઉત્થાન અને પતન કરાવે છે તેનો દંડકમાં ખ્યાલ આવે છે. પતનના માર્ગને છોડી શ્રેયના માર્ગને ગ્રહણ કરવા દંડકમાં લેશ્યાદ્વાર બતાવેલ છે.

**લેશ્યા દ્વારા આત્મવિકાસ :-**

મનના[૮૦] અધ્યવસાય એક સરખા રહેતા નથી તે બદલાયા કરે છે. ક્યારેક કાળા, ક્યારેક કાબરચીતરા, ક્યારેક ભેળસેળ જેવા, ક્યારેક સારા, ક્યારેક વધુ સારા, અને ક્યારેક ઉચ્ચશ્રેણીના ઉજ્જવળ બને છે. આ આપણા અનુભવની વાત છે. આ મનના ભાવને "લેશ્યા" કહેવાય છે.

કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાનાં દ્રવ્યો અશુભ છે. અને તેજો, પદ્મ અને શુકલ લેશ્યાનાં દ્રવ્યો શુભ છે. આ દ્રવ્યો મન, વચન અને શરીરના યોગોના અંતર્ગત દ્રવ્યો છે. લેશ્યા કષાયોદીપક હોવા છતાં કષાયરૂપ નથી. કેમકે અકષાયી કેવલજ્ઞાનીને પણ ઉત્તમોત્તમ શુકલ લેશ્યા હોય છે.

પ્રથમ ત્રણ લેશ્યાઓમાં અવિવેક હોય છે. છેલ્લી ત્રણ લેશ્યાઓમાં વિવેક હોય છે. પહેલી ત્રણ લેશ્યાઓમાં અવિવેકની માત્રા ઉત્તરોત્તર ઘટતી જાય છે. જ્યારે છેલ્લી ત્રણ લેશ્યાઓમાં વિવેકની માત્રા ઉત્તરોત્તર વધતી જાય છે. પહેલી ત્રણ લેશ્યાઓમાં નિબિડ પાપરૂપ બંધન ક્રમશઃ ઓછું થતું જાય છે. જ્યારે છેલ્લી ત્રણ લેશ્યાઓમાં પુણ્યરૂપ કર્મબંધની અભિવૃદ્ધિ હોય છે. તેમ જ પુણ્યરૂપ નિર્જરાનું તત્ત્વ ઉત્તરોત્તર વધતું

જાય છે. આ રીતે લેશ્યાઓની વિચારણાં કરતાં આત્મવિકાસનાં દર્શન થાય છે. અશુભ લેશ્યાઓમાં આપણે અનંતકાળ પસાર કર્યો છે. હવે આ ભવમાં આગમજ્ઞાન દ્વારા શુભ લેશ્યાઓમાં સ્થિરતા કરવાની છે. તેજો અને પદ્મ લેશ્યા સાતમા ગુણસ્થાન સુધી હોય છે. સાતમા ગુણસ્થાનમાં અપ્રમત્ત દશા પ્રગટી જાય છે. અને આઠમાં ગુણસ્થાનથી એકલી શુકલલેશ્યા રહે છે. વર્ધમાન પરિણામો રહેતાં શુકલલેશ્યાની સાથે ક્ષપકશ્રેણી ૮મા ગુણસ્થાનથી મંડાઈ જતાં ૧૨મા ગુણસ્થાનના અંતે જ ઘાતી કર્મનો ક્ષય થઈ જાય છે. આત્મામાં ૧૩મા ગુણસ્થાનમાં તો કેવલજ્ઞાન પ્રગટ થઈ જાય છે. આત્માનો સંપૂર્ણ વિકાસ થઈ જાય છે. કેમકે કેવલજ્ઞાન પ્રગટ થઈ ગયા પછી ચાર ગતિનું પરિભ્રમણ અટકી જાય છે. અને ૧૩મા ગુણસ્થાનમાં શુદ્ધ શુકલલેશ્યા રહે છે. અને તે પણ ૧૪મા ગુણસ્થાનમાં છૂટી જાય છે. અંતે અલેશી બની જવાય છે. અને શાશ્વત સુખ પણ મળી જાય છે. આ રીતે લેશ્યાના માધ્યમ દ્વારા અશુભમાંથી શુભ અને શુભમાંથી લેશ્યા શુદ્ધ બની જાય છે ત્યારે સંપૂર્ણ કેવલજ્ઞાન પ્રગટ થઈ જાય છે. એ આત્માના વિકાસની ચરમસીમા છે.

**ગુણસ્થાનમાં લેશ્યા**[૮૧] **:-**

| | |
|---|---|
| કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, અને કાપોત લેશ્યા | ૧થી ૬ ગુણસ્થાન સુધી હોય છે. |
| તેજો લેશ્યા, પદ્મલેશ્યા | ૧થી ૭ ગુણસ્થાન સુધી હોય છે. |
| શુકલલેશ્યા | ૧થી ૧૩ ગુણસ્થાન સુધી હોય છે. |

અર્થાત્ કૃષ્ણ, નીલ, કપોત એ ત્રણ લેશ્યાનાં પ્રથમ ૬ ગુણસ્થાનક છે.

તેજો, પદ્મ એ બે લેશ્યાનાં પ્રથમ ૭ ગુણસ્થાન છે. શુકલલેશ્યા એ એક લેશ્યાના પ્રથમ ૧૩ ગુણ સ્થાન છે.

એકથી છ ગુણસ્થાનમાં ૬ લેશ્યા હોય છે.

સાતમા ગુણસ્થાનમાં તેજો, પદ્મ અને શુકલ એ **ત્રણ લેશ્યા** છે. ૮થી ૧૩ ગુણસ્થાનમા **એક શુકલલેશ્યા** છે. એટલે ૬ ગુણસ્થાન છે. અલેશીનું એક **૧૪મું ગુણસ્થાન** છે.

**વેદમાં લેશ્યા :-**

સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક વેદમાં છ લેશ્યા હોય છે. અવેદીમાં એક શુકલલેશ્યા હોય છે. કેમકે અવેદીના ૮થી ૧૪ એટલે કે સાત ગુણસ્થાન છે. તેમાં ૧થી ૧૩માં માત્ર શુકલલેશ્યા છે. ૧૪મા ગુણસ્થાનમાં અવેદી અને અલેશી છે.

**કષાયમાં લેશ્યા :-**

કષાયમાં ૬ લેશ્યા હોય છે. અકષાયમાં માત્ર શુકલલેશ્યા જ હોય છે. કેમકે ૧૧થી ૧૪ એ ચાર ગુણસ્થાન અકષાયીનાં છે. ૧૧, ૧૨, ૧૩માં શુકલ લેશ્યા હોય છે અને ૧૪મા ગુણસ્થાને અકષાયી અને અલેશી છે.

કષાય અને લેશ્યાનો અવિનાભાવી સંબંધ નથી. જ્યાં કષાય છે ત્યાં લેશ્યા અવશ્ય છે પરંતુ જ્યાં લેશ્યા છે ત્યાં કષાય ન પણ હોય. જેમ કે કેવલજ્ઞાનીને કષાય ન હોય તો પણ તેમનામાં લેશ્યાનાં પરિણામ હોય છે. જો કે તે શુકલલેશ્યા જ હોય છે.

**સમુદ્‌ઘાતમાં લેશ્યા :-**

વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, અને આહારક સમુદ્‌ઘાત એ છ સમુદ્‌ઘાતમાં છ લેશ્યા હોય છે. અને કેવલ સમુદ્‌ઘાતમાં એક શુકલલેશ્યા જ હોય છે. કેમકે કેવલ સમુદ્‌ઘાત ૧૩મા ગુણસ્થાનમાં થાય છે.

**ચારિત્રમાં લેશ્યા**[૮૨] **:-**

સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય એ બેમાં છ લેશ્યા અને પરિહારવિશુદ્ધ ચારિત્રમાં અંતિમ ત્રણ લેશ્યા હોય છે. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, અને યથાખ્યાત ચારિત્રમાં એક શુકલલેશ્યા છે.

**જ્ઞાનમાં લેશ્યા :-**

**કૃષ્ણલેશ્યા યાવત્ પદ્મલેશ્યામાં :-**

બે, ત્રણ અથવા ચાર જ્ઞાન હોય છે. બે જ્ઞાન હોય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. ત્રણ જ્ઞાન હોય તો મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોય છે. અથવા તો મતિ, શ્રુત અને મન:પર્યવજ્ઞાન હોય છે. ચાર જ્ઞાન હોય તો મતિ, શ્રુત, અવધિ અને

મનઃપર્યવજ્ઞાન હોય છે.

**શુક્લલેશ્યામાં :-**

બે, ત્રણ અથવા ચાર જ્ઞાન હોય છે. તે ઉપર પ્રમાણે જ સમજવું અને એક જ્ઞાન હોય તો કેવલજ્ઞાન હોય છે.

**ઉપયોગમાં લેશ્યા :-**

૧૨ ઉપયોગમાંથી કેવલજ્ઞાન અને કેવલદર્શન વર્જીને ૧૦ ઉપયોગમાં ૬ લેશ્યા છે અને કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં એક શુકલલેશ્યા જ હોય છે.

**લેશ્યા અને યોગ :-**

લેશ્યા અને યોગમાં અવિનાભાવી સંબંધ છે. જ્યાં યોગ છે ત્યાં લેશ્યા છે. જે જીવ સલેશી છે તે સયોગી છે. અને જે જીવ અયોગી છે તે અલેશી છે. જે અલેશી છે તે અયોગી પણ છે.

**લેશ્યાની વિચારણાથી આત્મજાગૃતિ :-**

લેશ્યાઓના[૮૩] અનુભવોને જાણીને સંયમી મુનિ અપ્રશસ્ત લેશ્યાઓને છોડીને પ્રશસ્ત લેશ્યામાં વિચરે (રહે).

જે[૮૪] સાધુ છ લેશ્યા, છ કાય તથા આહાર કરવાનાં છ કારણોમાં સદા સાવધાનીથી રહે છે તે ભવભ્રમણ નથી કરતા. સંતોઓ છ લેશ્યાઓમાં સાવધાનીથી રહેવું જોઈએ.

લેશ્યાની[૮૫] શુદ્ધિ થયા વિના જાતિસ્મરણજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન કે કેવલજ્ઞાન થઈ શકતું નથી. જે પણ અંતજ્ઞાન ઉત્પન્ન થાય છે તે લેશ્યાની વિશુદ્ધિથી જ થાય છે. લેશ્યાની શુદ્ધિ વિના આનંદનો અનુભવ થતો નથી.

**ટિપ્પણી :**

૧. અભિધાન. રાજેન્દ્ર કોશ ભા. ૬. પૃ. ૬૭૫

૨. લેશ્યા કોશ. પાઈ. પૃ. ૯૦૫

૩. લેશ્યા કોશ. પાઈ. પૃ. ૯૦૫

૪. લેશ્યા કોશ. અભિધાન ભા. ૬ પૃ. ૬૭૪

લેશ્યા કોશ. આયા. શ્રુ. ૧ અ. ૬. ઉ. ૫, સૂ. ૫

૫. લેશ્યા કોશ. અભિધાન ભા. ૬ પૃ. ૬૭૪

૬. લેશ્યા કોશ. પાઈ. પૃ. ૯૦૫

૭. લેશ્યા કોશ. પાઈ. પૃ. ૯૦૫

૮. લેશ્યા કોશ. આપ્તકોષ. પૃ. ૪૮૩

પ્રકાશ ઉજિયાલા. સંસ્કૃત શબ્દાર્થ કૌસ્તુભ. પૃ. ૯૬૭

૯. લેશ્યા કોશ. પાઈ. પૃ. ૯૦૫

૧૦. લેશ્યા કોશ. પાઈ. ૯૦૫

સમ. ૧૫ પૃ. ૩૨૮

૧૧. લેશ્યા કોશ. પાઈ. પૃ. ૯૦૫. રાજ.

૧૨. લેશ્યા કોશ. પાઈ. પૃ.દ્વિ.સં. ૭૨૯

૧૩. લેશ્યા કોશ. ભગ. શ. ૧૪ ઉ. ૯, પ્ર. ૧૨. પૃ. ૭૦૭

૧૪. લેશ્યા કોશ. ભગ. શ. ૧૪ ઉ. ૯, પ્ર. ૧૦-૧૧ પૃ. ૭૦૭

૧૫ લેશ્યા કોશ. ભગ. શ. ૧૨ ઉ. ૫, પ્ર. ૧૬. પૃ. ૬૬૪

૧૬. લેશ્યા કોશ. જૈનન્દ્ર સિદ્ધાંત. કોશ. ભા. ૩ પૃ. ૪૩૫

૧૭. લેશ્યા કોશ. પૃ. ૧૫ સમ. લેશ્યાપૃ. ૩૭૫

લેશ્યા કોશ. પૃ. ૧૫ સમ. ૬. ૫. ૩૨૦ (માત્ર ઉત્તર)

લેશ્યા કોશ. પૃ. ૧૫ ભગ. શ. ૧ ઉ. ૨ પ્ર. ૯૮ પૃ. ૩૨૦

લેશ્યા કોશ. પૃ. ૧૫ ભગ. શ. ૧૯ ઉ. ૨ પ્ર. ૧ પૃ. ૭૮૧

લેશ્યા કોશ. પૃ. ૧૫ ભગ. શ. ૨૫ ઉ. ૧ પ્ર. ૧ પૃ. ૮૫૧

લેશ્યા કોશ. પૃ. ૧૫ પ્રજ્ઞા. ૫. ૧૭ ઉ. ૨ સૂ. ૧૫ પૃ. ૪૩૭

લેશ્યા કોશ. પૃ. ૧૫ ભગ. શ. ૧૯ ઉ. ૧ પ્ર. ૧ પૃ. ૭૮૧

લેશ્યા કોશ. પૃ. ૧૫ સ્થા. ઠા. ૬. સૂ. ૫૦૪, પૃ. ૨૭૨

લેશ્યા કોશ. પૃ. ૧૫ પ્રજ્ઞા. પ. ૧૭ ઉ. ૪ સૂ. ૩૧ પૃ. ૪૪૫

લેશ્યા કોશ. પૃ. ૧૫ પ્રજ્ઞા. પ. ૧૭ ઉ. ૫ સૂ. ૫૪ પૃ. ૪૫૦

લેશ્યા કોશ. પૃ. ૧૫ પ્રજ્ઞા. પ. ૧૭ ઉ. ૬ સૂ. ૫૬ પૃ. ૪૫૧

ઉત. સૂ. અ ૩૪. ગા. ૧-૩

૧૮. ઉત. સૂ. અ ૩૪. ગા. ૪

૧૯. પ્રજ્ઞા. સૂ. પ. ૧૭ સૂ. ૧૭

૨૦. ઉત. સૂ. અ ૩૪. ગા. ૧૦

૨૧. પ્રજ્ઞા. સૂ. પદ. ૧૭. સૂ. ૧૮

૨૨. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૨૧-૨૨

૨૩. ઉત. સૂ. અ ૩૪. ગા. ૫

૨૪. પ્રજ્ઞા. સૂ. પદ. ૧૭. સૂ. ૧૭

૨૫. ઉત. સૂ. અ ૩૪. ગા. ૧૧

૨૬. પ્રજ્ઞા. સૂ. પદ. ૧૭. સૂ. ૧૮

૨૭. ઉત. સૂ. અ ૩૪. ગા. ૨૩-૨૪

૨૮. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૬

૨૯. પ્રજ્ઞા. સૂ. પદ. ૧૭. સૂ. ૧૭.

૩૦. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૧૨.

૩૧. પ્રજ્ઞા. સૂ. પદ. ૧૭. સૂ. ૧૮

૩૨. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૨૫-૨૬

૩૩. ઉત. સૂ. અ ૩૪. ગા. ૭

૩૪. પ્રજ્ઞા. સૂ. પદ. ૧૭. સૂ. ૧૭

૩૫. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૧૩

૩૬. પ્રજ્ઞા. સૂ. પદ. ૧૭. સૂ. ૧૮

૩૭. ઉત. સૂ. અ ૩૪. ગા. ૨૭-૨૮

૩૮. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૮

૩૯. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૧૮

૪૦. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૧૪

૪૧. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૧૮

૪૨. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૨૯-૩૦

૪૩. ઉત. સૂ. અ ૩૪. ગા. ૯

૪૪. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૧૭

૪૫. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૧૭

૪૬. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૧૫ ।

૪૭. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૧૮

૪૮. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૩૧-૩૨ ।

૪૯.

૫૦. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૧૬-૧૭

૫૧. ઉત. સૂ. અ ૩૪. ગા. ૧૮-૧૯

૫૨. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૧૯

૫૩. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૫૬-૫૭

૫૪. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૨૦

૫૫. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૨૦

૫૬. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૨૦

૫૭. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૨૦

૫૮. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૨૧

૫૯. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૩૩

૬૦. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯

૬૧. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૪૧-૪૨-૪૩

૬૨. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૪૫-૪૬

૬૩. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૪૮-૪૯-૫૦-૫૧-૫૨

૬૪. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૨૧

૬૫. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૫૮

૬૬. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૫૯

૬૭. પ્રજ્ઞા. સૂ. ૫દ. ૧૭. સૂ. ૨૧
સ્થા. ઠા. ૩ ઉ. ૧ સૂ. ૧૮૧

૬૮. પ્રજ્ઞા. ૫. ૧૭. ઉ. ૨ સૂ. ૧૩

૬૯. પ્રજ્ઞા. ૫. ૧૭. ઉ. ૨ સૂ. ૧૩

૭૦. સ્થા. ઠા. ૨ ઉ. ૧ સૂ. ૭૨

૭૧. પ્રજ્ઞા. ૫. ૧૭. ઉ. ૨ સૂ. ૧૩

૭૨. સ્થા. ઠા. ૨ ઉ. ૧ સૂ. ૫૧

૭૩. પ્રજ્ઞા. ૫. ૧૭. ઉ. ૬ પ્ર. ૧

૭૪. પ્રજ્ઞા. ૫. ૧૭. ઉ. ૨-સૂ. ૧૩

૭૫. ભગ. શ. ૧ ઉ. ૨. પ્ર. ૯૭

૭૬. પ્રજ્ઞા. ૫. ૧૭. ઉ. ૨ સૂ. ૧૩
સ્થા. ઠા. ૩. ઉ. ૧ સૂ. ૧૮૧

૭૭. લેશ્યા કોશ. પૃ. ૨૭૮.
પ્રજ્ઞા. ૫. ૧૭

૭૮. ઉત. સૂ. અ. ૩૪. ગાથા. ૧૬-૧૭

૭૯. દંડક પ્રકરણ ગા. ૧૪-૧૫

૮૦. જૈન દર્શન.

૮૧. ભગ. શ. ૨૫ ઉ. ૬-૭ પ્ર. ૯૧, પ્ર.-૯૨, પ્ર. ૫૧

૮૨. ભગ. શ. ૨૫ ઉ. ૭. પ્ર. ૪૯

૮૩. ઉત. સૂ. અ. ૩૪. ગા. ૬૧

૮૪. ઉત. સૂ. અ. ૩૧. ગા. ૮ પૃ. ૧૮૬

૮૫. આભામંડળ

# (૮મું) ઈન્દ્રિયદ્વાર

દંડક પ્રકરણમાં દંડકના ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી છે. આ વિચારણામાં ૮મા દ્વારમાં ઈન્દ્રિય વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે પ્રમાણે છે.

**ઈન્દ્રિયનાં અર્થો :-**

આગમમાં ઈન્દ્રિયનાં વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) આત્માનું જે લિંગ છે. તેનું નામ ઈન્દ્રિય છે.[૧] (૨) ઈન્દ્ર[૨] શબ્દનો અર્થ આત્મા છે જે શબ્દાદિ પ્રત્યય વડે જાણી શકાય છે. ઈન્દ્રનો લિંગ ઈન્દ્રિય છે.[૩] (૩) જે સૂક્ષ્મ આત્માના અસ્તિત્વનું જ્ઞાન કરાવવામાં કારણરૂપ છે તેને ઈન્દ્રિય કહે છે.[૪] (૪) ઈન્દ્ર શબ્દ નામ કર્મનો વાચી છે. તેથી એ અર્થ થયો કે જેનાથી રચાયેલી છે તે ઈન્દ્રિય છે.[૫] (૫) જે પ્રત્યક્ષમાં વ્યાપાર કરે છે તેને ઈન્દ્રિય કહે છે. (૬) પોતપોતાના વિષયનો સ્વતંત્ર આધિપત્ય જે કરે તે ઈન્દ્રિય કહેવાય છે.[૬]

**ઈન્દ્રિયના ભેદો :-** આગમમાં જુદા જુદા ભેદો બતાવ્યા છે.

**ઈન્દ્રિયો બે પ્રકારની છે**[૭] **:-** (૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય.

**ઈન્દ્રિયો પાંચ પ્રકારની કહી છે**[૮] **:-** (૧) શ્રોતેન્દ્રિય (૨) ચક્ષુઇન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) રસેન્દ્રિય અને (૫) સ્પર્શેન્દ્રિય.

**ઈન્દ્રિયો છ પ્રકારની કહી છે. :-** ઉપર્યુક્ત પાંચ અને (૬) નોઈન્દ્રિય (મન)

**આગમો અને ટીકાઓમાં આ બાબતનું વિસ્તૃત વિવેચન કરવામાં આવેલ છે. :-**

ઈન્દ્રિયોથી આત્મા છે એવું જ્ઞાન થાય છે. ઈન્દ્રિયનું સામાન્ય લક્ષણ ઈન્દ્રનો

અર્થ આત્મા માનીને કરી શકાય છે. પણ વ્યવહારિક દષ્ટિએ આભિનિબોધિક જ્ઞાનમાં સહાયભૂત થાય છે.

**પાંચેય ઈન્દ્રિયોનાં લક્ષણો :-**

વીર્યાન્તરાય અને મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી તથા અંગોપાંગ નામ કર્મના આલંબનથી આત્મા જેના દ્વારા સ્પર્શ કરે છે તે સ્પર્શેન્દ્રિય છે. જેના દ્વારા સ્વાદ લે છે તે રસેન્દ્રિય છે. જેના દ્વારા સૂંઘે છે તે ઘ્રાણેન્દ્રિય છે. જેના દ્વારા પદાર્થોને જુએ છે તે ચક્ષુરિન્દ્રિય છે. તથા જેના દ્વારા સાંભળે છે તે શ્રોત્રેન્દ્રિય છે.

**ઈન્દ્રિયોની અવગાહના**[૯] :- શ્રોતેન્દ્રિય અંગુલના અસંખ્યાતમાં ભાગ જેવી વિશાલ કહી છે. ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુઈન્દ્રિય પણ શ્રોતેન્દ્રિય સમાન છે. જિહ્વેન્દ્રિય્ અંગુલ પૃથક્ત્વ વિશાલ છે અને સ્પર્શેન્દ્રિય શરીરના પ્રમાણ જેટલી વિશાલ કહી છે. અંને પાંચેય[૧૦] ઇન્દ્રિયોને અસંખ્યાત પ્રદેશ કહેલી છે. પાંચેય ઈન્દ્રિયોનું સ્થૂલત્વ અંગુલના અસંખ્યાત ભાગ જેટલું છે.

શ્રોતેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંત કહેલા છે. એ જ પ્રકારે યાવત્ સ્પર્શેન્દ્રિયના અંનત મૃદુલઘુ કહેલા છે.

અલ્પબહુત્વ, બધાથી ચક્ષુઈન્દ્રિયના કર્કશ-ગુરુગુણ છે. તેન્નાથી શ્રોતેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંતગુણા છે. તેનાથી ઘ્રાણેન્દ્રિયના કર્કશ-ગુરુ અનંતગુણા છે. તેનાથી જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંતગુણા છે. તેનાથી સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંતગુણા છે.

મૃદુ-લઘુ ગુણોમાં સ્પર્શેન્દ્રિયના મૃદુલઘુ ગુણ બધાથી ઓછા છે. તેનાથી જિહ્વેન્દ્રિયના અનંતગુણા છે. તેનાથી ઘ્રાણેન્દ્રિયના અનંતગુણા છે. તેનાથી શ્રોતેન્દ્રિયના અનંતગુણા છે. તેથી ચક્ષુરિન્દ્રિયના અનંતગુણા છે.

**ઇન્દ્રિયોના વિષયોનું પરિમાણ :-**

શ્રોતેન્દ્રિય[૧૧] જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગથી આવેલા શબ્દોને અને ઉત્કૃષ્ટ બાર જોજનથી આવેલા શબ્દોને સાંભળે છે. પણ તે શબ્દો અછિન્ન અર્થાત્ અવ્યવહિત હોવા જોઈએ. એટલે કે વાયુ આદિથી તેમની શક્તિ પ્રતિહત ન થવી

જોઈએ. તે શબ્દો પુદ્ગલરૂપ છે. સાથે જ તે પુદ્ગલ સ્પૃષ્ટ હોવા જોઈએ. અસ્પૃષ્ટ શબ્દોને શ્રોત્ર ગ્રહણ કરી શકતા નથી. વળી તેઓ નિવૃત્તિ ઇન્દ્રિયના મધ્યમાં પ્રવિષ્ટ હોવી જોઈએ. આનાથી વધારે દૂર આવેલ શબ્દોને ગ્રહણ કરવાની શક્તિ શ્રોતેન્દ્રિયમાં હોતી નથી. એનાથી અધિક છેટે(દૂર)થી આવેલ શબ્દોનું પરિણમન મંદ થઈ જાય છે. એ કારણે તે શ્રવણ કરવાને યોગ્ય નથી રહેતી, તે સિવાય શ્રોતેન્દ્રિયમાં પણ એવું સામર્થ્ય નથી કે તે બાર યોજનથી અધિક દૂરથી આવેલા શબ્દોને સાંભળી શકે.

ચક્ષુઇન્દ્રિય જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગ દૂર સ્થિતરૂપને ગ્રહણ કરે છે. અને ઉત્કૃષ્ટ એક લાખ યોજન દૂર પર સ્થિતરૂપને દેખી શકે છે. ચક્ષુરિન્દ્રિય અછિન્ન અર્થાત્ દિવાલ આદિના વ્યવધાન રહિત અસ્પૃષ્ટ અને અપ્રવિષ્ટ અર્થાત્ નિવૃત્તિ ઇન્દ્રિયમાં પ્રવિષ્ટ નહિં થયેલ રૂપી પુદ્ગલોને દેખી શકે છે. તેનાથી આગળના રૂપને જોવાનું સામર્થ્ય ચક્ષુમાં નથી. ભલે વ્યવધાન ન પણ હોય.

ઘ્રાણેન્દ્રિયનો વિષય જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગથી આવેલા અને ઉત્કૃષ્ટ નવયોજનથી આવેલા અછિન્ન અર્થાત્ અન્ય દ્રવ્યોથી અપ્રતિહત અપૃષ્ટ ગંધને ઘ્રાણેન્દ્રિય ગ્રહણ કરે છે. ઘ્રાણેન્દ્રિય પ્રાપ્યકારી છે. અર્થાત્ પ્રાપ્ત વિષયને જ જાણે છે. એ કારણે નિવૃત્તિ-ઇન્દ્રિયનાં પ્રવિષ્ટ ગંધ દ્રવ્યોને જ ગ્રહણ કરે છે.

જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની વક્તવ્યતા ઘ્રાણેન્દ્રિયની સમાન કહેવી જોઈએ. એટલે કે શ્રોત આદિ ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી હોવાના કારણે જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગથી પણ આવેલા શબ્દ, ગંધ, રસ અને સ્પર્શને જાણી શકે છે. પરંતુ ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી હોવાથી જઘન્ય અંગુલના સંખ્યાતમાં ભાગ પર સ્થિત અવ્યવહિત રૂપી દ્રવ્યોને દેખે છે. એનાથી અધિક નિકટવર્તી રૂપને તે દેખી શકતી નથી.

અંગુલ ત્રણ પ્રકારના છે. આત્માંગુલ, ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલ. જે સમયમાં *જે મનુષ્ય હોય છે. તે સમયના તેમના આંગુલ આત્માંગુલ કહેવાય છે. તેથી* આત્માંગુલનું પરિમાણ અનિયત છે. આઠ પરમાણુઓ = ૧ ત્રસરેણુ, ૮ ત્રસ રેણુ = ૧ રથરેણું, ૮ રથરેણું = ૧ વાભાગ્ર, ૮ વાભાગ્ર = ૧ લીખ, ૮ લીખ = ૧ યૂકા, ૮ યૂકા = ૧ યવ વગેરે જેવા રૂપથી ઉત્સેધાંગુલ કહેવાય છે. એક ઉત્સેધાંગુલથી હજારગણું પ્રમાણાંગુલ છે.

આત્માંગુલથી તત્કાલિન વાવ, કુવા આદિ વસ્તુઓ મપાય છે. ઉત્સેધાંગુલથી જ ગતિના જીવોના શરીરોની અવગાહના માપી શકાય છે. તથા પ્રમાણાંગુલથી પૃથ્વીઓ તેમ જ વિમાનો આદિના પરિમાણ મપાય છે.

ઇન્દ્રિયોના વિષયમાં પરિમાણ આત્માંગુલથી જ સમજવા જોઈએ. નેત્રને વિષયનું પરિમાણ આત્માંગુલથી એક લાખ યોજનથી કાંઈક અધિક છે. નૈયાયિકવાદી ચક્ષુને પ્રાપ્યકારી માને છે. રત્નાકરાવતારિકામાં, વિશેષાવશ્યક ભાષ્યમાં, નંદીસૂત્રની ટીકામાં મન અને ચક્ષુ અન્યદર્શની પ્રાપ્યકારી માને છે. જૈન દર્શનમાં મન અને ચક્ષુ પ્રાપ્યકારી માનતા નથી. તે સિવાયની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે. પ્રાપ્યકારી એટલે સ્પૃષ્ટ અર્થને ગ્રહણ કરનારી. વિષયના કરેલા ઉપઘાત અને અનુગ્રહ દેખાય છે તેથી તે સ્પર્શાદિ ચાર ઇન્દ્રિયો જ પ્રાપ્યકારી છે. જેમ કે કર્કશ, કામળી આદિનો સ્પર્શ થતાં સ્પર્શેન્દ્રિયમાં, ત્રિકટુ આદિનો સ્વાદ લેતા રસેન્દ્રિયમાં, અશુચિ આદિના પુદ્‌ગલો સૂંઘતાં ઘ્રાણેન્દ્રિયમાં, ભેરી વગેરેનો શબ્દ સાંભળતાં શ્રોતેન્દ્રિયમાં અનુક્રમે ચામડી છોલાવી વગેરે ઉપઘાત દેખાય છે. ચંદન, રૂ, સૂંઘવાથી, કોમળ -મંદ શબ્દો સાંભળવાથી અનુક્રમે સ્પર્શાદિ ઇન્દ્રિયોમાં શીતલતા વગેરે અનુગ્રહ દેખાય છે. તેવી રીતે તીક્ષ્ણ તલવાર, ભાલાં વગેરે જોવા છતાં ચક્ષુને ચીરાવું વગેરે જેવો ઉપઘાત જણાતો નથી. તથા ચંદન, કપૂર વગેરે જોવાથી અનુગ્રહ થતો પણ જોવાતો નથી. વળી અગ્નિ આદિનું ચિંતન કર્યા છતાં મનને દાહ આદિ ઉપઘાત જણાતો નથી. તેમ જ જળ, ચંદન આદિ ચિંતવતાં તૃષા છીપવા વગેરે મનમાં અનુગ્રહ પણ જણાતો નથી. માટે ચક્ષુ અને મન અપ્રાપ્યકારી છે. એમ જાણવું.

**ઇન્દ્રિયોનાં સંસ્થાન**[૧૨] :- નિવૃત્તિ ઇન્દ્રિયની.

શ્રોતેન્દ્રિયનો આકાર કદંબના ફૂલના જેવો કહેલ છે. પાંચે ઇન્દ્રિયો દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયના ભેદથી બે-બે પ્રકારની હોય છે. દ્રવ્યેન્દ્રિયો પણ બે પ્રકારની છે. (૧) લબ્ધિ અને (૨) ઉપયોગ. મતિ જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જે આત્માની વિશુદ્ધિ-તેનાથી ઉત્પન્ન જે જ્ઞાન તે જ ભાવેન્દ્રિય છે. તેના બે ભેદ છે. શ્રોતાદિ ઇન્દ્રિય વિષયક બધા આત્મ પ્રદેશોના તદાવરણીય કર્મનો ક્ષયોપશમ લબ્ધિ છે. અને લબ્ધિ અનુસાર પોતપોતાના વિષયમાં વ્યાપાર થવો તે ઉપયોગ છે.

ચક્ષુઇન્દ્રિયનો આકાર મસૂરની દાળ જેવો છે. ચંદ્રનો અર્થ છે દાળ અને મસૂરનો અર્થ છે મસૂર નામનું અનાજ.

ઘ્રાણેન્દ્રિયનો આકાર અતિમુક્તાના ફૂલ જેવો અને ચંદ્રમાની સમાન છે. અહિં ચંદ્રનો અર્થ છે ફૂલ જિહ્વેન્દ્રિયનો આકાર ચંદ્ર અથવા ખુરપા અર્થાત્ ખોદવાનું સાધન એવી કોદાળીના આકારનો છે. અને સ્પર્શેન્દ્રિયનો આકાર નાના (અનેક) પ્રકારે છે.

ખડગ સ્થાનીય બાહ્યનિવૃત્તિની જે ખડગધારા સ્થાનીય સ્વચ્છતર પુદ્ગલ રૂપ આભ્યંતર નિવૃત્તિ છે. તેની જે શક્તિ વિશેષ છે. તેનું નામ ઉપકરણ દ્રવ્યેન્દ્રિય છે. તે આંતર નિવૃત્તિ કરતાં સહેજ ભિન્ન હોય છે. કારણ કે શક્તિ અને શક્તિમાનમાં સહેજ ભિન્નતા હોય છે. તેમ અહિં સમજવું. કદંબપુષ્પના આકારવાળી બાહ્યનિવૃત્તિનો સદ્ભાવ હોવા છતાં પણ અત્યંત કઠોર મેઘગર્જના આદિ વડે શ્રવણશક્તિનો નાશ થઈ જવાના લીધે શબ્દ જ્ઞાનનો અભાવ થઈ જાય છે. ભાવેન્દ્રિય પણ લબ્ધિ અને ઉપયોગના ભેદથી બે પ્રકારની હોય છે. તેમાંની લબ્ધિ ભાવેન્દ્રિય શ્રોતેન્દ્રિય આદિ વિષયક અને તદાવરણ ક્ષયોપશમ રૂપ હોય છે. પોતપોતાના વિષયમાં લબ્ધિ પ્રમાણે આત્માનો જે જ્ઞાન વ્યાપાર છે તે ઉપયોગ ભાવેન્દ્રિય છે.

**ઇન્દ્રિયોના બીજા પ્રકારો :-**

ઇન્દ્રિયો બે પ્રકારની છે. દ્રવ્યેન્દ્રિયો અને ભાવેન્દ્રિયો. તેમાં દ્રવ્યેન્દ્રિયો આઠ પ્રકારની કહી છે. જેમાં બે કાન, બે આંખ, બે પ્રાણ, જીભ અને સ્પર્શનો સમાવેશ થાય છે. નારકોની દ્રવ્યેન્દ્રિયો આઠ છે. તેમ દેવોની દ્રવ્યેન્દ્રિયો પણ આઠ છે.

પાંચ સ્થાવરની એક સ્પર્શેન્દ્રિય કહી છે. બેઇન્દ્રિયોની સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય એ બે દ્રવ્યેન્દ્રિય કહી છે. તેઇન્દ્રિયોની બે પ્રાણ, જીભ, સ્પર્શેન્દ્રિય એ ચાર દ્રવ્યેન્દ્રિયો કહી છે. ચૌરેન્દ્રિયને બે આંખ, બે પ્રાણ, જીભ, સ્પર્શેન્દ્રિય એ છ દ્રવ્યેન્દ્રિયો કહી છે. પંચેન્દ્રિયને બે કાન, બે આંખ, બે પ્રાણ, જીભ અને સ્પર્શેન્દ્રિય એ આઠ દ્રવ્યેન્દ્રિયો હોય છે.

એક એક નારકીની દ્રવ્યેન્દ્રિયો અતીત અનંત છે. બદ્ધ થનારી દ્રવ્યેન્દ્રિયો આઠ છે. આગળ થનારી દ્રવ્યેન્દ્રિય ૮, ૧૬, ૧૭ સંખ્યાત અસંખ્યાત અને અનંત છે. એક

એક ભવનપતિની અતીતની દ્રવ્યેન્દ્રિયો અનંત છે, બદ્ધ આઠ, આગળ થનારી આઠ, નવ યાવત સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે.

એ જ પ્રકારે પૃથ્વીકાયિક, અપકાયિક, વનસ્પતિકાયિકોની પણ વિશેષ બદ્ધ એક સ્પર્શન દ્રવ્યેન્દ્રિય છે. તેઉકાયિક અને વાયુકાયિક ને પણ બદ્ધ એક સ્પર્શન દ્રવ્યેન્દ્રિય છે. બે ઇન્દ્રિયોની બદ્ધ બે દ્રવ્યન્દ્રિયો, તેઇન્દ્રિયોની બદ્ધ ચાર અને ચૌરેન્દ્રિયની બદ્ધ છ છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, મનુષ્યો, વાણવ્યંતરો, જ્યોતિષ્કો, પ્રથમ, બીજા દેવલોકના દેવોની નારકોની સમાન છે. પરંતુ મનુષ્યની આગળ થનારી કોઈને હોય છે અને કોઈને નથી હોતી. જેની થશે તેની ૮,૯ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત થશે. સનત્કુમાર દેવોથી લઈને ૯ ગ્રૈવેયક દેવની ઇન્દ્રિયો નારકો સમાન છે. વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત દેવની ઇન્દ્રિયો અનંત છે. બદ્ધ આઠ. આગમી ૮, ૧૬, ૨૪ અથવા સંખ્યાત હોય. સર્વાર્થસિદ્ધ દેવની અતીત અનંત, બદ્ધ-આઠ. આગામી આઠ હોય છે.

નારકોની અતીત દ્રવ્ય ઇન્દ્રિયો અનંત છે. બદ્ધ અસંખ્યાત છે. આગામી અનંત છે. એ રીતે યાવત્ ગ્રૈવેયક દેવોને વિશે જાણવી. અને મનુષ્યોની બદ્ધ સ્યાત્ સંખ્યાત-સ્યાત્ અસંખ્યાત. વિજય, વૈજયંત જયંત અને અપરાજિત દેવોના વિષયમાં અતીત દ્રવ્યેન્દ્રિય અનંત છે. બદ્ધ અસંખ્યાત છે. આગામી અસંખ્યાત છે. સર્વાર્થ સિદ્ધના દેવોમાં અતીત, અનંત છે બદ્ધ સંખ્યાત અને આગામી સંખ્યાત છે.

બદ્ધ અર્થાત્ વર્તમાનમાં પ્રાપ્ત, પુરસ્કૃત એટલે આગામી કાળમાં થનારી. જે નારક આગલા ભવમાં મનુષ્ય પર્યાય પ્રાપ્ત કરીને સિદ્ધ થઈ જશે. તેની મનુષ્ય ભવ સંબંધી આઠ જ દ્રવ્યેન્દ્રિયો થશે. જે નારક નારકમાંથી નીકળીને પંચેન્દ્રિય યોનીમાં ઉત્પન્ન થશે અને પછી મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ પદ પ્રાપ્ત કરી લેશે તેની તિર્યંચ ભવ સંબંધી આઠ અને મનુષ્યભવ સંબંધી આઠ મળીને સોળ થશે. જે નારક નરકથી નિકળીને પંચેન્દ્રિય તિર્યંચ થશે. ત્યાર બાદ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થશે અને પછી મનુષ્ય ભવ પામીને સિદ્ધ થઈ જશે. તેની પંચેન્દ્રિય તિર્યંચ ભવની આઠ, એકેન્દ્રિય ભવની એક અને મનુષ્ય ભવની આઠ. આમ બધી મળીને સત્તર દ્રવ્યેન્દ્રિયો થશે. જે નારક સંખ્યાતકાળ સંસારમાં ભ્રમણ કરશે તેની સંખ્યાત. જે અસંખ્યાત કાળ સુધી ભવભ્રમણ

કરશે તેની અસંખ્યાત અને જે અનંતકાળ સુધી સંસારમાં સ્થિત રહેશે તેમની અનંત ઇન્દ્રિયો થશે.

પૃથ્વીકાયિકો, અપકાયિકો, વનસ્પતિકાયિકો, તેઉકાયિક અને વાઉકાયિકની આગામી દ્રવ્યેન્દ્રિયો નવ અથવા દશ હોય છે. કેમકે પૃથ્વીકાયિક આદિ ઉદ્‌વર્તન કરીને મનુષ્યોમાં ઉત્પન્ન થઈને સિદ્ધ થઈ જાય છે. તેઓમાંથી જે આગલા ભવમાં મનુષ્યભવ પામીને સિદ્ધ થઈ જશે. તેની મનુષ્ય ભવ સંબંધી આઠ દ્રવ્યેન્દ્રિયો હોય છે. જે આગામી એક ભવ પૃથ્વી આદિનો કરીને મનુષ્ય થઈને સિદ્ધ થશે. તેની નવ ઇન્દ્રિયો હોય છે. પરંતુ તેઉ અને વાઉકાયિક જીવ મરીને મનુષ્યભવ પ્રાપ્ત કરી શકતા નથી. વિકલેન્દ્રિય જીવો ફરીને મનુષ્ય ભવ તો પ્રાપ્ત કરી શકે છે. પરંતુ સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી. તે માટે જ તેમની જઘન્ય નવ નવં ઇન્દ્રિયો કહેવી જોઈએ.

મનુષ્યોની આગામી દ્રવ્યેન્દ્રિય કોઈને હોય છે. અને કોઈને નથી હોતી. જે એ જ મનુષ્ય ભવથી સિદ્ધ થઈ જાય છે તેમની નથી હોતી, બાકીના મનુષ્યોમાં જે મનુષ્ય વચમાં એક ભવ એકેન્દ્રિયનો કરીને, મનુષ્ય થઈને સિદ્ધ થઈ જાય છે. તેની આગામી નવઇન્દ્રિયો હોય છે. સનત્કુમાર દેવોથી લઈને ગ્રૈવેયક દેવની વક્તવ્યતા નારકોની સમાન સમજવી જોઈએ. કેમકે તે દેવો ચ્યવીને પૃથ્વીકાય આદિમાં ઉત્પન્ન થતા નથી. પરંતુ પંચેન્દ્રિયોમાં જ ઉત્પન્ન થાય છે.

વિજય, વૈજયંત, જયંત અપરાજિત દેવની આગામી દ્રવ્યેન્દ્રિય ૮, ૧૬, ૨૪ અથવા સંખ્યાત આગામી દ્રવ્યેન્દ્રિય હોય છે. જે દેવ આગલા જ ભવમાં મનુષ્ય થઈને સિદ્ધિ પ્રાપ્ત કરી લેશે તેની દ્રવ્યેન્દ્રિય ૮ હોય છે. પરંતુ જે એકવાર મનુષ્ય થઈને પાછો મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થશે તેની ૧૬ હોય છે. જે દેવ ભવથી સ્યુત થઈને મનુષ્ય થશે અને ફરી દેવ થશે. અને પાછો મનુષ્ય થઈને સિદ્ધ થશે તો તેની ૨૪ આગામી દ્રવ્યેન્દ્રિયો હોય છે. સંખ્યાતકાળ સુધી રહેવાવાળાની આગામી સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો હોય છે.

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત હોય છે. બદ્ધ આઠ ને આગામી પણ આઠ જ હોય છે. વિજય આદિ વિમાનોમાં ગયેલ જીવ અસંખ્યાત કે અનંતકાળ સુધી સંસારમાં રહેતા નથી. એ કારણે તેમની આગામી દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત

જ કહી છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ નિયમથી આગલા ભવમાં સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે. તેથી જ તેમની આગામી દ્રવ્યેન્દ્રિયો આઠ જ કહી છે.

બહુવચનમાં નારકોની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે. કેમકે બધા નારકો અસંખ્યાત છે. મનુષ્યોની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કદાચિત્ સંખ્યાત અને કદાચિત અસંખ્યાત હોય છે. કારણ કે કોઈક સમયે સંમૂર્ચ્છિમ મનુષ્યોનો સર્વથા અભાવ થઈ જાય છે. તેમનું અંતર ૨૪ મુહૂર્તનું છે. જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યનો સર્વથા અભાવ થઈ જાય તે સમયે મનુષ્યોની તે દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત હોય છે. કેમકે ગર્ભજ મનુષ્ય સંખ્યાત જ હોય છે. પરંતુ જયારે સંમૂર્ચ્છિમ મનુષ્ય ભળે ત્યારે બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત બને છે. સર્વાર્થસિદ્ધ મહાવિમાનના દેવ સંખ્યાત જ હોય છે. તેથી તેમની વર્તમાન અને આગામી દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત જ કહી છે.

એક[૧૩] એક નારકની નારકપણામાં અતીત દ્રવ્યેન્દ્રિય અનંત છે. બદ્ધ નથી અને આગામી કોઈની છે અને કોઈની નથી. જેની છે તેની ૮, ૧૬, ૧૪ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે.

જે નારક નરકમાંથી નીકળીને પાછો કદી નારક થતો નથી. તેની આગામી દ્રવ્યેન્દ્રિયો હોતી નથી. જે ફરીથી કોઈ વખતે નરકમાં ઉત્પન્ન થશે તેની હોય છે. જો તે એકવાર ઉત્પન્ન થનાર હોય તો આઠ, બે વાર નારક થનારો હોય તો સોળ, ત્રણ વાર, નારક તરીકે ઉત્પન્ન થનાર હોય તો ૨૪, સંખ્યાત વાર ઉત્પન્ન થનાર હોય તો સંખ્યાત, અસંખ્યાત વાર ઉત્પન્ન થનાર હોય તો અસંખ્યાત અને અનંતવાર ઉત્પન્ન થનાર હોય તો અનંત હોય છે. એકેએક નારકની બદ્ધ દ્રવ્યેન્દ્રિય નથી હોતી કેમકે નરકમાંથી નીકળીને બીજા ભવમાં કદી પાછો નારક થતો નથી.

એક એક નારકની અસુરકુમારપણાની યાવત્ સ્તનિતકુમારની એક એક નારક પ્રમાણે જ હોય છે. અતીત દ્રવ્યેન્દ્રિય અનંત, બદ્ધ નથી. અને આગામી કોઈની છે અને કોઈની નથી. જેની છે તેની ૮, ૧૬, ૨૪ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે. બદ્ધ નથી કેમકે નારટકો ચ્યવીને તરત બીજા ભવમાં દેવ થતાં નથી. એક એક નારકની પૃથ્વીકાયપણામાં અતીત દ્રવ્યેન્દ્રિય અનંત. બદ્ધ નથી. આગામી કોઈને હોય છે કોઈને નથી હોતી. જેને હોય છે તેને ૧,૨,૩ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે. એ જ

પ્રકારે યાવત્ વનસ્પતિ કાયપણામાં. એક એક નારકીની બેઈન્દ્રિયપણે દ્રવ્યેન્દ્રિય અનંત છે. બદ્ધ નથી. આગામી કોઈને હોય છે અને કોઈને નથી હોતી. જેને હોય છે તેને બે-ચાર પરંતુ વિશેષ એ છે કે આગામી ૪, ૮, ૧૨, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે. એ જ પ્રકારે ચૌરેન્દ્રિયપણે પરંતુ વિશેષ એ છે કે આગામી ૬, ૧૨, ૧૮ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે.

પંચેન્દ્રિય તિર્યંચ યોનિકપણે તે અસુરકુમારની જેમ સમજવું. મનુષ્યપણે પણ એ જ પ્રકારે છે. વિશેષ એ છે કે આગામી ૮, ૧૬, ૨૪ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે. મનુષ્ય સિવાય બધાની આગામી મનુષ્યપણે કોઈની છે અને કોઈની નથી. એવું નથી કહેવાતું એકેએક નારકની વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ યાવત્ ગ્રૈવયક દેવપણે અતીત અનંત છે. બદ્ધ નથી. આગામી કોઈને હોય છે અને કોઈને નથી હોતી. જેની છે તેની ૮, ૧૬, ૨૪ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે.

એકેએક નારકની વિજય યાવત્ અપરાજિતદેવપણે અતીત નથી. બદ્ધ નથી. આગામી કોઈની છે અને કોઈની નથી. જેની છે તેની ૮ અથવા ૧૬ છે. સર્વાર્થસિદ્ધદેવપણે અતીત નથી, બદ્ધ નથી, આગામી કોઈને હોય છે. અને કોઈને નથી હોતી. જેને હોય છે તેને આઠ હોય છે. એ પ્રકારે જેવા નારકોના દંડક કહ્યા છે. તેવા જ અસુરકુમારના પણ કહી દેવા જોઈએ. યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનીના વિશેષ... જેની સ્વસ્થાનમાં જેટલી બદ્ધ કહી તેની તેટલી કહેવી જોઈએ.

એકેએક મનુષ્યની નારકપણે દ્રવ્યેન્દ્રિય અતીત અનંત, બદ્ધ નથી. આગામી કોઈને હોય છે અને કોઈને નથી હોતી, જેને છે તેની ૮, ૧૬, ૨૪ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે. એ જ પ્રકારે તિર્યંચયોનિપણે વિશેષ એ છે કે એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિઓમાં જેની જેટલી આગામી હોય તેની તેટલી કહેવી જોઈએ. એકેએક મનુષ્યની અતીત અનંત બદ્ધ આઠ. આગામી કોઈને છે અને કોઈને નથી. જેની છે તેની ૮, ૧૬, ૨૪ સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે.

એકેએક મનુષ્યની વાણવ્યંતર, જ્યોતિષ્ક યાવત્ ગ્રૈવેયક દેવપણે જેમ નારકપણામાં એક એક મનુષ્યની વિજય યાવત્ અપરાજિત દેવપણે અતીત, કોઈની છે અને કોઈની નથી, જેની છે તેની ૮ અથવા ૧૬ છે. આગામી-કોઈની છે અને કોઈની

નથી. જેની છે તેની ૮ અથવા ૧૬ છે. એકેએક મનુષ્યની સર્વાર્થસિદ્ધ દેવપણે જેવી નારકની એ જ પ્રકારે યાવત્ ગ્રૈવેયકદેવની સર્વાર્થસિદ્ધ દેવ સુધી જાણવી જોઈએ.

એકેએક વિજયાદિ ચાર દેવની નારકપણે અતીત અનંત છે. બદ્ધ નથી અને આગામી નથી. એ જ પ્રકારે પંચેન્દ્રિય તિર્યંચપણે અને મનુષ્યપણે અતીત અનંત છે. બદ્ધ નથી. આગામી ૮, ૧૬, ૨૪ અથવા સંખ્યાત છે એકેએક વિજયાદિ ચાર દેવની વાણવ્યંતર અને જ્યોતિષ્કપણે જેમ નારકપણે/સૌધર્મપણે અતીત અનંત છે. બદ્ધ નથી. આગામી કોઈને છે. અને કોઈને નથી. જેને છે તે ૮, ૧૬, ૨૪ અથવા સંખ્યાત છે. એ જ પ્રકારે ગ્રૈવેયકદેવપણે, વિજયાદિ ચાર દેવપણે અતીત કોઈને હોય છે અને કોઈને નથી હોતી. જેની હોય છે તેની આઠ છે. બદ્ધ આઠ છે આગામી કોઈની છે, અને કોઈની નથી. જેની છે તેની આઠ છે.

એકેએક વિજયાદિ ચાર દેવની સર્વાર્થસિદ્ધ દેવપણે અતીત દ્રવ્યેન્દ્રિય નથી. બદ્ધ પણ નથી. આગામી કોઈને છે અને કોઈને નથી. જેની છે તેની આઠ છે. એકેએક સર્વાર્થસિદ્ધ દેવની નારકપણે દ્રવ્યેન્દ્રિય અતીત અનંત, બદ્ધ નથી હોતી. આગામી પણ નથી હોતી. એ જ પ્રમાણે મનુષ્યને છોડીને યાવત્ ગ્રૈવેયકદેવપણામાં સમજવું. મનુષ્યપણામાં અતીત-અનંત બદ્ધ નથી. આગામી આઠ છે. વિજયાદિ દેવપણે અતીત કોઈને છે અને કોઈને નથી હોતી. જેની છે તેની આઠ છે. બદ્ધ નથી આગામી પણ નથી. એકેએક સર્વાર્થસિદ્ધની સર્વાર્થ સિદ્ધપણે અતીત-નથી, બદ્ધ આઠ છે અને આગામી નથી.

નારકોની નારકપણે દ્રવ્યેન્દ્રિયો અતીત અનંત છે. બદ્ધ અસંખ્યાત છે. આગામી પણ અનંત છે. નારકોની અસુરકુમારપણે દ્રવ્યેન્દ્રિય અતીત અનંત છે. બદ્ધ નથી હોતી. આગામી અનંત છે. એ જ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકદેવપણે નારકોની વિજયાદિ ચારદેવપણે અતીત નથી હોતી. બદ્ધ પણ નથી હોતી. આગામી અસંખ્યાત છે. એ જ પ્રકારે સર્વાર્થસિદ્ધદેવપણે પણ એ જ પ્રકારે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક સર્વાર્થસિદ્ધદેવપણે પણ કહેવું જોઈએ. વિશેષ એ છે કે વનસ્પતિકાયિકોની વિજયાદિ ૫ દેવપણે આગામી-અનંત છે.

મનુષ્ય અને સર્વાર્થસિદ્ધદેવો સિવાય બધાની સ્વસ્થાનમાં દ્રવ્યોન્દ્રિયો અસંખ્યાત છે. પરસ્થાનમાં બદ્ધ નથી. વનસ્પતિકાયિકોની બદ્ધ અસંખ્યાત છે. મનુષ્યોની નારકપણે અતીત અનંત છે. બદ્ધ નથી. આગામી અનંત છે. એ જ પ્રકારે યાવત્ ગ્રૈવેયક દેવપણે વિશેષ એ છે કે સ્વસ્થાનમાં અતીત અનંત છે. બદ્ધ કદાચિત્ સંખ્યાત અથવા કદાચિત્ અસંખ્યાત છે. આગામી અનંત છે.

મનુષ્યોની વિજયાદિ ૪ દેવપણે અતીત સંખ્યાત, બદ્ધ નથી. આગામી-કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત એ પ્રકારે સર્વાર્થસિદ્ધ દેવપણે અતીત નથી, બદ્ધ નથી, આગામી- અસંખ્યાત છે. એ પ્રકારે યાવત્ ગ્રૈવેયકદેવની છે. વિજયાદિ ચાર દેવોની નારકપણે અતીત-અનંત, બદ્ધ-નથી. આગામી નથી. એ પ્રકારે યાવત્ જ્યોતિષ્કદેવપણે પણ, વિશેષ મનુષ્યપણે અતીત-અનંત, બદ્ધ-નથી, આગામી-અસંખ્યાત એ જ પ્રકારે યાવત્ ગ્રૈવેયકદેવપણે સ્વસ્થાનમાં અતીત-અસંખ્યાત બદ્ધ અસંખ્યાત આગામી-અસંખ્યાત-સર્વાર્થસિદ્ધદેવપણે અતીત-નથી. બદ્ધ-નથી. અને આગામી-અસંખ્યાત છે.

સર્વાર્થસિદ્ધ દેવોની નારકપણામાં-અતીત-અનંત, બદ્ધ-નથી. આગામી નથી. એ પ્રકારે મનુષ્યો સિવાય ગ્રૈવેયકદેવપણા સુધી મનુષ્યપણે અતીત-અનંત, બદ્ધ-નથી, આગામી અસંખ્યાત-વિજયાદિ ચાર દેવપણે, અતીત દ્રવ્યેન્દ્રિય સંખ્યાત, બદ્ધ-નથી, આગામી પણ નથી હોતી, સર્વાર્થસિદ્ધ દેવપણે અતીત દ્રવ્યેન્દ્રિય-નથી હોતી, બદ્ધ સંખ્યાત, આગામી-નથી હોતી.

**ખુલાસો :-** કોઈ નરકની આગામી દ્રવ્યેન્દ્રિયો હોય છે અને કોઈની નથી હોતી. જે નારક નરકમાંથી નીકળીને પાછો કદી નારક થતો નથી. તેની આગામી દ્રવ્યેન્દ્રિયો હોતી નથી. જે ફરીથી કોઈ વખતે નરકમાં ઉત્પન્ન થાય તો તેની હોય છે. અથવા તે એક વાર ઉત્પન્ન થનાર હોય તો ૮, બે વાર નારક થનારો હોય તો ૧૬, ત્રણ વાર ઉત્પન્ન થનાર હોય તો ૨૪, સંખ્યાત વાર ઉત્પન્ન થનાર હોય તો સંખ્યાત, અસંખ્યાત વાર ઉત્પન્ન થનાર હોય તો અસંખ્યાત અને અનંતવાર ઉત્પન્ન થનાર હોય તો અનંત હોય છે.

મનુષ્યો સિવાય બાકીના ૨૩ દંડકના જીવોની આગામી દ્રવ્યેન્દ્રિયો મનુષ્યભવ અવસ્થામાં કોઈની હોય છે અને કોઈની નથી હોતી એમ ન કહેવું જોઈએ. કેમકે જે

મનુષ્યોત્તર પ્રાણી છે. તેમનું મનુષ્યભવમાં આગમન થયા સિવાય મોક્ષે જઈ શકતા જ નથી. તેથી મનુષ્યભવમાં આવવું અવશ્યંભાવી છે. તેથી જ મનુષ્યપણે આગામી દ્રવ્યેન્દ્રિયો જઘન્ય આઠ અને ઉત્કૃષ્ટ અનંત છે એમ કહેવું જોઈએ.

વિજય આદિ ચાર વિમાનોના દેવોમાં નરકની આગામી દ્રવ્યેન્દ્રિયો નથી હોતી. કેમકે જે જીવ એકવાર વિજય આદિ વિમાનોમાં ઉત્પન્ન થઈ જાય છે તેમનો પાછો નિયમથી નારકોમાં, પંચેન્દ્રિય તિર્યંચો સુધીમાં, વાણવ્યંતરોમાં અને જ્યોતિષ્કોમાં જન્મ થતો નથી. તેથી તેમનામાં નારકની અતીત દ્રવ્યેન્દ્રિયોનો સંભવ નથી. તેઓ માત્ર મનુષ્યોમાં અને સૌધર્માદિ દેવોમાં જ ઉત્પન્ન થાય છે.

જે નારકીની વિજયાદિ દેવોમાં આગામી દ્રવ્યેન્દ્રિયો હોય છે. તેમની ૮ કે ૧૬ હોય છે કેમકે જે વિજયાદિ વિમાનોમાં જઈને ઉત્પન્ન થાય છે. તેમની નિયમથી મુક્તિ થઈ જાય છે. વિજયાદિ દેવોમાં બે વારથી વધારે વાર કોઈ જીવો ઉત્પન્ન થતા જ નથી.

નારકની સર્વાર્થસિદ્ધ દેવની અતીત અને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોતી નથી. કેમકે નારકની બદ્ધ તો નરકભવમાં જ થાય છે. નારક જીવ અતીતમાં ક્યારેય સર્વાર્થસિદ્ધ દેવ થયેલ નથી.

નારકીની ૨૪ દંડકોમાં જેવી પ્રરૂપણા કરી છે. એ જ રીતે અસુરકુમારના દંડકમાં પણ સમજી લેવી.

બે[૧૪] સ્થાનોથી આવેલા શબ્દો સાંભળે છે. શરીરના એક દેશથી પણ શબ્દ સાંભળેલ છે. અને શરીરના સર્વદેશથી પણ શબ્દ સાંભળેલ છે. શરીર એક દેશથી અને સર્વદેશથી પણ રૂપ જુએ છે. શરીરના એક દેશથી અને સર્વ દેશથી પણ ગંધ સૂંઘે છે. શરીરના એક દેશથી પણ અને સર્વદેશથી પણ રસ ચાખે છે. શરીરના એક દેશથી પણ અને સર્વદેશથી પણ સ્પર્શોનું વેદન કરે છે.

જેમને સંભિન્ન શ્રોત લબ્ધિ થઈ ગઈ છે તેમણે તે અવસ્થામાં સમસ્ત ઇન્દ્રિયો વડે શબ્દોને સાંભળ્યા છે. અને જેમને તે લબ્ધિ થઈ નથી તેમને માત્ર દેશતઃ એટલે શ્રોતેન્દ્રિય વડે જ શબ્દોને સાંભળ્યા છે. એ જ પ્રમાણે એક દેશથી રૂપનું અવલોકન કર્યું, કેટલાકે સર્વદેશથી રૂપનું અવલોકન કર્યું. એ જ પ્રમાણે દેશ અને સર્વ રૂપે ગંધોનું, રસોનું

અને સ્પર્શોનું અનુભવન કર્યું છે.

બે[15] સ્થાનોથી દેવો શબ્દો સાંભળે છે. તે આ પ્રમાણે છે. દેવો એક દેશથી પણ શબ્દ સાંભળે છે અને સર્વદેશથી પણ શબ્દો સાંભળે છે. યાવત્ છોડે છે.

સર્વ[16] જીવો બે પ્રકારના છે. તે આ પ્રમાણે સઇન્દ્રિય અને અણિંદિયા છે. સંસારી બધા જીવો સઇન્દ્રિય છે અને કેવલી અને સિદ્ધ અણિંદિયા છે.

**ઇન્દ્રિયોના અર્થ છ કહ્યા છે.**

(૧થી ૫) શ્રોતેન્દ્રિયથી લઈને સ્પર્શેન્દ્રિયના વિષય પર્યંતના પાંચ ઇન્દ્રિયાર્થોને અહિં ગ્રહણ કરવા જોઈએ.[17] (૬) નોઇન્દ્રિયનો વિષય.

શ્રોતેન્દ્રિયનો વિષય શબ્દ છે. ચક્ષુઇન્દ્રિયનો વિષય રૂપ છે. ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે. રસેન્દ્રિયનો વિષય રસ છે અને સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે. મન નોઇન્દ્રિય છે. મનનો વિષય જીવાદિ પદાર્થ છે. મન આંતરકરણ છે. જે કરણ હોય છે તે ઇન્દ્રિય રૂપ જ હોય છે. ઇન્દ્રિયના વિષયને ઇન્દ્રિયાર્થ પણ કહે છે. ઇન્દ્રિયો ૬ હોવાથી ઇન્દ્રિયાર્થ પણ ૬ કહ્યા છે.

**દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય :-**

શરીર નામ કર્મથી રચેલા શરીરના ચિહ્ન વિશેષ જે દ્રવ્યેન્દ્રિય છે. અને મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જે આત્માની વિશુદ્ધિ તેનાથી ઉત્પન્ન જે જ્ઞાન તે જ ભાવેન્દ્રિય છે.

## ★ "દ્રવ્ય અને ભાવ ઇન્દ્રિયો"

આમાં મુખ્ય બે કામ થયાં એક શરીરનું અને બીજું આત્માનું. જીવ અને તેની *અંદરનો સૂક્ષ્મ આકારનો અવયવ એ બંને શરીરનાં* તત્ત્વોમાંથી બનેલ છે. અને તેને લીધે આત્માનો જે જ્ઞાનગુણ જાગી ઊઠે છે એ આત્માનું જ્ઞાન તત્ત્વ છે. ગળ્યો રસ જાણવાની જ્ઞાન શક્તિ તો આત્મામાં હોય છે. પરંતુ તે નિમિત્ત મળતાં જાગી ઊઠે છે અને પછી બરાબર વસ્તુનું સ્વરૂપ જાણી લઈને મનથી નક્કી કરે છે. તે પણ એક જાતના *જ્ઞાનગુણની જાગૃતિ છે.*

આમાં જીભ અને તેની અંદરનો અવયવ એ નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. તેમાં પોતાનો જ વિષય જાણવાની જે અમુક શક્તિ છે તેને ઉપકરણ દ્રવ્યઇન્દ્રિય કહે છે. નિવૃત્તિ દ્રવ્યઇન્દ્રિયમાં જીભનો બાહ્ય અવયવ ને બાહ્ય નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય અને અંદરનો અવયવ-આભ્યંતર નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે.

હવે આત્મામાં રહેલી જ્ઞાનશક્તિ અને તેની જાગૃતિને ભાવેન્દ્રિય કહેવાય છે. જિહ્વેન્દ્રિય મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કહેવાય છે. અને તે એક જાતની શક્તિરૂપે હોવાથી તેનું નામ લબ્ધિ ભાવેન્દ્રિય કહેવાય છે. લબ્ધિ એટલે શક્તિ. અને તેનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે અને શક્તિ જાગી ઊઠે તેને ઉપયોગ ભાવેન્દ્રિય કહે છે.

આ રીતે કોઈ પણ ઇન્દ્રિયનો ૨૩માંના પોતપોતાના વિષય સાથે બાહ્ય આકાર મારફત અંદરના આકાર સાથે સંબંધ થાય છે. અને પોતાની શક્તિથી પોતાના વિષય પૂરતો જ જાણવાનો પ્રયત્ન દ્રવ્યઇન્દ્રિય કરે છે કે તરત તેની અસર આત્મામાં રહેલા ક્ષયોપશમ ઉપર થાય છે. અને નિર્ણય કરે છે. આ છેલ્લો નિર્ણય શબ્દોમાં ગોઠવવો તેને શ્રુતજ્ઞાનનો ઉપયોગ સમજવો. પરંતુ શબ્દમાં ગોઠવાય નહિ છતાં નિશ્ચય થાય, ત્યાં સુધી જિહ્વેન્દ્રિય નિમિત્તથી ઉત્પન્ન થતો જિહ્વેન્દ્રિય મતિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનો ઉપયોગ સમજવો. આ પ્રમાણે દરેક ઇન્દ્રિય માટે સમજી લેવું. માત્ર દ્રવ્યઇન્દ્રિયોના બાહ્ય આકારો પ્રાણીઓમાં જુદા-જુદા જોવામાં આવે છે.

**દંડકમાં ઇન્દ્રિય :-**

इंदियदारं सुगमं[१८] ॥१५॥

**ગાથાર્થ :-**

૫ સ્થાવરને એક સ્પર્શેન્દ્રિય હોવાથી એક ઇન્દ્રિય છે. બેઇન્દ્રિયને સ્પર્શ અને રસની બે ઇન્દ્રિય છે. તેઇન્દ્રિયને સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય સહિત ૩ ઇન્દ્રિય છે. ચૌરેન્દ્રિયને સ્પર્શેન્દ્રિ, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુઇન્દ્રિય સહિત ૪ ઇન્દ્રિય છે. અને બાકીના ૧૩ દેવના દંડક ૧ નારક, ૧ ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય એ સર્વ મળી ૧૬ દંડકોને સ્પર્શેન્દ્રિય-રસના-ઘ્રાણ-ચક્ષુ અને શ્રોત્ર એ ૫ ઇન્દ્રિયો છે. એ

પ્રમાણે આ ઇન્દ્રિય દ્વાર સમજવામાં અત્યંત સરળ છે.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉવાય, વનસ્પતિ એ પાંચ દંડકોમાં એકેન્દ્રિય હોય છે. શંખ, છીપ, ઇયળ, પોરા, કરમિયા આદિને બેઇન્દ્રિય છે. જૂ, માંકડ, કીડી, લીખ આદિને ત્રણ ઇન્દ્રિય છે. માખી, મચ્છર, ભમરા આદિને ચાર ઇન્દ્રિય છે. દેવો, મનુષ્યો, નારકો અને તિર્યંચ પંચેન્દ્રિયને પાંચ ઇન્દ્રિય છે.

એકેન્દ્રિયનાં - ૫ સ્થાવરનાં એ પાંચ દંડક છે. બેન્દ્રિયનો એક દંડક છે. તેઇન્દ્રિયનો ૧ દંડક છે. ચૌરેન્દ્રિયનો ૧ દંડક છે. અને પંચેન્દ્રિયના ઉપર બતાવ્યા પ્રમાણે ૧૬ દંડક છે.

બીજી રીતે કહીએ તો શ્રોતેન્દ્રિયના ઉપર પ્રમાણે ૧૬ દંડક છે. ચક્ષુન્દ્રિયના ૧૬ શ્રોતેન્દ્રિય + ૧ ચૌરેન્દ્રિય = ૧૭ દંડક છે. ઘ્રાણેન્દ્રિયના ઉપરના ૧૭ દંડક + ૧ તેઇન્દ્રિયનો = ૧૮ દંડક છે. રસેન્દ્રિયના - આગળના ૧૮ + ૧ બેઇન્દ્રિયનો = ૧૯ દંડક છે. અને સ્પર્શેન્દ્રિયના આગળના ૧૯ દંડક + ૫ સ્થાવરના = ૨૪ દંડક છે.

સ્પર્શેન્દ્રિય વિનાનો કોઈ દંડક નથી. સંસારી દરેક જીવને સ્પર્શેન્દ્રિય હોય છે.

અણિંદિયા - એટલે કે ઇન્દ્રિયો હોય પણ ઉપયોગ કરતા નથી તેને અણિંદિયા કહેવાય છે. એક મનુષ્યના દંડકવાળા અણિંદિયા થઈ શકે છે.

સઇન્દ્રિયાના દંડક ૨૪ છે. એકાંત સઇન્દ્રિયના દંડક એક મનુષ્યનો વર્જીને ૨૩ દંડક છે. અણિંદિયાનો એક મનુષ્યનો દંડક છે.

**ગુણસ્થાનમાં ઇન્દ્રિય :-**

એકેન્દ્રિયમાં ૧લું ગુણસ્થાન છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં - ૧લું અને ૨જું ગુણસ્થાન છે.

પંચેન્દ્રિયમાં - ૧ થી ૧૨ ગુણસ્થાન છે.

અણિંદિયામાં ૧૩ ને ૧૪ મું = ૨ ગુણસ્થાન છે.

**શરીરમાં ઇન્દ્રિય :-**

ઔદારિક શરીર, તૈજસ શરીર અને કાર્મણ શરીરમાં પાંચેય ઇન્દ્રિયો છે.

વૈક્રિય શરીરમાં - એકેન્દ્રિય અને પંચેન્દ્રિય હોય છે.

આહારક શરીરમાં - પંચેન્દ્રિય જ હોય છે.

ઔદારિક શરીરમાં - અણિંદિયા પણ હોય છે.

**લેશ્યામાં ઇન્દ્રિય :-**

કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યામાં - પાંચેય ઇન્દ્રિયો હોય છે.

તેજોલેશ્યામાં - એકેન્દ્રિય અને પંચેન્દ્રિય હોય છે.

પદ્મલેશ્યા અને શુકલ લેશ્યામાં - પંચેન્દ્રિય હોય છે.

અલેશીમાં - અણિંદિયા હોય છે.

**વેદમાં ઇન્દ્રિય :-**

નપુંસક વેદમાં - પાંચે ઇન્દ્રિયવાળા

સ્ત્રી વેદ અને પુરુષવેદમાં - પંચેન્દ્રિય

અવેદી - અણિંદિયા

**જ્ઞાનમાં ઇન્દ્રિય :-**

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં - બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય.

અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં - પંચેન્દ્રિય

કેવલજ્ઞાનમાં - અણિંદિયા

**દર્શનમાં ઇન્દ્રિય :-**

અચક્ષુદર્શનમાં - પાંચેય ઇન્દ્રિયવાળા

એકાંત અચક્ષુદર્શનમાં - એકેન્દ્રિય, બેઇન્દ્રિય અને તેઇન્દ્રિય.

ચક્ષુદર્શનમાં - બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય

અવધિદર્શનમાં - પંચેન્દ્રિય

કેવલ દર્શનમાં - અણિંદિયા

**દ્રષ્ટિમાં ઇન્દ્રિય :-**

એકાંત મિથ્યાત્વ દૃષ્ટિમાં - એકેન્દ્રિય

મિથ્યાત્વ દૃષ્ટિમાં - પાંચેય ઇન્દ્રિયવાળા

સમ્યગ્દૃષ્ટિમાં - બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય

એકાંત સમ્યગ્દૃષ્ટિમાં - અણિંદિયા

મિશ્રદૃષ્ટિમાં - પંચેન્દ્રિય.

**યોગમાં ઇન્દ્રિય :-**

એકાંત કાયયોગમાં - એકેન્દ્રિય

કાયયોગમાં - પાંચેય ઇન્દ્રિયવાળા

વચનયોગમાં - બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય

મન યોગમાં - પંચેન્દ્રિય

ત્રણેય યોગમાં - પંચેન્દ્રિય

અયોગીમાં - અણિંદિયા

**દંડકમાં ઇન્દ્રિયના ચિંતનનું કારણ :-**

દરેક સંસારી આત્માને ઇન્દ્રિય હોય છે. ઇન્દ્રિયોને આધારે જ સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દનું જ્ઞાન થાય છે. દ્રવ્ય ઇન્દ્રિયો મળી જાય પરંતુ ભાવેન્દ્રિય ન હોય તો જ્ઞાન થતું નથી. ૪ ગતિમાં ઇન્દ્રિયો મળે છે. પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયો છે. એ વિષયોમાં આસક્તિ રાખવામાં આવે તો ભવભ્રમણ વધી જાય છે. જો ઇન્દ્રિયોના વિષયોમાં વિરક્તિ હોય તો જીવનમાં આનંદ થાય છે. આગમનું જ્ઞાન હોય તો જ વિષયોથી વિરક્ત થાય છે. ૨૪ દંડકમાંથી એક મનુષ્યનો જ દંડક એવો છે કે જેમાં સંપૂર્ણપણે વિષયોથી ઉન્મુખ થઈ શકે. ૧થી ૧૨ ગુણસ્થાન સુધી જીવ સઇન્દ્રિય હોય છે. ત્યાર પછી અણિંદિયા થાય છે. કર્મભૂમિના સંજ્ઞી મનુષ્ય અણિંદિયા બની શકે છે. અનંતકાળથી વિષયોની પાછળ જીવ દોટ મૂકે છે. બીજી ગતિમાં તો સાર, અસારનો વિવેક નથી હોતો. મનુષ્યે ચિંતન કરવું જોઈએ કે હવે ઇન્દ્રિયોના વિષયમાં રમણતા

કરવી નથી. સઈન્દ્રિયમાંથી અણિંદિયા બનવાનું છે. મનુષ્યમાં એવી શક્તિ અને તાકાત રહેલી છે કે તે અણિંદિયા બની શકે છે. ૨૩ દંડકોમાં તો એકાંત સઈન્દ્રિયા જીવો હોય છે. શ્રોતેન્દ્રિય દ્વારા જિનવાણીનું શ્રવણ કરવું જોઈએ. ચક્ષુરિન્દ્રિય દ્વારા સદ્‌વાંચન અને સંતદર્શન કરવાં જોઈએ. ઘ્રાણેન્દ્રિય દ્વારા સુગંધ કે દુર્ગંધ આવે તેમાં તટસ્થભાવ કેળવવો જોઈએ. રસેન્દ્રિય દ્વારા સરસ, અરસ આહારમાં અનાસક્ત ભાવ રાખવો જોઈએ. વળી રસેન્દ્રિય દ્વારા બોલવામાં પણ સત્યકારી, હિતકારી અને મિષ્ટ વચનો બોલવાં જોઈએ. સ્પર્શેન્દ્રિય દ્વારા ૮ સ્પર્શોમાંથી કોઈ પણ સ્પર્શનો અનુભવ થાય, છતાં સમાન ભાવ રાખવો જોઈએ. આ રીતે પાંચેય ઈન્દ્રિયોના સદુપયોગ દ્વારા અલ્પભવો કરવાના કરે છે. આખરે પંચેન્દ્રિયના સદુપયોગના સહારે ગુણસ્થાનમાં આગળ વધતાં ક્ષપકશ્રેણી માંડે છે. અને ૧૩મા ગુણસ્થાનમાં પ્રવેશ કરતાં પ્રથમ સમયે કેવળજ્ઞાન સાથે અણિંદિયા થઈ જાય છે. કેવલીને ઈન્દ્રિયો તો હોય પરંતુ તેનો ઉપયોગ કરતા નથી. અણિંદિયા બનેલો જીવ શાશ્વત સુખને પ્રાપ્ત કરી શકે છે. માટે દંડકમાં ઈન્દ્રિયનું ચિંતન કરવું જોઈએ.

**ટિપ્પણી :-**

૧. जीवा प्रति. १

૨. પ્રજ્ઞા. પદ ૧૫

૩. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૧૫

૪. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૧૫

૫. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૧૫

૬. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૧૫

૭. પ્રજ્ઞા. પદ. ૧૫ ઉ. ૨ સૂ. ૧૦

૮. પ્રજ્ઞા. પદ. ૧૫

૯. પ્રજ્ઞા. પદ. ૧૫. ઉ.૧ સૂ. ૧

૧૦. પ્રજ્ઞા. પદ. ૧૫ ઉ. ૧ સૂ. ૧

૧૧. પ્રજ્ઞા, પદ. ૧૫ ઉ. ૧ સૂ. ૫

૧૨. પ્રજ્ઞા. પદ. ૧૫.

૧૩. પ્રજ્ઞા. પદ. ૧૫ ઉ. ૨ સૂ. ૧૦

૧૪. પ્રજ્ઞા. પદ. ૧૫ ઉ. ૨ સૂ. ૧૦

૧૫. સ્થા. ઠા. ૨

૧૬. સ્થા. ઠા. ૨

૧૭. સ્થાનાંગ ઠા. ૨

૧૮. દંડક પ્રકરણ ગા. ૧૫.

• • •

# (૯મું) સમુદ્‌ઘાત દ્વાર

દંડક પ્રકરણમાં દંડકના ૨૪ દ્વારોની આગમિક ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ વિચારણામાં ૯મા દ્વારમાં સમુદ્‌ઘાત વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે મુજબ છે.

**સમુદ્‌ઘાતના અર્થો :-**

શાસ્ત્રમાં સમુદ્‌ઘાતના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે. (૧) એકાગ્રતાપૂર્વક પ્રબળતા સાથે ઘાત કરવો અર્થાત્ વેદના વગેરે સાથે ઉત્કૃષ્ટ રૂપથી એક થઈ જવું તેને સમુદ્‌ઘાત કહે છે.[૧] (૨) દેવના આદિ નિમિત્તોથી આત્મપ્રદેશોને શરીર બહાર કાઢવા તેને સમુદ્‌ઘાત કહે છે.[૨] (૩) સમીચીન ઉદ્‌ઘાતને સમુદ્‌ઘાત કહે છે.[૩] (૪) મૂળ શરીરને ન છોડતાં તૈજસ, કાર્મણરૂપ ઉત્તર દેહની સાથે-સાથે જીવ પ્રદેશોને શરીરથી બહાર કાઢવા તેને સમુદ્‌ઘાત કહે છે.[૪] (૫) બળજબરી કરી આત્મપ્રદેશો બહાર નીકળી, વધારે પડતાં જૂનાં કર્મોની ઉદીરણા કરી તેને ભોગવી નાશ કરવાનો પ્રયત્ન સમ-એટલે એક સાથે ઉત્ એટલે પ્રબળતાથી, અને ઘાત અર્થાત્ કર્મોનો નાશ, જે પ્રયત્નમાં થાય તેને સમુદ્‌ઘાત કહેવાય છે.[૫]

**સમુદ્‌ઘાતના ભેદો અને તેનું વિવેચન[૬] :-**

શાસ્ત્રમાં દર્શાવેલ સમુદ્‌ઘાતને સાત પ્રકારે વિભાજિત કરવામાં આવેલ છે. (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણાંતિક સમુદ્‌ઘાત (૪) વૈક્રિય સમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત (૬) આહારક સમુદ્‌ઘાત (૭) કેવલી સમુદ્‌ઘાત.

વેદના વગેરે સમુદ્‌ઘાતના સમયે આત્મા વેદના વગેરે જ્ઞાન રૂપે જ પરિણત થઈ જાય છે. જ્યારે જીવ વેદના વગેરે સમુદ્‌ઘાતોમાં પરિણત થઈ જાય છે ત્યારે વેદનીય

વગેરે કર્મોના પ્રદેશોને જે કાલાંતરમાં અનુભવ કરવા યોગ્ય હોય છે તે ઉદીરણા કરણો દ્વારા ખેંચીને તેમને ઉદયાવલિકામાં નાંખીને તેમનો અનુભવ કરીને આત્મપ્રદેશોથી જુદા કરી નાંખે છે.

### (૧) વેદના સમુદ્‌ઘાત :-

વેદના સમુદ્‌ઘાત કરવાવાળા જીવ અસાતાવેદનીય કર્મના પુદ્‌ગલોનું નિર્ઝરણ કરે છે. વેદનાથી પીડિત જીવ અનંતાનંત કર્મ પુદ્‌ગલોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢે છે. અને મુખ, પેટ આદિ છિદ્રોને અને કાનસ્કંધ આદિ નીચેના ખાલી સ્થાનોને પૂરિત કરીને લંબાઈ તેમ જ વિસ્તારમાં શરીર માત્ર ક્ષેત્રને વ્યાપ્ત કરીને અંતર્મુહૂર્ત સુધી રહે છે. તે અંતર્મુહૂર્તમાં ખૂબ જ અસાતા વેદનીય કર્મના પુદ્‌ગલોને નિર્જીર્ણ કરી નાંખે છે. અર્થાત્ નાશ કરે છે. વેદના સમુદ્‌ઘાત અસાતા વેદનીય કર્માશ્રય છે.

### (૨) કષાય સમુદ્‌ઘાત :-

કષાય સમુદ્‌ઘાત કષાય ચારિત્ર મોહનીય કર્માશ્રય છે. કષાય સમુદ્‌ઘાત કરવા વડે જીવ કષાય ચારિત્ર મોહનીય કર્મના પુદ્‌ગલોનું નિર્ઝરણ કરે છે. કષાય વડે વ્યાકુલ થયેલો આત્મા પોતાના કેટલાક આત્મ પ્રદેશોને બહાર કાઢી તે પ્રદેશોથી ઉદર વગેરેના ભાગ પૂરી, તથા ખભા વગેરેના આંતરા પૂરી, શરીરની ઊંચાઈ તથા જાડાઈ જેટલો એક સરખો દંડાકારે થાય છે. તે વખતે દંડાકારે થઈ, પ્રબળ ઉદીરણા વડે કષાય ચારિત્ર મોહનીય કર્મના ઘણાં કર્મ પુદ્‌ગલો ઉદયાવલિકામાં નાંખી, ઉદયમાં લાવી વિનાશ પમાડે છે. અર્થાત્ નિર્ઝરણ કરે છે. અને ઘણાં નવા કર્મ પ્રદેશો બાંધે પણ છે. તે પ્રસંગ.

### (૩) મારણાંતિક સમુદ્‌ઘાત :-

મારણાંતિક સમુદ્‌ઘાત કરવાવાળા જીવ આયુષ્યકર્મના પુદ્‌ગલોનું પરિશાટન કરે છે. આ સમુદ્‌ઘાત કરવાવાળા જીવ મરણાંત વખતે વ્યાકુલ થઈને મરણથી અંતર્મુહૂર્ત પહેલાં પોતાના કેટલાક આત્મ પ્રદેશોને શરીરની બહાર કાઢે છે અને જ્યાં ઉત્પન્ન થવાનો છે. તે સ્થાન સુધી સ્વદેહ પ્રમાણ જાડા દંડના આકારે - જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય યોજન સુધી લંબાવી અંતર્મુહૂર્ત સુધી તેવી

જ અવસ્થાએ રહી મરણ પામે છે. તે પ્રસંગ. એ દંડ અવસ્થામાં આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોને પ્રબળ ઉદીરણા વડે ઉદયાવલિકામાં દાખલ કરી, ઉદયમાં લાવી વિનાશ પમાડે છે. મારણાંતિક સમુદ્ઘાત અંતર્મુહૂર્ત માત્ર શેષ આયુષ્ય કર્માશ્રય છે. અહિં નવીન કર્મગ્રહણ નથી.

**(૪) વૈક્રિય સમુદ્ઘાત :-**

વૈક્રિય સમુદ્ઘાત કરવાવાળા જીવ પોતાના આત્મ પ્રદેશોને શરીરથી બહાર કાઢીને સ્વશરીરના વિસ્તાર તેમ જ જાડાઈના બરાબર તેમ જ લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ દંડ કાઢે છે. દંડ કાઢીને પૂર્વોપાર્જિત વેક્રિય નામ કર્મના પ્રદેશોને ઉદીરણા વડે ઉદયમાં લાવી વિનાશ કરવા સાથે, રચવા ધારેલા, વૈક્રિય શરીર, વૈક્રિય પુદ્ગલો ગ્રહણ કરી બનાવે છે. ત્યારે આ સમુદ્ઘાત હોય છે. તે સમુદ્ઘાત વૈક્રિય નામ કર્માશ્રય છે.

**(૫) તૈજસ સમુદ્ઘાત :-**

તૈજસ સમુદ્ઘાત કરવાવાળા જીવ તેજો નામ કર્મનું પરિશાટન કરે છે. તેજોલેશ્યાની લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહ પ્રમાણ જાડો દંડાકાર રચી પૂર્વોપાર્જિત. તૈજસ નામકર્મના પ્રદેશોને પ્રબળ ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે તૈજસ પુદ્ગલોને ગ્રહણ કરી તેજોલેશ્યા અથવા શીતલેશ્યા મૂકે છે. ત્યારે હોય છે. તૈજસ સમુદ્ઘાત તૈજસ શરીર કર્માશ્રય છે.

**(૬) આહારક સમુદ્ઘાત :-**

આહારક સમુદ્ઘાત કરવાવાળા જીવ આહારક શરીર નામ કર્મના પુદ્ગલોનું પરિશાટન કરે છે. આહારક લબ્ધિવાળા ચૌદપૂર્વધર મુની શ્રી તિર્થંકરની સમવસરણાદિ ઋદ્ધિદર્શન અથવા શ્રુતજ્ઞાનમાં ઉપજેલા સૂક્ષ્મ સંદેહનું નિવારણ ઇત્યાદિ કારણથી પોતાના આત્મ પ્રદેશો બહાર કાઢી ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહ પ્રમાણ સ્થૂલ દંડાકાર રચે છે. પૂર્વોપાર્જિત આહારક નામ કર્મના પુદ્ગલો પ્રબળ ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે, આહારક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી, આહારક શરીર બનાવવાના સમયે આ સમુદ્ઘાત કરે છે. આહારક સમુદ્ઘાત આહારક શરીર

નામ કર્માશ્રય છે.

**(૭) કેવલી-સમુદ્‌ઘાત :-**

કેવલી સમુદ્‌ઘાત સાતા-અસાતા વેદનીય, શુભ-અશુભ નામ, ઊંચ-નીચ ગોત્ર કર્માશ્રય છે. કેવલી સમુદ્‌ઘાત કરવાવાળા જીવ સાતા-અસાતા વેદનીય વગેરે કર્મ પુદ્‌ગલોનું પરિશાટન કરે છે. આ સમુદ્‌ઘાતમાં વિશેષતા એ છે કે કેવલી સમુદ્‌ઘાત કેવલી જ કરે છે. જે કેવલી ભગવંતોને નામ, ગોત્ર અને વેદનીય એ ત્રણ કર્મની સ્થિતિ જો પોતાના આયુષ્ય કર્મની સ્થિતિથી અધિક ભોગવવી બાકી રહે તેમ હોય, તો તે ત્રણેય કર્મની સ્થિતિઓને આયુષ્ય કર્મની જેટલી સ્થિતિવાળી બનાવવા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢે છે. પહેલે સમયે લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી ૧૪ રજ્જુપ્રમાણ ઊંચો અને સ્વદેહ પ્રમાણ જાડો આત્મપ્રદેશોનો દંડાકાર રચે છે. બીજા સમયમાં પૂર્વ, પંશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશામાં લોકાન્ત સુધી કપાટની રચના કરે છે. ત્રીજે સમયે મંથાનની (ચાર પાંખડાવાળા રવૈયાનો આકાર) રચના કરે છે. ચોથે સમયે ચાર આંતરા પૂરી સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ જાય છે. પાંચમે સમયે આંતરાના આત્મપ્રદેશોને સંહરે છે છઠ્ઠે સમયે મંથાનના આત્માપ્રદેશોને સંકોચે છે. સાતમાં સમયમાં કપાટને સંકુચિત કરે છે. અને આઠમા સમયે દંડને સંકોચીને પૂર્વવત્ સંપૂર્ણ દેહસ્થ (આત્મસ્થ) થઈ જાય છે. તેને કેવલી સમુદ્‌ઘાત કહે છે. તેને કરતાં આઠ સમય લાગે છે. તેમાં પૂર્વોક્ત ત્રણ કર્મનો પ્રબળ અપવર્તન દ્વારા ઘણો વિનાશ થઈ જાય છે.

**દંડકમાં સમુદ્‌ઘાત :-** સમુદ્‌ઘાતના બે પ્રકાર કહ્યા છે.

જીવ સમુદ્‌ઘાત અને અજીવ સમુદ્‌ઘાત એમ બે પ્રકારના સમુદ્‌ઘાત છે. કેવલી સમુદ્‌ઘાતની રીત પ્રમાણે કોઈક અનંત પરમાણુઓનો બનેલો અનંતપ્રદેશીસ્કંધ તથાવિધ વિશ્રસા પરિણામ વડે (સ્વાભાવિક રીતે) ચાર સમયમાં સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ પુનઃબીજા સમયમાં અનુક્રમે સંહરાઈ મૂળ અવસ્થાવાળો એટલે અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણનો થાય છે. તે અહિં અજીવ સમુદ્‌ઘાત ગણાય. તે સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થવાની યોગ્યતાવાળા અથવા વ્યાપ્ત થયેલા પુદ્‌ગલ સ્કંધો અનંત છે. અને તે સર્વ અચિત મહાસ્કંધના નામથી ઓળખાય છે.

**આગમમાં અને ટીકા સાહિત્યમાં સમુદ્ઘાતનું વિવેચન :-**

નારકોમાં[૭] ચાર સમુદ્ઘાત કહ્યા છે તે પ્રથમના ચાર નારકોમાં તેજો લબ્ધિ, આહારક લબ્ધિ અને કેવલી લબ્ધિનો અભાવ હોવાથી તૈજસ આહારક અને કેવલી સમુદ્ઘાત નથી હોતા.

ભવનવાસી, વાણવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકોમાં પ્રથમના પાંચ સમુદ્ઘાત હોય છે. તેમનામાં વૈક્રિય લબ્ધિ અને તૈજસ લબ્ધિનો સંભવ હોય છે. તેથી તેમનામાં પાંચ સમુદ્ઘાત હોય છે. પરંતુ તેમનામાં આહારક લબ્ધિ અને કેવલીત્વનો સંભવ ન હોવાથી અંતિમ બે સમુદ્ઘાત હોતા નથી.

પૃથ્વીકાયિકો, અપકાયિકો, તૈજસકાયિકો, વનસ્પતિકાયિકો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચૌરેન્દ્રિયોમાં પ્રથમના ત્રણ સમુદ્ઘાત હોય છે આ બધામાં વૈક્રિય લબ્ધિનો અભાવ હોવાથી વૈક્રિય વગેરે સમુદ્ઘાત નથી. પરંતુ વાયુકાયિકોમાં વૈક્રિય લબ્ધિનો સંભવ હોવાથી વાયુકાયિકોમાં ચાર સમુદ્ઘાત હોય છે. પંચેન્દ્રિય તિર્યંચોમાં દેવોની જેમ પાંચ સમુદ્ઘાત હોય છે.

મનુષ્યોમાં સાતેય સમુદ્ઘાત હોય છે. કેમકે મનુષ્યોમાં બધી લબ્ધિઓનો સંભવ છે.

એકેએક[૮] નારકના વેદના સમુદ્ઘાત અનંત થયા છે. કેમકે નારક આદિ સ્થાનોને અનંતવાર પ્રાપ્ત કર્યાં છે. અને એકવાર નારકસ્થાનની પ્રાપ્તિના સમયે અનેકવાર વેદના સમુદ્ઘાત કરેલા છે. અવ્યવહાર રાશિથી નિકળતાં અનંતકાળ વ્યતીત થયો છે. તે અપેક્ષાએ અનંતવેદના સમુદ્ઘાત અતીત કહ્યા છે. જે જીવોને અવ્યવહાર રાશિથી નિકળ્યાને થોડો જ સમય થયો છે. તે અપેક્ષાએ સંખ્યાત અથવા અસંખ્યાત વેદના સમુદ્ઘાત સમજવા. એકેએક નારકના ભાવિ વેદના સમુદ્ઘાત કોઈના હોય છે તો કોઈના નથી હોતા. જેના હોય છે તેના ૧, ૨, ૩ જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત હોય છે. અર્થાત્ જીવ પૃચ્છાના સમય પછી વેદના સમુદ્ઘાત વગર જ નારકથી નીકળીને મનુષ્ય ભવમાં વેદના સમુદ્ઘાત કર્યા વગર સિદ્ધિ પ્રાપ્ત કરશે. તેની અપેક્ષાએ એક પણ વેદના સમુદ્ઘાત નથી. જે પૃચ્છાના સમય પછી આયુષ્ય શેષ

હોવાથી થોડો સમય નારકમાં રહીને પછી મનુષ્યભવમાં સિદ્ધ થશે, તેના જઘન્ય ૧, ૨, અથવા ૩ સમુદ્ઘાત સંભવે છે. સંખ્યાતકાળ સુધી સંસારમાં રહેવાવાળા નારકોના સંખ્યાત તથા અસંખ્યાત અને અનંતકાળ સુધી રહેવાવાળા નારકોમાં અનંત સમુદ્ઘાત સમજવા જોઈએ. આ જ રીતે ૨૪ દંડકોમાં યાવત્ તૈજસ સમુદ્ઘાત સુધી ક્રમથી સમજી લેવા જોઈએ.

એકેએક નારકના આહારક સમુદ્ઘાત અતીત કોઈના હોય છે. અને કોઈના નથી હોતા. જેના હોય છે. તેના જઘન્ય ૧ અથવા ૨ અને ઉત્કૃષ્ટ ૩ હોય છે. જે નારકોને પહેલા મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને ૧૪ પૂર્વોનું અધ્યયન નથી કર્યું અથવા ૧૪ પૂર્વનું અધ્યયન કર્યા પછી પણ કોઈ પ્રયોજન ન હોવાથી આહારક શરીર નથી બનાવ્યું તેમના આહારક સમુદ્ઘાત નથી હોતા. તેનાથી ભિન્ન જે નારક છે. તેમનાં જઘન્ય ૧ અથવા ૨ અને ઉત્કૃષ્ટ ૩ આહારક સમુદ્ઘાત હોય છે. ૪ નથી હોતા. કેમકે ૪ વાર આહારક શરીરનું નિર્માણ કરવાવાળા જીવ નારકમાં નથી જતા.

એકેએક નારકનાં ભાવી સમુદ્ઘાત કોઈના હોય છે અને કોઈના નથી હોતા. નથી હોતા તે ઉપર પ્રમાણે સમજવું. જેના હોય તેનાં જઘન્ય ૧, ૨, અથવા ૩ ઉત્કૃષ્ટ ૪ હોય છે. કેમકે તે પછી તે જીવ નિયમથી બીજી ગતિમાં નથી જતો અને આહારક સમુદ્ઘાત વિના જ સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે.

એ જ પ્રમાણે ૨૪ દંડકોના અતીત અને અનાગત આહારક સમુદ્ઘાત સમજી લેવા જોઈએ. વિશેષ એ છે કે મનુષ્યને અતીત અને અનાગત આહારક સમુદ્ઘાત નારકની સમાન છે.

કોઈ પણ નારકને અતીત કેવલી સમુદ્ઘાત હોતો નથી. કેમકે કેવલી સમુદ્ઘાત પછી અંતર્મુહૂર્તમાં જ નિયમથી જીવોને મોક્ષની પ્રાપ્ત થઈ જાય છે. તેથી નરકમાં જવું સંભવ નથી. એકેએક ભાવી કેવલી સમુદ્ઘાત કોઈને થાય છે અને કોઈને થતો નથી. કેમકે કેવલી સમુદ્ઘાત એક જ વાર થાય છે. પછી જીવને અંતર્મુહૂર્તમાં જ મોક્ષ મળી જાય છે. કોઈ કેવલી સમુદ્ઘાત કર્યા વિના પણ કેવલી મોક્ષે જાય છે. અથવા જે ક્યારેય મુક્તિ પ્રાપ્ત કરશે જ નહીં. તેની અપેક્ષાએ ભાવી કેવલી સમુદ્ઘાત નથી હોતો. કેમકે અનંતા કેવલીઓને કેવલી સમુદ્ઘાત કર્યા વિના જ સિદ્ધિ પ્રાપ્ત થયેલ છે. એ જ પ્રમાણે

બાકીના ૨૩ દંડકોને અતીત અને ભાવી કેવલી સમુદ્ઘાત વિશે સમજવું.

નારકોની[૯] વેદના સમુદ્ઘાત અતીત અને ભાવી અનંત છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિકોનાં સમજવાં. એ જ પ્રકારે યાવત તૈજસ સમુદ્ઘાત અને એ જ પ્રકારે એ પાંચેના પણ ચોવીસે દંડકોમાં સમજવું.

નારકોના અતીત વેદના સમુદ્ઘાતનું કારણ એ છે કે ઘણાનો અવ્યવહાર રાશિથી નિકળ્યે અનંતકાળ થઈ ગયેલ છે. ભાવી વેદના સમુદ્ઘાત અનંત હોવાનું કારણ એ છે કે ઘણા બધા નારકો અનંતકાળ સુધી સંસારમાં સ્થિત રહેશે.

નારકોના આહારક સમુદ્ઘાત અસંખ્યાત છે. બધા નારકો જો કે અસંખ્યાત છે. તેમનામાં પણ કેટલાક અસંખ્યાત નારક પહેલા આહારક સમુદ્ઘાત કરી ચૂકેલા છે. તેમની અપેક્ષાએ નારકો અતીત આહારક સમુદ્ઘાત અસંખ્યાત કહ્યા છે. નારકોના ભાવી સમુદ્ઘાત પણ અસંખ્યાત છે. તેનું કારણ પૂર્વવત્ સમજવું. નારકોની સમાન જ વૈમાનિકો સુધી આહારક સમુદ્ઘાત સમજવા. વિશેષતા એ છે કે વનસ્પતિકાયિકોના અતીત આહાર સમુદ્ઘાત અનંત છે. કેમકે એવા જીવો અનંત છે વનસ્પતિકાયિકોના ભાવી સમુદ્ઘાત પણ અનંત છે. કેમકે પ્રશ્નના સમયે જે જીવો વનસ્પતિકાયમાં છે તેમનામાંથી અનંત જીવ વનસ્પતિકાયમાંથી નિકળીને આહારક સમુદ્ઘાત કરીને મોક્ષે જશે. મનુષ્યોના આહારક સમુદ્ઘાત કદાચિત્ સંખ્યાત છે. કદાચિત્ અસંખ્યાત છે. સંમૂર્ચ્છિમ અને ગર્ભજ મનુષ્ય મળીને ઉત્કૃષ્ટ સંખ્યામાં અંગુલ માત્ર ક્ષેત્રમાં જેટલા પ્રદેશોની રાશિ છે. તેમના પ્રથમવર્ગમૂળનો ત્રીજા વર્ગમૂળથી ગુણાકાર કરતાં જે પ્રમાણ આવે છે. તેટલા પ્રદેશોવાળા ખંડ ઘનીકૃત લોકના પ્રદેશવાળી શ્રેણીમાં જેટલા હોય છે. એક ન્યૂન એટલા જ મનુષ્ય છે. જે મનુષ્ય નારકાદિ અન્ય જીવરાશિઓની અપેક્ષાએ ન્યૂન છે. તેમનામાં પણ એવા મનુષ્ય ઓછા છે કે જેઓએ પૂર્વભવોમાં આહારક શરીર બનાવેલાં હોય, તેથી જ કદાચ સંખ્યાત અને કદાચ અસંખ્યાત હોય છે. એ જ પ્રકારે મનુષ્યોના ભાવી સમુદ્ઘાત પણ કદાચ સંખ્યાત અને કદાચ અસંખ્યાત સમજવા જોઈએ.

નારકીના અતીત કેવલી સમુદ્ઘાત હોતા જ નથી. ભાવી કેવલી સમુદ્ઘાત અસંખ્યાત છે કેમકે પૃચ્છા સમયે ભાવી કેવલી સમુદ્ઘાત કરનારા નારક અસંખ્યાત હોય છે. કેવલજ્ઞાનથી એવું જ જાણવામાં આવે છે. નારકોના સમાન યાવત્ વૈમાનિકો સુધી

એ જ પ્રકારે સમજવું જોઈએ, પરંતુ વનસ્પતિકાયિકો અને મનુષ્યોમાં ભિન્નતા છે.

વનસ્પતિકાયિકોના ભાવી કેવલી સમુદ્‌ઘાત અનંત હોય છે. કેમકે વનસ્પતિકાયિકોમાં અનંત જીવ હોય છે કે જે ભવિષ્યમાં કેવલી સમુદ્‌ઘાત કરશે. મનુષ્યોના કેવલી સમુદ્‌ઘાત કદાચિત્ અતીત થાય છે, કદાચ નથી થતાં, પ્રશ્નના સમયે જો કેવલ સમુદ્ઘાતથી નિવૃત્ત કોઈ મનુષ્ય (કેવલી) વિદ્યમાન હોય તો અતીત સમુદ્‌ઘાત થાય છે. તે જઘન્યથી ૧,૨ અથવા ૩ થાય છે. અને ઉત્કૃષ્ટ શતપૃથક્ત્વ સુધી થાય છે. મનુષ્યના ભાવી કેવલી સમુદ્‌ઘાત કદાચ સંખ્યાત અને કદાચ અસંખ્યાત હોય છે. સંમૂર્ચ્છિમ અને ગર્ભજ મનુષ્યોમાં પૃચ્છાકાળમાં ઘણા અભવ્ય પણ હોય છે. તેમને ભાવી કેવલી સમુદ્‌ઘાતનો સંભવ નથી. તેથી સંખ્યાત છે. કદાચ અસંખ્યાત છે કેમકે તે સમયે ભવિષ્યમાં કેવલી સમુદ્‌ઘાત કરશે એવા મનુષ્ય ઘણા હોય છે.

**સમુદ્‌ઘાતની વિશેષ વક્તવ્યતા[૧૦] :-**

એકેએક નારકનાં નરક પર્યાયમાં રહીને વેદના સમુદ્‌ઘાત અતીત અનંત થયા. આગામી કોઈને છે અને કોઈને નથી. જેમને છે તેમને જઘન્ય ૧, ૨ અથવા ૩ છે. ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે. એ જ રીતે અસુરકુમાર પર્યાયમાં યાવત્ વૈમાનિક પર્યાયમાં રહેલા માટે જાણવું.

એકેએક અસુરકુમાર નારક અવસ્થામાં અનંત વેદના સમુદ્‌ઘાત અતીત થયેલ છે. કેમકે અનંતકાળમાં અનંતવાર નરક અવસ્થા પ્રાપ્ત કરી છે. આગામી કોઈની થશે અને કોઈની નહિં થાય. જેમની થાય છે. તેમની કદાચ સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે. જે અસુરકુમારના ભવથી નીકળીને નારક કોઈ જન્મ નહીં લે. પરંતુ અનંતરભવમાં મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થઈ જશે. તેના નારક પર્યાય આગામી વેદના સમુદ્‌ઘાત થતા નથી. કેમકે તે પર્યાય પ્રાપ્ત થનાર નથી. જે પરંપરાથી નરકમાં જશે તેના ભાવી વેદના સમુદ્‌ઘાત થાય છે.

એકેએક અસુરકુમાર અસુરકુમારાવસ્થામાં અતીતમાં તો અસુરકુમાર હતા ત્યારે અતીત વેદના સમુદ્‌ઘાત અનંત થયા. ભાવી વેદના સમુદ્‌ઘાત કોઈના હોય છે અને કોઈના નથી હોતા. જેમના હોય છે તેમના જઘન્ય ૧, ૨ અથવા ૩ થાય છે અને

ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત કે અનંત હોય છે. યાવત્ વૈમાનિક અવસ્થામાં પણ અનંત વેદના સમુદ્ઘાત અતીત થયેલા છે. ભાવીના અસુરકુમાર પ્રમાણે સમજવા.

જે પ્રકારો અસુરકુમારના નરક પર્યાયથી લઈને વૈમાનિક પર્યાય સુધીમાં વેદના સમુદ્ઘાતનું નિરૂપણ કરાયું છે. એ જ રીતે યાવત્ વૈમાનિકો સુધી પણ સ્વસ્થાન અને પરસ્થાનોમાં સમુદ્ઘાત સમજી લેવા જોઈએ. એ પ્રકારે ૨૪ દંડકોમાંથી પ્રત્યેક દંડકના ૨૪ દંડકોને લઈને કરવાથી ૨૪ x ૨૪ કરવાથી ૧૦૫૬ આલાપક થાય છે.

મારણાંતિક[૧૧] સમુદ્ઘાત સ્વસ્થાનમાં અને પરસ્થાનમાં પણ એકોત્તરીકાથી જાણવા જોઈએ. યાવત્ વૈમાનિકના વૈમાનિકપણે એ પ્રકારે આ ચોવીસે દંડક ૨૪ દંડકમાં કહેવા જોઈએ.

વૈક્રિય સમુદ્ઘાતને કષાય સમુદ્ઘાતની સમાન પૂરા કહેવા જોઈએ. વિશેષતા એટલી છે કે જેમને નથી હોતા, તેને નથી કહેવાતા. અહિં પણ ચોવીસે દંડક ચોવીસે દંડકમાં કહેવા જોઈએ.

તૈજસ સમુદ્ઘાત અને મારણાંતિક સમુદ્ઘાતને સમાન સમજી લેવા જોઈએ. પણ તેમાં વિશેષતા એ છે કે જે જીવમાં તૈજસ સમુદ્ઘાત હોય તેના જ કહેવા જોઈએ. જેમાં તૈજસ સમુદ્ઘાતનો સંભવ જ ન હોય તેના ન કહેવા જોઈએ. નારકો, એકેન્દ્રિયો, અને વિકલેન્દ્રિયોમાં તૈજસ સમુદ્ઘાતનો સંભવ નથી. પૂર્વોક્ત પ્રકારે કોઈ પણ દંડકમાં વિધિરૂપથી, કોઈમાં નિષેધ રૂપથી આલાપક કહેવાથી ૧૦૫૬ આલાપક થાય છે.

એકેએક નારકના નારક પર્યાયમાં રહેવા છતાં અતીત સમુદ્ઘાત નથી. કેમકે નારક પર્યાયમાં આહારક સમુદ્ઘાતનો સંભવ નથી હોતો. નારકના નારકપણે ભાવી આહાર સમુદ્ઘાત નથી. કેમકે જીવ જ્યારે નારક પર્યાયમાં હોય ત્યારે આહારક લબ્ધિ નથી થઈ શકતી. અને તેના અભાવમાં આહારક સમુદ્ઘાત પણ નથી થઈ શકતા. મનુષ્ય સિવાયના દંડકોમાં ભાવી આહારક સમુદ્ઘાત નથી હોતા કેમકે એ બધા પર્યાયોમાં આહારક સમુદ્ઘાતનો નિષેધ છે. મનુષ્યપણે અર્થાત્ જ્યારે કોઈ નારક પૂર્વકાળમાં મનુષ્ય પર્યાયમાં રહીને કોઈના આહારક સમુદ્ઘાત કહ્યા છે. અને કોઈના નથી કહ્યા. જેના કહ્યા છે તેના જઘન્ય ૧, ૨ અને ઉત્કૃષ્ટ ૩ છે. કોઈ નારકના

મનુષ્યપણે ભાવિ સમુદ્ઘાત કોઈના હોય તો કોઈના ન હોય. જેના છે તેના જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ ૪ છે. જેવા નરકના મનુષ્યપણે આહારક સમુદ્ઘાત કહ્યા છે. એ જ પ્રકારે અસુરકુમારાદિ બધા જીવોમાં અતીત તેમજ ભાવી મનુષ્ય પર્યાયમાં પણ કહેવા જોઈએ. મનુષ્ય પર્યાયમાં પણ અતીત આહારક સમુદ્ઘાત કોઈના નથી થતા જેના થાય છે તેનાં જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ ૪ થાય છે. ભાવી આહારક સમુદ્ઘાત પણ એટલા જ સમજવા જોઈએ. એ રીતે ચોવીસે દંડકોના ચોવીશે દંડકોમાં સંઘટીત કરતાં ૧૦૫૬ આલાપક છે. પરંતુ વિશેષ એ છે કે મનુષ્ય સિવાય અન્ય કોઈ દંડકમાં આહારક સમુદ્ઘાતનો સંભવ નથી.

એકેએક નારક પર્યાયમાં અતીત કેવલી સમુદ્ઘાત નથી હોતા. ભાવી નથી હોતા. એ જ પ્રકારે યાવત્ વૈમાનિક પર્યાયમાં જાણવું. તેઓ કેવલી સમુદ્ઘાત કરી જ શકતા નથી. અને ભાવી કેવલી સમુદ્ઘાતનો અભાવ છે. કેમકે તેમનામાંથી કોઈ પણ પર્યાયમાં કેવલી સમુદ્ઘાતનું થવું કદાપિ સંભવ નથી. મનુષ્ય પર્યાયમાં કેવલી સમુદ્ઘાત થાય છે. પરંતુ તેમાં અતીત કેવલી સમુદ્ઘાત નથી. ભાવી કોઈના ન થાય અને કોઈના થાય છે. જેના થાય છે તેને એક જ થાય છે. એ રીતે મનુષ્ય પર્યાયમાં રહેવા છતાં કોઈ મનુષ્યના અતીત કેવલી સમુદ્ઘાત થાય છે ને, કોઈના નથી થતા, જેના થાય છે તેનો એક જ થાય છે એ પ્રમાણે ભાવી પણ સમજવું જોઈએ.

એ પ્રકારે કેવલી સમુદ્ઘાત સંબંધી ચોવીશે દંડકોમાંથી પ્રત્યેકમાં ૨૪ દંડક ઘટિત કરેલા છે તે બધાના મળીને ૧૦૫૬ આલાપક થાય છે.

**બહુત્વની અપેક્ષાએ[૧૨] :-**

નારકોના નારક પર્યાયમાં રહેવા છતાં વેદના સમુદ્ઘાત અતીત અનંતા થયા છે. ભાવી અનંતા થશે એ જ પ્રકારે સર્વ જીવોના કહેવા જોઈએ. યાવત્ વૈમાનિકોના વૈમાનિકપણે એ જ પ્રકારે તૈજસ સમુદ્ઘાત સુધી જાણવું. વિશેષ એટલું કે ઉપયોગ કરીને જ સમજવું જોઈએ.

એ જ પ્રકારે કષાય સમુદ્ઘાત આદિના પણ પ્રત્યેકના ૧૦૫૬ આલાપક થાય છે.

નારકોના નારક પર્યાયમાં આહારક સમુદ્‌ઘાત અતીતમાં નથી થયા. ભવિષ્યમાં નથી થતા કેમકે આહારક સમુદ્‌ઘાત આહારક શરીરથી જ થાય છે. આહારક શરીર આહારક લબ્ધિની વિદ્યમાનતામાં જ થાય છે. કોઈ પણ બીજા પર્યાયમાં તેનો સંભવ નથી. એ જ પ્રકારે યાવત્ વૈમાનિકોના સમજવા વિશેષ એ છે કે મનુષ્યાવસ્થામાં અતીત સમુદ્‌ઘાત અસંખ્યાત અને અનાગત પણ અસંખ્યાત છે. વનસ્પતિકાયિકોના મનુષ્યાવસ્થામાં અતીત આહારક સમુદ્‌ઘાત અનંત અને અનાગત પણ અનંત કહેવા જોઈએ. કેમકે અનંત જીવો એવા છે કે વનસ્પતિકાયથી નિકળીને, મનુષ્યભવ ધારણ કરીને આહારક સમુદ્‌ઘાત કરશે. મનુષ્યોના મનુષ્ય પર્યાયમાં કદાચ છે. અને કદાચ નથી. જેવા છે તે જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ ૨૦૦ થી ૯૦૦ સુધી સમજવા. ભાવિમાં કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત. એ પ્રકારે ચોવીસે ચોવીસ દંડકમાં ઘટિક કહેલ છે. બધા મળીને ૧૦૫૬ આલાપક થાય છે.

નારકોના નારક અવસ્થામાં અતીત કેવલી સમુદ્‌ઘાત નથી. ભાવી કેવલી સમુદ્‌ઘાત નથી. કેવલી સમુદ્‌ઘાત માત્ર મનુષ્યાવસ્થામાં થાય છે. જે જીવોએ કેવલી સમુદ્‌ઘાત કરી લીધું હોય તે સંસારમાં પરિભ્રમણ કરતા નથી. કેવલી સમુદ્‌ઘાતના પછી જીવો અં.મુ.માં જ નિયમા મોક્ષ પ્રાપ્ત કરે છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિક અવસ્થામાં પણ.... વિશેષતા છે કે નારકોની મનુષ્યાવસ્થામાં અતીત સમુદ્‌ઘાત નથી થતા. પરંતુ ભાવી અસંખ્યાત છે. કેમકે જે મનુષ્ય કેવલી સમુદ્‌ઘાત કરી ચૂકેલ હોય, તેમના નરકમાં ગમન થતાં નથી. તેથી અતીત સમુદ્‌ઘાત નથી. પૃચ્છાના સમયમાં જે નારક વિદ્યમાન છે તેમાંથી અસંખ્યાત એવા છે કે જે મોક્ષગમનને યોગ્ય છે. તેથી ભાવી અસંખ્યાત છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિક પર્યંત સમજવું. વિશેષ એ છે કે મનુષ્યેતર અવસ્થામાં અતીત અને ભાવી કેવલી સમુદ્‌ઘાત નથી થઈ શકતા.

વનસ્પતિકાયિકોના મનુષ્યાવસ્થામાં અતીત કેવલી સમુદ્‌ઘાત નથી. પણ ભાવી અનંત છે. કેમકે પૃચ્છાના સમયે અનંતા જીવ એવા છે કે જેઓ અનંતરભવમાં કેવલી સમુદ્‌ઘાત કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે.

મનુષ્યની મનુષ્યાવસ્થામાં અતીત કેવલી સમુદ્‌ઘાત કદાચ છે અને કદાચ નથી. જ્યારે મનુષ્યાવસ્થામાં કેવલી સમુદ્‌ઘાત થાય છે. જઘન્ય ૧, ૨ અથવા ૩ છે અને

ઉત્કૃષ્ટ બસોથી નવસો સુધી થાય છે. પૃચ્છા સમયમાં કદાચ સંખ્યાત મનુષ્ય જ એવા હોઈ શકે છે જે ભાવિમાં મનુષ્યાવસ્થામાં કેવલી સમુદ્‌ઘાત કરશે. કદાચ અસંખ્યાત પણ હોઈ શકે છે. એ પ્રકારે ચોવીસે ચોવીસ દંડક છે.

**સમુદ્‌ઘાતોનું અલ્પબહુત્વ :-**

બધાથી[17] ઓછા જીવ આહારકે કરેલા છે. કેમકે લોકમાં આહારક શરીર ધારીઓનો છ માસનો વિરહકાળ છે. તેથી તેઓ ક્યારેક નથી પણ હોતા. જ્યારે હોય છે ત્યારે પણ જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ સહસ્રપૃથક્ત્વ અર્થાત્ ૨ હજાર થી ૯ હજાર સુધી જ હોય છે. આહારક સમુદ્‌ઘાત આહારક શરીરના આરંભકાળમાં જ હોય છે. અન્ય સમયમાં નથી હોતા. તેથી આહારક સમુદ્‌ઘાત કરેલા જીવ થોડા જ કહ્યા છે.

આહારક સમુદ્‌ઘાત કરેલાથી કેવલી સમુદ્‌ઘાત કરેલા જીવ સંખ્યાતગણા અધિક છે. કેમકે તેઓ એક સાથે શતપૃથક્ત્વની સંખ્યાતમાં ઉપલબ્ધ થાય છે. તેથી તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત જીવ અસંખ્યાતગણા છે. કેમકે પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને દેવોમાં તૈજસ સમુદ્‌ઘાતા હોય છે. તેથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત અસંખ્યાતગણા છે. કેમકે વૈક્રિય સમુદ્‌ઘાત વાયુકાયિકો અને નારકોને પણ હોય છે. તેથી મારણાંતિક સમુદ્‌ઘાતથી સમતવહત જીવ અનંતગણા છે. કેમકે નિગોદના અનંત જીવોનો અસંખ્યાતમો ભાગ વિગ્રહગતિની અવસ્થામાં રહે છે. તેઓ પ્રાયઃ મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થાય છે. તેથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત જીવ અસંખ્યાતગણા છે. કેમકે નિગોદિયા જીવ કષાય સમુદ્‌ઘાતથી સમવહત સદા ઉપલબ્ધ થાય છે. તેથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત જીવ વિશેષાધિક છે. કેમકે વેદના સમુદ્‌ઘાતથી સમવહત જીવો કાંઈક અધિક હોય છે.

નરકમાં બધાથી ઓછા નારક મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત છે. કેમકે મરનારા નારકો જીવિત નારકોથી અલ્પ હોય છે. અને મરનારાઓમાં પણ મારણાંતિક સમુદ્‌ઘાતવાળા અલ્પ જ હોય છે બધા નથી હોતા. તેથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત નારક અસંખ્યાતગણા છે. કેમકે સાતેય નારકોમાં પ્રત્યેક ઘણા નારકો પરસ્પર વેદના ઉત્પન્ન કરવાને માટે ઉત્તર વૈક્રિય કરતાં રહે છે. તેથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત

નારક સંખ્યાત ગણા અધિક છે. ઉત્તર વૈક્રિયા કરનારાથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત અધિક હોય છે. તેથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત નારકો સંખ્યાતગણા અધિક છે. કેમકે ક્ષેત્રજન્ય વેદના, પરમાર્મિકો દ્વારા ઉત્પન્ન કરાયેલી વેદના સમુદ્‌ઘાતથી સમવહત રહે છે. તેથી અસમવહત નારક સંખ્યાતગણા છે.

ભવનવાસી દેવોમાં તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત સૌથી ઓછા છે. કેમકે અત્યંત તીવ્ર ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે જ કદાચ કોઈ ભવનવાસી તૈજસ સમુદ્‌ઘાત કરે છે. તેથી મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત અસંખ્યાતગણા છે. કેમકે તે સમુદ્‌ઘાત મરણકાળમાં જ થાય છે. તેથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત અસંખ્યાતગણા છે. કેમકે પરસ્પરના સંગ્રામ વગેરેમાં તેઓ વેદના સમુદ્‌ઘાતથી સમવહત હોય છે. તેથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. કેમકે કોઈને કોઈ કારણથી તેઓ કષાય સમુદ્‌ઘાતથી યુક્ત મળી આવે છે. તેથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. કેમકે પરિચારણા વગેરે અનેક પ્રયોજનથી તેઓ ઉત્તર વૈક્રિય કરતા રહે છે. તેમનાથી અસમવહત ભવનવાસી અસંખ્યાત હોય છે કેમકે એવા ઘણા છે કે જેઓ સુખમાં મગ્ન રહે છે અને કોઈ પણ સમુદ્‌ઘાતથી સમવહત નથી હોતા.

પૃથ્વીકાયિકોમાં મારણાંતિક સમુદ્‌ઘાત સમવહત સૌથી ઓછા છે. કેમકે આ સમુદ્‌ઘાત મરણના સમયે જ થાય છે. અને તે પણ કોઈને થાય છે અને કોઈને નથી થતો. તેથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત સંખ્યાતગણા અધિક છે. તેમનાથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત વિશેષાધિક છે. તેનાથી પણ અસમવહત પૃથ્વીકાયિક અસંખ્યાતગણા અધિક છે. એ જ પ્રકારે યાવત્ વનસ્પતિકાયિક સુધી જાણવું. વિશેષ એટલું છે કે વાયુકાયિક બધાથી ઓછા છે. કેમકે કેટલાક બાદર વાયુકાયિક લબ્ધિવાળા હોય છે. તેથી મારણાંતિક સમુદ્‌ઘાત સમવહત અસંખ્યાતગણા છે. તેથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત વિશેષાધિક છે. તેથી અસમવહત અસખંયાતગણા છે.

વિકલેન્દ્રિયોમાં બધાથી ઓછા મારણાંતિક સમુદ્‌ઘાત સમવહત છે. તેથી વેદના સમુદ્‌ઘાતથી સમવહત અસંખ્યાતગણા છે. તેથી કષાય સમુદ્‌ઘાતથી સમવહત અસંખ્યગણા છે. તેથી અસમવહત અસંખ્યગણા છે.

પંચેન્દ્રિય તિર્યંચોમાં બધાથી ઓછા તૈજસ સમુદ્ઘાતથી સમવહત છે. કેમકે તેજોલબ્ધિ થોડામાં જ હોય છે. તેથી વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત અસંખ્યગણા છે. કેમકે વૈક્રિય લબ્ધિની અપેક્ષાએ ઘણામાં હોય છે. તેનાથી મારણાંતિક સમુદ્ઘાત સમવહત અસંખ્યતગણા છે. વૈક્રિય લબ્ધિ વિનાના અને વૈક્રિય લબ્ધિવાળામાં પણ મરનાર જીવો કરતાં ન મરનારા અસંખ્યગુણા છે. તેનાથી વેદના સમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી કષાય સમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી અસમવહત સંખ્યાતગણા છે.

*મનુષ્યોમાં બધાથી ઓછા આહારક સમુદ્ઘાતથી સમવહત છે. કેમકે આહારક* શરીરનો આરંભ કરનારા અતિ અલ્પ જ હોય છે. તેમનાથી કેવલીસમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા અધિક છે. તેમનાથી તૈજસ સમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેમનાથી વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત મનુષ્ય સંખ્યાતગણા છે. તેમનાથી વેદના સમુદ્ઘાતથી સમવહત મનુષ્ય અસંખ્યગણા છે. કેમકે મ્રિયમાણ જીવોની અપેક્ષા અમ્રિયમાણ અસંખ્યગણા અધિક છે. તેમનાથી કષાય સમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી અસમવહત અસંખ્યગણા છે.

વાણવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકોની વક્તવ્યતા ભવનવાસી સમાન છે.

**કષાય સમુદ્ઘાતની વક્તવ્યતા[૧૪] :-**

કષાય સમુદ્ઘાત ચાર પ્રકારના છે. ક્રોધકષાય, માન કષાય, માયા કષાય અને લોભ કષાય. નારકોમાં ચાર સમુદ્ઘાત કહ્યા છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિક સુધી સમજવું.

એકેએક નારકના અતીતમાં ક્રોધ સમુદ્ઘાત અનંત થયા છે. ભાવિમાં કોઈના હોય છે. જેને હોય છે તેમને જઘન્યથી ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિકો સુધી એ જ પ્રકારે યાવત્ લોભ સમુદ્ઘાત સુધી અને એ પ્રકારે ચોવીસે દંડકમાં સમજવું.

એકેએક નારકના નારક પર્યાયમાં અતીત ક્રોધ સમુદ્ઘાત અનંત થયા છે. એ જ પ્રકારે જેવા વેદના સમુદ્ઘાત કહ્યા તેવા ક્રોધ સમુદ્ઘાત પણ પૂરા યાવત્ વૈમાનિક

પર્યાયમાં, માન સમુદ્‌ઘાત, માયા સમુદ્‌ઘાત જેવા મારણાંતિક સમુદ્‌ઘાત કહ્યા છે તેવા અને લોભ, કષાય સમુદ્‌ઘાતના સમાન છે. વિશેષ એટલું છે કે બધા દંડકોમાં એકથી લઈને જાણવા.

નારકોમાં નારકપણે ક્રોધ કષાય સમુદ્‌ઘાત અતીત અનંત અને ભવિષ્યમાં અનંત છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિક પર્યાયમાં, એ જ પ્રકારે સ્વસ્થાન અને પરસ્થાનોમાં સર્વત્ર કહેવા જોઈએ. બધા જીવોના ચારે સમુદ્‌ઘાત યાવત્ વૈમાનિકોનાં વૈમાનિક પર્યાયમાં જાણવા જોઈએ.

**અલ્પબહુત્વ[૧૫] :-**

ક્રોધ સમુદ્‌ઘાત, માન સમુદ્‌ઘાત, માયા સમુદ્‌ઘાત અને લોભ સમુદ્‌ઘાતથી સમવહતમાં અને અકષાય સમુદ્‌ઘાતથી સમવહત અને અસમવહતમાં બધાથી ઓછા જીવ અકષાય સમુદ્‌ઘાતથી સમવહત છે. કેમકે અકષાય સમુદ્‌ઘાતથી સમવહત જીવ કોઈ કોઈ જ મળી આવે છે. તેથી માન કષાય સમુદ્‌ઘાતથી સમવહત અનંતગણા છે. કેમકે અનંત વનસ્પતિકાયિક જીવ પૂર્વભવોના સંસ્કારોને કારણે માનસમુદ્‌ઘાતમાં વર્તમાન રહે છે, તેથી ક્રોધ સમુદ્‌ઘાતથી સમવહત વિશેષાધિક છે. કેમકે માની જીવો કરતાં ક્રોધી જીવ અધિક હોય છે. તેથી માયા સમુદ્‌ઘાતથી સમવહત જીવો વિશેષાધિક છે. કેમકે ક્રોધી કરતાં માયાવી અધિક હોય છે. તેથી લોભ સમુદ્‌ઘાતથી સમવહત વિશેષાધિક છે. માયાવી જીવો કરતાં લોભી જીવ વધારે હોય છે. તેથી પણ સમવહત જીવો અસંખ્યાતગણા છે. કેમકે ચારેય ગતિઓમાંથી પ્રત્યેકગતિમાં સમુદ્‌ઘાત રહિત જીવ સદા સંખ્યાતગણા અધિક છે. સિદ્ધ જીવ એકેન્દ્રિયોના અનંતમાં ભાગે છે. પરંતુ અહિં તેમની વિવક્ષા નથી કરાઈ. હવે ૨૪ દંડકોના ક્રમથી અલ્પબહુત્વને જોઈશું.

નારકોમાં બધાથી ઓછા લોભ સમુદ્‌ઘાતથી સમવહત છે. કેમકે નારકોને પ્રિય વસ્તુનો સંયોગ નથી મળતો. તેથી માયા સમુદ્‌ઘાતથી સમવહત સંખ્યાતગણા અધિક છે. તેથી માન સમુદ્‌ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી ક્રોધ સમુદ્‌ઘાતથી સમવહત નારક સંખ્યાતગણા છે. તેનાથી અસમવહત સંખ્યાતગણા હોય છે. યુક્તિ પૂર્વવત્ આ બાબત સમજી લેવી.

દેવોમાં બધાથી ઓછા ક્રોધ સમુદ્ઘાતથી સમવહત છે. કેમકે દેવોમાં સ્વભાવતઃ લોભની પ્રચુરતા હોય છે. તેનાથી માન સમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી માયા સમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી લોભ સમુદ્ઘાતથી સમવહત સંખ્યાતગણા છે. તેથી અસમવહત સંખ્યાતગણા છે.

પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયોમાં બધાથી ઓછા માન સમુદ્ઘાતથી સમવહત છે. તેનાથી ક્રોધ સમુદ્ઘાતથી સમવહત વિશેષાધિક છે. તેનાથી માયા સમુદ્ઘાતથી સમવહત વિશેષાધિક છે. તેનાથી લોભ સમુદ્ઘાતથી સમવહત વિશેષાધિક છે. તેનાથી અસમવહત સંખ્યાતગણા છે. તેમનો વિચાર સમુચ્ચય જીવોની સમાન કરવો જોઈએ. એ જ પ્રકારે પંચેન્દ્રિય તિર્યંચોનું સમજવું.

મનુષ્યોની વક્તવ્યતા સમુચ્ચય જીવોની સમાન સમજવી જોઈએ. વિશેષતા એ છે કે કષાય સમુદ્ઘાતથી સમવહત મનુષ્યની અપેક્ષાએ માન સમુદ્ઘાતથી સમવહત મનુષ્ય અસંખ્યગણા છે. કેમકે મનુષ્યોમાં માનની બહુલતા મળી આવે છે.

**વેદનાદિ સમુદ્ઘાતની વિશેષ વક્તવ્યતા[16] :-**

વેદના સમુદ્ઘાતથી સમવહત થઈને જે પુદ્ગલોને કાઢે છે તે શરીર પ્રમાણ માત્ર વિષ્કંભ અને બાહુલ્યના નિયમથી છ એ દિશાઓમાં આટલાં ક્ષેત્ર પૂરીત થયાં એટલાં ક્ષેત્ર સ્પૃષ્ટ થયાં છે. તે ક્ષેત્ર ૧, ૨ અથવા ૩ સમયના વિગ્રહથી એટલા કાળમાં પૂરી થયેલ, એટલા કાળમાં સ્પૃષ્ટ છે. તે પુદ્ગલોને જઘન્ય અંતર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તમાં તે પુદ્ગલો બહાર કાઢીને તે પુદ્ગલો તે ક્ષેત્રમાં રહેલ પ્રાણી, ભૂતો, જીવો અને સત્ત્વોનું અભિહનન કરે છે. ચક્કર ખવડાવે છે. થોડુંક અડે છે. સંહત કરે છે. સંગૃહિત કરે છે. પીડીત કરે છે, મૂર્છિત કરે છે, ઘાત કરે છે. પ્રાણ એટલે વિકલેન્દ્રિય જીવો, ભૂત એટલે વનસ્પતિકાયિક જીવો, જીવ અર્થાત્ પંચેન્દ્રિયો અને સત્વ એટલે પૃથ્વીકાયિક, અપકાયિક, તેઉકાયિક અને વાયુકાયિક.

આ પ્રાણ ભૂત, જીવ અને સત્વને આહત વગેરે કરવાના કારણે સમુદ્ઘાત કરવાવાળા જીવોને કદાચ ૩, કદાચ ૪, કદાચ ૫ ક્રિયાઓ હોય છે. જ્યારે તેઓ તેમને કોઈ પીડા ઉત્પન્ન કરવામાં સમર્થ નથી થતા ત્યારે ૩ ક્રિયાવાળા થાય છે. જ્યારે સ્પૃષ્ટ

થઈને પરિતાપ પહોંચાડે છે ત્યારે ૪ ક્રિયાવાળા થાય છે. તેને પ્રાણોથી પણ ઉપરત કરી દે ત્યારે પાંચ ક્રિયાવાળા થાય છે. શરીરથી સ્પૃષ્ટ થનારા સર્પ વગેરે પોતાના ડંખદ્વારા પ્રાણઘાતક હોય છે. એ પણ પ્રત્યક્ષથી સિદ્ધ છે. આ પાંચ ક્રિયાઓ છે. (૧) આરંભિકી (૨) પ્રાદ્વેષિકી (૩) અધિકરણીકી (૪) પારિતાપનિકી અને (૫) પ્રાણાતિપાતિકી.

નારક વેદના સમુદ્‌ઘાતથી સમવહત થયેલ આ રીતે જીવની જેમ સમજવું. વિશેષ એટલું છે કે નારક શબ્દનું ઉચ્ચારણ કરવું જોઈએ. આ રીતે સંપૂર્ણ કથન વૈમાનિક સુધી સમજવું.

એ જ પ્રકારે કષાય સમુદ્‌ઘાત પણ કહેવા જોઈએ.

મારણાંતીક સમુદ્‌ઘાતથી સમવહત થઈને શરીર પ્રમાણ માત્ર વિસ્તાર અને મોટાઈથી લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજન એક દિશામાં એટલા ક્ષેત્ર પૂરિત થાય છે. એટલા ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે. ૧, ૨, ૩ અથવા ૪ સમયના વિગ્રહથી એટલા કાળમાં પૂરિત થાય છે. એટલા કાળમાં સ્પૃષ્ટ થાય છે. શેષ એ જ પ્રમાણે યાવત્ પાંચ ક્રિયાવાળાનું પણ અને એ જ પ્રકારે નારકોનું પણ સમજવું. વિશેષ એટલું છે કે લંબાઈમાં જઘન્ય કાંઈક અધિક હજાર યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજન. એક દિશામાં એટલા ક્ષેત્ર પૂરિત થાય છે. એટલા ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે. ૧, ૨ અથવા ૩ સમયના વિગ્રહથી કહેવું. ચાર સમયના વિગ્રહથી ન કહેવું શેષ એ જ પ્રકારે યાવત્ પાંચ ક્રિયાવાળા પણ હોય છે.

અસુરકુમારનું કથન સમુચ્ચય જીવ પદના સમાન છે. વિશેષ એ છે કે વિગ્રહ ૩ સમયનો. જેવો નારકનો એ જ પ્રકારે. અસુરકુમાર એ જ પ્રકારે યાવત્ વૈમાનિક સુધી કહેવા. વિશેષ એ છે કે એકેન્દ્રિય જીવના સમાન જ સંપૂર્ણ જાણવું

**વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્‌ઘાતની વ્યક્તવ્યતા[૧૭] :-**

જીવ વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને જે પુદ્‌ગલો બહાર કાઢે છે તે પુદ્‌ગલોથી શરીર પ્રમાણ માત્ર વિષ્કંભ અને બાહલ્યથી લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન એક દિશામાં અથવા વિદિશામાં એટલાં

ક્ષેત્ર આપૂર્ણ હોય છે. એટલાં ક્ષેત્ર સ્પૃષ્ટ થાય છે. તે ૧, ૨ અથવા ૩ સમયના વિગ્રહથી એટલા કાળમાં આપૂર્ણ થાય છે. એટલા કાળમાં સ્પૃષ્ટ થાય છે. શેષ તે જ પાંચ ક્રિયાવાળા પણ થાય છે. એ જ પ્રકારે નારક પણ-વિશેષ એ છે કે લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન એક દિશામાં એટલા ક્ષેત્રમાં ૧, ૨ અથવા ૩ સમયની વિગ્રહગતિથી પૂર્વોક્ત પ્રમાણ ક્ષેત્ર આપૂર્ણ થાય છે. અને સ્પૃષ્ટ થાય છે. તેમાં ચોથો સમય લાગતો નથી. વૈક્રિય સમુદ્‌ઘાત ગત વાયુકાયિક પણ પ્રાયઃ ત્રસ નાડીમાં જ ઉત્પન્ન થાય છે. અને ત્રસ નાડીમાં વિગ્રહગતિ ઉત્કૃષ્ટ ત્રણ સમયની હોય છે. ત્યાર પછીનું વક્તવ્ય વેદના સમુદ્‌ઘાતના સમાન જ સમજવું જોઈએ. એ પ્રકારે જેવી નારકની વક્તવ્યતા તેવી જ અસુરકુમારની સમજવી. વિશેષ એ છે કે એક દિશામાં અથવા વિદિશામાં... એ જ પ્રકારે સ્તનિતકુમાર સુધી જાણવી.

વાયુકાયિકની જીવપદના સમાન જાણવી. વિશેષ એ છે કે એક દિશામાં જ ઉક્ત પ્રમાણવાળું ક્ષેત્ર આપૂર્ણ અને સ્પૃષ્ટ થાય છે. વિદિશામાં નથી થતું. પંચેન્દ્રિય તિર્યંચની વક્તવ્યતા નારકના વૈક્રિય સમુદ્‌ઘાતના સમાન સમજવી. મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકના વૈક્રિય સમુદ્‌ઘાતની વક્તવ્યતા અસુરકુમાર સમાન સમજવી.

તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત થઈને સ્થિત પુદ્‌ગલોને પોતાના શરીરથી કાઢે છે તે જેમ જીવનો વૈક્રિય સમુદ્‌ઘાત કહ્યો છે તેવો જ તૈજસ સમુદ્‌ઘાત પણ કહેવો જોઈએ. પરંતુ વિશેષતા એ છે કે અંગુલનો અસંખ્યાતમો ભાગ શેષ એ જ પ્રકારે યાવત્ વૈમાનિકના... વિશેષ પંચેન્દ્રિય તિર્યંચના એક દિશામાં એટલા ક્ષેત્ર આપૂર્ણ થયા. એટલા ક્ષેત્ર સ્પૃષ્ટ થયા.

જીવ આહારક સમુદ્‌ઘાતથી સમવહત શરીરનો જેટલો વિસ્તાર છે અને જેટલી મોટાઈ છે, તેટલા ક્ષેત્ર વિસ્તાર અને વિષ્કંભની અપેક્ષાએ આપૂર્ણ અને સ્પૃષ્ટ થાય છે. લંબાઈની દૃષ્ટિએ જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન સુધી એક દિશામાં તે પુદ્‌ગલોથી આપૂર્ણ અને સ્પૃષ્ટ થાય છે. આહારક સમુદ્‌ઘાત મનુષ્યોમાં જ થઈ શકે છે. ૧૪ પૂર્વના અધ્યેતા અને આહારક લબ્ધિના ધારક મુનિ જ્યારે આહારક સમુદ્‌ઘાત કરે છે. તે જઘન્ય અને ઉત્કૃષ્ટથી પૂર્વોક્તક્ષેત્રને આત્મપ્રદેશોથી પૃથક કરેલ પુદ્‌ગલોથી એક દિશામાં નહિં, વિદિશામાં આપૂર્ણ અને સ્પૃષ્ટ કરે છે. આહારક

સમુદ્‌ઘાત કરનારા તે મુનીઓ ગંભીર હોય છે. તેમને બીજું કોઈ પ્રયોજન હોતું નથી. એ રીતે આહારક સમુદ્‌ઘાતગત કોઈ જીવ મૃત્યુને પ્રાપ્ત થાય અને વિગ્રહથી ઉત્પન્ન થાય છે. આહારક સમુદ્‌ઘાત કરનારા જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તમાં આહારક સમુદ્‌ઘાતગત પુદ્‌ગલોને બહાર કાઢે છે. બહાર કાઢેલા તે પુદ્‌ગલ જે ક્ષેત્રમાં વ્યાપ્ત થાય. તે ક્ષેત્રમાં સ્થિત જે પ્રાણો યાવત્ પ્રાણોથી રહિત કરે છે. તેથી તેમને ૩, ૪ અથવા ૫ ક્રિયાઓ લાગે છે.

સમુચ્ચય જીવની સમાન મનુષ્યના આહારક સમુદ્‌ઘાતની વકતવ્યતા પણ સમજવી જોઈએ. જો કે આહારક સમદ્‌ઘાત મનુષ્યોને જ થાય છે. તેથી જ સમુચ્ચય પદમાં આહારક સમુદ્‌ઘાતની વિવક્ષા કરાઈ છે. તેમાં મનુષ્યનો અંતર્ભાવ થઈ જ જાય છે.

**ગમનની દિશા સંબધી નિયમ :-**

આહારક અને મારણાંતિક સમુદ્‌ઘાત એક જ દિશામાં હોય છે. કેમકે આહારક શરીરની રચનાના સમયે શ્રેણિ ગતિ હોવાના કારણે એક જ દિશામાં અસંખ્ય આત્મપ્રદેશ કાઢીને આહારક શરીર બનાવે છે. મારણાંતિક સમુદ્‌ઘાતમાં જ્યાં નરક આદિમાં જીવને મરીને ઉત્પન્ન થવું છે. ત્યાંની જ દિશામાં આત્મપ્રદેશ કાઢે છે. બાકીના પાંચ-છ એ દિશાઓમાં હોય છે. કેમકે વેદના આદિના વશથી બહાર નિકળેલા આત્મપ્રદેશ શ્રેણિની અનુસાર ઉપર, નીચે, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ આ છએ દિશાઓમાં હોય છે.

**અવસ્થાન કાલ સંબંધી નિયમ :-**

વેદનાદિ છએ સમુદ્‌ઘાતનો કાળ, અંતર્મુહૂર્ત કહ્યો છે. તે અંતર્મુહૂર્ત અસંખ્ય સમયનો છે અને કેવલી સમુદ્‌ઘાતનો કાળ (સમય) આઠ સમયનો છે.

**ગતિમાં સમુદ્‌ઘાત :-**

નરકગતિમાં - પ્રથમના ચાર સમુદ્‌ઘાત છે.

તિર્યંચગતિમાં - પ્રથમના પાંચ સમુદ્‌ઘાત છે.

મનુષ્યગતિમાં - સાતેય સમુદ્‌ઘાત હોય છે.

દેવગતિમાં - પ્રથમના પાંચ સમુદ્‌ઘાત હોય છે.

**શરીરમાં સમુદ્‌ઘાત :-**

ઔદારિક શરીરમાં - સાતેય સમુદ્‌ઘાત હોય છે.

વૈક્રિય શરીરમાં - પ્રથમના પાંચ સમુદ્‌ઘાત હોય છે.

આહારક શરીરમાં - એક આહારક સમુદ્‌ઘાત હોય છે.

તૈજસ અને કાર્મણ શરીરમાં - સાતેય સમુદ્‌ઘાત હોય છે.

**દ્રષ્ટિમાં સમુદ્‌ઘાત :-**

મિથ્યાદષ્ટિમાં - પ્રથમના પાંચ સમુદ્‌ઘાત હોય છે.

મિશ્રદષ્ટિમાં - પ્રથમના પાંચ સમુદ્‌ઘાત હોય છે.

સમ્યગ્‌દષ્ટિમાં - સાતેય સમુદ્‌ઘાત છે.

**ઇન્દ્રિયમાં સમુદ્‌ઘાત :-**

એકેન્દ્રિયમાં - પ્રથમના ચાર સમુદ્‌ઘાત છે.

વિકલેન્દ્રિયમાં - પ્રથમના ત્રણ સમુદ્‌ઘાત છે.

પંચેન્દ્રિયમાં - પ્રથમના છ સમુદ્‌ઘાત છે.

અણિંદિયામાં - એક કેવલી સમુદ્‌ઘાત છે.

**વેદમાં સમુદ્‌ઘાત :-**

પુરુષવેદમાં - પ્રથમના ૬ સમુદ્‌ઘાત છે.

સ્ત્રીવેદમાં - પ્રથમના ૫ સમુદ્‌ઘાત છે.

નપુંસકવેદમાં - પ્રથમના ૫ સમુદ્‌ઘાત છે.

એકાંત નપુંસકવેદમાં - પ્રથમના ચાર સમુદ્‌ઘાત છે.

એકાંત પુરુષવેદમાં - પ્રથમના ૫ સમુદ્‌ઘાત છે.

અવેદીમાં - એક કેવલી સમુદ્‌ઘાત છે.

**લેશ્યામાં સમુદ્દ્ઘાત :-**

કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યામાં - પ્રથમ ચાર સમુદ્દ્ઘાત છે.

તેજો અને પદ્મલેશ્યામાં - પ્રથમના છ સમુદ્દ્ઘાત છે.

શુક્લલેશ્યામાં - સાતેય સમુદ્દ્ઘાત છે.

એકાંત શુક્લ લેશ્યામાં - એક કેવલી સમુદ્દ્ઘાત છે.

અલેશીમાં - એકેય સમુદ્દ્ઘાત નથી.

**દર્શનમાં સમુદ્દ્ઘાત :-**

ચક્ષુ, અચક્ષુ, અવધિ દર્શનમાં - પ્રથમના છ સમુદ્દ્ઘાત છે.

એકાંત અચક્ષુ દર્શનમાં - પ્રથમના ચાર સમુદ્દ્ઘાત છે.

કેવલ દર્શનમાં - એક કેવલી સમુદ્દ્ઘાત છે.

**જ્ઞાનમાં સમુદ્દ્ઘાત :-**

પ્રથમના ચાર જ્ઞાનમાં - પ્રથમના છ સમુદ્દ્ઘાત છે.

કેવલજ્ઞાનમાં - એક કેવલી સમુદ્દ્ઘાત છે.

**અજ્ઞાનમાં સમુદ્દ્ઘાત :-**

ત્રણેય અજ્ઞાનમાં - પ્રથમના ૫ સમુદ્દ્ઘાત છે.

**યોગમાં સમુદ્દ્ઘાત :-**

ત્રણેય સાથેના યોગમાં - સાતેય સમુદ્દ્ઘાત છે.

એકાંત કાયયોગમાં - પ્રથમના ચાર સમુદ્દ્ઘાત છે.

એકાંત વચનયોગ અને કાયયોગમાં - પ્રથમના ચાર સમુદ્દ્ઘાત છે.

અજોગીમાં - એકેય સમુદ્દ્ઘાત નથી.

**ગુણ સ્થાનમાં સમુદ્દ્ઘાત :-**

૧ થી ૫ ગુણસ્થાનમાં - પ્રથમના પાંચ સમુદ્દ્ઘાત છે.

૬ થી ૭મા ગુણસ્થાનમાં - પ્રથમના છ સમુદ્દ્ઘાત છે.

૮, ૯મા ગુણસ્થાને - એકેય સમુદ્ઘાત નથી.

૧૦મા ગુણસ્થાને - એકેય સમુદ્ઘાત નથી.

૧૩મા ગુણસ્થાને - ૧ કેવલી સમુદ્ઘાત છે.

૧૪મા ગુણસ્થાને - એકેય સમુદ્ઘાત નથી.

मणुआणं सत समुग्घाया[१८] ॥१५॥

**ગાથાર્થ :-** મનુષ્યોને સાત સમુદ્ઘાત હોય છે.

ગર્ભજ મનુષ્યોમાં, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને યથા સંભવ ૭ સમુદ્ઘાત છે. અને યુગલિકોને પ્રથમના ત્રણ સમુદ્ઘાત છે. અયુગલિક ગર્ભજ મનુષ્યોમાં પણ લબ્ધિ રહિત મનુષ્યને પ્રથમના ૩ સમુદ્ઘાત, લબ્ધિવંત છદ્મસ્થને યથાસંભવ કેવલી સમુદ્ઘાત વિના વૈક્રિય લબ્ધિ, તૈજસ લબ્ધિ અને આહારક લબ્ધિ એ ત્રણ લબ્ધિમાંથી કોઈ પણ એક લબ્ધિવંતને ૪, બે લબ્ધિવંતને ૫, અને ત્રણેય લબ્ધિવંતને ૧, એટલે કે ૩-૪-૫-૬ સમુદ્ઘાત અને સર્વજ્ઞ ભગવંતોને ૧ કેવલી સમુદ્ઘાત જ હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં પણ કોઈ જીવને પ્રથમના ત્રણ સમુદ્ઘાત હોઈ શકે છે.

**સમુદ્ઘાતોનાં નામો**

वेयणकसाय मरणे, वेउव्विय तेयएय आहारे ।

केवलिय समुग्घाया, सत्त इमे हुंति सन्नीणं[१९] ॥१६॥

**ગાથાર્થ :-** વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલિ સમુદ્ઘાત છે. આ સાત સંજ્ઞી જીવોને હોય છે.

एगिंदियाण केवल, तेउ आहारगविणा उ चतारि ।

ते वेउव्वियवज्जा, विगला सन्नीण ते चेव ॥१७॥

**ગાથાર્થ :-**

એકેન્દ્રિયોને પ્રથમના ચાર સમુદ્ઘાત હોય છે. વિકલેન્દ્રિયોને પ્રથમના ત્રણ સમુદ્ઘાત હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયોને તે સાત હોય છે.

એકેન્દ્રિયોમાં વાઉકાયની અપેક્ષાએ ૪ સમુદ્ઘાત છે. વાયુકાય સિવાયના પૃથ્વીકાય વગેરે ૪ દંડકોમાં વૈક્રિય સમુદ્ઘાત વિના ૩ સમુદ્ઘાત જ હોય છે. ત્રસનાડી બહાર નિરાબાધ સ્થાને રહેલા સૂક્ષ્માદિ એકેન્દ્રિયોને તથા પ્રકારના ઉપઘાતનો અભાવ હોવાથી વેદના સમુદ્ઘાત રહિત બે સમુદ્ઘાત પણ હોય છે. શેષ સર્વ સૂક્ષ્મ તથા બાદર એકેન્દ્રિયોને ૩ સમુદ્ઘાત હોય છે.

पण गब्भतिरि सुरेसु, नारय वाऊसु चउर तिय सेसे ॥१८॥

**ગાથાર્થ :-**

ગર્ભજ તિર્યંચ અને દેવોને પાંચ, નારકો અને વાયુને ચાર અને બાકીનાઓને ત્રણ હોય છે.

ગર્ભજ તિર્યંચને પ્રથમ પાંચ સમુદ્ઘાત હોય છે. કારણકે તિર્યંચોમાં ચારિત્ર તથા પૂર્વધર હોતા નથી, તેથી આહારક લબ્ધિ હોતી નથી અને કેવલજ્ઞાન ન હોવાથી કેવલી સમુદ્ઘાત પણ નથી. પરંતુ કેટલાક તિર્યંચો પંચેન્દ્રિયોને દેશવિરતિ ચારિત્રને અનુસરતા વ્રત, નિયમ તથા તપશ્ચર્યા હોવાથી તેવા ગર્ભજ તિર્યંચોને વૈક્રિય લબ્ધિ અને તૈજસ લબ્ધિ હોવાથી વૈક્રિય સમુદ્ઘાત અને તૈજસ સમુદ્ઘાત હોઈ શકે છે.

એ પ્રમાણે ગર્ભજ તિર્યંચની પેઠે દેવોને વૈક્રિય લબ્ધિ તથા તૈજસ લબ્ધિ વ્રત તપશ્ચર્યાદિ ગુણોથી નહિં, પણ તેવા પ્રકારના ભવ સ્વભાવથી જ ઉત્પન્ન થયેલી હોય છે.

નારક તથા વાઉકાયને વેદના-કષાય, મરણ અને વૈક્રિય એ ચાર સમુદ્ઘાત છે. ત્યા વૈક્રિય લબ્ધિ એ બંને દંડકોમાં ભવ સ્વભાવથી જ હોય છે. વૈક્રિય લબ્ધિવાળા કેટલાક પર્યાપ્ત વાયુકાય જીવો છે અને તે દેવોથી અસંખ્યગુણા છે.

**૨૪ દંડકમાં ૭ સમુદ્ઘાત**

૧ ગર્ભજ મનુષ્યોને ૭ સમુદ્ઘાત

૧ ગર્ભજ તિર્યંચને ૫ સમુદ્ઘાત

૧૩ દેવના દંડકમાં ૫ સમુદ્ઘાત

૧ નારકને ૪ સમુદ્‌ઘાત

૧ વાયુને ૪ સમુદ્‌ઘાત

૭ શેષ દંડકમાં ૩ સમુદ્‌ઘાત

**દંડકમાં સમુદ્‌ઘાતના ચિંતનનું કારણ :-**

પ્રથમના ૬ સમુદ્‌ઘાતમાં સાંપરાયિકી અર્થાત્ કષાય સહિતની ક્રિયાઓ લાગે છે. પ્રથમના ૫ સમુદ્‌ઘાતમાં સમક્તિ અને મિથ્યાત્વી બંને હોય છે. આહારક સમુદ્‌ઘાત અને કેવલી સમુદ્‌ઘાત તો એકાંતે સમક્તિ જ કરે છે. અનંત ભવોમાં પરિભ્રમણ કરતાં અનંતા સમુદ્‌ઘાત દરેક સંસારી આત્માઓએ કર્યા છે. હવે સમુદ્‌ઘાત રહિત બનવા માટે પુરુષાર્થ કરવાનો છે. કેવલી સમુદ્‌ઘાતમાં માત્ર ઈર્યાપથિકી ક્રિયા લાગે છે. પરંતુ એ જ ભવમાં કર્મમુક્ત થઈ જાય છે. ઈર્યાપથિકી ક્રિયા કષાય રહિત છે. ભવપૂર્ણ કરવા આત્મા કટીબદ્ધ થાય તો સમુદ્‌ઘાત પૂર્ણ થઈ જશે અને આત્મા સમુદ્‌ઘાત વિના મોક્ષનગરમાં અનંતકાળની સ્થિતિમાં બિરાજમાન થઈ જાય છે. આવી શુભ ભાવના માટે દંડકમાં સમુદ્‌ઘાતનું ચિંતન કરવું જોઈએ.

**ટિપ્પણી**

૧. પ્રજ્ઞા. સૂ. ૫૬ ૩૬

૨. જૈને. સિ. કોષ. ભા. ૪ પૃ. ૩૪૩

૩. જૈને. સિ. કોષ. ભા. ૪ પૃ. ૩૪૩

૪. જૈને. સિ. કોષ. ભા. ૪ પૃ. ૩૪૩

૫. પ્રજ્ઞા. સૂ. ૫૬ ૩૬. સૂ. ૧

જૈને. સિ. કોષ. પૃ. ૩૪૪

દંડક પ્રકરણ ગા. ૧૫

૬. દંડક પ્રકરણ

૭. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૧

૮. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૨

૯. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૩

૧૦. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૪

૧૧. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૫

૧૨. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૬

૧૩. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૭

૧૪. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૮, ૯

૧૫. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૧૦

૧૬. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૧૨

૧૭. પ્રજ્ઞા. પ. ૩૬. સૂ. ૧૩

૧૮. દંડક પ્રકરણ ગા. ૧૫

૧૯. દંડક પ્રકરણ ગા. ૧૬, ૧૭

● ● ●

# (૧૦મું) દષ્ટિદ્વાર

દંડક પ્રકરણમાં દંડકમાં ૨૪ દ્વારોની આગમિક ચર્ચા-સૂક્ષ્મ વિચારણા બતાવી છે. આ વિચારણામાં ૧૦મા દ્વારમાં દૃષ્ટિ વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે અનુસાર છે.

**દૃષ્ટિના અર્થો :-**

શાસ્ત્રમાં દૃષ્ટિ શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) જોવું તેને દૃષ્ટિ કહેવાય છે.[1] (૨) ચક્ષુ દ્વારા ઉત્પન્ન દર્શનને દૃષ્ટિ કહે છે.[2] (૩) જિનપ્રણિત તત્ત્વની શ્રદ્ધાને દૃષ્ટિ કહે છે.[3]

**દૃષ્ટિના ભેદ :-** શાસ્ત્રમાં દર્શાવેલ દૃષ્ટિને ભિન્ન-ભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવેલ છે.

**દૃષ્ટિના ત્રણ પ્રકારો છે :-**

(૧) મિથ્યાત્વદૃષ્ટિ (૨) સમ્યગ્દૃષ્ટિ અને (૩) મિશ્રદૃષ્ટિ.

**દૃષ્ટિના ભેદોનું વિવેચન :-**

**મિથ્યાત્વદૃષ્ટિ :-**

સર્વજ્ઞ પ્રરૂપિત વસ્તુતત્ત્વ વિષયક વિપરીત સમજણથી યુક્ત જીવોને મિથ્યાદૃષ્ટિ કહે છે.

**સમ્યગ્દૃષ્ટિ :-**

સર્વજ્ઞ પ્રરૂપિત વસ્તુતત્ત્વ વિષયક સમજણવાળાને સમ્યગ્દૃષ્ટિ કહે છે.

**મિશ્રદષ્ટિ :-**

જેઓ એકાંતતઃ સમ્યગરૂપ પ્રતિપતિથી સમજણ રહિત હોય તેમને મિશ્રદષ્ટિ કહે છે.

**દંડકમાં દષ્ટિ[૪] :-**

विगल दु दिट्ठी, थावरमिच्छति सेस तिय दिट्ठी ॥२८॥

**ગાથાર્થ :-**

વિક્લેન્દ્રિયને મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ એ બે દષ્ટિ હોય છે. મિથ્યાદષ્ટિ સર્વ વિક્લેન્દ્રિયોને સર્વ અવસ્થામાં હોય છે. પરંતુ સમ્યગ્દષ્ટિ તો સાસ્વાદાન સમ્યક્ત્વવાળો કોઈ જીવ અન્ય સ્થાનેથી આવી વિક્લેન્દ્રિયપણે ઉત્પન્ન થયો હોય તે વખતે અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. અને પર્યાપ્ત અવસ્થામાં તો અવશ્ય મિથ્યાત્વદષ્ટિ જ થાય છે.

સ્થાવરના પાંચેય દંડકોમાં એક મિથ્યાદષ્ટિ જ હોય છે. અને બાકીના ૧૬ દંડકના જીવોને મિથ્યાદષ્ટિ, સમ્યગ્દષ્ટિ અને મિશ્રદષ્ટિ એ ત્રણે દષ્ટિઓ હોય છે.

અર્થાત્ ૩ વિક્લેન્દ્રિયને મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ એ બે દષ્ટિઓ હોય છે. ૫ સ્થાવરને એક મિથ્યાદષ્ટિ છે અને બાકીના ૧૬ દંડકમાં ૩ દષ્ટિઓ હોય છે.

**આગમમાં દષ્ટિની વિચારણા[૫] :-**

નારકી, દેવો, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકમાં તેમજ તિર્યંચ પંચેન્દ્રિય, અને સંજ્ઞી મનુષ્યમાં સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ એ ત્રણેય દષ્ટિઓ હોય છે. કોઈ જીવ સમ્યગ્દષ્ટિ, કોઈ જીવ મિથ્યાદષ્ટિ અને કોઈ જીવ મિશ્રદષ્ટિ છે. એક જ જીવમાં અથવા એક જ નારક આદિમાં ત્રણ દષ્ટિઓ સમજવી ન જોઈએ. કેમકે પરસ્પર વિરોધી હોવાને કારણે એક જીવમાં, એક સમયમાં, એક જ દષ્ટિ હોઈ શકે છે.

પૃથ્વીકાયિક, અપકાયિક, તેઉકાયિક, વાઉકાયિક અને વનસ્પતિકાયિક જીવ એ પાંચ સ્થાવરના જીવ સમ્યગ્દષ્ટિ નથી હોતા. તેઓ બધા મિથ્યાદષ્ટિ હોય છે. તેઓમાં મિશ્રદષ્ટિ પણ નથી. સાસ્વાદાન સમકિત યુક્ત જીવ પણ પૃથ્વીકાય આદિમાં ઉત્પન્ન થતા નથી.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવ-સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ હોય છે. પરંતુ મિશ્રદષ્ટિ નથી હોતા તે ભવસ્વભાવને કારણે હોય છે. સાસ્વાદાન સમ્યક્ત્વથી યુક્ત જીવ પણ બેઇન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય છે. અને તેને સમ્યગ્દષ્ટિ કહેલ છે.

પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, નારકી, ૧૦ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને *વૈમાનિકદેવ સમ્યગ્દષ્ટિ પણ હોય, મિથ્યાદષ્ટિ પણ હોય અને મિશ્રદષ્ટિ પણ હોય છે.* કેમકે ભવના વિશિષ્ટ સ્વભાવના કારણે સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં જ મિશ્રદષ્ટિ મળી આવે છે. તેથી ચૌરેન્દ્રિય સુધી મિશ્રદષ્ટિનો નિષેધ કરેલો છે.

સિદ્ધ અવસ્થામાં સમ્યગ્દષ્ટિ સિવાય અન્ય કોઈ પણ દષ્ટિ હોતી નથી.

**વિશેષ :-** એક મિથ્યાદષ્ટિ :-

નરકમાં ૭મી નારકીના અપર્યાપ્તામાં એક મિથ્યાદષ્ટિ હોય છે.

તિર્યંચમાં - ૫ સ્થાવરમાં, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તામાં એક મિથ્યાદષ્ટિ હોય છે.

મનુષ્યમાં-સમુર્ચ્છિમ મનુષ્યમાં, ૫૬ અંતરદ્વીપના મનુષ્યમાં એક મિથ્યાદષ્ટિ હોય છે. દેવોમાં - ૧૫ પરમાધામી, અને ૩ કિલ્વિષીમાં એક મિથ્યાદષ્ટિ છે.

અર્થાત્ એકાંત મિથ્યાત્વદષ્ટિમાં

નારકીનો - ૧ - ૭મી નરકનો અપર્યાપ્તો

તિર્યંચના + ૩૦ - ૨૨ એકેન્દ્રિય + ૩ વિકલેન્દ્રિય + ૫ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના = ૮ પર્યાપ્તા.

મનુષ્યના + ૨૧૩ - ૧૦૧ સંમુર્ચ્છિમ મનુષ્યની અપર્યાપ્તા + ૫૬ અંતરદ્વીપના અપર્યાપ્તાને પર્યાપ્તા = ૧૧૨

દેવના + ૩૬ - ૧૫ પરમાધામી + ૩ કિલ્વિષી = ૧૮ નાં અપર્યાપ્તાને પર્યાપ્તા = ૩૬ એટલે - ૧+૩૦ + ૨૧૩ + ૩૬ = ૨૮૦

કુલ ૨૮૦ ભેદ થાય છે.

**એકાંત સમક્તિ - સમ્યગ્દષ્ટિ**

૫ અનુત્તર વિમાનના અપર્યાપ્તાને પર્યાપ્તા = ૧૦

કુલ ૧૦ ભેદ છે.

**એક દૃષ્ટિમાં ભેદ :-**

૨૮૦ ભેદ એકાંત મિથ્યાદૃષ્ટિમાં

૧૦ ભેદ એકાંત સમક્તિમાં

કુલ ૨૯૦ ભેદ છે.

**નિયમ :-** એકાંત મિથ્યાદૃષ્ટિ અને એકાંત સમ્યગ્દષ્ટિ સિવાયના જે ભેદો છે. તેમાંથી અપર્યાપ્તામાં બે દૃષ્ટિઓ અને પર્યાપ્તામાં ત્રણ દૃષ્ટિઓ હોય છે. એક ૩૦ અકર્મભૂમિમાં બે દૃષ્ટિઓ બતાવેલ છે.

**બે દૃષ્ટિમાં ભેદ :-**

| | |
|---|---|
| ૧ થી ૬ નારકીના અપર્યાપ્તા | = ૬ ભેદ નારકીના |
| ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞીપંચેન્દ્રિ અપર્યાપ્તા અને ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અપર્યાપ્તા. | = ૧૩ ભેદ તિર્યંચના |
| ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા અને ૩૦ અકર્મભૂમિના અપર્યાપ્તાને પર્યાપ્તા | = ૭૫ ભેદ મનુષ્યના |
| ૧૦ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી ૩૦ વૈમાનિકનાં અપર્યાપ્તા | = ૭૬ ભેદ દેવના |
| | કુલ ૧૭૦ ભેદ |

**ત્રણ દૃષ્ટિમાં ભેદ :-**

| | |
|---|---|
| ૧ થી ૭ નારકીના પર્યાપ્તા | - ૭ ભેદ નારકીના |
| ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્તા | - ૫ ભેદ તિર્યંચના |
| ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા | - ૧૫ ભેદ મનુષ્યના |
| ૭૬ ભેદ બે દૃષ્ટિમાં બતાવ્યા છે તેના પર્યાપ્તા | = ૭૬ ભેદ દેવનાં |
| | કુલ ૧૦૩ ભેદ |

**શરીરમાં દષ્ટિ :-**

ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ શરીરમાં ત્રણેય દષ્ટિ છે.

આહારક શરીરમાં ૧ સમ્યગ્દષ્ટિ છે.

**ગુણસ્થાનમાં દષ્ટિ :-**

પ્રથમ ગુણસ્થાનમાં - ૧ મિથ્યાદષ્ટિ છે.

ત્રીજા ગુણસ્થાનમાં - ૧ મિશ્રદષ્ટિ છે.

બીજા અને ૪ થી ૧૪ ગુણસ્થાનમાં = ૧ સમ્યગ્દષ્ટિ છે.

**ઇન્દ્રિયમાં દષ્ટિ :-**

એકેન્દ્રિયમાં - ૧ મિથ્યાદષ્ટિ છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં - સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ એ બે દષ્ટિઓ છે.

પંચેન્દ્રિયમાં - ત્રણેય દષ્ટિઓ છે.

અણિંદિયામાં - ૧ સમ્યગ્દષ્ટિ છે.

**દર્શનમાં દષ્ટિ :-**

અચક્ષુદર્શન, ચક્ષુદર્શન અને અવધિદર્શનમાં - ત્રણેય દષ્ટિ છે.

કેવલદર્શનમાં - ૧ સમ્યગ્દષ્ટિ છે.

**જ્ઞાનમાં દષ્ટિ :-**

પાંચેય જ્ઞાનમાં એક સમ્યગ્દષ્ટિ છે.

ત્રણ અજ્ઞાનમાં એક મિથ્યાદષ્ટિ છે.

**લેશ્યામાં દષ્ટિ :-**

છ એ લેશ્યામાં - ત્રણેય દષ્ટિ છે.

એકાંત શુકલલેશ્યામાં - એક સમ્યગ્દષ્ટિ છે. (ગુણસ્થાન પ્રમાણે )

**વેદમાં દષ્ટિ :-**

ત્રણેય વેદમાં - ત્રણેય દષ્ટિઓ છે.

અવેદીમાં - એક સમ્યગ્દષ્ટિ છે.

**આધ્યાત્મિક વિકાસમાં તેની જાણકારીનું મહત્વ :-**

જીવો અનાદિના મિથ્યાદષ્ટિ હોય છે. છતાં જેમ મિશ્ર સુવર્ણને માટીની પ્રક્રિયા વડે અલગ કરી શકાય છે. તેવી જ રીતે મિથ્યાત્વને પણ આગમમાં બતાવેલ આધ્યાત્મિક પ્રક્રિયા વડે અલગ કરી શકાય છે. જીવે અનંત પુદ્ગલ પરાવર્તન કર્યાં છે. જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભવભ્રમણનો કદી અંત આવતો નથી. પરંતુ સમક્તિના બતાવેલા પાંચ લક્ષણો પ્રમાણે જીવનમાં સદ્ગુણો આવતા જાય તેમ તેમ મિથ્યાત્વનું જોર ઘટતું જાય છે. એક વખત પણ સમ્યગ્દષ્ટિ આવી જાય તો અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં સંસારનો અંત આવી જાય છે. દષ્ટિનું જાણપણું થાય તો જ અંતરાત્મામાં શુભભાવો જાગે છે. અને સમ્યગ્દર્શન થઈ જતાં ૪થા ગુણસ્થાનનો સ્પર્શ થઈ જાય છે. કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે. જલથી તેની વૃદ્ધિ થાય છે. પરંતુ બંનેથી અલિપ્ત રહે છે એવી રીતે સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત કરેલ આત્મા પણ સંસારના કામભોગથી, વિષયોથી અલિપ્ત રહે છે. જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત થતું નથી. સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત થતાં જીવ દરેક પરિસ્થિતિમાં સમભાવ રાખી શકે છે. મોહનીય કર્મની પ્રકૃતિઓ ઓછી થતી જાય છે. તેમ તેમ ગુણસ્થાનમાં આગળ વધી શકે છે. ક્ષાયક સમક્તિના સદ્ભાવમાં વીતરાગદશા પ્રગટ થઈ જતાં આધ્યાત્મિક પૂર્ણ વિકાસમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે. દંડકમાં દષ્ટિનું ચિંતન કરવું બહુ જરૂરી છે. મિથ્યાદષ્ટિ આત્મા ચિંતા કરે છે. જ્યારે સમ્યગ્દષ્ટિ આત્મા ચિંતન કરીને ચૈતન્ય તત્ત્વ પિછાણીને સિદ્ધદશા પ્રાપ્ત કરી શકે છે.

**ટિપ્પણી :-**

૧. વિશેષાવશ્યક ભાષ્ય.

૨. સ્થાનાંગ, અનુ.

૩. પ્રજ્ઞા. પ. ૩૪ જીવાભિગમ સૂત્ર

૪. દંડક પ્રકરણ.

૫. પ્રજ્ઞા. પદ ૧૯

# (૧૧મું) દર્શન દ્વાર

દંડક પ્રકરણમાં દંડકના ૨૪ દ્વારોની શાસ્ત્રીય વિચારણા બતાવેલ છે. આ વિચારણામાં ૧૧મા દ્વારમાં દર્શન વિષયક વિચારણા કરેલ છે તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે પ્રમાણે છે.

**દર્શનના અર્થો :-** દર્શન શબ્દ જૈનાગમોમાં અનેક અર્થોમાં પ્રયુક્ત થયો છે.

(૧) જેના દ્વારા અથવા જેના સદ્‌ભાવને લીધે પદાર્થોને શ્રદ્ધાના વિષયભૂત કરાય છે. પદાર્થો પર શ્રદ્ધા મૂકાય છે તેનું નામ દર્શન છે.[૧] (૨) સામાન્ય જ્ઞાનની બે ધારાઓ વહે છે. તેમાં સામાન્ય ગ્રાહકરૂપ ધારાનું નામ દર્શન છે.[૨] (૩) જિનોક્ત કથનમાં અભિરુચિનું નામ દર્શન છે.[૩] (૪) દક્ષિણ ધાતકી ખંડના સ્વામી દેવ દર્શન છે.[૪] (૫) દર્શન એટલે જોઈ શકાય - *અર્થાત્ જીવન અને વિકાસનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય.*[૫] (૬) દર્શન એક ઉપયોગ છે.[૬] (૭) વૈદિક ધર્મના ફિરકાને દર્શન કહેવાય છે.[૭] (૮) જીવાદિ પદાર્થોનું સ્વરૂપ જોવું જાણવું અને તેના પર શ્રદ્ધા કરવી તે દર્શન છે.[૮] (૯) નૈતિક જીવનની દૃષ્ટિથી વિચાર કરતાં દર્શન *શબ્દનો દૃષ્ટિકોણ પૂરક અર્થ કર્યો છે.*[૯] (૧૦) દર્શન શબ્દનો અર્થ તત્ત્વશ્રદ્ધા છે.[૧૦] (૧૧) પરવર્તિ જૈન સાહિત્યમાં દર્શન શબ્દ દેવ, ગુરુ અને ધર્મના પ્રતિ શ્રદ્ધા અથવા ભક્તિના અર્થમાં પણ પ્રયુક્ત થયો છે.[૧૧]

**દર્શનના આધ્યાત્મિક અર્થો[૧૨] :-**

જે મોક્ષ માર્ગને બતાવે તે દર્શન છે. જેના દ્વારા જોઈ શકાય અથવા માત્ર જોવું તે દર્શન છે. *વિષય અને વિષયીનું સન્નિપાત થઈને* દર્શન થાય છે. સ્વરૂપ માત્રનું સામાન્ય ગ્રહણ હોય છે તેને દર્શન કહે છે. પ્રકાશવૃત્તિને દર્શન કહે છે. જ્ઞાન માટે જે આત્માનો વ્યાપાર હોય તેને પ્રકાશવૃત્તિ કહે છે અને તે જ દર્શન છે. ઉત્તરજ્ઞાનની

ઉત્પત્તિના નિમિત્તભૂત પ્રયત્ન વિશિષ્ટ સ્વસંવેદનને દર્શન કહે છે. આત્મ વિષયક ઉપયોગને દર્શન કહે છે. દર્શનાવરણીયના ક્ષય અને ક્ષયોપશમથી થવાવાળું આલોચન દર્શન છે. આત્માના વ્યાપારને દર્શન કહે છે. બાહ્ય અર્થનું ગ્રહણ થવા પર જે વિશિષ્ટ આત્મ સ્વરૂપનું વેદન હોય છે તે દર્શન છે. અંતર્ચિત પ્રકાશને દર્શન કહે છે.

**દર્શનના ભેદો :-** શાસ્ત્રમાં દર્શાવેલ દર્શનને ભિન્ન-ભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવેલ છે. આગમ અને ટીકાઓમાં દર્શનના જુદા જુદા પ્રકારો બતાવ્યા છે.

**દર્શનના બે પ્રકાર છે :-**

(૧) સમ્યગ્દર્શન અને (૨) મિથ્યાદર્શન

સર્વજ્ઞ દ્વારા ઉપદિષ્ટ જીવાદિક પદાર્થોમાં શ્રદ્ધા રાખવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

આ સમ્યગ્દર્શન કરતાં વિપરીત જે દર્શન છે તેને મિથ્યાદર્શન કહે છે.

સમ્યગ્દર્શનના[૧૩] બે ભેદ છે.

(૧) નિસર્ગ સમ્યગ્દર્શન અને (૨) અભિગમ સમ્યગ્દર્શન.

જે સમ્યગ્દર્શન જીવમાં ગુરુ આદિના ઉપદેશ વિના ઉત્પન્ન થાય છે, તેને નિસર્ગ સમ્યગ્દર્શન કહે છે. નિસર્ગ એટલે સ્વભાવ, આવી રીતે ઉત્પન્ન થયેલા સમ્યગ્દર્શનમાં ઉપદેશ આદિ પરનિમિત્તોની આવશ્યકતા રહેતી નથી. તેમાં દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમાદિ રૂપ પરિણામ સ્વતઃ થાય છે. તેથી જ તેનું નામ નિસર્ગ સમ્યગ્દર્શન છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલા જે શ્રાવક શ્રાવિકાદિના આકારવાળા મત્સ્યો છે. તેને જોવાથી જે જીવોના દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમથી જે દર્શનથી પ્રાપ્તિ થાય છે તે દર્શન પણ નિસર્ગ સમ્યગ્દર્શન જ છે.

અભિગમ એટલે ઉપદેશ. તે ઉપદેશ દ્વારા જે જીવને દર્શનની પ્રાપ્તિ થાય છે તે દર્શનને અભિગમ સમ્યગ્દર્શન કહે છે. આ પ્રકારનું સમ્યગ્દર્શન ગુરુ આદિના ઉપદેશથી જ પ્રાપ્ત થાય છે.

**નિસર્ગ સમ્યગ્દર્શનના પણ બે ભેદ છે :- અભિગમ સમ્યગ્દર્શનના પણ બે ભેદ**

(૧) પ્રતિપાતિ અને (૨) અપ્રતિપાતિ :- બંનેના બે બે ભેદ છે.

દર્શન મોહનીય કર્મના ઉદયથી જે સમ્યગ્દર્શન નષ્ટ થાય છે. એવા સમ્યગ્દર્શનને પ્રતિપાતિ સમ્યગ્દર્શન કહે છે. ઔપશમિક સમ્યગ્દર્શન અને ક્ષયોપશમિક સમ્યગ્દર્શન. આ સમ્યગ્દર્શનો પ્રતિપાતિ હોય છે. કારણ કે તેમનો સ્વભાવ નષ્ટ થઈ જાય એવો હોય છે.

ક્ષાયિક સમ્યગ્દર્શન અપ્રતિપાતિ હોય છે. કારણ કે તે પોતાના દર્શન મોહનીય કર્મના સર્વથા ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે.

**સમ્યક્ત્વની સ્થિતિ :-**

સાસ્વાદાન સમ્યક્ત્વની સ્થિતિ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ છ આવલિકા પ્રમાણ છે. ઔપશમિક અને વેદક સમ્યક્ત્વની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. ક્ષયોપશમિક સમ્યક્ત્વની સ્થિતિ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક ૬૬ સાગરોપમ પ્રમાણ છે.

ક્ષાયક સમ્યક્ત્વની સ્થિતિ સાદિ અનંત છે.

**મિથ્યાદર્શનના[૧૪] બે પ્રકાર છે :-**

(૧) અભિગ્રહિક મિથ્યાદર્શન અને (૨) અનાભિગ્રહિક મિથ્યાદર્શન.

*અભિગ્રહિક અને અનાભિગ્રહિક* મિથ્યાદર્શનના પણ બે-બે ભેદ છે.

(૧) સપર્યવસિત અને (૨) અપર્યવસિત.

વિપરીત દર્શનને મિથ્યાદર્શન કહે છે. આ મિથ્યાદર્શન અતત્ત્વમાં તત્ત્વાભિનિવેશરૂપ હોય છે. અથવા તત્ત્વમાં અતત્ત્વાભિનિવેશ રૂપ હોય છે. મિથ્યાદર્શન મોહનીયના ઉદયથી જીવમાં ઉત્પન્ન થાય છે. સત્યતત્ત્વમાં અશ્રદ્ધા રાખવી તેનું નામ મિથ્યાદર્શન છે. જ્યાં કદાગ્રહનો સદ્ભાવ હોય છે. ત્યાં અભિગ્રહિક મિથ્યાદર્શન હોય છે. તેનાથી ભિન્ન એવું જે મિથ્યાદર્શન છે તેને અનાભિગ્રહિક મિથ્યાદર્શન પણ કહે છે.

જે મિથ્યાદર્શન સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં નષ્ટ થઈ જાય છે તે મિથ્યાદર્શનને સપર્યવસિત મિથ્યાદર્શન કહે છે. અભવ્ય જીવને જે મિથ્યાદર્શન પ્રાપ્ત થાય છે તે અપર્યવસિત (અનંત) હોય છે. કારણ કે અભવ્ય જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી જ નથી.

**દર્શનના ત્રણ ભેદ છે :-**

કારક, રોચક અને દીપકના ભેદથી દર્શન ત્રણ પ્રકારનાં છે.

**દર્શન[15] ત્રણ પ્રકારનાં છે :-**

(૧) મિથ્યાદર્શન (૨) મિશ્રદર્શન અને (૩) સમ્યગ્દર્શન.

બીજી રીતે

(૧) ક્ષાયિક (૨) ક્ષાયોપશમિક અને (૩) ઉપશમિક.

**દર્શન[16] ચાર પ્રકારનાં છે.**

(૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન અને (૪) કેવલદર્શન એ ચાર દર્શનોનો અનાકાર ઉપયોગ છે.

સામાન્ય એટલે નથી વિશિષ્ટ વ્યક્ત આકાર જ્યાં તેને અનાકારોપયોગ કહીએ. તે દર્શન જાણવું. જાતિ, લિંગ, ગુણ, ક્રિયા અને ગુણપૂર્વક બોધ થતો નથી તે માટે તેને અનાકાર કહેવાય છે.

**ચક્ષુદર્શન :-**

ચક્ષુ વડે સામાન્ય વસ્તુનું ગ્રહણ થાય તેને ચક્ષુદર્શન કહે છે.

**અચક્ષુદર્શન :-**

ચક્ષુવર્જીને બાકીની ચાર ઇન્દ્રિયો અને મનથી સામાન્ય વસ્તુના અંશનું ગ્રહણ થાય તેને અચક્ષુદર્શન કહેવાય છે.

**અવધિ દર્શન :-**

અવધિ વડે અને રૂપી દ્રવ્યની મર્યાદા વડે સામાન્ય અંશના ગ્રહણને અવધિદર્શન કહેવાય છે.

**કેવલ દર્શન :-**

કેવલ વડે સંપૂર્ણ વસ્તુના ગ્રાહક બોધ વિશેષરૂપના સામાન્ય અંશનું ગ્રહણ કરાય તેને કેવલદર્શન કહે છે.

**દર્શન[૧૭] પાંચ પ્રકારનાં છે :-**

(૧) ઔપશમિક (૨) સાસ્વાદાન (૩) ક્ષાયોપશમિક (૪) ક્ષાયિક અને (૫) વેદક

**(૧) ઔપશમિક :-** ઉપશમશ્રેણી પ્રાપ્ત જીવોને ઉપશમ સમ્યક્ત્વના લાભ થાય છે. મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી પણ તેને ઉપશમ કર્યો છે. એ જીવને ઉપશમ સમ્યક્ત્વ થાય છે. મિથ્યાદૃષ્ટિ જીવની ૭ પ્રકૃતિઓ અનંતાનુબંધી ૪, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વ મોહનીયના ઉપશમથી ઉપશમ સમકિત થાય છે. ૮, ૯, ૧૦, ૧૧મા ગુણસ્થાનમાં ઉપશમ સમ્યક્ત્વ થાય છે. કારણ કે એ ઉપશમશ્રેણિનું સ્થાન છે. તથા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ થાય છે. આ જીવ મિથ્યાત્વ કર્મના ત્રણ પુંજ નથી કરતો. તેમ જ મિથ્યાત્વનો ક્ષય પણ નહિ.

**(૨) સાસ્વાદાન સમ્યક્ત્વ :-** ઉપશમ સમ્યક્ત્વથી જુદા પડી મિથ્યાત્વને નહિ પ્રાપ્ત થયેલ જીવને અંતરાલ સમયમાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ છ આવલિકા સુધી સાસ્વાદાન સમ્યક્ત્વ રહે છે.

**(૩) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ :-** ઉદય પ્રાપ્ત મિથ્યાત્વનો નાશ અને અનુદિત મિથ્યાત્વ ઉપશમ એ અવસ્થાઓથી મિશ્રિત ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે.

**(૪) ક્ષાયિક સમ્યક્ત્વ :-** ઉપર બતાવેલ ૭ પ્રકૃતિઓ છે તેનો સંપૂર્ણ ક્ષય થયા પછી જ ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે.

**(૫) વેદક સમ્યક્ત્વ :-** બધા ઉદિત પુદ્ગલોમાં ચરમ-અંતિમ અંશવર્તિ પુદ્ગલોનું વેદન થવું તે વેદક સમ્યક્ત્વ છે.

**દર્શનના[૧૮] છ પ્રકાર પણ છે :-**

(૧) બૌધ (૨) નૈયાયિક (૩) સાંખ્ય (૪) વૈશેષિક (૫) જૈમિની અને (૬) જૈન

જગત પ્રસિદ્ધ આ છ દર્શન છે.

બધા એકાંત દર્શન મળીને એક જૈન દર્શન થાય છે.

**દર્શન સાત પ્રકારનાં છે :-**

(૧) સમ્યગ્દર્શન (૨) મિથ્યાદર્શન (૩) સમ્યગ્ મિથ્યાદર્શન (૪) ચંક્ષુદર્શન (૫) અચક્ષુ દર્શન (૬) અવધિ દર્શન અને (૬) કેવલિ દર્શન.

સમ્યગ્દર્શન મોહનીય કર્મના ક્ષયથી, મિથ્યાદર્શન ઉદય મિશ્રદર્શન ઉત્પન્ન થાય છે. કારણ કે તેમનો સ્વભાવ તે પ્રકારની રૂચિ રૂપ હોય છે. તથા ચક્ષુદર્શનાદિ ૪ દર્શન તો દર્શનાવરણીય કર્મના ૪ ભેદ છે. તેમના ક્ષય અને ઉપશમથી ઉત્પન્ન થાય છે. તેમનો સ્વભાવ સામાન્યરૂપે પદાર્થોને ગ્રહણ કરવાનો હોય છે. અહિં "દર્શન" પદ શ્રદ્ધા અને સામાન્યગ્રહણનું વાચક છે.

**આઠ પ્રકારનાં દર્શન :-**

(૧) સમ્યગ્દર્શન (૨) મિથ્યાદર્શન (૩) સમ્યગ્ મિથ્યાદર્શન (૪) ચક્ષુદર્શન (૫) અચક્ષુદર્શન (૬) અવધિદર્શન (૭) કેવલિદર્શન અને (૮) સ્વપ્રદર્શન.

૭મા સ્થાનના ૭ દર્શનનું વર્ણન ઉપર પ્રમાણે થયું છે. હવે સુપ્તાવસ્થામાં જે અર્થ વિકલ્પનો અનુભવ થાય છે તેનું નામ સ્વપ્ન દર્શન છે. જો કે સ્વપ્ન દર્શનનો અચક્ષુદર્શનમાં સમાવેશ કરી શકાય છે. છતાં પણ સુપ્તાવસ્થારૂપ ઉપધિના આધારે અહિં અલગ ભેદ રૂપે ગણાવેલ છે.

**દર્શનાવરણીય[૧૯] બે પ્રકારનાં છે :-**

દર્શનાવરણીય કર્મના બે ભેદ છે તે આ પ્રમાણે છે. દેશં દર્શનાવરણીય અને સર્વદર્શનાવરણીય.

જેવી રીતે દ્વારપાલ દર્શન કરવા જનારને રોકે છે. એ પ્રમાણે આ દર્શનાવરણીય કર્મ પણ આત્માના દર્શન ગુણને રોકે છે. ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય અને અવધિદર્શનાવરણીય કર્મોને દેશદર્શનાવરણીય કહે છે. નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, સ્યાનર્ધિ અને કેવલ દર્શનાવરણીય આ દર્શનાવરણીયને સર્વ દર્શનાવરણીય કહે છે.

**દંડકમાં દર્શન :-**

थावर बितिसुअचक्खू, चउरिंदिसुत्तदुगं सुएभणियं,

मणुआ चउदंससिणो, सेसेसु तिगं तिगं भणिअं[२०] ॥१९॥

**ગાથાર્થ :-**

પાંચ સ્થાવર, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય એ ૭ દંડકમાં ૧ અચક્ષુદર્શન જ હોય છે. તે અચક્ષુદર્શન સ્પર્શ, રસના, ઘ્રાણ, શ્રોત્ર અને મનના ભેદથી પાંચ પ્રકારનું છે. તેમાં પાંચ સ્થાવરને સ્પર્શના- ઇન્દ્રિયનો સામાન્ય ઉપયોગ એ જ અચક્ષુદર્શન છે. બેઇન્દ્રિયમાં સ્પર્શ અને રસના એ ઇન્દ્રિયો દ્વારા સામાન્ય ઉપયોગરૂપ અચક્ષુદર્શન, તેઇન્દ્રિયને સ્પર્શ, રસના અને ઘ્રાણ એ ૩ ઇન્દ્રિયો દ્વારા સામાન્ય ઉપયોગ રૂપ અચક્ષુદર્શન હોય છે.

કોઈ પણ કાળે કોઈ પણ જીવ દર્શન ગુણ રહિત ન જ હોય.

જેમ મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમરૂપ જ્ઞાન શક્તિ સ્વરૂપે ભાવ ઇન્દ્રિયો હોય છે. તેમજ દર્શનં શક્તિરૂપ ભાવ અચક્ષુદર્શન હોય છે.

અહિં સૂક્ષ્મ ભાવમનરૂપ અચક્ષુદર્શન જાણવું. કારણ કે એકેન્દ્રિયાદિક જો કે દ્રવ્યમનનો અભાવ છે. તો પણ ક્ષયોપશમરૂપ ભાવ મનનો તો અવશ્ય છે.

ચૌરેન્દ્રિય જીવોમાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન બંને છે. કારણ કે ચૌરેન્દ્રિય જીવોને ચક્ષુ ઇન્દ્રિય પણ છે. તેથી સ્પર્શ, રસના અને ઘ્રાણેન્દ્રિયનો સામાન્ય ઉપયોગ *તે અચક્ષુદર્શન, અને ચક્ષુ દ્વારા સામાન્ય ઉપયોગ તે ચક્ષુદર્શન છે.*

ગર્ભજ મનુષ્યોને ચારે દર્શનો છે. તેઓને અચક્ષુદર્શન પૂર્વોક્ત રીતે પાંચેય પ્રકારનું છે. ચક્ષુ ઇન્દ્રિય હોવાથી ચક્ષુદર્શન પણ છે. અને ચારિત્રાદિકથી પ્રાપ્ત કરેલ લબ્ધિ પ્રત્યયિક અવધિજ્ઞાનીને (વિભંગજ્ઞાનીને) અવધિદર્શન તથા કેવલી ભગવંતને કેવળદર્શન થાય છે.

બાકીના દેવના ૧૩, નારકનો ૧, અને ગર્ભજ તિર્યંચના ૧ દંડકમાં ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ૩ દર્શન છે. ગર્ભજ તિર્યંચોને વ્રત-તપશ્ચર્યાદિ ગુણથી લબ્ધિ પ્રત્યયિક અને ૧૪ દંડકમાં ભવસ્વભાવે હોવાથી ભવ પ્રત્યયિક અવધિદર્શન છે.

અહિં એક જીવ આશ્રયી સમકાળે કોઈને અચક્ષુદર્શન અને કેવલદર્શનમાંનું એક કોઈને અચક્ષુ, ચક્ષુ એ બે દર્શન અને કોઈને એ બેની સાથે અવધિ સહિત ત્રણ દર્શન હોય છે. પરંતુ સમકાળે ચાર દર્શન કોઈ પણ જીવને ન હોય.

**૨૪ દંડકમાં ૪ દર્શન.**

૫ સ્થાવરને - ૧ અચક્ષુદર્શન

૧ બેઈન્દ્રિયને - ૧ અચક્ષુદર્શન

૧ તેઈન્દ્રિયને - ૧ અચક્ષુદર્શન

૧ ચૌરેન્દ્રિયને - ચક્ષુ અને અચક્ષુદર્શન

૧ ગર્ભજ મનુષ્યને - ૪ દર્શન

૧૫ બાકીના દંડકમાં - ૩ દર્શન (કેવલ વિના)

**ગુણસ્થાનમાં દર્શન :-**

અચક્ષુદર્શનમાં ૧થી ૧૨ ગુણસ્થાન હોય છે.

ચક્ષુદર્શનમાં ૧થી ૧૨ ગુણસ્થાન હોય છે.

અવધિદર્શનમાં ૪થી ૧૨ એટલે કે ૯ ગુણસ્થાન હોય છે.

કેવલ દર્શનમાં ૧૩, ૧૪ એ બે ગુણસ્થાન હોય છે.

સિદ્ધમાં પણ કેવલર્શન હોય છે.

**શરીરમાં દર્શન :-**

ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરમાં - ૪ દર્શન હોય છે.

વૈક્રિય અને આહારક શરીરમાં - ૩ દર્શન હોય છે. (કેવલ વિના)

**લેશ્યામાં દર્શન :-**

પ્રથમની ૫ લેશ્યામાં - ૩ દર્શન હોય છે. (કેવલ વિના)

શુકલ લેશ્યામાં - ૪ દર્શન હોય છે.

અલેશીમાં - ૧ કેવલદર્શન હોય છે.

**વેદમાં દર્શન :-**

સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદમાં - ૩ દર્શન હોય છે. (કેવલ વિના)

અવેદીમાં - ૪ દર્શન હોય છે.

**કષાયમાં દર્શન :-**

ચારેય કષાયમાં - ૩ દર્શન હોય છે. (કેવલ વિના)

અકષાયમાં - ૪ દર્શન હોય છે.

**જ્ઞાનમાં દર્શન :-**

મતિ, શ્રુત, અવધિજ્ઞાનમાં - ૩ દર્શન હોય છે.

મનઃ પર્યવજ્ઞાનમાં - ચક્ષુ અને અચક્ષુ ૨ દર્શન હોય છે.

કેવલ જ્ઞાનમાં - કેવલદર્શન હોય છે.

**દંડકમાં દર્શનના ચિંતન દ્વારા આધ્યાત્મિક વિકાસ :-**

દર્શન એ આત્માનો ગુણ છે. અનાદિકાળથી છે અને અનંત છે. દર્શન વગરના કોઈ જીવ હોતા જ નથી. અચક્ષુ દર્શન સંસારી સર્વ આત્માઓને હોય છે. જેમ બીજનો ચંદ્ર પૂર્ણિમાના દિવસે પૂર્ણ બની જાય છે. એવી જ રીતે ભવ્ય આત્મામાં અચક્ષુદર્શન બીજના ચંદ્રમા સમાન છે. મનુષ્ય ભવમાં તેનું ચિંતન કરતાં પૂર્ણ વિકાસ થઈ જાય છે. કેવલદર્શન કક્ષાએ આત્મા પહોંચી શકે છે. સિદ્ધોને પણ કેવલદર્શન હોય છે. આત્માનો ગુણ દર્શન હોવાથી તે આત્મામાંથી ક્યારેય અલગ થઈ શકતો નથી. તે દર્શન આત્માને પૂર્ણ વિકાસ સુધી પહોંચાડી દે છે. માટે દંડકમાં દર્શનનું ચિંતન કરવું ખૂબ જ આવશ્યક છે. બાહ્ય વિકાસ તો ખૂબ જ કર્યો પરંતુ હવે અધ્યાત્મિક વિકાસ કરવાનો છે. દર્શનના ચિંતનથી એ ભાવના પરિપૂર્ણ થઈ શકે છે.

**ટિપ્પણી :-**

૧. સ્થાનાંગ ૧

૨. સ્થાનાંગ ૧

ઉત્તરાધ્યયન

આચારાંગ

આવશ્યક

૩. સ્થાનાંગ ૨

૪. જૈનેન્દ્ર સિ. કોષ. ભાગ. ૨ પૃ. ૪૦૧

૫. જૈનેન્દ્ર સિ. કોષ. ભાગ. ૨ પૃ. ૪૦૧

૬. જૈનેન્દ્ર સિ. કોષ. ભાગ. ૨ પૃ. ૪૦૫

૭. જૈનેન્દ્ર સિ. કોષ. ભાગ. ૨ પૃ. ૪૦૫

૮. જૈનેન્દ્ર સિ. કોષ. ભાગ. ૨ પૃ. ૪૦૫

૯. અભિધાન રાજેન્દ્ર, ખંડ ૫. પૃ. ૨૪૨૫

૧૦. અભિધાન રાજેન્દ્ર, ખંડ ૮, પૃ. ૨૫૨૫

૧૧. તત્ત્વાર્થ સૂત્ર ૧।૨ । ઉત્તરાધ્યયન, ૨૮।૩૫

૧૨. સામાયિક સૂત્ર - સમ્યક્ત્વ પાઠ.

૧૩. સ્થાનાંગ ઠા. ૨ ઉ. ૧

૧૪. સ્થાનાંગ ઠા. ૨ ઉ. ૧ સૂ. ૧૪

૧૫. આ. મ. અ. ૧

વિશેષાવશ્યકભાષ્ય

૧૬. કર્મગ્રંથ ૪.

૧૭. સૂત્રકૃતાંગ, શ્રુ. ૧. અ. ૯

૧૮. જૈનેન્દ્ર. સિદ્ધાંત કોષ. ભાગ - ૨ પૃ. ૪૦૧

૧૯. સ્થાનાંગ ૨ ઉ. ૨

૨૦. દંડક પ્રકરણ ગા. ૧૯

• • •

# (૧૨મું) જ્ઞાન દ્વાર અને (૧૩મું) અજ્ઞાન દ્વાર"

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ વિચારણામાં ૧૨મા અને ૧૩મા દ્વારમાં જ્ઞાન અને અજ્ઞાન વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે પ્રમાણે છે.

**જ્ઞાનના અર્થો :-**

શાસ્ત્રમાં જ્ઞાનના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) જેનાથી વસ્તુ.સ્વરૂપનું અવધારણ અર્થાત્ નિર્ણય થાય છે તે જ્ઞાન છે.[૧] (૨) વિશેષ ઉપયોગને જ્ઞાન કહેવાય છે.[૨] (૩) વિચારણપૂર્વકના બોધને જ્ઞાન કહેવાય છે.[૩] (૪) દ્રવ્ય અને પર્યાયના વિષયના બોધને જ્ઞાન કહે છે.[૪] (૫) જે જાણે છે તે જ્ઞાન છે.[૫] (૬) જેના દ્વારા જાણી શકાય છે તે જ્ઞાન છે.[૬] (૭) જાણવું માત્ર જ્ઞાન છે.[૭] (૮) એવંભૂત નયની દૃષ્ટિમાં જ્ઞાનક્રિયામાં પરિણત આત્મા જ જ્ઞાન છે. કેમકે જ્ઞાન સ્વભાવી છે.[૮] (૯) સાકારોપણયોગનું નામ જ્ઞાન છે.[૯] (૧૦) ભૂતાર્થગ્રહણનું નામ જ્ઞાન છે.[૧૦] (૧૧) સત્યાર્થ પ્રકાશ કરવાવાળી શક્તિ વિશેષનું નામ જ્ઞાન છે.[૧૧] (૧૨) વસ્તુ સ્વભાવનો નિશ્ચય કરવાવાળા ધર્મને જ્ઞાન કહે છે.[૧૨] (૧૩) જેના દ્વારા દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણી શકાય તેને જ્ઞાન કહે છે.[૧૩] (૧૪) સમ્યગ્ જ્ઞાનને જ્ઞાન સંજ્ઞા આપી છે.[૧૪] (૧૫) જેના દ્વારા યથાર્થ રીતથી વસ્તુ જાણી શકાય તેને જ્ઞાન કહે છે.[૧૫]

**અજ્ઞાનના અર્થો :-**

શાસ્ત્રમાં અજ્ઞાનના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧૬) વિપરીત જ્ઞાનને અજ્ઞાન કહે છે.[16] (૧૭) પદાર્થોને નહિ જાણવાને અજ્ઞાન કહે છે.[17] (૧૮) જ્ઞાનના અભાવને અજ્ઞાન કહે છે.[18] (૧૯) મિથ્યાજ્ઞાનને અજ્ઞાન કહે છે.[19] (૨૦) સંશય વિમોહથી યુક્ત જ્ઞાન અજ્ઞાન કહેવાય છે.[20] (૨૧) શુદ્ધાત્માદિ ભાવતત્ત્વોના વિષયમાં વિપરીત ગ્રહણરૂપ વિકારી પરિણામોને અજ્ઞાન કહે છે.[21]

**જ્ઞાનના પ્રકારો અને વિવેચન :-**

શાસ્ત્રમાં દર્શાવેલ જ્ઞાનને વિભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવેલ છે.

સામાન્ય રૂપથી જ્ઞાન એક છે. પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી જ્ઞાન બે પ્રકારે છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી જ્ઞાન ચાર પ્રકારના કહ્યા છે.

જ્ઞાનાવરણીય[22] કર્મના ક્ષયથી અથવા ક્ષયોપશમથી આત્મામાં જે જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે જ્ઞાનના પાંચ પ્રકાર છે. (૧) આભિનિબોધિક જ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવલજ્ઞાન. તેમાં પ્રથમના બે જ્ઞાન પરોક્ષ છે અને અંતિમના ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે.[23]

**(૧) આભિનિબોધિકજ્ઞાન[24] :-**

અભિમુખ અર્થાત્ પદાર્થની હાજરીમાં થતો સંશયરહિત બોધ તે આભિનિબોધ કહેવાય છે. અથવા અર્થની હાજરીમાં નિશ્ચિત બોધથી ઉત્પન્ન થયેલું જ્ઞાન તે આભિનિબોધિક જ્ઞાન અથવા મનનો આશ્રય કરીને તે તે વિષયોનો જે બોધ થાય છે. અપેક્ષિત હોય છે, તે બોધનું નામ આભિનિબોધિક જ્ઞાન છે. આ જ્ઞાનમાં સાધન મન અને ઇન્દ્રિયો હોય છે.

આભિનિબોધિક જ્ઞાન ચાર પ્રકારનું છે. (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અવાય અને (૪) ધારણા.

(૧) **અવગ્રહ** એટલે ન નિર્દેશેલ એવા સામાન્ય માત્ર રૂપ અર્થનું ગ્રહણ થવું.

(૨) **ઇહા** એટલે વિદ્યમાન અર્થને વિશેષધર્મોની વિચારણા થવી.

(૩) **અવાય** એટલે ઇહિત ધર્મનો નિશ્ચય થવો.

(૪) **ધારણા** એટલે નિશ્ચિત થયેલ અર્થનું સ્મરણ આદિ કાલાંતરમાં બની રહેવું.

અવગ્રહ બે પ્રકારના છે. અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. સામાન્ય જ્ઞાનનું નામ અર્થાવગ્રહ છે. અર્થાત્ સકલ વિશેષ, નિરપેક્ષ અને અવ્યપદેશ એવો જે અર્થગ્રહણ થાય છે તે અર્થાવગ્રહ છે. અર્થાત્ આ કાળું છે. આ પીળું છે. આ પ્રકારના વિશેષ ધર્મની અપેક્ષા રહિત હોય છે. તથા આ કયો પદાર્થ છે. એવા પ્રકારનો નિર્દેશ કથન કરવા યોગ્ય હોતો નથી. અર્થાવગ્રહ પાંચ ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થાય છે. એટલા માટે અહિં તેનું કથન પ્રથમ કરેલ છે.

દીવાથી જે રીતે પદાર્થ પ્રગટ કરાય છે. એ જ રીતે જેના દ્વારા અર્થ પ્રગટ કરાય છે. તેનું નામ વ્યંજન છે. એ વ્યંજન ઉપકરણેન્દ્રિય જે શ્રોતાદિક છે. તેનો અને તેના વિષયભૂત શબ્દાંદિકનો પરસ્પર સંબંધરૂપ છે. અર્થાત્ ઉપકરણેન્દ્રિયનો વિષયની સાથે સંબંધ થવો તેનું નામ વ્યંજન છે. ઇન્દ્રિય અને પદાર્થના સંબંધરૂપ વ્યંજન દ્વારા જે શબ્દાદિકરૂપ અર્થનો સર્વપ્રથમ અને અતિ અલ્પમાત્રમાં અવગ્રહ પરિચ્છેદ થાય છે તેને વ્યંજનાવગ્રહ કહે છે. વ્યંજનાવગ્રહ ચાર પ્રકારના છે. (૧) શ્રોતેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૨) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૩) જિહ્વેન્દ્રિય વ્યંજનાવગ્રહ અને (૪) સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ.

આભિનિબોધિક[૨૫] જ્ઞાનના પ્રસંગમાં અવગ્રહના એકાર્થક પાંચ નામ નીચે પ્રમાણે છે. (૧) અવગ્રહણતા (૨) અવધારણતા (૩) શ્રવણતા (૪) અવલંબનતા અને (૫) મેધા

ઇહાના વિવિધ ઘોષવાળા તથા વિવિધ વ્યંજનવાળા એકાર્થક પાંચ નામો છે. (૧) આભોગનતા (૨) માર્ગણતા (૩) ગવેષણતા (૪) ચિંતા અને (૫) વિમર્શ

અવાયનાં એકાર્થક પાંચ નામો છે. (૧) આવર્તનતા (૨) પ્રત્યાવર્તનતા (૩) અવાય (૪) બુદ્ધિ અને (૪) વિજ્ઞાન.

ધારણાના એકાર્થક પાંચ નામો છે. (૧) ધરણા (૨) ધારણા (૩) સ્થાપના (૪) પ્રતિષ્ઠા અને (૫) કોષ્ઠ.

**આભિનિબોધિક જ્ઞાનના ૨૮ ભેદ છે.**

વ્યંજનાવગ્રહના ૪ ભેદ છે. અવગ્રહના પાંચ ઇન્દ્રિય અને મનથી એમ ૬ ભેદ, એ જ રીતે ઇહાના ૬, અવાયના ૬, અને ધારણાના ૬ = ૨૪ અને વ્યંજનાવગ્રહના ૪ = ૨૮

આ રીતે આભિનિબોધિક જ્ઞાન ૨૮ પ્રકારનું હોય છે તેને મતિજ્ઞાન પણ કહેવાય છે. બીજી રીતે ઉપરના ૨૪ ભેદમાં ૪ પ્રકારની બુદ્ધિ ભેળવતાં ૨૪ + ૪ = ૨૮ ભેદ થાય છે.

**(૨) શ્રુતજ્ઞાન :-** વિતર્ક (બુદ્ધિ)ને શ્રુત કહે છે.[૨૬]

જે[૨૭] ક્ષયોપશમથી સંભળાય તે શ્રુતનો ક્ષયોપશમ શ્રુત શબ્દ એ શ્રુતજ્ઞાનનું કારણ છે. ક્ષયોપશમ શ્રુતજ્ઞાનનો હેતુ છે અને આત્માશ્રુતથી કથંચિત અભિન્ન છે. તે માટે ઉપચારથી તેને શ્રુત કહેલ છે.

શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ છે. (૧) અક્ષરશ્રુત (૨) અનક્ષર શ્રુત (૩) સંજ્ઞીશ્રુત (૪) અસંજ્ઞીશ્રુત (૫) સમ્યગ્ શ્રુત (૬) મિથ્યાશ્રુત (૭) સાદિ શ્રુત (૮) અનાદિશ્રુત (૯) સપર્યવસિત શ્રુત (૧૦) અપર્યવસિત શ્રુત (૧૧) ગમિકશ્રુત (૧૨) અગમિકશ્રુત (૧૩) અંગ પ્રવિષ્ટ શ્રુત અને (૧૪) અનંતર પ્રવિષ્ટ શ્રુત અનંગ

**(૩) અવધિજ્ઞાન[૨૮] :-**

અર્થનો સાક્ષાત્કાર કરવાનો આત્માનો જે વ્યાપાર છે. તેનું નામ અવધિ છે. અથવા જેના દ્વારા નીચેના પ્રદેશમાં વિસ્તૃત વસ્તુને આત્મા જાણે. છે. તેનું નામ અવધિ છે. આ રીતે અધો વિસ્તૃત વિષયને જાણનારું જ્ઞાન અવધિજ્ઞાન છે. અથવા અવધિનો અર્થ મર્યાદા પણ થાય છે. આ જ્ઞાનની મર્યાદા એ છે કે તે રૂપી દ્રવ્યોને જ સ્પષ્ટ જાણે છે તે અવધિજ્ઞાન છે. આ જ્ઞાનમાં આત્મા દ્વારા જ જ્ઞાન થાય છે. અવધિજ્ઞાનમાં ઇન્દ્રિય અને મનની આવશ્યકતા રહેતી નથી. આ અવધિજ્ઞાન તે અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવને પ્રાપ્ત થાય છે.

**અવધિજ્ઞાનના બે પ્રકાર છે :-**

સર્વ મૂર્ત દ્રવ્યોની મર્યાદાને ઇન્દ્રિયોની સહાયતા વિના સ્પષ્ટ રીતે જાણે છે. તે

જ્ઞાન અવધિજ્ઞાન છે. અવધિ જ્ઞાન મૂર્તદ્રવ્યો સિવાય અમૂર્ત દ્રવ્યોને જાણતું નથી. તેના બે પ્રકાર છે. (૧) ભવ પ્રત્યય અને (૨) ગુણ પ્રત્યય. ભવ પ્રત્યય અવધિજ્ઞાન દેવો અને નારકીને હોય છે. જેવી રીતે પક્ષીઓમાં ઉડવું તે ભવ પ્રત્યયિક કહેવાય છે. એ જ રીતે દેવ અને નારકીઓનું અવધિજ્ઞાન તપસ્યા આદિ દ્વારા થનારા અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ નિમિત્તક હોતું નથી. પણ ત્યાંના ભવનિમિત્તક જ થાય છે. તેથી એ અપેક્ષાએ તે ભવપ્રત્યયિક કહેવાય છે.

ક્ષયોપશમિક અવધિજ્ઞાન મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચ જીવોને થાય છે. ગુણ પ્રતિપન્ન અણગારને અવધિ જ્ઞાન થાય છે તે છ પ્રકારનું હોય છે. (૧) અનુગામી (૨) અનાનુગામી (૩) વર્ધમાનક (૪) હીનમાનક (૫) પ્રતિપાતિક અને (૬) અપ્રતિપાતિક

(૧) **અનુગામી :-** જ્યાં જાય ત્યાં તે સાથે આવે. તેને અનુગામી અવધિ જ્ઞાન કહે છે.

(૨) **અનાનુગામી :-** તે જ સ્થાનમાં અવધિજ્ઞાન ઉપજતું હોય તે સ્થાને રહી ને જાણે દેખે. અન્યત્ર તે પુરુષ જાય તો ન જાણે દેખે. તેને અનાનુગામિક અવધિજ્ઞાન કહે છે.

(૩) **વર્ધમાનક અવધિજ્ઞાન :-** તે પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી, તથા વિશુદ્ધ ચારિત્રના પરિણામે કરી સર્વ પ્રકારે અવધિજ્ઞાનની વૃદ્ધિ થાય તેને વર્ધમાનક અવધિજ્ઞાન કહેવાય છે.

(૪) **હાયમાનક અવધિજ્ઞાન :-** તે અપ્રશસ્ત લેશ્યાના પરિણામે કરી અશુભ ધ્યાને કરી, અવિશુદ્ધ ચારિત્ર પરિણામથી વર્ધમાનક અવધિજ્ઞાનથી હાની થાય, થોડે થોડે ઘટતું જાય - તેને હાયમાનક અવધિજ્ઞાન કહેવાય છે.

(૫) **પ્રતિપાતિ અવધિજ્ઞાન :-** જે અવધિજ્ઞાન પ્રાપ્ત થયું તે એક વખતે જ નાશ પામે તે. દીવો જેમ પવનને યોગે કરી હોલવાઈ જાય તેમ એ પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે.

(૬) **અપ્રતિપાતિ અવધિજ્ઞાન :-** જે અવધિજ્ઞાન - તે આવ્યું જાય નહિ તે સંપૂર્ણ ચૌદ રાજલોક જાણે અને દેખે, ને અલોકમાં એક આકાશ પ્રદેશમાત્ર ક્ષેત્રની વાત જાણે

અને દેખે તો પણ પડે નહિં. તેને અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહે છે.

**(૪) મનઃ પર્યવજ્ઞાન[૨૯] :-**

ગ્રાહ્ય મન સંબંધી સમસ્ત પ્રકારે જાણવું. તેને મનઃપર્યવજ્ઞાન કહે છે. અથવા મનના પર્યાયોનું અર્થાત્ ધર્મોનું જ્ઞાન મનઃ પર્યવજ્ઞાન જાણવું. મનના ચાર પ્રકાર જાણવા (૧) લબ્ધિમન તે અનુત્તર વાસી દેવોને હોય (૨) સંજ્ઞા મન તે સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચને હોય (૩) વર્ગણા મન તે નારકી અને ભવનપતિથી નવગ્રૈવેયક સુધીના દેવોને હોય. અને (૪) પર્યાય મન તે મનઃ પર્યવજ્ઞાનીને હોય છે. મનઃ પર્યવ જ્ઞાન માત્ર મનુષ્યોને જ થાય. તેમાં પણ ઇન્દ્રિયો તથા મનની સહાયતાની જરૂર પડતી નથી. તેનો વિષય અઢીદ્વિપ અને તેની અંદર આવેલા સમુદ્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનું મનોગત દ્રવ્ય છે. દ્રવ્ય મન મનોવર્ગણા રૂપ છે. આ જ વર્ગણા જ્યારે જીવથી ગ્રહિત થઈ જાય છે અને જ્યારે જીવ તેમનો વિચાર કરવા લાગે છે ત્યારે આ વિચારનું નામ જ ભાવમન છે. જેટલી પણ વિચારધારાઓ છે તે બધી જ ભાવ મનની પર્યાય જાણવી જોઈએ. અર્થાત્ બીજાના મનમાં રહેલા વિચારધારારૂપ પર્યાયોને સ્પષ્ટરૂપથી જાણનારા જ્ઞાનનું નામ જ મનઃ પર્યવજ્ઞાન છે.

મનઃ પર્યવજ્ઞાન આમર્ષોષધિ આદિ લબ્ધિ પ્રાપ્ત અપ્રમત્ત સંયત સમ્યગ્ દૃષ્ટિ સંખ્યાત વર્ષના આયુવાળા પર્યાપ્ત કર્મ ભૂમિના ગર્ભજ મનુષ્યોને થાય છે તે મનઃ પર્યવ જ્ઞાનના બે ભેદ છે. (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ.

(૧) **ઋજુમતિ :-** તે સામાન્ય પણે જાણે અર્થાત્ વિષયને સામાન્યરૂપ ગ્રહણ કરનારું જ્ઞાન તે ઋજુમતિ છે.

(૨) **વિપુલમતિ :-** તે વિશેષપણે જાણે અર્થાત્ વિષય વિશેષરૂપથી ગ્રહણ કરનારું જ્ઞાન તે વિપુલમતિ છે.

**(૫) કેવલજ્ઞાન[૩૦] :-**

(૧) જે એક અસહાયજ્ઞાન છે. તેનું નામ કેવલજ્ઞાન છે. તેમાં ઇન્દ્રિય વગેરેની તથા અન્યજ્ઞાનની આવશ્યકતા રહેતી નથી તેથી તે અસહાયજ્ઞાન છે. અથવા (૨) જે શુદ્ધજ્ઞાન હોય છે તે કેવલજ્ઞાન છે. કેમકે આ જ્ઞાન સર્વ આવરણો નષ્ટ થયા પછી થાય

છે. અથવા (૩) જે જ્ઞાન સંપૂર્ણ હોય છે તે કેવલજ્ઞાન છે. કેમકે આ જ્ઞાન રૂપી - અરૂપી સમસ્ત ત્રિકાલવર્તિ પદાર્થ સમૂહને ગ્રહણ કરે છે. અથવા (૪) જે જ્ઞાન અસાધરણ છે. તેનું નામ કેવલજ્ઞાન છે. અસાધારણ એટલે સર્વશ્રેષ્ઠ. કેમકે તેના જેવું કોઈ જ્ઞાન નથી. અથવા (૨) જે જ્ઞાન અનંત છે. તેનું નામ કેવલજ્ઞાન છે. કેમકે એક વખત આત્માને કેવલજ્ઞાન થયા પછી તેનો નાશ થતો નથી. તથા અનંત જ્ઞેયોને જાણવાથી પણ અનંત મનાયું છે. આ પાંચ અર્થોવાળું જે જ્ઞાન થાય છે. એ જ કેવલજ્ઞાન છે. આ જ્ઞાનમાં જ્ઞાનાવરણીય કર્મોનો મૂળમાંથી જ ક્ષય થાય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના સર્વ પદાર્થો હસ્તકમલવત્ તેમાં પ્રતિબિંબિત થતા રહે છે. તથા એ કેવલજ્ઞાન મત્યાદિક ક્ષયોપશમિક જ્ઞાનોથી નિરપેક્ષ રહે છે. કારણકે કેવલજ્ઞાનની ઉત્પત્તિ થતાં મત્યાદિક જ્ઞાન રહેતાં નથી.

**કેવલ જ્ઞાન બે પ્રકારનું છે.** (૧) ભવસ્થ કેવલજ્ઞાન અને (૨) સિદ્ધ કેવલજ્ઞાન.

(૧) ભવસ્થ કેવલજ્ઞાનના બે પ્રકાર છે - (૧)સયોગી ભવસ્થ કેવલજ્ઞાન (૨) અયોગી ભવસ્થ કેવલજ્ઞાન.

સયોગી ભવસ્થ કેવલજ્ઞાન બે પ્રકારનું છે. પહેલું પ્રથમ સમય સયોગી ભવસ્થ કેવલજ્ઞાન અને બીજું અપ્રથમ સમય સયોગી ભવસ્થ કેવલજ્ઞાન. અથવા ચરમસમય સયોગી ભવસ્થ કેવલજ્ઞાન અને અચરમ સયોગી ભવસ્થ કેવલજ્ઞાન.

એ જ રીતે અયોગી ભવસ્થ કેવલજ્ઞાનના ભેદ પણ જાણવા.

(૨) સિદ્ધ કેવલજ્ઞાનના બે પ્રકાર છે.

(૧) અનંતર સિદ્ધ કેવલજ્ઞાન અને (૨) પરંપર સિદ્ધ કેવલજ્ઞાન

(૧) **અનંતર સિદ્ધ કેવલજ્ઞાન ૧૫ પ્રકારનું છે.**

(૧) તિર્થ સિદ્ધ (૨) અતિર્થ સિદ્ધ (૩) તીર્થંકર સિદ્ધ (૪) અતીર્થંકર સિદ્ધ (૫) સ્વયંબુદ્ધ સિદ્ધ (૬) પ્રત્યેકબુદ્ધ સિદ્ધ (૭) બુદ્ધબોધિત સિદ્ધ, (૮) સ્ત્રીલિંગ સિદ્ધ (૯) પુરુષલિંગ સિદ્ધ (૧૦) નપુંસકલિંગ સિદ્ધ (૧૧) સ્વલિંગ સિદ્ધ (૧૨) અન્યલિંગ સિદ્ધ (૧૩) ગૃહસ્થલિંગ સિદ્ધ (૧૪) એક સિદ્ધ (૧૫) અનેક સિદ્ધ

(૨) **પરંપર સિદ્ધ કેવલજ્ઞાન અનેક પ્રકારનું છે.**

એક સમય સિદ્ધ, બે સમય સિદ્ધ, ત્રણસમય સિદ્ધ, ચાર સમય સિદ્ધ, દશ સમય સિદ્ધ, સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ અને અનંત સમય સિદ્ધ.

**અજ્ઞાન[31] ત્રણ પ્રકારનાં છે :-** શાસ્ત્રમાં અજ્ઞાનને ૩ પ્રકારે વિભાજિત કરેલ છે. (૧) મતિ અજ્ઞાન (૨) શ્રુત અજ્ઞાન અને (૩) વિભંગ જ્ઞાન.

(૧) **મતિ અજ્ઞાન :-** ખોટું જ્ઞાન તે મતિ અજ્ઞાન.

મતિ અજ્ઞાન ચાર પ્રકારનું કહેલ છે. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા, નંદી સૂત્રમાં આભિનિબોધિક જ્ઞાન વિષયમાં કહેલ છે. તે જ રીતે અહિં પણ સમજવું. વિશેષ એ છે કે ત્યાં આભિનિબોધિક જ્ઞાનના પ્રસંગમાં અવગ્રહાદિના એકાર્થક સમાન અર્થવાળા શબ્દ કહેલા છે. તો તેના સિવાય યાવત્ નોઈન્દ્રિય ધારણ સુધી સમજવાનું છે. એ પ્રમાણે ધારણા અને મતિ અજ્ઞાન કહ્યા છે.

(૨) **શ્રુત જ્ઞાન :-** ખોટું શ્રુત જ્ઞાન તે શ્રુત અજ્ઞાન છે.

જે અજ્ઞાની મિથ્યાદષ્ટિઓએ નિરૂપિત કર્યા છે, ઈત્યાદિ નંદીસૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ સાંગોપાંગ ચાર વેદ તે શ્રુત અજ્ઞાન છે.

(૩) **વિભંગ જ્ઞાન :-** ખોટું અવધિ જ્ઞાન તે વિભંગ જ્ઞાન, વિ = વિરુદ્ધ, ભંગ = જ્ઞાન જેમાં હોય તે વિભંગ જ્ઞાન અનેક પ્રકારનું કહેલ છે. જેમ કે ગ્રામાકાર, નગરાકાર, યાવત્ સન્નિવેષાકાર, દ્વીપાકાર, સમુદ્રાકાર, વર્ષાકાર, પર્વતાકાર વૃક્ષાકાર, સ્તુપાકાર, અશ્વાકાર, ગજાકાર, નરાકાર, કિન્નરાકાર, કિંપુરુષાકાર, મહોરગાકાર, ગંધર્વાકાર, વૃષભાકાર, પશુપસયાકાર, વિહગાકાર, વાનરાકાર ઈત્યાદિ અનેક પ્રકારના આકારવાળા કહેલા છે.

**પાંચ જ્ઞાનનું સ્વામિત્વ અને ત્રણ અજ્ઞાનોનું સ્વામિત્વ :-**

**મતિ, શ્રુત જ્ઞાન :-** અસંજ્ઞી, સંજ્ઞી, અપર્યાપ્ત, પર્યાપ્તને હોય છે. તેના ૨જુ અને ૪થી ૧૨ ગુણસ્થાન હોય છે.

**અવધિજ્ઞાન :-**

સંજ્ઞી-પંચેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત મનુષ્યને અને તિર્યંચ પર્યાપ્તને હોય છે. તેના ૪થી ૧૨ ગુણસ્થાન હોય છે.

**મનઃ પર્યવજ્ઞાન :-**

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્યને હોય છે. તેના ૬થી ૧૨ ગુણસ્થાન હોય છે.

**કેવલજ્ઞાન :-**

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્યને અને અયોગીને સયોગીની અવસ્થામાં ૧૩મે ને ૧૪મે ગુણસ્થાને હોય છે. સિદ્ધને પણ કેવલજ્ઞાન હોય છે.

**મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન :-**

અસંજ્ઞી, સંજ્ઞી, અપર્યાપ્ત, પર્યાપ્ત સર્વ જીવોને હોય છે. તેનાં બે ગુણસ્થાન છે. પહેલું અને ત્રીજું.

**વિભંગજ્ઞાન :-**

સંજ્ઞી પર્યાપ્તને હોય છે. તેનાં પણ બે ગુણસ્થાન છે. પહેલું ને ત્રીજું.

**આગમ અને ટીકા સાહિત્યમાં જ્ઞાનનું વિવેચન :-**

આ[32] મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સ્વામી, કારણ, કાળ, વિષય અને પરોક્ષપણાથી તુલ્ય હોવાથી તથા તે બે જ્ઞાનની હાજરીમાં જ બાકીનાં જ્ઞાન થતાં હોવાથી મતિ-શ્રુતજ્ઞાનને બધા જ્ઞાનના આદિમાં કહ્યાં છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના સ્વામી એક જ હેય છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે જ્યાં મતિજ્ઞાન છે ત્યાં શ્રુતજ્ઞાન હોય છે. અને જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં મતિજ્ઞાન હોય છે. એક જીવની અપેક્ષાએ ૬૬ સાગરોપમ અધિક કાળ સુધી એક જીવને એ બંને જ્ઞાન નિરંતર હોય છે. ઘણા જીવોની અપેક્ષાએ સર્વકાળે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. પોતપોતાના આવરણનો ક્ષયોપશમ તથા ઇન્દ્રિય અને મનોલક્ષણ કારણ પણ ઉભયજ્ઞાનમાં સમાન છે. તથા તે બંને જ્ઞાની સર્વદ્રવ્યાદિને જાણી શકતા હોવાથી તેમનો વિષય સમાન છે. વળી ઇન્દ્રિય અને મન રૂપી પરનિમિત્ત વડે થતાં હોવાથી પરોક્ષ બંને છે. એ રીતે પણ તુલ્યતા છે. મતિપૂર્વક શ્રુત કહ્યું છે. તેથી

પણ મતિજ્ઞાન પછી શ્રુતજ્ઞાન કહ્યું છે. કાળ વિપર્યય, સ્વામિત્વ અને લાભનું સાધર્મ્ય હોવાથી શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાન કહ્યું છે. મતિ-શ્રુતના સ્થિતિકાળ જેટલો જ અવધિજ્ઞાનનો સ્થિતિકાળ છે. તેથી તે બેઉની સાથે અવધિજ્ઞાનનું કાળ સાધર્મ્ય છે. સમ્યક્ત્વની હાજરીમાં જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. તે મિથ્યાત્વના ઉદયમાં મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન રૂપ વિપર્યય પામે છે. તેમ અવધિજ્ઞાન પણ વિભંગરૂપે વિપર્યય પામે છે. તેથી તે બંનેની સાથે અવધિજ્ઞાનનું વિપર્યયથી સાધર્મ્ય છે. વળી આ ત્રણે જ્ઞાનનો લાભ પણ સાથે થાય છે. એટલે લાભ સાધર્મ્ય છે. છદમસ્થ વિષય અને ભાવ આદિથી અવધિજ્ઞાનની સમાન મનઃપર્યવજ્ઞાન છે. તેથી અવધિજ્ઞાન પછી મનઃપર્યવજ્ઞાન કહ્યું છે. તે બંને જ્ઞાનમાં છદ્મસ્થપણાનું સાધર્મ્ય છે. તે બંને જ્ઞાન પુદ્‌ગલમાત્રને જણાવનારા હોવાથી તે બંનેના વિષયનું સાધર્મ્ય છે. અને બંને જ્ઞાન ક્ષયોપશમ ભાવે વર્તતા હોવાથી બંનેનું ભાવથી સાધર્મ્ય છે. બંને જ્ઞાન સાક્ષાતદર્શી હોવાથી પ્રત્યક્ષ સાધર્મ્યવાળા પણ છે.

કેવલજ્ઞાન[33] ઉત્તમ છે. તેથી તેને બધા જ્ઞાનોનાં અંતે કહ્યું છે. વળી મનઃપર્યવજ્ઞાન જેમ અપ્રમત સાધુને થાય છે. તેવી જ રીતે કેવલજ્ઞાનના સ્વામી પણ અપ્રમત્તસાધુ છે. અને સર્વજ્ઞાનના અંતે તેનો લાભ થાય છે તેથી તેને અંતે કહ્યું છે.

મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ છે અને બાકીના ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષજ્ઞાન બે પ્રકારનાં છે. સકલ પ્રત્યક્ષ અને વિકલ પ્રત્યક્ષ. સકલ પ્રત્યક્ષ કેવલજ્ઞાન અને તે બે પ્રકારનું છે. ભવસ્થ કેવલીનું અને સિદ્ધનું કેવલજ્ઞાન. વિકલપ્રત્યક્ષ બે પ્રકારનું છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન.

પરોક્ષજ્ઞાન બે પ્રકારનું છે. આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન. પ્રત્યક્ષમાં બીજાના નિમિત્તથી જ્ઞાન ઉત્પન્ન થતું નથી. પણ પરોક્ષમાં બીજાના નિમિત્તથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. સ્વામી, કાળ આદિની સમાનતાથી મતિ-શ્રુતજ્ઞાન સમાન હોવા છતાં પણ તેમાં લક્ષણ ભેદ આદિથી તફાવત છે. લક્ષણના ભેદથી, હેતુફળ ભાવથી ઇન્દ્રિય વિભાગથી, તથા વલ્ક, શુંબ, અક્ષર, અનક્ષર, મૂક અને અમૂકના ભેદથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં તફાવત છે.

જે જણાય તે આભિનિબોધ અને જે સંભળાય તે શ્રુત છે. મતિપૂર્વક[34] શ્રુતજ્ઞાન કહ્યું છે. પણ શ્રુતપૂર્વક મતિજ્ઞાન કહ્યું નથી. આટલો ભેદ આ બેમાં છે. કેમકે મતિપૂર્વમાં રહીને શ્રુતને પૂરણ કરે છે. અને પાલન કરે છે. મતિ વડે જ શ્રુતપૂરણ કરાય છે. પ્રાપ્ત કરાય છે ને અપાય છે. પણ મતિ સિવાય નહિં. વળી ગ્રહણ કરેલું શ્રુત મતિ વડે જ પાલન કરાય છે. તે સિવાય નાશ પામે છે.

અવગ્રહાદિ[35] ભેદ ૨૮ પ્રકારે મતિજ્ઞાન છે. અને અંગ પ્રતિષ્ઠાદિ ૧૪ અથવા પર્યાયાદિ ૨૦ પ્રકારે શ્રુતજ્ઞાન છે. શ્રોતેન્દ્રિય ઉપલબ્ધિ તે શ્રુત અને બાકીનું મતિજ્ઞાન છે. તથા દ્રવ્યશ્રુત સિવાય શેષ ઇન્દ્રિયોનાં અક્ષરોલબ્ભ શ્રુત છે. શ્રોતેન્દ્રિય લબ્ધિ જ શ્રુત છે. પણ શ્રોતેન્દ્રિયોપલબ્ધિ શ્રુત જ છે એમ નહિં. કેમકે શ્રોતેન્દ્રિયોલબ્ધિ મતિજ્ઞાન પણ હોય છે. વળી "તું" શબ્દ રૂપ સમુચ્ચવચનથી કોઈક શ્રોતેન્દ્રિયોપલબ્ધિ પણ મતિજ્ઞાન છે. એથી શ્રોત્રના અવગ્રહાદિરૂપ મતિજ્ઞાનના ભેદો છે. શબ્દની જેમ પાના વગેરેમાં લખેલું શ્રુતનું કારણ છે. તેથી તે દ્રવ્યશ્રુત છે. અને અક્ષરલાભ તે ભાવશ્રુત છે તથા શેષ મતિજ્ઞાન છે.

બુદ્ધિદષ્ટિ[36] અર્થમાંથી જે બોલે છે. તે મતિસહિત શ્રુત છે. અને જો ઉપલબ્ધિની સમાન બોલાય તો તે ભાવશ્રુતમાં ગણાય છે. જે ભાવો પ્રથમ શ્રુતબુદ્ધિએ જોયેલા હોય અને પછીથી અભ્યાસના બળથી ઉપયોગરહિત કોઈ બોલે તો તે દ્રવ્યશ્રુત છે. જે ભાવો માત્ર શ્રુતબુદ્ધિથી જણાય છે અને તે મનમાં સ્ફૂરવા છતાં બોલાય નહિં તે ભાવશ્રુત છે. દ્રવ્યશ્રુત અને ઉભયશ્રુત કરતાં ભાવશ્રુત અનંતગણું છે. કારણકે વાણી અનુક્રમે પ્રવર્તે છે અને આયુષ્ય પરિમિત છે. તેથી ભાવશ્રુતના વિષયભૂત સર્વ અર્થોના અનંતમા ભાગને જ વક્તા બોલી શકે છે. આ ઉપરથી સિદ્ધ થયું કે ભાવશ્રુતનો અનંતમો ભાગ જ દ્રવ્યશ્રુત અને ઉભયશ્રુત રૂપે પરિણમે છે.

શ્રુતબુદ્ધિથી[37] દષ્ટ એવા ભાવોને શ્રુતબુદ્ધિ સહિત બોલે છે. તે ઉભયશ્રુત છે. અને જે તે જ ભાવોને ઉપયોગ રહિત બોલે છે તે દ્રવ્યશ્રુત છે. અને જે ભાવોને શ્રુતબુદ્ધિથી કેવલ વિચારે જ છે પણ બોલતા નથી તે માત્ર ભાવશ્રુત છે. શ્રુતજ્ઞાની-શ્રુતબુદ્ધિથી જેટલું જાણે છે. તેટલું કહી શકતા નથી. કેમકે અભિલાપ્ય ભાવો અનભિલાપ્યભાવોના અનંતમા ભાગે છે. અને અભિલાપ્ય ભાવોનો અનંતમો ભાગ જ

શ્રુતમાં યોજાયેલો છે.

મતિજ્ઞાન[38] મૂક છે. અને શ્રુતજ્ઞાન સ્વપર પ્રત્યાયક હોવાથી અમૂક છે. શબ્દ શ્રુતનું કારણ હોવાથી શ્રુત છે. તે શબ્દનો બોધ કરે છે. મતિના હેતુભૂત હાથ વગેરેની ચેષ્ટાઓ પણ પરને બોધ કરે છે.

જીવ[39] જ્ઞાની પણ હોય છે ને અજ્ઞાની પણ હોય છે. જે જ્ઞાની હોય છે તે કેટલાક બે જ્ઞાનવાળા, કેટલાક ત્રણ જ્ઞાનવાળા, કેટલાક ચાર જ્ઞાનવાળા અને કેટલાક એક જ્ઞાનવાળા હોય છે. અર્થાત્ કેટલાકને આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન હોય છે. કેટલાકને આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે. અથવા આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન હોય છે. કેટલાકને આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન હોય છે. અને જેને એક જ્ઞાન હોય છે તે નિયમથી કેવલજ્ઞાન હોય છે.

જે જીવ અજ્ઞાની હોય છે તે કોઈ મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાનવાળા હોય છે. અને કોઈ મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાનવાળા હોય છે.

નારકી જીવ જ્ઞાની અને અજ્ઞાની હોય છે. જે જ્ઞાની હોય છે તે નિયમથી ત્રણ જ્ઞાનવાળા હોય છે અને જે અજ્ઞાની હોય છે તે નિયમથી ત્રણ અજ્ઞાનવાળા હોય છે. દેવોનું કથન નારકી પ્રમાણે જાણવું. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે.

પૃથ્વીકાયિક, અપકાયિક, તેઉકાયિક, વાઉકાયિક અને વનસ્પતિકાયિક જ્ઞાની હોતા નથી. પણ તે અજ્ઞાની હોય છે. તે નિયમથી બે અજ્ઞાનવાળા હોય છે. તે મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન હોય છે.

બેઇન્દ્રિય જીવ જે જ્ઞાની હોય તે નિયમથી પ્રથમના બે જ્ઞાનવાળા હોય છે. તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અને અજ્ઞાન હોય તેને પ્રથમના બે અજ્ઞાન હોય છે. એ જ પ્રકારે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયના વિષયમાં પણ સમજવું.

પંચેન્દ્રિય તિર્યંચ જે જ્ઞાની હોય છે તે બે જ્ઞાનવાળા અને ત્રણ જ્ઞાનવાળા હોય

છે. કેટલાકને પ્રથમના બે જ્ઞાન અને કેટલાકને પ્રથમના ત્રણ જ્ઞાન હોય છે. એ જ રીતે જે અજ્ઞાની હોય છે. તેમાં કેટલાકને બે અજ્ઞાન અને કેટલાકને ત્રણ અજ્ઞાન હોય છે. મનુષ્ય સામાન્ય જીવની જેમ કેટલાક બે જ્ઞાનવાળા, કેટલાક ત્રણ જ્ઞાનવાળા, કેટલાક ચાર જ્ઞાનવાળા, કેટલાક એક જ્ઞાનવાળા, કેટલાક બે અજ્ઞાનવાળા અને કેટલાક ત્રણ અજ્ઞાનવાળા હોય છે.

સિદ્ધ જીવો જ્ઞાની જ હોય છે, જ્ઞાની હોવા છતાં પણ નિયમા એક કેવલજ્ઞાન જ હોય છે. અન્ય જ્ઞાન હોતાં નથી.

નારકી જીવોમાં જે સમ્યગ્દષ્ટિ હોય છે તે જ્ઞાની કહેવાય છે અને મિથ્યાદષ્ટિ કે મિશ્રદષ્ટિ હોય છે ત્યારે તેને અજ્ઞાની કહેવાય છે. સમ્યગ્દષ્ટિના સદ્ભાવથી અને અભાવથી ચારેય ગતિના જીવોમાં જ્ઞાની અને અજ્ઞાની બતાવેલ છે. મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એ બે જ્ઞાન મનુષ્યગતિ સિવાય અન્યજીવોમાં મળતું નથી.

અવધિજ્ઞાન ભવપ્રત્યય અને ક્ષાયોપશમ એ બે પ્રકારનું કહેલ છે. નારકી અને દેવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે અને મનુષ્ય અને તિર્યંચને ગુણ પ્રત્યય અવધિજ્ઞાન હોય છે.

નારકી અને દેવોમાં જે જીવો સંજ્ઞી પંચેન્દ્રિયોમાંથી આવીને ઉત્પન્ન થાય છે અને સમ્યગ્દષ્ટિ હોય તો નિયમા ૩ જ્ઞાન હોય છે અને મિથ્યાદષ્ટિ હોય તો ૩ અજ્ઞાન નિયમા હોય છે. પરંતુ જે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે તેની અપર્યાવસ્થામાં વિભંગજ્ઞાનનો અભાવ રહે છે. એટલા માટે જીવ બે અજ્ઞાનવાળા અને કેટલાક ત્રણ અજ્ઞાનવાળા હોય છે. એકેન્દ્રિયો નિયમા અજ્ઞાની જ હોય છે. વિકલેન્દ્રિયોમાં સાસ્વાદાન સમક્તિ હોય છે. તેથી તેના સદ્ભાવમાં અપર્યાવસ્થામાં જ્ઞાની હોય છે.

**(૧) ગતિદ્વાર[૪૦] :-**

નરકગતિમાં - જ્ઞાનીઓમાં ત્રણ જ્ઞાન નિયમાથી અને અજ્ઞાનીઓમાં ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. ભજના એટલે હોય અથવા ન પણ હોય.

તિર્યંચગતિમાં - ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

મનુષ્યગતિમાં - જીવને ત્રણ જ્ઞાન ભજનાથી હોય છે અને અજ્ઞાનીમાં બે અજ્ઞાન નિયમા હોય છે.

દેવગતિમાં - નરકગતિના જીવ પ્રમાણે - સિદ્ધગતિમાં જીવ જ્ઞાની જ હોય ને એક કેવલ જ્ઞાન જ હોય છે.

**(૨) ઇન્દ્રિયદ્વાર :-**

ઇન્દ્રિયવાળા જીવોને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

એકેન્દ્રિય જીવોને બે અજ્ઞાન નિયમા હોય છે તેઓ અજ્ઞાની જ હોય છે.

વિકલેન્દ્રિય જીવોને બે જ્ઞાન અને બે અજ્ઞાન નિયમથી હોય છે.

પંચેન્દ્રિય જીવોને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

અણિન્દ્રિય જીવ એટલે ઇન્દ્રિય વિનાના જીવને સિદ્ધ જીવોની જેમ જ્ઞાની હોવાનું સમજવું.

**(૩) કાયદ્વાર :-**

સકાયિક જીવ જ્ઞાની અને અજ્ઞાની બંને હોય છે. ભજનાથી પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે.

પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક જ્ઞાની નથી નિયમા અજ્ઞાની હોય છે.

નિયમથી બે અજ્ઞાન હોય છે.

ત્રસકાયિક જીવ સકાયિક જીવોની સમાન હોય છે.

અકાયિક જીવ સિદ્ધોની જેમ જ્ઞાની જ હોય છે.

**(૪) સૂક્ષ્મને બાદર દ્વાર :-**

સૂક્ષ્મ જીવો પૃથ્વીકાયિક જીવોની સમાન અજ્ઞાની જ હોય છે.

બાદર જીવ સકાયિક શરીરવાળા જીવોની સમાન હોય છે.

નો સૂક્ષ્મ - નો બાદર જીવ સિદ્ધોની સમાન જ્ઞાની જ હોય છે.

## (૫) પર્યાપ્ત - અપર્યાપ્ત દ્વાર :-

પર્યાપ્તા જીવ નારક જીવોને નિયમા ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. એ જ રીતે યાવત્ સ્તનિતકુમારોના વિષયમાં સમજી લેવું. પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોને ભજનાથી ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. પર્યાપ્ત એકેન્દ્રિયથી લઈને પર્યાપ્ત ચૌરેન્દ્રિય સુધી નિયમા બે અજ્ઞાન હોય છે. પર્યાપ્ત મનુષ્યોને સકાયિક જીવોની જેમ સમજવું. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોને નૈરયિક જીવોની જેમ સમજવા.

અપર્યાપ્તા નારકીને ત્રણ જ્ઞાન નિયમાથી હોય છે. પરંતુ ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. જેઓ સમ્યગ્દષ્ટિ હોય તેઓને નિયમા ત્રણ જ્ઞાન હોય છે. અને મિથ્યાદષ્ટિવાળાને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. એ જ રીતે યાવત્ ભવનપતિ અને વાણવ્યંતરનું સમજવું. અપર્યાપ્ત પૃથ્વીકાયિકથી લઈ વનસ્પતિકાયિક સુધી નિયમા અજ્ઞાની છે. અપર્યાપ્ત બેઈન્દ્રિય યાવત્ ચૌરેન્દ્રિય સુધી બે જ્ઞાન અને બે અજ્ઞાન નિયમા હોય છે. એ જ રીતે પંચેન્દ્રિય તિર્યંચનું સમજવું. અપર્યાપ્તક મનુષ્યમાં ત્રણ જ્ઞાન ભજનાથી અને બે અજ્ઞાન નિયમથી હોય છે. અપર્યાપ્ત જ્યોતિષ્ક દેવો અને વૈમાનિક દેવોને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન નિયમથી હોય છે. નો પર્યાપ્તક, નો અપર્યાપ્તકને સિદ્ધની જેમ જ્ઞાની જ સમજવા.

## (૬) ભવસિદ્ધિક - અભવસિદ્ધિક :-

ભવસ્થ સિદ્ધિક જીવોના વિષયમાં સકાયિક જીવોની જેમ સમજવું અભવસિદ્ધિક નિયમા અજ્ઞાની જ હોય છે. તેઓમાં ભજનાથી ત્રણ અજ્ઞાન હોય છે. નો ભવસિદ્ધિક, નો અભવસિદ્ધિક જીવોના વિષયમાં સિદ્ધોની જેમ સમજવું.

## (૭) ભવસ્થ અને અભવસ્થ :-

નિરય ભવસ્થ જીવ નૈરયિક જીવોની માફક સમજવા, તિર્યંચ ભવસ્થ જીવને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. મનુષ્ય ભવસ્થ જીવને સકાયિક જીવોની માફક સમજવા. દેવ ભવસ્થ જીવને નિરય ભવસ્થ જીવોની માફક સમજી લેવા. અભવસ્થ જીવોને સિદ્ધોની જેમ સમજી લેવા.

**(૮) સંજ્ઞી - અસંજ્ઞી દ્વાર :-**

સંજ્ઞી જીવ સઇન્દ્રિય જીવની સમાન હોય છે. અસંજ્ઞી જીવ બેઇન્દ્રિય જીવની સમાન હોય છે. નો સંજ્ઞી - નો અસંજ્ઞી સિદ્ધોની સમાન હોય છે. સંજ્ઞી જીવ ભજનાથી ૪ જ્ઞાન અને ૩ અજ્ઞાનવાળા હોય છે. નો સંજ્ઞી - નો અસંજ્ઞી સિદ્ધ જીવ તથા ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનવાળા જીવ નિયમથી કેવલજ્ઞાનવાળા હોય છે. બે આદિ જ્ઞાનવાળા તે નથી હોતા.

**લબ્ધિદ્વારમાં[૪૧] લબ્ધિમાં ભેદોનું કથન :-**

લબ્ધિ ૧૦ પ્રકારની કહેલી છે.

(૧) જ્ઞાન લબ્ધિ (૨) દર્શન લબ્ધિ (૩) ચારિત્ર લબ્ધિ (૪) ચારિત્રાચારિત્ર લબ્ધિ (૫) દાન લબ્ધિ (૬) લાભ લબ્ધિ (૭) ભોગ લબ્ધિ (૮) ઉપભોગ લબ્ધિ (૯) વીર્યલબ્ધિ (૧૦) ઇન્દ્રિય લબ્ધિ.

**(૧) જ્ઞાનલબ્ધિ પાંચ પ્રકારની છે :-**

આભિનિબોધિક જ્ઞાન લબ્ધિ, યાવત્ કેવળજ્ઞાન લબ્ધિ, અજ્ઞાનલબ્ધિ ત્રણ પ્રકારની છે. મત્યાજ્ઞાનલબ્ધિ, શ્રુતાજ્ઞાન લબ્ધિ અને વિભંગજ્ઞાન લબ્ધિ

**(૨) દર્શનલબ્ધિ ત્રણ પ્રકારની છે :-**

સમ્યગ્દર્શન લબ્ધિ, મિથ્યાદર્શન લબ્ધિ અને સમ્યગ્ મિથ્યાદર્શન લબ્ધિ

**(૩) ચારિત્રલબ્ધિ પાંચ પ્રકારની છે :-**

સામાયિક ચારિત્ર લબ્ધિ, છેદોપસ્થાપનીય લબ્ધિ, પરિહારવિશુદ્ધ ચારિત્ર લબ્ધિ, સૂક્ષ્મ સંપરાય ચારિત્ર લબ્ધિ અને યથાખ્યાત ચારિત્ર લબ્ધિ

(૪) ચારિત્રાચારિત્ર લબ્ધિ એક પ્રકારની છે તેવી જ રીતે યાવત્ **પછી ૮** ઉપયોગ લબ્ધિ પણ એક પ્રકારની છે.

**(૯) વીર્યલબ્ધિ ત્રણ પ્રકારની છે :-**

બાલલબ્ધિ, પંડિતવીર્યલબ્ધિ, બાલપંડિત વીર્ય લબ્ધિ.

**(૧૦) ઇન્દ્રિય લબ્ધિ પાંચ પ્રકારની છે :-**

(૧) શ્રોતેન્દ્રિયલબ્ધિ યાવત્ સ્પર્શેન્દ્રિયલબ્ધિ.

લબ્ધિ એટલે પ્રતિબંધક કર્મના ક્ષયાદિક આત્માને જ્ઞાનાદિક ગુણોનો લાભ થવો તેનું નામ લબ્ધિ છે.

જ્ઞાનાવરણ કર્મનો ક્ષય અથવા ક્ષયોપશમથી યથાપ્રાપ્ત મતિશ્રુત આદિ પાંચ પ્રકારના જ્ઞાનનો લાભ થવો તેનું નામ જ્ઞાન લબ્ધિ છે.

સમ્યક, મિશ્ર યા મિથ્યાશ્રદ્ધાન રૂપ આત્મપરિણામોનો લાભ થવો તેનું નામ **દર્શનાલબ્ધિ** છે. ચારિત્રમોહનીય કર્મના, ક્ષયોપશમથી, ક્ષયથી કે ઉપશમથી થવાવાળું વિરતિરૂપ આત્મપરિણામની પ્રાપ્તિનું નામ **ચારિત્રલબ્ધિ** છે. અપ્રત્યાખ્યાન કષાયના ક્ષયોપશમથી થવાવાળું દેશવિરતી આત્મપરિણામની પ્રાપ્તિનું નામ **ચારિત્ર્યાચારિત્ર લબ્ધિ** છે. વિશેષ પરિણામપૂર્વક પોતાની વસ્તુ બીજાને આપવી તેનું નામ દાન છે. તેની લબ્ધિ થવી તે **દાનલબ્ધિ** છે. લેનારને આપેલા દાનથી જે લાભ પ્રાપ્ત થાય તેનું નામ **લાભલબ્ધિ** છે. મનોહારી, શબ્દાદિ વિષયનો અનુભવ કરવો તેનું નામ ભોગ છે. તેની પ્રાપ્તિનું નામ **ભોગલબ્ધિ** છે. એક વાર ભોગવવામાં આવે તે ભોગ છે. અને વારંવાર ભોગવવામાં આવે તે ઉપભોગ છે. જેમ કે વસ્ત્ર, ભવન ઇત્યાદિ તેનું પ્રાપ્તિનું હોવું તેનું નામ **ઉપભોગલબ્ધિ** છે. આત્માનું વિશેષચેષ્ટારૂપ જે પરિણામ છે તેનું નામ વીર્ય છે તે વીર્યની લબ્ધિનું નામ **વીર્યલબ્ધિ** છે. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયરૂપ ઇન્દ્રિયોની પ્રાપ્તિ થવી તેનું નામ **ઇન્દ્રિયલબ્ધિ** છે.

**(૧) જ્ઞાનલબ્ધિવાળા** જીવ જ્ઞાની હોય છે. અજ્ઞાની નહિ. તેમાં ભજનાથી પાંચ જ્ઞાન હોય છે. જ્ઞાન લબ્ધિ રહિત જીવ અજ્ઞાની હોય છે. તેમાં ભજનાથી ત્રણ અજ્ઞાનવાળા હોય છે. (૧) આભિનિબોધિક જ્ઞાનલબ્ધિ વાળા જીવો જ્ઞાની જ હોય છે. ભજનાથી ચાર જ્ઞાન હોય છે. આભિનિબોધિકજ્ઞાન રહિત જ્ઞાની ને અજ્ઞાની પણ હોય છે. તેમાં ભજનાથી પણ અજ્ઞાન હોય છે. અને જે જ્ઞાની હોય છે તે નિયમથી એક કેવલજ્ઞાની હોય છે.

**(૨) એ જ રીતે શ્રુતજ્ઞાનલબ્ધિવાળા :-** જીવોને પણ લેવા.

**(૩) અવધિજ્ઞાન લબ્ધિવાળા :-** જીવ જ્ઞાની જ હોય છે. અજ્ઞાની નહિ. કેટલાક જીવ ત્રણ જ્ઞાનવાળાને કેટલાક જીવ ચાર જ્ઞાનવાળા હોય છે. અવધિજ્ઞાન લબ્ધિ રહિત જીવો જ્ઞાની પણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે. તેમને અવધિજ્ઞાન છોડીને ચાર જ્ઞાન અને અજ્ઞાની જીવોને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

**(૪) મનઃપર્યવજ્ઞાન લબ્ધિવાળા :-** જીવ જ્ઞાની હોય છે તે અજ્ઞાની નથી હોતા. તેમાં કેટલાકને આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન હોય છે અને ચાર જ્ઞાન પ્રથમના કેટલાકને હોય છે. મનઃપર્યવજ્ઞાનલબ્ધિ વગરના જીવો જ્ઞાની પણ હોય અને અજ્ઞાની પણ હોય છે. જે જ્ઞાની હોય છે તેઓને મનઃપર્યવ છોડીને ચારજ્ઞાન હોય છે અને અજ્ઞાનીને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

**(૫) જે જીવ કેવલ લબ્ધિવાળા** હોય છે તે જ્ઞાની જ હોય છે તે અજ્ઞાની હોતા નથી. અને તે કેવળ એક જ્ઞાનવાળા જ હોય છે. એકજ્ઞાનમાં પણ કેવળજ્ઞાન હોય છે. કેવળલબ્ધિથી રહિત જીવો જ્ઞાની પણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે. જો તે જ્ઞાની હોય છે તો તેઓ કેવલજ્ઞાનને વર્જીને ચાર જ્ઞાનવાળા હોય છે અને જો અજ્ઞાની હોય છે તો ભજનાથી ત્રણ અજ્ઞાન હોય છે.

અજ્ઞાનલબ્ધિવાળા જ્ઞાની નથી હોતા અને તેઓ ભજનાથી ત્રણ અજ્ઞાનવાળા હોય છે. અજ્ઞાનલબ્ધિ વગરના જીવો જ્ઞાની હોય છે. તે અજ્ઞાની નથી હોતા, અને ભજનાથી પાંચ જ્ઞાનવાળા હોય છે. જે રીતે અજ્ઞાનલબ્ધિવાળા અને અજ્ઞાનલબ્ધિ વિનાના જીવના વિષયમાં કહ્યું છે તેવી જ રીતે મત્યજ્ઞાન, શ્રુતાજ્ઞાન લબ્ધિવાળા અને તેમની લબ્ધિ વિનાના જીવના વિષયમાં સમજવું. વિભંગજ્ઞાન લબ્ધિવાળા જીવોને નિયમથી ત્રણ અજ્ઞાન હોય છે. અને વિભંગજ્ઞાન લબ્ધિ વિનાના જીવોને ભજનાથી પાંચ જ્ઞાન હોય છે. અથવા નિયમા બે અજ્ઞાન હોય છે.

**(૨) દર્શનલબ્ધિવાળા** જીવ જ્ઞાની હોય છે. અને જ્ઞાની હોય છે તે સમ્યગ્દર્શનવાળા પણ હોય છે. જયારે મિથ્યાદર્શનવાળા અજ્ઞાની હોય છે. સમ્યગ્દર્શનવાળા જ્ઞાનીઓને પાંચ જ્ઞાન ભજનાથી હોય છે. જ્ઞાનીઓમાં જો એક જ જ્ઞાન હોય તો તે કેવલજ્ઞાન જ હોય છે. બે હોય તો પ્રથમનાં બે, ત્રણ હોય તો પ્રથમનાં ત્રણ, અને ચાર હોય તો પ્રથમનાં ચાર હોય છે. દર્શનલબ્ધિ રહિત કોઈ જ

હોતા નથી. જે જીવ મિથ્યાદર્શન રહિત હોય છે. તેઓમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. સમ્યગ્મિથ્યાદર્શન લબ્ધિવાળા અને લબ્ધિરહિત જીવ મિથ્યાદર્શન લબ્ધિવાળાને લબ્ધિ રહિત પ્રમાણે સમજી લેવું.

**(૩) ચારિત્રલબ્ધિવાળા** જીવ જ્ઞાની હોય છે. તે ભજનાથી પાંચ જ્ઞાનવાળા હોય છે. જે જીવ ચારિત્ર લબ્ધિ વિનાના હોય છે તેમનામાં મનઃપર્યવજ્ઞાન છોડીને ચાર જ્ઞાન તથા ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. સામાયિક ચારિત્રલબ્ધિવાળા જ્ઞાની જ હોય છે. તેમાં કેવલજ્ઞાન છોડીને ચાર જ્ઞાન ભજનાથી હોય છે. જે સામાયિક ચારિત્રલબ્ધિવાળા નથી હોતા તેઓને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. જેવી રીતે સામાયિક ચારિત્રલબ્ધિવાળા અને તેની અલબ્ધિવાળા જીવોને વિશે કહેલ છે તેવી રીતે યાવત્ યથાચારિત્ર લબ્ધિવાળા તથા તેની અલબ્ધિવાળા જીવોને વિશે પણ સમજવું. વિશેષતા એ છે કે યથાખ્યાતચારિત્રવાળા જીવ ભજનાથી પાંચ જ્ઞાનવાળા હોય છે.

**(૪) ચારિત્ર્યા ચારિત્ર્ય લબ્ધિવાળા** જીવ જ્ઞાની હોય છે. અજ્ઞાની નહિં. કેટલાક બે જ્ઞાનવાળા કેટલાક ત્રણ જ્ઞાનવાળા હોય છે. જે જીવ ચારિત્ર્યાચારિત્ર્યા લબ્ધિવાળા નથી હોતા તેઓને ભજનાથી ૪ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે.

(૫ થી ૯) દાનદિ ૫ લબ્ધિવાળા જીવોને ભજનાએ પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. ધનાદિ લબ્ધિ રહિત જ્ઞાની હોય છે. તે અજ્ઞાની નથી હોતા. જ્ઞાનીઓમાં પણ તેઓ કેવલજ્ઞાનીઓ જ હોય છે. એ જ રીતે વીર્યલબ્ધિવાળા અને તેની અલબ્ધિવાળા જીવોના વિષયમાં સમજવું. જે જીવ બાલવીર્યલબ્ધિવાળા હોય છે તેમનામાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

**(૧૦) જે જીવ ઇન્દ્રિયલબ્ધિવાળા** હોય છે. તે જીવમાં ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. જે જીવ ઇન્દ્રિયલબ્ધિ વિનાના હોય છે તેઓ જ્ઞાની જ હોય છે. તે અજ્ઞાની હોતા નથી. તેઓ નિયમથી એક કેવલજ્ઞાનવાળા જ હોય છે. શ્રોતેન્દ્રિય લબ્ધિવાળાને ઇન્દ્રિયલબ્ધિવાળા જીવોની સમાન સમજવા. શ્રોતેન્દ્રિય લબ્ધિ વિનાના જીવ જ્ઞાની પણ હોય છે ને અજ્ઞાની પણ હોય છે. જ્ઞાની હોય છે તેમાં કેટલાક બે જ્ઞાનવાળા, કેટલાક એક કેવલજ્ઞાની જ હોય છે. ચક્ષુરિન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયલબ્ધિવાળા

જીવો શ્રોતેન્દ્રિય લબ્ધિવાળા જીવોની સમાન હોય છે. તથા તે બંને ઇન્દ્રિયોની લબ્ધિ વિનાના જીવો બે જ્ઞાનવાળા, ત્રણ અજ્ઞાનવાળા અને એક જ્ઞાનવાળા હોય છે. જીહ્વેન્દ્રિય લબ્ધિવાળા જીવોમાં ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાનવાળા ભજનાથી હોય છે. જિહ્વેન્દ્રિય લબ્ધિવિનાના જીવો જ્ઞાન હોય તે નિયમથી એક કેવલજ્ઞાનવાળા જ હોય છે અને અજ્ઞાની હોય તે નિયમથી બે અજ્ઞાનવાળા હોય છે. સ્પર્શેન્દ્રિય લબ્ધિવાળા અને તેમની લબ્ધિ વિનાના જીવ ઇન્દ્રિયલબ્ધિવાળા અને ઇન્દ્રિયલબ્ધિ વિનાના જીવોની સમાન જાણવા.

**સાકાર[૪૨] અને અનાકાર ઉપયોગવાળા :- તેમજ અન્ય :-**

સાકાર ઉપયોગવાળા જીવોને પાંચ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. જાતિ, ગુણ, ક્રિયા આદિ સ્વરૂપ વિષયનું નામ સાકાર છે. આ આકાર જેના જ્ઞાનમાં હોય છે. તેનું નામ સાકાર ઉપયોગ છે. અર્થાત્ વિશેષ ગ્રાહક બોધનું નામ સાકાર ઉપયોગ છે. તેમાં ઉપયુક્ત જે જીવ હોય તે સાકાર ઉપયોગવાળા કહેવાય છે. લબ્ધિની અપેક્ષાએ બે, ત્રણ, ચાર આદિ ઉપયોગવાળા જીવ હોય છે. પરંતુ ઉપયોગ તો એક સમયે એક જીવને એક જ હોય છે. જ્ઞાનરૂપ હોય કે અજ્ઞાનરૂપ હોય.

અનાકારોપયોગનું તાત્પર્ય એ છે કે જે બોધથી જાતિ, ગુણ ક્રિયા આદિ રૂપ સાકાર પ્રગટ થતાં નથી. એવાં અનાકાર ઉપયોગ દર્શન રૂપ હોય છે. દર્શનનો તાત્પર્યાર્થ સામાન્ય જ્ઞાનથી થાય છે.

આભિનિબોધિક સાકાર ઉપયોગવાળા જ્ઞાની જ હોય છે. તે અજ્ઞાની હોતા નથી. તેઓ ભજનાથી ચાર જ્ઞાનવાળા હોય છે. એવી જ રીતે શ્રુતજ્ઞાન સાકાર ઉપયોગવાળા જીવોને પણ સમજવા. અવધિજ્ઞાન સાકાર ઉપયોગવાળા જીવોને અવધિજ્ઞાનલબ્ધિવાળા જીવોની સમાન સમજવા. મનઃપર્યવજ્ઞાન સાકાર ઉપયોગવાળા મનઃપર્યવજ્ઞાન લબ્ધિવાળા જીવોની સમાન સમજવા. કેવળજ્ઞાન સાકાર ઉપયોગવાળા મનઃપર્યવજ્ઞાન લબ્ધિવાળા જીવોની સમાન સમજવા. સાકાર ઉપયોગવાળા જીવોને કેવળજ્ઞાન લબ્ધિવાળા જીવોની સમાન સમજવા.

મત્યજ્ઞાન સાકાર ઉપયોગવાળા જીવોની ભજનાથી ત્રણ અજ્ઞાન હોય છે.

શ્રુતજ્ઞાન સાકાર ઉપયોગવાળા જીવોને નિયમથી ત્રણ અજ્ઞાન હોય છે. વિભંગ જ્ઞાન સાકાર ઉપયોગવાળાને નિયમા ત્રણ અજ્ઞાન હોય છે.

અનાકાર ઉપયોગવાળાને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. ચક્ષુદર્શન અનાકાર ઉપયોગવાળાને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. અવધિદર્શન અનાકાર ઉપયોગવાળામાં જે જ્ઞાની હોય છે. તેમાં કેટલાક ત્રણ જ્ઞાનવાળા અને કેટલાક ચાર જ્ઞાનવાળા હોય છે. તેઓમાં જે અજ્ઞાની હોય છે તે નિયમા ત્રણ અજ્ઞાનવાળા હોય છે. કેવલદર્શન અનાકાર ઉપયોગવાળા જ્ઞાની જ હોય છે. એક કેવલજ્ઞાન તેમને હોય છે.

જે સંયોગી જીવો સકાયિક જીવોની માફક હોય છે. એ જ રીતે મનજોગી, વચનજોગી, અને કાયજોગી જીવોને પણ સમજવા. અયોગી જીવ સિદ્ધોની સમાન હોય છે.

જે જીવ લેશ્યાવાળા હોય છે તે સકાયિક જીવોની સમાન હોય છે. કૃષ્ણલેશ્યાવાળા યાવત્ પદ્મલેશ્યાવાળા સેન્દ્રિય જીવોની સમાન હોય છે. શુકલલેશ્યાવાળા સલેશી જીવોના જેવા હોય છે તથા લેશ્યા વિનાના જીવો સિદ્ધોની સમાન સમજવા.

જે સકષાયી જીવો હોય છે તેને સેન્દ્રિય જીવોની જેમ સમજવા. એ જ રીતે યાવત્ લોભ કષાય જીવોને પણ સમજવા. અકષાયિક જીવોનાં ભજનાથી પાંચ જ્ઞાન હોય છે. તે ૧૧મું અન ૧૨મું ગુણસ્થાન છદ્મસ્થ વિતરાગીનું છે તેમાં ચાર જ્ઞાન અને ૧૩મું અને ૧૪મું ગુણસ્થાન કેવલી વિતરાગીનું હોય છે. તેમાં એક કેવલજ્ઞાન હોય છે તેથી ભજનાથી પાંચ જ્ઞાન હોય છે.

જે સવેદી હોય છે તેમને સેન્દ્રિય સમાન સમજવા. એ જ રીતે સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી જીવોને પણ સમજવા. અને વેદરહિત જીવોને અકષાયિક સમાન સમજવા. વેદરહિત જીવોમાં ભજનાથી પાંચ જ્ઞાન હોય છે. તેનું કારણ ૯મા ગુણસ્થાન સુધી સવેદી અને ૯થી ૧૪ ગુણસ્થાન વેદરહિત છે. તેથી ૯થી ૧૨ ગુણસ્થાન સુધી ચાર જ્ઞાન અને ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનમાં એક કેવલજ્ઞાન હોય છે.

જે આહારક હોય છે તે જીવોને સકષાયિક જીવોની જેમ જ સમજવા. પરંતુ

વિશેષતા એ છે કે આહારક જીવ કેવલજ્ઞાનવાળા હોય છે. કેમકે કેવલી પણ આહાર સહિત હોય છે. જે અનાહારક હોય છે તેઓમાં મનઃપર્યંત છોડીને ચાર જ્ઞાન હોય છે. કેમકે મનઃપર્યવજ્ઞાન આહારક જીવોને હોય છે. અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિગ્રહગતિવાળા અનાહારક જીવોને હોય છે. અને કેવલજ્ઞાન, કેવલી સમુદ્ઘાત શૈલેષી સિદ્ધાવસ્થાઓમાં અનાહારકોને પણ હોય છે.

જે[૪૩] મનુષ્ય છદ્મસ્થ છે અર્થાત્ અતિશયધારી નથી. તે પરમાણુરૂપ સૂક્ષ્મ પુદ્ગલને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પદાર્થ વિશેષને જાણતા નથી. અને દેખતા પણ નથી. તેને તે વિષયનું અજ્ઞાનપણું બતાવેલ છે અને અદર્શન બતાવેલ છે. કોઈ એક છદ્મસ્થ મનુષ્ય પરમાણુ પુદ્ગલને જાણે છે પણ તે પુદ્ગલોને જોઈ શકતા નથી. શાસ્ત્રના આધારથી જ્ઞાન તો છે પણ તેના સાક્ષાત્ દર્શનથી વંચિત રહે છે. જે છદ્મસ્થો શ્રુતજ્ઞાન વિનાના હોય છે તે સૂક્ષ્માદિ પદાર્થોને જાણતા નથી અને દેખતા પણ નથી.

જે મનુષ્યો છદ્મસ્થ છે તે દ્વિપ્રદેશી સ્કંધના વિષયમાં, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ તથા સંખ્યાત, અસંખ્યાત પ્રદેશવાળા સ્કંધને કોઈ એક તેને જાણે છે પણ તેને દેખતા નથી. અને કોઈ એક જાણતા નથી અને દેખતા પણ નથી. (૧) કોઈ એક છદ્મસ્થ મનુષ્ય એવો હોય છે કે જે અનંતપ્રદેશી સ્કંધને જાણે પણ છે અને દેખે પણ છે. (૨) કોઈ એક છદ્મસ્થ મનુષ્ય અનંતપ્રદેશવાળા સ્કંધને જાણે છે પણ દેખતા નથી. (૩) કોઈ એક છદ્મસ્થ મનુષ્ય છે જે અનંત પ્રદેશી સ્કંધને જાણતા નથી. પરંતુ તેને દેખે છે. (૪) તથા કોઈ એક છદ્મસ્થ મનુષ્ય છે કે જે અનંત પ્રદેશી સ્કંધને જાણતા પણ નથી અને દેખતા પણ નથી.

આ રીતે ચાર ભંગ ભગવાને બતાવ્યા છે.

(૧) કોઈ એક છદ્મસ્થ મનુષ્ય સ્પર્શાદિથી તેને જાણે છે અને નેત્રથી જુએ છે. જેમ કે અવધિજ્ઞાની.

(૨) કોઈ એક છદ્મસ્થ મનુષ્ય સ્પર્શાદિથી તેને જાણે તો છે પરંતુ નેત્રના અભાવથી તેને દેખતો નથી. જેમ કે શ્રુતજ્ઞાની, શ્રુતમાં દર્શનનો અભાવ રહે છે.

(૩) કોઈ એક છદ્મસ્થ સ્પર્શાદિ અવિષય હોવાથી જાણતા નથી. પરંતુ ચક્ષુથી

તેને દેખે છે. જે દૂર રહેલ પર્વત આદિને કોઈ છદ્મસ્થ મનુષ્ય નેત્રથી દેખે તો છે પરંતુ સ્પર્શાદિથી તેને જાણતો નથી.

(૪) તથા કોઈ એક છદ્મસ્થ મનુષ્ય તેને જાણતો નથી અને દેખતો નથી. જેમ કે અંધ મનુષ્ય.

આ પ્રમાણેના ચાર ભંગો અનંતપ્રદેશિક સ્કંધના વિષયમાં છે.

જ્ઞાન[૭૪] ઐહિભવિક પણ હોય છે, જ્ઞાન પારભવિક પણ હોય છે અને જ્ઞાન તદુભયયભવિક પણ હોય છે. વર્તમાન ભવમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન જીવની સાથે રહે છે. તે પરભવમાં સાથે જતું નથી. તેને ઐહિભવિક જ્ઞાન કહે છે. આ ભવમાં પ્રાપ્ત કરેલું જે જ્ઞાન પછીના ભવમાં સ્મૃતિરૂપે સાથે સાથે જાય છે તે જ્ઞાનનું નામ પારભવિક જ્ઞાન છે. અને આ ભવમાં પઠિત જે જ્ઞાન પરભવમાં તથા તૃતીય આદિ પરતરાદિ ભવોમાં સાથે સાથે જાય છે તે જ્ઞાનને તદુભયભવિક જ્ઞાન કહે છે.

**જ્ઞાન સોડશકમ્.**

જ્ઞાન સોડશકમ્માં ૧૬ ગાથા જ્ઞાન વિશે બતાવેલ છે.

વિદ્વાનોએ શુશ્રૂષાને - અર્થાત્ સાંભળવાની ઈચ્છાને પ્રથમલિંગ તરીકે વર્ણવી છે. શુશ્રૂષા ન હોવા છતાં સંભળાવવું તે પાણીની સેર વગરની જમીનમાં કૂવો ખોદવા સમાન છે. = ૧

શુશ્રૂષાના પણ પરમ અને અપરમ એ બે પ્રકાર છે. શુશ્રૂષાવરણથી જન્ય પરમ શુશ્રૂષા ઉત્પન્ન થાય છે. પરમ શુશ્રૂષાનું ફળ ધર્મશ્રવણ, ગ્રહણ ધારણ વગેરની સિદ્ધિ છે = ૨

ચતુર, પત્નીયુક્ત અને અત્યંત કામી એવા યુવાનને કિન્નરોના ગીત સાંભળવામાં જે રાગ હોય તેથી વધુ રાગ ધર્મશ્રવણમાં છે = ૩

પરમ શુશ્રૂષા હોવા છતાં ગુરુભક્તિ પ્રધાન બને છે. વિધિ વિષયક પ્રયાસ થાય છે. ધર્મક્રિયા કરવામાં આદર પ્રગટે છે. સુંદરગ્રંથ પ્રાપ્તિ થાય છે. તથા એવું સૂત્રાર્થ વિષયક શ્રવણ મળે છે. જેનું પ્રકૃષ્ટ ફળ તત્ત્વનો અભિનિવેશ હોય છે. = ૪

પરમ શુશ્રૂષા કરતાં વિપરીત અપરમ શુશ્રૂષા પણ બને છે. સુતેલા રાજાને વાર્તા સાંભળવાની ઇચ્છા હોય તેની જેમ શુશ્રૂષા લોકમાં હોય તે અપરમ શુશ્રૂષા છે. તે જીવોને પ્રાયઃ અનર્થકારી છે. કેમકે તેમાં આત્મકલ્યાણની ભાવનાથી પ્રગટતો આદર નથી = ૫

**જ્ઞાનના ત્રણ પ્રકાર :-** અન્વયમુખી અને વ્યતિરેકમુખી વિચાર એ બંને પ્રકારના વિચારથી રહિત જ્ઞાન પ્રથમ શ્રુતજ્ઞાન થાય છે. ઉહાપોહથી યુક્ત એવું જ્ઞાન બીજું જ્ઞાન થાય છે. ત્રીજું ભાવનામય જ્ઞાન છે. જેનું ફળ હિતકારી છે. આ ત્રણ જ્ઞાનથી ભિન્ન જ્ઞાન. મોહના લીધે મિથ્યાજ્ઞાન થાય છે. = ૬.

લોઢાના કોઠાર વગેરેમાં રહેલ જે અનાજ હોય તેના જેવું શ્રુતજ્ઞાન હોય છે. કારણ કે તે વિનાશ પામેલ નથી. તે શ્રુતજ્ઞાન અત્યંત મિથ્યાકદાગ્રહથી રહિત હોય છે. = ૭

જે જ્ઞાન મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલ હોય. અત્યંત સૂક્ષ્મયુક્તિઓના ચિંતનથી યુક્ત હોય. તેમજ પાણીમાં વિસ્તરતા તેલના ટીપા જેવું હોય તે પાણીમાં તેલનું બિંદુ જેમ વિસ્તાર પામે છે તેમ ચિંતનથી ઉત્પન્ન થયેલ જ્ઞાન વિસ્તાર યુક્ત હોય છે = ૮

જે જ્ઞાન તાત્પર્ય વિષયક હોય તેમ જ વિધિ વગેરેને વિશે અત્યંત પ્રયત્નવાળું હોય તે ભાવનામયજ્ઞાન જાણવું. અશુદ્ધ છતાં સુંદર એવી રત્નની કાંતિ જેવું આ જ્ઞાન હોય છે. = ૯

પ્રથમ શ્રુતમય જ્ઞાનમાં તેના રાગથી પુરુષને કાંઈક દર્શનગ્રહ - ખોટો પક્ષપાત થાય છે. બીજા જ્ઞાનમાં ચિંતનના યોગથી ક્યારેય પણ દર્શનગ્રહ થતો નથી. ભવ્ય જીવોના સમૂહને વિશે અનુગ્રહથી પ્રવૃત્ત થયેલ ભાવનાજ્ઞાનવાળા જીવની પ્રવૃત્તિ હિતકારી જ હોય છે. = ૧૦

ગુરુ વગેરેના વિનયથી રહિત એવા જીવને મિથ્યાત્વ દોષના લીધે આગમથી જે બોધ થાય છે. તે જેમ તિમિર રોગવાળા જીવને દીપકમાં મંડલાકાર વિષયનો ભ્રમ થાય છે તેમ મિથ્યાદોષગ્રસ્ત જીવનો બોધ મિથ્યા હોય છે. ૧૧ ૧૨

જેમ સાંધેલા અને જૂનાં કપડાંના પહેરવેશવાળો, શરીર ઉપર રાખ વગેરે ચોપડેલ અને સજ્જનને દયાપાત્ર એવી વ્યક્તિ પોતાની જાતને જે અત્યંત કદાગ્રહી રાજા કરતાં પણ ચઢીયાતી જુએ છે. = ૧૩

તેમ મનોવિભ્રમ દોષવાળો જીવ અકૃતાર્થ હોવા છતાં પોતાના કૃતાર્થ માનવા સ્વરૂપ માને છે. = ૧૪

સમ્યગ્દર્શનના યોગથી જ્ઞાન થાય છે. ગ્રંથીભેદથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. ગ્રંથીભેદ અપૂર્વકરણથી થાય છે. તે અપૂર્વકરણ લોકોત્તર જાણવું. કેમકે ક્યારેય પણ પૂર્વે પ્રાપ્ત થયું નથી. = ૧૫

માટે લોકોત્તર ચારિત્રવાળા અચિંત્યશક્તિવાળા, શાંત મનવાળા અને ઔચિત્યવાળા જીવનું જ્ઞાન જાણવું. ઉપર્યુક્ત ગુણથી વિપરીત જીવનો બોધ, વિપર્યાસ - ભ્રમ - અજ્ઞાન સ્વરૂપ જાણવો. = ૧૬

"સન્મતિતર્ક"ના પ્રથમ કાંડમાં નૈયાયિક અને જૈન દર્શનની જ્ઞાન વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.

[૪૫]મતિ અજ્ઞાનના વિષયને સંક્ષેપથી ચાર પ્રકારના કહ્યા છે.

(૧) દ્રવ્યની અપેક્ષાએ (૨) ક્ષેત્રની અપેક્ષાએ (૩) કાળની અપેક્ષાએ અને (૪) ભાવની અપેક્ષાએ.

દ્રવ્યની અપેક્ષાથી મત્યજ્ઞાની મત્યજ્ઞાનના વિષયભૂત થયેલા દ્રવ્યોને જાણે છે અને દેખે છે. તેવી જ રીતે મત્યજ્ઞાની મત્યજ્ઞાનના વિષયભૂત થયેલા યાવત્ સઘળા ભાવોને જાણે છે અને દેખે છે.

મિથ્યાદર્શનથી યુક્ત અવગ્રહ, ઇહા આદિ દ્વારા અને ઔત્પાતિકી આદિ બુદ્ધિઓ દ્વારા મત્યજ્ઞાની પોતાના મત્યજ્ઞાનમાં વિષયભૂત દ્રવ્યોને અવાય, ધારણા આદિ રૂપથી જાણે છે અને અવગ્રહ ઇહા આદિ રૂપથી દેખે છે. યાવત્ ભાવની અપેક્ષાએ આશ્રય કરીને મત્યજ્ઞાની મત્યજ્ઞાન દ્વારા વિષયભૂત થયેલા પદાર્થોને જાણે છે અને દેખે છે.

શ્રુત અજ્ઞાનના વિષયને પણ એ જ ચાર પ્રકારના કહ્યા છે. દ્રવ્યની અપેક્ષાથી

શ્રુતાજ્ઞાની શ્રુતાજ્ઞાનના વિષયભૂત થયેલા દ્રવ્યોને જાણે છે. અને તેની પ્રજ્ઞાપના તેમજ પ્રરૂપણા કરે છે.

વિભંગજ્ઞાની વિભંગજ્ઞાનના વિષયભૂત દ્રવ્યોને જાણે છે અને દેખે છે એ જ રીતે યાવત્ ભાવની અપેક્ષાથી વિભંગજ્ઞાની વિભંગજ્ઞાનના વિષયભૂત ભાવોને જાણે અને દેખે છે.

**અલ્પબહુત્વ[૪૬] : પર્યાયો :-**

મત્યાજ્ઞાન, શ્રુતાજ્ઞાન અને વિભંગજ્ઞાનના પર્યાયોમાં સર્વથી ઓછા વિભંગજ્ઞાનના પર્યાયો છે. તેનાથી અનંતગણા શ્રુતાજ્ઞાનના પર્યાયો છે અને તેનાથી પણ અનંતગણા મત્યજ્ઞાનના પર્યાયો છે.

આભિનિબોધિક જ્ઞાનની યાવત્ કેવલજ્ઞાની પર્યાયો અને મત્યાજ્ઞાની પર્યાયોમાં યાવત્ વિભંગજ્ઞાનના પર્યાયોમાં સર્વથી ઓછા મનઃપર્યવજ્ઞાનના પર્યાયો છે. તેથી વિભંગજ્ઞાનના પર્યાયો અનંતગણા છે. તેનાથી અવધિજ્ઞાનના પર્યાયો અનંતગણા છે. તેનાથી શ્રુતજ્ઞાનના પર્યાયો અનંતગણા છે. તેનાથી શ્રુતાજ્ઞાનના પર્યાયો કંઈક અધિક છે. તેનાથી મત્યાજ્ઞાનના પર્યાયો અનંતગણા છે. તેનાથી આભિનિબોધિક પર્યાયો વિશેષાધિક છે. તેનાથી કેવલજ્ઞાનના પર્યાયો અનંતગણા છે.

અનંતમાં મત્યજ્ઞાન અને શ્રુતાજ્ઞાન, તે બંનેનો સ્થિતિકાળ ત્રણ પ્રકારનો હોય છે. અભવ્યની અપેક્ષાએ અનાદિ, અનંત અને ભવ્યની અપેક્ષાએ અનાદિ સાંત તથા સમ્યગ્દર્શનમાં પ્રતીતની અપેક્ષાએ સાંદિ સાંત જે કાળ છે તે જઘન્યથી અં.મુ. હોય છે, તે સમ્યક્ત્વની પ્રતીત જીવને અં.મુ. પછી ફરી સમ્યક્ત્વનો લાભ થયા પછી થાય છે. સાદિ સાંતનો ઉત્કૃષ્ટ સમય અનંતકાળ છે. તે કોઈ જીવને સમ્યક્ત્વ થયા પછી તેનું પુનઃ પતન થઈ જાય છે.

સાદિ[૪૭] અંત સમય જે અનંતકાળરૂપ કહ્યો છે તે સમ્યગ્દર્શનથી પતીત થઈને વનસ્પતિકાયિકોમાં અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળ સમાપ્ત કરીને પછી ફરી સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાવાળા જીવની અપેક્ષાએ કહ્યો છે. વિભંગજ્ઞાન સ્થિતિકાળ જે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટી અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ છે.

જેવી રીતે કોઈ મનુષ્યમાં દેશોનકોટિ વર્ષો પર્યંત વિભંગજ્ઞાની રૂપથી રહીને અને કાળધર્મ પામ્યા પછી તે ૭મી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થઈ જાય તે સ્થિતિમાં વિભંગ જ્ઞાનનો સમય દેશોનકોટિ અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ થઈ જાય છે.

પાંચ મતિ જ્ઞાનાદિ જ્ઞાનોનું અને ત્રણ મત્યજ્ઞાન આદિ અજ્ઞાનોનું અંતર જીવાભિગમ સૂત્રમાં બતાવ્યું છે.

આભિનિબોધિક જ્ઞાનનું અંતર જઘન્યથી અં.મુ. છે અને ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ રૂપ છે. એ જ રીતે શ્રુતજ્ઞાનીનું, અવધિજ્ઞાનીનું અને મનઃપર્યવજ્ઞાનીનું અંતર પણ સમજવું. કેવળજ્ઞાનીનું અંતર હોતું નથી. કેમકે થયેલું જ્ઞાન સદૈવ વિદ્યમાન રહે છે.

મત્યજ્ઞાની અને શ્રુતાજ્ઞાનીનું અંતર જઘન્યથી અં.મુ.નું છે અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક ૬૬ સાગરોપમ પ્રમાણનું છે. વિભંગજ્ઞાનીનું અંતર જઘન્ય અં.મુ. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ માફક અનંતકાળનું છે.

જ્ઞાનીઓમાં[૪૮] મનઃપર્યવજ્ઞાની બધાથી ઓછા કહેલ છે. કેમકે મનઃપર્યવજ્ઞાન સંયતજીવોને જ થાય છે. અસંયતોને થતું નથી. તેમનાથી અવધિજ્ઞાની અસંખ્યગણા છે. કારણકે અવધિજ્ઞાન ચારેય ગતિમાં થાય છે. તેમનાથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે. કેમકે કેટલાય પંચેન્દ્રિય અવધિજ્ઞાની હોતા નથી. જ્યારે કેટલાય વિકલેન્દ્રિય જીવો પણ સાસ્વાદાન ગુણસ્થાનવર્તી હોય છે.

અજ્ઞાનીઓમાં વિભંગજ્ઞાની જીવ બધાથી ઓછા છે. કેમકે વિભંગજ્ઞાની પંચેન્દ્રિયો જ હોય છે. તેનાથી મત્યાજ્ઞાની અને શ્રુતાજ્ઞાની અનંતગણા કહ્યા છે. કેમકે મત્યજ્ઞાન અને શ્રુતાજ્ઞાન એકેન્દ્રિય જીવોને પણ હોય છે. અને તે જ અપેક્ષાએ પરસ્પરમાં સરખા કહ્યા છે.

જ્ઞાની અને અજ્ઞાની મિશ્રમાં બધાથી ઓછા મનઃપર્યવજ્ઞાની છે. અને તેનાથી અવધિજ્ઞાની અસંખ્યગણા છે અને તેનાથી આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાનીથી વિશેષાધિક છે. પરંતુ એ બંને પરસ્પરમાં તુલ્ય છે. તેનાથી વિભંગજ્ઞાની અસંખ્યગણા છે. કેમકે સમ્યગ્ દષ્ટિની દેવો અને નૈરયિકોની અપેક્ષાએ, મિથ્યાદષ્ટિ અસંખ્યગણા છે.

તેનાથી કેવલજ્ઞાની અનંતગણા છે. કેમકે એકેન્દ્રિયોને છોડીને અને સર્વ જીવોની અપેક્ષાએ સિદ્ધ અનંતગણા છે. તેનાથી મત્યજ્ઞાની અને શ્રુતાજ્ઞાની અનંતગણા છે. પરંતુ એ બંને પરસ્પરમાં તુલ્ય છે. કેમકે સાધારણ વનસ્પતિ જીવ મત્યજ્ઞાની અને શ્રુતાજ્ઞાની હોય છે.

**દંડકમાં જ્ઞાન અને અજ્ઞાન :-**

अनाण नाण तियतिय, सुरसिरिनिरए, थिरे अनाणदुगं ।

नाणन्नाण दु विगले, मणुए पण नाण ति अनाणा[४९] ॥२०॥

**ગાથાર્થ :-**

દેવના ૧૩ દંડક, ગર્ભજ તિર્યંચનો ૧ દંડક અને નારકનો એક દંડક એ ૧૫ દંડકમાં પ્રથમનાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. સમ્યગ્દષ્ટિ જીવોને ૩ જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ જીવોને ૩ અજ્ઞાન જાણવાં, તેમાં પણ પ્રત્યેક જીવ આશ્રયી વિચારતાં એક જીવને સમકાળે કોઈને અવધિજ્ઞાન રહિત ૨ જ્ઞાન હોય તો કોઈને અવધિજ્ઞાન સહિત ૩ જ્ઞાન હોય છે. પરંતુ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે તો દરેક સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ જીવને સમકાળે અવશ્ય હોય છે. તે પ્રમાણે મિથ્યાદૃષ્ટિને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન પણ સમકાળે અવશ્ય હોય છે. અને અવધિજ્ઞાનની લબ્ધિવાળો હોય તો તેવા મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાન સહિત ૩ અજ્ઞાન સમકાળે હોય છે.

સ્થાવરના ૫ દંડકમાં દરેક જીવને સમકાળે મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાન હોય છે. કર્મગ્રંથમાં તો બાદર પર્યાપ્ત પૃથ્વીકાયં, અપકાય અને પ્રત્યેક વનસ્પતિકાયે ૩ દંડકમાં અને વિકલેન્દ્રિયોમાં પણ અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદાન સમ્યક્ત્વ કહ્યું છે.

વિકલેન્દ્રિયના ૩ દંડકમાં ૨ જ્ઞાન અને ૨ અજ્ઞાન હોય છે. પૂર્વ ભવમાં મરણથી અં.મુ પહેલા ઉપશમ સમ્યગ્દષ્ટિ થઈને પુનઃ સમ્યક્ત્વથી પતિત થઈ, સાસ્વાદાન સમ્યક્ત્વ સહિત મરણ પામી, વિકલેન્દ્રિયપણે ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં કિંચત્કાળથી સાસ્વાદાન સમ્યક્ત્વ વર્તતું હોય છે. તેથી તે સાસ્વાદાન સમ્યક્ત્વની અપેક્ષાએ અપર્યાપ્ત અવસ્થામાં વિકલેન્દ્રિયો ૨ જ્ઞાનવાળા કહેવાય છે અને ત્યારબાદ

સંપૂર્ણ ભવપર્યંત મિથ્યાદૃષ્ટિ હોવાથી અજ્ઞાનવાળા કહેવાય છે.

ગર્ભજ મનુષ્યના એક દંડકમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. તેમાં પણ મનુષ્યને સમકાળે તો યથાસંભવ ૨ અજ્ઞાન, ૩અજ્ઞાન, ૧ જ્ઞાન-કેવલજ્ઞાન, ૨ જ્ઞાન, ૩ જ્ઞાન (મનઃપર્યવજ્ઞાન અથવા અવધિજ્ઞાન સહિત) અથવા ૪ જ્ઞાન હોય છે. પરંતુ સમકાળે ૫ જ્ઞાન હોય નહિં. તેમ જ જ્ઞાન અને અજ્ઞાન બે પણ સમકાળે ન હોય.

**દંડકમાં જ્ઞાન અને અજ્ઞાનના ચિંતનનું કારણ :-**

જ્ઞાન એ આત્માનો ગુણ છે. આત્મા જ્યાં જાય ત્યાં જ્ઞાન તેને અનુસરે છે. નંદીસૂત્રમાં કહ્યું છે કે આત્મા નિગોદના ઘરમાં જાય ત્યાંપણ અક્ષરનો અનંતમો ભાગ અવશ્ય ખુલ્લો રહે છે. અનાદિ કાળથી મિથ્યાત્વી આત્મામાં અજ્ઞાન હોય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં મિથ્યાજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન બને છે. અજ્ઞાનના અંધકારને દૂર કરવા જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવો જરૂરી છે. સમ્યગ્જ્ઞાન આત્માને સંપૂર્ણ સુખી બનાવે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન નિર્મળ બને તેમ આત્માની શુદ્ધતા વધતી જાય છે. સંપૂર્ણ શુદ્ધ *બનેલો આત્મા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. દંડક જ્ઞાન અને અજ્ઞાનના ચિંતનનું એક જ કારણ છે કે આત્માના નિજસ્વભાવની ઓળખ કરીને આત્માને નિર્મળ બનાવીએ તો* આખરે કેવલજ્ઞાન પણ મળી શકે છે. અને આત્મા શાશ્વત સુખને પામી શકે છે.

જો કોઈ વ્યક્તિ જ્ઞાનાત્મક આત્માને તથા યથોચિતરૂપથી પરકીય ચેતન અને અચેતન દ્રવ્યોને નિશ્ચયથી અનુકૂળ ભેદજ્ઞાનનો આશ્રય લઈને જાણે છે તે મોહનો ક્ષય કરી દે છે. અને આ સ્વપર ભેદ વિજ્ઞાન આગમમાં સિદ્ધ હોય છે. તેથી દંડકમાં આવા શુભ ભાવ છે. અજ્ઞાન અને જ્ઞાનનું ચિંતન કરવું જોઈએ.

જે જાણે તે જ્ઞાન છે.[૫૦] જેના દ્વારા જાણી શકાય તે જ્ઞાન છે.[૫૧] જાણવું માત્ર જ્ઞાન છે.[૫૨] એવંભૂત નયની દૃષ્ટિમાં જ્ઞાનક્રિયામાં પરિણત આત્મા જ જ્ઞાન છે.[૫૩] જો કે જ્ઞાન સ્વભાવી છે. સાકારોપયોગનું નામ જ્ઞાન છે.[૫૪] ભૂતાર્થ પ્રહણનું નામ જ્ઞાન છે.[૫૫] સત્યાર્થ પ્રકાશ કરવાવાળી શક્તિ વિશેષનું નામ જ્ઞાન છે.[૫૬] વસ્તુ સ્વભાવનો નિશ્ચય કરવાવાળા ધર્મને જ્ઞાન કહે છે.[૫૭] જેના દ્વારા દ્રવ્ય, ગુણ, પર્યાયને જીવ જાણે છે તેને

જ્ઞાન કહે છે.[58] જેના દ્વારા યથાર્થ રીતથી વસ્તુ જાણી શકાય તેને જ્ઞાન કહે છે.[59] સમ્યગ્ જ્ઞાનને જ જ્ઞાન સંજ્ઞા આપી છે.[60]

**ટિપ્પણી :-**

૧. નંદી સૂત્ર

૨. ઔ. સૂ.

૩. ઉત. સૂ. અ. ૧

૪. સ્થા. ઠા. ૩ ઉ. ૨

૫. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૨ પૃ. ૨૫૫

૬. થી ૧૫. જૈ. સિ. કોષ. ભા ૨ પૃ. ૨૫૫

૧૬. અભિધાન કોષ ભા. ૧

૧૭. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૭

૧૮. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૭

૧૯. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૭

૨૦. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૭

૨૧. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૩૭

૨૨. નંદી સત્ર સૂ. ૧ । ભગ. સૂ. શ. ૮ ઉ. ૨ સૂ. ૪ । કર્મગ્રંથ - ૧

૨૩. તત્ત્વાર્થ સૂ. ૧।૯

૨૪. નંદી સૂત્ર. ૨૬ થી ૩૪ । ભગ. સૂ. શ. ૮ ઉ. ૪ સૂ. ૫ । કર્મગ્રંથ - ૧

૨૫. નંદી સૂત્ર - સૂ. ૩૦-૩૩ । ભગ. સૂ. ૧।૮ ઉ. ૨

૨૬. તત્ત્વાર્થ સૂત્ર ૯।૪૫

૨૭. નંદી સૂત્ર. સૂ. ૩૭ । કર્મગ્રંથ ૧ । ભગ. સૂ. શ. ૮ ઉ. ૨

૨૮. નંદી સૂત્ર. સૂ. ૬ થી ૧૪ । કર્મગ્રંથ ૧ । ભગ. સૂ. શ. ૮ ઉ. ૨

૨૯. નંદી સૂત્ર. સૂ. ૧૭ । ભગ. સૂત્ર શ. ૮. ઉ. ૨ । કર્મગ્રંથ ૧

૩૦. નંદી સૂત્ર સૂ. ૧૯ । ભગ. સૂ. શ. ૮ ઉ. ૨ । કર્મગ્રંથ ૧

૩૧. વિશે. ગા. ૮૫/૮૬

૩૨. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૪

જૈન સિ. કોષ. ભાગ. ૨

૩૩. વિશે. ગા. ૮૮

૩૪. વિશે. ગા. ૧૦૫

૩૫. વિશે. ગા. ૧૧૬

૩૬. વિશે. ગા. ૧૨૭

૩૭. વિશે. ગા. ૧૨૯

૩૮. વિશે. ગા. ૧૭૧

૩૯. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૪-૫.

૪૦. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૬

૪૧. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૬

૪૨. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૧૦

૪૩. ભગ. શ. ૧૮ ઉ. ૮ સૂ. ૨

૪૪. ભગ. શ. ૧ ઉ. ૧ સૂ. ૨૬

૪૫. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૧૦

૪૬. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૧૨

૪૭. ભગ. શ. ૮ ઉ. ૨ સૂ. ૧૨

૪૮. પ્રજ્ઞા. સૂત્ર

૪૯. દંડક પ્રકરણ ગા. ૨૦

૫૦ થી ૬૦. જૈન. કોષ. ભા. ૨ પૃ. ૨૫૫


• • •

# (૧૪મું) યોગદ્વાર

દંડક પ્રકરણમાં ૨૪, દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ વિચારણામાં ૧૪મા દ્વારમાં યોગ વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે મુજબ છે.

**યોગના અર્થો :-**

શાસ્ત્રમાં યોગના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) કર્મના સંયોગના કારણભૂત જીવના પ્રદેશોના પરિસ્પંદને યોગ કહેવાય છે.[1] (૨) મન, વચન, કાયાની પ્રવૃત્તિના પ્રતિ જીવનો ઉપયોગ અથવા પ્રયત્ન વિશેષ યોગ કહેવાય છે.[2] (૩) જે સંબંધ અર્થાત્ સંયોગને પ્રાપ્ત હોય તેને યોગ કહે છે.[3] (૪) ક્રિયાની ઉત્પત્તિમાં જે જીવનો ઉપયોગ હોય છે તે યોગ છે.[4] (૫) મનોવર્ગણા, વચનવર્ગણા અને કાયવર્ગણાના નિમિત્તથી થવાવાળા આત્મપ્રદેશોના હલન-ચલનને યોગ કહે છે.[5] (૬) આત્મપ્રદેશોનો જે સંકોચ-વિસ્તાર થવાને યોગ કહે છે.[6] (૭) નિરવદ્ય ક્રિયાના અનુષ્ઠાનને યોગ કહે છે.[7] (૮) બાહ્ય જલ્પને રોકીને, ચિત્ત નિરોધ કરવો તે યોગ છે.[8] (૯) વર્ષાદિ ઋતુઓની કાલસ્થિતિને યોગ કહે છે.[9] (૧૦) આત્માના પ્રદેશોમાં થતું સ્ફૂરણ, વ્યાપાર, આંદોલન, હલન-ચલન, ઉથલ-પાથલ, તે પુદ્‌ગલોનાં સંબંધને લીધે જ થાય છે તે યોગ છે.[10] (૧૧) યોજનં યોગઃ વ્યાપાર તે યોગ છે. વીર્યાન્તરાય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી જઘન્ય લબ્ધિવિશેષ જેનું કારણ છે એવું અભિપ્રાય પૂર્વકનું આત્માનું વીર્ય છે તેનું નામ યોગ છે.[11] (૧૨) ક્ષીરાશ્રવ આદિ લબ્ધિ સમૂહના સંબંધને યોગ કહે છે.[12]

**યોગના પ્રકારો અને વિવેચન**[13] **:-** શાસ્ત્રમાં દર્શાવેલ યોગોને વિભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવ્યા છે.

**યોગ બે પ્રકારના છે :-** (૧) સકરણ યોગ અને (૨) અકરણયોગ

**(૧) સકરણયોગ :-** જીવ જેના દ્વારા કર્મથી યુક્ત થાય છે. તેનું નામ યોગ છે. વ્યાપાર કરે તેનું નામ સકરણ યોગ છે.

**(૨) અકરણયોગ :-** અલેશ્ય કેવલી જ્યારે કૃત્સ્વ જ્ઞેય (સંપૂર્ણ જાણવા યોગ્ય) પદાર્થ અને દશ્ય આ બે પદાર્થોમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનને ઉપયુક્ત કરે છે. તે સમયે તેમનામાં જે અપરિસ્પંદાત્મક અપ્રતિબદ્ધ વીર્યવિશેષ હોય છે તેનું નામ અકરણયોગ છે.

વળી **યોગ[૧૪] બે પ્રકારના** કહ્યા છે. (૧) સાલંબન અને (૨) નિરાલંબન.

**(૧) સાલંબન :-** આલંબન સહિત જે યોગ હોય તે સાલંબન યોગ કહેવાય.

**(૨) નિરાલંબન :-** ચાક્ષુષાદિ પ્રત્યક્ષની પ્રાપ્તિ જેમાં છે તેવા પ્રતિમાદિ સ્વરૂપ આલંબન નીકળી ગયેલ હોય અર્થાત્ આલંબન રહિત હોય તેને નિરાલંબન યોગ કહેવાય છે.

**યોગના[૧૫] ત્રણ પ્રકાર પણ છે.**

(૧) મનોયોગ (૨) વચનયોગ અને (૩) કાયયોગ.

**(૧) મનોયોગ :-**

સહકારી કારણભૂત મનથી યુક્ત જીવનો જે યોગ (વીર્યપર્યાય) છે તેનું નામ મનોયોગ છે. જેમ દુર્બળને લાકડી આધારરૂપ બને છે. તેમ તે મનોયોગ જીવને આધાર કારક બને છે. કારણ કે જીવ મનથી જ્ઞેયરૂપ જીવ અને અજીવાદિ તત્ત્વનું ચિંતન કરે છે. તે કારણે તેને મનોયોગ કહ્યો છે. જે સ્ફુરણ મનોયોગ યોગ્ય વર્ગણાના બનેલા મનની મદદથી પ્રવર્તે છે. તેને મનોયોગ કહેવાય છે. અર્થાત્ કોઈ પણ વિષયનું ચિંતન કરવું તેને મનોયોગ કહેવાય છે. અથવા મનના જે કરણ, કારણ અને અનુમતિરૂપ વ્યાપાર છે તેનું નામ મનોયોગ છે. તે મનોયોગ ચાર પ્રકારનો છે.

(૨) **વચનયોગ :-**

બોલવું તે વચનયોગ છે. વચનને યોગ્ય વર્ગણાના બનેલા વચનની મદદથી

પ્રવર્તે છે. તેને વચનયોગ કહેવાય છે. વચનના જે કરણ, કારણ અને અનુમતિરૂપ વ્યાપાર છે તેનું નામ વચનયોગ છે. તે વચન યોગ ચાર પ્રકારનો છે.

(૩) **કાયયોગ :-**

શરીરની વર્ગણાઓના બનેલા શરીરોને લીધે પ્રવર્તે છે. તેને કાયયોગ કહેવાય છે. હાલવું, ચાલવું ઈત્યાદિ શરીર સંબંધી ક્રિયાઓ છે. તેને કાયયોગ કહેવાય છે. અથવા કાયાનો જે કરણ, કારણ અને અનુમતિરૂપ વ્યાપાર છે તેનું નામ કાયયોગ છે. તે કાયયોગ સાત પ્રકારનો છે.

**યોગ પંદર પ્રકારના પણ છે[૧૯] :-**

મનોયોગના ૪ પ્રકાર + વચન યોગના ૪ પ્રકાર + કાયયોગના ૭ પ્રકાર =૧૫ પ્રકારના યોગ થાય.

**(૧) મનોયોગના ૪ પ્રકાર :-**

**(૧) સત્ય મનોયોગ :-**

જે વસ્તુ જે રીતે હોય અથવા તેનો જે ગુણ, સ્વભાવ, ધર્મ જે રીતે હોય તે રીતે વસ્તુને સંપૂર્ણ વિચારવી. અથવા તેના ગુણ, સ્વભાવ કે ધર્મનો સત્ય વિચાર કરવો. તેને સત્ય મનોયોગ કહે છે. આ યોગ કરતી વખતે આત્મામાં થતો વ્યાપાર, દાખલા તરીકે, વીતરાગ પ્રભુને સુદેવ, ત્યાગી ગુરુઓને સુગુરુ અને અહિંસામય શુદ્ધ ધર્મને, શુદ્ધ ધર્મ વિચારવો તે સત્ય મનોયોગ છે.

**(૨) અસત્ય મનોયોગ :-**

સત્ય વિચારથી વિરુદ્ધ વિચાર કરતી વખતે આત્મામાં થતો વ્યાપાર. દાખલા તરીકે તેથી વિરુદ્ધ એટલે વીતરાગ પ્રભુને અદેવ અને સરાગી દેવને સુદેવ વિચારવા, તે જ પ્રમાણે ગુરુને કુગુરુ અને હિંસાદિના ઉપદેશક કુગુરુને ગુરુ તરીકે ધારે અને ધર્મને અધર્મ તથા હિંસાદિ અધર્મને ધર્મ વિચારે તે અસત્ય મનોયોગ કહેવાય છે.

**(૩) સત્યમૃષા (મિશ્ર) મનોયોગ :-**

કાંઈક સત્ય અને કાંઈક અસત્ય વિચાર વખતે આત્મામાં થતો વ્યાપાર. દાખલા

તરીકે, આંબા વગેરે ઘણા ઝાડોવાળા વનને મુખ્યતાની અપેક્ષાએ આંબાનું વન વિચારે તેવા.મિશ્ર-ઔપચારિક વાક્યો વિચારે તે મિશ્ર મનોયોગ કહેવાય છે.

**(૪) અસત્ય-અમૃષા-વ્યવહાર મનોયોગ :-**

જે વિચારને વ્યવહારદષ્ટિથી સાચો તેમ જ ખોટો પણ ન કહી શકાય તેવો વિચાર કરતી વખતે આત્મામાં થતો વ્યાપાર. દાખલા તરીકે - વ્યવહારમાં આપણે જે જે અનેક પ્રકારના "આવો", "બેસો" વગેરે કામ પૂરતાં વાક્યો જે વિચારથી બોલીએ છીએ. તથા પશુઓ વગેરે અસ્પષ્ટ વિચાર કરે છે, તે દરેક ચોથા પ્રકારમાં આવી શકે છે.

**(૨) વચનયોગ ૪ પ્રકાર :-**

(૧) સત્યવચન યોગ (૨) અસત્ય વચન યોગ (૩) મિશ્ર વચનયોગ (૪) વ્યવહાર વચન યોગ. ઉપર પ્રમાણે મનોયોગ પ્રમાણે ૪ પ્રકારે વચનયોગમાં સમજવું

**(૩) કાયયોગના ૭ પ્રકાર :-**

(૧) ઔદારિક (૨) ઔદારિક મિશ્ર (૩) વૈક્રિય (૪) વૈક્રિય મિશ્ર (૫) આહારક (૬) આહારક મિશ્ર (૭) કાર્મણ કાયયોગ.

**(૧) ઔદારિક કાયયોગ :-**

ઔદારિક શરીરની ગમનાદિક ચેષ્ટા વખતે આત્મામાં પ્રવર્તતા વ્યાપારને ઔદારિક કાયયોગ કહે છે.

**(૨) ઔદારિક મિશ્ર કાયયોગ :-**

કાર્મણ શરીર અને ઔદારિક શરીર અથવા ઔદારિક શરીર અને વૈક્રિય અથવા આહારક શરીરના મિશ્રણવાળા શરીરની ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતા વ્યાપારને ઔદારિક મિશ્ર કાયયોગ કહે છે. જ્યાં સુધી ઔદારિક અપરિપૂર્ણ રહે છે. ત્યાં સુધી તેને ઔદારિક મિશ્ર કહે છે. જેવી રીતે ગોળમિશ્રિત દહીં, ગોળરૂપે ઓળખાતું નથી અને દહીં રૂપે પણ ઓળખાતું નથી. એ જ પ્રમાણે કામર્ણની સાથે મિશ્ર એવા ઔદારિક શરીરને ઔદારિક પણ કહી શકાતું નથી અને કાર્મણ પણ કહી શકાતું નથી. કારણ કે તે અપરિપૂર્ણ છે. તેથી તેને ઔદારિક મિશ્ર કહેવામાં આવે છે. એ જ પ્રમાણે વૈક્રિય

અને આહારકમાં મિશ્રતા સમજવી. અથવા ઔદારિક આદિ શુદ્ધ શરીરનો સદ્ભાવ પર્યાપ્ત જીવમાં જ હોય છે. ઔદારિક મિશ્ર આદિ શરીરનો સદ્ભાવ અપર્યાપ્તક જીવમાં જ હોય છે ઉત્પત્તિકાળે ઔદારિક શરીરવાળાનું ઔદારિક શરીર કાર્મણ સાથે અને વૈક્રિય શરીર આહારક કરવાને કાળે વૈક્રિય અને આહારક શરીર સાથે મિશ્ર હોય છે. આ રીતે ઔદારિક મિશ્રતા સમજવી. દેવાદિ પર્યાયની ઉત્પત્તિમાં વૈક્રિય કાર્મણ સાથે મિશ્રયોગ હોય છે. તેથી તેને વૈક્રિય મિશ્ર કહે છે. તથા આહારક શરીરવાળો જીવ જ્યારે આહારકકાયનું પ્રયોજન સિદ્ધ કરી લે છે અને ફરી ઔદારિક શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તે શરીર ઔદારિક સાથે મિશ્ર હોય છે. આ રીતે આહારકમાં મિશ્રતા સમજવી.

(૩) **વૈક્રિય કાયયોગ :-**

વૈક્રિય શરીરની ગમનાદિ ચેષ્ટા વખતે આત્મામાં પ્રવર્તતા વ્યાપારને વૈક્રિય કાયયોગ કહે છે.

(૪) **વૈક્રિય મિશ્ર કાયયોગ :-**

વૈક્રિય શરીર અને કાર્મણ શરીરના, તથા વૈક્રિય શરીર અને ઔદારિક શરીરના મિશ્રણવાળા શરીરની ગમનાદિ ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતા વ્યાપારને વૈક્રિય મિશ્ર કાયયોગ કહે છે.

(૫) **આહારક કાયયોગ :-**

આહારક શરીરની ગમનાદિ ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતા વ્યાપારને આહારક કાયયોગ કહે છે.

(૬) **આહારક મિશ્ર કાયયોગ :-**

ઔદારિક શરીર અને આહારક શરીરના મિશ્રણ વખતે આત્મામાં પ્રવર્તતા વ્યાપારને આહારકમિશ્ર કાયયોગ કહે છે.

**(૭) કાર્મણ કાયયોગ :-**

કેવળ કાર્મણ અને તૈજસ શરીર જ્યારે એકલા હોય ત્યારે તેની ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતા વ્યાપારને કાર્મણ કાયયોગ કહે છે. કાર્મણ કાયયોગ વિગ્રહગતિમાં અથવા કેવળી સમુદ્ઘાતમાં થાય છે.

**(૧) કેટલાક આચાર્યોના મતો :-**

૧. શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી મિશ્ર યોગ માને છે અને (૨) સર્વ પર્યાપ્તિ સંપૂર્ણ થાય ત્યાં સુધી મિશ્ર યોગ માને છે.

એટલે કે કેટલાક શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકાદિ કાયયોગ માને છે. અને કેટલાક સર્વ પ્રાપ્તિઓ પૂર્ણ થયા પછી ઔદારિકાદિ કાયયોગ માને છે.

**(૨) કર્મગ્રંથને મતે :-**

વૈક્રિય અને આહારક શરીરની રચના વખતે અને સંહરણ વખતે વૈક્રિયમિશ્ર અને આહારક મિશ્ર કહે છે.

**(૩) સિદ્ધાંતના મતે :-**

માત્ર સંહરણ વખતે જ વૈક્રિય મિશ્ર અને આહારક મિશ્ર માને છે.

**(૪) ઔદારિક મિશ્ર યોગ :-**

(૧) મનુષ્યો અને તિર્યંચોને ઉત્પત્તિ વખતે કાર્મણ સાથે મિશ્ર હોય છે.

(૨) ઉત્તર વૈક્રિય શરીર રચતી વખતે વૈક્રિય સાથે મિશ્ર યોગ હોય છે.

(૩) આહારક શરીર રચતી વખતે પ્રારંભમાં આહારક સાથે હોય છે.

(૪) કેવલી ભગવંતને કેવલી સમુદ્દ્ઘાતના ૨, ૬, ૭મા સમયે હોય છે.

**(૫) વૈક્રિય મિશ્ર :-**

દેવ નારકને અપર્યાપ્ત અવસ્થામાં અને ઉત્તરવૈક્રિય કરતી વખતે, તથા મનુષ્ય-તિર્યંચો અને વાયુને વૈક્રિય શરીર કરતી વખતે હોય છે. (અને સિંદ્ધાંતને મતે સંહરણ વખતે જ હોય છે.)

**(૬)** એ જ પ્રમાણે આહારક શરીર રચતી વખતે શરૂઆતમાં અને સિદ્ધાંતના મતે સંહરણ વખતે હોય છે.

**૨૪ દંડક આશ્રી યોગની પ્રરૂપણા :-**

એકેન્દ્રિયોમાં માત્ર કાયયોગનો સદ્ભાવ હોય છે. વિકલેન્દ્રિયોમાં કાયયોગને વચનયોગનો સદ્ભાવ હોય છે. બાકીનામાં નારકોથી લઈને ત્રણેય યોગોમાં સદ્ભાવ

હોય છે.

**આગમ અને ટીકા સાહિત્યમાં યોગનું વિવેચન :-**

બે[17] નૈરયિકો કે જે પહેલા સમયમાં ઉત્પન્ન થયા છે. તેમાંથી એક તે નારક ક્ષેત્રથી પ્રાપ્તિ વિગ્રહગતિથી કરી હોય અથવા ઋજુગતિથી કરી હોય એવા નૈરયિકો કદાચિત્ તે બંને સમાન યોગવાળા હોય છે. અને કદાચિત તેઓ વિષમયોગવાળા પણ હોય છે. કારણ કે આહારક નારકથી અનાહારક અને અનાહારક નારકથી આહારક નારક કોઈ વાર હીન હોય છે. કોઈ વાર તુલ્ય હોય છે. અને કોઈ વાર અધિક હોય છે. અર્થાત્ આહારક આહાર કરવાવાળા નારક કરતાં અનાહારક આહાર નહીં કરવાવાળા જઘન્ય યોગવાળા એટલા માટે હોય છે કે જે નારકો વિગ્રહભાવથી ઋજુગતિથી આવીને આહારકપણાથી ઉત્પન્ન થાય છે. તે નિરંતર આહારક આહાર કરવાવાળા હોવાના કારણથી પુદ્ગલોથી ઉપચિત-વધેલા પુષ્ટ હોય છે. તેથી એ આહારક નારક અધિક યોગવાળા હોય છે. અને જે વિગ્રહગતિથી અનાહારક થઈને ઉત્પન્ન થયા છે. તે હીન યોગવાળા હોય છે. કેમકે તે પુદ્ગલોથી ઉપચિત-વધેલા હોતા નથી. અને એ જ કારણથી હીન યોગવાળા હોવાથી તે વિષમ-યોગવાળા હોય છે. જે બે નારકો સરખા સમયવાળી વિગ્રહગતિથી અનાહારક થઈને ઉત્પન્ન થયા છે. અથવા ઋજુગતિથી આવીને ઉત્પન્ન થયા છે. અને બંનેમાં એક નારક બીજા નારક કરતાં તુલ્ય હોય છે. અર્થાત્ સરખા યોગવાળા હોય છે. એટલે કે જે નારક વિગ્રહગતિના અભાવથી જે નારક થયા છે. તે વિગ્રહગતિમાં અનાહારક થયેલા નારક કરતાં અત્યંત ઉપચિત-વધેલા હોવાના કારણથી વિષમ-વિપરીત યોગવાળા હોય છે. એનો અર્થ એ થયો કે આહાર કરવાવાળા નૈરયિક કરતા આહારક ન કરવાવાળા નારકો હીન યોગવાળા હોય છે. તથા આહાર ન કરવાવાળા નારકો કરતાં આહાર કરવાવાળા નારકો વધારે યોગવાળા હોય છે. તથા બંને આહાર કરવાવાળા નારકો અથવા બંને અનાહારક નારકો અન્યોન્યમાં સરખા યોગવાળા હોય છે. તેથી અપેક્ષાથી જે નારકો અન્યોન્યમાં સરખા યોગવાળા હોય છે. તેથી અપેક્ષાથી જે નારકો હીન યોગવાળા હોય છે. તેની અપેક્ષાથી હીનપણામાં અસંખ્યાતમો ભાગ હીન હોય છે. અથવા સંખ્યાતમો ભાગ હીન હોય છે. અથવા સંખ્યાતગણા હીન હોય છે. કારણ કે તેઓ કોઈ વાર વિષમ યોગવાળા પણ

હોય છે.

નારકના કથન પ્રમાણે યાવત્ વૈમાનિક પર્યંતના બાકીના ૨૩ દંડકોમાં સમપણાની, વિષમપણાની અને અધિકપણાની વ્યાખ્યા એકની અપેક્ષાથી કરવી જોઈએ.

**યોગની નિવૃત્તિ[૮] :-**

યોગ નિવૃત્તિ ત્રણ પ્રકારની કહેલી છે. મનોયોગ નિવૃત્તિ, વચનયોગ નિવૃત્તિ, અને કાયયોગ નિવૃત્તિ. આ યોગ નિવૃત્તિ નારકોથી લઈને વૈમાનિક સુધીના સઘળા સંસારી જીવોને હોય છે. કોઈ જીવને માત્ર કાયયોગ નિવૃત્તિ હોય છે. કોઈ જીવને કાયયોગ અને વચન યોગ નિવૃત્તિ હોય છે. અને કોઈ જીવને ત્રણેય યોગની નિવૃત્તિ હોય છે. જેથી જીવને જે યોગ હોય તે જીવને તે યોગની નિવૃત્તિ સમજવી.

નિર્વૃત્તિ એટલે નિષ્પત્તિ. એકેન્દ્રિય પર્યાય રૂપથી જીવોની નિષ્પત્તિ-ઉત્પત્તિ થાય છે તેનું નામ જીવનિવૃત્તિ છે.

ભાષા નિવૃત્તિ ચાર પ્રકારની હોય છે. (૧) સત્યભાષા નિવૃત્તિ, મૃષા ભાષા નિવૃત્તિ, સત્યામૃષા ભાષા નિવૃત્તિ અને અસત્યામૃષાભાષા નિવૃત્તિ. આ રીતે એકેન્દ્રિય જીવોને છોડીને વૈમાનિક પર્યંતના જીવોને જે ભાષા હોય છે. તે જીવને તે ભાષાની નિવૃત્તિ કહેવી. એકેન્દ્રિય જીવોને ભાષા હોતી નથી. તેથી ભાષા નિવૃત્તિમાં તેઓને ગ્રહણ કરવામાં નિષેધ કરવામાં આવેલ છે. આ રીતે સત્યાદિ ભાષાના ભેદથી એકેન્દ્રિય જીવ સિવાયના અન્ય જીવ માત્રને ચાર પ્રકારની ભાષા હોય છે.

મનોનિવૃત્તિ ચાર પ્રકારની કહેવામાં આવી છે.

(૧) સત્યા મનોનિવૃત્તિ (૨) અસત્યા મનોનિવૃત્તિ (૩) સત્યા સત્યા મનોનિવૃત્તિ અને (૪) અનુભય મનોનિવૃત્તિ. આ ચારે પ્રકારની મનોનિવૃત્તિ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોને છોડીને બાકીના વૈમાનિક સુધીના જીવોને હોય છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને મન હોતું નથી. તેથી તે જીવોને છોડવાનું કહેલ છે. આ મનોનિવૃત્તિ જે જીવોને મન હોય છે તેને જ કહી છે. સંજ્ઞી પંચેન્દ્રિય્ જીવોને જ મન હોય છે. તેથી તેઓને આ મનોનિવૃત્તિ હોય છે.

મનન[૧૯] કરવું તેનું નામ મન છે. અહિં મન દ્વારા ભાવમનને જ ગ્રહણ કરવામાં

આવ્યું છે. ઔદારિક આદિ શરીરના વ્યાપારથી ગૃહીત જે મનોદ્રવ્ય સમૂહ છે. તે મનોદ્રવ્ય સમૂહની સહાયતાથી જીવનો જે ચિંતનાત્મક વ્યાપાર ચાલે છે તે ભાવ મન છે. આ જીવનો વ્યાપાર જ મનોયોગ છે. સહકારી કારણભૂત મન દ્વારા જે યોગ થાય છે તેને મનોયોગ કહે છે. જેના દ્વારા ચિંતન કરાય છે તે ભાવમન છે. એવું તે મન મનોદ્રવ્ય માત્રરૂપ હોય છે. મનોવર્ગણાથી ગૃહીત એવા જે મનોયોગ્ય અનંત પુદ્ગલ સ્કંધ છે. તે પુદ્ગલોથી નિવૃત્ત જે મનયોગ્ય પુદ્ગલમય દ્રવ્ય છે તે દ્રવ્યમન છે. તે મન એક છે. તે મન ચાર પ્રકારનું છે. અને સંજ્ઞી જીવોની અસંખ્યાતની અપેક્ષાએ તે અસંખ્યાત ભેદવાળું પણ કહેવાય છે. છતાં પણ મનનરૂપ સામાન્યની અપેક્ષાએ સમસ્ત મનોમાં એકત્વ હોવાથી તેને એક કહ્યું છે.

વચન એક છે. જે બોલવામાં આવે છે તે વચન છે. અહીં વચન પદથી ભાવવાક્‌ને ગ્રહણ કરવામાં આવેલ છે. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના વ્યાપારથી ગૃહીત જે વાક્દ્રવ્ય સમૂહની સહાયતાથી જીવનો જે વ્યાપાર ચાલે છે તેને વાક્‌યોગ કહે છે. સહકારી કારણરૂપ વચન દ્વારા જે યોગ થાય છે, તે યોગને વાક્‌યોગ કહે છે, તે વાક્ (વાણી) એક છે. જો કે મનોયોગની જેમ વાક્‌યોગના પણ ચાર ભેદ કહ્યા છે. પરંતુ વચન સામાન્યની અપેક્ષાએ સમસ્ત વચનોમાં એકતા હોવાની અપેક્ષાએ તેને એક કહ્યું છે.

કાય એક છે. અન્નાદિદ્વારા જે વૃદ્ધિ પામે છે તે કાય છે. તે શરીરના વ્યાપારને કાય વ્યાયામ કહે છે. ઔદારિક આદિ શરીરવાળા આત્માનું જે વીર્યરૂપ પરિણામ વિશેષ છે. તેનું જ નામ કાયવ્યાયામ છે. તે કાયવ્યાયામ એકત્વ સંખ્યાયુક્ત છે. જો કે આ કાયવ્યાયામરૂપ કાયયોગના સાત પ્રકાર પડે છે. અનંત જીવોની અપેક્ષાએ તેને અનેક પ્રકારનો કહ્યો છે. છતાં પણ સામાન્યરૂપ કાયવ્યાયામની અપેક્ષાએ તેમાં એકત્વ પ્રગટ કરવામાં આવ્યું છે.

**યોગોમાં અલ્પબહુત્વ[૨૦] :-**

સયોગી, મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગી જીવોમાં બધાથી ઓછા મનોયોગવાળા જીવ છે. કેમકે પર્યાપ્ત જીવ જ મનોયોગવાળા થાય છે. અને તેઓ બધાથી થોડા છે. તેનાથી વચનયોગવાળા જીવ અસંખ્યગણા અધિક છે. કેમકે સંજ્ઞી

જીવોની અપેક્ષાએ બેઇન્દ્રિય આદિ જીવ અસંખ્યાતગણા છે. તેમનાથી અયોગી અર્થાત્ સિદ્ધ-જીવ અનંતગણા છે. અયોગીની અપેક્ષાએ કાયયોગી જીવ અનંતગણા અધિક છે. કેમકે વનસ્પતિકાયના જીવ અનંતગણા છે. અને તે બધા કાયયોગી છે. કાયયોગીઓની અપેક્ષાએ સામાન્ય સયોગી જીવ વિશેષાધિક છે. કેમકે તેમનામાં વચનયોગી આદિ પણ સંમિલિત છે.

વચન[૨૧] ત્રણ પ્રકારનાં કહ્યાં છે. (૧) એક વચન (૨) દ્વિવચન અને (૩) બહુવચન અથવા વચનના ત્રણ પ્રકાર છે. (૧) સ્ત્રીવચન (૨) પુરુષવચન અને (૩) નપુંસકવચન અથવા વચન ત્રણ પ્રકારના છે. (૧) અતીત વચન (૨) વર્તમાન વચન અને (૩) અનાગત વચન.

પ્રતિમા[૨૨] પ્રતિપન્ન (પ્રતિમાઓની આરાધના કરતાં) અણગારને માટે ચાર ભાષાઓ બોલવાં યોગ્ય કહી છે. (૧) યાચની (૨) પ્રચ્છની (૩) અનુજ્ઞાપની અને (૪) પૃષ્ટ વ્યાકરણી.

**(૧) યાચની :-** કલ્પનીય વસ્તુ જે ભાષાને સહારે માંગી શકાય છે તે ભાષાને યાચની ભાષા કહે છે.

**(૨) પ્રચ્છની :-** જે ભાષાને સહારે માર્ગાદિકોની પૃચ્છા કરવામાં આવે છે. અથવા પ્રયોજનવશ સૂત્ર અને અર્થ પૂછવામાં આવે છે તે ભાષાને "પ્રચ્છની" ભાષા કહે છે.

**(૩) અનુજ્ઞાપની :-** જે ભાષા દ્વારા ઉદ્યાન આદિના માલિકની આજ્ઞા લેવામાં આવે છે. તે ભાષાને "અનુજ્ઞાપની" ભાષા કહે છે.

**(૪) પૃષ્ટ વ્યાકરણી :-** પૂછવામાં આવેલી વાતનો જે ભાષા દ્વારા ઉત્તર દેવામાં આવે છે. તે ભાષાને "પૃષ્ટ વ્યાકરણી" ભાષા કહે છે.

ચાર પ્રકારની ભાષા કહે છે.

**(૧) સત્યભાષા :-** જીવોને માટે હિતકારી ભાષા છે તેને સત્યભાષા કહે છે. જેમ કે "આત્મા" છે. આ પ્રકારનું પ્રતિપાદન કરનારી જે ભાષા છે તે સત્યભાષા ગણાય છે.

**(૨) મૃષાભાષા :-** વિદ્યમાન અર્થનું નિષેધ કરનારી જે ભાષા છે. તેને મૃષાભાષા કહે છે.

**(૩) સત્ય મૃષાભાષા :-** જે ભાષા અંશતઃ સત્ય હોય અને અંશતઃ અસત્ય હોય એવી ભાષાને સત્યમૃષા ભાષાં કહે છે. જેમ કે "આત્મા છે અને તે અકર્તા છે." અહિં "આત્મા" આટલું કથન તો સત્ય જ છે. પણ "તે અકર્તા છે." આ કથન અસત્ય છે. કારણ કે આત્મા કર્તા છે. એ વાત જ સત્ય છે. તેથી આ કથન અંશતઃ સત્ય અને અંશતઃ અસત્ય હોવાથી આ પ્રકારની ભાષાને સત્યમૃષાભાષા કહે છે.

**(૪) અસત્ય મૃષાભાષા :-** જે ભાષા અસત્ય મૃષા સ્વભાવવાળી હોય છે. એટલે કે બંને સ્વભાવથી રહિત હોય છે. તે ભાષાને અસત્યમૃષા કહે છે. જેમ કે "ગામ આવી ગયું" ઇત્યાદિ વચન. આ પ્રકારનાં વચન સત્ય પણ નથી અને અસત્ય પણ નથી. કારણ કે ગામ તો જડ વસ્તુ છે. ગામ આવતું નથી પણ આપણે ગામ પાસે જઈએ છીએ. છતાં આ પ્રકારનો ભાષા પ્રયોગ થાય છે. આ અસત્યમૃષાને વ્યવહારભાષા પણ કહે છે.

**પંદર પ્રકારના યોગોનું અલ્પબહુત્વ[૨૩] :-**

પંદર પ્રકારના યોગોમાંથી, બધાથી થોડા કાર્મણ શરીરનો જઘન્ય યોગ છે. તેનાથી ઔદારિક મિશ્ર શરીરનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેનાથી વૈક્રિય મિશ્રનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેનાથી ઔદારિક શરીરનો જઘન્ય યોગ અસંખ્યાત ગણો છે. તેનાથી વૈક્રિય શરીરનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. આ રીતે કાર્મણ શરીર વગેરેનાં **જઘન્ય યોગનું અલ્પબહુત્વ** બતાવેલ છે.

**હવે ઉત્કૃષ્ટ યોગનું અલ્પબહુત્વ :-**

વૈક્રિય શરીરના જઘન્ય યોગ કરતાં કાર્મણ શરીરનો ઉત્કૃષ્ટ યોગ છે તે અસંખ્યાતગણો છે. તેના કરતાં આહારક મિશ્રનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેના કરતાં આહારક શરીરનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણો છે. ઔદારિક મિશ્રનો અને વૈક્રિય મિશ્રનો અર્થાત્ એ બંને શરીરનો જે ઉત્કૃષ્ટ યોગ છે તે પહેલા યોગ કરતાં અસંખ્યાતગણો છે. અર્થાત્ પરસ્પરમાં સરખો છે. તેના કરતાં અસત્યમૃષા મનોયોગનો

જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. અર્થાત્ તે પરસ્પરમાં સરખો છે. તેના કરતાં અસત્યમૃષા મનોયોગનો જઘન્યયોગ અસંખ્યગણો છે. તેના કરતાં આહારક શરીરનો યોગ અસંખ્યગણો અધિક છે.

ત્રણ પ્રકારનો મનોયોગ અને ચાર પ્રકારનો વચનયોગ એ સાતેનો જઘન્યયોગ પરસ્પર તુલ્ય છે અને પૂર્વપૂર્વની અપેક્ષાથી અસંખ્યગણો અધિક છે. જેથી એ અપેક્ષાથી યોગ પરસ્પરમાં તુલ્ય સરખા છે. અહિં મનોયોગને ત્રણ પ્રકારનો બતાવ્યો છે. તેનું કારણ એવું છે કે આહારક શરીરમાં વ્યવહારવાળા મનોયોગનો અભાવ રહે છે. આહારક શરીરનો ઉત્કૃષ્ટ યોગ પહેલાં કહેલ જઘન્ય યોગ કરતાં અસંખ્યગણો છે. તેના કરતાં ઔદારિક શરીરનો, વૈક્રિય શરીરનો, ચાર મનોયોગનો અને ચાર પ્રકારના વચનયોગનો જે ઉત્કૃષ્ટ યોગ છે તે અસંખ્યાતગણો હોવાથી તુલ્ય છે.

આ રીતે ચાર મનોયોગ, ચાર વચનયોગ અને સાત કાયયોગ મળીને ૧૫ યોગો થાય છે.

યોગ વિશે વિશેષ વર્ણન વિશેષાવશ્યક ભાષ્ય[૨૪] યોગબિન્દુ[૨૫], યોગભેદ ષોડશક[૨૬], યશોવિજયજીકૃત બત્રીશ બત્રીશીમાં[૨૭] પ્રાપ્ત થાય છે. તેમાં યોગની દૃષ્ટિએ વર્ણન કરવામાં આવ્યું છે. વિસ્તાર ભયથી અત્રે નોંધ કરવામાં આવી નથી.

**દંડકમાં યોગનું વિવેચન :-**

सच्चेअर मीस असत्य-मोस, मणवय विउव्वि आहारे ।
उरलं मीसा कम्मया, इय जोगा देसिया समए[२८] ॥२१॥

**ગાથાર્થ :-** સત્ય, અસત્ય, મિશ્ર અને અસત્ય-અમૃષા, મન અને વચન, વૈક્રિય, આહારક, ઔદારિક, મિશ્ર અને કાર્મણ એ પ્રમાણે સિદ્ધાંતમાં યોગો કહ્યા છે.

इक्कारस सुर निरए, तिरिएसु तेर, पनर मणुएसु ।
विगले चउ पण वाए, जोगतिगं थावरे होइ ॥२२॥

**ગાથાર્થ :-** દેવના ૧૩ દંડક અને નારકોનો ૧ દંડક એ ૧૪ દંડકમાં મનના ૪, વચનના ૪, મળીને ૮ યોગ, તથા વૈક્રિય-વૈક્રિયમિશ્ર અને કાર્મણ યોગ એ ૩ કાયયોગ

સહિત ૧૧ યોગ હોય છે.

**૧૫ યોગ ક્યારે ક્યારે હોય તેની સંક્ષિપ્ત વિગત :-**

૪ મનોયોગ મનઃપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પર્યાપ્ત અવસ્થામાં હોય.

૪ વચન યોગ પણ પર્યાપ્ત અવસ્થામાં હોય છે.

ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ પોતપોતાની પર્યાપ્ત અવસ્થામાં હોય છે.

ઔદારિકમિશ્ર ઉત્પત્તિના બીજા સમયથી અપર્યાપ્ત અવસ્થા સુધી અને કેટલાક આચાર્યોના મતે શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી. અને કેવલી સમુદ્‌ઘાતમાં ૨-૬-૭મા સમયે, એ પ્રમાણે ઔદારિક મિશ્રયોગ કર્મગ્રંથના અભિપ્રાયથી બે પ્રકારે છે. અને સિદ્ધાંતના અભિપ્રાયે ઉત્તર વૈક્રિયના તથા આહારકના પ્રારંભમાં પણ હોવાથી ૪ પ્રકારે છે. વૈક્રિય મિશ્રયોગ મૂળ વૈક્રિયની અપેક્ષાએ ઉત્પત્તિના બીજા સમયથી અપર્યાપ્ત અવસ્થા સુધી અને તિર્યંચ-મનુષ્યના ઉત્તરવૈક્રિયના પ્રારંભે અને સંહરણમાં એમ કર્મગ્રંથના અભિપ્રાયે ૩ પ્રકારે, અને સિદ્ધાંતના અભિપ્રાયે ઉત્તરવૈક્રિયના પ્રારંભમાં વૈક્રિયમિશ્ર નહિં, તેથી ૨ પ્રકારે છે. આહારક મિશ્ર આહારક દેહના પ્રારંભે અને સંહરણમાં (એ કર્મગ્રંથ અભિપ્રાય અને સિદ્ધાંતમાં પ્રારંભરહિત ૧ પ્રકાર) તથા તૈજસકાર્મણ યોગ વક્રગતિએ પરભવમાં જતાં ૧-૨-૩ સમય સુધી. કેવલી સમુદ્‌ઘાતમાં ૩જા, ૪થા અને ૫મા, એ ત્રણ સમય સુધી, અને દરેકને ઉત્પત્તિના પ્રથમ સમયે પણ હોય છે.

ગર્ભજ તિર્યંચના ૧ દંડકમાં ઔદારિક અને ઔદારિક મિશ્રને એ બે કાયયોગ સહિત (પૂર્વોક્ત ૧૧ યોગ મળી) ૧૩ યોગ છે. અને ગર્ભજ મનુષ્યમાં સર્વે મળી ૧૫ યોગ છે.

વિકલેન્દ્રિયોના ૩ દંડકમાં ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણ એ ત્રણ કાયયોગ, અને અસત્યામૃષા (વ્યવહાર) નામનો ૧ વચનયોગ મળી કુલ ૪ યોગ છે.

વાયુકાયના દંડકમાં ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર અને કાર્મણ

એ ૫ પ્રકારના કાયયોગ છે. કારણકે કેટલાક બાદર પર્યાપ્ત વાયુકાય જીવો વૈક્રિય લબ્ધિવાળા હોય છે.

સ્થાવરના દંડકમાં ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણ એ ત્રણ કાયયોગ જ છે.

**શરીરમાં યોગ :-**

ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરમાં - ૧૫ યોગ

વૈક્રિય શરીરમાં - ૧૨ યોગ, ૨ આહારક ને ૧ કાર્મણ વર્જીને

આહારક શરીરમાં - ૧૨ યોગ, ૨ વૈક્રિય અને બે કાર્મણ વર્જીને

**ઇન્દ્રિયમાં યોગ :-**

એકેન્દ્રિયમાં - ૫ યોગ તે ઔદારિક દ્વિક - વૈક્રિય દ્વિક અને કાર્મણ=૫

વિકલેન્દ્રિયમાં - ૪ યોગ તે ઔદારિક, દ્વિપ કાર્મણ અને વ્યવહાર વચન=૪

પંચેન્દ્રિયમાં - ૧૫ યોગ

અણિંદિયામાં - ૭ યોગ - તે - ૨ મનના + ૨ વચનના + ૨ ઔદારિકના + ૧ કાર્મણ કાયયોગ = ૭

**છ કાયમાં યોગ :-**

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વનસ્પતિકાયમાં=૩ યોગ.

ઔદારિકના ૨ + ૧ કાર્મણ = ૩

વાઉકાયના - ૫ યોગ - તે - ૨ ઔદારિક + ૨ વૈક્રિયના + ૧ કાર્મણ કાયયોગ = ૫

ત્રસકાયમાં - ૧૫ યોગ

અકાયમાં - એકેય યોગ નહિં. સિદ્ધ આશ્રી.

**વેદમાં યોગ :-**

પુરુષવેદમાં - ૧૫ યોગ

સ્ત્રીવેદમાં - ૧૩ યોગ - તે ૨ આહારકના છોડીને.

નપુંસકવેદમાં - ૧૫ યોગ

અવેદીમાં - ૧૧ યોગ - તે ૨ ઔદારિક + ૨ વૈક્રિય એ ૪ યોગ છોડીને.

**દ્રષ્ટિમાં યોગ :-**

સમ્યગ્દ્દષ્ટિમાં - ૧૫ યોગ

મિથ્યાદષ્ટિમાં - ૧૩ યોગ - ૨ આહારકના વર્જીને

મિશ્રદષ્ટિમાં - ૯ યોગ - ૪ મનના + ૪ વચનના + ૧ ઔદારિક = ૯

**દર્શનમાં યોગ :-**

એકાંત અચક્ષુ દર્શનમાં - ૬ યોગ - ૨ ઔદારિકના + ૨ વૈક્રિયના + ૧ કાર્મણ + ૧ વ્યવહાર વચન = ૬

ચક્ષુદર્શન, અચક્ષુદર્શનમાં - ૧૫ યોગ

અવધિદર્શનમાં - ૧૫ યોગ

કેવલદર્શનમાં - ૭ યોગ-અણિંદિયામાં બતાવેલ છે તે પ્રમાણે.

**જ્ઞાનમાં યોગ :-**

મતિજ્ઞાનમાં - શ્રુતજ્ઞાનમાં - ૧૫ યોગ

અવધિજ્ઞાન - મનઃપર્યવજ્ઞાનમાં - ૧૪ યોગ - કાર્મણ વર્જીને

કેવલજ્ઞાનમાં - ૭ યોગ અણિંદિયામાં બતાવેલ છે તે પ્રમાણે

**અજ્ઞાનમાં યોગ :-**

મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાનમાં - ૧૩ યોગ, ૨ આહારકના વર્જીને

**દંડકમાં યોગના ચિંતનનું કારણ અને આત્મિક વિકાસ :-**

દરેક ભવમાં યોગ મળે છે. એક ભવમાંથી બીજા ભવમાં જતાં પણ યોગ મળે છે. સંસારી દરેક આત્માઓને યોગ હોય જ છે. માત્ર કાયાના જ યોગમાં આત્મિક વિકાસ થઈ શકતો નથી. કાયાના યોગ અને વચનના યોગમાં પણ આત્મિક વિકાસ થઈ ના શકે. મનના યોગમાં ઉત્થાન થઈ શકે છે. મનના યોગનું ઘણું જ મહત્ત્વ છે. પતન પણ મનથી થાય છે અને ઉત્થાન પણ મનથી થાય છે. મનનો યોગ શુભ થાય તો વચનનાં યોગ અને કાયાના યોગ પણ શુભ થઈ જાય છે. મન દ્વારા જ વિચારી શકાય છે. અશુભયોગમાં કર્મ બંધન થાય છે. અને શુભ યોગમાં કર્મ નિર્જરા થાય છે. દંડકમાં યોગનું ચિંતન કરવાથી શુભ ભાવોની પ્રેરણા મળે છે. મનનો યોગ અયોગી બનાવે છે. યોગીમાંથી અયોગી બનવા માટે મનના યોગ મુખ્ય ભાગ ભજવે છે. અયોગી દશા પ્રગટે એટલે મોક્ષ નિશ્ચિત થઈ જાય છે. સિદ્ધો અયોગી છે અને ૧૪મા ગુણસ્થાનમાં પણ જીવ અયોગી બને છે. યોગનો ચરમ વિકાસ અયોગપણામાં થાય છે. માટે આધ્યાત્મિક વિકાસ માટે દંડકમાં યોગનું ચિંતન કરવું ખૂબ જ જરૂરી છે.

**ટિપ્પણી**

૧. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૨. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૩. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૪. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૫. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૬. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૭. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૮. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩ પૃ. ૩૮૮

૯. દંડક પ્રકરણ.

૧૦. સ્થા. ઠા. ૩ ઉ. ૧ સૂ. ૫

૧૧. સૂત્રકૃતાંગ પૃ. ૨૦

૧૨. સ્થા.સૂ.ઠા ૧ પૃ. ૨૦ ઉ. ૧ સૂ. ૫

૧૩. સ્થા. સૂ. ઠા. ૨ ઉ. ૧

૧૪. યોગ ષોડશક

૧૫. સ્થા. ઠા. ૩ ઉ. ૧ સૂ. ૫

૧૬. દંડક પ્રકરણ

૧૭. ભગ. શ. ૨૫ ઉ. ૧ સૂ. ૪

૧૮. ભગ. શ. ૧૯ ઉ. ૮ સૂ. ૧

૧૯. સ્થા. ઠા. ૧ ઉ. ૧

૨૦. પ્રજ્ઞા. સૂત્ર

૨૧. સ્થા. ૩ ઠા.

૨૨. સ્થા. ૪ ઠા. ઉ. ૧ સૂ. ૩

૨૩. ભગ. સૂત્ર શ. ૨૫ ઉ. ૧ સૂ. ૫

૨૪. ગા. ૩૫૯થી ૩૬૪

૨૫. ગા. ૩૯થી ૬૭

૨૬. ગા. ૧થી ૧૬

૨૭. ગા. ૧૦, ૧૮, ૧૯, ૨૦, ૨૬

૨૮. દંડક પ્રકરણ, ગા. ૨૧, ૨૨

• • •

# (૧૫મું) ઉપયોગ દ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. આ વિચારણામાં ૧૫મા દ્વારમાં ઉપયોગ વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે પ્રમાણે છે.

**ઉપયોગના અર્થો :-** શાસ્ત્રમાં ઉપયોગ શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) ચેતનાની પરિણતિ વિશેષનું નામ ઉપયોગ છે.[૧] (૨) ચેતના સામાન્ય ગુણ છે. અને જ્ઞાન, દર્શન આ તેના પર્યાયો છે. તેને ઉપયોગ કહે છે.[૨] (૩) જીવ જે ભાવ વસ્તુને ગ્રહણ કરવા પ્રવૃત્ત થાય છે. તેને ઉપયોગ કહે છે.[૩] (૪) જે અંતરંગ અને બહિરંગ બંને પ્રકારના નિમિત્તથી થાય છે અને ચૈતન્યને છોડીને અન્યત્ર રહેતો નથી તે પરિણામ ઉપયોગ કહેવાય છે.[૪] (૫) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને લબ્ધિ કહે છે. તે લબ્ધિના આલંબનથી ઉત્પન્ન થવાવાળા આત્માના પરિણામને ઉપયોગ કહે છે.[૫] (૬) સ્વ અને પરને ગ્રહણ કરવાવાળા પરિણામને ઉપયોગ કહે છે.[૬] (૭) આત્માના ચૈત્યાનુવિધાયી પરિણામને ઉપયોગ કહે છે.[૭]

**ઉપયોગના[૮] પર્યાયોના જુદા જુદા શબ્દો :-** શાસ્ત્રમાં આવતા વિભિન્ન શબ્દો આ પ્રમાણે છે. પ્રણિધાન અને પરિણામ. આ ઉપયોગના એકાર્થવાચી શબ્દો છે આગમોમાં વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા, સ્તવ, સ્તુતિ, ધર્મકથાને પણ ઉપયોગ કહેલ છે.

**ઉપયોગના[૯] પ્રકારો :-** શાસ્ત્રમાં દર્શાવેલ ઉપયોગને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે.

પ્રજ્ઞાપના સૂત્રના ૨૮મા પદમાં ઉપયોગ બે પ્રકારના બતાવ્યા છે. (૧) સાકાર ઉપયોગ અને (૨) અનાકાર ઉપયોગ. જે જીવને વસ્તુ પરિચ્છેદ માટે પ્રયુક્ત કરે છે. તે ઉપયોગ છે. युज् ધાતુને घञ् પ્રત્યય થઈને ઉપ ઉપલય લાગતાં ઉપયોગ પદ સિદ્ધ થયેલ છે. ઉપયોગ જીવનો બોધરૂપ ધર્મ છે. નિયત પદાર્થને અથવા પદાર્થ વિશેષ ધર્મને ગ્રહણ કરવું તે આકાર છે. અને જે સાકાર સહિત હોય તે સાકાર કહેવાય છે. સાકાર ઉપયોગને, વિશેષગ્રાહી જ્ઞાનને સાકારોપયોગ કહે છે. તાત્પર્ય એ છે કે સચેતન અથવા અચેતન વસ્તુમાં ઉપયોગ કરતો આત્મા જ્યારે પર્યાયની સાથે વસ્તુને ગ્રહણ કરે છે ત્યારે તે ઉપયોગ સાકારોપયોગ કહેવાય છે. તેના વિસ્તારથી આઠ પ્રકાર છે.

જે ઉપયોગમાં પૂર્વોક્ત આકાર વિદ્યમાન ન હોય તો અનાકારોપયોગ કહેવાય છે. તે વસ્તુના સત્તામાત્રને જ જાણે છે.

સાકારોપયોગ વિશેષનો ગ્રાહક છે. એ કારણે તેમાં અધિક સમય લાગે છે.

કાલની દૃષ્ટિથી છદ્મસ્થોનો ઉપયોગ અંતર્મુહૂર્ત સુધી રહે અને કેવલીઓનો એક જ સમય રહે છે.

**ઉપયોગના દરેક પ્રકાર અંગે વિવેચન :-**

[૧૦]સાકારોપયોગ આઠ પ્રકારના કહ્યા છે.

(૧) અભિનિબોધિક જ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવલજ્ઞાન (૬) મત્યજ્ઞાન (૭) શ્રુતાજ્ઞાન અને (૮) વિભંગ જ્ઞાન.

**(૧) આભિનિબોધિક જ્ઞાન :-**

પાંચ ઇન્દ્રિયો અને મનની અપેક્ષા કરીને યોગ્ય દિશામાં અવસ્થિત વસ્તુનું જે જ્ઞાન તે આભિનિબોધ છે. આભિનિબોધિક જ્ઞાનનો અર્થ મતિજ્ઞાન છે. મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા એ આભિનિબોધના પર્યાયવાચી શબ્દો છે.

**(૨) શ્રુતજ્ઞાન :-**

શ્રુતજ્ઞાન એટલે સાંભળવાથી ઉત્પન્ન થતું જ્ઞાન. આ જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને

મનના નિમિત્તથી થાય છે. શ્રોતારૂપ જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે.

**(૩) અવધિજ્ઞાન :-**

સાક્ષાત્કાર કરવાનો જે આત્માનો વ્યાપાર છે. તેનું નામ અવધિ છે. જેના દ્વારા નીચા પ્રદેશમાં વિસ્તૃત વસ્તુને આત્મા જાણે છે તેનું નામ અવધિ છે. આ રીતે અધોવિસ્તૃત વિષયને જાણનારું જ્ઞાન અવધિજ્ઞાન છે. અવધિનો અર્થ મર્યાદા પણ થાય છે. આ જ્ઞાનની મર્યાદા એ છે કે તે રૂપી દ્રવ્યોને જ સ્પષ્ટ જાણે છે. અરૂપી દ્રવ્યોને નહિ. અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા લઈને જે જ્ઞાનરૂપી પદાર્થોને સ્પષ્ટ રીતે જાણે છે તે અવધિજ્ઞાન છે.

**(૪) મનઃપર્યવજ્ઞાન :-**

મનનો જેના દ્વારા સ્પષ્ટરૂપથી બોધ થાય છે તે મનઃપર્યવજ્ઞાન છે. મન સંબંધી જે પર્યય તે મનઃપર્યય છે. જે કોઈ વ્યક્તિ મનઃ પર્યવજ્ઞાનથી બાહ્ય વસ્તુના ધર્મનો વિચાર કરે છે તેને તે વસ્તુનો સ્પષ્ટ બોધ થાય છે. તેમાં ઇન્દ્રિયો તથા મનની સહાયતાની જરૂર રહેતી નથી. તેનો અઢીદ્વિપ અને તેની અંદર આવેલા સમુદ્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનું મનોગતદ્રવ્ય છે.

**(૫) કેવલજ્ઞાન :-**

એક અસહાયજ્ઞાન હોય છે. તેનું નામ કેવલજ્ઞાન છે. તેમાં ઇન્દ્રિય વગેરેની તથા અન્ય જ્ઞાનની આવશ્યકતા રહેતી નથી. જે શુદ્ધ જ્ઞાન હોય છે. તે કેવલજ્ઞાન છે. અથવા જે જ્ઞાન અસાધારણ છે તેનું નામ કેવલજ્ઞાન છે. કેમકે તેના જેવું બીજું કોઈ જ્ઞાન નથી. અથવા જે જ્ઞાન અનંત છે તેનું નામ કેવલજ્ઞાન છે. કેમકે તે જ્ઞાન આત્મામાં એક વખત પેદા થયા પછી તેનો નાશ થતો નથી. તથા અનંત જ્ઞેયોને જાણવાથી પણ તે અનંત મનાયું છે. આ રીતે પાંચ અર્થોવાળું જે જ્ઞાન થાય છે તે જ કેવલજ્ઞાન છે.

**(૬) મત્યજ્ઞાન :- શ્રુતાજ્ઞાન :-**

મિથ્યાત્વનો ઉદય થતાં જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વિપર્યય થઈ જાય છે તે મત્યજ્ઞાન અને શ્રુતાજ્ઞાન છે.

**(૮) વિભંગ જ્ઞાન :-**

મિથ્યાત્વના ઉદયમાં જે અવધિજ્ઞાન વિપર્યય થઈ જાય તે વિભંગ જ્ઞાન છે. આ આઠ પ્રકારના જ્ઞાનનો સર્વત્ર સાકાર ઉપયોગ છે.

**અનાકારોપયોગ[11] :-**

અનાકારોપયોગ ચાર પ્રકારના છે. (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન અને (૪) કેવલદર્શન.

**(૧) ચક્ષુદર્શન :-**

આંખ વડે થતું જે દર્શન. સામાન્યરૂપનું ગ્રહણ કરવું તેને ચક્ષુદર્શન કહેવાય છે.

**(૨) અચક્ષુદર્શન :-**

આંખ વર્જીને બાકીની ઇન્દ્રિયો અને મન વડે થતું દર્શન અર્થાત્ પોતપોતાના વિષયમાં સામાન્યનું ગ્રહણ કરવું તે અચક્ષુ દર્શન કહેવાય છે.

**(૩) અવધિદર્શન :-**

સામાન્યરૂપ દર્શનને ગ્રહણ કરવું તેને અવધિદર્શન કહે છે.

**(૪) કેવલદર્શન :-**

સકલ જગતનું સામાન્ય દર્શન તેને કેવલદર્શન કહેવાય છે.

મનઃપર્યવ દર્શન હોતું નથી. કેમકે મનઃપર્યવજ્ઞાની તથા વિધ ક્ષયોપશમ ને વિશાળતા વડે પ્રથમ અને પછી પણ મનના ભાવ વિશેષપણે જ ગ્રહણ કરે છે. સામાન્યપણું ન હોય માટે મનઃપર્યવ દર્શન હોતું નથી.

આ રીતે અનાકાર ઉપયોગ ચાર પ્રકારના બતાવેલા છે.

**આગમમાં અને ટીકા સાહિત્યમાં ઉપયોગ :-**

પ્રજ્ઞાપનના સૂત્રમાં ૨૧મા પદમાં ઉપયોગની ચર્ચા કરેલી છે. નરકગતિમાં[12] સાકારોપયોગ અને અનાકાર ઉપયોગવાળા નારકો હોય છે. સાકારોપયોગમાં -

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મત્યજ્ઞાન શ્રુતાજ્ઞાન અને વિભંગજ્ઞાન આ છ હોય છે. અને ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન આ ત્રણ અનાકારોપયોગ હોય છે. સમ્યક્દષ્ટિ નારકોને ત્રણ જ્ઞાન હોય છે અને મિથ્યાદષ્ટિ નારકોને ત્રણ અજ્ઞાન હોય છે.

તેથી નારકોમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનરૂપ છ સાકારોપયોગ હોય છે. અને ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન આ ત્રણ અનાકારોપયોગ હોય છે.

ભવનપતિમાં, વાણવ્યંતરમાં, જ્યોતિષીમાં, અને વૈમાનિકોમાં પણ ઉપર બતાવ્યા પ્રમાણે છ સાકારોપયોગ અને ત્રણ અનાકારોપયોગ છે.

એકેન્દ્રિય જીવોને સમ્યગ્દર્શન ન હોવાથી તેઓમાં જ્ઞાન હોતું નથી. મત્યજ્ઞાન, શ્રુતજ્ઞાન એ બે અજ્ઞાન અને અચક્ષુદર્શન હોય છે. અર્થાત્ બે સાકારોપયોગ અને એક અનાકારોપયોગ હોય છે. આ રીતે કુલ ત્રણ ઉપયોગ છે.

વિકલેન્દ્રિયોમાં અપર્યાવસ્થામાં સાસ્વાદાન સમકિત હોય છે. તેથી તેઓમાં જ્ઞાન અને અજ્ઞાન બંને હોય છે.

બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયમાં - બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે. અને અચક્ષુદર્શન હોય છે. એટલે કે ચાર સાકારોપયોગ અને એક અનકારોપયોગ હોય છે. કુલ પાંચ ઉપયોગ હોય છે.

ચૌરેન્દ્રિયમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. અર્થાત્ ચાર સાકારોપયોગ અને ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ બે અનાકારોપયોગ હોય છે. કુલ છ ઉપયોગ હોય છે.

અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ચૌરેન્દ્રિયની જેમ કુલ છ ઉપયોગ હોય છે.

સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં નારકોના સમાન ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન એ છ સાકારોપયોગ અને ત્રણ દર્શન એ ત્રણ અનાકારોપયોગ એમ કુલ નવ ઉપયોગ હોય છે.

મનુષ્યમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠ સાકારોપયોગ અને ચાર દર્શન એ ચાર અનાકારોપયોગ હોય છે.

આ રીતે ચોવીશે દંડકોના ક્રમથી જીવોના ઉપયોગનું નિરૂપણ કરાયું છે.

**ઉપયોગમાં[13] મલીનતા આવવાનાં કારણો :-**

ઉપયોગમાં મલીનતા આવવાનાં કારણો નીચે પ્રમાણે છે :- (૧) આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરવાથી (૨) જેનો ઉપયોગ વિષય અને કષાયમાં મગ્ન હોય છે. ઉગ્ર હોય અથવા ઉન્માર્ગમાં લાગેલું હોય ત્યારે ઉપયોગમાં મલીનતા આવે છે. (૩) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ અશુભ યોગથી પણ ઉપયોગમાં મલીનતા આવે છે.

**ઉપયોગને[14] સ્વમાં સ્થિર કરવા માટેના માર્ગો :-**

(૧) ધર્મધ્યાન અને શુકલધ્યાન કરવાથી ઉપયોગ સ્વમાં સ્થિર થાય છે. (૨) જીવો પર દયા કરવાથી (૩) મન, વચન, કાયાની ક્રિયા શુદ્ધ કરવાથી (૪) યમ, પ્રશમ, નિર્વેદ તથા તત્ત્વોનું ચિંતન કરવાથી (૪) મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થતા આ ચાર ભાવના ભાવવાથી (૫) પ્રતિક્રમણ આદિ કરવાથી ઉપયોગ સ્વમાં સ્થિર થાય છે.

**શુદ્ધોપયોગ[15] એટલે શું ? :-**

શુદ્ધ ઉપયોગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ એ બંનેનો અભાવ એટલે શુદ્ધોપયોગ. જીવોના શુદ્ધોપયોગનું ફળ સમસ્ત દુઃખોથી રહિત, સ્વભાવથી ઉત્પન્ન અને અવિનાશી એવું જ્ઞાનરાજ્ય છે. શુદ્ધોપયોગમાં કર્મોનું બંધ થવું નથી. શુકલધ્યાન એ શુદ્ધોપયોગ છે. જે અંતરાત્મારૂપ અવસ્થા છે. તે મિથ્યાદિથી રહિત હોવાથી શુદ્ધ છે અને તે મોક્ષનું કારણ બને છે.

**દંડકમાં ઉપયોગ વિશે વિવેચન :-**

૨૪ દંડકના ૨૪ દ્વારોમાં ૧૫મું ઉપયોગદ્વાર બતાવેલ છે.

ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન અને ચાર દર્શન એ ૧૨ જીવના લક્ષણરૂપ ઉપયોગ છે. તે બાર ઉપયોગો સર્વજ્ઞ ભગવંતોએ કહ્યા છે.

બાર ઉપયોગમાંથી ગર્ભજ મનુષ્યોને ૧૨ ઉપયોગ હોય છે. નારકીના દંડકમાં, દેવના ૧૩ દંડકમાં, તેમ જ ગર્ભજ તિર્યંચમાં મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, કેવલદર્શન રહિત ૯ ઉપયોગ હોય છે. સ્થાવરના પાંચેય દંડકમાં ૨ અજ્ઞાન અને ૧ અચક્ષુદર્શન સહિત ત્રણ ઉપયોગ હોય છે. બેઇન્દ્રિયના દંડકમાં અને તેઇન્દ્રિયના દંડકમાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન અને ૧ અચક્ષુદર્શન એ ૫ ઉપયોગ હોય છે. ચૌરેન્દ્રિયના દંડકમાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન અને ૨ દર્શન સહિત ૬ ઉપયોગ હોય છે.

બાર ઉપયોગમાંથી કેવલજ્ઞાન સાકાર ઉપયોગ અને કેવલદર્શન અનાકારોપયોગ સૌથી શ્રેષ્ઠ છે. અને તે મનુષ્યના દંડકમાં ગર્ભજ મનુષ્યને જ પ્રાપ્ત થઈ શકે છે. આ ઉપયોગ આવી જતાં એ જ ભવમાં મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે.

**દંડકમાં ઉપયોગનો સમાવેશ કેમ કરવામાં આવેલ છે ? :-**

દંડનો અર્થ છે દંડાવું. દરેક ગતિમાં જીવને દંડકમાં રહેલા ૨૪ ઋદ્ધિ મળે છે. કોઈ પણ જીવ એવો નથી કે જેને ઉપયોગ ન હોય. ઉપયોગ વિના તો જીવ ચેતન મટીને જડ થઈ જાય છે. પરંતુ એવું બનતું નથી. અનાદિ કાળથી જીવમાં ઉપયોગ રહેલો છે. અને અનંતકાળ સુધી ઉપયોગ જીવમાં રહેવાનો જ છે. કેમકે જ્ઞાન અને દર્શન તો આત્માના મૂળ ગુણો છે. આત્મા જે ગતિમાં જાય છે. તેની સાથે એ ગુણો પણ જાય છે.

દંડકમાં ઉપયોગનો સમાવેશ એટલા માટે કર્યો છે કે આત્મા એ જ પરમાત્મા બની શકે છે. એવું સાચું જ્ઞાન આપણને પ્રાપ્ત થાય છે. જેમ બીજનો ચંદ્ર પુનમના દિવસે પૂર્ણ થઈ જાય છે. એવી જ રીતે કર્મના આવરણો દૂર થઈ જતાં આત્મા એ જ પરમાત્મા અર્થાત્ કેવલજ્ઞાની અને કેવલદર્શની બની જાય છે. આત્મામાં અનંતશક્તિ ભરેલી છે. તે શક્તિનો ઉપયોગ કરીને સંપૂર્ણ બની શકે છે. માટે દંડકમાં ઉપયોગનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**ઉપયોગને દંડક કેમ ગણવામાં આવે છે ? :-**

ઉપયોગના બાર પ્રકારમાં ૩ અજ્ઞાન, ૫ જ્ઞાન અને ૪ દર્શનનો સમાવેશ કરેલ છે. જીવ અજ્ઞાનના કારણે નવાં નવાં કર્મ બાંધે છે. અજ્ઞાન હોવાથી તેને સાચી સમજણના અભાવે નવાં કર્મનો બંધ થાય છે. તેથી જીવ ૨૪ દંડકમાં દંડાય છે. એ

સમજાવવા માટે ઉપયોગને દંડક ગણવામાં આવેલ છે.

**ઉપયોગ દંડક હોય તો શુદ્ધોપયોગ પણ દંડક ગણાય ? :-**

ઉપયોગને દંડક કહેલ છે. પરંતુ શુદ્ધોપયોગ દંડક ન ગણાય. કેમકે શુદ્ધોપયોગ તો કેવલજ્ઞાન અને કેવલદર્શન જ ગણાય છે. બીજા ઉપયોગ હોવા છતાં તેને ચારગતિમાં પરિભ્રમણ કરીને દંડ - શિક્ષા ભોગવવી પડે છે. પરંતુ શુદ્ધોપયોગ પ્રાપ્ત થઈ ગયા પછી તેને ચાર ગતિમાં ભ્રમણ કરવું પડતું નથી. તે કર્મરહિત થઈને મોક્ષમાં પહોંચી જાય છે. કર્મમુક્ત થઈ જતાં શાશ્વત સુખ પ્રાપ્ત થઈ જાય છે. માટે શુદ્ધોપયોગને દંડકમાં ગણી ન શકાય.

**ગુણસ્થાનમાં ઉપયોગ :-**

પહેલા અને ત્રીજા ગુણસ્થાનમાં ૩ અજ્ઞાન અને ૩ દર્શન એ ૬ ઉપયોગ હોય છે. જ્ઞાન તેમાં હોતાં નથી. મિથ્યાત્વ અને ત્રીજા મિશ્રગુણસ્થાનમાં અજ્ઞાન જ હોય છે. કેવલદર્શન પણ જ્ઞાનીને જ થાય છે. માટે એ બે ગુણસ્થાનમાં કેવલદર્શન પણ ન હોય.

બીજા ગુણસ્થાનમાં - ૩ જ્ઞાન અને ૩ દર્શન એ છ ઉપયોગ હોય છે. બીજા ગુણસ્થાનમાં સાસ્વાદાન સમકિત હોય છે. સમકિત હોવાથી અજ્ઞાન ત્યાં ન હોય. મનઃપર્યવજ્ઞાન અપ્રમત્તસંયત મુનિને જ હોય છે. કેવલજ્ઞાન ને કેવલદર્શન ૧૩ અને ૧૪મા ગુણસ્થાને હોય છે. માટે ઉપરના છ ઉપયોગમાં હોય છે.

ચોથા અને પાંચમાં ગુણસ્થાનમાં પણ ઉપર પ્રમાણે છ ઉપયોગ અર્થાત્ ૩ જ્ઞાન અને ૩ દર્શન હોય છે.

છઠ્ઠાથી ૧૨ ગુણસ્થાનમાં - ૪ જ્ઞાન અને ૩ દર્શન એ સાત ઉપયોગ હોય છે.

તેરમાં અને ચૌદમાં ગુણસ્થાનમાં - કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગ હોય છે. કેમકે છદ્મસ્થપણું રહેતું નથી. છદ્મસ્થમાં દશ ઉપયોગ હોય છે. અને કેવલીમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગ હોય છે.

**શરીરમાં ઉપયોગ :-**

ઔદારિક શરીર, તૈજસ શરીર અને કાર્મણ શરીરમાં ૧૨ ઉપયોગ હોય છે.

વૈક્રિય શરીરમાં ૩ અજ્ઞાન, ૪ જ્ઞાન અને ૩ દર્શન એ દશ ઉપયોગ હોય છે. વૈક્રિય શરીરીને કેવલજ્ઞાન અને કેવલદર્શન થતું નથી.

આહારક શરીરમાં - ૪ જ્ઞાન અને ૩ દર્શન એ સાત ઉપયોગ હોય છે. આહારક શરીર સમક્તિને જ હોય છે. તેથી ૩ અજ્ઞાન ન હોય. આહારક શરીરીને પણ કેવલજ્ઞાન અને કેવલદર્શન ન હોય.

**કષાયમાં ઉપયોગ :-**

કષાયમાં - ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૩ દર્શન એમાં ૧૦ ઉપયોગ હોય છે. કષાયના સદ્ભાવમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન થતાં નથી. અર્થાત્ એ બે ઉપયોગ ન હોય.

અકષાયમાં - ૫ જ્ઞાન અને ૪ દર્શન એ નવ ઉપયોગ હોય છે. અકષાયીમાં અજ્ઞાનનો સંભવ નથી કેમકે અકષાયી જીવ નિયમા સમક્તિ હોય છે.

**લેશ્યામાં ઉપયોગ :-**

કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા અને પદ્મલેશ્યા એ પાંચ લેશ્યામાં ૧૦ ઉપયોગ હોય છે. કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગ તેમાં ન હોય કેમકે તેરમે અને ચૌદમે ગુણસ્થાને એ પાંચેય લેશ્યાઓ હોતી નથી.

શુક્લ લેશ્યામાં ૧૨ ઉપયોગ હોય છે કેમકે ૧૩ ગુણસ્થાનમાં શુકલલેશ્યા હોય છે.

અલેશીમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગ હોય છે. ૧૪મા ગુણસ્થાનમાં લેશ્યા હોતી નથી. પરંતુ ઉપરના બે ઉપયોગ હોય છે.

**વેદમાં ઉપયોગ :-**

સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદીમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન વર્જીને ૧૦

ઉપયોગ હોય છે.

અવેદીમાં - ૫ જ્ઞાન અને ૪ દર્શન એમ નવ ઉપયોગ હોય છે. અવેદી સમક્તિ હોય તે જ બની શકે છે. તેથી તેમાં ૩ અજ્ઞાન હોતા નથી.

**દ્રષ્ટિમાં ઉપયોગ :-**

મિથ્યાત્વ દૃષ્ટિમાં ૩ અજ્ઞાન અને ૩ દર્શન એ છ ઉપયોગ હોય છે.

સમકિત દૃષ્ટિમાં ૫ જ્ઞાન અને ૪ દર્શન એ નવ ઉપયોગ હોય છે.

મિશ્રદૃષ્ટિમાં ૩ અજ્ઞાન અને ૩ દર્શન એ છ ઉપયોગ હોય છે.

**ટિપ્પણી :-**

૧. પ્રજ્ઞા. પદ ૨૦ । સ્થા. ઠા. ૧

૨. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૭

૩. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૭

૪. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૭

૫. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૭

૬. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૭

૭. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૭

૮. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૭

૯. અભિધાન રાજેન્દ્ર કોષ ભા. ૧ પૃ. ૯૬૦ । જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૧ પૃ. ૪૫૭
પ્રજ્ઞા. સૂ. પદ. ૨૧

૧૦. પ્રજ્ઞા. સૂ. પદ ૨૧

૧૧. પ્રજ્ઞા. સૂ. પદ ૨૧

૧૨. પ્રજ્ઞા. સૂ. પદ ૨૧

૧૩. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૮

૧૪. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૮

૧૫. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૧ પૃ. ૪૫૮

# (૧૬મું) ઉવવાય દ્વાર અને (૧૭મું) ચવણદ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. વિચારણામાં અને ૧૭મા દ્વારમાં ઉવવાય અને ચવણ વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**ઉવવાયના અર્થો :**

શાસ્ત્રમાં ઉવવાય શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે. (૧) દેવ અને નારકગતિમાંથી જીવની જે ઉત્પત્તિ (જન્મ) થાય છે તેનું નામ ઉવવાય છે.[૧] (૨) પ્રાપ્ત થઈને જેમાં જીવ હલનચલન કરે છે તેને ઉવવાય કહે છે.[૨]

**ચવણના અર્થો :** શાસ્ત્રમાં ચવણ શબ્દનો અર્થ નીચે પ્રમાણે છે.

(૩) ચ્યુતિને ચ્યવન કહે છે.[૩] આ ચ્યવન વૈમાનિક અને જ્યોતિષ્ક દેવોનું થાય છે. એક જીવની અપેક્ષાએ તે ચ્યવનને એક કહ્યું છે. અથવા સર્વજીવ અને સર્વ પુદ્‌ગલોના ચ્યવનના ભેદના અભાવે એકતા છે.

**ઉવવાયના પ્રકારો : અને વિવેચન :**

શાસ્ત્રમાં દર્શાવેલ ઉવવાયને વિભિન્ન વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે.

ઉવવાયના બે પ્રકાર છે. ઋજુગતિપૂર્વક અને વિગ્રહગતિપૂર્વક

ઉવવાયના ત્રણ પ્રકાર છે : જીવોના જન્મ ત્રણ પ્રકારના છે.

(૧) ગર્ભજ (૨) સમુર્ચ્છિમ અને (૩) ઉવવાયજ

(૧) ગર્ભજ પણ ત્રણ પ્રકારના છે. જરાયુજ, અંડજ અને પોતજ.

(૧) જે ઈંડાથી ઉત્પન્ન થાય છે તે અંડજ જન્મ છે.

(૨) જે જેર સહિત ઉત્પન્ન થાય તે જરાયુ જ છે.

(૩) જે ઉત્પન્ન થતાંજ દોડવા લાગે છે તે પોતજ છે.

**(૨) સમુર્ચ્છિમ :**

આમ તેમ કેટલાક પરમાણુઓના મિશ્રણથી જે સ્વતઃ ઉત્પન્ન થઈ જાય છે. તે સંમુર્ચ્છિમ છે. જેમ કે દેડકાં વિગેરે

**(૩) ઉવવાયજ :**

જાણે કે સૂતેલી વ્યક્તિ જાગી ગઈ હોય તે ઉવવાય જ જન્મ છે.

દેવ અને નારકી પોતાના ઉત્પત્તિ સ્થાનમાં આ રીતે ઉત્પન્ન થાય છે. ઉવવાય બે નો કહ્યો છે. દેવોનો અને નારકોનો.

ઉદ્‌વર્તના બેની કહી છે. નારકોની અને ભવનપતિ દેવોની.

**આગમમાં[૪] ઉવવાય અને ચવણનું વિસ્તૃત વિવેચન :**

**ચારેય ગતિનો સમુચ્ચય વિરહ અર્થાત્ ઉવવાય રહિતપણું :**

નરકગતિનો વિરહકાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી છે.

તિર્યંચગતિનો વિરહકાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી.

મનુષ્યગતિનો વિરહકાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી.

દેવગતિનો વિરહકાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી.

સિદ્ધગતિનો વિરહકાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ છ મહિના સુધી.

ચાર ગતિમાં ઉદ્‌વર્તના અર્થાત્ એવો કેટલો સમય છે કે જ્યારે કોઈપણ જીવ ગતિમાં બહાર ન નીકળે. તે જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત છે. સિદ્ધોની ઉદ્‌વર્તના થતી નથી. તેથી તેનું નિરૂપણ કરાયું નથી.

રત્નપ્રભા[૫] પૃથ્વીના નારક જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત સુધી ઉવવાયથી રહિત હોય છે.

શર્કરાપ્રભા પૃથ્વીના નારક જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૭ રાત્રિદિવસ ઉવવાયથી રહિત હોય છે.

વાલુકાપ્રભા પૃથ્વીના નારક જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૫ રાત્રિદિવસ ઉવવાયથી રહિત હોય છે.

પંકપ્રભા પૃથ્વીના નારક જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧ માસ સુધી ઉવવાયથી રહિત હોય છે.

ધૂમપ્રભા પૃથ્વીના નારક જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨ માસ સુધી ઉવવાયથી રહિત હોય છે.

તમ:પ્રભા પૃથ્વીના નારક જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૪ માસ સુધી ઉવવાયથી રહિત હોય છે.

તમઃ તમાપ્રભા પૃથ્વીના નારક જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૬ માસ સુધી ઉવવાયથી રહિત હોય છે.

ભવનવાસી દેવોના પ્રત્યેકનો જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત ઉવવાયથી રહિત છે.

પૃથ્વીકાયિક, અપકાયિક, તેઉકાયિક, વાયુકાયિક ને વનસ્પતિકાયિકનો વિરહરહિત ઉવવાય છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયનો જઘન્ય ૧ સમય, અને ઉત્કૃષ્ટ અં. મુ. ઉવવાય રહિત છે.

સંમુર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અં. મુ. સુધી ઉવવાય રહિત છે.

ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી ઉવવાય

રહિત છે.

સંમુર્ચ્છિમ મનુષ્યનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત સુધી ઉવવાય રહિત છે.

ગર્ભજ મનુષ્યનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી ઉવવાય રહિત છે.

વાણવ્યંતર અને જ્યોતિષ્કોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત સુધી ઉવવાય રહિત છે.

સૌધર્મ અને ઈશાન કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત સુધી ઉવવાય રહિત છે.

સનત્કુમાર કલ્પમાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૯ રાત્રિ દિવસને ૨૦ મુહૂર્ત ઉવવાય રહિત છે.

માહેન્દ્ર કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૨ રાત્રિ દિવસને ૧૦ મુહૂર્ત ઉવવાય રહિત છે.

બ્રહ્મલોક કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨૨ાા રાત્રિ દિવસ ઉવવાય રહિત કહ્યો.

લાંતક કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૪૫ રાત્રિ દિવસ ઉવવાય રહિત કહ્યો.

મહાશુક્ર કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૮૦ રાત્રિ દિવસ ઉવવાય રહિત કહ્યો.

સહસાર કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૧૦૦ રાત્રિ દિવસ ઉવવાય રહિત કહ્યો.

આણત, પ્રાણત કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાત માસ ઉવવાય રહિત કહ્યો.

આરણ, અચ્યુત કલ્પમાં દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ ઉવવાય વિરહ કહ્યો.

અધસ્તન, ગ્રૈવેયકોના સંબંધમાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાત ૧૦૦ વર્ષ ઉવવાય વિરહ કહ્યો.

મધ્યમ ગ્રૈવેયકોના સંબંધમાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષ ઉવવાય વિરહ કહ્યો.

ઉપરિતન ગ્રૈવેયકોના સંબંધમાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાત લાખ વર્ષ ઉવવાય વિરહ કહ્યો

ચાર પ્રથમના અનુત્તર વિમાનના દેવોનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ ઉવવાય વિરહ કહ્યો.

સર્વાર્થસિદ્ધના દેવોમાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ પલ્યનો સંખ્યાતમો ભાગ ઉવવાય વિરહ કહ્યો.

સિદ્ધ જીવોની સિદ્ધિનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૬ માસ સુધી ઉવવાય વિરહ કહ્યો.

ઉત્પાત વિરહ એટલે કોઈપણ જીવ ઉત્પન્ન ન થાય તો ૧૨ મુહૂર્ત સુધી ઉત્પન્ન થતા નથી. અને ઉદ્વર્તન એટલે કોઈપણ જીવ નરકગતિથી ન નીકળે તો ૧૨ મુહૂર્ત સુધી ન નીકળે. આ કથન સામાન્ય દૃષ્ટિએ કહેલ છે.

પૃથ્વીકાયિક આદિ યાવત્ વનસ્પતિકાયિકોના ઉપપાત અવિરહિત છે અર્થાત્ તેઓ પ્રતિસમય ઉત્પન્ન થયા કરે છે. એવો એક પણ સમય નથી કે પૃથ્વીકાયિકો આદિનો ઉવવાય ન થતો હોય.

રત્નપ્રભાઆદિ[૬] પૃથ્વીનો ઉદ્વર્તનાનો જઘન્ય ૧ સમયને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત છે. સિદ્ધોને છોડીને પાંચ અનુત્તર વિમાનો સુધી ઉદ્વર્તનાના વિરહનો સમય આજ કહેવો જોઈએ. પરંતુ જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના "ઉદ્વર્તના" શબ્દના બદલે "ચ્યવન" શબ્દનો પ્રયોગ કરવો જોઈએ કેમકે બંને જાતિના દેવોની ઉદ્વર્તના થતી નથી. પણ

ચ્યવન થાય છે. અર્થાત્ એ દેવ મરીને ઉપરથી નીચે આવે છે. નીચેથી ઉપર જતા નથી.

**સાંતરનિરંતરદ્વાર**[૭] **:**

નૈરયિકો, બધા દેવો, તિર્યંચો અને મનુષ્યો સાંતર અર્થાત્ વચમાં થોડો સમય છોડીને ઉત્પન્ન થાય છે. અથવા નિરંતર અર્થાત્ સતત પ્રત્યેક સમયમાં ઉત્પન્ન થાય છે. પૃથ્વીકાયિકો યાવત્ વનસ્પતિકાયિકો સાંતર ઉત્પન્ન થતા નથી. નિરંતર ઉત્પન્ન થાય છે. તેમની ઉત્પત્તિમાં કાળનું ક્યારેય વ્યવધાન થતું નથી. તેઓ નિરંતર અર્થાત્ પ્રતિસમય ઉત્પન્ન થયા જ કરે છે. તેમનો તેવો જ સ્વભાવ છે.

નૈરયિક સાંતર અને નિરંતર પણ ઉદ્વર્તના કરે છે. ઉવવાય પ્રમાણે જ છે. વિશેષ એ છે કે જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં "ચ્યવન" શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. સિદ્ધની ઉદ્વર્તના થતી નથી. કેમકે એકવાર સિદ્ધ થયા પછી સિદ્ધગતિમાંથી કોઈ આત્મા પાછો ફરતો નથી.

નારકી[૮] ૧ સમયમાં જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. એ જ પ્રકારે ૭મી પૃથ્વી સુધી જાણવું.

ભવનવાસી, વાણવ્યંતરો, જ્યોતિષ્કો, વૈમાનિકમાં સૌધર્મદેવથી સહસાર કલ્પસુધીના દેવોમાં ૧ સમયમાં જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

પૃથ્વીકાયિક યાવત્ વાયુકાયિક પ્રત્યેક સમય વિરહ વિનાના અસંખ્યાત ઉત્પન્ન થાય છે. વનસ્પતિકાયિક સ્વસ્થાનમાં પ્રત્યેક સમય વિરહ વિનાના અનંત ઉત્પન્ન થાય છે. વનસ્પતિકાયિક પર સ્થાનમાં પ્રત્યેક સમય વિરહ વિનાના અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

સ્વસ્થાનનો અર્થ વનસ્પતિભવ સમજવો જોઈએ. જે જીવ મરીને ફરીથી વનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થાય છે. તેમના ઉત્પાદને સ્વસ્થાન ઉત્પાદ કહેવાય છે. પ્રત્યેક નિગોદમાં અસંખ્યાત ભાગના નિરંતર ઉત્પાદ અને ઉદ્વર્તન થયા કરે છે અને તે વનસ્પતિકાયિકો અનંત હોય છે. અને જ્યારે પૃથ્વીકાય આદિ કોઈ અન્યકાયનો જીવ

વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે. ત્યારે તેનો ઉત્પાદ પરસ્થાન કહેવાય છે. તેમની અપેક્ષાએ પ્રતિસમય નિરંતર અસંખ્યાત જીવોના ઉત્પાદ થાય છે. કેમકે પૃથ્વીકાય આદિના જીવ અસંખ્યાત છે.

બેઇન્દ્રિય યાવત્ ચૌરેન્દ્રિય સુધી, સમુર્ચ્છિમ તિર્યંચ, ગર્ભજ તિર્યંચ, સમુર્ચ્છિમ મનુષ્યમાં ૧ સમયમાં જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. ગર્ભજ મનુષ્ય અને ૯મા દેવલોકથી સર્વાર્થ સુધીના દેવોમાં ૧ સમયમાં જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ સંખ્યાત ઉત્પન્ન થાય છે.

સિદ્ધ ૧ સમયમાં ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ ૧૦૮ ઉત્પન્ન થાય છે.

જેવો ઉત્પાત કહ્યો છે તે જ રીતે ઉદ્વર્તના કહેવી જોઈએ. વિશેષ એ છે કે જ્યોતિષ્ક અને વૈમાનિકો માટે "ચ્યવન" શબ્દનો પ્રયોગ કરવો અને સિદ્ધમાં ઉદ્વર્તના ન થાય.

**ઉદ્વર્તના[૯] ક્યા ક્યા ભવથી થાય છે :**

નૈરયિક તિર્યંચોથી અને મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. દેવોથી ઉત્પન્ન થતા નથી. તિર્યંચોમાં પણ એકેન્દ્રિય યાવત્ ચૌરેન્દ્રિયોથી ઉત્પન્ન થતા નથી. પંચેન્દ્રિયમાં જલચર સ્થલચર, ઉરપર, ભુજપર અને ખેચર તિર્યંચોથી ઉત્પન્ન થાય છે. સંમુર્ચ્છિમ અને ગર્ભજ તિર્યંચો હોય, તે તિર્યંચો સંખ્યાત વર્ષવાળા અને પર્યાપ્તા હોય તે જ તિર્યંચોથી ઉત્પન્ન થાય છે. અપર્યાપ્તા અને અસંખ્યાત વર્ષવાળા તિર્યંચોથી ઉત્પન્ન થતા નથી.

નારક નરકગતિથી ઉત્પન્ન થતા નથી. અને દેવોથી પણ ઉત્પન્ન થતા નથી. કેમકે દેવ નરકને યોગ્ય આયુનો બંધ નથી કરતા. મનુષ્યોમાંથી સંમુર્ચ્છિમ મનુષ્યોથી ઉત્પન્ન થતા નથી. ગર્ભજ મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. ગર્ભજ મનુષ્યોમાંથી કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે. અકર્મભૂમિજ તથા આંતરદ્વીપ ગર્ભજ મનુષ્યોથી ઉત્પન્ન થતા નથી. કર્મભૂમિજ મનુષ્યોમાંથી સંખ્યાત વર્ષવાળા ઉત્પન્ન થાય છે. અસંખ્યાત વર્ષવાળા નહિ. સંખ્યાત વર્ષની આયુવાળામાંથી પર્યાપ્તકોથી ઉત્પન્ન થાય છે. અપર્યાપ્તકોથી નહિ.

સંમુર્ચ્છિમ તિર્યંચ રત્નપ્રભા પૃથ્વી સુધી જ ઉત્પન્ન થઈ શકે છે. શર્કરાપ્રભા આદિમાં ઉત્પન્ન થતાં નથી. ભુજપરિ સર્પ પહેલી બે નરકમાં ઉત્પન્ન થાય છે. ખેચર પ્રથમ ૩ નરકમાં, સ્થલચર પ્રથમ ચાર નરકમાં, ઉરપર પ્રથમની પાંચ નરકમાં, સ્ત્રી છઠ્ઠી નરક સુધી ઉત્પન્ન થાય છે, આગળ નહિ, સાતમી પૃથ્વીમાં સ્ત્રીઓનો ઉત્પાદ નિષેધ કર્યો છે. ૭મી પૃથ્વીમાં મનુષ્ય તથા જળચરમાં મત્સ્ય ઉત્પન્ન થઈ શકે છે. મનુષ્યો સાતેય નરકમાં ઉત્પન્ન થાય છે.

અસુરકુમાર[૧૦] નારકોથી આવીને ઉત્પન્ન થતા નથી. તિર્યંચો અને મનુષ્યોથી આવીને ઉત્પન્ન થાય છે. દેવોથી આવીને ઉત્પન્ન થતા નથી. એ રીતે જેમનાથી નારકોનો ઉવવાય કહ્યો તેમનાથી અસુરકુમારોનો પણ ઉવવાય કહેવો. વિશેષ એ છે કે અસંખ્યાત વર્ષવાળા અકર્મભૂમિજ, અંતરદ્વીપ જ મનુષ્યો અને તિર્યંચોથી પણ ઉત્પન્ન થાય છે. શેષ તે પ્રમાણે સમજવું એ જ પ્રકારે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું.

પૃથ્વીકાયિક, અપકાયિક અને વનસ્પતિકાયિક નારકોથી ઉત્પન્ન થતા નથી. તિર્યંચો, મનુષ્યો અને દેવોથી ઉત્પન્ન થાય છે. તેઉકાયિક અને વાઉકાયિક તિર્યંચોથી જ ઉત્પન્ન થાય છે. તિર્યંચોમાં એકેન્દ્રિય તિર્યંચો યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોથી ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયમાં પૃથ્વીકાયિકોથી યાવત્ વનસ્પતિકાયિકોથી ઉત્પન્ન થાય છે. પૃથ્વીકાયિકો આદિમાં સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત આદિથી ઉત્પન્ન થાય છે. બે ઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચૌરેન્દ્રિયોથી, પર્યાપ્ત અને અપર્યાપ્તોથી ઉત્પન્ન થાય છે. પંચેન્દ્રિય તિર્યંચોથી નારકોના ઉવવાય પ્રમાણે જાણવું. વિશેષ એ છે કે પર્યાપ્તકો અને અપર્યાપ્તકોથી પણ ઉત્પન્ન થાય છે. મનુષ્યોથી પણ જેવા જેવા નારકોના છે તેવા તેવા જાણવા. વિશેષ એ છે કે અપર્યાપ્તકોથી પણ ઉત્પન્ન થાય છે. દેવોમાં ભવનવાસી, વાણવ્યંતર જ્યોતિષ્ક, વૈમાનિકોથી ઉત્પન્ન થાય છે. ભવનપતિમાં અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર દેવોથી. વાણવ્યંતરોમાં પિશાચોથી યાવત્ ગંધર્વોથી જ્યોતિષ્કોમાં ચંદ્રવિમાનના દેવોથી યાવત્ તારા વિમાનના દેવોથી ઉત્પન્ન થાય છે. વૈમાનિક દેવોમાં કલ્પોપન્ન દેવોથી અને કલ્પોપપન્નમાં પણ સૌધર્મ અને ઇશાનેથી ઉત્પન્ન થાય છે. સનત્કુમાર યાવત્ અચ્યુત સુધીના વિમાનોથી ઉત્પન્ન થતા નથી. પૃથ્વીકાયિક, અપકાયિક, વનસ્પતિકાયિકનું એ જ પ્રમાણે જાણવું. એ જ પ્રકારે તેજસ્કાયિક અને

વાયુકાયિક. વિશેષ એ છે કે દેવો સિવાય અન્યોથી ઉત્પન્ન થાય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય આ તેજસ્કાય, વાયુકાયિકના સમાન, દેવોને છોડીને કહેવા જોઈએ.

**પંચેન્દ્રિય તિર્યંચો આદિ ઉવવાય[11] :**

પંચેન્દ્રિય તિર્યંચો - નારકોથી, તિર્યંચોથી, મનુષ્યો અને દેવોથી ઉત્પન્ન થાય છે.

નારકોમાં સાતેય નારકોમાંથી ઉત્પન્ન થાય છે. તિર્યંચોમાંથી એકેન્દ્રિયો યાવત્ પંચેન્દ્રિયોથી ઉત્પન્ન થાય છે. એ રીતે જેવો પૃથ્વીકાયિકોનો ઉવવાય કહ્યો છે તેવો જ તેમનો પણ ઉવવાય જાણવો. વિશેષ એ છે કે દેવોમાંથી યાવત સહસાર કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી ઉત્પન્ન થાય છે. આનતકલ્પના વૈમાનિક દેવોથી યાવત્ અચ્યુત કલ્પના દેવોથી ઉત્પન્ન થતા નથી.

મનુષ્યો નારકોથી યાવત્ દેવોથી પણ ઉત્પન્ન થાય છે. નારકોમાંથી પ્રથમની ૬ પૃથ્વીના નારકોથી ઉત્પન્ન થાય છે. ૭મી પૃથ્વીના નારકોથી ઉત્પન્ન થતા નથી. તિર્યંચોમાંથી પંચેન્દ્રિયોના ઉવવાય કહ્યા છે. તેઓથી મનુષ્યોનો પણ ઉવવાય પણ કહેવો. વિશેષ એ છે કે ૭મી પૃથ્વીના નરકોથી, તેજસ્કાયિકો, અને વાયુકાયિકોથી ઉત્પન્ન થતા નથી. સર્વ દેવોથી ઉવવાય કહેવો જોઈએ. યાવત્ કલ્પાતીત વૈમાનિક તથા સર્વાર્થસિદ્ધ દેવોથી પણ ઉવવાય કહેવો જોઈએ.

વાણવ્યંતરદેવોનો ઉવવાય ભવનવાસી સમાન છે. જ્યોતિષક દેવોનો એ જ પ્રકારે સમજવો. વિશેષ એ છે કે સંમુર્ચ્છિમ અને અસંખ્યાત વર્ષના આયુના પંચેન્દ્રિય તિર્યંચોના સિવાય, અંતરદ્વીપોના મનુષ્યોને ત્યજીને ઉવવાય કહેવો જોઈએ.

**વૈમાનિક દેવોના ઉવવાય[12] :-**

વૈમાનિક દેવો નારકોથી અને દેવોથી ઉત્પન્ન થતા નથી પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. એ જ પ્રકારે સૌધર્મ અને ઈશાન કલ્પમાં દેવોનો પણ ઉવવાય કહેવો જોઈએ. એ જ પ્રકારે સનત્કુમારદેવો યાવત્ સહસાર ના દેવોનો ઉવવાય કહેવો. વિશેષ એ છે કે અસંખ્યાત વર્ષનો આયુવાળા તેમજ અકર્મભૂમિ સિવાય ઉત્પન્ન થાય છે.

આનતદેવોથી અચ્યુતકલ્પ સુધીના દેવોમાં નારકોથી, તિર્યંચોથી, દેવોથી ઉત્પન્ન થતા નથી. પરંતુ મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. સંમુર્ચ્છિમ મનુષ્યોથી નહિ પરંતુ ગર્ભજ મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. ગર્ભજ મનુષ્યોમાં કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. અકર્મભૂમિકો કે અંતરદ્વીપોથી નહિ. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાંથી સંખ્યાત વર્ષની આયુવાળા મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. અસંખ્યાત વર્ષવાળા મનુષ્યોથી નહિ. સંખ્યાત વર્ષની આયુવાળામાં પર્યાપ્ત મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. અપર્યાપ્તકોથી નહિ. પર્યાપ્ત મનુષ્યોમાંથી સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. મિથ્યાદષ્ટિ પર્યાપ્તકો અને સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્તકોથી નહિં. સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત મનુષ્યોમાંથી સંયત, સંયતાસંયત અને અસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષવાળા મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. એ જ પ્રકારે નવ ગ્રૈવેયકમાં પણ વિશેષ એ છે કે સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષવાળા મનુષ્યોથી ઉત્પન્ન થાય છે. અસંયત અને સંયતા સંયતથી નહિં. એ જ પ્રકારે અનુત્તરોપપાતિક પણ એ જ પ્રકારે સમજવું. વિશેષ એ છે કે અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તકો સંખ્યાત વર્ષવાળા મનુષ્યોથી ઉત્પન્ન થાય છે, પ્રમત્ત સંયતથી નહિ. અપ્રમત સંયત સમ્યગદષ્ટિ પર્યાપ્ત સંખ્યાતવર્ષવાળા મનુષ્યોમાં ઋદ્ધિપ્રાપ્ત સંયત અને અનૃદ્ધિ પ્રાપ્ત અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતવર્ષવાળા મનુષ્યોથી ઉત્પન્ન થાય છે.

નવગ્રૈવેયકોમાં ભવ્ય અને અભવ્ય બંને ઉત્પન્ન થાય છે. જ્યારે સર્વાર્થસિદ્ધમાં ભવ્ય જ ઉત્પન્ન થાય છે.

આ રીતે સૌધર્મ અને ઈશાનદેવોના ઉવવાયની પ્રરૂપણામાં બધા નારકો, અને દેવોનો નિષેધ કરાયેલો છે. સનત્કુમાર લઈને સહસાર સુધીના દેવોમાં અકર્મભૂમિજોથી ઉવવાયનો નિષેધ કરાયેલો છે. આનત આદિમાં તિર્યંચ પંચેન્દ્રિયના ઉવવાયનો નિષેધ કરાયેલો છે. અને વિજયાદિ વિમાનોમાં મિથ્યાદષ્ટિ મનુષ્યોથી ઉવવાય થવાનો નિષેધ કરેલ છે.

**ઉદ્વર્તનાદ્વાર**[13] **:**

નારકીજીવ નારકોથી ઉત્પન્ન થતા નથી. તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય

છે. દેવોમાં ઉત્પન્ન થતા નથી. તિર્યંચોમાંથી એકેન્દ્રિયમાં યાવત્ ચૌરેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. એ રીતે જેમનાથી ઉવવાય કહ્યો છે તેમનાથી ઉદ્દ્વર્તના પણ કહેવી જોઈએ. વિશેષ એ છે કે તેઓ સમુર્ચ્છિમમાં ઉત્પન્ન થતા નથી. આમ સમસ્ત પૃથ્વીઓનું કહેવું જોઈએ. વિશેષ એ છે કે સાતમી પૃથ્વીના નારકો મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી. નારકો સંખ્યાત વર્ષની આયુવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. પરંતુ ૭મી પૃથ્વીથી નીકળીને ગર્ભજ સંખ્યાત વર્ષની આયુવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે.

અસુરકુમાર ઉદ્દ્વર્તના કરીને નારકો અને દેવોમાં ઉત્પન્ન થતા નથી. તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. તિર્યંચોમાં એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે. બેઇન્દ્રિયોમાં યાવત્ ચૌરેન્દ્રિયીમાં ઉત્પન્ન થતા નથી. એકેન્દ્રિયોમાં પૃથ્વીકાયિક, અપકાયિક અને વનસ્પતિકાયિકોમાં ઉત્પન્ન થાય છે. તેજસ્કાયિકોમાં અને વાઉકાયિકોમાં ઉત્પન્ન થતા નથી. પૃથ્વીકાયિકોમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થતા નથી. બાદર પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે. બાદર પૃથ્વીકાયિકોમાં પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે. અપર્યાપ્તકોમાં નહિ. એ જ પ્રકારે યાવત્ અપકાયિકે અને વનસ્પતિકાયિકોના વિષયમાં પણ કહેવું જોઈએ. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યમાં જે રીતે નારકોની ઉદ્દ્વર્તના સંમૂર્ચ્છિમોને છોડીને એ જ પ્રકારે કહેવું જોઈએ. એ જ પ્રકારે યાવત્ સ્તનિતકુમાર, વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, ઈશાનના વૈમાનિક અસુરકુમારોના સમાન વિશેષ જ્યોતિષ્કે અને વૈમાનિક માટે ચ્યવન કરે છે એમ કહેવું. સનત્કુમારોના દેવો સંબંધી અસુરકુમારોના સમાન વિશેષ એ છે કે એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી. એ જ રીતે યાવત્ સહસાર દેવ સુધી આનત યાવત્ અનુત્તરોપપાતિક દેવ એ જ પ્રકારે. વિશેષ એ છે કે તિર્યંચોમાં તેઓ ઉત્પન્ન થતા નથી. પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોનો બધા સ્થાનમાં ઉવવાય થાય છે.

પૃથ્વીકાયિકો તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. નારકો અને દેવોમાં ઉત્પન્ન થતા નથી. એ રીતે જેવો તેમનો ઉવવાય કહ્યો છે તેવી જ ઉદ્દ્વર્તના પણ દેવો સિવાય કહેવી જોઈએ. એ જ પ્રકારે અપકાયિક, વનસ્પતિકાયિક, વિકલેન્દ્રિય વિશે પણ સમજવું અને એ જ પ્રકારે તેજસ્કાયિકો અને વાઉકાયિકોનું સમજવું. વિશેષ એ છે કે

મનુષ્યો સિવાય ઉત્પન્ન થાય છે. તેજસ્કાયિકો અને વાઉકાયિકોનો પોતાના ભવથી ઉદ્દવર્તન થતાં તિર્યંચોમાં જ થાય છે.

પંચેન્દ્રિય તિર્યંચ ઉદ્દવર્તન કરીને નારકોમાં યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય છે. સાતેય નારકોમાં ઉત્પન્ન થાય છે. તિર્યંચોમાં એકેન્દ્રિયોમાં યાવત્ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે. આ જેવો તેમનો ઉવવાય કહ્યો છે તેવી જ ઉદ્દવર્તના પણ કહેવી જોઈએ. વિશેષતા એ છે કે અસંખ્યાત વર્ષની આયુયોવાળાઓમાં પણ ઉત્પન્ન થાય છે. જો મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, તો સંમુર્ચ્છિમ અને ગર્ભજ મનુષ્યો બંનેમાં પણ તેઓ ઉત્પન્ન થાય છે. એ રીતે ઉવવાય પ્રમાણે તેની ઉદ્દવર્તના કહેવી જોઈએ. વિશેષ એ છે કે અકર્મભૂમિ જ ગર્ભજ મનુષ્યમાં અને અંતરદ્વીપ જ ગર્ભજ મનુષ્યોમાં તથા અસંખ્યાત વર્ષની આયુવાળાઓમાં પણ તેઓ ઉત્પન્ન થાય છે. દેવોમાં ભવનપતિ યાવત્ વૈમાનિકમાં સહસાર કલ્પ પર્યંત ઉત્પન્ન થાય છે.

મનુષ્યો નારકોમાં યાવત્ દેવોમાં પણ ઉત્પન્ન થાય છે. એ રીતે સર્વાર્થસિદ્ધ દેવોમાં પણ ઉત્પન્ન થાય છે. અને કોઈ સર્વ દુઃખોને કરીને મોક્ષમાં પણ જાય છે. મનુષ્યોનો બધા સ્થાનમાં ઉવવાય થાય છે.

**પરભવના આયુના બંધ[૧૪] :**

નારકીય જીવ નિયમથી છ માસ આયુષ્ય બાકી રહેતાં પરભવનો આયુષ્ય બાંધે છે. એ જ પ્રકારે બધા દેવોનું સમજવું.

પૃથ્વીકાયિક બે પ્રકારનાં છે. ઉપક્રમયુક્ત આયુવાળા અને ઉપક્રમ રહિત આયુવાળા. આયુષ્યનો વિઘાત કરનારા વિષ, શસ્ત્ર, અગ્નિ, જળ આદિ ઉપક્રમ કહેવાય આ ઉપક્રમોનાયોગથી દીર્ઘકાળમાં ધીરે ધીરે ભોગવાતું આયુ જલ્દીથી ભોગવાઈ જાયછે. જે આયુ ઉપક્રમયુક્ત હોય તે સોપક્રમ કહેવાય છે. અને જે આયુ ઉપક્રમથી પ્રભાવિત ન થઈ શકે તે નિરૂપક્રમ કહેવાય છે. તેઓમાંથી જે નિરૂપક્રમ આયુવાળા છે તેઓ નિયમથી આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહેતાં પરભવનું આયુષ્ય બાંધ છે અને જેઓ સોપક્રમ આયુવાળા છે તેઓ કદાચ આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહેતાં પરભવનું-આયુષ્ય બાંધે છે. કદાચ આયુષ્યના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી રહેતાં, કદાચ

ત્રીજા ભાગના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી રહેતાં, કદાચ ત્રિભાગ ત્રિભાગ બાકી રહેતાં આયુષ્યબાંધે છે. અર્થાત્ ૨૭ ભાગના ત્રીજા ભાગમાં અર્થાત્ સંપૂર્ણ આયુષ્યના ૮૧માં ભાગમાં આગામી ભવના આયુનો બંધ કરે છે. અને કોઈ જીવ ૮૧માં ભાગમાં આગામી ભવના આયુનો બંધ કરે છે. અને કોઈ જીવ ૮૧ના ત્રીજા ભાગમાં અર્થાત્ સંપૂર્ણ આયુના ૨૪૩મા ભાગમાં આગલા ભવનો આયુબંધ કરે છે. કોઈ જીવ તો તેમના પણ ત્રીજા ભાગના અર્થાત્ ૭૨૯મા ભાગમાં આયુનો બંધ કરે છે. અથવા એ સમયે પણ આયુનો બંધ ન કર્યો હોય તો વર્તમાન આયુનો અંતરમુહૂર્ત કાલ શેષ રહેતાં તો અવશ્ય નવીન આયુનો બંધ કરી લે છે. એ જ પ્રકારે યાવત્ ચૌરેન્દ્રિયનું કથન પણ કહેવું.

તિર્યંચો બે પ્રકારના છે. સંખ્યાત વર્ષની આયુવાળા અને અસંખ્યાત વર્ષની આયુવાળા. જે અસંખ્યાત વર્ષની આયુવાળા હોય તેઓ નિયમથી છ માસ આયુ શેષ રહેતાં પરભવના આયુષ્યને બાંધે છે. અને સંખ્યાત વર્ષની આયુવાળા બે પ્રકારના છે. સોપક્રમી અને નિરૂપક્રમી. તેઓના આયુબંધ પૃથ્વીકાય પ્રમાણે જાણવા અને મનુષ્યનું પણ એ જ પ્રમાણે જાણવું જોઈએ.

**આયુબંધ કેટલા પ્રકારના ?[૧૫] :**

આયુના બંધ ૬ પ્રકારના કહ્યા છે. ગતિનામ, જાતિનામ, સ્થિતિનામ, અતગાહના નામ, પ્રદેશનામ અને અનુભાગ નામ.

નારકોના આયુબંધ છ પ્રકારના છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિકો સુધી ગતિ નામ નિધત્તાયુ જઘન્ય ૧, ૨ અથવા ૩ આકર્ષોથી અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષોથી બાંધે છે. એ જ પ્રકારે યાવત્ અનુભાગ નિધત્તાયુ પણ... એ જ પ્રકારે નારકોથી યાવત્ વૈમાનિકો સુધી જાણવું.

જીવોમાં જઘન્ય ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષો દ્વારા બંધ કરવાવાળાઓમાં અલ્પ બહુત્વ. બધાથી ઓછા જાતિનામ નિધત્તાયુને આઠ આકર્ષોથી બાંધવાવાળા છે. તેમાંથી સાત આકર્ષોથી બાંધવાવાળા સંખ્યાતગણા છે. છ આકર્ષોથી બાંધવાવાળા તેનાથી સંખ્યાતગણા છે. પાંચ આકર્ષોથી બાંધવાવાળા તેનાથી સંખ્યાતગણા

છે. ચાર આકર્ષોથી બાંધવાવાળા તેનાથી સંખ્યાતગણા છે. ત્રણ આકર્ષોથી બાંધવાવાળા તેનાથી સંખ્યાતગણા છે, બે આકર્ષોથી બાંધવાવાળા તેનાથી સંખ્યાતગણા છે. એક આકર્ષથી બાંધવાવાળા તેનાથી સંખ્યાતગણા છે. એ પ્રકારે અભિલાપથી યાવત્ અનુભાગ નામ નિધત્તાયુનો બંધ કરે છે. આ પ્રકારે આ છ એ અલ્પબહુત્વ સંબંધી દંડક જીવથી આરંભ કરીને કહેવા જોઈએ.

વિશેષ પ્રકારના પ્રયત્નથી કર્મપુદ્ગલને ગ્રહણ કરવું તેને આકર્ષણ કહેવાય છે. જેમ ગાય પાણી પીતી પીતી ભયના કારણે પુનઃ પુનઃ આઘોટન કરે છે. ઘૂંટડા લે છે. એ જ પ્રકારે જીવ પણ જ્યારે આયુબંધ સંબંધી તીવ્ર અધ્યવસાયથી જાતિ નામ નિધત્તાયુનો બંધ કરે છે. ત્યારે એક મંદ આકર્ષથી અથવા બે-ત્રણ મંદતર અથવા ત્રણચાર મંદતમ અથવા ૫, ૬, ૭ અથવા ૮ આકર્ષોથી બાંધે છે. આયુષ્યની સાથે બાંધવાવાળા જાતિનામ આદિમાં જ આકર્ષનો નિયમ છે. કોઈ ધ્રુવબંધની પ્રકૃતિઓ કોઈ પરાવર્તમાન પ્રકૃતિ હોય છે. તેઓને ઘણા સમય સુધી પણ બંધનો સંભવ હોવાથી આકર્ષોનો કોઈ સંબંધ નથી.

ભગવતીસૂત્રના ૨૪મા શતકમાં ૨૪ દંડકોમાં ૨૦ દ્વારો બતાવીને ગમ્મા વિષે બતાવેલ છે. ઉવવાય અને ચવણદ્વારનું તેમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે.

જે[૧૯] રીતે કોઈ ઉછળવાવાળો પુરુષ ઉછળતો ઉછળતો અધ્યવસાય વિશેષથી મારે કૂદવું જોઈએ. આ રીતની ઇચ્છાથી થવાવાળા કૂદવાના ઉપાયથી આવવાવાળા સમયમાં એટલે કે ભવિષ્યકાળમાં પોતાના પહેલાના સ્થાનને છોડીને આગળના સ્થાન ઉપર પહોંચી જાય છે. એ જ પ્રકારે આ જીવ પણ ઉછળવાવાળાની જેમ કૂદતાં કૂદતાં અધ્યવસાય વિશેષથી થવાવાળા કર્મના ઉદય પ્રમાણે ધારણ કરેલ પૂર્વભવને છોડીને ભવિષ્યમાં પોતાના આગળના ભવોમાં પહોંચી જાય છે. એ જ પ્રમાણે આ જીવ પણ ઉદય પ્રમાણે મનુષ્ય વિગેરે ભવને છોડીને આગામી નારક ભવને પ્રાપ્ત કરે છે. નારક વગેરે જીવોની ત્રણ સમયવાળી વિગ્રહગતિ હોય છે. તે જીવ પોતાના પરિણામ અને મન, વચન અને યોગથી સંપાદન કરેલા મિથ્યાત્વ વગેરે કર્મબંધના કારણભૂત ઉપાયને વશ થઈને પરભવ સંબંધી આયુષ્ય કર્મનો બંધ કરે છે. તે જીવો પરભવમાં પોતાની

શક્તિરૂપ ઋદ્ધિના બળથી ઉત્પન્ન થાય છે. તે જીવો આત્મકર્મથી જ ત્યાં ઉત્પન્ન થાય છે. અને તે જીવો પોતાના પ્રયોગરૂપ વ્યાપારથી ઉત્પન્ન થાય છે. એ જ રીતે એકેન્દ્રિયને છોડીને ૨૩ દંડકમાં સમજવું જોઈએ. એકેન્દ્રિયની વિગ્રહગતિ ચાર સમયની થાય છે. બાકીનું સઘળું કથન નારક વગેરેના સંબંધમાં કહેલ છે એ જ પ્રમાણે સમજવું.

નારક[૧૭] નારકમાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચમાં અને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. તેમાંથી કોઈ કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ પ્રાપ્ત કરે છે. કોઈ પ્રાપ્ત નથી કરતાં. જે કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ પ્રાપ્ત કરે છે તે કેવલ બોધિને સમજે છે. તેમાં કોઈ જાણે છે કોઈ નથી જાણતું. જે જાણે છે તે અભિનિબોધિક અને શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરે છે. અને તે શીલ, વ્રત, ગુણ,વિરમણ, પ્રત્યાખ્યાન કે પૌષધોપવાસને અંગીકાર કરવા જે સમર્થ થાય છે. તેમાંથી કોઈ અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે કોઈ પ્રાપ્ત નથી કરતા. જે અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે તે અણગાર થવાને કોઈ સમર્થ થાય છે. કોઈ સમર્થ થતા નથી. જે સમર્થ થાય છે તેમાંથી કોઈ મનઃપર્યંતજ્ઞાન પ્રાપ્ત કરે છે. કોઈ પ્રાપ્ત નથી કરતા. જે મનઃપર્યંતજ્ઞાન પ્રાપ્ત કરે છે તેમાંથી કોઈ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. કોઈ ન પણ કરે, જે કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે તે સિદ્ધ થાય છે.

નારકો નારકમાંથી નીકળીને ઉપરના બે દંડકો સિવાય બીજા કોઈ દંડકમાં જતા નથી.

અસુરકુમારોમાંથી અનંતર ઉદ્‌વર્તન કરીને પૃથ્વીકાયિકોમાં કોઈ ઉત્પન્ન થાય છે. કોઈ ન પણ થાય. કેમકે ઈશાન દેવલોક સુધીના પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાય ઉત્પન્ન થઈ શકે છે. પરંતુ તેમાં શ્રોત્રેન્દ્રિયનો અભાવ હોવાથી કેવલી દ્વારા ઉપદિષ્ટ ધર્મને શ્રવણ કરવામાં સમર્થ નથી. એ જ રીતે અપકાય અને વનસ્પતિકાયમાં પણ અસુરકુમાર, અસુરકુમારોમાંથી ઉદ્‌વર્તન કરીને પછી તેઉકાય, વાઉકાય અને વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન ન થાય. તેનું કારણ ભવનો સ્વભાવ છે. તિર્યંચયોનિકમાં અને મનુષ્યમાં કોઈ ઉત્પન્ન થાય છે અને કોઈ નથી થતા. એ જ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર દેવોના વિષયમાં સમજવું.

પૃથ્વીકાયમાંથી નારકી અને દેવોમાં ઉત્પાદનો નિષેધ કરાયેલો છે. કેમકે તેઓમાં

વિશિષ્ટ મનોદ્રવ્યનો અભાવ છે. પૃથ્વીકાયિકો બીજા જ ભવમાં પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થઈ જાય છે. કેમકે તે ભવને યોગ્ય અધ્યવસાય હોય છે. અને તે સર્વજ્ઞ દ્વારા ઉપદિષ્ટ ધર્મનું શ્રવણ કરી શકતા નથી. એ જ પ્રકારે બાકીના ચાર એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના વિષયમાં સમજી લેવું. પંચેન્દ્રિય તિર્યંચોમાં તથા મનુષ્યોમાં કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ન થાય. એ જ પૃથ્વીકાય વાણવ્યંતર જ્યોતિષી અને વૈમાનિકમાં ઉત્પન્ન થતા નથી.

એ જ પ્રકારે જેવી પૃથ્વીકાયની વકતવ્યતા કહી તેમ અપકાય અને વનસ્પતિકાયની વક્તવ્યતા સમજી લેવી.

તેઉકાયિક જીવ તેઉકાયિકમાંથી સીધા નારકીમાં અને દેવોમાં ઉત્પન્ન થતા નથી. પૃથ્વીકાયથી લઈને ચૌરેન્દ્રિય સુધી કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ન થાય. તેઓ કેવલી પ્રરૂપિત ધર્મને શ્રવણ કરવામાં સમર્થ નથી. પંચેન્દ્રિય તિર્યંચોમાં કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ન થાય. તેઓ કેવલી પ્રરૂપિત ધર્મને શ્રવણ કરવામાં કોઈ સમર્થ થાય છે અને કોઈ સમર્થ થતા નથી.

એ જ પ્રકારે વાયુકાયિક પણ સમજવા જોઈએ. તેઉકાયિક અને વાયુકાયિકનો મનુષ્યોમાં પણ ઉત્પાદ થતો નથી. કેમકે તે જીવો ક્લિષ્ટ પરિણામવાળા હોય છે. તેથી મનુષ્યમાં ઉત્પન્ન થવું અસંભવિત છે. હા, પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે.

બેઇન્દ્રિયજીવ બેઇન્દ્રિયોથી ઉદ્‌વર્તન કરીને પૃથ્વીકાયની સમાન ઉત્પન્ન થાય છે. તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના ઉત્પાદ પણ બેઇન્દ્રિયના સમાન છે. વિશેષ એ છે કે પૃથ્વીકાયિક જીવ મનુષ્યોમાં ઉત્પન્ન થઈ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ બેઇન્દ્રિય જીવ મનુષ્ય થઈને પણ અંતક્રિયા કરવામાં સમર્થ નથી. પરંતુ ધર્મશ્રવણ યાવત્ દીક્ષા લઈ શકે અને મનઃપર્યંતજ્ઞાન મેળવે છે. એ જ પ્રકારે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોનું સમજવું.

પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉદ્‌વર્તન કરીને નારકોમાં કોઈ ઉત્પન્ન થાય અને કોઈ ન થાય. નારક થઈને કોઈ કેવલી પ્રરૂપિત ધર્મને શ્રવણ કરી શકે. કોઈ યાવત્ પૌષધોપવાસને અંગીકાર કરવામાં સમર્થ નથી. એ જ પ્રમાણે ભવનવાસી વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં પંચેન્દ્રિય તિર્યંચનું ઉત્પાદ સમજવું. વિકલેન્દ્રિયમાં જેવી

પૃથ્વીકાયની વક્તવ્યતા કહી તેવી જ પંચેન્દ્રિય તિર્યંચના ઉત્પાદની વક્તવ્યતા સમજવી.

પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં જેમ નારકીના ઉત્પાદની પ્રરૂપણા કરી એ જ રીતે પંચેન્દ્રિય તિર્યંચની પણ કહેવી જોઈએ.

પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્ય ૨૪ દંડકોમાં ઉત્પન્ન થાય છે. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકનો ઉત્પાદ એ જ પ્રકારે જેવો ૨૪ દંડકોમાં અસુરકુમારનો કહ્યો છે તેવો સમજવો.

રત્નપ્રભા[૧૮] નારકીના નારક ત્યાંથી ઉદ્‌વર્તન કરીને કોઈ તીર્થંકર થઈ શકે છે. કોઈ નથી પણ થઈ શકતા. નારક ત્યાંથી નીકળીને મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય છે. તેમાં કોઈ તીર્થંકર થઈ શકે છે અને કોઈ નથી થઈ શકતા. રત્નપ્રભા નારકીના નારકે પહેલાં ક્યારેય નામ કર્મનો બંધ કરેલ છે, સ્પષ્ટ નિદ્ધત્ત, નિકાચિત, પ્રસ્થાપિત, નિવિષ્ટ કરેલ છે અને ઉદયમાં આવેલ છે. ઉપશાંત એ જ નારકો તીર્થંકર થાય છે. તે સિવાયના રત્નપ્રભા પૃથ્વીના નારક તીર્થંકરત્વને પ્રાપ્ત કરી શકતા નથી. એ જ પ્રમાણે શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથ્વીકાયના નારકોનું સમજવું.

પંકપ્રભા પૃથ્વીના નારક ત્યાંથી ઉદ્‌વર્તન કરીને તીર્થંકરત્વ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ કેવલજ્ઞાન મેળવી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ધૂમપ્રભા નારકીના નારક ઉદ્‌વર્તન કરીને તીર્થંકરત્વ પ્રાપ્ત ન કરી શકે અને મોક્ષ પણ પ્રાપ્ત કરી શકતો નથી. પરંતુ સર્વવિરતી ચારિત્ર મેળવી શકે છે.

તમપ્રભા પૃથ્વીના નારક તીર્થંકર ન થઈ શકે. મુક્તિ પ્રાપ્ત કરી શકતો નથી. સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરી ન શકે, પરંતુ દેશવિરતિને પ્રાપ્ત કરી શકે છે. તમસ્તમા પૃથ્વીમાં નારક ઉદ્‌વર્તન કરીને તીર્થંકર ન થઈ શકે. મુક્તિ મેળવી ન શકે. સર્વવિરતિ કે દેશવિરતિને પ્રાપ્ત ન કરી શકે. પરંતુ સમક્તિ પ્રાપ્ત કરવામાં સમર્થ છે.

ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષી દેવો ત્યાંથી તીર્થંકરત્વ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ મોક્ષ મેળવી શકે છે.

પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય પોતપોતાના ભવોથી ઉદ્‌વર્તન કરીને

તીર્થંકરત્વ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ મોક્ષ મેળવી શકે છે.

તેઉકાયિક,વાયુકાયિક અનંતર ઉદ્દ્વર્તન કરીને તીર્થંકરત્વ પ્રાપ્ત ન કરી શકે, અને મોક્ષ મેળવી ન શકે. કેમકે અનંતર ભવમાં મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકતા નથી. પરંતુ તે કેવલી ઉપદિષ્ટ ધર્મને શ્રવણ કરવામાં સમર્થ થાય છે.

વિકલેન્દ્રિય પોતપોતાના ભવથી ઉદ્દ્વર્તન કરીને તીર્થંકરત્વ પ્રાપ્ત ન કરી શકે. પરંતુ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો પોતપોતાના ભવોથી ઉદ્દ્વર્તન કરીને તીર્થંકર નથી થઈ શકતા. પરંતુ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે.

વૈમાનિક દેવો પોતાના ભવથી ચ્યવન કરીને કોઈ તીર્થંકરત્વ પ્રાપ્ત કરી શકે છે અને કોઈ નથી કરી શકતા. ઇત્યાદિ બધું કથન જે રત્નપ્રભા પૃથ્વીના નારકના પ્રકરણમાં કહ્યું છે એ જ પ્રકારે સમજી લેવું જોઈએ.

ભગવતીસૂત્રના ૩૪મા શતકમાં સાત શ્રેણી બતાવીને ઉદ્દ્વર્તન અને ચ્યવનનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે.

ભગવતીસૂત્રના ૩૫મા શતકમાં કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ આદિ રાશિ બતાવીને ૨૪ દંડકોનું ઉદ્દ્વર્તન અને ચ્યવનનું વર્ણન કરવામાં આવેલ છે.

ભગવતી સૂત્રના ૪૦મા શતકમાં ઉવવાય અને ચવણદ્વારનું મહાયુગ્મ શતક બતાવીને વર્ણન કરવામાં આવેલ છે.

ભગવતીસૂત્રના ૪૧મા શતકમાં રાશિયુગ્મ શતક બતાવીને 'ઉવવાય અને ચવણદ્વારનું વર્ણન કરવામાં આવેલ છે.

ભગવતીસૂત્રના પ્રથમ શતકના ત્રીજા ઉદ્દેશામાં ૨૪ દંડકોમાં ઉત્પન્ન થનારા જીવ પોતાના એક દેશથી, બીજા દંડકમાં એક દેશરૂપે ઉત્પન્ન થાય છે ? કે પોતાના એક દેશથી બીજામાં સર્વદેશરૂપે ઉત્પન્ન થાય છે ? કે પોતાના સર્વદેશથી બીજાના એકદેશરૂપે ઉત્પન્ન થાય છે ? કે પોતાના સર્વદેશથી બીજાના સર્વદેશરૂપે ઉત્પન્ન થાય છે ? આવા ચાર પ્રશ્નોમાંથી પ્રથમના ત્રણ રૂપે નહીં. પરંતુ તે પોતાના સર્વદેશથી બીજાના સર્વદેશરૂપે ઉત્પન્ન થાય છે. કારણકે સર્વ અવયવોથી જ કાર્યના સર્વ અવયવોની ઉત્પત્તિ

સ્વીકારવામાં આવેલ છે. પરંતુ અવયવના એકદેશનું નિર્માણ થતું નથી. ૨૪ દંડકના વિષયમાં ઉપવાયનું સમજવું. આ રીતે વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે.

**પાંચ પ્રકારના દેવોનું ઉવવાય અને ચવણ[૧૯] :**

ભવ્ય દ્રવ્યદેવો નારકો, તિર્યંચો, મનુષ્યો અને દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. પરંતુ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા અકર્મભૂમિજ તથા અંતરદ્વીપજ તથા સર્વાર્થસિદ્ધના દેવો, આ જીવો ભવ્યદ્રવ્યદેવ ઉત્પન્ન થતા નથી. કારણકે અસંખ્યાત વર્ષના અકર્મભૂમિજ મનુષ્યો અને તિર્યંચો તથા અંતરદ્વીપજ મરીને ભાવદેવરૂપે જ ઉત્પન્ન થાય છે, જે સર્વાર્થસિદ્ધકો છે. તેઓ ભવ્યદ્રવ્યસિદ્ધ થાય છે. તેમને ફરી બીજો ભવ લેવો પડતો નથી. એ જ ગૃહીત ભવમાંથી તેઓ મોક્ષે ચાલ્યા જાય છે. નરદેવમાં નારકો અને દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. પરંતુ તિર્યંચો અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. નારકોમાંથી રત્નપ્રભા પૃથ્વીના નારકોમાંથી નીકળીને જીવ નરદેવરૂપે ઉત્પન્ન થાય છે. પરંતુ શર્કરાપ્રભાથી લઈને તમઃ તમા પૃથ્વી સુધીના નારકોમાંથી નીકળીને જીવો નરદેવરૂપે ઉત્પન્ન થતા નથી. દેવોમાંથી ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષી' અને વૈમાનિક દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

ધર્મદેવમાં નારકોથી લઈને સર્વાર્થ સિદ્ધિક પર્યંતના સમસ્ત જીવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. પરંતુ તેમાં ૬ઠ્ઠી અને ૭મી નારકોવાળા, તેઉકાયિક, વાયુકાયિક તથા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતરદ્વીપ જ મનુષ્યો અને તિર્યંચોમાંથી આવીને જીવો ધર્મદેવરૂપે ઉત્પન્ન થતા નથી. કારણકે જે નારકો છઠ્ઠી નરકમાંથી નીકળે છે તેમનામાં ચારિત્ર હોતું નથી. તથા ૭મી નરકમાંથી, તેઉકાય, વાઉકાયમાંથી, અસંખ્યાત વર્ષના આયુવાળા કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતરભૂમિજ મનુષ્યો અને તિર્યંચોમાંથી નીકળેલા જીવો મનુષ્યરૂપે ઉત્પન્ન થઈ શકતા નથી. તેથી ચારિત્રના અભાવે તેઓ અણગારરૂપ ધર્મદેવ પણ થતા નથી.

દેવાધિદેવમાં નારકો અને દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. પરંતુ તિર્યંચો અને મનુષ્યમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. નારકોમાંથી પ્રથમ ત્રણ નારકોમાંથી નીકળીને ઉત્પન્ન થાય છે. પરંતુ ૪ થી ૭ નારકોમાંથી નીકળેલા જીવોમાં દેવાધિદેવત્વ

સંભવી શકતું નથી. દેવોમાંથી વૈમાનિકદેવના આવીને જીવો દેવાધિદેવરૂપે ઉત્પન્ન થઈ શકે છે. પરંતુ ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી દેવોમાંથી દેવાધિદેવરૂપે ઉત્પન્ન થતા નથી.

ભાવદેવમાં અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, સંખ્યાતા વર્ષના સંજ્ઞી મનુષ્ય અને અસંખ્યાતા વર્ષના સંજ્ઞી મનુષ્ય ભાવદેવરૂપે ઉત્પન્ન થાય છે.

ભવ્યદ્રવ્યદેવો[૨૦] પોતાના ભવને છોડીને નારકોમાં, તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી. પરંતુ દેવોમાં જ ઉત્પન્ન થાય છે. કેમકે નારકાદિ ભવોમાં તેમની ઉત્પત્તિનો નિષેધ કર્યો છે. કેમકે દેવગતિમાં જ ઉત્પન્ન થવાના લક્ષણોનો સદ્‌ભાવ હોય છે. કોઈપણ પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે.

નરદેવો નરદેવ ભવનું આયુષ્ય પૂરું કરીને નારકોમાં જ ઉત્પન્ન થાય છે. અન્ય ત્રણ ગતિમાં ઉત્પન્ન થતા નથી. કારણકે નરદેવો કામભોગમાં રચ્યા પચ્યા રહે છે. તેઓ અતિશય આરંભ અને પરિગ્રહથી યુક્ત હોય છે. તેથી તેઓ નારકોમાં જ ઉત્પન્ન થાય છે. જો ચક્રવર્તિરૂપનો પરિત્યાગ કરીને ધર્મદેવત્વ અંગીકાર કરે તો દેવગતિ કે મોક્ષગતિ પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ નરદેવત્વની સ્થિતિમાં જ રહેનાર જીવો તો સાતે પૃથ્વીઓના નારકોમાં ઉત્પન્ન થાય છે.

ધર્મદેવો પોતાના ધર્મદેવ ભવને છોડીને નરક, તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી. તેઓ દેવોમાં જ ઉત્પન્ન થાય છે. કારણકે દેવાયુના બંધવાળાને જ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. દેવોમાં પણ વૈમાનિક દેવોમાં જ ઉત્પન્ન થાય છે. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક દેવોમાં ઉત્પન્ન થતા નથી. કેટલાક ધર્મદેવો મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

દેવાધિદેવ તીર્થંકર ભવને છોડીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

ભાવદેવ તેમના ભાવદેવના ભવને છોડીને ભવનપતિથી બીજા દેવલોક સુધીના દેવો પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ૩જા દેવલોકથી ૮મા દેવલોક સુધીના પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં જાય છે.

૯મા દેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધીના દેવો મનુષ્યમાં જાય છે.

-ભગવતીસૂત્રના શતક ૧૮ અને ઉદ્દેશા પાંચમામાં શતક ૩ ઉદ્દેશા ૪થામાં અને ઉદ્દેશા પાંચમામાં ઉવવાય અને ચવણદ્વારનું વર્ણન કરવામાં આવેલ છે.

**દંડકમાં ઉવવાય અને ચવણદ્વાર :**

संखमसंखा समाउ, गब्भतिरि विगय नारय सुराय ।

मणुआनियमा संखा, वणणंता थावर असंखा[२१] ॥२५॥

**ગાથાર્થ - વિશેષાર્થ :**

ગર્ભજ તિર્યંચનો એક, વિકલેન્દ્રિયના ત્રણ, સાત નરકનો એક અને દેવના ૧૩ એમ કુલ ૧૮ દંડકના જીવો એક સમયમાં સમકાળે ૧-૨-૩ ઇત્યાદિ સંખ્યા વડે સંખ્યાત્ ઉત્પન્ન થાય. તેમજ અસંખ્યાત પણ ઉત્પન્ન થાય. કારણકે એ પ્રત્યેક દંડકના જીવો ઉત્કૃષ્ટથી અસંખ્ય અસંખ્ય છે. માટે એક સમયમાં ઉત્કૃષ્ટથી અસંખ્ય પણ ઉત્પન્ન થાય છે.

ગર્ભજ મનુષ્યો એક સમયમાં નિશ્ચયથી ૧-૨-૩ ઇત્યાદિ સંખ્યા વડે અવશ્ય સંખ્યાત જ ઉત્પન્ન થાય છે. પરંતુ અસંખ્ય કે અનંત ઉત્પન્ન ન થાય. કારણકે ગર્ભજ મનુષ્યોની આ જગતમાં સર્વ સંખ્યા ૭૯૨૨૮૧૬૨, ૫૧૪૨૬૪૨, ૩૭૫૯૩૫૪, ૩૯૫૦૩૩૬ આ ૨૯ અંક જેટલી સંખ્યા ગર્ભજ મનુષ્યોની હોય છે.

તથા પાંચ સ્થાવરના દંડકમાંના એક વનસ્પતિકાય એક સમયમાં અનંત ઉત્પન્ન થાય છે. કારણકે સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદરૂપ વનસ્પતિજીવો આ જગતમાં જઘન્યથી પણ અનંત છે. પરંતુ અસંખ્યાત કે સંખ્યાત નથી. અહિં વિશેષ એ છે કે પ્રત્યેક વનસ્પતિ જીવો અનંત નથી, પરંતુ અસંખ્ય જ છે. માટે પ્રત્યેક વનસ્પતિ તો એક સમયમાં અસંખ્ય જ ઉત્પન્ન થાય. અને ૪ સ્થાવરો સૂક્ષ્મ અથવા બાદર જીવો પણ જગતમાં અસંખ્ય અસંખ્ય જ છે. પરંતુ અનંત કે સંખ્યાત નથી, તેથી એ ૪ દંડકના જીવ એક સમયમાં સમકાળે (૧-૨-૩ ઇત્યાદિ સંખ્યાત નહિ પરંતુ) અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

असन्नि नर असंखा, जहु उववाए तहेव चवणेवि[२२] ॥२६॥

**ગાથાર્થ - વિશેષાર્થ :**

અસંજ્ઞી મનુષ્યો (સંમુર્ચ્છિમ મનુષ્યો) જેઓ મનુષ્યના અપવિત્ર (૧૪ સ્થાનોમાં (વિષ્ટા-મૂત્ર-પ્રસ્વેદ વગેરેમાં) ઉત્પન્ન થાય છે. તે આ જગતમાં સર્વ સંખ્યાએ અસંખ્યાત જ હોય છે. તેથી એક સમયમાં તેઓની ઉત્પત્તિ પણ સમકાળે અસંખ્ય જેટલી છે. વળી આ સંમૂર્ચ્છિમ મનુષ્યો કેટલીકવાર ૨૪ મુહૂર્ત સુધી બિલકુલ નથી હોતા, એમ પણ બને છે.

ચવણદ્વારમાં સર્વે દંડકોના ચવણની-અર્થાત્ મરણની સમકાલ સંખ્યા પણ સર્વાંશે ઉવવાયદ્વાર સમાન જાણવી.

**દંડકમાં ઉવવાય અને ચવણદ્વારમાં ચિંતનનું કારણ :**

ઉવવાય એટલે ઉત્પત્તિ અને ચવણ એટલે મરણ, જન્મ થવો અને મૃત્યુ પામવું. એ ક્રમ અનાદિકાળથી ચાલે છે. અનંતકાળ જન્મ, મરણ કરવામાં પસાર થઈ ગયો. જન્મ અને મૃત્યુ વચ્ચેના મનુષ્યભવમાં, આપણને જે સમય મળ્યો છે તે સમય સફળ બનાવવા ચિંતન કરવાનું છે. ભવભ્રમણથી જો મુક્ત થવું હોય તો ધર્મથી ઉત્કૃષ્ટ આરાધના કરીને મૃત્યુને મહોત્સવ બનાવવાનો છે. ઉવવાય અને ચવણ શબ્દોનો વિચાર અને ચિંતન કરવાથી આધ્યાત્મિક ભાવો પ્રગટે છે. ચવણ અર્થાત્ મરણનો અંત થાય તો ઉવવાય અર્થાત્ ઉત્પત્તિ-જન્મનો પણ અંત થઈ જાય છે. અનંતા આત્માઓ જન્મ અને મરણથી મુક્ત થઈને સિદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર થઈ ગયા છે. આત્મા એ જ પરમાત્મા બની શકે છે. જેઓ ઉવવાય અને ચવણના પંજામાંથી મુક્ત થયા તે પરમાત્મા બની ગયા છે. આપણે પણ હવે તેમાંથી મુક્તિ મેળવવી હોય તો તેનું ચિંતન કરવું જરૂરી છે. ચિંતન કરવાથી શુભ ભાવોમાં વૃદ્ધિ થાય છે અને ક્રમિક સાધના કરતાં કરતાં ઉવવાય અને ચવણથી છૂટકારો મેળળીને આપણે પરમાત્મા બની શકીશું.

**ટિપ્પણી :**

૧. સ્થા. ઠા. ૧. સૂ. ૨૮

૨. સ્થા. ઠા. ૧. સૂ. ૨૮

૩. સ્થા. ઠા. ૧. સૂ. ૨૭

૪. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૧

૫. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૨

૬. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૩

૭. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૪, સૂ. ૫

૮. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૬, સૂ. ૭

૯. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૯

૧૦. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૧૦

૧૧. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૧૧

૧૨. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૧૨

૧૩. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૧૩-૧૪

૧૪. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૧૫

૧૫. પ્રજ્ઞા. પ. ૬. સૂ. ૧૬

૧૬. ભગ, શ. ૨૫, ઉ. ૮, સૂ. ૧

૧૭. પ્રજ્ઞા. પ. ૧૯. સૂ. ૩

૧૮. પ્રજ્ઞા. પ. ૨૦. સૂ. ૭

૧૯. ભગ. શ. ૧૨. ઉ. ૯. સૂ. ૨.

૨૦. ભગ. સૂત્ર. શ. ૧૨. ઉ. ૯. સૂ. ૫.

૨૧. દંડક પ્રકરણ. ગા. ૨૫.

૨૨. દંડક પ્રકરણ. ગા. ૨૬.

# (૧૮મું) સ્થિતિદ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. એ વિચારણામાં ૧૮મા દ્વારમાં સ્થિતિ વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**સ્થિતિના અર્થો :**

શાસ્ત્રમાં સ્થિતિના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે. (૧) અવસ્થાન એટલે સ્થિતિ[૧] (૨) આયુષ્યને સ્થિતિ કહેવાય છે.[૨] (૩) ગતિથી વિપરીત સ્થિતિ હોય છે અર્થાત્ ગતિની નિવૃત્તિરૂપ સ્વદેશથી અવચ્યુતિને સ્થિતિ કહે છે.[૩] (૪) જીવના પ્રદેશોની ઉથલપાથલ ન થાય તેને સ્થિતિ કહે છે.[૪] (૫) જેટલા કાળ સુધી વસ્તુ રહે છે તે સ્થિતિ છે.[૫] (૬) કોઈ ક્ષેત્રમાં સ્થિત પદાર્થની કાળ મર્યાદાનું નિશ્ચય કરવું તેને સ્થિતિ કહે છે.[૬] (૭) પોતાના દ્વારા પ્રાપ્ત થયેલા આયુષ્યના ઉદયથી એ ભવમાં શરીરની સાથે રહેવું તેને સ્થિતિ કહેવાય છે.[૭] (૮) જેનો જે સ્વભાવ છે તેનાથી ચ્યુત ન થવું તે સ્થિતિ છે. યોગના વશથી કર્મસ્વરૂપમાં પરિણત પુદ્ગલ સ્કંધોનો કષાયના વશથી જીવમાં એક સ્વરૂપથી રહેવાના કાળને સ્થિતિ કહે છે.[૮]

**સ્થિતિના ભેદો અને આગમમાં તેનું વિવેચન :**

શાસ્ત્રમાં દર્શાવેલ સ્થિતિને વિભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવેલ છે.

સ્થિતિ બે પ્રકારની છે : (૧) જઘન્ય એટલે ઓછામાં ઓછી, (૨) ઉત્કૃષ્ટ એટલે વધારેમાં વધારે.

**સ્થિતિ બીજી રીતે પણ બે પ્રકારની છે :**

(૧) ભવસ્થિતિ : એક ભવની સ્થિતિને ભવસ્થિતિ કહે છે.

(૨) કાયસ્થિતિ : એક કાયનો પરિત્યાગ કર્યા વિના અનેક ભવ વિષયને કાયસ્થિતિ કહે છે.

**નારકોની સ્થિતિ[૯] :**

નારકોની જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ છે. અપર્યાપ્તા નારકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતમુહૂર્તની છે.

અપર્યાપ્તા બે પ્રકારની છે. લબ્ધિ અપર્યાપ્તા ને કરણ અપર્યાપ્તા. તેમાં નારકી, દેવો, અસંખ્યાત વર્ષવાળા તિર્યંચ અને મનુષ્ય તેઓ કરણ અપર્યાપ્તા જ હોય છે. લબ્ધિ અપર્યાપ્તની તેમાં ઉત્પત્તિનો સંભવ નથી. તેથી તેઓ ઉત્પત્તિના કાલથી જ કરણ અપર્યાપ્ત હોય છે. બાકીના તિર્યંચ અને મનુષ્ય ઉત્પત્તિકાલથી જ કરણ અપર્યાપ્તા અને લબ્ધિ અપર્યાપ્તા બંને હોય છે.

પર્યાપ્ત નારકોની સ્થિતિ જઘન્ય દશહજાર વર્ષમાં એક અંતમુહૂર્ત ઓછો અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમમાં અં. મુ. ઓછી સ્થિતિ બતાવી છે.

અપર્યાપ્તાનો કાળ ગયા પછી બાકીનો કાળ પર્યાપ્તાનો કહેવાય છે.

રત્નપ્રભા પૃથ્વીના નારકોની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની છે. બધા નારકોની અપર્યાપ્તાની સ્થિતિ અંતમુહૂર્તની જ હોય છે.

રત્નપ્રભાના પર્યાપ્ત નારકોની સ્થિતિ જઘન્ય અ. મુ. ઓછી. ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી એક સાગરોપમની છે.

શર્કરાપ્રભાના તેના નારકોની સ્થિતિ જઘન્ય ૧ સાગરોપમની અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની છે. તેના પર્યાપ્ત નારકોની જઘન્ય અં. મુ. ઓછી ૧ સાગરોપમની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૩ સાગરોપમની છે.

વાલુકાપ્રભાના નારકોની સ્થિતિ જઘન્ય ૩ સાગરોપમની અને ઉત્કૃષ્ટ ૭

સાગરોપમની છે. પર્યાપ્ત નારકોની જઘન્ય અં. મુ. ઓછી ૩ સાગ. ની અને ઉત્કૃષ્ટ અં. મુ. ૭ સાગ.ની છે.

પંકપ્રભાના નારકોની જઘન્ય સ્થિતિ ૭ સાગ.ની અને ઉત્કૃષ્ટ ૧૦ સાગ.ની છે. તેના પર્યાપ્ત નારકોની જઘન્ય સ્થિતિ અં. મુ. ઓછી ૭ સાગ.ની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૧૦સાગ.ની છે.

ધૂમપ્રભા પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ ૧૦ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૧૭ સાગ.ની છે. તેના પર્યાપ્ત નારકોની જઘન્ય સ્થિતિ અં. મુ. ઓછી ૧૦ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૧૭ સાગ.ની છે.

તમઃપ્રભા પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ ૧૭ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૨૨ સાગ.ની છે. તેના પર્યાપ્ત નારકોની જઘન્ય સ્થિતિ અં. મુ. ઓછી ૧૭ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૨૨ સાગ.ની છે.

તમતમા પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ ૨૨ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગ.ની છે. તેના પર્યાપ્ત નારકોની જઘન્ય સ્થિતિ અં. મુ. ઓછી ૨૨ સાગ.ની છે. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૩૩ સાગ.ની છે.

**દેવોની સ્થિતિ**[10] **:**

દેવોની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગ.ની છે. બધા જ અપર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે. પર્યાપ્તા દેવોની જઘન્ય સ્થિતિ અં. મુ. ઓછી ૧૦ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૩૩ સાગ.ની છે.

દેવીઓની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ ૫૫ પલ્યની છે. અપર્યાપ્ત બધી દેવીઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે. પર્યાપ્ત દેવીની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછી ૧૦ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૫૫ પલ્યોપમની છે.

ભવનવાસી દેવોની અને અસુરકુમાર દેવોની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની

છે અને ઉત્કૃષ્ટ કાંઈક વિશેષ ૧ સાગરોપમની છે. ભવનવાસી દેવીની અને અસુરકુમારની દેવીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ ૪।। પલ્યની છે. પર્યાપ્ત અસુરકુમાર દેવોની સ્થિતિ જઘન્ય અ. મુ. ઓછી ૧૦ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી કાંઈક અધિક ૧ સાગ.ની છે. પર્યાપ્ત અસુરકુમાર દેવીઓની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછી ૧૦ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૪।। પલ્યની છે.

નાગકુમાર દેવોની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ દેશે ઉણી બે પલ્યની છે. તેના પર્યાપ્ત નાગકુમાર દેવની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછી ૧૦ હજાર વર્ષની એ ઉત્કૃષ્ટ અં.મુ. ઓછી દેશે ઉણી બે પલ્યની છે. નાગકુમાર દેવીની જઘન્ય ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ દેશે ઉણી બે પલ્યની છે. નાગકુમાર દેવીની જઘન્ય ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ દેશે ઉણી ૧ પલ્યની છે. તેના પર્યાપ્ત દેવીનો જઘન્ય અં. મુ. ઓછી ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી દેશે ઉણી ૧ પલ્યની સ્થિતિ છે. આ જ પ્રમાણે સુવર્ણકુમાર દેવોની ઔધિક અર્થાત્ સમાન્ય પર્યાપ્ત અપર્યાપ્તનાં વિષયમાં જાણવા જોઈએ: યાવત્ સ્તનિતકુમારો પર્યંત નાગરકુમારની સમાન જ છે.

**પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયોની સ્થિતિ :**

અપર્યાપ્ત પાંચેય અકેન્દ્રિયની તેમાં સૂક્ષ્મ એકેન્દ્રિય અને બાદર એકેન્દ્રિય બધાની અપર્યાપ્તિની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે. બાદર પૃથ્વીકાયની જઘન્ય અં.મુ. અને ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષની સ્થિતિ છે. તેના પર્યાપ્ત બાદર પૃથ્વીકાયની જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૨૨ હજાર વર્ષની સ્થિતિ છે.

બાદર અપકાયિકોની સ્થિતિ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ ૭ હજાર વર્ષની છે. તેના પર્યાપ્ત અપકાયિકોની સ્થિતિ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૭ હજાર વર્ષની છે.

બાદર તેઉકાયિકોની સ્થિતિ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રીની છે. તેના પર્યાપ્ત તેઉકાયિકોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ત્રણ અહોરાત્રીની છે.

બાદર વાયુકાયિકોની સ્થિતિ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ ૩ હજાર વર્ષની છે તેના પર્યાપ્ત તેઉકાયિકોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૩ હજાર વર્ષની છે.

બાદર વનસ્પતિ કાયિકોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની અને ઉત્કૃષ્ટ ૧૦ હજાર વર્ષની છે. સાધારણ વનસ્પતિના પર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે. પર્યાપ્ત પ્રત્યેક વંનસ્પતિની જઘન્ય સ્થિત અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૧૦ હજાર વર્ષની છે.

**બેઇન્દ્રિય આદિ વિકલેન્દ્રિયની સ્થિતિ[11] :**

વિકલેન્દ્રિય અપર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે. બેઇન્દ્રિયોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે. અને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષની છે. તેના પર્યાપ્તાની જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૧૨ વર્ષની છે. તેઇન્દ્રિયોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૪૯ દિવસની છે. તેના પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૪૯ દિવસની છે. ચૌરેન્દ્રિયની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ છ માસની છે. તેના પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી છ માસની છે.

**પંચેન્દ્રિયોની તિર્યંચોની સ્થિતિ[12] :**

અસંજ્ઞી, સંજ્ઞીના બધાના અપર્યાપ્તાની સ્થિતિ અં. મુ.ની છે.

પંચેન્દ્રિય તિર્યંચોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. તેના પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૩ પલ્યની છે.

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વની છે. તેના પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે એન ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ક્રોડપૂર્વની છે. ગર્ભજની જઘન્ય અં.મુ.ની અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. તેના પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિ અં.મુ.ની છે, અને અં.મુ. ઓછો ૩ પલ્યની છે.

જલચર પંચેન્દ્રિય તિર્યંચ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચની

સ્થિતિ જઘન્ય અં. મુ.નીછે. ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વની છે પર્યાપ્તા સંમૂર્છિમ પંચેન્દ્રિય. તિર્યંચ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચની સ્થિત જઘન્ય અં.મુની. છે અને ઉત્કૃષ્ટ અં.મુ. ઓછી ક્રોડપૂર્વની છે.

ચતુષ્પદ સ્થલ પંચેન્દ્રિયતિર્યંચ, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૮૪ હજાર વર્ષની છે. પર્યાપ્તા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચની જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૩ પલ્યની છે અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૮૪ હજાર વર્ષની છે.

ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોની અને ગર્ભજ ઉરપરિસર્પની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડીની છે. સંમૂર્ચ્છિ ઉરપરિ સર્પની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૫૩ હજાર વર્ષની છે. અને તેની પર્યાપ્તા ઉરપરિસર્પની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૫૩ હજાર વર્ષની છે. ગર્ભજ ઉરપરિસર્પ પર્યાપ્તની સ્થિતિ જઘન્ય અં. મુ.ની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી પૂર્વક્રોડીની છે.

ભૂજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોની ગર્ભજ ભૂજપરિ સર્પની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ પૂર્વક્રોડીની છે અને સંમૂર્ચ્છિમ ભૂજપરિ સર્પની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૪૨ હજાર વર્ષની છે. ગર્ભજ ભુજપરિ સર્પ પર્યાપ્તની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી પૂર્વક્રોડીની છે.

*ખેચર પંચેન્દ્રિય, તિર્યંચોની, ખેચર ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોની સ્થિતિ જઘન્ય* અં. મુ.ની છે. અને ઉત્કૃષ્ટ પલ્યના અસંખ્યાતમાં ભાગની છે. સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૭૨ હજાર વર્ષની છે. તેના પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૭૨ હજાર વર્ષની છે. ગર્ભજ ખેચર પર્યાપ્તાની જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી પૂર્વક્રોડીની છે.

**મનુષ્યોની સ્થિતિ**[13] **:**

મનુષ્યોની સ્થિતિ અને ગર્ભજ મનુષ્યોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. તેના પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી ૩ પલ્યની છે. સમૂર્ચ્છિમ મનુષ્યો પર્યાપ્તા થતા જ નથી. તેથી સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા અને ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે.

મનુષ્ય સ્ત્રીઓની[14] ક્ષેત્રની અપેક્ષાએ સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમની છે. ધર્માચરણની અપેક્ષાએ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ દેશે ઉણી પૂર્વ ક્રોડીની છે.

કર્મભૂમિની મનુષ્ય સ્ત્રીઓની ભરત ઐરવતના કર્મભૂમિની મનુષ્ય સ્ત્રીઓની સ્થિતિ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. ધર્માચરણની અપેક્ષાએ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ દેશે ઉણી પૂર્વક્રોડીની છે. પૂર્વ વિદેહ, પશ્ચિમ વિદેહના કર્મભૂમિના મનુષ્ય સ્ત્રીઓના ક્ષેત્રની તેમ જ ધર્માચરણની અપેક્ષાએ જઘન્ય અં. મુ.ની અને ઉત્કૃષ્ટ દેશે ઉણી પૂર્વક્રોડીની સ્થિતિ છે.

અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રીઓની સ્થિતિ જન્મ અપેક્ષાએ જઘન્ય દેશે ઉણા પલ્યની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની છે. સંહરણ અપેક્ષાએ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ દેશે ઉણા પૂર્વ કોટીની છે સંહરણ અપેક્ષાએ ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપમાં ઉપર બતાવ્યા પ્રમાણે જ સ્થિતિ સમજવી.

હેમવત અને ઐરણ્યવત અકર્મભૂમિના મનુષ્યની સ્થિતિ જન્મની અપેક્ષાએ જઘન્ય પલ્યના અસંખ્યાતમા ભાગ ઓછી ૧ પલ્ય અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમ છે.

હરિવર્ષ અને રમક વર્ષના અકર્મભૂમિ મનુષ્યની સ્ત્રીઓની સ્થિતિ જન્મ અપેક્ષાએ જઘન્ય પલ્યના અસંખ્યાત ભાગ ઓછી બે પલ્યોપમ અને ઉત્કૃષ્ટ બે પલ્યની છે.

દેવકુરુ અને ઉત્તરકુરુના અકર્મ ભૂમિના મનુષ્ય સ્રીઓની સ્થિતિ જન્મ અપેક્ષાએ

જઘન્ય પલ્યના અસંખ્યાત ઓછી ત્રણ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

અંતરદ્વીપના અકર્મભૂમિના મનુષ્ય સ્ત્રીઓની સ્થિતિ જન્મની અપેક્ષાએ જઘન્ય પલ્યના અસંખ્યાત ભાગ ન્યૂન પલ્યોમની અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**મનુષ્ય નપુંસકોની સ્થિતિ**[૧૫]**:**

મનુષ્ય નપુંસકોની સ્થિતિ ક્ષેત્રની અપેક્ષાએ જઘન્ય એક અં. મુ.ની છે. અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની છે. ચારિત્ર ધર્મની અપેક્ષાએ કર્મભૂમિના મનુષ્ય નપુંસકોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે. અને ઉત્કૃષ્ટ દેશે ઉણી પૂર્વકોટી છે. અહિં આઠ વર્ષમાં સંયમ પ્રાપ્ત કર્યા પછી જીવતાં સુધી સંયમ પાળવો એ જ દેશે ઉણું છે. કર્મભૂમિના ભરત અને ઐરવતક્ષેત્રરૂપ નપુંસકની સ્થિતિ ક્ષેત્રની અપેક્ષાએ અને ચારિત્રધર્મની અપેક્ષાએ જઘન્ય એક અં. મુ.ની એ ઉત્કૃષ્ટથી પૂર્વોક્ત કથન પ્રમાણે સમજવી.

અકર્મભૂમિના મનુષ્ય નપુંસકોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે. કેમકે અકર્મભૂમિના મનુષ્ય નપુંસકો સંમૂર્ચ્છિમ જ હોય છે. અકર્મભૂમિમાં યુગમ ધર્મીઓમાં નપુંસકપણાનો અભાવ હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય તો અં. મુ. પછી મરણધર્મને પ્રાપ્ત કરી લે છે. વિશેષતા એ છે કે જઘન્યના અં. મુ. કાળથી ઉત્કૃષ્ટનો જે અં. મુ. કાળ છે તે વધારે મોટો છે. સંહરણની અપેક્ષાએ અર્થાત્ કર્મભૂમિના મનુષ્ય નપુંસકોને સંહરણથી અકર્મભૂમિમાં લઈ જવામાં આવેલા હોય તો અકર્મભૂમિના મનુષ્ય નપુંસકોની સ્થિતિ જઘન્યથી અં. મુ. અને ઉત્કૃષ્ટ દેશે ઉણી પૂર્વક્રોડીની હોય છે. યાવત્ અંતરદ્વીપના મનુષ્ય નપુંસકોની પણ સમજવી.

**વાણવ્યંતરોની સ્થિતિ**[૧૬]**:**

વાણવ્યંતર દેવોની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ ૧ પલ્યની છે. પર્યાપ્તા વાણવ્યંતરોની જઘન્ય અં. મુ. ઓછી દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછી પલ્યોપમની છે. તેની દેવીની જઘન્ય ૧૦ હજાર વર્ષની સ્થિતિને ઉત્કૃષ્ટ અર્ધ પલ્યની છે. તેના પર્યાપ્તા દેવીની અં. મુ. ઓછા ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા પલ્યની છે. કેમકે દેવીની અપર્યાપ્તાની સ્થિતિ અં. મુ. જ હોય છે.

અકામ નિર્જરા અર્થે કાયકલેશ કરનાર તપસ્વી વ્યંતરોમાં ૧૦ હજાર વર્ષની સ્થિતિના દેવ બને છે. બાલ-મરણથી મરીને ૧૨ હજાર વર્ષની સ્થિતિના દેવ બને છે. અલ્પારંભની પ્રવૃત્તિ કરી વિધવાઓ ૧૪ હજાર વર્ષની સ્થિતિના દેવ બને છે. કલેશથી અકામ નિર્જરા કરી તપસ્વીની સ્ત્રીઓ ૧૬ હજાર વર્ષની સ્થિતિવાળા દેવ બને છે. પાણી આદિ વડે પાખંડી વ્રતોને સ્વીકારી વ્યંતરોમાં ૨૪ હજારની સ્થિતિવાળા દેવ બને છે.

જ્યોતિષ્ક[૧૭] દેવોની સ્થિતિ અપર્યાપ્તાની, દેવોની સ્થિતિ અપર્યાપ્તાની બધાની અં. મુ. જ હોય છે. જ્યોતિષ્ક દેવોની સ્થિતિ જઘન્ય પલ્યનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ ૧ લાખ વર્ષ અધિક પલ્યની છે. તેના પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા પલ્યના આઠમા ભાગની છે. અને ઉત્કૃષ્ટ પલ્યોપમ ઓછા ૧ લાખ વર્ષ અધિક ૧ લાખ વર્ષની છે. જ્યોતિષ્ક દેવીઓની સ્થિતિ જઘન્ય પલ્યનો આઠમો ભાગ ને ઉત્કૃષ્ટ ૫૦ હજાર વર્ષ અધિક અર્ધા પલ્યની છે. પર્યાપ્ત તેની દેવીઓની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા પલ્યના આઠમા ભાગની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા અર્ધો પલ્ય અને ૫૦ હજાર વર્ષની છે. ચંદ્ર વિમાનના દેવ અને દેવોની, પર્યાપ્ત દેવ અને પર્યાપ્ત દેવીની પૂર્વોક્ત પ્રમાણે જ જાણવી જોઈએ. વિશેષ જઘન્ય પલ્યનો ચોથો ભાગ જાણવો.

સૂર્યના વિમાનના દેવોની સ્થિતિ જઘન્ય પલ્યનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ એક હજાર વર્ષ અધિક એક પલ્યની છે. તેના પર્યાપ્તા દેવોની જઘન્ય અં. મુ. ઓછા પલ્યના ચોથા ભાગની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા એક પલ્યને ૧ હજાર વર્ષની છે. સૂર્યની દેવીની સ્થિતિ જઘન્ય પલ્યના ચોથા ભાગ અને ઉત્કૃષ્ટ ૫૦૦ વર્ષ અધિક અર્ધપલ્યની છે. તેની પર્યાપ્ત દેવીની સ્થિતિ જઘન્ય અંમુ. ઓછા પલ્યના ચોથા ભાગની છે અને ઉત્કૃષ્ટ અં.મુ. ઓછા અર્ધપલ્યને ૫૦૦ વર્ષની છે.

ગ્રહ વિમાનના દેવોની સ્થિતિ જઘન્ય પલ્યનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ ૧ પલ્યની અને તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં.મુ. ઓછા પલ્યનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અં.મુ ઓછા ૧ પલ્યની છે. તેની દેવીની સ્થિતિ જઘન્ય પલ્યનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અર્ધા પલ્યની છે. તેની પર્યાપ્તા દેવીની સ્થિતિ અં.મુ. ઓછા પલ્યના

ચોથા ભાગની અને ઉત્કૃષ્ટ અં.મુ. ઓછા અર્ધ પલ્યની છે. નક્ષત્ર વિમાનના દેવોની સ્થિતિ જઘન્ય પલ્યનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અર્ધ પલ્યની છે. નક્ષત્ર દેવીની સ્થિતિ જઘન્ય પલ્યના ચોથા ભાગની અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક પલ્યના ચોથા ભાગની છે. તેના પર્યાપ્તાની અં.મુ. ઓછા પલ્યના ચોથા ભાગની અને ઉત્કૃષ્ટ અં.મુ. ઓછા પલ્યમાં ચોથા ભાગથી કંઈક અધિક છે. તારા વિમાનના દેવોની સ્થિત જઘન્ય પલ્યનો ૮મો ભાગ અને ઉત્કૃષ્ટ પલ્યના ચોથા ભાગની છે તેના પર્યાપ્ત દેવોની જઘન્ય અં.મુ. ઓછા પલ્યના ૮મા ભાગની અને ઉત્કૃષ્ટ અં.મુ. ઓછા પલ્યના ચોથા ભાગની છે - તારાની દેવીઓની સ્થિતિ જઘન્ય પલ્યનો ૮મો ભાગ અને ઉત્કૃષ્ટ પલ્યના આઠમા ભાગથી અધિક છે. તેના પર્યાપ્તા દેવીઓની અં. મુ. ઓછા પલ્યના આઠમા ભાગની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા પલ્યના આઠમા ભાગથી કોઈક અધિક છે.

**વૈમાનિક દેવોની સ્થિતિ[૧૮] :**

વૈમાનિક દેવોની સ્થિતિ જઘન્ય ૧ પલ્યની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગ.ની છે. અપર્યાપ્તા બધા દેવોની અને બધી દેવીઓની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અં. મુ.ની છે. પર્યાપ્તા દેવોની જઘન્ય અં. મુ. ઓછા ૧ પલ્યની સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૩૩ સાગ.ની છે. વૈમાનિક દેવીઓની જઘન્ય સ્થિતિ ૧ પલ્યની અને ઉત્કૃષ્ટ ૫૫ પલ્યની છે. તેના પર્યાપ્તાની જઘન્ય અં. મુ. ઓછા ૧ પલ્યની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૫૫ પલ્યની છે.

સૂર્યાભદેવની[૧૯] અને સૂર્યાભદેવના સામાનિક પરિષદના દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની બતાવી છે.

સૌધર્મ[૨૦] કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૧ પલ્ય અને ઉત્કૃષ્ટ ૨ સાગરની છે. તેના પર્યાપ્તા દેવોની જઘન્ય અં. મુ. ઓછા ૧ પલ્યની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨ સાગ.ની છે. સૌધર્મ કલ્પમાં દેવીઓની સ્થિતિ જઘન્ય ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ૫૦ પલ્યની છે. તેની પર્યાપ્તાની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૧ પલ્યના અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૫૦ પલ્યની છે. તે અપરિગૃહિતા દેવીઓની સ્થિતિ પ્રમાણે સમજવું. પરિગૃહિતા દેવીઓની જઘન્ય ૧ પલ્ય અને ઉત્કૃષ્ટ ૭ પલ્યની અને તેના પર્યાપ્તા દેવીઓની

સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૧ પલ્યની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૭ પલ્યની છે.

ઈશાન કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય કાંઈક અધિક પલ્યની છે. અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક બે સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની જઘન્ય અં. મુ. ઓછા કાંઈક અધિક પલ્યની છે અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક બે સાગ.ની છે. ઈશાન કલ્પમાં દેવીઓની સ્થિતિ કાંઈક અધિક એક પલ્યની છે અને ઉત્કૃષ્ટ ૫૫ પલ્યની છે. તેના પર્યાપ્તા દેવીઓની જઘન્ય અં. મુ. ઓછા એક પલ્યની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૫૫ પલ્યની છે. અને અપરિગૃહિતા દેવીઓની એટલી જ સ્થિતિ જાણવી.

ઈશાન કલ્પમાં પરિગૃહિતા દેવીઓની સ્થિતિ જઘન્ય કાંઈક અધિક ૧ પલ્યની અને ઉત્કૃષ્ટ નવ પલ્યની છે. તેના પર્યાપ્તા દેવીઓની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા કાંઈક અધિક પલ્યની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા નવ પલ્યની છે.

ઈશાન[૨૧] કલ્પના મધ્ય પરિષદના દેવોની સ્થિતિ છ પલ્યની છે.

સનત્કુમાર[૨૨] કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય બે સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૭ સાગ.ની છે. પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨ સાગ.ની છે. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા સાત સાગરોપમની છે.

માહેન્દ્રકલ્પમાં દેવોની સ્થિત જઘન્ય કાંઈક અધિક ૨ સાગ.ની છે. અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક ૭ સાગરોપમની છે. પર્યાપ્તાની જઘન્ય અં. મુ. ઓછા કાંઈક અધિક બે સાગરોપમની છે. પર્યાપ્તાની જઘન્ય અં. મુ. ઓછા કાંઈક અધિક બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા કાંઈક અધિક ૭ સાગરોપમની છે.

અસુરેન્દ્રો[૨૩] (ચમર અને બલિ) સિવાયના ભવનવાસી દેવોની ઉત્કૃષ્ટ બે પલ્ય કરતાં થોડી ન્યૂન છે. સૌધર્મ કલ્પના દેવોની ઉત્કૃષ્ટ બે સાગરોપમની છે. ઈશાન કલ્પમાં દેવોની સ્થિતિ ઉત્કૃષ્ટ બે સાગ.થી કાંઈક અધિક છે. સનત્કુમાર કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ બે સાગ.ની છે. અને માહેન્દ્ર કલ્પમાં દેવોની સ્થિતિ બે સાગરોપમથી કાંઈક અધિક છે.

બ્રહ્મલોક કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૭ સાગ.ની અને ઉત્કૃષ્ટ ૧૦ સાગ.ની છે. તેના પર્યાપ્તકોની જઘન્ય અં. મુ. ઓછા ૭ સાગ. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૧૦ સાગ.ની છે.

ચરક પરિવ્રાજકો ઘણા વરસો સુધી પ્રવજર્યાનું પાલન કરે છે અને કાળ કરીને બ્રહ્મલોક કલ્પમાં ૧૦ સાગ.ની સ્થિતિએ ઉત્પન્ન થાય છે.

લાંતક કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૧૦ સાગ.ની અને ઉત્કૃષ્ટ ૧૪ સાગ.ની છે. તેના પર્યાપ્તકોની જઘન્ય અં. મુ. ઓછા ૧૦ સાગ.ની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૧૪ સાગ.ની છે.

મહાશુક્ર કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૧૪ સાગ.ની અને ઉત્કૃષ્ટ પણ ૧૭ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની જઘન્ય અં. મુ. ઓછા ૧૪ સાગ.ની અને ઉત્કૃષ્ટ અ. મુ. ઓછા ૧૭ સાગ.ની છે. સહસાર કલ્પના દેવોની સ્થિતિ જઘન્ય ૧૭ સાગ.ની અને ઉત્કૃષ્ટ ૧૮ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૧૭ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૧૮ સાગ.ની છે.

આનત કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૧૮ સાગ.ની અને ઉત્કૃષ્ટ ૧૯ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૧૮ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૧૯ સાગ.ની છે. પ્રાણત કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૧૯ સાગ.ની અને ઉત્કૃષ્ટ ૨૦ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૧૯ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૦ સાગ.ની છે.

આરણ કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૨૦ સાગ.ની અને ઉત્કૃષ્ટ ૨૧ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૦ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૧ સાગ.ની છે. અચ્યુત કલ્પમાં દેવોની સ્થિતિ જઘન્ય ૨૧ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૨૨ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની જઘન્ય અં. મુ. ઓછા ૨૧ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૨ સાગ.ની છે.

આજીવિકના મતવાળા, ગામ, આકર, સન્નિવેષોમાં પ્રવર્જિત થયેલા આભિયોગિક દેવોમાં ૨૨ સાગ.ની સ્થિતિ પ્રાપ્ત કરે છે.

**નવગ્રૈવેયકોની સ્થિતિ : અનુત્તરોની સ્થિતિ[૨૪] :**

હેઠિમ અર્થાત્ નીચેવાળા ત્રણ ગ્રૈવેયક વિમાનોમાં જે બધાથી નીચે છે તેમાં રહેલા દેવોની સ્થિતિ જઘન્ય ૨૨ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૨ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૩ સાગ.ની છે. અધસ્તન મધ્યમ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ૨૩ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૨૪ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અ. મુ. ઓછા ૨૩ સાગ.ની છે. અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૪ સાગ.ની છે. અધસ્તન ઉપરિતન ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૨૪ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૨૫ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૪ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૫ સાગ.ની છે.

મધ્યમ મધ્યના ત્રણ ગ્રૈવેયકમાં બધાથી નીચેના ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ૨૫ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૨૬ સાગ.ની છે તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૫ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૬ સાગ.ની છે.

મધ્યમ-મધ્યમ ગ્રૈવેયક દેવોની જઘન્ય ૨૬ સાગ.ની સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ ૨૭ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૬ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૭ સાગ.ની છે. મધ્યમ ઉપરિતન ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૨૭ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૨૮ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૭ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૮ સાગ.ની છે.

ઉપરિતન અધસ્તન ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ૨૮ સાગ.ની છે. અને ઉત્કૃષ્ટ ૨૯ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૮ સાગ.ની અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૨૯ સાગ.ની છે. ઉપરિતન મધ્યમ ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૨૯ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૦ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૨૯ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૩૦ સાગ.ની છે. ઉપરિતન ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૩૦ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૧ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૩૦ સાગ.ની છે

અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૩૧ સાગ.ની છે.

વિજય, વૈજયન્ત, જયંત, અપરાજિત વિમાનોમાં દેવોની સ્થિતિ જઘન્ય ૩૧ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગ.ની છે. તેમના બધાના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ. ઓછા ૩૧ સાગ.ની છે અને ઉત્કૃષ્ટ અં. મુ. ઓછા ૩૩ સાગ.ની છે. સ્વાર્થસિદ્ધવિમાનવાસી દેવોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ ભેદથી રહિત ૩૩ સાગ.ની છે. તેના પર્યાપ્તા દેવોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ ભેદથી અં. મુ. ઓછા ૩૩ સાગ.ની કહી છે.

**ભવિયદ્રવ્યદેવાદિની સ્થિતિનું વર્ણન[૨૫] :**

ભવિયદ્રવ્ય દેવોની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની કહી છે. તેમની અં. મુ. જઘન્ય સ્થિતિ કહેવાનું કારણ એ છે કે અં. મુ.ના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચ દેવોમાં ઉત્પન્ન થઈ જાય છે. તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યની કહેવાનું કારણ એ છે કે ઉત્તરકુરુ આદિમાં મનુષ્ય અને તિર્યંચોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે. અને તેઓ મરીને નિયમથી દેવરૂપે ઉત્પન્ન થાય છે. આ ઉત્તરકુરુ આદિના જીવોને ભવિયદ્રવ્ય દેવો જ ગણવામાં આવે છે કારણકે તેઓ અર્થાત્ બધા જુગલિયા મરીને દેવગતિમાં જ ઉત્પન્ન થાય છે અન્ય ગતિમાં ઉત્પન્ન થતા નથી.

નરદેવોની સ્થિતિ અર્થાત્ ચક્રવર્તિની સ્થિતિ જઘન્ય ૭૦૦ વર્ષની અને ઉત્કૃષ્ટ ૮૪ લાખ પૂર્વની કહી છે. જેમ કે બ્રહ્મદત્ત ચક્રવર્તિની સ્થિતિ ૭૦૦ વર્ષની અને ભરત ચક્રવર્તિની સ્થિતિ ૮૪ લાખ પૂર્વની હતી.

ધર્મદેવની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે. આ સ્થિતિ અપ્રમત્ત સંયતની અપેક્ષાએ કહી છે. પ્રમત્ત સંયતની જઘન્ય સ્થિતિ ૧ સમયની કહી છે. અથવા જેનું આયુષ્ય એક અં. મુ. જ બાકી રહ્યું હોય એવો જીવ જો ચારિત્ર ધારણ કરી લે તો અં. મુ.ની સ્થિતિ ઘટે છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશે ઉણી પૂર્વ કોડીની છે. તે ચારિત્રગ્રહણની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. પૂર્વકોટિમાં જે દેશોનતા કહેવામાં આવી છે તે પૂર્વકોટિમાં આઠ વર્ષ ઓછા થવાના કારણે કહેવામાં આવી છે. કારણકે આઠ વર્ષની ઉંમર પહેલાં જીવમાં ચારિત્ર ગ્રહણ કરવાની યોગ્યતા સંભવતી નથી.

દેવાધિ દેવોની સ્થિતિ જઘન્ય ૭૨ વર્ષની છે. જેમ કે મહાવીર સ્વામીની આયુસ્થિતિ ૭૨ વર્ષની હતી અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૮૪ લાખ પૂર્વની હોય છે. ઋષભદેવ ભગવાનનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું.

ભાવદેવોની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની કહી છે. વાણવ્યંતર દેવોની સ્થિતિ ૧૦ હજારવર્ષની છે અને સર્વાર્થસિદ્ધ અનુત્તરવિમાનવાસી દેવોની સ્થિતિ ૩૩ સાગરોપમની હોય છે.

**લોકાંતિક દેવોની સ્થિતિ[२९] :**

પાંચમા દેવલોકના અંતમાં રહેનાર લોકાંતિક દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ આઠ સાગરોપમની સ્થિતિ છે.

**પુરુષોની સ્થિતિ વિશે[२७] :**

પુરુષની સ્થિતિ જઘન્યથી અં. મુ.ની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની કહી છે. કેમકે તેના સિવાય દેવોની આટલી સ્થિતિ નથી. તિર્યંચ યોનિક પુરુષોની જઘન્ય સ્થિતિ એક અં. મુ.ની અને ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમની કહી છે. પુરુષમાં જલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ પૂર્વકોડીની છે. સ્થલચર પુરુષોની જઘન્ય સ્થિતિ એક અં. મુ.ની અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. ખેચર પુરુષોની સ્થિતિ જઘન્ય એક અં. મુ.ની અને ઉત્કૃષ્ટ પલ્યના અસંખ્યાતમા ભાગની છે.

સામાન્ય રીતે મનુષ્ય સ્થિતિ જઘન્ય અં. મુ.ની ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. તથા ધર્માચરણ ચારિત્રધર્મની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ એક અં. મુ.ની છે. આ કથન બાહ્યલિંગવાળી પ્રવજ્યા ધારણ કરવાની અપેક્ષાએ કહેલ છે. નહિ તો ચારિત્ર પરિણામ એક સમયવાળું પણ હોય છે.

સમક્તિની પ્રાપ્તિ પછી પલ્યોપમ પૃથક્ત્વ સુધીનો કાળ ક્ષપિત થઈ જાય છે. ત્યારે જીવને શ્રાવકપણું આવે છે. શ્રાવકપણાનો કાળ જે પલ્યોપમ પૃથક્ત્વ ઓછા એક કોડાકોડી સાગરોપમનો છે. તેમાંથી જ્યારે સંખ્યાત સાગરોપમ ક્ષપિત થઈ જાય છે ત્યારે જીવને સર્વવિરતિરૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ચારિત્રધર્મની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ

મનુષ્ય પુરુષોની દેશોનપૂર્વકોટી પ્રમાણની છે. કેમકે ચારિત્ર ધર્મની પ્રાપ્તિ ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટી આયુષ્યવાળાને આઠ વર્ષ પછી જ થાય છે.

કર્મભૂમિના મનુષ્યોની જઘન્ય સ્થિતિ એક અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે. ચારિત્ર ધારણ કરવાની અપેક્ષાએ તેઓની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કષ્ટ દેશોનપૂર્વકોટીની છે. ૩ પલ્યોપમ સુષમસુષમકાળના સમજવા જોઈએ.

પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહ કર્મભૂમિના મનુષ્ય પુરુષોની જઘન્ય સ્થિતિ ક્ષેત્રની અપેક્ષાએ અં. મુ. અને ઉત્કૃષ્ટ દેશોનપૂર્વકોટિની છે. ચારિત્ર ધર્મની અપેક્ષા પ્રમાણે એ જ સ્થિતિ સમજવી. અકર્મભૂમિના મનુષ્ય પુરુષોની સામાન્યપણાથી જન્મની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ પલ્યના અસંખ્ય ભાગહીન ૧ પલ્યની છે. અને ઉત્કૃષ્ટ ૩ પલ્યની છે. સંહરણની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ ૧ અં. મુ.ની અને ઉત્કૃષ્ટ દેશોનપૂર્વકોટીની છે. અકર્મભૂમિમાં સંહૃત પૂર્વવિદેહ અપરવિદેહના મનુષ્યની જઘન્ય તથા ઉત્કૃષ્ટ એટલા જ કાળના આયુષ્યનો સંભવ છે. હૈમવત અને ઐરણ્યવતના અકર્મભૂમિના મનુષ્યોની જન્મની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ અકર્મભૂમિમાં બતાવેલી છે. તેટલી જાણવી અને ઉત્કૃષ્ટ પૂરા એક પલ્યની છે. સંહરણની અપેક્ષાએ પૂર્વવત્ જાણવી. હરિવર્ષ અને સમ્યકવર્ષના અકર્મભૂમિના મનુષ્ય પુરુષોની જન્મની અપેક્ષાએ સ્થિતિ જઘન્ય પલ્યના અસંખ્યાતમા ભાગથી હીન બે પલ્યની છે અને ઉત્કૃષ્ટ પૂરા બે પલ્યની છે. સંહરણની અપેક્ષાએ પૂર્વવત્ જાણવી. દેવકુરુ અને ઉત્તરકુરુના મનુષ્ય પુરુષોની જઘન્ય સ્થિતિ જન્મની અપેક્ષાએ પલ્યના અસંખ્યાતમા ભાગથી ન્યૂન ૩ પલ્યની છે અને ઉત્કૃષ્ટ પૂરા ૩ પલ્યની છે. સંહરણની અપેક્ષાએ પૂર્વવત્ જાણવી. અંતરદ્વીપના મનુષ્ય પુરુષોની જન્મની અપેક્ષાએ જઘન્ય દેશોન પલ્યના અસંખ્યાતમા ભાગરૂપ છે અને ઉત્કૃષ્ટ પલ્યના અસંખ્યાતભાગની છે. સંહરણની અપેક્ષાએ પૂર્વવત્ જાણવી.

**નપુંસકોની સ્થિતિ**[૨૮] :

નપુંસકોની સ્થિતિ જઘન્ય એક અં. મુ.ની છે. આ તિર્યંચ અને મનુષ્યોની અપેક્ષાએ સમજવું અને ઉત્કૃષ્ટથી સાગરોપમની સ્થિતિનું કથન ૭મી પૃથ્વીના નારકોની અપેક્ષાથી કરેલ છે. કેમકે ૭મી પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની

થાય છે.

**દંડકમાં સ્થિતિદ્વાર :**

बावीस सग ति दसवास-सहस्स उक्किट्ठ पुढवाई[29] ॥२६॥

**ગાથાર્થ :**

પ્રથમ પૃથ્વીકાયનું ૨૨ હજાર વર્ષનું આયુષ્ય છે. તે બાદર પર્યાપ્ત ખર પૃથ્વીકાયનું (રત્નમણિ વગેરેનું) જાણવું. એ મણિરત્ન વગેરે નક્કર પૃથ્વીઓ તેવા પ્રકારના નિરાબાધ સ્થાનમાં રહેલી હોય તો એટલા વર્ષ સુધી જીવે છે. અને શેષ પૃથ્વીઓનું એથી ન્યૂન જેમ કે સોનાનું ૧૦૦૦ વર્ષ, ખડીનું ૧૨ હજાર વર્ષ, રેતીનું ૧૪ હજાર વર્ષ, મણસિલનું ૧૬ હજાર વર્ષ, કાંકરાનું ૧૮ હજાર વર્ષ ઇત્યાદિ આયુષ્ય નિરાબાધ સ્થાનમાં રહેલ સુવર્ણ આદિકનું કહ્યું છે. એ જ પ્રમાણે બાદર પર્યાપ્ત અપકાય, બાદર પર્યાપ્ત વાયુકાય અને પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાયનું અનુક્રમે ૭ હજાર વર્ષ, ૩ હજાર વર્ષ અને ૧૦ હજાર વર્ષનું આયુષ્ય છે. તે પણ તેવા પ્રકારના નિરાબાધ સ્થાનમાં રહેલા સ્થિર અપકાયાદિનું જાણવું.

तिदिणग्गि, तिपल्लागऊ नरतिरि, सुरनिरय सागर तित्तीसा ।
वंतर पल्लं, जोइस-वरिसलक्खाहियं पलियं[30] ॥२७॥

**ગાથાર્થ :**

નિરાબાધ સ્થાનમાં રહેલા બાદર પર્યાપ્ત અગ્નિકાયનું આયુષ્ય ૩ દિવસનું છે. અગ્નિના ૧ જીવનું આયુષ્ય શ્રી સર્વજ્ઞોએ ૩ દિવસનું કહ્યું છે. તથા મનુષ્યો અને તિર્યંચોનું આયુષ્ય ૩ પલ્યોપમ કહ્યું. તે દેવકુરુ-ઉત્તરકુરુના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા યુગલિક મનુષ્યો તથા યુગલિક તિર્યંચોનું અને ભરત-ઐરવતમાં પહેલા આરામાં વર્તતા યુગલિક મનુષ્ય-તિર્યંચોનું જાણવું. શેષ મનુષ્ય-તિર્યંચોનું આયુષ્ય તેથી ન્યૂન અનેક પ્રકારનું છે.

વૈમાનિક દેવનું આયુષ્ય ૩૩ સાગ. છે. તે પાંચ અનુત્તર વિમાનના દેવ તથા સાતમી પૃથ્વીના નારકોના ઉત્કૃષ્ટ આયુષ્યની અપેક્ષાએ છે. વ્યંતર દેવતાઓનું એક પલ્યોપમ છે. પરંતુ દેવીઓનું તો ઉત્કૃષ્ટ ૦ાા પલ્યોપમ છે. તેમ જ જ્યોતિષીમાં ૧ લાખ

વર્ષ અધિક ૧ પલ્યોપમ આયુષ્ય છે. તે ચંદ્રમા વિમાનવાસી પુરુષ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. તથા ચંદ્રનું પોતાના(ઈન્દ્રનું) પણ છે એમ જાણવું.

असुराण अहिय अयरं, देसूण दुपल्लयं नवनिकाए ।
तारस-वासुणपणदिण-छम्मासुक्किट्ठ विगलाऊ[31] ॥२८॥

**ગાથાર્થ :**

**૨૪ દંડકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય-સ્થિતિ :**

(૧) પૃથ્વીકાયનું ૨૨૦૦૦ વર્ષ

૧. અપકાયનું ૭૦૦૦ વર્ષ

૧. વાઉકાયનું ૩૦૦૦ વર્ષ

૧. વનસ્પતિકાયનું ૧૦,૦૦૦ વર્ષ

૧. તેઉકાયનું ૩ અહોરાત્રી

૧. ગર્ભજ મનુષ્યનું ૩ પલ્યોપમ

૧. ગર્ભજ તિર્યંચનું ૩ પલ્યોપમ

૧. વૈમાનિક દેવનું ૩૩ સાગરોપમ

૧. નારકનું ૩૩ સાગરોપમ

૧. વ્યંતરનું ૧ પલ્યોપમ

૧. જ્યોતિષીનું ૧ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ

૧. અસુરકુમારનું સાધિક ૧ સાગરોપમ

૯. ભવનપતિનું દેશોન ૨ પલ્યોપમ

૧. બેઇન્દ્રિયનું ૧૨ વર્ષ

૧. તેઇન્દ્રિયનું ૪૯ વર્ષ

૧. ચૌરેન્દ્રિયનું ૬ માસ

**જઘન્ય આયુ સ્થિતિ :**

पुढवाइदसपयाणं, अंतमुहुत्तं जहन आउठिई

दससहसवरिसठिइआ, भवणाहिवनिरयवंतरिया[३२] ॥२९॥

**ગાથાર્થ :**

પૃથ્વી–અપ્–તેઉ–વાઉ–વનસ્પતિ–બેઇન્દ્રિય–તેઇન્દ્રિય–ચૌરેન્દ્રિય–ગર્ભજતિર્યંચ અને ગર્ભજ મનુષ્ય એ ૧૦ દંડક જાણવા. એ દશ પદોની જઘન્ય આયુષ્યસ્થિતિ અં. મુ. છે. ભવનપતિ, નારક અને વ્યંતરો દશ હજાર વર્ષના આયુષ્યવાળા છે.

वेमाणिय–जोइसिया, पल्ल–तयट्ठंस आउआ हुंति[३३] ॥३०॥

**ગાથાર્થ :**

વૈમાનિકોનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમ છે. તે સૌધર્મ કલ્પના પહેલા પ્રત્તરના દેવોની અપેક્ષાએ છે, જ્યોતિષીઓનું જઘન્ય આયુષ્ય ૧/૮ પલ્યોપમ છે તે તારાની દેવીઓનું છે.

**વેદમાં સ્થિતિ :**

પુરુષવેદની જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. એકાંત પુરુષવેદની જઘન્ય સ્થિતિ બે સાગરોપમની તે સનત્કુમાર કલ્પ અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે તે સર્વાર્થસિદ્ધના દેવ અપેક્ષાએ સ્ત્રીવેદની જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે. ઉત્કૃષ્ટ ૫૫ પલ્યોપમની છે તે બીજા દેવલોકમાં અપરિગૃહિતા દેવીની અપેક્ષાએ.

બીજા દેવલોકમાં અપરિગૃહિતા દેવીની અપેક્ષાએ.

નપુંસકવેદમાં જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે

તે ૭મી નરકની અપેક્ષાએ જાણવી.

**લેશ્યામાં સ્થિતિ :**

કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ અ. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. ૭મી નરકે છે.

નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૧૭ સાગરોપમની છે. ૫મી નરકે છે.

કાપોતલેશ્યાની જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૭ સાગરોપમની છે. ૩જી નરકે છે.

તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૨ સાગરોપમ ઝાઝેરી છે તે બીજા દેવલોકની અપેક્ષાએ છે.

પદ્મલેશ્યાની જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમની છે તે પાંચમા દેવલોકની અપેક્ષાએ છે.

શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે તે સર્વાર્થસિદ્ધવિમાનના દેવની અપેક્ષાએ છે.

અલેશીની જઘન્ય સ્થિતિ-અ, ઈ, ઉ, ઋ, લૃ એ ૫ લઘુ અક્ષરો જેટલી તે ૧૪મા ગુણસ્થાને છે. ઉત્કૃષ્ટ અનંત છે તે સિદ્ધની અપેક્ષાએ.

**દર્શનમાં સ્થિતિ :**

એકાંત અચક્ષુદર્શનની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષની છે તે પૃથ્વીકાયની અપેક્ષાએ જાણવી.

અચક્ષુદર્શન, ચક્ષુદર્શનની જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ અવધિદર્શનની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે.

કેવલદર્શનની જઘન્ય અં. મુ.ની છે તે અંતગડ કેવલી અપેક્ષાએ ૧૩મા

ગુણસ્થાને ઉત્કૃષ્ટ અનંત છે તે સિદ્ધની અપેક્ષાએ છે.

**દૃષ્ટિમાં સ્થિતિ :**

મિથ્યાત્વદૃષ્ટિને મિશ્રદૃષ્ટિમાં સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે ઉત્કૃષ્ટ ૩૩ સગરોપમની છે. સમક્તિદૃષ્ટિની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે ઉત્કૃષ્ટ અનંત કાળની- સિદ્ધની અપેક્ષાએ.

**જ્ઞાનમાં સ્થિતિ :**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે.

અવધિજ્ઞાનની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. મનઃ પર્યવજ્ઞાનની સ્થિતિ જઘન્ય અં. મુ.ની છે અને ઉત્કૃષ્ટ દેશોનપૂર્વ ક્રોડની છે. કેવલજ્ઞાનની સ્થિતિ જઘન્ય અં. મુ. તે અંતગડકેવલી અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ અનંતકાળની છે તે સિદ્ધની અપેક્ષાએ છે.

**દંડકમાં સ્થિતિના ચિંતનથી આધ્યાત્મિક વિકાસ :**

આ આત્મા જે ભવમાં જાય ત્યાં તેની સ્થિતિ અર્થાત્ આયુષ્ય મળે છે. એ ભવનું આયુષ્ય પૂર્ણ થતાં વળી બીજા ભવને ધારણ કરે છે. જ્યાં સુધી કર્મો છે ત્યાં સુધી નાની મોટી સ્થિતિ પ્રમાણે જીવને ઉત્પન્ન થવું પડે છે. દંડકના જ્ઞાનથી ચિંતન કરાય છે કે અનંતકાળથી અનેક ભવો કર્યા. હવે કર્મોને ખપાવીને અક્ષય સ્થિતને પ્રાપ્ત કરવાની છે. સિદ્ધક્ષેત્રમાં એ અક્ષય સ્થિતિમાં જ રહે છે. તેમની સ્થિતિનો કદી અંત જ આવતો નથી. ભવભ્રમણ સદાને માટે ટળી જાય છે. આ મનુષ્ય ભવમાં મળેલી સ્થિતિ અર્થાત્ આયુષ્માં ઉત્કૃષ્ટ આરાધના થઈ શકે છે. એકાવતારી બનીને અંતે ત્રીજા ભવે કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મનુષ્ય ભવ દ્વારા અક્ષયસ્થિતિને પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે સ્થિતિનું ચિંતન કરી આધ્યાત્મિક વિકાસના ક્ષેત્રે આગળ વધી શકાય છે. જેના ભાવ ઊંચા તેનું જીવન પણ ઊંચુ બને છે.

**ટિપ્પણી :**

૧. આવ. અ. ૪

૨. ભગ. શ. ૧૪. ઉ. ૫.

૩. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૪. પૃ. ૪૫૬

૪. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૪. પૃ. ૪૫૬

૫. સ્થા. ઠા. ૮. ઉ. ૩.

૬. સ્થા. ઠા. ૫. ઉ. ૩.

૭. સ્થા. ઠા. ૨. ઉ. ૩.

૮. સ્થા. ઠા. ૮. ઉ. ૧.

૯. પ્રજ્ઞા. ૫. ૪. સૂ. ૧.

૧૦. પ્રજ્ઞા. ૫. ૪. સૂ. ૨.

૧૧. પ્રજ્ઞા. ૫. ૪. સૂ. ૪.

૧૨. પ્રજ્ઞા. ૫. ૪. સૂ. ૫.

૧૩. પ્રજ્ઞા. ૫. ૪. સૂ. ૬.

૧૪. જીવા. પ્રતિ. ૨.

૧૫. જીવા. પ્રતિ. ૩.

૧૬. પ્રજ્ઞા. ૫. ૪. સૂ. ૭.

૧૭. પ્રજ્ઞા. ૫. ૪. સૂ. ૮.

૧૮. પ્રજ્ઞા. ૫. ૪.

૧૯. સ્થા. ૧ જીવા. ૧ રાય.

૨૦. પ્રજ્ઞા. પ. ૪. સૂ. ૯.

૨૧. સ્થા. ઠા. ૬

૨૨. પ્રજ્ઞા. પ. ૪.

૨૩. સ્થા. ઠા. ૨. ઉ. ૨. સૂ. ૫.

૨૪. પ્રજ્ઞા. પ. ૪. ૧ ભગ. ઔ.

૨૫. ભગ. શ. ૧૨. ઉ. ૯. સૂ. ૨.

૨૬. સ્થા. ઠા. ૮

૨૭. જીવા. પ્રતિ. ૨

૨૮. જીવા. પ્રતિ. ૨. સૂ. ૧૪.

૨૯. દંડક પ્રકરણ ગાથા ૨૬.

૩૦. દંડક પ્રકરણ ગા. ૨૭

૩૧. દંડક પ્રકરણ ગા. ૨૮

૩૨. દંડક પ્રકરણ ગા. ૨૯

૩૩. દંડક પ્રકરણ ગા. ૩૦

• • •

# (૧૯મું) પર્યાપ્તિદ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય વિચારણા કરવામાં આવી છે. એ વિચારણામાં ૧૯મા દ્વારમા પર્યાપ્તિ વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**પર્યાપ્તિના અર્થો :**

પર્યાપ્તિ શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે. (૧) ગ્રહણ કરેલા આહાર વગેરે પુદ્‌ગલો પરિણામાવવા માટેની આત્માની જ શક્તિ વિશેષ છે તે પર્યાપ્તિ. તે શક્તિ પદ્‌ગલોનો જથ્થો ભેગો થવાથી ઉત્પન્ન થાય છે. અર્થાત્ જે ઉત્પત્તિ સ્થાને આવીને પ્રથમ જે ગ્રહણ કરેલા પુદ્‌ગલો તેને તથા બીજા પણ દરેક સમયે ગ્રહણ કરાતા પુદ્‌ગલોનો તેના સંપર્કથી તે રૂપે થયેલાઓની જે શક્તિ છે તે પર્યાપ્તિ કહેવાય છે.[૧] (૨) જે આહાર વગેરેના પુદ્‌ગલોને ખલ અને રસ વગેરે રૂપ બનાવવાના કારણરૂપ હોય તેને પર્યાપ્તિ કહેવાય છે.[૨] (૩) જે પેટમાં રહેલા પુદ્‌ગલ વિશેષોના આહાર પુદ્‌ગલોને ખલ રસરૂપે પરિણમાવવામાં કારણરૂપ જે શક્તિ વિશેષ છે તેને પર્યાપ્તિ કહેવાય છે.[૩] (૪) આહાર શરીરાદિની નિષ્પત્તિને પર્યાપ્તિ કહે છે.[૪] (૫) ચારે તરફથી પ્રાપ્તિને પર્યાપ્તિ કહે છે.[૫]

**પર્યાપ્તિના ભેદો અને તેઓનું વિવેચન :**

શાસ્ત્રમાં દર્શાવેલ પ્રર્યાપ્તિને છ વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે.

પર્યાપ્તિના છ પ્રકાર છે : (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) શ્વાસોચ્છ્‌વાસ (૫) ભાષા અને (૬) મનઃ પર્યાપ્તિ

**(૧) આહાર પર્યાપ્તિ :**

શરીર નામ કર્મના ઉદયથી જે પરસ્પર અનંત પરમાણુઓના સંબંધથી ઉત્પન્ન થયા છે અને જે આત્માથી વ્યાપ્ત આકાશક્ષેત્રમાં સ્થિત છે એવા પુદ્ગલ વિપાકી આહાર વર્ગણા સંબંધી પુદ્ગલ સ્કંધ કર્મ સ્કંધના સંબંધથી કથચિત્ મૂર્તપણાને પ્રાપ્ત થયા છે. આત્માની સાથે સમભાવરૂપથી સંબંધ થાય છે. તે ખલભાગ અને રસભાગના ભેદથી પરિણમન કરવાની શક્તિથી બનેલા પુદ્ગલ સ્કંધોની પ્રાપ્તિને આહાર પર્યાપ્તિ કહે છે. જે શક્તિ વડે જીવ, બહારનો આહાર લઈ ખલરૂપે કે રસરૂપે પરિણમાવે તેને આહાર પર્યાપ્તિ કહે છે.

**(૨) શરીર પર્યાપ્તિ :**

તલના ખળા સમાન તે ખલ ભાગને હાડકાં આદિ કઠીન અવયવના રૂપથી અને તલ કે તેલની જેમ રસભાગને રસ, લોહી, ચરબી, વીર્ય આદિ દ્રવ અવયવરૂપથી પરિણમન કરવાવાળા ઔદારિકાદિ ત્રણ શરીરોની શક્તિથી યુક્ત પુદ્ગલ સ્કંધોની પ્રાપ્તિને શરીર પર્યાપ્તિ કહે છે. જે રસરૂપે થયેલ આહારને રસ, લોહી, અસૃગ, માંસ, ચરબી, હાડકાં, મજ્જા અને શુક્ર એ સાત ધાતુરૂપે પરિણમાવે તેને શરીર પર્યાપ્તિ કહે છે.

**(૩) ઇન્દ્રિય પર્યાપ્તિ :**

યોગ્ય દેશમાં સ્થિત રૂપાદિથી યુક્ત પદાર્થોના ગ્રહણ કરવા રૂપ શક્તિની ઉત્પત્તિના નિમિત્તભૂત પુદ્ગલ પ્રચયની પ્રાપ્તિને ઇન્દ્રિય પર્યાપ્તિ કહે છે. જે ધાતુરૂપે પરિણમેલ આહારમાંથી એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ ઇન્દ્રિય યોગ્ય દ્રવ્યોને લઈ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વગેરે રૂપે પરિણમાવે તેને ઇન્દ્રિય પર્યાપ્તિ કહે છે.

**(૪) શ્વાસોચ્છ્વાસ :**

ઉશ્વાસ અને નિશ્વાસ રૂપ શક્તિની પૂર્ણતાના નિમિત્તભૂત પુદ્ગલ પ્રચયની પ્રાપ્તિને આનપાન પર્યાપ્તિ કહે છે. અથવા જે શક્તિથી આત્મા ઉચ્છ્વાસ યોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ઉચ્છ્વાસરૂપમાં પરિણમાવે અને તેનો આધાર લઈને એને પાછા છોડે એની પૂર્ણતાને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહે છે. અથવા જેના વડે

ઉચ્છ્વાસ યોગ્ય વર્ગણામાંથી તેના દળિયાઓ લઈ શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવી એનું આલંબન લઈને છોડે તેને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહે છે.

**(૫) ભાષા પર્યાપ્તિ :**

ભાષા વર્ગણાના સ્કંધોના નિમિત્તથી ચાર પ્રકારના ભાષારૂપથી પરિણમન કરવાની શક્તિના નિમિત્તભૂત નોકર્મ પુદ્‌ગલ પ્રચયની પ્રાપ્તિને ભાષા પર્યાપ્તિ કહે છે. અથવા જે શક્તિથી ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાષારૂપ પરિણમાવે અને એનો આધાર લઈને અનેક પ્રકારની ધ્વનિરૂપમાં પાછા છોડે એની પૂર્ણતાને ભાષા પર્યાપ્તિ કહે છે. અથવા જેનાવડે ભાષાયોગ્ય દલિકોને લઈ ભાષારૂપે પરિણમાવી અને તેનું આલંબન લઈ છોડે તેને ભાષા પર્યાપ્તિ કહે છે.

**(૬) મનઃ પર્યાપ્તિ :**

અનુભૂત અર્થના સ્મરણરૂપ શક્તિના નિમિત્તભૂત મનોવર્ગણાના સ્કંધોથી નિષ્પન્ન પુદ્‌ગલ પ્રચયને મનઃ પર્યાપ્તિ કહે છે. અથવા દ્રવ્યમનના આલંબનથી અનુભૂત અર્થના સ્મરણરૂપ શક્તિની ઉત્પત્તિને મનઃપર્યાપ્તિ કહે છે. અથવા જે શક્તિથી મનને યોગ્ય મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને મનરૂપ પરિણમન કરે અને એની શક્તિ વિશેષથી એ પુદ્‌ગલોને પાછા છોડે એની પૂર્ણતાને મનઃપર્યાપ્તિ કહે છે. અથવા જેના વડે મનોયોગ્ય વર્ગણામાંથી દળિયા લઈ મનરૂપે પરિણમાવી એનું આલંબન લઈને છોડે તેને મનઃપર્યાપ્તિ કહે છે.

**દંડકમાં પર્યાપ્તિ :**

सुरनरतिरिनिरएसु, छ पज्जत्ती थावरे चऊगं
विगले पंच पज्जत्ती°, ॥३०॥

**ગાથાર્થ :**

દેવના ૧૩ દંડક, ગર્ભજ પંચેન્દ્રિયનો ૧ દંડક, ૧ ગર્ભજ મનુષ્યનો દંડક અને સાત નરકનો ૧ દંડક એ ૧૬ દંડકોમાં છ એ પર્યાપ્તિ હોય છે. સ્થાવરના પાંચ દંડકોમાં ભાષા અને મન વર્જીને ચાર પર્યાપ્તિ છે. ત્યારે વિકલેન્દ્રિયને પાંચ પર્યાપ્તિ છે.

જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરવાનો જ ન હોય તે લબ્ધિ અપર્યાપ્તો કહેવાય છે.

જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તો પૂરી કરવાનો જ હોય. તે લબ્ધિ પર્યાપ્તો કહેવાય છે. જેણે સર્વ પર્યાપ્તિ પૂરી કરી છે તે કરણ પર્યાપ્તો કહેવાય છે. અર્થાત્ આહાર, શરીર, ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરે અથવા તેમાંની કોઈ પણ એક જ પૂરી કરે, અથવા સ્વયોગ્ય જે જે પૂરી કરે, તેટલા પૂરતો તે કરણ પર્યાપ્તો કહેવાય છે. અને શરૂઆતની પણ પૂરી ન કરી હોય અથવા તેમાંની જે જે પૂરી, અથવા સ્વયોગ્ય જે જે પૂરી ન કરી હોય તેટલા પૂરતો તે કરણ અપર્યાપ્ત કહેવાય છે અર્થાત્ જે હજી અપર્યાપ્તો છે પણ પર્યાપ્તો થશે. તે કરણ અપર્યાપ્તો કહેવાય છે.

આહારાદિ પુદ્‌ગલોનું પરિણામ કરવા માટે ઉત્પત્તિ સમયથી માંડીને દર સમયે સમયે મળતાં પુદ્‌ગલોના સમૂહમાંથી આત્મા છ પ્રકારની જીવન ક્રિયાઓ ચલાવવાને જે સાધનો ઊભાં કરી લે છે તે પર્યાપ્તિ કહેવાય છે. અને પર્યાપ્ત નામકર્મ કે અપર્યાપ્ત નામકર્મના ઉદયથી તે પ્રાપ્ત થાય છે.

**છ પર્યાપ્તિઓને રચવાનો સમય :**

પહેલી પર્યાપ્તિ આહાર પર્યાપ્તિ એક સમય પ્રમાણની છે. બાકીની શરીર પર્યાપ્તિ વગેરે પાંચ પર્યાપ્તિનો દરેકનો ક્રમસર અંતર્મુહૂર્તનો કાળ છે. અર્થાત આ બધી પર્યાપ્તિઓને ઉત્પત્તિના પહેલા સમયે જ જીવ એક સાથે પોતાને યોગ્ય પર્યાપ્તિ રચવાનો પ્રારંભ કરે છે. અને ક્રમસર સંપૂર્ણ કરે છે. એટલે કે પહેલાં આહાર પર્યાપ્તિ તે પછી શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પર્યાપ્તિ વગેરે. આમાં સૌથી પ્રથમ આહાર પર્યાપ્તિ પહેલા સમયે જ પૂર્ણ કરે છે. બાકીની પાંચને અંતર્મુહૂર્ત કાળે ક્રમસર પૂર્ણ કરે છે.

ઔદારિક શરીરમાં ચારેય જુદી જુદી અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. વૈક્રિય અને આહારકમાં ચાર એક એક સમયની હોય છે. અર્થાત્ પહેલી એક સમયે પૂરી કરે. ત્યાર પછી અંતર્મુહૂર્ત બીજી પર્યાપ્તિ પૂરી કરે. ત્યારપછી ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી એકેક સમયે પૂરી કરે.

દેવો[૯] પાંચમી અને છઠ્ઠી બે એક સમયે પૂરી કરે.

**ઇન્દ્રિયમાં પર્યાપ્તિ :**

એકેન્દ્રિયમાં - ચાર પર્યાપ્તિ છે. પ્રથમની.

વિકલેન્દ્રિયમાં - પ્રથમથી પાંચ પર્યાપ્તિ છે.

પંચેન્દ્રિયમાં - છ એ પર્યાપ્તિ છે.

**કાયમાં પર્યાપ્તિ :**

પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાયમાં - પ્રથમની ચાર પર્યાપ્તિ છે.

ત્રસકાયમાં - છ પર્યાપ્તિ છે.

**દર્શનમાં પર્યાપ્તિ :**

એકાંત અચક્ષુદર્શનમાં - પાંચ પર્યાપ્તિ છે.

ચારેય દર્શનમાં - છ એ પર્યાપ્તિઓ છે.

**દંડકમાં પર્યાપ્તિના ચિંતનનું કારણ :**

આ જીવ સંસારી અવસ્થામાં પર્યાપ્તિ યુક્ત રહે છે. ઇન્દ્રિય પ્રમાણે તેને પર્યાપ્તિઓ મળે છે. પ્રથમની પાંચ પર્યાપ્તિમાં તેને સંજ્ઞીપણું મળતું નથી. મનઃ પર્યાપ્તિમાં જીવને સંજ્ઞીપણું મળે છે. અસંજ્ઞીપણામાં જીવનો આત્મવિકાસ થતો નથી. આહાર પર્યાપ્તિથી એક ભવની શરૂઆત થાય છે. સંજ્ઞીના ભવના મનઃ પર્યાપ્તિથી પર્યાપ્તિઓની પૂર્ણતા થાય છે. મન ખૂબ કિંમતી ચીજ છે. મહાન વસ્તુ છે. મહાન વસ્તુનું જો માનવભવમાં મૂલ્ય થઈ જાય તો ચતુર્ગતિના ફેરા બંધ થઈ જાય છે. મહાપુણ્યના ઉદયે જ છ પર્યાપ્તિઓ મળે છે. દરેક પર્યાપ્તિઓ આપણા જીવનમાં ઉપકારક છે. મળેલી આ પર્યાપ્તિઓને સફળ બનાવવા માટે શુભભાવોને મનથી કેળવવા જોઈએ જેથી પર્યાપ્તિઓ પૂર્ણ થઈ શકે. માટે જ દંડકમાં પર્યાપ્તિનું ચિંતન કરવું જોઈએ.

**ટિપ્પણી**

૧. પ્રવ. સારોદ્ધાર ભા. ૨

૨. જીવા. ૧. પ્રજ્ઞા. સ્થા.

૩. પ્રવ. સારોદ્ધાર ભા. ૨.

૪. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩. પૃ. ૩.

૫. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩. પૃ. ૩.

૬. જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩. પૃ. ૩.

૭. દંડક પ્રકરણ. ગા. ૩૦-૩૧

૮. ભગ. શ. ૩. ઉ. ૧. સૂ. ૧૨૯, કર્મગ્રંથ ૧.

૯. ભગ. શ. ૩. ઉ. ૧. સૂ. ૧ કર્મગ્રંથ ૧.

• • •

# (૨૦મું) આહાર દ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા, સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. એ વિચારણામાં ૨૦મા દ્વારમાં આહાર વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**આહારના અર્થો :**

શાસ્ત્રમાં આહાર શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) ત્રણ શરીર અને છ પર્યાપ્તિને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવાને આહાર કહે છે.[૧] (૨) ઉપભોગ્ય શરીરના યોગ્ય પુદ્‌ગલોના ગ્રહણને આહાર કહે છે.[૨] (૩) સર્વલોકના માટે ઉપકારીની જેમ જે આધાર છે તેને આહાર કહે છે.[૩] (૪) આલંબનને આહાર કહે છે. જીવ દ્વારા આહૃત થાય છે તે આહાર છે.[૪]

**આહારના પ્રકાર અને તેનું વિવેચન :**

શાસ્ત્રમાં દર્શાવેલ આહારને વિભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવ્યા છે.

આગમમાં[૫] આહારના ચાર પ્રકારના ભેદોનો ઉલ્લેખ છે.

(૧) કર્માહારાદિ : કર્માહાર, નોકર્માહાર, લેપ્યાહાર, ઓજાહાર, માનસાહાર આદિ

(૨) ખાદ્યાદિ : અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આદિ.

(૩) કાંજી આદિ : આંબલી, આચામ્લ, બેલડી, એકલટાણું આદિ.

(૪) પાનકાદિ : સ્વચ્છ, લેવડ, અલેવડ, સસિક્થ, અસિક્થ આદિ.

**બીજા આહાર ત્રણ પ્રકારના છે.**

(૧) સચિત આહાર : જીવ સહિતનો પુદ્‌ગલનો આહાર છે.

(૨) અચિત આહાર : જીવ રહિત પુદ્‌ગલનો આહાર છે.

(૩) મિશ્ર આહાર : જીવ સહિતનો અને સાથે જીવરહિત પુદ્‌ગલનો આહાર છે.

**વળી, આહાર ત્રણ પ્રકારના છે.**

(૧) ઓજાહાર : શરીર દ્વારા થાય છે. ઉત્પત્તિ પ્રદેશમાં આહારના યોગ્ય પુદ્‌ગલોના સમૂહને ઓજાહાર કહે છે.

(૨) રોમાહાર : ત્વચા(ચામડી) દ્વારા થાય છે.

(૩) કવલાહાર : કોળિયા કરીને કરેલો આહાર પ્રક્ષેપાહાર કહેવાય છે.

બધા અપર્યાપ્ત જીવ ઓજાહારી હોય છે. અને પર્યાપ્ત જીવો માટે રોમાહાર અને કવલાહારની ભજના છે. અર્થાત્ હોય અથવા ન પણ હોય.

**આહારના મુખ્ય બે પ્રકાર છે.**[૬]

(૧) મનોજ્ઞ અને (૨) અમનોજ્ઞ

મનોજ્ઞ અને અમનોજ્ઞ આહારના ચાર પ્રકાર પડે છે. અસન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય. આ બંનેના મળીને કુલ આઠ ભેદ થઈ જાય છે.

**આહાર ચાર પ્રકારના કહ્યા છે.** (૧) અશન (૨) પાન (૩) ખાદિમ અને (૪) સ્વાદિમ. **બીજી રીતે આહારના ચાર પ્રકાર કહ્યા છે.** (૧) ઉપસ્કર સંપન્ન (૨) ઉપસ્કૃત સંપન્ન (૩) સ્વભાવ સંપન્ન (૪) પર્યુષિત સંપન્ન

(૧) અશન : જે ખાવામાં આવે છે તે ભોજનને અશન કહે છે.

(૨) પાન : જે પીવામાં આવે છે તે ભાત આદિના ધોવણ,જળ વગેરેને પાન કહે છે.

(૩) ખાદિમ : દ્રાક્ષાદિકને ખાદિમ કહે છે.

(૪) સ્વાદિમ : એલાયચી, લવિંગ, સોપારી, ધાણાદાળ, ચૂર્ણ વગેરેને સ્વાદિમ કહે છે.

**બીજા ચાર આહાર :**

(૧) **ઉપસ્કર સંપન્ન :** જે આહાર વિશિષ્ટ દ્રવ્યોથી સુવાસિત કરવામાં આવે છે. એવા હિંગાદિ દ્રવ્યને ઉપસ્કર કહે છે. તેનાથી યુક્ત મગની દાળ વગેરે જેવા આહારને ઉપસ્કર સંપન્ન આહાર કહે છે.

(૨) **ઉપસ્કૃત સંપન્ન :** પકવીને (રાંધીને)તૈયાર કરેલા ભાત, ખીચડી, રોટલી આદિ આહારને ઉપસ્કૃત સંપન્ન આહાર કહે છે.

(૩) **સ્વભાવ સંપન્ન :** જે આહાર કુદરતી રીતે જ પક્વ હોય છે તેને સ્વભાવ સંપન્ન આહાર કહે છે. જેમ કે પાકીકેરી, ખજૂર, કેળાં વગેરે

(૪) **પર્યુષિત સંપન્ન :** રાત્રિ પર્યંત આથો આવવા દઈને જે આહાર તૈયાર થાય છે તેને પર્યુષિત સંપનન્ન આહાર કહે છે, જેમ કે જલેબી વગેરે.

**આગમોમાં તેમ જ ટીકા સાહિત્યમાં આહારનું વિવેચન :**

નામ[૭], સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ આ પાંચ પ્રકારનો આહાર નિક્ષેપ છે.

જીવ પ્રાયઃ દરરોજ આહાર કરે છે. કેમકે આહાર વિના શરીરનો નિર્વાહ થતો નથી. આ લોકમાં બીજકાર્ય ચાર પ્રકારનાં છે. તેનું શરીર બીજ રૂપ જ હોય છે. અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ અને સ્કંધ બીજ.

વનસ્પતિકાય જીવો અનેક પ્રકારની યોનિવાળા તે પૃથ્વીના સ્નેહનો આહાર કરે છે. તે બીજ પૃથ્વી, અપ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ શરીરનો પણ આહાર કરે છે. તેઓ અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોના શરીરને અચિત કરી દે છે. (સૂ. ૩.)

જે વૃક્ષ, વૃક્ષ ઉપર ઉત્પન્ન થાય છે. તે વૃક્ષ યોનિવાળા વૃક્ષો કહેવાય છે. વૃક્ષથી તેઓની ઉત્પત્તિ થાય છે. વૃક્ષમાં તેઓ સ્થિત રહે છે. તે વૃક્ષયોનિક વૃક્ષ પૃથ્વી યોનિક વૃક્ષોના સ્નેહનો આહાર કરે છે. તેઓ પૃથ્વી,જલ, તેજ, વાયુ અને વનસ્પતિના શરીરનો

પણ આહાર કરે છે. તેઓ અનેક પ્રકારનાં ત્રસ અને સ્થાવર જીવોના શરીર પોતાના શરીરથી અચિત કરી દે છે. અને પૃથ્વીકાય વગેરેના શરીરને પોતાના શરીર રૂપથી પરિણમાવી લે છે. તે વૃક્ષ યોનિવાળા વૃક્ષોના બીજા શરીરો પણ હોય છે જે અનેક પ્રકારનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને અનેક પ્રકારના અવયવોની રચનાઓથી યુક્ત તથા અનેક પ્રકારનાં પુદ્ગલોથી બનેલાં છે. (સૂ. ૪.)

વનસ્પતિકકાયિક જીવોનો ત્રીજો ભેદ પણ છે. જે વૃક્ષો વૃક્ષયોનિવાળા વૃક્ષોના રસનો આહાર કરે છે. બાકીનું વર્ણન પૂર્વોક્ત પ્રમાણે સમજી લેવું. (સૂ. ૫.)

વૃક્ષના આશ્રયથી રહેલા અને વૃક્ષમાં ઉત્પન્ન થવાવાળા. તે વૃક્ષ યોનિવાળા અધ્યારૂહ (ઉપર ચડવાવાળા) નામના વૃક્ષોનાં શરીર અનેક વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળાં હોય છે. તે શરીરો પોતપોતાના ઉપાર્જન કરેલા કર્મો અનુસાર હોય છે. બાકીનું કથન પૂર્વોક્ત પ્રમાણે સમજવું. (સુ. ૬.)

હવે અધ્યારૂહ યોનિવાળા, અધ્યારૂહ વનસ્પતિકાય પણ હોય છે. અર્થાત્ વૃક્ષયોનિક અધ્યારૂહ નામની વનસ્પતિ જ જેમની યોનિ અર્થાત્ ઉત્પત્તિ સ્થાન છે અને અધ્યારૂહ વનસ્પતિ વધવાથી વધે છે. તેઓ કર્મના નિમિત્તે અધ્યારૂહ વનસ્પતિમાં જ અધ્યારૂહપણાથી વધે છે. આગળનું કથન પૂર્વોક્ત પ્રમાણે સમજવું. (સૂ. ૭.)

કોઈ કોઈ જીવ અધ્યારૂહ યોનિવાળા, અધ્યારૂહના આશ્રયથી રહેવાવાળા અને અધ્યારૂહમાં જ વધવાવાળા હોય છે. આગળનું કથન પૂર્વોક્ત પ્રમાણે સમજવું. (સૂ. ૮.)

કોઈ કોઈ જીવો પૃથ્વીકાયથી ઉત્પન્ન થાય છે. પૃથ્વીકાય પર જ સ્થિત રહે છે. અને વધે છે. તેઓ અનેક પ્રકારના પૃથ્વીકાય ઉપર તૃણરૂપે ઉત્પન્ન થાય છે. નાના કે મોટા શરીરોથી યુક્ત તે પ્રાણીઓ તે અનેક પ્રકારની જાતવાળી પૃથ્વીના સ્નેહનો આહાર કરે છે. યાવત્ તે તૃણાદિ જીવોને પોતે કરેલા કર્મ પ્રમાણે જ તૃણ શરીર હોય છે. (સૂ. ૯.)

જે રીતે પૃથ્વીયોનિવાળા તૃણના જીવો બતાવ્યા છે એ જ પ્રમાણે પૃથ્વીયોનિવાળા

તૃણોમાં તૃણરૂપે ઉત્પન્ન થવાવાળા જીવ પણ હોય છે. તે જીવો પૃથ્વીયોનિવાળા ઘાસોમાં ઉત્પન્ન થાય છે. આગળનું સઘળું કથન પૂર્વોક્ત પ્રમાણે સમજવું. (સૂ. ૧૦.)

કોઈ કોઈ તૃણયોનિક જીવ તૃણ જીવોના શરીરનો આહાર કરે છે. વગેરે સઘળું કથન પૂર્વવત્ સમજવું. એ જ પ્રમાણે તૃણયોનિકો તૃણોમાં મૂળ કંદ, સ્કંધ, છાલ, શાખા, કુંપળ યાવત્ બીજરૂપે ઉત્પન્ન થાય છે. ફળ વગેરેના જીવો વૃક્ષના જીવોથી ભિન્ન હોય છે. મૂળ વગેરેના જીવો, વૃક્ષ વગેરેના રસનો આહાર કરે છે. વગેરે સઘળું કથન પૂર્વવત્ સમજવું. (સૂ. ૧૦.)

એ જ પ્રમાણે ઔષધિ-વનસ્પતિમાં ચાર આલાપકો થાય છે. જેમ કે (૧) પૃથ્વીયોનિક ઔષધિ (૨) ઔષધિયોનિક ઔષધિ (૩) ઔષધિયોનિક અધ્યારૂહ અને (૪) અધ્યારૂહ યૌનિક અધ્યારૂહ

એ જ પ્રમાણે હરિત વગેરેમાં ચાર આલાપકો થાય છે. જેમ કે (૧) પૃથ્વીયોનિક હરિત (૨) હરિતયોનિક હરિત (૩) હરિતયોનિક અધ્યારૂહ (૪) અધ્યારૂહ યોનિક અધ્યારૂહ. (સૂ. ૧૧.)

કોઈ કોઈ વનસ્પતિ જીવો પૃથ્વીયોનિકથી ઉત્પન્ન થવાવાળા, પૃથ્વી સંભવ, પૃથ્વીના સ્થિત અને પૃથ્વીમાં જ વધનારા હોય છે. આ વનસ્પતિકાયના જીવો તે અનેક પ્રકારના યોનિવાળી પૃથ્વીના સ્નેહનો આહાર કરે છે. તેઓ પૃથ્વી વગેરે છ એ કાયના શરીરોનો આહાર કરે છે. આમાં એક જ આલાપક હોય છે. બાકીના ત્રણ આલાપક હોતા નથી.

કોઈ કોઈ જલયોનિક, જલમાં સ્થિત અને વધે છે યાવત્ તેઓ પોતાના કર્મથી અનેક પ્રકારની યોનિવાળા પાણીમાં વૃક્ષપણાથી ઉત્પન્ન થાય છે. તે જીવો અનેક પ્રકારના આપકાય યોનિક જલના સ્નેહનો આહાર કરવાવાળા હોય છે. તેઓ પૃથ્વી વગેરેના શરીરનો પણ આહાર કરે છે. અહીં એક જ આલાપક હોય છે.

કોઈ કોઈ જીવો પૃથ્વીયોનિક વૃક્ષોમાં, પૃથ્વીયોનિક તૃણોમાં, તૃણયોનિક તૃણોમાં, જલયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં ઉત્પન્ન થાય છે. તેઓ વૃક્ષોના સ્નેહનો આહાર કરે છે. તે પૃથ્વીકાય વગેરેના શરીરોનો પણ આહાર કરે છે. સૂ. ૧૩.

મનુષ્યનું સ્વરૂપ કહે છે. કોઈ મનુષ્ય કર્મભૂમિજ, કોઈ અકર્મભૂમિજ તો કોઈ અંતરદ્વીપ જ હોય છે. આ જીવોની ઉત્પત્તિ પોતપોતાના બીજ અને અવકાશ પ્રમાણે થાય છે. સ્ત્રી અને પુરુષને પૂર્વ કર્મ પ્રમાણે નિમિત્તયોનિમાં મૈથુન વિષય સંયોગ થાય છે. તે સંયોગ પછી ઉત્પન્ન થવાવાળો જીવ બંનેના સ્નેહનો આહાર કરે છે. તે જીવો ત્યાં સ્ત્રીપણાથી, પુરુષપણાથી અને નપુંસકપણાથી ઉત્પન્ન થાય છે. તે જીવો પોતાના શરીરનું નિર્માણ કરવા માટે માતાપિતાના રજ અને વીર્યને ગ્રહણ કરે છે. તે પછી એ જીવો માતા જે અનેક પ્રકારના રસયુક્ત પદાર્થનો આહાર કરે છે તેના એક દેશનો ઓજ આહાર કરે છે. જન્મ પામ્યા પછી પૂર્વ જન્મના અભ્યાસ સંસ્કાર વસાત્ માતાનું દૂધ પીવે છે. અનુક્રમથી વધતાં ભાત તથા ત્રસ અને સ્થાવર જીવોનો આહાર કરે છે. અર્થાત્ અનેક પ્રકારના ભોજ્ય પદાર્થોનો ઉપભોગ કરતાં અનુક્રમથી વધે છે. (સૂ. ૧૪.)

પંચેન્દ્રિય તિર્યંચોમાં જલચરો, ચોપગા સ્થલચર, ઉરપરિસર્પ, ભૂજપરિ સર્પ અને ખેચર, એ પાંચે ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોનું મનુષ્યનાં સૂત્રમાં જણાવ્યા પ્રમાણે આહારનું વિવેચન સમજવું. (સૂ. ૧૫.)

કોઈ કોઈ જીવ જેમ કે જૂ-લીખ વગેરે તેઈન્દ્રિય આદિ વિકલેન્દ્રિયો અનેક પ્રકારની યોનિઓમાં સ્થિત રહે છે અને વધે છે. તેઓ અનેક પ્રકારનાં ત્રસ અને સ્થાવર જીવોના સચિત અને અચિત (શરીરો) કલેવરોમાં ઉત્પન્ન થાય છે. અને અનેક પ્રકારનાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓના સ્નેહનો આહાર કરે છે. પોતાના શરીરરૂપે તે આહારને પરિણમાવે છે. એ જ પ્રમાણે મળ અને મૂત્રથી પણ વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. ગાય, ભેંસ વગેરેના શરીરમાં પણ ચર્મકીટપણાથી ઘણા વિકલેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. (સૂ. ૧૬.)

આ સંસારમાં અનેક જીવો વાયુયોનિક અપકાયમાં ઉત્પન્ન થાય છે. જેમ કે ઝાકળ. તે અપકાયપણાથી ઉત્પન્ન થાય છે. તેઓના શરીરો વાઉકાયથી બનેલાં હોય છે. તેઓ અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓના સ્નેહ (રસ)નો આહાર કરે છે.

કોઈ કોઈ જીવો અપકાય યોનિવાળા અપકાયના જીવો હોય છે. તે જીવો

ઉદકયોનિક ઉદકવાળા જીવોના રસોનો તેમજ પૃથ્વીકાય વગેરેનો પણ આહાર કરે છે. (સૂ. ૧૭.)

કોઈ કોઈ જીવ અનેક યોનિવાળા અગ્નિકાયના હોય છે. એ જ પ્રમાણે વાયુયોનિકવાળા અગ્નિકાય, અગ્નિયોનિક ત્રસકાય આ ક્રમથી ત્રણ આલાપકો સમજી લેવા. આ પ્રમાણે વાયુકાય, વાયુકોનિક અગ્નિકાય વાયુયોનિક, વાયુયોનિવાળા ત્રસ આ રીતે ચાર આલાપકો થાય છે. (સૂ. ૧૮.)

સંસારના સઘળાં પ્રાણીઓ, સઘળાં ભૂતો, સઘળા જીવો અને સઘળા સત્વો, અનેક પ્રકારની યોનિઓમાં વધે છે. જગતના સઘળાં પ્રાણીઓ કર્મને જ આધીન છે. (સૂ. ૧૯.)

**નારકોના આહાર[૮] : વૈમાનિકો સુધી :**

નારકજીવ તેનું શરીર જે આકાશ પ્રદેશોમાં અવગાઢ હોય છે તે પ્રદેશોમાં રહેલા પુદ્‌ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરીને તે પોતાના આહાર રૂપે ઉપયોગમાં લેતા નથી. અને પરંપરારૂપે શ્રેત્રાવગાઢ થયેલા પુદ્‌ગલોને પણ આહારરૂપે ઉપયોગમાં લેતા નથી. એવું જ કથન વૈમાનિકો પર્યંતના દંડકોમાં પણ સમજવું.

નારકજીવો પોતાના આહારરૂપે જે પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. જે ક્ષેત્રમાં પોતાનું શરીર અવગાહિત હોય છે એ જ ક્ષેત્રના પુદ્‌ગલને તેઓ ગ્રહણ કરીને આહારરૂપે ઉપયોગમાં લે છે. એ જ પ્રમાણે વૈમાનિક દેવો સુધીના ૨૪ દંડકના વિષયમાં પણ કથન સમજવું. અહિં જે કથન કરવામાં આવ્યું છે તે ઓજ આહારની અપેક્ષાએ કરવામાં આવ્યું છે તેમ સમજવું.

નારકીજીવો[૯] સચિતાહારી નથી પણ અચિતાહારી છે. એ મિશ્રાહારી નથી. એ પ્રમાણે વૈમાનિક પર્યંત સમજવું. ઔદારિક શરીરવાળા મનુષ્ય સચિત આહારવાળા પણ છે. અચિતાહારવાળા અને મિશ્ર આહારવાળા પણ છે.

નારકના જીવો આહારાર્થી છે. નારકોના આહાર બે પ્રકારના કહ્યા છે. આભોગ-ઉપયોગપૂર્વક કરેલ અને અનાભોગ તે વિના ઉપયોગે કરેલું. તેમાં જે

અનાભોગનિવર્તિત તે પ્રતિ સમયે આહારર્થ ઉત્પન્ન થાય છે. અને તે અસંખ્યાત સમયના અં. મુ.માં ઉત્પન્ન થાય છે.

નારકજીવ આહાર ગ્રહણ કરે છે તે દ્રવ્યથી અનંત પ્રદેશી, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશોમાં રહેલા, કાળથી કોઈ પણ સ્થિતિવાળા, ભાવથી વર્ણવાળા ગંધવાળા, રસવાળા અને સ્પર્શવાળા, ભાવથી વર્ણવાળા જે પુદ્‌ગલોનો આહાર કરે છે. તે સ્થાન માર્ગણા સામાન્યની અપેક્ષાથી કાળાવર્ણવાળા યાવત્ શુકલવર્ણવાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. વર્ણથી જે કાળા વર્ણવાળાનો આહાર કરે છે તે એક ગુણ યાવત્ દશ ગુણ કાળા વર્ણવાળાઓનો આહાર કરે છે. યાવત્ અનંત ગુણ કાળાવર્ણવાળાઓનો આહાર કરે છે. એ જ પ્રકારે શુકલ વર્ણવાળાઓનો, એ જ પ્રકારે ગંધથી અને રસથી પણ સમજવું. એકથી આઠ સ્પર્શવાળાઓનો આહાર કરે છે. ભેદ માર્ગણાની અપેક્ષાથી કર્કશ પુદ્‌ગલોનો યાવત્ રૂક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. અનંત ગુણ કર્કશનો આહાર યાવત્ અનંત ગુણ રૂક્ષોનો પણ આહાર કરે છે.

જે અનંતગુણરૂક્ષ પુદ્‌ગલોનો આહાર કરે છે તે સ્પૃષ્ટ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. અસ્પૃષ્ટનો આહાર કરતા નથી. યાવત્ નિયમા છ દિશાનો આહાર કરે છે.

બહુલતાના કારણની અપેક્ષાએ વર્ણથી કાળા-વાદળી, ગંધની દુર્ગંધવાળા રસથી તિક્ત, કટુ રસ, સ્પર્શથી કર્કશ, ગુરુ, શીત અને રૂક્ષ તેમના પુરાણા વર્ણગુણ ગંધગુણ, રસ ગુણ અને સ્પર્શગુણમાં બદલાઈને, નાશ કરીને અન્ય નવા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ગુણ ઉત્પન્ન કરીને પોતાના શરીર ક્ષેત્રમાં અવગાહન કરેલા પુદ્‌ગલોનો પૂર્ણરૂપ આહર કરે છે. નારક પૂર્ણરૂપથી પરિણત કરે છે. સર્વત્ર ઉચ્છ્‌વાસ લે છે. સર્વતઃ નિઃશ્વાસ લે છે. વારંવાર આહાર કરે છે. વારંવાર પરિણત કરે છે. ક્યારેક આહાર કરે છે. ક્યારેક ઉચ્છ્‌વાસ લે છે. ક્યારેક નિશ્વાસ લે છે. નારક જે પુદ્‌ગલોને આહરરૂપે ગ્રહણ કરે છે તેના અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે. અને અનંતમાં ભાગનું આસ્વાદાન કરે છે. નારક જે પુદ્‌ગલો આહારરૂપમાં ગ્રહણ કરે છે. તે બધાના સંપૂર્ણનો આહાર કરે છે. તે તેમના માટે શ્રોતેન્દ્રિય યાવત્ સ્પર્શેન્દ્રિયરૂપથી, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞરૂપથી અમનામ, અનિચ્છિત, અભિલષણીય, ભારે,

દુઃખરૂપથી તેમનું વારંવાર પરિણમન કરે છે.

નારકોને વૈક્રિય શરીર હોય છે. તેથી તેઓ વૈક્રિય શરીરની પુષ્ટિના યોગ્ય જ પુદ્ગલોનો અચિતાહાર કરે છે. ઔદારિક શરીર જીવ ઔદારિક શરીરને યોગ્ય પુદ્ગલોનો આહાર કરે છે. નારકો તો હું આહાર કરું એવી અભિલાષા એક મુહૂર્તમાં પેદા થઈ જાય છે. માટે નારકોની આહારાભિલાષા અં. મુ.ની કહેલી છે.

નારકો દ્રવ્યથી અનંત પ્રદેશી પુદ્ગલોનો આહાર કરે છે કેમકે સંખ્યાત અથવા અસંખ્યાત પ્રદેશી સ્કંધ જીવ દ્વારા ગ્રહણ કરી શકાતા નથી. ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા દ્રવ્યોને આહારના રૂપમાં ગ્રહણ કરે છે. કેમકે પ્રત્યેક પરમાણુમાં ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને ૨ સ્પર્શ અવશ્ય હોય છે.

બહુલતાથી કહેવાનો આશય એ છે કે અશુભ અનુભાવવાળા પ્રાયઃ મિથ્યાદષ્ટિ જ ઉક્ત કૃષ્ણવર્ણ આદિ અશુભ દ્રવ્યોનો આહાર કરે છે. આગામી થનારા તિર્થંકર આદિ નારક એવા દ્રવ્યોનો આહાર નથી કરતા.

આહારના રૂપમાં ગ્રહણં કરાયેલા તે પુદ્ગલો નારકોને અનિષ્ટરૂપમાં પરિણત થાય છે. અપ્રિય અર્થાત્ અંતઃકરણને પ્રિય ન લાગે. અમનોજ્ઞ અર્થાત્ જે વિપાકના સમયે કલેશજનક હોવાના કારણે મનમાં આહ્‌લાદ ઉત્પન્ન ન કરે. અમન આમ અર્થાત્ જે ભોજ્યરૂપમાં ગ્રાહ્ય ન હોય. અનિપ્સિત અર્થાત્ આસ્વાદન કરવા માટે ઈષ્ટ ન હોય. તે પુદ્ગલો ભારેરૂપમાં પરિણત થવાના કારણે દુઃખરૂપ પરિણત થાય છે.

**અસુર કુમારાદિના આહાર[10] :**

અસુર કુમારોનું કથન નારકો પ્રમાણે કરવું જોઈએ. યાવત્ તેમના માટે વારંવાર પરિણત થાય છે. તેઓમાં જે અભોગનિવર્તિત આહાર છે તે જઘન્યથી ચતુર્થ ભક્ત, ઉત્કૃષ્ટથી કાંઈક અધિક સહસ્ર વર્ષમાં આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે. આ કથન સાતિરેક સાગરોપમની સ્થિતિવાળા બલેન્દ્રની અપેક્ષાથી છે. બહુલતારૂપ કારણની અપેક્ષાએ વર્ણથી પીત, અને શ્વેત, ગંધથી સુગંધયુક્ત, રસથી અમ્લ અને મધુર તથા સ્પર્શથી લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ, સુંવાળો(મૃદુ) પુદ્ગલોના પુરાણા વર્ણગુણ યાવત્

મનામરૂપથી ઇચ્છિત રૂપથી, અભિલષણીય રૂપથી, હલકા રૂપથી અને સુખરૂપથી તેમના માટે વારંવાર પરિણમન થાય છે. યાવત્ સ્તનિતકુમારો સુધી આ જાણવું તેમાં વિશેષતા એ છે કે તેમના આભોગનિવર્તિત આહાર ઉત્કૃષ્ટ દિવસ પૃથક્ત્વમાં તેમને આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. અસુરકુમારાદિ ત્રસનાડીમાં જ થાય છે. તેથી જ તેઓ છ દિશાનો આહાર કરે છે.

પૃથ્વીકાય આહારાર્થી છે. પૃથ્વીકાયિકોને પ્રતિસમય વિરહસિવાય આહારની અભિલાષા થાય છે. કઈ વસ્તુનો આહાર કરે તે નારકોના કથન પ્રમાણે સમજવું. વ્યાઘાત ન થતાં છ એ દિશાઓથી આગતદ્રવ્યોનો આહાર કરે છે. જો વ્યાઘાત અર્થાત લોકના નિષ્કુટ પ્રદેશોના કારણે રૂકાવટ થાય તો કદાચિત ૩, કદાચિત્ ૪, કદાચિત ૫ દિશાઓથી આગત દ્રવ્યોનો પૃથ્વીકાયિક આહાર કરે છે. પણ નારકોથી પૃથ્વીકાયિકોમાં વિશેષતા એ છે કે તેમાં બાહુલ્ય કારણ નથી મળતું. તે આહાર કરાતાં પુદ્‌ગલદ્રવ્યોના આગળના રંગ આદિ ગુણ નષ્ટ થઈ જાય છે. અને નૂતનગુણ ઉત્પન્ન થાય છે. બાકી બધું કથન નારકોના સમાન સમજવું. અર્થાત્ નારકોની સમાન એકાંત અશુભરૂપમાં તથા દેવોની જેમ એકાંત શુભરૂપમાં તેમના પરિણમન થતાં નથી. એ જ પ્રકારે યાવત્ વનસ્પતિકાયિક સુધીનું સમજવું.

બેઇન્દ્રિય જીવો આહારાર્થી છે. નારકોની જેમ સમજવું. વિશેષતા એ છે કે તેઓમાં જે આભોગનિવર્તિત આહાર છે તે અસંખ્યાત સમયના અં. મુ.માં આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. નિયમથી છ દિશાઓથી આહાર ગ્રહણ કરે છે. બેઇન્દ્રિયોનો આહાર બે પ્રકારનો છે.લોમાહાર અને પ્રક્ષેપાહાર. જે પુદ્‌ગલોને ક્ષેમાહાર રૂપમાં ગ્રહણ કરે છે. તે બધાનો સંપૂર્ણરૂપમાં આહાર કરે છે. જે પુદ્‌ગલોને પ્રક્ષેપાહારથી ગ્રહણ કરે છે. તેમાંથી અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે. અનેક સહસ્રભાગ સ્પર્શ ન થનારાઓના આસ્વાદના ન કરતાં વિધ્વંસને પ્રાપ્ત થઈ જાય છે. બે ઇન્દ્રિયોને માટે જિહ્વેન્દ્રિયની અને સ્પર્શેન્દ્રિયની વિષમ માત્રાના રૂપમાં તેમના માટે વારંવાર પરિણત થાય છે. તેમાં આસ્વાદન કરતાં પુદ્‌ગલ બધાથી ઓછા અને તેનાથી અસ્પૃષ્ટ અનંતગુણા છે.

તેઇન્દ્રિયો માટે તે પુદ્ગલો ઘ્રાણેન્દ્રિયની, જિહ્વેન્દ્રિયની, સ્પર્શેન્દ્રિયની તે જ વિષમ માત્રા રૂપથી તેમના માટે પુનઃ પુનઃ પરિણત થાય છે. ચૌરેન્દ્રિયોના ચક્ષુરિન્દ્રિયની યાવત્ સ્પર્શેન્દ્રિયની વિષમમાત્રા રૂપથી તેમના માટે પુનઃ પુનઃ પરિણત થાય છે.

*પંચેન્દ્રિય તિર્યંચોનું તેઇન્દ્રિયોની જેમ સમજવું, વિશેષ એ છે કે તેઓમાં જે* આભોગનિવર્તિત આહાર કરે છે. તે જઘન્ય અં. મુ.થી ઉત્કૃષ્ટ ષાષ્ઠ ભક્તથી આહારની અભિલાષા થાય છે. પંચેન્દ્રિય તિર્યંચોના માટે જે પુદ્ગલ આહારના રૂપમાં ગ્રહણ થાય છે તે શ્રોતેન્દ્રિયની વિમાત્રા યાવત્ સ્પર્શેન્દ્રિયની વિમાત્રાથી વારંવાર પરિણત થાય છે. મનુષ્ય એ જ પ્રકારે વિશેષ એ છે કે આભોગનિવર્તિત આહાર જઘન્ય અં. મુ.માં અને ઉત્કૃષ્ટ અષ્ટમ ભક્તથી આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

વાણવ્યંતર જેવા નાગકુમારનું છે તે પ્રમાણે જ્યોતિષ્કનું સમજવું અને એ જ પ્રકારે પરંતુ વિશેષ આભોગ નિવર્તિત આહાર જઘન્ય અને ઉત્કૃષ્ટ દિવસપૃથકત્વમાં આહારની અભિલાષા થાય છે. એ જ પ્રકારે વૈમાનિકમાં હોય. પણ વિશેષ એ છે કે સૌધર્મ કલ્પમાં આભોગનિવર્તિત આહાર જઘન્ય દિવસ પૃથકત્વ અને ઉત્કૃષ્ટ બે હજાર વર્ષમાં આહારની અભિલાષા થાય છે. ઇશાન કલ્પમાં જઘન્ય કાંઈક અધિક પૃથકત્વ દિવસમાં અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક બે હજાર વર્ષમાં, સનત્કુમારમાં જઘન્ય બે હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૭ હજાર વર્ષમાં, માહેન્દ્ર કલ્પમાં જઘન્ય કાંઈક અધિક બે હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ કાંઈક અધિક ૭ હજાર વર્ષમાં, બ્રહ્મલોકમાં કલ્પમાં જઘન્ય ૭ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૧૦ હજાર વર્ષમાં, લાંતકમાં જઘન્ય ૧૦ હજાર વર્ષમાં ઉત્કૃષ્ટ ૧૪ હજાર વર્ષમાં, મહાશુક્રમાં જઘન્ય ૧૪ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૧૭ હજાર વર્ષમાં, સહસારમાં જઘન્ય ૧૭ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૧૮ હજાર વર્ષમાં, આનતમાં જઘન્ય ૧૮ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૧૯ હજાર વર્ષમાં, પ્રાણતમાં જઘન્ય ૧૯ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૦ હજાર વર્ષમાં, આરણમાં જઘન્ય ૨૦ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૧ હજાર વર્ષમાં, અચ્યુત્તમાં જઘન્ય ૨૧ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષમાં.

અધસ્તન ગ્રૈવેયકમાં જઘન્ય ૨૨ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૩ હજાર વર્ષમાં,

અધસ્તન મધ્યમ ગ્રૈવેયકમાં જઘન્ય ૨૩ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૪ હજાર વર્ષમાં, અધસ્તન ઉપરિતન ગ્રૈવેયકમાં જઘન્ય ૨૪ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૫ હજાર વર્ષમાં, મધ્યમ અધસ્તન ગ્રૈવેયકમાં જઘન્ય ૨૫ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૬ હજાર વર્ષમાં, મધ્યમ, મધ્યમ ગ્રૈવેયકમાં જઘન્ય ૨૬ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૭ હજાર વર્ષમાં, મધ્યમ, ઉપરિતન ગ્રૈવેયકમાં જઘન્ય ૨૭ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૮ હજાર વર્ષમાં, ઉપરિતન, અધસ્તન ગ્રૈવેયકમાં જઘન્ય ૨૮ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૨૯ હજાર વર્ષમાં, ઉપરિતન મધ્યમ ગ્રૈવેયકમાં જઘન્ય ૨૯ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૩૦ હજાર વર્ષમાં, ઉપરિતન ઉપરિતન ગ્રૈવેયકમાં જઘન્ય ૩૦ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૩૧ હજાર વર્ષમાં. વિજયાદિ ૪ દેવમાં જઘન્ય ૩૧ હજાર વર્ષમાં, ઉત્કૃષ્ટ ૩૩ હજાર વર્ષમાં, સર્વાર્થસિદ્ધ દેવમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ ભેદથી ૩૩ હજાર વર્ષમાં આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

રોમોદ્વારા કરાતો આહાર લોમાહાર કહેવાય છે. મુખ દ્વારા જે આહાર કરાય તે પ્રક્ષેપાહાર છે. તેને કવલાહાર પણ કહેવાય છે.

પંચેન્દ્રિય તિર્યંચોમાં જે આભોગનિવર્તિત આહાર છે તે ઉત્કૃષ્ટ ષટ્ભક્તથી અર્થાત્ બે દિવસ થાય છે. આ કથન દેવકુરુ ઉત્તરકુરુના તિર્યંચ પંચેન્દ્રિયોની અપેક્ષાએ છે અને મનુષ્યમાં ઉત્કૃષ્ટ અષ્ટમ ભક્ત છે તે દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રોના મનુષ્યની અપેક્ષાએ સમજવું.

જે દેવોથી જેટલા સાગરોપમની સ્થિતિ છે. તેમને તેટલા જ હજાર વર્ષમાં આહારની અભિલાષા થાય છે. એ નિયમ અનુસાર સૌધર્માદિ દેવલકોમાં સમજવું. સર્વાર્થસિદ્ધતિમાનમાં જઘન્ય અને ઉત્કૃષ્ટનો ભેદ હોતો નથી.

નારકી[11] જીવ પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેન્દ્રિય શરીરોનો યાવત્ પંચેન્દ્રિય શરીરોનો પણ આહાર કરે છે. વર્તમાન ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ નિયમથી પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. એ જ પ્રકારે યાવત્ સ્તનિતકુમારો સુધી સમજવું.

પૂર્વભાવ પ્રજ્ઞાપના અર્થાત્ અતીત કાલીન પર્યાયોની પ્રરૂપણાની અપેક્ષાએ પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ ૨૪ દંડકોમાં નારકીના સમાન છે. વર્તમાન પ્રજ્ઞાપનાની અપેક્ષાએ નિયમથી પૃથ્વીકાયિકો એકેન્દ્રિયોના શરીરોનો આહાર કરે છે.

યાવત્ વનસ્પતિકાયિકો સુધી બેઇન્દ્રિયો એ બેઇન્દ્રિયોના શરીરનો, તેઇન્દ્રિયોએ તેઇન્દ્રિયોના શરીરનો, ચૌરેન્દ્રિયો એ ચૌરેન્દ્રિયોના શરીરનો અને પંચેન્દ્રિયો એ પંચેન્દ્રિયોના શરીરનો આહાર કરે છે. એટલે કે નિયમથી જેને જેટલી ઇન્દ્રિયો છે એટલી જ ઇન્દ્રિયવાળા શરીરનો આહાર કરે છે. શેષ નારકોની સમાન યાવત્ વૈમાનિક.

નારક જીવ લોમાહારી છે પ્રક્ષેપાહારી નથી. કેમકે તેમના વૈક્રિય શરીર હોય છે અને તેમનો સ્વભાવ એ પ્રકારનો હોય છે. લોમાહાર પર્યાપ્ત નારકોને જ હોય છે. અપર્યાપ્તાને નહીં. નારકી દેવો કવલાહારી હોતા નથી. એકેન્દ્રિય જીવોને મુખ હોતા નથી. તેથી તેમનામાં કવલાહારનો અભાવ હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં લોમાહારી અને કવલાહારીનો સંભવ છે.

ઓજનો[૧૨] જે આહાર કરે છે તે ઓજાહારી કહેવાય છે. જે મનથી ભક્ષણ કરનારા હોય તે મનોભક્ષી જાણવા.

નારકી જીવ ઓજાહારી હોય છે. મનોભક્ષી નથી હોતા. અપર્યાપ્ત અવસ્થામાં જ ઓજ આહાર સંભવિત હોવાથી નારક ઓજાહારી હોય છે. જે જીવ વિશેષ પ્રકારની શક્તિથી મનના દ્વારા જ પોતાના શરીરને પુષ્ટ કરનારા પુદ્ગલોનો આહાર કરે છે. તે આહારના પછી તૃપ્તિપૂર્વક પરમ સંતોષ થાય છે. નારકોમાં એવો આહાર મળી શકતો નથી. કેમકે પ્રતિકૂળ કર્મનો ઉદય થવાથી તેઓમાં એવી શક્તિ હોતી નથી. આ રીતે ઔદારિક શરીરી પૃથ્વીકાયિકોથી લઈને મનુષ્ય પર્યંત બધા ઓજાહારી હોય છે. મનોભક્ષી નથી હોતા. બધા દેવો વૈમાનિક સુધી ઓજાહારી અને મનોલક્ષી હોય છે. જે મનોભક્ષી દેવો છે. તેમને આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. દેવોના વિચાર કરવાથી શીઘ્ર જે પુદ્ગલ ઇષ્ટ, કાંત યાવત્ મનામ તેઓ તેમના મનોભક્ષરૂપથી પરિણત થઈ જાય છે. મનથી ભક્ષણ કરાયેલા પુદ્ગલ તેમની તૃપ્તિને માટે એ પરમ સંતોષને માટે બને છે. ત્યાર પછી દેવોની આહાર સંબંધી અભિલાષા નિવૃત્ત થઈ જાય છે.

બધા અપર્યાપ્તા જીવ ઓજાહારી હોય છે. એકેન્દ્રિય જીવો, નારકો અને દેવોમાં કવલાહાર નથી હોતો. બાકી બધા જીવોને કવલાહાર હોય છે. એકેન્દ્રિય, નારકો તથા અસુરકુમારોનો રોમાહાર હોય છે. બાકીનાનો આહાર રોમાહારને પ્રક્ષેપ આહાર હોય

છે. બધા દેવ ઓજાહારી અને મનોભક્ષી હોય છે. બાકીના જીવ રોમાહારી અને કવલાહારી હોય છે.

બધા જીવોને અપર્યાપ્તાવસ્થામાં આહાર અનાભોગનિવર્તિત હોય છે. લોમાહાર પર્યાપ્તાવસ્થામાં થાય છે. બેઇન્દ્રિયોથી લઈને મનુષ્ય સુધી પ્રક્ષેપાહાર આભોગ નિવર્તિત થાય છે.

**જીવ આહારક છે કે અનાહારક[૧૭] :**

જીવ કદાચિત્ આહારક હોય છે. કદાચિત અણાહારક હોય છે. નારક ક્યારેક આહારક અને ક્યારેક અણાહારક હોય છે. યાવત્ વૈમાનિક સુધી સિદ્ધ આહારક નથી. અનાહારક હોય છે. ઘણા જીવ આહારક હોય છે અને અનાહારક પણ હોય છે. ઘણા નારકો આહારક અને અનાહારક બંને હોય છે. યાવત્ વૈમાનિકો સુધી સમજવું.

વિગ્રહગતિ, કેવલી સમુદ્દ્ઘાત, શૈલેષી અવસ્થા અને સિદ્ધાવસ્થાની અપેક્ષાએ અણાહારક જાણવા. શેષ જીવ આહારક હોય છે. વિગ્રહગતિથી ભિન્ન સમયમાં બધા સંસારી જીવ આહારક હોય છે. વિગ્રહગતિ ક્યાંક ક્યારેક કોઈ જીવની થાય છે. જો કે વિગ્રહગતિ સર્વકાળમાં મળી આવે છે. પણ પ્રતિ નિયત જીવોની જ વિગ્રહગતિ થાય છે. એ કારણે આહારકો ઘણા કહ્યા છે. અણાહારક સિદ્ધ પણ સદા વિદ્યમાન રહે છે અને તેઓ અભવ્યજીવોથી અનંતગુણા છે. સદૈવ એ એક નિગોદના પ્રતિસમય અસંખ્યાતમો ભાગ વિગ્રહગતિ પ્રાપ્ત કરીને રહે છે તેથી અણાહારકોની પણ ઘણી સંખ્યા કહી છે. નારક ક્યારેક આહારક હોય છે. એક પણ નારક અનાહારક નથી હોતો. કેમકે નારકોના ઉવવાયનો વિરહ થાય છે. નારકોના ઉવવાયનો વિરહ બાર મુહૂર્તનો જ થાય છે અને એ કાળમાં પૂર્વોત્પન્ન તેમ જ વિગ્રહગતિને પ્રાપ્ત નારક પણ આહારક થઈ જાય છે. તે સમયે નવો કોઈ નારક ઉત્પન્ન થતો નથી. તેથી જ અનાહારક કોઈ પણ નથી થતા. આ પ્રથમ ભંગ ઘણા નારક આહારક અને કોઈ એક અનાહારક આ બીજો ભંગ છે. ઘણા આણારક અને ઘણા અણાહારક નારકમાં ત્રણના સિવાય અન્ય કોઈ ભંગનો સંભવ નથી હોતો. ૫ સ્થાવરમાં વર્જીને ૧૯ દંડકમાં ત્રણ ભંગ થાય છે. એકેન્દ્રિય જીવોમાં ઘણા આહારક અને ઘણા અણાહારક એ એક જ ભંગ

મળી આવે છે. તેનું કારણ એ છે કે પૃથ્વી, અપ, તેઉ અને વાયુકાયિકોમાં પ્રત્યેક સમયે અસંખ્યાત જીવ ઉત્પન્ન થાય અને વનસ્પતિકાયમાં પ્રતિસમય અનંતજીવ વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. સિદ્ધોમાં અનાહારક એક જ ભંગ મળી આવે છે. કેમકે સિદ્ધ બધા શરીરોથી રહિત હોવાના કારણે અનાહારક જ હોય છે.

સંજ્ઞી જીવ ક્યારેક આહારક ને ક્યારેક અનાહારક છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિક. વિશેષ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયો અસંજ્ઞી છે. તેથી નારકાદિના ૧૬ દંડકો સંજ્ઞી છે. ઘણા સંજ્ઞી જીવ આહારક છે અને અણાહારક છે. જીવાદિથી ત્રણ ભંગ યાવત્ વૈમાનિક સુધી.

અસંજ્ઞી જીવ આહારક પણ અણાહારક પણ એક ભંગ થાય છે. અસંજ્ઞીનારક આહારક (૧) અથવા અણાહારક (૨) અથવા આહારક અને અણાહારક (૩) અથવા એક આહારક, ઘણા અણાહારક (૪) અથવા ઘણા આહારક, એક અનાહારક (૫) અથવા ઘણા આહારક, અણાહારક (૬) આ રીતે છ ભંગ થાય છે. નારકો., ભવનપતિ, વાણવ્યંતર મનુષ્યોમાં છ ભંગ જાણવા. બેઇન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોમાં ૩ ભંગ. એકેન્દ્રિયો અભંગક છે. નો સંજ્ઞી, નો અસંજ્ઞી મનુષ્યમાં પહેલો, ત્રીજો ને ચોથો આ ત્રણ ભંગ છે. સિદ્ધ અનાહારક છે. જયોતિષી અને વૈમાનિકમાં અસંજ્ઞીપણાનો વ્યવહાર હોતો નથી.

ભવ્યજીવ ક્યારેક આહારક ક્યારેક અણાહારક હોય છે. એ જ પ્રકારે યાવત્ વૈમાનિક સુધી સમજવું. બહુત્વવિશિષ્ટ ભવ્યસિદ્ધિ જીવ આહારક અથવા અણાહારક છે. જીવ, એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ થાય છે. અભવસિદ્ધિક પણ એ જ પ્રકારે નોભવસિદ્ધિક, નોઅભવસિદ્ધિક અણાહારક નથી, અણાહારક છે. બહુત્વમાં તેમ જ સિદ્ધમાં પણ એ જ ભંગ છે. (ભવ્ય-અભવ્યહાર સમાપ્ત)

**સલેશી આદિમાં વિચારણા[૧૪] :**

**લેશ્યાદ્વાર :**

સલેશી જીવ ક્યારેક આહારક હોય છે. ક્યારેક અણાહારક હોય છે. એ જ પ્રકારે

યાવત્ વૈમાનિક વિગ્રહગતિ. કેવલી સમુદ્ઘાત અને શૈલેશી અવસ્થાની અપેક્ષાએ અનાહારક અને એના સિવાયની અવસ્થામાં આહારક સમજવા.

ઘણા સલેશીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ એ જ પ્રકારે કૃષ્ણ, નીલ. કાપોત લેશ્યાવાળા પણ જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ તેજોલેશ્યામાં, પૃથ્વીકાયિક, અપકાયિક, વનસ્પતિકાયિકોના છ ભંગ, બીજાના જીવથી લઈને ૩ ભંગ થાય છે કે જેમનામાં તેજોલેશ્યા હોય છે. પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યામાં જીવથી લઈને ત્રણ ભંગ લેશ્યારહિત જીવ અને મનુષ્ય અયોગી કેવલી તથા સિદ્ધ એકત્વની અપેક્ષાથી પણ અને પૃથક્ત્વની અપેક્ષાથી પણ આહારક નથી, તે અણાહારક છે.

**દષ્ટિદ્વાર :**

સમ્યગ્દષ્ટિ જીવ ક્યારેક આહારક અને ક્યારેક અણાહારક છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિ, ચૌરેન્દ્રિયના છ ભંગ. સિદ્ધ અનાહારક. શેષ અર્થાત્ નારકો, ભવનપતિઓ, પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, વાણવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકોમાં જે સમ્યગ્દષ્ટિ છે તેમનામાં ત્રણ ભંગ થાય છે. પૃથ્વીકાયિક આદિની વક્તવ્યતા ન કહેવી જોઈએ કેમકે તેઓ સમ્યગ્દષ્ટિ હોતા નથી. સિદ્ધ સમ્યગ્દષ્ટિ અનાહારક હોય છે કેમકે સિદ્ધમાં ક્ષાયક સમકિત છે.

મિથ્યાદષ્ટિમાં સમુ. જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ કહેવા જોઈએ. મિથ્યા દષ્ટિમાં એક અને બહુત્વની વિવક્ષાથી એક જ ભંગ થાય છે. કેમકે એકેન્દ્રિય અને સમુ. જીવ આ બંને સદા બહુ સંખ્યામાં જોવા મળે છે. તેમના સિવાય બધા સ્થાનોમાં ત્રણ ભંગ કહેવા જોઈએ. અહિં સિદ્ધમાં આલાપક ન કહેવા જોઈએ. કેમકે સિદ્ધ મિથ્યાદષ્ટિ હોતા નથી.

મિશ્રદષ્ટિ આહારક હોય છે. અનાહારક નથી હોતા. મિશ્રદષ્ટિથી અવસ્થામાં મૃત્યુ થતું નથી. તેથી વિગ્રહગતિ થતી નથી. આમ ૧૬ દંડકમાં સમજવું. એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો મિશ્રદષ્ટિ હોતા નથી. માટે મિશ્રદષ્ટિમાં તેમનું કથન ન કરવું.

**સંયતદ્વાર :**

સંયતજીવ કેવલી સમુદ્‌ઘાત અને અયોગીત્વ અવસ્થાની અપેક્ષાએ અણાહારક સમજવા. અન્ય સમયમાં આહારક સંયત મનુષ્યના બહુત્વની વિવક્ષાથી ત્રણ ભંગ થાય છે. મનુષ્ય જ સંયત થઈ શકે છે.

સંયતા સંયત અર્થાત્ દેશવિરત જીવ, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય એ ત્રણે એકત્વ અને બહુત્વની વિવક્ષાથી પણ આહારક હોય છે. અનાહારક નથી હોતા. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય જ સંયતાસંયત હોય છે. અન્ય જીવોમાં સ્વભાવથી જ દેશવિરતિ પરિણામ થતું નથી. વિગ્રહગતિ કે કેવલી સમુદ્‌ઘાત આદિ અવસ્થામાં દેશવિરતિ પરિણામ થતું નથી. તેથી જીવ, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય આહારક જ હોય છે. નો સંયતનો અસંયત અને નો સંયતાસંયત એવો જીવ અને સિદ્ધ તેઓ એકત્વ અને બહુત્વની વિવક્ષાથી અણાહારક જ થાય છે. કેમકે સિદ્ધ સર્વથા અશરીરી છે.

**કષાયદ્વાર :**

સકષાયી જીવ ક્યારેક આહારક, ક્યારેક અનાહારક હોય છે. એ જ પ્રકારે વૈમાનિકો સુધી બહુત્વની અપેક્ષાથી જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ જાણવા. ક્રોધ કષાયી જીવાદિમાં એ જ પ્રકારે વિશેષ દેવોમાં છ ભંગ માન, માયા, લોભ કષાયી દેવો અને નારકોમાં છ ભંગ. શેષ જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ સમજવા.

અકષાયી મનુષ્ય અને સિદ્ધ જ હોય છે. તે નો સંજ્ઞીઓને અસંજ્ઞી જેમ જાણવા. ક્યારેક આહારક અને ક્યારેક અનાહારક હોય છે. કેમકે કેવલી સમુદ્‌ઘાતના અભાવમાં આહારક હોય છે. કેવલી સમુદ્‌ઘાતમાં અણાહારક હોય છે. સિદ્ધ તો અનાહારક હોય છે. અકષાયી ૧૧થી ૧૪ ગુણસ્થાનમાં હોય છે.

**જ્ઞાનદ્વાર :**

જ્ઞાની[૧૫] સમ્યગ્‌દષ્ટિ સમાન હોય છે. આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની વિકલેન્દ્રિયમાં છ ભંગ, બાકીનામાં જીવથી લઈને ત્રણ ભંગ. જેમાં જ્ઞાન હોય છે તેમાં અવધિજ્ઞાની પંચેન્દ્રિય આહારક હોય છે. અણાહારક નથી હોતા. બાકીનામાં જીવથી

લઈને ત્રણ ભંગ. જેમાં અવધિજ્ઞાન હોય છે તેના મન:પર્યવજ્ઞાની જીવ અને મનુષ્ય એકત્વ અને બહુત્વની અપેક્ષાથી આહરક હોય છે. અનાહારક હોતા નથી. કેવલજ્ઞાની જેવા નોસંજ્ઞી પ્રમાણે જાણવા. મતિ અજ્ઞાની. શ્રુત અજ્ઞાનીમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ. વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય આહારક છે. અનાહારક હોતા નથી. બાકીનામાં જીવથી લઈને ત્રણ ભંગ જાણવા.

**યોગદ્વાર :**

સમુચ્ચય જીવો અને એકેન્દ્રિય બાકીના સયોગીઓમાં પૂર્વોક્ત ત્રણ ભંગ મળે છે. સમુચ્ચય જીવોમાં અને એકેન્દ્રિયોમાં ઘણા આહારક અને ઘણા અણાહારકમાં આ એક જ ભંગ મળે છે. મનયોગી અને વચનયોગીમાં મિશ્રદૃષ્ટિની જેમ એકત્વ અને બહુત્વની અપેક્ષાએ આહારક જ હોય છે. વિશેષતા એ છે કે વિકલેન્દ્રિયોમાં વચનયોગ છે. તેમાં મિશ્રદૃષ્ટિ નથી હોતી. સમુચ્ચયજીવો અને એકેન્દ્રિય સિવાય બાકીના નારકાદિ કાયયોગીમાં ત્રણ ભંગ કહેવા જોઈએ. અયોગીજીવ, મનુષ્ય અને સિદ્ધ જ હોય છે. અને આ ત્રણે એકત્વ અને બહુત્વની અપેક્ષાથી અનાહારક જ હોય છે.

**ઉપયોગદ્વાર :**

સમુ. જીવો અને એકેન્દ્રિય સિવાય બાકીના સાકાર તેમ જ અનાકાર ઉપયોગથી ઉપયુક્ત જીવોમાં ત્રણ ભંગ કહેવા. સિદ્ધ પણ સાકાર અને અનાકારથી ઉપયુક્ત હોય છે. ને એકત્વ અને બહુત્વની વિવક્ષાથી અનાહારક જ હોય છે. જીવ અને એકેન્દ્રિયમાં ઘણા આહારક અને ઘણા અણાહારક એક જ ભંગ થાય છે.

**વેદદ્વાર :**

જીવ અને એકેન્દ્રિયમાં એક જ ભંગ થાય છે. બહુત્વની વિવક્ષાથી સ્ત્રીવેદી, પુરુષવેદી જીવોમાં જીવથી લઈને ત્રણ ભંગ થાય છે. નપુંસક વેદીમાં ત્રણ ભંગ થાય છે. એકત્વ વિવક્ષાથી સ્ત્રીવેદી અને પુરુષવેદીના વિષયમાં એક ભંગ હોય છે. નારકો, એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો નપુંસકવેદી છે. નપુંસકવેદમાં એકત્વની વિવક્ષામાં એક ભંગ થાય છે. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકનું કથન ન કરવું કેમકે તેઓ

નપુંસક હોતા નથી. અવેદીના વિષયમાં એકત્વ અને બહુત્વની વિવક્ષાથી કેવલજ્ઞાનીની જેમ કહેવું. મનુષ્યોમાં ત્રણ ભંગ હોય છે. સિદ્ધોમાં અનાહારક જ ભંગ છે.

**શરીરદ્વાર :**

જીવ અને ૫ એકેન્દ્રિયમાં એક જ ભંગ મળે છે. ઔદારિક શરીરીજીવો અને મનુષ્યોમાં ત્રણ ભંગ. બાકીના આહારક હોય છે. વૈક્રિય શરીરી અને આહારક શરીરી આહારક જ હોય છે. આહારક શરીર મનુષ્યોને જ હોય છે. તૈજસ અને કાર્મણ શરીરી જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ. અશરીરી જીવ એકત્વ અને બહુત્વની વિવક્ષાના અશરીરી સિદ્ધ અનાહારક જ છે.

**પર્યાપ્તિદ્વાર :**

આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન પર્યાપ્તિથી પર્યાપ્ત છે. એ પાંચે પર્યાપ્તિઓમાં જીવો અને મનુષ્યોમાં ત્રણ ભંગ સમજવા. બાકીના આહારક હોય છે. અનાહારક નહિ. ભાષા મન પર્યાપ્તિ પંચેન્દ્રિયમાં થાય છે. બાકીનામાં નથી હોતી. આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત આહારક નથી હોતા. અનાહારક હોય છે. તે એકત્વ અને બહુત્વની અપેક્ષાથી કહેલ છે. શરીર પર્યાપ્તિથી અપર્યાપ્ત સ્યાત આહારક, સ્યાત્ અણાહારક છે. ઉપરની ચાર અપર્યાપ્તિઓમાં નારકો, દેવો અને મનુષ્યોમાં છ ભંગ. બાકીનામાં, જીવો અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભંગ. ભાષા મનઃ પર્યાપ્તિથી પર્યાપ્ત જીવોમાં અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભંગ. નારકો, દેવો મનુષ્યોમાં છ ભંગ. ભાષા મનઃ પર્યાપ્તિથી અપર્યાપ્ત નારકો, દેવી અને મનુષ્યમાં છ ભંગ અને બાકીનામાં ત્રણ ભંગ થાય.

**પ્રકૃત અર્થનો સંગ્રહ કરનારી ગાથાના અર્થો :**

(૧) જયાં સિદ્ધો, એકેન્દ્રિય અને જીવ હોય છે ત્યાં અભંગક અર્થાત્ એક જ વિકલ્પ થાય છે. સિદ્ધો અને એકેન્દ્રિય સિવાય જીવ જયાં હોય ત્યાં ત્રણ ભંગ થાય છે.

(૨) અસંજ્ઞીઓમાં અને નારકોમાં દેવો તથા, મનુષ્યોમાં છ ભંગ થાય છે અને પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય અને તેજોલેશ્યામાં છ ભંગ થાય છે.

(૩) ક્રોધ, માન અને માયામાં સમસ્ત દેવોમાં છ ભંગ થાય છે. માન, માયા અને લોભમાં નારકોમાં છ ભંગ થાય છે.

(૪) વિકલેન્દ્રિયોમાં, અભિનિબોધિક જ્ઞાન, શ્રુત અને સમક્તિને લઈને નિયમા છ ભંગ થાય છે.

(૫) અંતની ૪ પર્યાપ્તિઓમાં નારકો, દેવો અને મનુષ્યોમાં નિયમા છ ભંગ બને છે.

(૬) સંજ્ઞી, લેશ્યા, સંયત અને આદિના ૩ જ્ઞાન, સ્ત્રીવેદ, પુરુષવેદમાં છ ભંગ બને છે. અવેદમાં ૩ ભંગ થાય છે.

(૭) મિશ્રદષ્ટિ, મનોયોગ, વચનયોગ, મનઃવર્યવજ્ઞાન અને આહાર શરીરી, સંયતાસંયત નિયમા કરી આહારક જ હોય છે.

(૮) અવધિજ્ઞાન, વિભંગ જ્ઞાનમાં, તિર્યંચ પંચેન્દ્રિય વિભંગજ્ઞાની મનુષ્ય નિયમા આહારક હોય છે.

(૯) ઔદારિક શરીરમાં તથા પાંચ પર્યાપ્તિમાં જીવ અને મનુષ્યમાં ત્રણ ભંગ થાય છે.

(૧૦) નો ભવ્યાભવ્ય, અલેશી ને અયોગી અશરીરી તથા આહાર પર્યાપ્ત જીવ નિયમથી અણાહારક હોય છે.

(૧૧) નો સંજ્ઞી, નો અસંજ્ઞી, અવેદી. અકષાયી અને કેવલી તેમને એક વચનમાં ત્રણ ભંગ થાય છે. સિદ્ધ અનાહારક હોય છે.

**પરભવગમને સમય**[१९] :

પરભવમાં જતી વખતે જીવ ક્યારેક પ્રથમ સમયમાં આહારક અને ક્યારેક અનાહારક હોય છે. બીજે સમયે જીવ ક્યારેક આહારક અને ક્યારેક અનાહારક હોય છે. ત્રીજે સમયે પણ જીવ ક્યારેક આહારક અને ક્યારેક અનાહારક હોય છે. પરંતુ ચોથા સમયે અવશ્ય આહારક થઈ જાય છે. આ પ્રમાણે જ ૨૪ દંડક કહેવા જોઈએ.

જીવ તથા એકેન્દ્રિય જીવો નિયમથી જ ચોથે સમયે આહારક થાય છે. બેઇન્દ્રિયથી લઈને વૈમાનિક સુધીના જીવો ત્રીજે સમયે અવશ્ય આહારક થાય છે. જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે તથા આયુષ્યના ચરમ સમયે સૌથી ઓછા આહારવાળો થાય છે. સૌથી ઓછા આહાર વિશેના નારકથી લઈને વૈમાનિક પર્યંતના ૨૪ દંડકના વિષયમાં પણ એ જ પ્રમાણે સમજવું.

જીવ કાળધર્મ પામીને ઉત્પાદ સ્થાનની તરફ ગમન કરે છે ત્યારે ૭ શ્રેણીઓ હોય છે. (૧) ઋજવાયતા (૨) એકતોવક્રા (૩) દ્વિધાતોવક્રા (૪) એકતઃખા (૫) દ્વિધાતઃખા (૬) ચક્રવાલા (૭) અર્ધ ચક્રવાલા. અહિં પ્રથમ ત્રણ શ્રેણીનું પ્રકરણ ચાલે છે. (૧) ઋજવાયતા શ્રેણી ઋજુગતિથી-અર્થાત્ વણાંકવિનાની ગતિથી ઉત્પાદ સ્થાન તરફ જતો જીવ પરભવના આયુના પ્રથમ સમયે જ આહારક થઈ જાય છે. (૨) એકતોવક્રા શ્રેણી અર્થાત્ પ્રથમ સમયવાળા વળાંકમાં તે જીવ ઉત્પત્તિ સ્થાન ન પહોંચે પણ એક જગ્યાએ વળાંક લઈને ઉત્પાદ સ્થાન તરફ જાય છે. જીવની ગતિ બે પ્રકારની છે. ઋજુગતિ અને વક્રગતિ. ઋજુગતિથી જન્માંતર કરનાર જીવને પૂર્વ શરીરનો ત્યાગ કરવાના સમયે જ નવા આયુષ્ય અને ગતિકર્મનો ઉદય થઈ જાય છે. તથા વક્રગતિવાળા જીવને પ્રથમ વક્રસ્થાને નવીન આયુ ગતિ અને આનુપૂર્વિ નામકર્મનો ઉદય થઈ જાય છે. કારણકે વક્રસ્થાન સુધી જ પૂર્વભવના આયુઆદિનો ઉદય રહે છે. મુક્ત થતા જીવને વિગ્રહગતિમાં બે સમયમાંથી એક સમય પૂર્વ શરીર દ્વારા ગ્રહણ કરેલા આહારનો છે અને બીજો સમય નવા ઉત્પત્તિ સ્થાનમાં પહોંચવાનો છે. બે સમયવાળા એક વિગ્રહમાં પ્રથમ સમય અનાહારનો છે અને બીજો સમય આહારકનો હોય છે.

સંસારી જીવને ઋજુ અને વક્ર એ બંને ગતિના અધિકારી કહ્યા છે જ્યારે જીવની વક્રગતિ હોય ત્યારે બે, ચાર સમય સમજવા. જે વક્રગતિમાં એક વળાંક હોય તેમાં બે સમયનું કાળમાન હોય છે. જેમાં બે વળાંક હોય છે. તેમાં ત્રણ સમયનું કાળમાન અને જેમાં ત્રણ વળાંક હોય તેમાં ચાર સમયનું કાળમાન કહ્યું છે.

નારકાદિ ત્રસ જીવો છે તે મરીને ત્રસમાં જ ઉત્પન્ન થાય છે. તેમનું ગમન કે આગમન ત્રસ નાડીની બહાર થતું નથી. તેથી તેઓ બીજા સમયમાં અવશ્ય આહારક

થઈ જાય છે. કોઈ મત્સ્યાદિ જીવ પ્રથમ સમયે ભરતક્ષેત્રના પૂર્વભાગમાંથી પશ્ચિમ ભાગમાં ગયો હશે. બીજે સમયે ઐરવતક્ષેત્રના પશ્ચિમ ભાગમાં ગયો હશે. અને ત્રીજે સમયે ત્યાંથી નરકમાં ઉત્પન્ન થયો હશે. આ રીતે ત્યાં ઘુમાવ(વળાંક)માં ત્રણ સમય લાગ્યા. પ્રથમ તથા દ્વિતીય સમયેમાં તે જીવ અણાહારક રહ્યો અને ત્રીજે સમયે નિયમથી જ આહારક થઈ ગયો. આ રીતે બેઇન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના જીવો તથા નારકથી વૈમાનિક પર્યંતના જીવો નિયમથી ત્રીજે સમયે આહારક થાય છે. જીવ અને એકેન્દ્રિય જીવો નિયમથી ચોથા સમયે આહારક થાય છે.

ઉત્પત્તિના પ્રથમ સમયે સૌથી અલ્પ આહારવાળો હોય છે કેમકે તે સમયે આહારગ્રહણ કરવાના સાધનરૂપ તેનું જે શરીર હોય છે તે ઘણું જ નાનું હોય છે. તથા આયુના ચરમ સમયે પણ જીવ સૌથી અલ્પ આહારવાળો હોય છે. કારણકે તે સમયે આત્મપ્રદેશો સંહૃત થઈ જાય તે અને તેઓ અલ્પ શરીરાવયોમાં રહેતા હોય છે. સૂ. ૧.

વનસ્પતિકાયિક[૧૭] જીવ વર્ષાઋતુમાં(અષાઢથી આસો માસ) સૌથી અધિક આહારવાળા હોય છે. ત્યારબાદ ઉત્તરોત્તર અધિકને અધિક અલ્પાહાર થતા જાય છે. એટલે કે ગ્રીષ્મ કરતાં શરદમાં, શરદ કરતાં હેમંતમાં, હેમંત્ર કરતાં વસંતમાં, વસંત કરતાં ગ્રીષ્મમાં એમ ઉત્તરોત્તર વધારેને વધારે અલ્પાહારી થતાં જાય છે. આ રીતે વનસ્પતિકાયિક જીવો ગ્રીષ્મઋતુમાં સૌથી વધારે અલ્પાહારવાળા હોય છે. અને વનસ્પતિકાયિકોના પાન, ફળ, ફૂલથી હરિયાળા કેમ બને છે ? ગ્રીષ્મઋતુમાં અને ઉષ્મ યોનિવાળા જીવો અને પુદ્ગલો વનસ્પતિકાયમાંથી બહાર નીકળે છે. વન્નસ્પતિમાં આવે છે. મરે છે અને ઉત્પન્ન થઈ જાય છે તે કારણે આવું થાય છે.

વર્ષાઋતુમાં વનસ્પતિકાયિક વધારેમાં વધારે આહારવાળા હોય છે. કારણકે તે બંને ઋતુમાં ઉદક(જળ) સ્નેહની અધિકતા રહે છે. અષાઢ અને શ્રાવણ વર્ષાઋતુના મહિના છે.

**નારકો અને દેવના આહાર[૧૮] :**

નારકો અને દેવો સચિતહારી અને મિશ્રાહારી નથી પરંતુ અચિત્તહારી જ હોય છે.

નારકીનો[૧૯] આહાર ચાર પ્રકારનો કહ્યો છે – અંગારોપમ, મુર્મુરોપમ, શીતલ ને હીમશીતલ

**(૧) અંગારોપમ :** જે આહાર થોડા કાળ સુધી શરીરમાં દાહ ઉત્પન્ન કરનાર બને તે આહારને અંગારોપમ કહે છે.

**(૨) મુર્મુરોપમ :** જે આહાર કરીષાગ્નિ સમાન દીર્ઘકાલીન દાહકતાનો જનક હોય છે.

**(૩) શીતલ :** જે આહાર શીતલવેદનાનો જનક હોય છે.

**(૪) હીમ શીતલ :** જે આહાર હીમ જેવો અતિ શીત વેદનાનો જનક હોય છે.

આહારનો આ પ્રકારનો ક્રમ અનુક્રમે વધુને વધુ અધોવર્તી નારકોના નારકોમાં સમજવો. એટલે કે તે સૌથી નીચેની નરકમાં ૭મી નરકમાં હીમશીતલ આહાર છે.

**પક્ષી આદિ તિર્યંચોનો આહર ચાર પ્રકારનો કહ્યો છે :**

(૧) કંકોપમ (૨) બિલોપમ (૩) પાણમાસોપમ અને (૪) પુત્રમાંસોપમ

**(૧) કંકોપમ :**

કંક પક્ષીના જેવો આહાર જે તિર્યંચો લે છે તે તિર્યંચોના આહારને કંકોપમ આહાર કહે છે. કંકાહાર દુર્જર છે. એટલે પચવો મુશ્કેલ હોય પણ ખાવામાં સુખાકારી હોય છે, એવા આહારને કંકોપમ આહાર કહે છે.

**(૨) બિલોપમ આહાર :**

બિલમાં પ્રવેશ કરતો પદાર્થ જે રીતે પોતાના રસાસ્વાદનું પ્રદાન કરાવનાર હોતો નથી, એ રીતે જે આહાર ગળામાં શીઘ્રતાથી પ્રવિષ્ટ થવાના કારણે પોતાના રસાસ્વાદનો પ્રદાતા થતો નથી. એવા આહારને "બિલોપમ" કહે છે.

**(૩) પાણમાંસોપમ આહાર :**

જે આહાર ચાંડાળના શરીરના માંસ જેવો હોય છે.

**(૪) પુત્રમાંસોપમ આહાર :**

જે આહાર પુત્રના માંસ જેવો હોય છે.

આ ચારેય પ્રકારના આહાર તે અનુક્રમે શુભ, સન્ન, અશુભ અને અશુભતર ગણાય છે.

**મનુષ્યોના આહર ચાર પ્રકારના છે.**

(૧) અસન (૨) પાન (૩) ખાદિમ (૪) સ્વાદિમ

**દેવોના આહાર ચાર પ્રકારના કહ્યા છે :**

(૧) પ્રશસ્ત વર્ણવાળો (૨) પ્રશસ્ત ગંધવાળો (૩) પ્રશસ્ત રસવાળો (૪) પ્રશસ્ત સ્પર્શવાળો

એટલે તેમના આહાર પ્રશસ્ત વર્ણ સંપન્ન હોય છે. અને અતિશય વર્ણયુક્ત હોય છે. એવું કથન ગંધાદિકોમાં પણ સમજવું.

જે નારકી[૨૦] એક પ્રદેશ ન્યૂન દ્રવ્યોનો આહાર કરે છે તે નારકી વીચી દ્રવ્યોનો આહાર કરે છે. જે નારકી પરિપૂર્ણ દ્રવ્યોનો આહાર કરે છે તે નારકી અવીચી દ્રવ્યોનો આહાર કરે છે. આ પ્રમાણે ૨થી ૨૪ દંડકો સુધી સમજવું.

**દંડકમાં આહાર દ્વાર :**

छदिसि आहार होइ, सव्वेसिं
पणेगाइपाए भयणा[२१] ॥३१॥

**ગાથાર્થ :**

સર્વેને છ દિશાનો આહાર હોય છે. કારણકે ૬ દિશાનો આહાર લોકાકાશની અંદરના ભાગમાં હોય છે. અને લોકાકાશની અંદરના ભાગમાં ચોવીસેય દંડકના જીવો રહેલા છે. પરંતુ પનક આદિ એટલે સૂક્ષ્મ વનસ્પતિ આદિ પાંચ પદોમાં અર્થાત્ દંડકોમાં, સૂક્ષ્મ વનસ્પતિ, સૂક્ષ્મે વાયુ, બાદર વાયુ (લોકના છેડે સુધી બાદર વાયુ હોય છે. બીજા બાદર એકેન્દ્રિય હોતા નથી કારણકે એકેન્દ્રિયના ૨૨ ભેદમાંથી લોક પર્યંતે

૧૨ જીવના ભેદ છે.) સૂક્ષ્મ અગ્નિ, સૂક્ષ્મ અપકાય અને સૂક્ષ્મ પૃથ્વીકાય એ ૫ સૂક્ષ્મ અને ૧ બાદર મળી ૬ પ્રકારના જીવોમાં. પરંતુ વાયુ બે વાર ગણવાથી દંડક તો ૫ જ થાય છે. તેથી એ ૫ દંડકોમાં ૬ દિશિનાં આહારના ભજના એટલે એ ૫ દંડકોમાં ૬ દિશાઓનો જ આહાર હોય એવો નિયમ નથી. કારણકે ૬-૫-૪-૩ દિશિનો પણ આહાર હોય છે.

તે આ પ્રમાણે લોકાકાશ સુધી રહેલા એ પાંચ દંડકોને (કિમાહાર દ્વાર વર્ણનમાં કહ્યા પ્રમાણે) ૩-૪-૫ દિશિનો આહાર હોય છે અને પર્યંત ભાગ છોડીને અથવા પર્યંત ભાગથી સ્હેજ પણ ખસીને લોકાકાશની અંદરના ભાગે રહેલા એ પાંચેય દંડકોને ૬ દિશિનો આહાર હોય છે. ત્યાં પૂર્વાદિ ૪ દિશિ તથા ઉર્ધ્વ(ઉપર) અને અધઃ (નીચે) એ ૬ દિશિ જાંણવી. ૪ વિદિશિઓમાંથી(ખૂણાઓમાંથી) પુદ્ગલ ગ્રહણ થતું નથી. માટે ચાર વિદિશિથી આહાર કહ્યો નથી.

અર્થાત્ નિયમા ૬ દિશિમાં આહારમાં ૧૯ દંડક બતાવ્યા છે. સમુચ્ચય ૬ દિશિના આહારમાં ૨૪ દંડક છે અને ૫ સ્થાવરને ૩-૪-૫-૬ દિશિના આહારમાં ૫ દંડક બતાવેલા છે.

**દૃષ્ટાંત દ્વારા :**

એક ડબ્બામાં રાઈના દાણા ઠાંસીને ભરેલા છે. એક દાણાની પાસે ચારેબાજુમાં અને ઉપર નીચે એમ છ દાણા ગોઠવાયેલા હોય છે. એવી રીતે વચમાં રહેલા એક એક દાણામાં કોઈપણ એક જીવ છે તે પોતાની બાજુના છ દાણાઓની છ દિશા તરફથી આહાર મેળવી શકે છે. પરંતુ બરાબર ઉપરના ખુણામાં રહેલા છેવટના એક દાણાની ઉપરની બે બાજુમાં અને નીચે એક બાજુમાં સીધી લીટીમાં રહેલા દાણામાંના ત્રણ દાણા અડીને પડેલા છે. એટલે તેમાં રહેલા જીવને બીજી ત્રણ બાજુ ડબાનું પતરું આવેલું છે. માટે ત્રણ જ દિશાનો આહાર તે મેળવી શકે છે.

એ રીતે ખૂણામાં રહેલા દાણાની બાજુમાં એ જ ઉપલા થરમાં છેલ્લી હારમાં રહેલા દાણાને ચાર દિશાઓનો આહાર મળશે કેમકે તેની એક બાજુ ઉપલી હારના બે બાજુઓ બે, અને પાછળની હારનો એક તથા નીચેની હારનો છેલ્લો એક દાણો બાજુમાં

છે. સામેની બાજુએ અને ઉપર ડબાનું પતરું છે. આ રીતે ચાર દિશાનો આહાર મળશે.

એ જ ઉપરના થરની છેલ્લી હારમાં રહેલો બીજા દાણાની બાજુનો દાણો લઈએ તો તેની બે બાજુએ એક એક દાણો છે. અને બીજી બે બાજુએ બે હાર છે. તેને એક એક દાણા અડેલા છે. નીચે એક હાર છે. તેનો ઘણો ભાગ અડેલો છે. એમ પાંચ દાણા અડી શકે છે. ઉપર માત્ર ડબાનું પતરું અડેલું છે. આ રીતે તેની પાંચ બાજુ પાંચ દાણા છે. માટે તેને પાંચ દિશાનો આહાર મળે છે. હવે પાંચ બાજુ રાઈના દાણા હોય. તેની નીચેના દાણાની બાજુમાં છ દાણા આવેલા છે એટલે તેને નીચેના દાણાને છ દિશાનો આહાર મળશે. આ રીતે ચૌદ રાજલોકમાં લોકના છેડે તથા ખૂણે આવેલા જીવોને ૩-૪-૫ દિશાનો આહાર હોય છે. અને વચ્ચેના જીવોને છ દિશા તરફનો આહાર હોય છે.

ચૌદ રાજલોકમાં એવી જ રીતે આકાશ પ્રદેશો ભરેલા છે. અને તેની છએ દિશામાં શ્રેણીઓ છે. લોકની બહાર અલોક છે. કેટલાક લોકકાશના છેવટના આકાશપ્રદેશો ઉપર રહેલા જીવોને એક બાજુએ કેટલાકને બે બાજુએ અને કેટલાકને ત્રણ બાજુએ અલોક સ્પર્શે છે. તેથી તે દિશાઓનો આહાર ન મળી શકે. ત્રસ જીવને છએ દિશાનો આહાર હોય છે અને સ્થાવર જીવોને ૩, ૪, ૫ દિશાનો આહાર હોય છે.

**દંડકમાં આહારના ચિંતનનું કારણ :**

આ આત્માનો સ્વભાવ અણાહારક છે. કર્મના સંયોગે વિભાવ દશામાં જીવને આહાર કરવો પડે છે. આ જીવાત્મા આહાર કરવામાં ઉત્સુક રહે છે. વિગ્રહગતિમાં ઉત્કૃષ્ટ ત્રણ સમય અને કેવલ સમુદ્‌ઘાતમાં ત્રીજે, ચોથે, પાંચમે એ ત્રણ સમયે અણાહારક હોય છે. સંસારી જીવાત્મા પ્રથમ આહાર કરવાનું કામ કરે છે. આગમના જ્ઞાનથી દંડકના જ્ઞાન દ્વારા ચિંતન કરાય છે કે આત્માનો મૂળ સ્વભાવ તો અણાહારક છે. અણાહારક પદ પ્રાપ્ત કરવાને માટે તપસ્યા બતાવેલ છે. તપ દ્વારા ધીરે ધીરે આહારક ભાવો છૂટતા જાય છે. આહાર પ્રત્યે પૂર્ણ ઉદાસીન ભાવ જ્યારે પ્રગટે ત્યારે જીવ ગુણસ્થાનમાં આગળ પ્રસ્થાન કરી શકે છે. ૧૩મા ગુણસ્થાને કેવલજ્ઞાન છતાં આહારક હોય છે ત્યાં માત્ર શરીરને ટકાવવા માટે જ આહાર કરે છે. ૧૪મા ગુણસ્થાને અણાહારક બની જાય છે અને ત્યાંની સ્થિતિ પૂર્ણ કરીને સિદ્ધત્વ દશામાં અનંતકાળની

સ્થિતિ આત્મા અણાહારક જ રહે છે. દંડકમાં આહારનું ચિંતન કરવા નથી આધ્યાત્મિક ભાવો પ્રગટે છે અને જે આધ્યાત્મિક ભાવો આત્માને પૂર્ણ અને ચોખ્ખું કેવલજ્ઞાન પ્રગટ કરાવી દે છે.

ચારિત્ર માર્ગમાં નિર્દોષ આહારની ગવેષણા કરી આહાર કરવાથી ચારિત્ર વિશેષ નિર્મળ બને છે. એ નિર્મળતા સંયમીને એકાવતારી અથવા કેવલજ્ઞાની બનાવી દે છે.

શ્રમણ દાતારને કોઈપણ પ્રકારની બાધા પહોંચાડ્યા વિના ભમરાની જેમ આહાર લે છે. સાધુ છ કારણે આહાર કરે છે. સ્વાધ્યાય કરવા માટે, સંયમ પાળવા માટે, ધ્યાન કરવાને માટે, પ્રાણ ધારણ કરવાને માટે, મોક્ષ યાત્રાના સાધનને માટે અને જીવદયા પાળવાને માટે તે આહાર કરે છે.

નિર્દોષ આહાર લેવા છતાં અણાહારકભાવનું ચિંતન કરવાથી તપસ્યાના આલંબન દ્વારા શીઘ્ર અણાહારક દશા શ્રમણ પ્રગટાવી શકે છે.

**ટિપ્પણી**

૧. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૧. પૃ. ૨૯૮

૨. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૧. પૃ. ૨૯૮

૩. જ્ઞાતા. સૂ. અ. ૧

અભિધાન રાજેન્દ્ર ભા. ૨ પૃ. ૫૧૮

૪. વિશે.

અનુ. સૂ.

૫. જૈનેન્દ્ર સિ. કોષ. ભા. ૧. પૃ. ૩૦૨

૬. સ્થા. ઠા. ૮. સૂ. ૩૫

૭. સૂય. સૂ. શ્રુ. ૨ અ. ૩ સૂ. ૩ થી ૧૯

૮. ભગ. શ.૬ ઉ. ૧૦ સૂ. ૪

૯. પ્રજ્ઞા. પ. ૨૮ સૂ. ૧

૧૦. પ્રજ્ઞા. પ. ૨૮ સૂ. ૨, ૩, ૪.

૧૧. પ્રજ્ઞા. પ. ૨૮ સૂ. પ.

૧૨. પ્રજ્ઞા. પ. ૨૮ સૂ. ૬.

૧૩. પ્રજ્ઞા. પ. ૨૮ સૂ. ૭

૧૪. પ્રજ્ઞા. પ. ૨૮ સૂ. ૮

૧૫. પ્રજ્ઞા. પ. ૨૮ સૂ. ૯

૧૬. ભગ. શ. ૭, ઉ. ૧ સૂ. ૧

૧૭. ભગ. શ. ૭, ઉ. ૩ સૂ. ૧

૧૮. ભગ. શ. ૧૩, ઉ. ૫ સૂ. ૧

૧૯. સ્થા. ઠા. ૪ ઉ. ૪. સૂ. ૨, ૩

૨૦. ભગ. શ. ૨ ઉ. ૬ સૂ. ૪

૨૧. દંડક પ્રકરણ ગા. ૩૧.

• • •

# (૨૧મું) સંજ્ઞી દ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી છે. એ વિચારણામાં ૨૧મા દ્વારમાં સંજ્ઞી વિષયક ચર્ચા આવે છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**સંજ્ઞીના અર્થો :**

શાસ્ત્રમાં સંજ્ઞી શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) જે મનવાળા જીવ છે તે સંજ્ઞી કહેવાય છે.[૧] (૨) જેને સંજ્ઞા હોય તેને સંજ્ઞી કહેવાય છે.[૨] (૩) જે જીવોમાં હિતાહિતનો વિચાર કરવાનું સામર્થ્ય હોય છે તેને સંજ્ઞી કહે છે.[૩] (૪) અતીત, અનાગત અને વર્તમાન ભવોના સ્વભાવની વિચારણાવાળા જીવોને સંજ્ઞી કહેવાય છે.[૪]

**શાસ્ત્રમાં સંજ્ઞીનું વિવેચન :**

શાસ્ત્રમાં દર્શાવેલ સંજ્ઞી શબ્દનું નીચે પ્રમાણે વિવેચન કરવામાં આવેલ છે.

"જીવ[૫] સંજ્ઞી પણ છે અને અસંજ્ઞી પણ છે. અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી પણ છે. સંજ્ઞાનો અર્થ છે કે એવા જીવ કે જેમનામાં માનસિક જ્ઞાન તેમ જ વિશિષ્ટ સ્મૃતિ મળી આવે. તેમનાથી જે વિપરીત હોય અર્થાત્ જેમનામાં માનસિક જ્ઞાન ન હોય તે અસંજ્ઞી કહેવાય છે. અને જે સંજ્ઞી અને અસંજ્ઞી બંને કોટીઓથી અતિત હોય તેવા કેવલી નોસંજ્ઞી નોઅસંજ્ઞી કહેવાય છે.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવ અસંજ્ઞી હોય છે. એકેન્દ્રિયોમાં

માનસિક વ્યાપારનો અભાવ હોય છે. વિકલેન્દ્રિયોમાં વિશિષ્ટ મનોવૃત્તિનો અભાવ હોય છે. કેવલી અને સિદ્ધો નોસંજ્ઞી નોઅસંજ્ઞી હોય છે. કેવલીઓમાં મનોદ્રવ્યોનો સંબંધ હેવા છતાં પણ તેઓ અતીત, અનાગત અને વર્તમાનકાલિક પદાર્થોના સ્વભાવની પર્યાલોચનારૂપ સંજ્ઞાથી રહતિ છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોનો ક્ષય થઈ જવાના કારણે તેઓ કેવલજ્ઞાન અને કેવલદર્શન દ્વારા જ સમસ્ત પદાર્થોને સાક્ષાત જાણે અને દેખે છે. એ કારણે તેમને નોસંજ્ઞી કહેલ છે. એજ પ્રકારે સિદ્ધ દ્રવ્ય મનથી રહિત હોવાના કારણે નોસંજ્ઞી છે અને સર્વજ્ઞ હોવાના કારણે નોઅસંજ્ઞી છે. એ જ અભિપ્રાયથી ભગવાને કહ્યું છે કે જીવ સંજ્ઞી પણ હોય છે. અસંજ્ઞી પણ હોય છે. અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પણ હોય છે.

નારકો સંજ્ઞી પણ છે અને અસંજ્ઞી પણ છે. નોસંજ્ઞી નોઅસંજ્ઞી નથી. એ જ પ્રકારે ભવનપતિ તેમ જ વાણવ્યંતરનું સમજવું.

જે સંજ્ઞીના ભવથી નરકમાં ઉત્પન્ન થાય છે, તે નારકો સંજ્ઞી કહેવાય છે અને જે અસંજ્ઞીના ભવથી નારકમાં ઉત્પન્ન થાય છે. તેઓ અસંજ્ઞી કહેવાય છે. પણ નારક નોસંજ્ઞી નોઅસંજ્ઞી નથી હોતા. કેમકે તેઓ કેવલી થઈ શકતા નથી. કેવલી ન થવાનું કારણ એ છે કે તેઓ ચારિત્ર અંગીકાર કરી શકતા નથી. ભવનવાસી દેવો તેમ જ વાણવ્યંતર દેવોનું એ પ્રમાણે સમજવું.

એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી જ હોય છે. સંજ્ઞી નથી હોતા. નોસંજ્ઞીનોઅસંજ્ઞી પણ નથી.

મનુષ્યોમાંથી ગર્ભજ મનુષ્ય સંજ્ઞી હોય છે. સંમૂર્છિમ મનુષ્ય અસંજ્ઞી હોય છે અને કેવલી નોસંજ્ઞીનોઅસંજ્ઞી હોય છે. તેથી મનુષ્ય સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચ નારકોના સમાન છે. જ્યોતિષ્ક અને વૈમાનિક સંજ્ઞી હોય છે. અસંજ્ઞી નથી હોતા. કેમકે અસંજ્ઞી જીવો તેઓમાં ઉત્પન્ન થતા નથી. તેથી અસંજ્ઞી નથી હોતા તથા નોસંજ્ઞી નોઅસંજ્ઞી પણ નથી હોતા, કેમકે તેઓ ચારિત્ર અંગીકાર નથી કરી શકતા.

જીવ[૬] સંજ્ઞીપણામાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સો પૃથક્ત્વ સાગરોપમથી કાંઈક અધિક કાળ સુધી સંજ્ઞી જીવ નિરંતર સંજ્ઞીપણામાં રહે છે.

જીવ અસંજ્ઞીપણામાં જઘન્ય અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ પર્યંત નિરંતર અસંજ્ઞીપણામાં રહે છે.

જીવ નોસંજ્ઞી, નોઅસંજ્ઞીપણામાં સાદિ અપર્યવસિત રહે છે.

જ્યારે કોઈ અસંજ્ઞી પર્યાયથી નિકળીને સંજ્ઞી પર્યાયમાં ઉત્પન્ન થાય છે. અને તે પર્યાયમાં અં. મુ. સુધી જીવિત રહીને પછી અસંજ્ઞી પર્યાયમાં ઉત્પન્ન થઈ જાય છે. ત્યારે તે અં.મુ. જ સંજ્ઞી અવસ્થામાં રહે છે. ઉત્કૃષ્ટ કિંચિત કાળ સો પૃથક્ત્વ સાગરોપમ સ્પષ્ટ જ છે.

અસંજ્ઞી જીવ જઘન્ય અં. મુ. સુધી અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી અસંજ્ઞી જીવ નિરંતર પર્યાયથી યુક્ત રહે છે. જ્યારે કોઈ જીવ સંજ્ઞીમાંથી નિકળીને અસંજ્ઞી પર્યાયમાં જન્મ લે છે અને ત્યાં અં. મુ. રહીને પુનઃ સંજ્ઞી પર્યાયમાં ઉત્પન્ન થઈ જાય છે. તે સમયે અં. મુ. સુધી જ અસંજ્ઞી પર્યાયથી યુક્ત રહે છે. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સ્પષ્ટ જ છે. જેમ કે વનસ્પતિકાળ પણ અસંજ્ઞી છે.

નો સંજ્ઞી-નો અસંજ્ઞી જીવ કેવલી છે અને તેનો કાલ સાદિ અપર્યવસિત છે. કેમકે તેની સ્થિતિ પૂર્ણ થવાની જ નથી.

**અલ્પબહુત્વ**[૭] **:**

સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવોમાં બધાથી ઓછા જીવ સંજ્ઞી છે. કેમકે વિશિષ્ટ મનવાળાજ જીવ સંજ્ઞી કહેવાય છે. અને એવા જીવ બધાથી ઓછા છે. સંજ્ઞીઓની અપેક્ષાએ નોસંજ્ઞી નોઅસંજ્ઞી અનંતગણા છે. કેમકે એવા જીવ સિદ્ધ છે. અને તેઓ સંજ્ઞીઓની અપેક્ષાએ અનંતગણા છે. તેમની અપેક્ષાએ પણ અસંજ્ઞી જીવ અનંતગણા છે. કેમકે વનસ્પતિકાયિક આદિ જીવ અનંતગણા છે અને તેઓ બધા સિદ્ધોથી પણ અનંતગણા છે.

**અંતરકાળ**[૮] **:**

સંજ્ઞીનું અંતરકાળ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે. અસંજ્ઞીનું અંતરકાળ જઘન્ય અં. મુ. અને ઉત્કૃષ્ટ સાધિક સાગરોપમ પૃથક્ત્વ છે. નો સંજ્ઞી નો અસંજ્ઞીનો કોઈ અંતરકાળ નથી.

સંજ્ઞી મરીને ફરીથી સંજ્ઞી થાય તેના વચ્ચેના સમયને અંતરકાળ કહે છે.

**દંડકમાં સંજ્ઞી**[૯] **:**

अह सवितियं भणिस्सामि ॥३१॥

चउविह सुरतिरिएसु, निरएसुरा दीहकालिगी सन्ना ।
विगले हेउवएसा, सन्नारहिया थिरा सव्वे ॥३२॥

**ગાથાર્થ :** ચાર પ્રકારના દેવો, તિર્યંચો અને નારકોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. વિકલેન્દ્રિયોને હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. અને સર્વે સ્થાવરો સંજ્ઞા રહિત હોય છે.

**અહિં સંજ્ઞા ત્રણ પ્રકારની છે.**

**(૧) હેતુવાદોપદેશિકી સંજ્ઞા :**

જેમાં વર્તમાનકાળના વિષયનું જ ચિંતન. ઉપયોગ-વિચાર હોયતે હેતુવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય. આ સંજ્ઞાવાળા જીવો વર્તમાન સમયે વર્તતા દુઃખની નિવૃત્તિનો અને સુખની પ્રવૃત્તિનો ઉપાય શોધે છે, અને તે ઉપાય શીઘ્ર અંગીકાર કરે છે. પછી તે ઉપાયથી ભૂતકાળમાં ભલે દુઃખ થયું હોય, અથવા ભવિષ્યમાં દુઃખ થવાનું હોય, તો પણ તે સંબંધી તેને ખ્યાલ હોતો જ નથી. આવા પ્રકારની સંજ્ઞા-મનોવિજ્ઞાન રહિત એવા અસંજ્ઞી ત્રસ જીવોને હોય છે. કારણકે એ જીવો જે સ્થાને રહ્યા છે. તે સ્થાને તેઓને અગ્નિ, તાપ વગેરેનો ઉપદ્રવ લાગે તો તરત જ તેઓ ખસી જાય છે. ખરા, પરંતુ જે સ્થાને ખસીને નિરાંત મેળવે છે તે સ્થાને તે તાપ આવીને પુનઃ ઉપદ્રવ કરે એમ છે કે નહિ તેવો આગળ પાછળનો ખ્યાલ કરી શકતા નથી.પરંતુ કેવળ વર્તમાન સમયના સુખના જ ખ્યાલવાળા હોય છે. માટે એ અસંજ્ઞીઓને હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળા કહ્યા છે. કારણકે એ જીવોને એવા પ્રકારની. વિચારશક્તિવાળું મનોવિજ્ઞાન છે નહિ.

**(૨) દીર્ઘકાલિકી સંજ્ઞા :**

દીર્ઘકાળ એટલે ભૂતકાળ અને ભવિષ્યકાળની વિચારશક્તિવાળી સંજ્ઞા તે દીર્ઘકાલિકી સંજ્ઞા છે. આ સંજ્ઞા મનોવિજ્ઞાનવાળા અથવા મનોપર્યાપ્તિવાળા સંજ્ઞી જીવોને સર્વને હોય છે. જીવોના સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે ભેદ જે વારંવાર આવે તે દીર્ઘકાલિકી સંજ્ઞાથી જ થયેલા છે. આ જીવો ભૂતકાળમાં શું બન્યું હશે ? તે કાર્યનું શું પરિણામ આવ્યું હશે ? તથા હવે આનું શું પરિણામ આવશે ? ઇત્યાદિ દીર્ઘકાલનો વિચાર કરી પછી તે કાર્યમાં પ્રવૃત્ત–નિવૃત્ત થાય છે.

**(૩) દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા :**

વિશિષ્ટ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમયુક્ત સમ્યક્ત્વવાળી સંજ્ઞા તે દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છે અર્થાત્ જે જીવ સમ્યગ્દષ્ટિ હોય, વિશિષ્ટ શ્રુતજ્ઞાનવાળો હોય અને તે સાથે યથાશક્તિ હેયોપાદેયની પ્રવૃત્તિવાળો હોય તેવા છદ્‌મસ્થજીવને એ સંજ્ઞા હોય છે.

હેતુવાદોપદેશિકી સંજ્ઞામાં તે વર્તમાનકાલ વૈષયિક છે, દીર્ઘકાલિકી સંજ્ઞામાં ત્રિકાલ વૈષયિક છે. અને તે બંને સંસાર વૈષયિક છે. ત્યારે ત્રીજી સંજ્ઞામાં તેજ વિષયક મોક્ષમાર્ગાભિમુખી છે. માટે સર્વથી શ્રેષ્ઠ દરજ્જાવાળી ત્રીજી સંજ્ઞા છે:

સંજ્ઞીદ્વારમાં ચારે નિકાયના દેવના ૧૩ દંડક, ગર્ભજ તિર્યંચનો ૧ દંડક અને સાત નારકનો ૧ દંડક એ ૧૫ દંડકના જીવોમાં ૧ દીર્ઘકાલિકી સંજ્ઞા કહી છે. વિકલેન્દ્રિયો તો વર્તમાન સમયનાં જ સુખ દુ:ખનો વિચાર કરવાની જ્ઞાન સંજ્ઞાવાળા હોવાથી તેઓને હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. અને સ્થાવરો તો અવ્યક્ત ચૈતન્યવાળા હોવાથી તે સર્વેને સંજ્ઞારહિત કહ્યા છે. કારણકે આ ત્રણ સંજ્ઞાઓ સ્પષ્ટ ચૈતન્યવાળી છે.

मणुआण दीहकालिय, दिट्ठिवाओ वाएसिआ केवि[10] । ३३

**ગાથાર્થ :**

મનુષ્યોને વિશિષ્ટ મનોવિજ્ઞાન હોવાથી દીર્ઘકાલિકી સંજ્ઞા તો છે જ.પરંતુ તે ઉપરાંત કેટલાક મનુષ્યોને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પણ છે, કારણકે મનુષ્યોમાંના કેટલાક સમ્યગ્દષ્ટિ હોઈને શ્રુતજ્ઞાનના વિશિષ્ટ ક્ષયોપશમવાળા હોય છે. તેથી દ્વાદશાંગીનું જ્ઞાન

પ્રાપ્ત કરે છે. અને દેશવિરતિ તથા સર્વવિરતિ ચારિત્ર ગ્રહણ કરીને યથાયોગ્ય અહિતકર માર્ગનો ત્યાગ કરી હિતમાર્ગ અંગીકાર કરે છે. વળી કેટલાક તિર્યંચ પંચેન્દ્રિયોને પણ સમ્યગ્દષ્ટિપણું તથા દેશવિરતિ ચારિત્ર હોવાથી દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છે. પરંતુ તે અલ્પ હોવાથી શાસ્ત્રમાં કહી નથી. તથા કેવળ સમ્યગ્દષ્ટિપણાની અપેક્ષાએ દેવાદિક ચારેય ગતિવાળા દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળા છે. પરંતુ વિશિષ્ટ શ્રુતજ્ઞાન તથા હેયોપાદેયના અભાવે તેઓને આ સંજ્ઞાની મુખ્યતા ગણી નથી.

૨૪ દંડકમાં ૩ સંજ્ઞા.

૧૩ દેવમાં, ૧ ગર્ભજ તિર્યંચ ને ૧ નારકને ૧ દીર્ઘકાલિકી સંજ્ઞા છે.

૩ વિકલેન્દ્રિયને ૧ હેતુવાદોપદેશિકી સંજ્ઞા છે.

૫ સ્થાવર સંજ્ઞા રહિત છે.

૧ ગર્ભજ મનુષ્યને ૨ દીર્ઘકાલિકી સંજ્ઞા અને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છે.

**દંડકમાં સંજ્ઞીદ્વારના ચિંતનનું કારણ :**

અસંજ્ઞીને મન જ ન હોય. જ્યારે સંજ્ઞીને તો મન હોય છે. તેમાં પણ ચાર ગતિમાં સંજ્ઞીપણું પ્રાપ્ત થાય છે. મનુષ્યગતિ સિવાય બીજા ત્રણ ગતિવાળા પૂર્ણ વિકાસ સાધી શકતા નથી. તિર્યંચગતિમાં સંજ્ઞી તિર્યંચ જે મન દ્વારા વિચારતાં ૫માં ગુણસ્થાનને પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય તો મળેલા મનના આધારે આધ્યાત્મિક આવિષ્કાર કરવામાં સમર્થ બની શકે છે. સંજ્ઞીપણું પુણ્યની પ્રકૃતિથી પ્રાપ્ત થાય છે. સંજ્ઞીપણું એટલે મન સહિત મનમાં અશુભ ભાવો પણ આવે છે અને શુભ ભાવો પણ આવે છે. અશુભ ભાવોથી વિશેષ કર્મબંધન થતાં સંસાર વધે છે જ્યારે શુભ ભાવોથી કર્મબંધન ઓછાં થાય છે. મનવાળા મનુષ્ય ગુણસ્થાનમાં આગળ આરોહણ કરી શકે છે. દંડકમાં સંજ્ઞીનો વિચાર કરવાથી ખ્યાલ આવે છે. હવે મનથી પ્રશસ્ત અધ્યવસાયના આધારે સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંજ્ઞી મનુષ્ય નોસંજ્ઞી-નોઅસંજ્ઞી બની શકે છે. ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનને નોસંજ્ઞી-નોઅસંજ્ઞીપણું પ્રાપ્ત થાય છે અને જીવ કેવલજ્ઞાનનો અધિકારી બને છે. દંડકમાં સંજ્ઞીદ્વારનું ચિંતન કરવાથી આત્માનું લક્ષ ખ્યાલમાં આવી શકે છે અને

આત્મા અનુક્રમે ધારેલા ધ્યેયને પૂર્ણ કરી શકે છે.

ટિપ્પણી

૧. અભિ. રાજેન્દ્ર ભા. ૭.

૨. અભિ. રાજેન્દ્ર ભા. ૭

૩. અભિ. રાજેન્દ્ર ભા. ૭

૪. પ્રજ્ઞા. પ. ૩૧ સૂ. ૧

૫. પ્રજ્ઞા. પ. ૩૧ સૂ. ૧

૬. પ્રજ્ઞા. પ. ૧૮ સૂ. ૧૪

૭. પ્રજ્ઞા. પ. ૩ સૂ. ૨૪

૮. જીવા પ્રતિ. ૯ સૂ. ૨૪૧

૯. દંડક પ્રકરણ ગા. ૩૧, ૩૨

૧૦. દંડક પ્રકરણ ગા. ૩૩

• • •

# (૨૨મું) ગતિદ્વાર અને (૨૩મું) આગતિદ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા - સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. એ વિચારણામાં ૨૨મા અને ૨૩મા દ્વારમાં ગતિ અને આગતિ વિષયક ચર્ચા આવે છે તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે મુજબ છે :—

**ગતિના અર્થો :—**

શાસ્ત્રમાં ગતિના વિભન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) એક દેશથી બીજા દેશના પ્રાપ્ત જે ગમન છે તેને ગતિ કહે છે[૧]. (૨) બાહ્ય અને આભ્યંતર નિમિત્તના વશથી ઉત્પન્ન થવાવાળું કાયનું પરિસ્પંદન ગતિ કહેવાય છે[૨]. (૩) ક્યા દંડકનો જીવ મરણ પામી કયા કયા દંડકમાં ઉપજે તેને ગતિ કહેવાય છે[૩]. (૪) મરણ પછી મનુષ્યભવમાંથી નીકળીને નારકાદિ જીવનું જે ગમન થાય છે તેને ગતિ કહેવાય છે[૪].

**ગતિના જુદા ભેદ અને વિવેચન :— આગમ અને ટીકા સાહિત્યમાં ગતિનું વર્ણન :**

**ગતિ એક છે** :— શાસ્ત્રમાં દર્શાવેલ ગતિને વિભિન્ન વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે.

એક જીવની એક કાળમાં ઋજુ આદિ ગતિ અથવા નરકાદિ ગતિ એકજ થાય છે. અથવા સર્વ જીવ પુદ્‌ગલોનું સ્થિતિમાં જ વૈલક્ષણ્ય, વૈવિધ્ય, વિલક્ષણતા હોય છે. ગતિમાં એવું હોતું નથી. તેથી જ ગતિમાં એકતા કહી છે. ગતિ સામાન્યરૂપથી એક પ્રકારે છે.

**ગતિ બે પ્રકારની છે :—**

કર્મોદયકૃત ગતિ અને ક્ષાયિકી ગતિ - તે મોક્ષગતિ છે.

સિદ્ધગતિ અને અસિદ્ધગતિ - આ રીતે બે પ્રકાર છે.

**ગતિ ત્રણ પ્રકારની છે :—**

દેવગતિ, અદેવગતિ અને સિદ્ધગતિ.

**ગતિ ચાર પ્રકારની છે :—**

નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ.

**ગતિ પાંચ પ્રકારની છે[૫] :—**

ગમનક્રિયાનું નામ ગતિ છે. અથવા જે જીવ દ્વારા પ્રાપ્ત કરાય છે તે ગતિ છે. એવી તે ગતિ ક્ષેત્ર વિશેષરૂપ હોય છે. અથવા જે કર્મ પુદ્ગલોની પ્રાપ્તિને કારણે જીવનું ગમન થાય છે તે ગતિ છે. એવી તે ગતિ નામ કર્મની ઉત્તર પ્રકૃત્તિરૂપ હોય છે. અથવા નામ કર્મની ઉત્તર પ્રકૃતિ રૂપ ગતિદ્વારા જીવની જે અવસ્થા કરાય છે તે ગતિ છે. જીવની એવી અવસ્થાઓને પાંચ ગતિ કહી છે. (૧) નિરયગતિ (૨) તિર્યંચગતિ (૩) મનુષ્યગતિ (૪) દેવગતિ અને (૫) સિદ્ધગતિ.

જીવનું નરકમાં ગમન થવું તેનું નામ નિરયગતિ છે. નિરય ક્ષેત્રવિશેષ રૂપ હોય છે. તે ક્ષેત્રવિશેષમાં ગમન કરાવનારી જે ગતિ છે તેનું નામ નિરયગતિ છે. તિર્યંચોમાં જે ગમન થાય છે તેનું નામ તિર્યંચગતિ છે. અથવા તિર્યંચક્ષેત્રરૂપ જે ગતિ છે તેને તિર્યંચગતિ કહે છે. અથવા તિર્યંચદશાને પ્રાપ્ત કરાવનારી જે ગતિ છે તેને તિર્યંચગતિ કહે છે. એવી જ રીતે મનુષ્યગતિ અને દેવગતિ વિષે પણ સમજવું. સિદ્ધિમાં જે જાય છે તેનું નામ સિદ્ધગતિ અથવા સિદ્ધિ રૂપ જે ગતિ છે તેનું નામ સિદ્ધગતિ છે. તેમાં નામ કર્મની પ્રકૃતિનો સદ્ભાવ હોતો નથી.

**ગતિના આઠ પ્રકાર છે[૬] :—**

ગમનક્રિયા રૂપ આઠ ગતિઓ કહી છે.

(૧) નિરયગતિ (૨) તિર્યંચગતિ, (૩) મનુષ્યગતિ, (૪) દેવગતિ, (૫)

સિદ્ધગતિ, (૬) ગુરુગતિ, (૭) પ્રણોદગતિ અને (૮) પ્રાગ્ભારગતિ.

પાંચ ગતિનું ઉપર પ્રમાણે જ સમજવું. ગુરુશબ્દ અહિં ભાવપરક છે. તેથી ઉર્ધ્વ, અધઃ, તિર્યક્ રૂપે જે પરમાણુ આદિની સ્વાભાવિક ગતિ થાય છે તેનું નામ ગુરુગતિ છે. પ્રેરણા વડે જે ગતિ થાય છે તે ગતિનું નામ પ્રણોદગતિ છે. જેમકે બાણ આદિની ગતિ થાય છે. ઈષદ્અવગતિ દ્વારા જે ગતિ થાય છે તે ગતિનું નામ પ્રાગ્ભારગતિ છે. જેમકે દ્રવ્યાન્તરથી આક્રાંત નાવ (હોડી) આદિની ગતિ.

**ગતિના ૧૦ પ્રકાર છે**[૭] :—

(૧) નરકગતિ, (૨) નરકવિગ્રહગતિ, (૩) તિર્યગ્ગતિ, (૪) તિર્યગ્વિગ્રહગતિ, (૫) મનુષ્યગતિ, (૬) મનુષ્યવિગ્રહગતિ, (૭) દેવગતિ, (૮) દેવવિગ્રહગતિ, (૯) સિદ્ધગતિ અને (૧૦) સિદ્ધવિગ્રહગતિ.

ગમન અથવા પર્યાય વિશેષ નામ ગતિ આદિના ૧૦ પ્રકાર છે.

૫ ગતિની વ્યાખ્યા આગળ બતાવેલી છે તે પ્રમાણે સમજવું.

**નિરયવિગ્રહગતિ** :- નારકોના ક્ષેત્રવિભાગના અતિક્રમણપૂર્વક જે ગતિ છે તેનું નામ નિરયવિગ્રહગતિ છે. અથવા નારકોની જે વિહાયોગતિ કર્મજન્ય સ્થિતિ નિવૃત્તિરૂપ ઋજુગતિ અથવા વક્રગતિ છે તેને નિરયવિગ્રહગતિ કહે છે. એજ પ્રમાણે તિર્યગ્ વિગ્રહગતિ, મનુષ્ય વિગ્રહગતિ, દેવવિગ્રહગતિના વિષયમાં નરપવિગ્રહગતિના વિષયમાં જેવું કથન કર્યું છે એવું જ કથન અહીં સમજવું.

જે ગતિમાં જીવ કૃતકૃત્ય થઈ જાય છે તે ગતિનું નામ સિદ્ધગતિ છે. કર્મોનો સંપૂર્ણપણે ક્ષય કરીને થયેલા જીવોનું સિદ્ધગતિમાં ગમન થાય છે. આ સિદ્ધગતિ લોકના અગ્રભાગ રૂપ છે. તથા આકાશ વિભાગનું અતિક્રમણ કરીને લોકાન્તમાં જે તેમની ગતિ થાય તેનું નામ સિદ્ધિવિગ્રહગતિ છે. જોકે વક્રગતિરૂપ છે. પરંતુ સિદ્ધજીવોમાં વિગ્રહગતિ મોડ (વળાંકવાળી) ગતિ હોતી નથી. તેથી તેના સાહચર્યથી નારકાદિકોમાં પણ એવી ગતિનો સદ્ભાવ કહ્યો નથી. અથવા પ્રથમ પદો દ્વારા કોઈ પણ જાતની વિશેષતા વિના ઋજુગતિની વાત કરવામાં આવી છે. અને બીજાદ્વારા વક્રગતિની વાત કરવામાં આવી છે. અને सिद्धिवग्गहगइ "સિદ્ધિ વિગ્રહગતિ આ પદદ્વારા સિદ્ધવિગ્રહગતિની વાત કરવામાં

આવી છે. કારણકે તેની છાયા "સિદ્ધવિગ્રહગતિ" આ પ્રકારની થાય છે. સિદ્ધિમાં લોકના અગ્રભાગમાં, અવિગ્રહગતિથી (મોડ વિનાની ગતિથી) જે સિદ્ધજીવોનું ગમન છે. તેનું નામ સિદ્ધવિગ્રહગતિ છે. તેના દ્વારા વિશેષગતિ પ્રકટ કરવામાં આવી છે. આ રીતે સામાન્ય અને વિશેષની અપેક્ષાએ જ બંને પદો વચ્ચેનો સંબંધ સમજવો જોઈએ. **બીજી રીતે** યોગ્ય લાગે તો જ રાખવું.

**વળી ક્રિયા પ્રયોગ બંધાભાવ આદિના ભેદથી ગતિ ૧૦ પ્રકારની છે :—**

(૧) બાણ ચક્ર આદિની ગતિ **પ્રયોગગતિ** છે.

(૨) એરંડબીજ આદિની **બંધાભાવગતિ** છે.

(૩) મૃદંગ, ભેરી, શંખાદિના શબ્દ જે દૂર સુધી જાય છે તે પુદ્ગલોની **છિન્ન-ગતિ** છે.

(૪) દડા આદિની **અભિઘાત ગતિ** છે.

(૫) નૌકા આદિની **અવગાહન ગતિ** છે.

(૬) પથ્થર આદિની નીચે તરફ (જવાવાળી) **ગુરુત્વ ગતિ** છે.

(૭) તુંબડી, રૂ આદિની (ઉપર જવાવાળી) **લઘુત્વગતિ** છે.

(૮) સુરા, સિરકા આદિ **સંસાર ગતિ** છે.

(૯) મેઘ, રથ,મુરાલ, આદિની ક્રમશઃ વાયુ, હાથી તથા હાથના સંયોગથી થવાવાળી ગતિ **સંયોગગતિ** છે.

(૧૦) વાયુ, અગ્નિ, પરમાણુ, મુક્તજીવન અને જ્યોતિદેવની **સ્વભાવગતિ** છે.

નારકોની શીઘ્રગતિ કેવી હોય તે બતાવે છે.

શીઘ્રગતિ વિષય આ પદ કાળનું વાચક છે. કેમકે શીઘ્ર ગતિમાં કાળ જ હેતુરૂપ હોય છે.

કોઈ પુરુષ યુવાન હોય, બળવાન અને પુષ્ટ વયનો હોય, નિરોગી હોય,

સ્થિરાગ્રસ્ત હોય. જેના હાથ અને પગ મજબૂત હોય એટલે કે દીર્ઘતા, સરલતા, જાડાઈ આદિની અપેક્ષાએ જેની બન્ને ભુજાઓ તાલવૃક્ષના સમશ્રેણિક યુગલ જેવી હોય, અર્ગલાના જેવી હોય. ચરમેષ્ટક, દ્રુઘણ અને મુષ્ટિકની જેવા જેમના અંગો પુષ્ટ હોય (ઈંટોના ટુકડાથી ભરેલી ચામડાની થેલીનું નામ ચર્મેષ્ટક) છે. મુદ્‌ગળને દ્રુઘણ કહે છે. વ્યાયામ કરતી વખતે પહેલવાનો તે મુષ્ટિક વડે પોતાના હસ્તાદિક અવયવોને કૂટે છે. આમ કરવાથી તેમના તે અવયવો ખૂબ જ પુષ્ટ થાય છે. આંતરિક બળથી યુક્ત હોય. વ્યાયામ કરવાને સમર્થ હોય. નિપુણ, દક્ષ હોય, એકજવાર દેખવા કે સાંભળવાથી કાર્યને સમજી લેનારો હોય. એવા પુરુષના હાથની ગતિ આદિ ક્રિયાઓ શીઘ્રતાવાળી હોય છે. આવો પુરુષ બાહુને ઘણી જ ત્વરાથી પ્રસારિત કરી શકે છે અને પ્રસારિત બાહુને સંકોચી શકે છે. ઉઘાડેલી આંખોને શીઘ્ર બંધ કરી શકે છે અને બંધ કરેલી આંખોને જલ્દી ઉઘાડી શકે છે. આ રીતે તેની ગતિમાં શીઘ્રતા હોય છે. નારકોનો પોતાની ગતિના વિષયમાં આવો સ્વભાવ હોવો સમર્થ નથી. કેમકે નારકજીવ એક સમયવાળી ઋજુગતિથી અને બે સમયવાળી કે ત્રણ સમયવાળી વિગ્રહગતિથી નરકમાં ઉત્પન્ન થાય છે. પુરુષના બાહુ આદિના પ્રસરણનો કાળ અસંખ્ય સમયનો કહ્યો છે. તેથી નારકોની પુરુષની તે ગતિમાં સમાનતા સંભવી શકતી નથી. તેથી નારકોની એક સમયવાળી ઋજુગતિ અને બે, ત્રણ સમયવાળી વિગ્રહગતિ રૂપ ઉત્પત્તિ થાય છે. તથા આ શીઘ્રગતિનો વિષય (કાળ) એક, બે અને ત્રણ સમય રૂપ કાળ હોય છે. બધા દેવોની વિકલેન્દ્રિયોની, પંચેન્દ્રિય તિર્યંચોની અને મનુષ્યોની આવી જ રીતે નારકોના સમાન એક, બે અથવા ત્રણ સમયવાળી એક ભવમાંથી બીજા ભવમાં ઉત્પત્તિ રૂપ શીઘ્રગતિ કહી છે.

એકેન્દ્રિય જીવોની ઉત્પત્તિ રૂપ જે વિગ્રહગતિ એક, બે, ત્રણ અથવા ચાર સમયવાળી એકભવમાંથી બીજા ભવમાં ઉત્પત્તિ રૂપી શીઘ્રગતિ કહી છે.

એક સમયવાળી જે ગતિ હોય છે તે ઋજુગતિ હોય છે. અને બે, ત્રણ અને ચાર સમયવાળી ગતિ વક્રગતિ હોય છે. આ ગતિઓનું નામ જ શીઘ્રગતિ કહેલી છે. બાહુ પ્રસારણાદિ રૂપ ગતિમાં અસંખ્ય સમય લાગે છે તેથી એવી ગતિને શીઘ્રગતિ કહી નથી. જ્યારે જીવનું ઉત્પત્તિ સ્થાન સમશ્રેણીમાં હોય છે ત્યારે ઋજુગતિ એક સમયની હોય છે.

જ્યારે ઉત્પત્તિ સ્થાન સમશ્રેણીમાં હોતું નથી. ત્યારે બે, ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિ હોય છે.

એકેન્દ્રિય જીવોની વિગ્રહગતિ ઉત્કૃષ્ટ ચાર સમયની હોય છે. બે સમયની ગતિ આ પ્રમાણે હોય છે. જ્યારે કોઈ જીવ ભરતક્ષેત્રના પૂર્વદિશાથી નરકમાં પશ્ચિમદિશામાં ઉત્પન્ન થાય છે ત્યારે તે પ્રથમ સમયમાં નીચે આવે પછી બીજા સમયમાં તિરછી ઉત્પત્તિ સ્થાનમાં જાય છે, ત્રણ સમયની વિગ્રહગતિનું સ્પષ્ટીકરણ આ રીતે સમજવું. ક્યારે કોઈ જીવ ભરતક્ષેત્રની પૂર્વ દિશામાંથી નરકમાં વાયવ્ય કોણમાં ઉત્પન્ન થાય છે ત્યારે તે પ્રથમ સમયમાં નીચે આવે. બીજા સમયે તિર્યગ્ગતિથી પશ્ચિમદિશામાં જાય અને ત્રીજા સમયે તિર્યગગતિથી વાયવ્ય દિશામાં ઉત્પત્તિ સ્થાનમાં જઈને ઉત્પન્ન થાય છે. આ પ્રકારનો નારકોનો શીઘ્રગતિકાળ કહ્યો છે તેને શીઘ્રગતિ પણ કહી છે.

એકેન્દ્રિય જીવ એકસમય ત્રસ નાડીની બહાર અધોલોકની વિદિશામાંથી દિશામાં જાય છે કારણકે પરલોકગમન વખતે જીવની સમશ્રેણીમાં જ ગતિ થાય છે. બીજા સમયમાં તે લોકની મધ્યમાં પ્રવેશ કરે છે. ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય અને ચોથા સમયે નાડીમાંથી બહાર નીકળીને ઉત્પત્તિના સ્થાનમાં જાય છે.

જીવોની[૮] ગતિ શ્રેણી અનુસાર થાય છે. તેથી તેઓ પૂર્વાદિ છ દિશાઓમાં થઈને જ પોતાના અધિષ્ઠિત સ્થાનમાંથી ઉત્પત્તિ સ્થાન તરફ ગતિ કરે છે. એ જ પ્રમાણે જીવોની આગતિ ઉત્પત્તિ સ્થાન તરફ આગમન પણ ૬ દિશાઓમાંથી જ થાય છે. અર્થાત્ જીવોની ગતિ અને આગતિ બંને પ્રજ્ઞાપક સ્થાનની અપેક્ષાએ પૂર્વાદિ દિશાઓને આશ્રિત હોય છે.

ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત જીવની ઉત્પત્તિ પણ ઋજુગતિની છ એ દિશાઓમાંથી જ થાય છે તથા આહાર પણ છ એ દિશાઓમાંથી ગ્રહણ કરે છે. કારણકે જીવ પૂર્વાદિ દિશાઓમાં રહેલા પ્રદેશોમાં અવગાઢ પુદ્ગલોનો સ્પર્શ કરે છે અને સ્પૃષ્ટ થયેલા તે પુદ્ગલોનો જ આહાર કરે છે. તથા વૃદ્ધિ પણ છ એ દિશાઓમાંથી જ થાય છે. એ જ પ્રમાણેની વૃદ્ધિ, વિકુર્વણા આદિ પણ છ એ દિશાઓને આશ્રિત હોય છે.

જે રીતે જીવોની ગતિ આદિ ઉપર્યુક્ત વસ્તુઓ છ એ દિશામાં થાય છે. એ જ

પ્રમાણે ૨૪ દંડક જીવોમાંથી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની ગતિ અધિક વસ્તુઓ છ એ દિશામાંથી થાય છે. પરંતુ નારક આદિ ૨૨ દંડકગત જીવો છ એ દિશાઓમાં ગતિવાળા આદિ હોતા નથી કારણકે તે ૨૨ દંડકના જીવ વિશેષ રૂપ નારકોનો નારકોમાં અને દેવોમાં ઉત્પત્તિનો અભાવ રહે છે. તે કારણે તે જીવોમાં ઉર્ધ્વ દિશા પૂર્ણ કરીને ત્યારપછીના ભવમાં નારક કે દેવરૂપે ઉત્પન્ન થતા નથી અને દેવો પણ આયુષ્ય પૂર્ણ કરી પછીના ભવમાં દેવ અથવા નારકરૂપે ઉત્પન્ન થતા નથી.

નારક[૯] જીવો દ્વિગતિક હોય છે. એટલે નારક પર્યાયને જ્યારે તેઓ છોડે છે ત્યારે મનુષ્ય અને તિર્યંચગતિમાં જાય છે. અને નારકો મનુષ્ય અને તિર્યંચગતિમાંથી આવે છે.

૧૦ ભવનપતિ, ૧ વાણવ્યંતર, ૧ જ્યોતિષી અને વૈમાનિકમાં પ્રથમ દેવલોકના દેવો દ્વયગતિક હોય છે. તેઓ પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યમાં આયુષ્ય પૂર્ણ કરીને જાય છે. અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્યમાંથી આવી ભવનપતિ અને વાણવ્યંતર થાય છે. જ્યોતિષ્ક અને વૈમાનિકમાં સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યમાંથી આવે છે. અને મનુષ્ય અને દેવગતિમાં જાય છે. નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનપર્યંતના દેવો ત્યાંથી ચવીને મનુષ્ય ગતિમાં જ જાય છે. અને સંજ્ઞી મનુષ્યો જ મરીને એ દેવલોકમાં જાય છે.

પૃથ્વીકાયિકો દ્વિગતિક હોય છે. પાંચેય સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયના જીવો દ્વિગતિક હોય છે. તેઓ તિર્યંચગતિ અને મનુષ્યમાં જાય છે.

**આગતિના અર્થો :—**

શાસ્ત્રમાં આગતિના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) નરકાદિ ગતિમાંથી પાછા આવવું તેનું નામ આગતિ છે. તે આગતિ એક સંખ્યાવાળી છે. તેમાં ગતિની જેમ એકતા સમજવી.[૧૦] (૨) કયા દંડકમાં જીવ મરણ પામી કયા કયા દંડકમાં આવે તે સંબંધી નિયમ દર્શાવવો તેને આગતિ કહે છે[૧૧]. (૩) બીજી ગતિથી આવવાનું નામ આાગતિ છે[૧૨]

**આગતિનું શાસ્ત્ર અનુસાર વિવેચન અને ભેદો :—** શાસ્ત્રમાં દર્શાવેલ આગતિને

વિભિન્ન પ્રકારે વિભાજિત કરવામાં આવેલ છે. મનુષ્ય[13] અને તિર્યંચોની આગતિ ચાર પ્રકારની હોય છે. અર્થાત્ તિર્યંચ અને મનુષ્ય ગતિથી આવીને જીવ દેવગતિઓમાં ઉત્પન્ન થઈ શકે છે. પરંતુ દેવગતિ અને નરક ગતિના જીવ મનુષ્ય અને તિર્યંચ ગતિ સિવાય અન્ય ગતિઓમાં જન્મ લેતા નથી. દેવ ચવીને બીજા ભવમાં દેવગતિમાં અને નરકગતિમાં ઉત્પન્ન થતા નથી. તે રીતે નારકી જીવ પણ નરકથી નીકળી બીજા ભવમાં દેવગતિ અગર નરકગતિમાં ઉત્પન્ન થતા નથી. મનુષ્ય અને તિર્યંચ તો મરીને બીજા ભવમાં ચારેય ગતિઓમાં જન્મ લઈ શકે છે. મનુષ્યોની ગતિ મુક્તિ પ્રાપ્તિ અપેક્ષાથી પાંચ પ્રકારની પણ કહેવામાં આવેલ છે. આ રીતે સંસાર ચક્રમાં ઘટીયંત્રના સમાન પરિભ્રમણ રૂપ આગતિ અને ગતિ તેમજ મનુષ્યોમાં મોક્ષગતિનો સંભવતાને જાણીને તેના સ્વરૂપના જ્ઞાતા અને સંસારના દુઃખોથી ભયભીત બનીને મોક્ષગતિના સુખના ગવેથી તે સાધુ, રૂપાદિ વિષયોમાં રાગ અને દ્વેષથી રહિત બનીને સર્વલોકમાં કોઈનાથી પણ તલવાર આદિથી હાથ પગ આદિ કદી પણ છેદવામાં આવતા નથી. તેમજ કંટકસૂચી શૂલાદિથી ભેદવામાં આવતા નથી. તેમજ અગ્નિમાં બાળવામાં આવતા નથી. કોરડા આદિથી મારવામાં આવતા નથી. અને તેને નરકગતિની અનુપૂર્વિનો ઉદય થતો નથી. રાગદ્વેષની નિવૃત્તિથી છેદન ભેદનાદિ દ્વારા સંસારિક દુઃખોનો જે તેને અનુભવ થતો હતો તે પછી થતો નથી. કારણકે દુઃખોનો અનુભવ કરાવનારી જે રાગપરિણતિ હતી તે તેની દૂર થઈ ચૂકેલ છે. તેનો આત્મા અત્યંત નિર્મળ અને વિશિષ્ટ પ્રભાવશાળી બની જાય છે. આ અવસ્થામાં છેદન-ભેદન જેવાં દુઃખો આવી શકતાં નથી. અર્થાત્ સકલ સંયમી માટે નરકગતિ અને તિર્યંચગતિનો બંધ થતો નથી તેથી આનુપૂર્વિનો પણ ઉદય થતો નથી.

પૃથ્વીકાયિક[14] જીવ નવ ગતિવાળા અને નવ આગતિવાળા કહ્યા છે. જેમ કે (૫) પાંચ સ્થાવર, (૬) બેઇન્દ્રિય, (૭) તેઇન્દ્રિય, (૮) ચૌરેન્દ્રિય, (૯) પંચેન્દ્રિય પર્યંતના જીવોમાંથી આવીને પૃથ્વીકાય જીવ રૂપે ઉત્પન્ન થઈ જાય છે. વળીએ જ પૃથ્વીકાયિક જીવ જ્યારે પૃથ્વીકાયિક પર્યાય છોડી દે છે. ત્યારે પૃથ્વીકાયને લઈને પંચેન્દ્રિય પર્યંતના નવ પ્રકારના જીવો નવગતિક અને નવ આગતિક હોય છે.

નારક,[15] તિર્યંચ, મનુષ્ય, અને દેવના ભવોને ભોગવવા તે ભવોમાં ભ્રમણ કરવું

તેનું નામ સંસાર છે. જેઓ આ સંસારમાં ઉપર્યુક્ત કોઈ પણ ગતિનું જીવન જીવી રહ્યા છે. તેમને સંસાર સમાપન્નક કહે છે. તેમના એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના પાંચ ભેદ કહ્યા છે. તે પ્રત્યેક પંચગતિક અને પંચ આગતિક હોય છે. નારક તિર્યંચ મનુષ્ય અને દેવના ભવોને ભોગવવા તે ભવોમાં ભ્રમણ કરવું તેનું નામ સંસાર છે. જેઓ આ સંસારમાં ઉપર્યુક્ત કોઈ પણ ગતિનું જીવન જીવી રહ્યા છે. તેમને સંસાર સમાપન્નક કહે છે. તેમના એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધી પાંચ ભેદ કહ્યા છે. તે પ્રત્યેક પંચગતિક અને પંચ આગતિક હોય છે.

જે જીવોને એક માત્ર સ્પર્શેન્દ્રિયનો જ સદ્ભાવ હોય છે. તેમને એકેન્દ્રિય જીવો કહે છે. તેઓ પંચગતિ અને પંચ આગતિક કહે છે અને પંચ ગતિઓમાંથી જેમનું આગમન થાય છે. તેમને પંચગતિ કહે છે. અને પાંચ ગતિઓમાંથી જેમનું આગમન થાય છે. તેમને પાંચ ગતિક કહે છે. એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતો જીવ એકેન્દ્રિયમાંથી, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય કે પંચેન્દ્રિયોમાંથી આ રીતે પાંચ પ્રકારના જીવોમાંથી એકેન્દ્રિય જીવ રૂપે ઉત્પન્ન થઈ જાય છે. એ જ પ્રમાણે એકેન્દ્રિયથી મરીને જીવ એકેન્દ્રિયથી લઈને પાંચ ઇન્દ્રિય પર્યંતના જીવોમાં ઉત્પન્ન થઈ જાય છે. એ જ પ્રમાણે બેઇન્દ્રિયોમાં, તેઇન્દ્રિયોમાં, ચૌરેન્દ્રિયમાં અને પંચેન્દ્રિયોમાં પણ પંચગતિકતા અને પંચ આગતિકતા સમજવી જોઈએ.

પ્રત્યેક[૧૬] જીવ છ ગતિવાળો અને છ આગતિવાળો હોય છે. પૃથ્વીકાયિક જીવ છ નિકાયોમાં ગમનશીલ હોય છે. એટલે કે પૃથ્વીકાયિક પર્યાયને છોડીને તે ફરી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થઈ જાય છે. અથવા અપકાયિકમાં, કે તેજકાયિકમાં કે વાયુકાયિકમાં, વનસ્પતિકાયિકમાં કે ત્રસકાયિકમાં ઉત્પન્ન થઈ જાય છે. એ જ રીતે પૃથ્વીકાયિકમાંથી આવીને ફરી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થઈ શકે છે. અપકાયિકમાંથી આવીને પૃથ્વીકાયિક ઉત્પન્ન થઈ શકે છે. યાવત્ ત્રસકાયિક પર્યંતના કોઈ પણ પર્યાયમાંથી આવીને પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થઈ શકે છે. આ રીતે છ ગતિમાં જવાનું અને છ ગતિમાં આવવાનું કથન છે. આ રીતે અપકાયથી લઈને ત્રસકાયિક પર્યંતના જીવો પણ પોતપોતાનું તે ગતિનું જીવન પૂરું કરીને પૃથ્વીકાયિકથી લઈને ત્રસકાયિક પર્યંતના

છએ પ્રકારના જીવોમાં ઉત્પન્ન થઈ શકે છે. અને અપ્કાયિક, પૃથ્વીકાયિક આદિ છએ પ્રકારના જીવોની આગતિ થઈ શકે છે. એ જ પ્રમાણે ત્રસકાયિક પર્યંતના જીવોની ગતિ અને આગતિ વિશે સમજવું.

અંડજાદિકોની[૧૭] સાત ગતિકતાનું અને સાત આગતિકતાનું નિરૂપણ થાય છે. સર્પ, પક્ષી આદિ જે અંડ જ જીવો છે. તેઓ મરીને (૧) અંડજ, (૨) પોતજ, (૩) જરાયુજ (૪) રસજ (૫) સંસ્વેદજ, (૬) સંમૂર્ચ્છિમ અને (૭) ઉદ્ભિજ્જ એ સાતમાં ઉત્પન્ન થઈ જાય છે.

અંડજ - નિબધ્ધ અંડજ નામ કર્મવાળો જીવ અંડજોમાંથી અથવા પોતજો યાવત્ ઉદ્ભિજ્જમાંથી આવીને અંડજમાં ઉત્પન્ન થઈ જાય છે. એ જ પ્રમાણે એ જ અંડજ કે પોતજ આદિ કોઈ પણ યોનિ વિશેષમાંથી આવીને અંડજ રૂપે અથવા પોતજ રૂપે અથવા જરાયુજ રૂપે અથવા રસજ રૂપે જન્મધારણ કરી લે છે. આ પ્રકારની ગતિ અને આગતિ વિષયક કથક પોતજ જીવોમાં પણ સમજી લેવું જોઈએ. એટલે કે પોતજ જીવ પણ સાત પ્રકારની ગતિવાળો અને સાત પ્રકારની આગતિવાળો હોય છે એમ સમજવું. એ જ પ્રમાણે જરાયુજ લઈને ઉદ્ભિજ્જ પર્યંતના પાંચે પ્રકારના જીવોષણ સાત ગતિવાળા અને સાત આગતિવાળા હોય છે તેમ સમજવું જોઈએ.

નારકી[૧૮] જીવો દ્વિગતિક હોય છે. એટલે કે જ્યારે તેઓ નારક પર્યાયને છોડે છે ત્યારે મનુષ્યગતિમાં, અને પંચેન્દ્રિય તિર્યંચ ગતિમાં જાય છે. એ જ પ્રમાણે નારકગતિમાં આવતો જીવ કાં તો મનુષ્ય ગતિમાંથી અને કાં તો પંચેન્દ્રિય ગતિમાંથી આવીને નરકોમાં જન્મ ધારણ કરે છે. અસુરકુમાર મરીને પંચેન્દ્રિય તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. વિશેષતા એ છે કે અસુરકુમાર પૃથ્વીકાય અને અપ્કાય અને વનસ્પતિકાય રૂપ ત્રણ એકેન્દ્રિય જીવોમાં ઉત્પન્ન થાય છે. અસુરકુમાર જેવું બાકીના ૧૨ દંડકોનું સમજવું. અર્થાત્ અસુરકુમાર આદિ ભવનપતિ, વ્યંતરદેવનિકાયમાં, જ્યોતિયકદેવ નિકાયમાં અને પહેલા અને બીજા દેવલોકના દેવોની આગતિ મનુષ્ય અને તિર્યંચગતિમાંથી થાય છે.

વ્યંતર દેવોમાં અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચગતિમાંથી પણ જીવો આવે છે. તથા વ્યંતરદેવો પોતાના દેવનું આયુષ્ય પૂર્ણ કરીને સંજ્ઞી મનુષ્ય, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ,

પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયિકોમાં ઉત્પન્ન થાય છે. ત્રીજા દેવલોકથી આઠમાં દેવલોક સુધીના દેવો સંજ્ઞી મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. નવમા દેવલોકથી લઈને સર્વાર્થસિદ્ધવિમાન સુધીના દેવો ત્યાં ચવીને સંજ્ઞી મનુષ્યની ગતિમાં જ જાય છે અને સંજ્ઞી મનુષ્યો મરીને એ દેવલોકમાં જાય છે.

પૃથ્વીકાયિકો દ્વિગતિક અને ત્રયાગતિક હોય છે. અપકાયિકો અને વનસ્પતિકાયિકોનું એ જ પ્રમાણે સમજવું. તેઓ નારકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી.

**એકેન્દ્રિયાદિની ગતિ :—**

એકેન્દ્રિયો[૧૯] જુગલિયા સિવાયના મનુષ્ય તિર્યંચમાં જાય છે. એકેન્દ્રિયમાં તેઉકાય અને વાઉકાય વર્જીને કહેવું. કેમકે તેઉકાયિક અને વાયુકાયિક એક તિર્યંચગતિમાં જ જાય છે. સાતમી નરકના નારકો એક તિર્યંચ ગતિમાં જાય છે. અસંખ્યાત વર્ષોવાળા તિર્યંચ અને મનુષ્યો બીજાભવમાં એક દેવગતિમાં જ જાય છે.

દેવ અને નારકો અસંખ્યવર્ષવાળા મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી તિર્યંચ નરકગતિમાં પ્રથમ નારકીમાં જ જાય છે. બીજી નરકોમાં નહિ અને દેવોમાં અસંજ્ઞી તિર્યંચો ભવનપતિ અને વાણવ્યંતરોમાં જ ઉત્પન્ન થાય છે. જ્યોતિષી અને વૈમાનિક દેવો ઉત્પન્ન થતા નથી.

સંખ્યાતા આયુષ્યવાળા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તિર્યંચો ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. દેવગતિમાં ફક્ત સહસાર દેવલોક સુધી જ ઉત્પન્ન થાય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયરૂપ વિકલેન્દ્રિયો જુગલિયા સિવાયના તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. દેવ અને નારકોમાં ઉત્પન્ન થતા નથી.

અસંખ્યાત વર્ષવાળા તિર્યંચો અને મનુષ્યો પોતાના આયુષ્ય સમાન આયુવાળા કે હીન આયુષ્યવાળા બધાય ઈશાન દેવલોક સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે. તેનાથી ઉપરના દેવોમાં ઉત્પન્ન થતા નથી. કેમકે સનત્કુમાર વગેરે દેવલોકમાં જઘન્યથી પણ બે સાગરોપમની સ્થિતિ છે. અને અસંખ્યાત વર્ષાયુવાળા તિર્યંચ મનુષ્યોની ઉત્કૃષ્ટથી પણ ત્રણ પલ્યોપમની જ સ્થિતિ છે.

**એકેન્દ્રિયાદિની આગતિ :—**

નારકી અને યુગલિકો સિવાય બીજી ગતિના જીવો એટલે સંખ્યાત વર્ષાયુવાળા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચો મનુષ્યો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ ઈશાન દેવલોકના દેવો એકેન્દ્રિયમાં અર્થાત્ પૃથ્વીકાય, અપ્‌કાય, વનસ્પતિકાયમાં આવે છે. પરંતુ સનત્કુમાર આદિ દેવો પૃથ્વીકાય વગેરેમાં આવતા નથી. દેવો તથા સ્વભાવથી તેજો, વાયુ સિવાયના પર્યાપ્ત બાદર એકેન્દ્રિયમાં આવે છે.

નારકો, દેવો, જુગલિયા સિવાયના તિર્યંચ અને મનુષ્યો વિકલેન્દ્રિયરૂપે થાય છે. અર્થાત્ વિકલેન્દ્રિયમાં આવે છે.

સંખ્યાત વર્ષવાળા મનુષ્ય, તિર્યંચો જ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. પણ દેવ નારકો નહિ.

યુગલિયા મનુષ્યો અને તિર્યંચોને વર્જીને ચારેય ગતિના જીવો ગર્ભજ તિર્યંચ અને પંચેન્દ્રિય તિર્યંચમાં આવે છે. પરંતુ દેવો સહસાર સુધીના જ જાણવા.

**દંડકમાં ગતિ અને આગતિ :—**

पजपंणतिरिमाणुअव्चिय, चउच्चिह देवेसु गच्छंति[२०] ॥३३॥

**ગાથાર્થ :—**

**દેવમાં આગતિ :—** પર્યાપ્ત ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો તથા પંચેન્દ્રિય ગર્ભજ મનુષ્યો જ ૪ પ્રકારના દેવમાં અર્થાત્ દેવના ૧૩ દંડકમાં ઉત્પન્ન થાય છે. ૧૦ ભવનપતિ + ૧ વ્યંતર + ૧ જ્યોતિષી + ૧ વૈમાનિક એ ૧૩ દંડક દેવના છે. એમાં સામાન્ય કહ્યું છે. પરંતુ વિશેષથી ૫૬૩ ભેદમાં હવે ગતાગતિ કહેવાશે.

**દેવની ગતિ :—**

संखाउ - पज्जपणिंदि, तिरिय नरेसु पज्जते ।
भूदगपत्तेय वणे, एएसु च्चिय सुरागमणं[२१] ॥३४॥

**ગાથાર્થ :—**

સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોમાં અને મનુષ્યોમાં, તેમજ પર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપકાય અને પ્રત્યેક વનસ્પતિ, એમાં જ દેવોની આગતિ થાય છે. એટલે કે પાંચ દંડકોમાં દેવોની ગતિ થાય છે.

**નારકોની ગતિ-આગતિ :—**

पज्जत्तसंखगब्भय - तिरियनरा निरयसतगे जंति ।
निरउववहा एएसु, उव्वज्जंति न सेसेसु ॥३५॥

**ગાથાર્થ :—**

પર્યાપ્ત સંખ્યાતવર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો સાતેય નરકમાં ઉત્પન્ન થાય છે. અને નરકમાંથી નીકળેલા નારકો તેઓમાં જ ઉત્પન્ન થાય છે.

**પૃથ્વી, અપ અને વનસ્પતિમાં આગતિ :—**

पुढवी-आउ-वणस्सइ-मज्झे नारयविवज्जिया जीवा ।
सव्वे उवज्जंति, निय-निय-कम्माणुमाणेणं ॥३६॥

**ગાથાર્થ :—**

પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાયમાં નારક સિવાયના સર્વે જીવો પોતપોતાના કર્મને અનુસારે ઉત્પન્ન થાય છે.

**પૃથ્વી, અપ અને વનસ્પતિની ગતિ અને તેઉ-વાઉની આગતિ**

**ગાથાર્થ :—**

પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાય. પૃથ્વીકાય વગેરે દશ પદોમાં જાય છે. તેઉકાય અને વાઉકાયમાં પૃથ્વીકાય આદિ દશ પદોમાંથી નીકળેલા જીવોનો ઉવવાય થાય છે. તેની ગાથા નીચે છે.

पुठवाइ - दसपएसु, पुठवी-आउ-वणस्सई जन्ति ।

पुठवाइ - दसपएहिय, तेऊ-वाऊसु ऊववाओ ॥३७॥

હવે **તેઉ-વાઉની ગતિ અને વિકલેન્દ્રિયોની ગતિ-આગતિ :—**

तेउ वाऊ-गमणं, पुठवीपमुहमि होइ पयनवगे ।

पुठवाइ ठाण दसगा, विगलाइ तियं तहिं जंति ॥३८॥

**ગાથાર્થ :—**

તેઉકાય અને વાઉકાયનું જવું પૃથ્વીકાય વગેરે નવપદોમાં થાય છે. પૃથ્વીકાયાદિક દશ પદો વિકલેન્દ્રિય તરફ જાય છે અને વિકલેન્દ્રિયો ત્રણેય ત્યાં દશપદોમાં જાય છે.

**ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોની ગતિ-આગતિ**

गमणागमणं गब्भय - तिरियाणं सयलजोवठाणेसु ।

सव्वत्थ जंति मणुआ, तेऊवाऊहिं नो जंति[२२] ॥३९॥

**ગાથાર્થ :—**

ગર્ભજ તિર્યંચોનું ગમનાગમન સર્વ જીવસ્થાનોમાં થાય છે. મનુષ્યો સર્વમાં જાય પરંતુ તેઉકાય અને વાયુકાયમાંથી મનુષ્યમાં જતા નથી. ૨૪ દંડકમાં ૨૨મું ગતિદ્વાર અને ૨૩મું આગતિદ્વાર છે.

**શરીરમાં ગતિ-અગતિ :-**

ઔદારિક શરીરી - પાંચ ગતિમાં જાય અને ચારગિતમાંથી આવે. વૈક્રિય શરીરી - ચાર ગતિમાં જાય અને ચારગતિમાંથી આવે. એકાંતે વૈક્રિય શરીરી - મનુષ્ય અને તિર્યંચ એ બે ગતિમાંથી આવે અને એ જ બે ગતિમાં જાય.

આહારક શરીરી - ચારેય ગતિના આવે અને એક મોક્ષ ગતિમાં જાય. તૈજસ અને કાર્મણ શરીરી - પાંચ ગતિમાં જાય અને ચાર ગતિમાંથી આવે.

**ઇન્દ્રિયમાં ગતિ-આગતિ :-**

એકેન્દ્રિય - બે ગતિમાં જાય અને ત્રણ ગતિમાંથી આવે.

વિકલેન્દ્રિય - બે ગતિમાંથી આવે અને બે ગતિમાં જાય.

પંચેન્દ્રિય - ચાર ગતિમાંથી આવે અને ચાર ગતિમાં જાય.

અણિંદિયા - ચાર ગતિમાંથી આવે અને એક મોક્ષ ગતિમાં જાય.

**કાયમાં - ગતિ - આગતિ :-**

પૃથ્વીકાય અપ્‌કાય, વનસ્પતિકાય - મનુષ્ય અને તિર્યંચ એ બે ગતિમાં જાય અને દેવ, મનુષ્ય અને તિર્યંચ એ ત્રણ ગતિમાંથી આવે.

તેઉકાય અને વાયુકાય - મનુષ્ય અને તિર્યંચ એ બે ગતિમાંથી આવે અને એક તિર્યંચ ગતિમાં જાય.

ત્રસકાય - ચાર ગતિમાંથી આવે અને પાંચ ગતિમાં જાય.

**ગતિમાં ગતિ આગતિ :-**

નરકગતિ દેવગતિવાળા - મનુષ્ય અને તિર્યંચ એ બે ગતિમાંથી આવે અને એ જ બે ગતિમાં જાય.

તિર્યંચ ગતિવાળા - ચાર ગતિમાંથી આવે ને ચાર ગતિમાં જાય.

મનુષ્યગતિવાળા - ચાર ગતિમાંથી આવે અને પાંચ ગતિમાં જાય છે.

**દર્શનમાં - ગતિ આગતિ :-**

એકાંત અચક્ષુદર્શનમાં - મનુષ્ય અને તિર્યંચ એ બે ગતિમાં જાય અને દેવ, મનુષ્ય અને તિર્યંચ એ ત્રણ ગતિમાંથી આવે.

ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિદર્શનીમાં - ચાર ગતિમાંથી આવે અને ચાર ગતિમાં જાય.

કેવલદર્શનીમાં ચાર ગતિમાંથી આવે અને એક મોક્ષગતિમાં જાય.

**દષ્ટિમાં ગતિ - આગતિ :**

સમ્યગ્‌દષ્ટિ - ચાર ગતિમાંથી આવે અને દેવ અને મોક્ષ ગતિમાં જાય છે.

મિથ્યાદૃષ્ટિ - ચાર ગતિમાંથી આવે ને ચાર ગતિમાં જાય.

મિશ્રદૃષ્ટિ - અમર છે એ અવસ્થામાં મૃત્યુ થતું નથી. તેથી ગતિ આગતિ નથી.

**લેશ્યામાં ગતિ-આગતિ :**

કૃષ્ણલેશી નીલલેશી કાપોતલેશી ચાર ગતિમાંથી આવે ને ચાર ગતિમાં જાય.

તેજોલેશી પદ્મલેશી શુક્લલેશી - દેવ, મનુષ્ય, તિર્યંચ એ ગતિમાંથી આવે ને એ જ ત્રણ ગતિમાં જાય.

અલેશી થવાવાળા - ચાર ગતિમાંથી આવે ને એક મોક્ષ ગતિમાં જાય.

**દંડકમાં ગતિ-આગતિની વિચારણાથી આધ્યાત્મિક વિકાસ :-**

જવા આવવાની ક્રિયાને ગતિ-આગતિ કહે છે. અનાદિકાળથી આ જીવ ચાર ગતિમાં ગતિ અને આગતિ કરી રહ્યો છે. કર્મો છે ત્યાં સુધી તો આ ભવભ્રમણ ચાલુ જ રહે છે. ૨૪ દંડકમાંથી ૨૨મું દ્વાર ગતિનું અને ૨૩મું આગતિનું દ્વાર બતાવેલ છે. બહુ ભ્રમણ કર્યું હવે જો આંતરિક દૃષ્ટિએ વિચારણા કરીએ તો આગતિનો અંત થાય તો ગતિનો અંત આવી જાય છે. શુભગતિ-અશુભગતિ છે. નારક અને તિર્યંચગતિ અશુભ કહેવાય છે. અને મનુષ્ય અને દેવગતિ શુભ ગતિ કહેવાય છે. અશુભગતિમાં તો આરાધનાની શક્યતા રહેતી નથી. *તિર્યંચ ગતિમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય* શ્રાવકપણાનો સ્વીકાર કરી શકે છે. પણ પૂર્ણ આરાધના તો ત્યાં પણ થતી નથી. શુભગતિમાં—દેવગતિમાં આરાધના શક્ય નથી. પરંતુ મનુષ્યગતિમાં પુણ્યપ્રભાવથી વીતરાગ પરમાત્માનું શાસન અને જૈનધર્મના આધાર વડે, ભગવાનના આગમોનું આલંબન લઈને, ગતિ અને આગતિની વિચારણા કરીને, ઉત્કૃષ્ટ આરાધના કરીને મોક્ષગતિ પ્રાપ્ત કરી શકાય છે. કેમકે મનુષ્યભવમાં મોક્ષગતિને પ્રાપ્ત કરવાની આધ્યાત્મિક સામગ્રી પ્રાપ્ત થાય છે. જ્ઞાન દ્વારા સાધના કરતાં કરતાં ગતિ અને આગતિ ઉપર પૂર્ણવિરામ મૂકી શકાય છે. આ રીતે ગતિ-આગતિની વિચારણા કરવાથી આધ્યાત્મિક વિકાસ થઈ શકે છે.

ટિપ્પણી :

૧. જૈને. સિ. કોષ ભા. ૨ પૃ. ૨૩૫

૨. જૈને. સિ. કોષ ભા. ૨ પૃ. ૨૩૫

૩. દંડક પ્રકરણ

૪. જૈને. સિ. કોષ ભા. ૨ પૃ. ૨૩૫

૫. સ્થા. ઠા. ૫ ઉ. ૩ સૂ. ૨

૬. સ્થા. ઠા. ૮

૭. સ્થા. ઠા. ૧૦

૮. સ્થા. ઠા. ૬ સૂ. ૨૬

૯. સ્થા. ઠા. ૨

૧૦. સ્થા. સૂ. ઠા. ૧

૧૧. દંડક પ્રકરણ

૧૨. આચા. સૂ. શ્રુ. ૧. અ.૩ સૂ. ૬

૧૩. આચા. સૂ. શ્રુ. ૧. અ.૩ સૂ. ૬

૧૪. સ્થા. સૂ. ઠા. ૯ સૂ. ૩

૧૫. સ્થા. સૂ. ઠા. ૫ ઉ. ૩ સૂ. ૧૮

૧૬. સ્થા. સૂ. ઠા. ૬

૧૭. સ્થા. સૂ. ઠા. ૭ સૂ. ૩

૧૮. સ્થા. ઠા. ૨ ઉ. ૨ સૂ. ૨૨

૧૯. પ્રવ. સચિદ્દાર ભા. ૨ પૃ. ૨૪૮

૨૦. દંડક પ્રકરણ ગાથા ૩૩

૨૧. દંડક પ્રકરણ ગાથા ૩૪-૩૫, ૩૬, ૩૭-૩૮

૨૨. દંડક પ્રકરણ ગાથા ૩૯

• • •

# (૨૪મું) વેદદ્વાર

દંડક પ્રકરણમાં ૨૪ દ્વારોની શાસ્ત્રીય ચર્ચા-સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. એ વિચારણામાં અંતિમ ૨૪માં દ્વારમાં વેદ વિષયક ચર્ચા આવે છે તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**વેદના અર્થો :-**

શાસ્ત્રમાં વેદ શબ્દના વિભિન્ન અર્થો પ્રાપ્ત થાય છે.

(૧) પ્રાપ્ત સમ્યગ્દર્શન આદિની રક્ષામાં તત્પર બનેલા એવા જીવ-અજીવ આદિ તત્ત્વ જેનાથી જાણી શકાય છે તે વેદ છે.[૧] (૨) સ્વાભાવિક અર્થ જેનાથી જાણી શકાય છે તે વેદ છે.[૨] (૩) આપણને હેય, ઉપાદેયનું જ્ઞાન કરાવે તે વેદ છે.[૩] (૪) વેદાન્ત ધર્મના સિદ્ધાંતોને વેદ કહેવાય છે.[૪] (૫) વેદના થાય, અનુભવ થાય તેને વેદ કહે છે.[૫] (૬) વેદાય તેને વેદ કહે છે.[૬] (૭) મૈથુનની અભિલાષાને વેદ કહે છે.[૭] (૮) વેદ કર્મના ઉદયથી થવાવાળા ભાવને વેદ કહે છે.[૮] (૯) આત્માના ચૈતન્યરૂપ પર્યાયમાં મૈથુનરૂપ ચિત્તવિક્ષેપ ઉત્પન્ન થવાને વેદ કહે છે.[૯] (૧૦) મોહનીયના દ્રવ્યકર્મ સ્કંધને અથવા મોહનીય કર્મથી ઉત્પન્ન થવાવાળા જીવના પરિણામને વેદ કહે છે.[૧૦] (૧૧) શાસ્ત્રના અર્થમાં શ્રુતજ્ઞાન જ વાસ્તવમાં વેદ છે.[૧૧]

**વેદના પર્યાયો :-**

મોહ શબ્દ એ વેદનો પર્યાયવાચી શબ્દ છે.

**વેદના ભેદ અને લક્ષણ વિવેચન :-**

શાસ્ત્રમાં દર્શાવેલ વેદને વિભિન્ન વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે.

વેદ માર્ગણાના અનુવાદથી સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને અપગતવેદવાળા

જીવ હોય છે.

**વેદના બે પ્રકાર છે :-**

દ્રવ્યવેદ અને ભાવવેદ

**વેદના ત્રણ પ્રકાર પણ છે :-**

સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ.

**દ્રવ્યવેદ અને ભાવવેદનાં લક્ષણો :-**

નામ કર્મના ઉદયથી થવાવાળું દ્રવ્યલિંગ છે. અને ભાવલિંગ આત્મપરિણામરૂપ છે. અને તે સ્ત્રી, પુરુષ અને નપુંસક આ ત્રણેમાં પરસ્પર એકબીજાની અભિલાષા રૂપ લક્ષણ હોય છે. અને તે ચારિત્ર મોહના વિકલ્પરૂપ સ્ત્રી-પુરુષ અને નપુંસક નામના નોકષાયના ઉદયથી થાય છે.

**વેદ ત્રણ પ્રકારના છે :-**

**સ્ત્રીવેદ :-** પુરુષની[૧૨] કામી હોય, વારંવાર પુરુષ સેવવાની અભિલાષા હોય તેને સ્ત્રીવેદ કહેવાય છે.

પુરુષોમાં મોહ ઉત્પન્ન કરી તેને ભોગવવાની પ્રચંડ લાગણી ઉત્પન્ન કરી. તેમાં આનંદ માણવાનું સંવેદન ઉત્પન્ન કરાવી આત્માને પોતાના ખરા માર્ગેથી ભૂલાવો ખવડાવે છે. સમ્યક્ ચારિત્રનું આવરણ કરે છે. નવા કર્મ બંધાવી સંસાર વ્રધારે છે એ જાતનું આ કર્મ છે.

**પુરુષવેદ :-** જે સ્ત્રીના કામી હોય. વારંવાર સ્ત્રી ભોગવવાની અભિલાષા હોય તેને પુરુષવેદ કહેવાય છે.

સ્ત્રી ભોગવવાની પ્રચંડ લાગણી ઉત્પન્ન કરાવી તેમાં આનંદ માણવાનું સંવેદન કરાવી આત્માને મૂંઝવે છે. સમ્યગ્ ચારિત્રનું આવરણ કરે છે. નવા કર્મ બંધાવી સંસાર વધારે છે એ જાતનું આ કર્મ છે.

**નપુંસકવેદ :-** જે પુરુષ અને સ્ત્રી બંને કામી હોય. વારંવાર પુરુષ તથા સ્ત્રી

બંનેયને સેવવાની અભિલાષ - મૈથુન સેવવાની વાંછા જે કર્મને લીધે હોય તેને નપુંસકવેદ કહેવાય છે.

સ્ત્રી અને પુરુષ બંને તરફ મોહ ઉત્પન્ન કરાવી તેમાં આનંદ મનાવે. તેમાં આત્માને મૂંઝવે છે. સમ્યગ્ ચારિત્રનું આવરણ કરે છે. નવાં કર્મ બંધાવી સંસાર વધારે છે એ જાતનું આ કર્મ છે.

કુંકુમ[13] તે કરીષનો અગ્નિ તે સરખો સ્ત્રીવેદનો ઉદય છે. તે મોડો ઉપશમે તૃણની અગ્નિ સરખો પુરુષવેદનો ઉદય તે તરત ઉપશમે અને નગરની દાહ સરખો નપુંસકવેદનો ઉદય તે કેમેય શાંત થાય નહિ.

પુરુષવેદ કરતાં સ્ત્રીવેદનો ઉદય વધારે તીવ્રતર હોય છે.

પ્રત્યેકના[14] ત્રણ ભંગ બને છે. ત્રણમાં પણ પ્રત્યેકના ત્રણ ભંગ બને છે.

**અપગતવેદ :-**

જે સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ રૂપ પરિણામોના વેદનથી ઉન્મુક્ત છે અને પોતાના ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ અનંત સુખના ધારક કે ભોક્તા છે તે જીવ અપગત વેદી કહેવાય છે.

જેમનો ત્રણ પ્રકારના વેદોથી ઉત્પન્ન થવાવાળો સંતાપ દૂર થઈ ગયો છે તે જીવ વેદરહિત અર્થાત્ અવેદી કહેવાય છે.

મોહ કર્મ સ્કંધનો અભાવ થવાથી જીવ અવેદી થાય છે.

**દંડકમાં વેદ :-**

દંડકના ૨૪ દ્વારમાં ૨૪મું વેદ દ્વાર છે.

वेयतिय तिरि नरेसु, इत्थीपुरिसोय चउविहसुरेसु ।
थिर विग्ल नारएसु, नपुंसवेओ हवइ एगो[15] ॥४०॥

**ગાથાર્થ :-**

તિર્યંચો અને મનુષ્યોમાં ત્રણ વેદ છે. ચારેય પ્રકારના દેવોમાં સ્ત્રી અને

પુરુષવેદ છે. સ્થાવર, વિક્લેન્દ્રિય અને નારકોમાં ફક્ત એક નપુંસકવેદ છે. જુગલિયા મનુષ્ય અને તિર્યંચોમાં બે ભેદ હોય છે.

નારક[16] જીવો અને સંમૂર્ચ્છિમ જન્મવાળા જીવો નિયમથી નપુંસકવેદવાળા હોય છે.

**વનસ્પતિના જીવોને વેદ :-**

ઉત્પલસ્થ[17] જીવો સ્ત્રીવેદવાળા તેમજ પુરુષવેદવાળા હોતા નથી. પરંતુ નપુંસકવેદવાળા હોય છે. ઉત્પલસ્થ રહેવા જીવો સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદના બંધક હોઈ શકે છે. એક યોગમાં એક વચન અપેક્ષાએ ત્રણ ભાંગા અને બહુવચનની અપેક્ષાએ ત્રણ ભાંગા બને છે. આ રીતે એક યોગમાં છ ભાંગા બને છે. દ્વિકેયોગમાં યથાયોગ્ય એકવચન અને બહુવચન લેવાથી ચાર ભાંગાઓવાળી ત્રિભંગી બને છે. તેથી ૪ × ૩ = ૧૨ ભંગ બને છે. અને ત્રિકયોગમાં આઠ ભાંગા બને છે. આ રીતે કુલ ૬ + ૧૨ + ૮ = ૨૬ ભાંગા બને છે. તે પ્રત્યેક ભંગ ઉચ્છ્વાસ નિઃશ્વાસ દ્વારમાં બતાવ્યા પ્રમાણે બનાવી શકાય છે.

**આગમ અને ટીકાઓમાં વેદ સ્થિતિનું નિરૂપણ :-**

પુરુષવેદી[18] - પુરુષવેદીપણામાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સો સાગરોપમ પૃથક્ત્વથી કાંઈક અધિક કાળ સુધી રહે છે.

નપુંસકવેદી - નપુંસકવેદીપણામાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ અર્થાત્ અનંતકાળ સુધી વનસ્પતિજીવ નપુંસકવેદી હોય છે. અને તેનો કાળ અનંત છે. તેથી જ નપુંસકવેદનો કાળ અનંત કહેલ છે.

સ્ત્રીવેદી - સ્ત્રીવેદીપણામાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ પલ્યોપમ પૃથક્ત્વ અને પૂર્વકોટી પૃથક્ત્વ અધિક કાળ સુધી રહે છે.

સવેદી[19] જીવ ત્રણ પ્રકારના હોય છે. (૧) અનાદિ અપર્યવસિત અર્થાત્ જેની આદિ પણ ન હોય અને અંત પણ ન હોય (૨) અનાદિ સપર્યવસિત અર્થાત્ જેની આદિ ન હોય પરંતુ અંત હોય છે. (૩) સાદિ અપર્યવસિત અર્થાત્ જેની આદિ પણ

હોય અને અંત પણ હોય.

તાત્પર્ય એ છે કે જેણે હજી સુધી ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરી નથી તે અનાદિ અપર્યવસિત સવેદ જીવ કહેવાય છે.

બીજા નંબરમાં ઉપશમ શ્રેણીને પ્રાપ્ત કરી લીધા પછી વેદાતીત દશા પ્રાપ્ત કરી લે છે. પરંતુ ઉપશમશ્રેણીથી પડીને વળી સવેદ અવસ્થા પ્રાપ્ત કરી લે છે. તેથી તે સાદિ અપર્યવસિત સવેદ કહેવાય છે. અને જે જીવ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને વેદાતીત દશા પ્રાપ્ત કરી લે છે તેને પાછું પડવાનું હોતું નથી તે અનાદિ સપર્યવસિત અવેદ કહેવાય છે.

આ ત્રણમાંથી જે સાદિ અપર્યવસિત છે તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી સવેદક પર્યાયયુક્ત નિરંતર બની રહે છે. તે અનંતકાળનું પરિણામ આ પ્રકારે છે. કાળની અપેક્ષાએ અનંત ઉત્સર્પિણીઓ અને અનંત અવસર્પિણીઓ, ક્ષેત્રની અપેક્ષાએ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન જે અનાદિ સપર્યવસિત અવેદ અર્થાત્ ક્ષપકશ્રેણી માંડે છે. તેની અંતર્મુહૂર્ત સુધી જ સવેદ અવસ્થા રહે છે. અનાદિ અપર્યવસિત સવેદની સ્થિતિ અનંતકાળની છે.

**સ્ત્રીવેદના વિષયમાં પાંચ આદેશ છે :-**

સ્ત્રીવેદી જીવ નિરંતર સ્ત્રીવેદી બની રહે છે. તે એક આદેશથી જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ (બે ક્રોડથી નવ ક્રોડ સુધી) અધિક ૧૧૦ પલ્યોપમ સુધી સ્ત્રી વેદી બની રહે છે. તે આ પ્રમાણે સમજવું.

કોઈ જીવ મનુષ્યણી કે તિર્યંચણીમાં કરોડપૂર્વની આયુષ્યની હોય તે પાંચ ભવ કરીને ઈશાન કલ્પમાં ૫૫ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિમાં અપરિગૃહિતા દેવીઓમાં દેવી રૂપે જન્મ લે. ત્યાર પછી આયુનો ક્ષય થતાં પુનઃ ક્રોડપૂર્વ આયુવાળી મનુષ્યણી કે તિર્યંચણીમાં ઉત્પન્ન થાય. ત્યાર પછી પુનઃ ઈશાન કલ્પમાં ૫૫ પલ્યોપમની આયુષ્યવાળી અપરિગૃહિતા દેવીનાં રૂપ ઉત્પન્ન થાય તો તેના પછી અવશ્ય તેને બીજા કોઈ વેદની પ્રાપ્તિ થાય છે. આ રીતે પૃથક્ત્વ કોટિપૂર્વ અધિક ૧૧૦ પલ્યોપમ સુધી નિરંતર સ્ત્રીવેદ પર્યાયનું હોવું સિદ્ધ થાય છે.

બીજા આદેશથી જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ પૂર્વ કોટી અધિક ૧૮ પલ્યોપમ સુધી

કોઈ સ્ત્રીવેદી નિરંતર સ્ત્રીવેદી બની રહે છે. જેમ કોઈ મનુષ્યણી અથવા તિર્યચણીમાં ક્રોડ પૂર્વની સ્થિતિવાળા પાંચ ભવ કરીને પૂર્વોક્ત પ્રકારની ઈશાનકલ્પમાં બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિવાળી પરિગૃહિતા દેવીઓમાં ઉત્પન્ન થાય. અપરિગૃહિતામાં નહિ. એવી અવસ્થામાં ૧૮ પલ્યોપમ કરોડપૂર્વ પૃથક્ત્વ અધિક સુધી સ્ત્રીવેદનું રહેવું સિદ્ધ થાય છે.

ત્રીજા આદેશથી જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક ચૌદ પલ્યોપમ સુધી સ્ત્રીવેદી જીવ સ્ત્રીવેદી રહે છે. આ આદેશમાં સૌધર્મ કલ્પમાં, ૭ પલ્યોપમની ઉત્કૃષ્ટ આયુવાળી પરિગ્રહિતા દેવીઓમાં બે વાર ઉત્પન્ન થવાની વિવક્ષા કરાઈ છે. તેથી બે ભવ દેવીના - મળીને ૧૪ પલ્યોપમ અને મનુષ્યણી અથવા તિર્યંચણીના ભવોના પૃથક્ત્વ કરોડપૂર્વ અધિક ૧૪ પલ્યોપમ સુધી સ્ત્રીવેદનું નિરંતર અસ્તિત્વ સિદ્ધ થાય છે.

ચોથા આદેશ અનુસાર જઘન્ય ૧ સમય સુધી અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક ૧૦૦ પલ્યોપમ સુધી સ્ત્રીવેદી જીવ નિરંતર સ્ત્રીવેદી બની રહે છે. આ આદેશમાં સૌધર્મ દેવલોકમાં ૫૦-૫૦ પલ્યોપમની સ્થિતિવાળી અપરિગૃહિતા દેવીઓમાં બે વાર જન્મ લેનાર જીવની વિવક્ષા કરાઈ છે. તે અનુસાર એટલો કાળ સ્ત્રીવેદનું નિરંતર સ્ત્રીવેદ રહેવું સિદ્ધ થાય છે.

પાંચમા આદેશ અનુસાર જઘન્ય ૧ સમય સુધી અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક પલ્યોપમ પૃથક્ત્વ સુધી સ્ત્રીવેદી જીવ નિરંતર સ્ત્રીવેદી રહે છે. કેમકે જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક પલ્યોપમ પૃથક્ત્વ સુધી જ સ્ત્રીવેદવાળો રહે છે. તેનાથી અધિક કાળ સુધી નહિ. કેમકે મનુષ્યણી અથવા તિર્યંચણીની અવસ્થા કરોડ પૂર્વની આયુવાળા સાતભવોનો અનુભવ કરીને આઠમા ભવમાં દેવકુરુ આદિમાં ૩ પલ્યોપમની આયુવાળી સ્ત્રીઓમાં સ્ત્રીરૂપ ઉત્પન્ન થઈને તત્પશ્ચાત્ કાળ કરીને સૌધર્મ કલ્પમાં જઘન્ય સ્થિતિવાળી દેવીરૂપે ઉત્પન્ન થાય ત્યાર પછી અવશ્ય જીવ અન્યવેદને પ્રાપ્ત કરે છે.

**અવેદક જીવો :-**

અવેદક જીવો બે પ્રકારના છે. સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત.

જે જીવ ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરીને અવેદી થઈ જાય છે તે સાદિ અપર્યવસિત

કહેવાય છે. કેમકે એવા જીવનું પતન થતું નથી.

જે જીવ ઉપશમશ્રેણી પ્રાપ્ત કરીને અવેદી થઈ જાય છે તે સાદિ અપર્વસિત કહેવાય છે. કેમકે તેની અવેદ અવસ્થાને આદિ પણ છે અને પતન પામતા અંત પણ થઈ જાય છે. તેની સ્થિતિ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી નિરંતર અવેદક રહે છે. કેમકે જે જીવ એક સમય અવેદક રહીને બીજા જ સમયમાં કાળ કરીને દેવગતિમાં જન્મ લે છે ત્યાં પુરુષવેદનો ઉદય થવાથી સવેદક થઈ જાય છે. તેથી અહિં જઘન્ય ૧ સમય કહેલ છે. અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહેવાનું કારણ એ છે કે અંતર્મુહૂર્ત પછી શ્રેણીથી પતિત થતાં તેના વેદનો ઉદય થઈ જાય છે.

**પરિવર્તન :-**

દ્રવ્યવેદમાં પરિવર્તન ન થાય. ભવના પ્રથમ સમયથી લઈને તે ભવના અંતિમ સમય સુધી દ્રવ્ય પુરુષ, દ્રવ્ય સ્ત્રી અને દ્રવ્ય નપુંસક હોય છે. દેવ, નારકી, તિર્યંચોમાં ભાવવેદનું પરિવર્તન ન થાય પરંતુ મનુષ્યમાં ભાવ વેદનું પરિવર્તન થતાં અવેદી બની શકે છે.

**ગતિ આદિની અપેક્ષાએ વેદ માર્ગણાનું સ્વામિત્વ :-**

(૧) નરકમાં જીવો ચારેય ગુણસ્થાનોમાં માત્ર નપુંસકવેદી હોય છે.

(૨) દેવોમાં જીવો ચારેય ગુણસ્થાનોમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ એ બે વેદવાળા હોય છે.

(૩) તિર્યંચોમાં એકેન્દ્રિયથી લઈ અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી માત્ર નપુંસકવેદી હોય છે.

(૪) મનુષ્ય અને તિર્યંચોમાં ત્રણ વેદ હોય છે. મનુષ્ય અવેદી પણ હોય છે.

વિગ્રહગતિમાં પણ વેદનો અભાવ નથી. કેમકે ત્યાં પણ અવ્યક્ત વેદ હોય છે.

**ગુણસ્થાનમાં વેદ :-**

૧ થી ૮ ગુણસ્થાનમાં જીવો એકાંત (એકલા) સવેદી હોય છે. ૯મું ગુણસ્થાન સવેદી અને અવેદી નું હોય છે. અર્થાત્ ૧ થી ૯ ગુણસ્થાનમાં સવેદી હોય છે. ૧૦ થી ૧૪ અર્થાત્ ૫ ગુણસ્થાનમાં એકાંત અવેદી હોય છે. ૯ થી ૧૪ ગુણસ્થાનમાં

સમુચ્ચય અવેદી હોય છે.

**શરીરમાં વેદ :-**

ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરમાં સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી અને અવેદી હોય છે. વૈક્રિય શરીરમાં સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી હોય છે.

આહારક શરીરમાં પુરુષવેદી જ હોય છે.

**જ્ઞાનમાં વેદ :-**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં ત્રણેય વેદી હોય છે.

મનઃ પર્યવજ્ઞાનમાં - ત્રણેય વેદી અને અવેદી હોય છે.

કેવલજ્ઞાનમાં અવેદી જ હોય છે.

**લેશ્યામાં વેદ :-**

પ્રથમ પાંચ લેશ્યામાં ત્રણેય વેદી હોય છે. શુક્લલેશ્યામાં - ત્રણેય વેદી ને અવેદી હોય છે.

**દર્શનમાં વેદ :-**

ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શનમાં - ત્રણેય વેદી હોય. એકાંત અચક્ષુ દર્શનમાં - ૧ નપુંસકવેદી હોય છે. કેવલ દર્શનમાં - અવેદી જ હોય છે.

**સમુદ્‌ઘાતમાં વેદ :-**

વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય ત્રણેય વેદી હોય છે.

આહારક સમુદ્‌ઘાતમાં - પુરુષવેદી જ હોય છે.

કેવલ સમુદ્‌ઘાતમાં - અવેદી જ હોય છે.

**દંડકમાં વેદના ચિંતનનું કારણ :-**

વેદનો અર્થ છે વિકાર. એ વિકારોમાં જીવો અનાદિ કાળથી રમણ કરે છે. નરક, તિર્યંચ અને દેવગતિ એ ત્રણ ગતિમાં જીવો અવેદીના ગુણસ્થાન સુધી પહોંચી શકતા

નથી. મનુષ્યગતિમાં કર્મભૂમિના મનુષ્ય આગમનું જ્ઞાન પ્રાપ્ત કરી જ્યારે આત્મરમણતા કરે છે ત્યારે વિકારભાવ મંદ થવા લાગે છે. સંપૂર્ણપણે વેદદશા ટળી જાય છે ત્યારે ૯મા ગુણસ્થાનથી આગળ જતાં અવેદી બની જાય છે. અવેદી બનવા માટે દંડકમાં વેદનું ચિંતન કરવાનું કહ્યું છે. અવેદી બનેલો આત્મા કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

**ટિપ્પણી :-**

૧. ઉત. સૂ. અ. ૧૫

૨. યોગ બિંદુ. વ્ય.

૩. આચા. શ્રુ. ૧ અ. ૧ ઉ. ૧

૪. સ્થા. ઠા. ૪ ઉ. ૪

૫. સૂત્ર. શ્રુ. ૧ અ. ૨ ઉ. ૧

૬. પં. સં. ૧ જૈનેન્દ્ર સિ. કોષ ભા. ૩

૭. સમવાયાંગ સૂત્ર

૮. જૈને. સિ. કોષ ભા. ૩ પૃ. ૫૯૦

૯. જૈને. સિ. કોષ ભા. ૩ પૃ. ૫૯૦

૧૦. જૈને. સિ. કોષ ભા. ૩ પૃ. ૫૯૦

૧૧. જૈને. સિ. કોષ ભા. ૩ પૃ. ૫૯૦

૧૨. સમ. સૂ. ૧૯૪

જીવા. પ્રકરણ ૧

૧૩. કર્મ. ૧. ગા. ૨૨

૧૪. બૃ. ઉ. ૪

૧૫. દંડક પ્ર. ગા. ૪૦

૧૬. જીવા. ૧ પ્રતિ.

૧૭. ભગ. શ. ૧૧ ઉ. ૧

૧૮. કર્મ. ૪

પ્રજ્ઞા. પ. ૧૮ સૂ. ૫

૧૯. પ્રજ્ઞા. પ. ૧૮ સૂ. ૫

# અધ્યાય-૫

# દંડકોનું તુલનાત્મક તથા સમીક્ષાત્મક અધ્યયન

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. ભારતીય સંસ્કૃતિના આ ચાર પાયા છે. ભારતીય પરંપરામાં ઉદ્ભવેલા તમામ ધર્મોએ આ ચારેય પુરુષાર્થને યથાસંભવ વિસ્તારપૂર્વક રજૂ કર્યા છે. માનવજીવનને સુખપૂર્વક જીવવા માટે આ ચારેય તત્ત્વોનો સમ્યક્ પરિચય આવશ્યક છે. ભારતીય પરંપરામાં આમ તો અનેક વિચારધારાઓ ઉદ્ભવી અને વિકાસ પામી છે. સૂત્રકૃતાંગ સૂત્રમાં ૩૬૩ જુદી જુદી દૃષ્ટિઓની ચર્ચા કરવામાં આવી છે. સિદ્ધસેન દિવાકર સૂરિએ સન્મતિતર્ક સૂત્રમાં એથી પણ આગળ વધીને જણાવ્યું છે કે જેટલી વિચારધારાઓ છે તેટલાં જ નયમાર્ગો એટલે કે દૃષ્ટિઓ છે. અર્થાત્ વિચારો અનંત છે તો દૃષ્ટિઓ પણ અનંત છે. પણ આ તમામ વિચારધારાઓને સંક્ષેપમાં સમાવિષ્ટ કરવામાં આવે તો મુખ્યત્વે બે જ વિચારધારામાં તમામ દૃષ્ટિઓ સમાવિષ્ટ થઈ જાય : (૧) સામાન્યગામી દૃષ્ટિ અને (૨) વિશેષગામી દૃષ્ટિ. સામાન્યગામી દૃષ્ટિ એટલે દ્રવ્યાસ્તિક નય કે જે પદાર્થને નિત્ય માને છે અને વિશેષગામી દૃષ્ટિ એટલે જે પદાર્થને અનિત્ય માને છે અર્થાત્ પર્યાયગામી દૃષ્ટિ. દ્રવ્ય અને પર્યાય આ બે જ દૃષ્ટિ મુખ્ય છે. આવી જ રીતે સમગ્ર ભારતીય પરંપરાને બે વિચારધારામાં વિભાજિત કરી શકાય : (૧) શ્રમણ પરંપરા, (૨) વૈદિક પરંપરા.

વૈદિક પરંપરાનો મુખ્ય આધાર વેદ અને ઉપનિષદો છે. વેદ અને ઉપનિષદોમાંથી અનેક દર્શનો ઉદ્ભવ્યા છે અને વિકાસ પામ્યા છે. બીજી ધારા તે અવૈદિક એટલે કે તેમનો સમુદ્ભવ વેદ આધારિત નથી પરંતુ બુદ્ધ અને ભગવાન મહાવીર દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી પરંપરા. આ બન્ને પરંપરા શ્રમણ પરંપરાના નામે ઓળખાય છે. જેઓ ભગવાન મહાવીર અને બુદ્ધના ઉપદેશને પ્રમાણભૂત માને છે.

પૂર્વે જણાવ્યું તેમ આ બન્ને વિચારધારા મુખ્યત્વે મોક્ષને જ પ્રધાનતત્ત્વરૂપે સ્વીકારે છે. મોક્ષ એ અંતિમ પરંતુ પ્રધાન પુરુષાર્થ છે. મોક્ષ એટલે એવું સ્થાન જે સ્થાનમાં શાશ્વત સુખ અને પરમ આનંદ છે. અન્ય બધાં જ સ્થાનો અશાશ્વત અને નશ્વર છે. ક્ષણિક છે. ભ્રામક છે. જ્યારે મોક્ષમાં મળતું સુખ વાસ્તવિક છે. માટે પ્રત્યેક મનુષ્યે મોક્ષ મેળવવા માટે પ્રયાસ કરવો જોઈએ. મોક્ષ મેળવવા માટે પ્રત્યેક ધર્મે જુદા જુદા માર્ગો દર્શાવ્યા છે. કોઈકે ભક્તિ, કોઈકે કર્મ તો કોઈકે જ્ઞાનને પ્રાધાન્ય આપ્યું છે. ગીતના અઢાર અધ્યાયમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રણેયનો સમન્વય કરવામાં આવ્યો છે. જૈન ધર્મે રત્નત્રયનો ઉપદેશ આપ્યો છે. રત્નત્રયી દ્વારા મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્નત્રયી છે. આ ત્રણેયના સમન્વયથી જ મોક્ષ મળે છે. આ ત્રણેયને રુચિ, સમજ અને આચરણ સાથે સંરખાવી શકાય પણ આ ત્રણેય સમ્યક્ હોવાં જોઈએ. કેમકે શ્રદ્ધા, જ્ઞાન કે આચરણ મિથ્યા પણ સંભવી શકે અને એવાં મિથ્યાને રત્નત્રયીની કોટિમાં મૂકી શકાય નહીં. મિથ્યાજ્ઞાન મોહાત્મક હોય છે અને તે સંસારમાં ભટકાવનારું હોય છે. તેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો નથી. અહીં તો જે સમ્યક્-સત્ય-સારાસારના વિવેકયુક્ત હોય તેને જ મુખ્ય માનવામાં આવેલ છે. આમ જે જે દર્શનો ને જેટલાં જેટલાં તત્ત્વો મોક્ષ પ્રાપ્તિ માટે આવશ્યક જણાયા તેટલાં તત્ત્વોની વિવક્ષા કરી છે. બાકીના તમામ પદાર્થોને માન્ય એવા તત્ત્વોમાં સમાવિષ્ટ કરી દેવામાં આવ્યાં છે. આમ આ તત્ત્વોનું મુખ્ય લક્ષ્ય તો મોક્ષપ્રાપ્તિ જ હતું.

જૈનદર્શનમાં સાત (અથવા નવ) તત્ત્વોને સ્વીકારવામાં આવ્યા છે. સાંખ્યદર્શનમાં ૨૫ તત્ત્વોને માન્ય કરવામાં આવ્યા છે. ન્યાયદર્શનમાં ૧૬ તત્ત્વોનું દાન આવશ્યક માન્યું છે. વૈશેષિક દર્શનમાં સાત તત્ત્વોની વિવક્ષા કરી છે. આમ વિભિન્ન દર્શનોમાં તત્ત્વોની સંખ્યા ભિન્ન ભિન્ન હોવા છતાં તેનો ઉદ્દેશ તો મોક્ષ પ્રાપ્તિ જ જણાવી છે. આમ ભારતીય પરંપરામાં મોક્ષ પુરુષાર્થ અંતિમ અને પ્રધાન પુરુષાર્થ તરીકે માન્ય કરવામાં આવ્યો છે.

મોક્ષપ્રાપ્તિ માટે પદાર્થોનું સમ્યગ્જ્ઞાન જરૂરી છે. આવું જ્ઞાન જૈનધર્મમાં વીતરાગ

પરમાત્મા દ્વારા ગણધર ભગવંતોને આપવામાં આવ્યું હતું. ગણધર ભગવંતોએ એ જ્ઞાનને સૂત્રબદ્ધ કર્યું જે કાલક્રમે આગમગ્રંથ તરીકે પ્રસિદ્ધ થયું. આગમગ્રંથોમાં અનેક વિષયનું સૂક્ષ્મ ચિંતન પ્રાપ્ત થાય છે. તેમાં દંડકનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે.

દંડકના પ્રત્યેક પદાર્થોનું વિવેચન આગળ કરવામાં આવ્યું છે. સાથે અન્ય દર્શનમાં આ વિશે શું વિવેચન કરવામાં આવ્યું છે તે અંગે પણ અહીં સંક્ષિપ્ત વિચારણા કરવામાં આવી છે. કર્મવાદ, ગુણસ્થાનક, માર્ગણાસ્થાન, ગતિ-અગતિ જેવા અનેક સિદ્ધાંતો જૈનદર્શનના મૌલિક સિદ્ધાંતો છે જેનું વિવેચન માત્ર જૈન દર્શનમાં જ પ્રાપ્ત થાય છે. તેના સમાન વિચારો અન્ય દર્શનમાં પ્રાપ્ત થતા નથી તેથી તેની તુલના કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. તેવી જ રીતે દંડકની અવધારણા પણ જૈન ધર્મની મૌલિક અવધારણા છે. 'તેના સમાન વિચારધારા અન્ય દર્શનમાં પ્રાપ્ત થતી નથી માટે આપણે સ્વીકારવું પડે કે જૈન ધર્મની વિચારધારા અનેક બાબતોમાં અન્ય દર્શનો કરતાં વધુ વિકસેલી તથા વિસ્તરેલી હતી.

જ્યાં અન્ય દર્શનોમાં પુણ્ય કરવાથી સુખ અને પાપ કરવાથી દુઃખ એવો સામાન્ય ઉલ્લેખ માત્ર કરવામાં આવ્યો છે ત્યાં જૈનદર્શનમાં સુખના પ્રકારો, દુઃખના પ્રકારો, પુણ્યના પ્રકારો અને પાપના પ્રકારનોની વિશેષ વિશદ વિચારણા કરી છે.

દંડકના ૨૪ સ્થાનકોની વિચારણા બૌદ્ધદર્શન કે વૈદિક દર્શનોમાં પ્રાપ્ત થતી નથી. જીવના વિભિન્ન કર્મોને કારણે વિભિન્ન ફળોની વિસ્તૃત તો નહીં જ પરંતુ સંક્ષિપ્ત વિચારણા પણ અન્યત્ર પ્રાપ્ત થતી નથી. ચારગતિ, પૃથ્વીકાય આદિ પાંચ ભેદ (પ્રાકૃતિક તત્ત્વો), સ્વર્ગ, નરક, આદિનો ઉલ્લેખ જરૂર મળે છે પણ તેમના કાળમાન, જીવપરિમાણ, સ્થિતિ, આયુ, સુખના પ્રકારો આદિની જેટલી વિશદ વિચારણા જૈનદર્શનમાં (આગળના પ્રકરણોમાં જણાવેલ બાબતો) પ્રાપ્ત થાય છે તેટલી પ્રાપ્ત થતી નથી. આમ જૈન દર્શન અનેક બાબતે વધુ સૂક્ષ્મ અને વિશદ વિચારણા ધરાવે છે. તેનું અધ્યયન માનવજીવનને સુખ આપવા માટે સૂક્ષ્મ છે. મનને વધુ વિશદ જ્ઞાનનો પ્રકાશ પૂરો પાડે છે.

# અધ્યાય-૬

# "ઉપસંહાર"

જગતમાં અનેક ધર્મોનો પ્રચાર છે. કોઈ ધર્મનું લક્ષ ભૌતિક સુખ પ્રાપ્ત કરવાનું, કોઈ ધર્મનું લક્ષ સ્વર્ગ પ્રાપ્ત કરવાનું હોય છે. પરંતુ જૈનધર્મ તો મોક્ષલક્ષી છે. ચાર ગતિમાં જીવો સંસારમાં કર્મના કારણે પરિભ્રમણ કરે છે. એ પરિભ્રમણને મિટાવવા માટે સૌ પ્રથમ જ્ઞાનની જરૂર છે. જ્ઞાનની સમજથી જીવ ધર્મની સન્મુખ થાય છે. ધર્મ આત્માને આત્મિક સુખ અને શાંતિનાં દર્શન કરાવે છે. ધર્મના અનેક વિષયમાં દંડક પણ એક વિષય છે. દંડકનો અર્થ છે ચાર ગતિમાં દંડાવું. દંડકમાં ઊંડાણપૂર્વક ચિંતન કરવાથી જીવને મનુષ્યના દંડકનું મહત્ત્વ સમજાય છે. મનુષ્ય ભવનું મૂલ્યાંકન સમજાવવા દંડકનો વિષય મેં પસંદ કર્યો છે. મનુષ્ય સાધના, આરાધના અને ઉપાસના કરી દંડકથી મુક્ત થવા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

સર્વ પ્રથમ જૈનદર્શનમાં દંડકનું મૂલ્યાંકન કરવાને માટે ૬ અધ્યાયોમાં પ્રથમ અધ્યાયમાં ઈતિહાસ સિદ્ધાંતની વિચારણા કરી છે.

સમગ્ર જૈનધર્મના ઈતિહાસનું મૂળ આગમ ગ્રંથો છે. આગમના ગ્રંથોમાં આચારાંગ સૂત્ર આદિ ૧૧ અંગોનો, ઉવવાઈય સૂત્ર આદિ ૧૨ ઉપાંગોનો, ઉત્તરાધ્યયન સૂત્ર આદિ ૫ મૂળ સૂત્રોનો, દશાશ્રુતસ્કન્ધ આદિ ૬ છેદસૂત્રોનો, નંદીસૂત્ર આદિ ૨ ચૂલિકા સૂત્રનો, ચતુઃશરણ આદિ ૧૦ પ્રકીર્ણક સૂત્રોનો વ્યવસ્થિત પરિચય કરાવ્યો છે.

